# સમયસાર રહસ્ય

ભાગ – ૧૩



ॐ

श्री सिद्ध परमात्मने नमः।

# સમયસાર રહસ્ય

## ભાગ–૧૩

અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના
૨૩૭ થી ૩૦૦ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૨૯ અક્ષરશઃ પ્રવચનો

પ્રકાશક
શ્રી કુંદકુંદ–કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ
શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ

| વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|
| ૨૫૫૧ | ૨૦૮૧ | ૨૦૨૫ |

**પ્રકાશન**

ઉત્તમ ક્ષમાવણી પર્વ,
તા. ૮-૯-૨૦૨૫

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**અજય ઑફસેટ**
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદ્‌ઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, અષ્ટપાહુડ એ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે કે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી આ નિજ વૈભવ પ્રાપ્ત થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશિત કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું 'સમયસાર રહસ્ય' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે

લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો 'પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.'

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમ જ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટને થઈ કે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેથી તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના

વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૧૩ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગરનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તુરંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સાક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરુણાનો અદ્ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદ્ઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઉપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું

દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન '**સમયસાર રહસ્ય**'નો તેરમો ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૩૮૪ | ૨૧-૦૫-૧૯૭૩ | ગાથા-૨૩૭ થી ૨૪૧, શ્લોક-૧૬૩-૧૬૪ | ૦૦૧ |
| ૩૮૫ | ૨૨-૦૫-૧૯૭૩ | ગાથા-૨૪૨ થી ૨૪૬, શ્લોક-૧૬૪-૧૬૫ | ૦૨૦ |
| ૩૮૬ | ૨૩-૦૫-૧૯૭૩ | શ્લોક-૧૬૫-૧૬૬ | ૦૩૬ |
| ૩૮૭ | ૨૪-૦૫-૧૯૭૩ | ગાથા-૨૪૭ થી ૨૫૦, શ્લોક-૧૬૭ | ૦૫૦ |
| ૩૯૦ | ૨૭-૦૫-૧૯૭૩ | ગાથા-૨૫૯ થી ૨૬૧, શ્લોક-૧૭૦ | ૦૬૫ |
| ૩૯૩ | ૩૦-૦૫-૧૯૭૩ | ગાથા-૨૬૫ | ૦૮૧ |
| ૩૯૪ | ૩૧-૦૫-૧૯૭૩ | ગાથા-૨૬૬-૨૬૭ | ૦૯૫ |
| ૩૯૫ | ૦૧-૦૬-૧૯૭૩ | ગાથા-૨૬૭ થી ૨૬૯, ગાથા-૧૭૧-૧૭૨ | ૧૧૧ |
| ૩૯૬ | ૦૨-૦૬-૧૯૭૩ | ગાથા-૨૭૦ | ૧૩૧ |
| ૩૯૭ | ૦૩-૦૬-૧૯૭૩ | ગાથા-૨૭૦-૨૭૧ | ૧૪૪ |
| ૩૯૮ | ૦૪-૦૬-૧૯૭૩ | ગાથા-૨૭૧-૨૭૨, શ્લોક-૧૭૩ | ૧૫૭ |
| ૩૯૯ | ૦૫-૦૬-૧૯૭૩ | ગાથા-૨૭૩-૨૭૪ | ૧૭૩ |
| ૪૦૦ | ૦૬-૦૬-૧૯૭૩ | ગાથા-૨૭૪ થી ૨૭૭ | ૧૮૮ |
| ૪૦૧ | ૦૭-૦૬-૧૯૭૩ | ગાથા-૨૭૬-૨૭૭ | ૨૦૪ |
| ૪૦૨ | ૦૮-૦૬-૧૯૭૩ | ગાથા-૨૭૬-૨૭૭ | ૨૧૭ |
| ૪૦૩ | ૦૯-૦૬-૧૯૭૩ | ગાથા-૨૭૬-૨૭૭ | ૨૩૦ |
| ૪૦૪ | ૧૦-૦૬-૧૯૭૩ | ગાથા-૨૭૬-૨૭૭ | ૨૪૫ |
| ૪૦૫ | ૧૧-૦૬-૧૯૭૨ | ગાથા-૨૭૮-૨૭૯, શ્લોક-૧૭૪૪ થી ૧૭૬ | ૨૫૯ |
| ૪૦૬ | ૧૨-૦૬-૧૯૭૩ | ગાથા-૨૮૦, શ્લોક-૧૭૬ | ૨૭૪ |
| ૪૦૭ | ૧૩-૦૬-૧૯૭૩ | ગાથા-૨૮૧ થી ૨૮૫, શ્લોક-૧૭૭ | ૨૮૭ |

| | | | |
|---|---|---|---|
| ૪૧૬ | ૨૨–૦૬–૧૯૭૩ | ગાથા–૨૯૪ | ૩૦૪ |
| ૪૧૭ | ૨૩–૦૬–૧૯૭૩ | ગાથા–૨૯૪ | ૩૧૭ |
| ૪૧૮ | ૨૪–૦૬–૧૯૭૩ | ગાથા–૨૯૫ | ૩૩૦ |
| ૪૧૯ | ૨૫–૦૬–૧૯૭૩ | ગાથા–૨૯૬–૨૯૭ | ૩૪૧ |
| ૪૨૦ | ૨૬–૦૬–૧૯૭૩ | ગાથા–૨૯૭ | ૩૫૭ |
| ૪૨૧ | ૨૭–૦૬–૧૯૭૩ | ગાથા–૨૯૭, શ્લોક–૧૮૨ | ૩૭૦ |
| ૪૨૨ | ૨૮–૦૬–૧૯૭૩ | ગાથા–૨૯૮–૨૯૯ | ૩૮૬ |
| ૪૨૩ | ૨૯–૦૬–૧૯૭૩ | શ્લોક–૧૮૩–૧૮૪ | ૪૦૦ |
| ૪૨૪ | ૩૦–૦૬–૧૯૭૩ | ગાથા–૩૦૦, શ્લોક–૧૮૫ | ૪૧૬ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

-

ॐ

સહજ ચિદાનંદ

।।श्री परमात्मने नमः।।

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)
(ભાગ-૧૩)

## વૈશાખ વદ-૪, સોમવાર, તા. ૨૧-૦૫-૧૯૭૩
## ગાથા-૨૩૭ થી ૨૪૧, કળશ-૧૬૩-૧૬૪, પ્રવચન-૩૮૪

આ બંધ અધિકાર. સમયસાર. કળશ થઈ ગયો એનો ભાવાર્થ છે. '**બંધતત્ત્વે રંગભૂમિમાં પ્રવેશ કર્યો છે,...**' એટલે કે જગતને જણાવે છે કે રાગની એકતા એ બંધતત્ત્વ છે. ... રાગ-દ્વેષ મિથ્યાત્વ કોઈપણ વિકારી પર્યાય એનું એકત્વ ત્રિકાળી સ્વભાવ સાથે એકત્વ એ બંધપણું છે, એ બંધ તત્ત્વ છે.

મુમુક્ષુ :- તે કાળે એને જાણપણું થવું...

ઉત્તર :- એટલે કે ત્રિકાળ તરફનું વલણ નથી અને રાગનું વલણ છે. પર્યાય સાથે એકત્વ છેને? દ્રવ્ય સાથે ક્યાં એકત્વ હતું? જ્ઞાનની વર્તમાન જીવની પર્યાયમાં રાગ-દ્વેષ.. કોઈપણ વિકલ્પ એની પર્યાયમાં એકત્વ એ બંધતત્ત્વ છે. સ્વભાવની એકતા ગઈ એટલે રાગની એકતા થઈ એમ ત્યારે કહેવાય. ત્રિકાળી સ્વભાવ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી. આહા..હા..! એક સમયની અવસ્થા પર્યાય એની સાથે રાગ-દ્વેષ. શબ્દ રાગ છે. શબ્દ.. એની સામે જ્ઞાનનો

થવું, ઉદય પામે છે એમ બેય ઠેકાણે નાખ્યું છેને આ? રાગ ઉદય પામે છે એટલે દ્વેષાદિ વિકારી પર્યાય. એની પ્રસિદ્ધિ એ વર્તમાન પર્યાયમાં એકત્વ એનું નામ બંધ તત્ત્વ. જડનું કાંઈ નહિ. જડ તો પર વસ્તુ છે.

મુમુક્ષુ :- જડનું કાંઈ એ તો સમજાય છે ...

ઉત્તર :- જડનું કાંઈ નહિ ઈ આ અર્થે. વસ્તુ જે ત્રિકાળ સ્વભાવ છે એની સન્મુખતા અનાદિની નથી અને અનાદિની પર્યાયબુદ્ધિ છે. અંશી ઉપર સ્વસન્મુખ (નથી) એ અંશ ઉપર સન્મુખ છે ત્યાં રાગની એકતાપણે ત્યાં બુદ્ધિ છે. ઘણું એવું ..ભાઈ! મુંબઈમાં ચાલે ઈ કરતા અહીં થોડું ઝીણું લાગેને. ... ત્યાં દસ વ્યાખ્યાન થયા. ૨૦ હજાર માણસ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ... ૭૧ ગાથા. આહા..હા..!

અહીં તો કહે છે કે આત્મા વસ્તુ છે કે નહિ? છેને અસ્તિ? વસ્તુ છે તો એનો સ્વભાવ પણ અનાદિ-અનંત અવિનાશી છે. હવે એવા અવિનાશી સ્વભાવવાનની અનાદિથી સન્મુખતા નથી. એની સન્મુખતા વર્તમાન અવસ્થા અને રાગ ઉપર છે. એથી એને રાગ કહો, દ્વેષ કહો, મિથ્યાત્વ કહો. એ રાગની એકતા એ જ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ચાહે તો વ્યવહાર શુભરાગ હોય, દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો.

મુમુક્ષુ :- શાસ્ત્ર .. તો વાંધો નહિને?

ઉત્તર :- ઈ હોય તો ઈ બધું એકનું એક છે. આહા..હા..! ઈ વિકલ્પની સાથે નિર્વિકલ્પ ચૈતન્ય તત્ત્વની મોજુદગી એ વર્તમાન પર્યાયની સન્મુખતા એ બાજુ નથી એટલે રાગની બાજુ છે અને એ રાગની એકતા અને સ્વભાવની એકતા ગૌણ કરી અને રાગની એકતા કરી એ જ મિથ્યાત્વ અને એ જ બંધ છે. રાગ બંધનું કારણ એમ અહીં નથી સિદ્ધ કરવું.

મુમુક્ષુ :- એકતાબુદ્ધિ.

ઉત્તર :- રાગની એકતાબુદ્ધિ એ બંધનું કારણ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એમાં આવ્યું હતુંને? **'रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्'** આખી દુનિયાને એકેન્દ્રિયથી માંડી દ્રવ્યલિંગી સાધુ, દિગંબર જૈન સાધુ હોય, પણ એને રાગનો અંશ છે એની સાથે સ્વભાવની વર્તમાન પર્યાયમાં એકત્વ, ગાફેલ દુનિયાને કરી નાખી છે, દુનિયાને ગાંડી બનાવી છે.

મુમુક્ષુ :- ગાંડાને રાખવાની હોસ્પિટલ બહુ મોટી જોશે.

ઉત્તર :- આખી દુનિયા પડી છે.

**'બંધતત્ત્વે રંગભૂમિમાં પ્રવેશ કર્યો છે, તેને...'** એટલે આ વાત. **'તેને ઉડાવી દઈને...'** હવે જ્ઞાન પર્યાય પ્રગટ થાય છે. જેમાં રાગનો ઉદય પ્રગટ હતો એના સ્થાનમાં વર્તમાન

જ્ઞાનદશા આ ઈ પછી આ બધા ઓલા વિચાર આવ્યા હતા **'णाणसहावाधियं मुणदि आदं'** ત્યાં કીધુંને **'णाणसहावाधियं मुणदि'** એવી આ વાત છે. એટલે કે રાગની એકતાબુદ્ધિ તોડીને વર્તમાન જ્ઞાનની દશા સ્વભાવ સન્મુખ થઈને એકતા થઈ એ જ્ઞાન પ્રગટ્યું (હતું). એ આનંદની દશા લેતું જ્ઞાન પ્રગટ્યું. રાગની એકતા એ દુઃખની દશા થઈને જ્ઞાન પ્રગટ્યું. આહા..હા..! સમજાય છે કાંઈ? **'તેને ઉડાવી દઈને...'** એટલે કે જ્ઞાનનો ગુણ. જ્ઞાન શબ્દે આખો આત્મા. એ આખા આત્મા ઉપર જ્યાં દૃષ્ટિ ગઈ ત્યાં રાગની એકતા ગઈ અને જ્ઞાનની પર્યાય તે અનંતગુણની નિર્મળ પર્યાયનો અંશ પ્રગટ થયો. એણે રાગની એકતા ઉડાવી દીધી.

મુમુક્ષુ :- ઉડાવે...

ઉત્તર :- આ શું લખ્યું? .. પહેલા આવી ગયું ઘણું. મહારસે જગતને પ્રમત્ત કર્યું છે. રસના ભાવથી નાચી રહ્યો છે એવા બંધને દૂર કરતું જ્ઞાન ઉદય પામે છે. અંદર છે. છે કે નહિ? આ તો એનો સાર બંધ તત્ત્વનો. ભાવાર્થમાં મૂક્યું થોડું. એવો જ્ઞાન ઉદય પામે છે. **'પ્રગટ થઈ નૃત્ય કરશે...'** એથી જ્ઞાનનું પરિણમન હવે થાય છે. ઈ એનું માપ. સ્વભાવ સન્મુખ થયેલી જ્ઞાનદશા જ્યાં પ્રગટ થઈ એને હવે પરિણમન પરિણમે છે, નાચે છે. પહેલા ઓલું રાગનું પરિણમન નાચતું મિથ્યાત્વનું.

**'આ કાવ્યમાં પ્રગટ કર્યો છે.'** જુઓ **'જ્ઞાનનો મહિમા આ કાવ્યમાં પ્રગટ કર્યો છે.'** છેને? **'એવા અનંત જ્ઞાનસ્વરૂપ જે આત્મા...'** એવો જે અનંત જ્ઞાનસ્વરૂપ ભગવાન પૂર્ણ બેહદ અપરિમિત એવો સ્વભાવ એવો જે આત્મા **'તે સદા પ્રગટ રહો.'** પર્યાયમાં પ્રગટ રહો એમ કહે છે. જાણવા-દેખવાની પર્યાયપણે એ અનંત બેહદનું જ્ઞાન છે અંદર. એના સન્મુખ થઈને પ્રગટેલી દશા પણ બેહદ જ્ઞાન... એવા જ્ઞાનસહિત આત્મા પ્રગટ રહો. એમ ને એમ રહો. સિદ્ધપદ પણ એમ ને એમ રહેશે. એમ કહે છે. આહા..હા..!

## ગાથા-૨૩૭ થી ૨૪૧

जह णाम को वि पुरिसो णेहब्भत्तो दु रेणुबहुलम्मि।
ठाणम्मि ठाइदूण य करेदि सत्थेहिं वायामं।।२३७।।
छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ।
सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवघादं।।२३८।।

उवघादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।
णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो दु रयबंधो।।२३९।।
जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।।२४०।।
एवं मिच्छादिट्ठी वट्टंतो बहुविहासु चिट्ठासु।
रागादी उवओगे कुव्वंतो लिप्पदि रएण।।२४१।।
यथा नाम कोऽपि पुरुषः स्नेहाभ्यक्तस्तु रेणुबहुले।
स्थाने स्थित्वा च करोति शस्त्रैर्व्यायामम्।।२३७।।
छिनत्ति भिनत्ति च तथा तालीतलकदलीवंशपिण्डीः।
सचित्ताचित्तानां करोति द्रव्याणामुपघातम्।।२३८।।
उपघातं कुर्वतस्तस्य नानाविधैः करणैः।
निश्चयतश्चिन्त्यतां खलु किम्प्रत्ययिकस्तु रजोबन्धः।।२३९।।
यः स तु स्नेहभावस्तस्मिन्नरे तेन तस्य रजोबन्धः।
निश्चयतो विज्ञेयं न कायचेष्टाभिः शेषाभिः।।२४०।।
एवं मिथ्यादृष्टिर्वर्तमानो बहुविधासु चेष्टासु।
रागादीनुपयोगे कुर्वाणो लिप्यते रजसा।।२४१।।

इह खलु यथा कश्चित् पुरुषः स्नेहाभ्यक्तः, स्वभावत एव रजोबहुलायां भूमौ स्थितः, शस्त्रव्यायामकर्म कुर्वाणः, अनेकाप्रकारणकरणैः सचित्ताचित्तवस्तूनि निघ्नन्, रजसा बध्यते। तस्य कतमो बन्धहेतुः? न तावत्स्वभावत एव रजोबहुला भूमिः, स्नेहानभ्यक्तानामपि तत्रस्थानां तत्प्रसङ्गात्। न शस्त्रव्यायामकर्म, स्नेहानभ्यक्तानामपि तस्मात् तत्प्रसङ्गात्। नानेकप्रकारकरणानि, स्नेहानभ्यक्तानामपि तैस्तत्प्रसङ्गात्। न सचित्ताचित्तवस्तूपघातः, स्नेहानभ्यक्तानामपि तस्मिंस्तत्प्रसङ्गात्। ततो न्यायबलेनैवैतदायातं, यत्तस्मिन् पुरुषे स्नेहाभ्यङ्गकरणं स बन्धहेतुः। एवं मिथ्यादृष्टिः आत्मनि रागादीन् कुर्वाणः, स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुले लोके कायवाङ्मनःकर्म कुर्वाणः, अनेकप्रकारकरणैः सचित्ताचित्तवस्तूनि निघ्नन्, कर्मरजसा बध्यते। तस्य कतमो बन्धहेतुः? न तावत्स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुलो लोकः, सिद्धानामपि तत्रस्थानां तत्प्रसङ्गात्। न कायवाङ्मनःकर्म, यथाख्यातसंयतानामपि तत्प्रसङ्गात्। नानेकप्रकारकरणानि, केवलज्ञानिनामपि तत्प्रसङ्गात्। न सचित्ताचित्तवस्तूपघातः, समितितत्पराणामपि तत्प्रसङ्गात्। ततो न्यायबलेनैवैतदायातं, यदुपयोगे रागादिकरणं स बन्धहेतुः।

હવે બંધતત્ત્વનું સ્વરૂપ વિચારે છે; તેમાં પ્રથમ, બંધના કારણને સ્પષ્ટ રીતે કહે છે :-

જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૩૭.
વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને,
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮.
બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ થાય શું કારણે ? ૨૩૯.
એમ જાણવું નિશ્ચય થકી—ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.
ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદૃષ્ટિ જે,
ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧.

ગાથાર્થ :- [यथा नाम] જેવી રીતે - [कः अपि पुरुषः] કોઈ પુરુષ [स्नेहाभ्यक्तः तु] (પોતાના પર અર્થાત્ પોતાના શરીર પર) તેલ આદિ સ્નિગ્ધ પદાર્થ લગાવીને [च] અને [रेणुबहुले] બહુ રજવાળી (ધૂળવાળી) [स्थाने] જગ્યામાં [स्थित्वा] રહીને [शस्त्रैः] શસ્ત્રો વડે [व्यायामम् करोति] વ્યાયામ કરે છે, [तथा] અને [तालीतलकदलीवंशपिण्डीः] તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને [छिनत्ति] છેદે છે, [भिनत्ति च] ભેદે છે, [सचित्ताचित्तानां] સચિત્ત તથા અચિત્ત [द्रव्याणाम्] દ્રવ્યોનો [उपघातम्] ઉપઘાત (નાશ) [करोति] કરે છે; [नानाविधैः करणैः] એ રીતે નાના પ્રકારનાં કરણો વડે [उपघातं कुर्वतः] ઉપઘાત કરતા [तस्य] તે પુરુષને [रजोबन्धः तु] રજનો બંધ (ધૂળનું ચોંટવું) [खलु] ખરેખર [किम्प्रत्ययिकः] કયા કારણે થાય છે [निश्चयतः] તે નિશ્ચયથી [चिन्त्यताम्] વિચારો. [तस्मिन् नरे] તે પુરુષમાં [यः सः स्नेहभावः तु] જે તેલ આદિનો ચીકાશભાવ છે [तेन] તેનાથી [तस्य] તેને [रजोबन्धः] રજનો બંધ થાય છે [निश्चयतः विज्ञेयं] એમ નિશ્ચયથી જાણવું, [शेषाभिः कायचेष्टाभिः] શેષ કાયાની ચેષ્ટાઓથી [न] નથી થતો [एवं] એવી રીતે - [बहुविधासु चेष्टासु] બહુ પ્રકારની ચેષ્ટાઓમાં [वर्तमानः] વર્તતો [मिथ्यादृष्टिः] મિથ્યાદૃષ્ટિ [उपयोगे] (પોતાના) ઉપયોગમાં [रागादीन् कुर्वाणः] રાગાદિ ભાવોને કરતો થકો [रजसा] કર્મરૂપી રજથી [लिप्यते] લેપાય - બંધાય છે.

ટીકા :- જેવી રીતે—આ જગતમાં ખરેખર કોઈ પુરુષ સ્નેહના (અર્થાત્ તેલ આદિ ચીકણા પદાર્થના) મર્દનયુક્ત થયેલો,સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે (અર્થાત્ બહુ રજવાળી છે) એવી ભૂમિમાં રહેલો, શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ (અર્થાત્ શસ્ત્રોના અભ્યાસરૂપી

ક્રિયા) કરતો, અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, (તે ભૂમિની) રજથી બંધાય છે - લેપાય છે. (ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ કયું છે ? પ્રથમ, સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે એવી ભૂમિ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું એવા પુરુષો કે જેઓ તે ભૂમિમાં રહેલા હોય તેમને પણ રજબંધનો પ્રસંગ આવે. શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ શસ્ત્રવ્યાયામરૂપી ક્રિયા કરવાથી રજબંધનો પ્રસંગ આવે. અનેક પ્રકારનાં કરણો પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ અનેક પ્રકારનાં કરણોથી રજબંધનો પ્રસંગ આવે. સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરવાથી રજબંધનો પ્રસંગ આવે. માટે ન્યાયના બળથી જ આ ફલિત થયું (-સિદ્ધ થયું) કે, જે તે પુરુષમાં સ્નેહમર્દનકરણ (અર્થાત્ તે પુરુષમાં જે તેલ આદિના મર્દનનું કરવું), તે બંધનું કારણ છે. તેવી રીતે--
મિથ્યાદૃષ્ટિ પોતામાં રાગાદિક (-રાગાદિભાવો-) કરતો, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે એવા લોકમાં કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો, અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાય છે. (ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ કયું છે ? પ્રથમ, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે એવા લોક બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો સિદ્ધો કે જેઓ લોકમાં રહેલા છે તેમને પણ બંધનો પ્રસંગ આવે. કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયાસ્વરૂપ યોગ) પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો યથાખ્યાતસંયમીઓને પણ (કાય-વચન-મનની ક્રિયા હોવાથી) બંધનો પ્રસંગ આવે. અનેક પ્રકારનાં કરણો પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો કેવળજ્ઞાનીઓને પણ (તે કરણોથી) બંધનો પ્રસંગ આવે. સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેઓ સમિતિમાં તત્પર છે તેમને (અર્થાત્ જેઓ યત્નપૂર્વક પ્રવર્તે છે એવા સાધુઓને) પણ (સચિત્ત તથા અચિત્ત વસ્તુઓના ઘાતથી) બંધનો પ્રસંગ આવે. માટે ન્યાયબળથી જ આ ફલિત થયું કે, જે ઉપયોગમાં રાગાદિકરણ (અર્થાત્ ઉપયોગમાં જે રાગાદિકનું કરવું), તે બંધનું કારણ છે.

ભાવાર્થ :- અહીં નિશ્ચયનય પ્રધાન કરીને કથન છે. જ્યાં નિર્બાધ હેતુથી સિદ્ધિ થાય તે નિશ્ચય છે. બંધનું કારણ વિચારતાં નિર્બાધપણે એ જ સિદ્ધ થયું કે - મિથ્યાદૃષ્ટિ પુરુષ

જે રાગદ્વેષમોહભાવોને પોતાના ઉપયોગમાં કરે છે તે રાગાદિક જ બંધનું કારણ છે. તે સિવાય બીજાં - બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, મન-વચન-કાયના યોગ, અનેક કરણો તથા ચેતન-અચેતનનો ઘાત-બંધનાં કારણ નથી; જો તેમનાથી બંધ થતો હોય તો સિદ્ધોને, યથાખ્યાત ચારિત્રવાળાઓને, કેવળજ્ઞાનીઓને અને સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓને બંધનો પ્રસંગ આવે છે. પરંતુ તેમને તો બંધ થતો નથી. તેથી આ હેતુઓમાં (-કારણોમાં) વ્યભિચાર આવ્યો. માટે બંધનું કારણ રાગાદિક જ છે એ નિશ્ચય છે.

અહીં સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓનું નામ લીધું અને અવિરત, દેશવિરતનું નામ ન લીધું તેનું કારણ એ છે કે - અવિરત તથા દેશવિરતને બાહ્યસમિતિરૂપ પ્રવૃત્તિ નથી તેથી ચારિત્રમોહ સંબંધી રાગથી કિંચિત્ બંધ થાય છે; માટે સર્વથા બંધના અભાવની અપેક્ષામાં તેમનું નામ ન લીધું. બાકી અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ જાણવા.

## ગાથા-૨૩૭ થી ૨૪૧ ઉપર પ્રવચન

'હવે બંધતત્ત્વનું સ્વરૂપ વિચારે છે;...' બંધ કોને કહેવો. 'તેમાં પ્રથમ, બંધના કારણને સ્પષ્ટ રીતે કહે છે :-'

जह णाम को वि पुरिसो णेहब्भत्तो दु रेणुबहुलम्मि।
ठाणम्मि ठाइदूण य करेदि सत्थेहिं वायामं।।२३७।।
छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ।
सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवघादं।।२३८।।
उवघादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।
णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो दु रयबंधो।।२३९।।
जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।।२४०।।
एवं मिच्छादिट्ठी वट्टंतो बहुविहासु चिट्ठासु।
रागादी उवओगे कुव्वंतो लिप्पदि रएण।।२४१।।

આ છે. થઈ ગઈને ૪૧? એની નીચે. હરિગીત.

જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૩૭.

**વળી તાડ, કદળી, વાંસઆદિ છિન્નભિન્ન કરે અને,**
**ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮.**
**બહુ જાતનાં કરણો વડે ઉપઘાતકરતા તેહને,**
**નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ થાય શું કારણે ? ૨૩૯.**
**એમ જાણવું નિશ્ચય થકી - ચીકણાઈ જે તે નર વિષે**
**રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.**
**ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદષ્ટિ જે,**
**ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧.**

આ છેલ્લો શબ્દ એ સાર છે. ટીકા એની. અહીંયાં તો અંદર આત્મા જ્ઞાનનો ઉપયોગ જે છે એમાં વિકારીભાવને પોતાના કરે એ મિથ્યાત્વભાવ બંધનું કારણ છે. રાગ બંધનું કારણ છે એમ અહીં નથી સિદ્ધ કરવું. રાગની એકતાબુદ્ધિ જે છે એટલે શું કહ્યું? વર્તમાન જ્ઞાનનો જે વેપાર ઉપયોગ એની પર્યાયમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ કોઈપણ વિકલ્પ ઉઠે એ પોતાની ઉપયોગ પર્યાયમાં એને એકત્વ કરે એ મિથ્યાત્વભાવ છે, એ બંધ છે. કહો, સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! રાગ-દ્વેષ બેયની ક્રિયા બંધનું કારણ નથી એમ અહીં કહે છે. દેહની ક્રિયા થાઓ, સચેત-અચેત હણાવ જીવને એ કોઈ બંધનું કારણ નથી. બંધનું કારણ અબંધ સ્વભાવી ભગવાન એને વિકારી પરિણામ સાથે એકત્વ ઉપયોગમાં કરવો એ જ મિથ્યાત્વ, એ અસત્યભાવ, જૂઠો ભાવ, સત્યનો અનાદર કરનારો ભાવ એ બંધ છે.

**'જેવી રીતે - આ જગતમાં...'** આ જગત સિદ્ધ કર્યું પહેલું. આ જગત છે લોક-લોક જગત. **'ખરેખર કોઈ પુરુષ સ્નેહના (અર્થાત્ તેલ આદિ ચીકણા પદાર્થના) મર્દનયુક્ત થયેલો,...'** એકલું ચોપડેલું એમ નથી લીધું. **'મર્દનયુક્ત થયેલો,...'** ... તેલ ને મીણને હોયને ચિકાશ. **'મર્દનયુક્ત થયેલો, સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે (અર્થાત્ બહુ રજવાળી છે) એવી ભૂમિમાં રહેલો,...'** હોય. કલકત્તામાં કરતા ઓલા નહિ જોડે? બે જણા લડતા વ્યાયામ કરવા માટે સવારમાં. એક જણાને બરાબર પાડતો બીજો. પછી ગારો ચોપડીને એમ કસરત કરે. .. એક જણો પાડે. અને પોતે જે દબાઈ ગયો હોય ઈ પાછો ઓલાને .. ચોપડે. પછી સાથે લડે. ધૂળમાં નાખે. વ્યાખ્યાન હતુંને ત્યાં જોડે. એવી ભૂમિ છે કે જેમાં રજ ભર્યા છે રજકણ અને ચિકાશથી મર્દન કરેલું છે. હવે એને રજકણ બંધના કારણ છે? કે મર્દન કરેલો ભાવ ચિકાશ બંધનું કારણ છે? એ સિદ્ધ કરવું છે.

બીજી વાત. **'શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ...'** શસ્ત્રો હાથમાં હોયને તલવાર, બંદુક આદિ

એમાં વ્યાયામ કરતો હોય કાર્ય. **'શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ (અર્થાત્ શસ્ત્રોના અભ્યાસરૂપી ક્રિયા) કરતો,...'** ઈ બીજો બોલ થયો. એ બંધનું કારણ છે કે ચિકાશ જીવની મર્દનતા છે એ બંધનું કારણ છે? એમ કહેશે. **'અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,...'** ઠીક! આહા..હા..! ઈન્દ્રિયો વડે સચેત-અચેત ઘાત કરે, નાશ . જીવને મારે અચેતન... **'(તે ભૂમિની) રજથી બંધાય છે - લેપાય છે.' 'જે બહુ રજથી ભરેલી છે એવી ભૂમિ રજબંધનું કારણ નથી;...'** સમજાણું કાંઈ? એ ભૂમિ રજથી ભરેલી છે એ બંધનું કારણ નથી એને. ઓલી ચિકાશ બંધનું કારણ છે.

પ્રથમ સ્વભાવથી જે બહુરસથી ભરેલી એવી ભૂમિ **'એવી ભૂમિ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું એવા પુરુષો કે જેઓ તે ભૂમિમાં રહેલા હોય તેમને પણ રજબંધનો પ્રસંગ આવે.'** બનતું નથી એમ. આહા..હા..! કેવી વ્યાખ્યા કરી છે! **'શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ...'** કાર્ય, ક્રિયા. હાથમાં હથિયાર હોય અને એની ક્રિયા થાય આમ થાય, આમ... આમ... એ **'પણ રજબંધનું કારણ નથી;...'** એ પણ રજબંધનું કારણ છે નહિ. ઓહો..હો..! હવે પ્રવચનસારમાં એમ લે કે શરીરનું આમ થાય તો થોડું ... કરવું. ચરણાનુયોગનું છેને. ...

મુમુક્ષુ :- પ્રમાદ થઈ ગયો

ઉત્તર :- પ્રમાદ થઈ ગયો એટલો ચાલ્યો કેમ? ક્રિયા બધી જડની થઈ. નાખે સામે માથે. જુઓ, આવી ક્રિયા પણ બંધનું કારણ છે. આહા..હા..! અહીં તો ના પાડે છે. શરીરાદિ ગમે તેટલી ક્રિયા હોય, શસ્ત્રો ગમે તેવા હોય, સચેત-અચેત જીવ પણ મરતા હોય.

**'શસ્ત્રવ્યાયામરૂપી ક્રિયા કરવાથી રજબંધનો પ્રસંગ આવે. અનેક પ્રકારનાં કરણો પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ અનેક પ્રકારનાં કરણોથી રજબંધનો પ્રસંગ આવે. સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ રજબંધનું કારણ નથી;...'** જીવ મરે ઈ બંધનું કારણ નથી એમ કહે છે. આહા..હા..! કહો, આ લોકોએ કહે છે એય..! સોનગઢિયા એમ કહે છે કે પરને હણે તોપણ પાપ નથી. શું કહે છે સાંભળને. હણી શકતો જ નથીને. એ પરની ક્રિયા છે. એ કરી શકતો જ નથી. પણ અહીં તો સમજાવું છેને. **'સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યુ તેમને પણ સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરવાથી રજબંધનો પ્રસંગ આવે. માટે ન્યાયના બળથી જ આ ફલિત થયું (-સિદ્ધ થયું)...'** લ્યો, જ્ઞાનના ન્યાયના બળથી જ પાછો એમ શબ્દ છે. એમ આ ફલિત થયું **'કે, જે તે પુરુષમાં સ્નેહમર્દનકરણ...'** સ્નેહમર્દનકરણ **'(અર્થાત્ તે પુરુષમાં જે**

**તેલ આદિના મર્દનનું કરવું), તે બંધનું કારણ છે.'** કહો, તેલ ચોપડ્યું હોય, મીણ ચોપડ્યું હોય, ઘી હોય વગેરે લ્યોને. આ તેલ હોય વગેરે લ્યોને. આ તેલમાં ચિકાશ વધારે છેને. '**તે પુરુષમાં જે તેલ આદિના મર્દનનું કરવું), તે બંધનું કારણ છે.'** લ્યો એ સિદ્ધ કર્યું. એ બહારનો દૃષ્ટાંત સિદ્ધ કર્યો આ. આ તો હજી દૃષ્ટાંત છે. સિદ્ધાંત તો હવે કહેવો છે.

મિથ્યાદૃષ્ટિ અહીં ઈ જ લેવું છે અહીં જુઓ. '**પોતામાં રાગાદિક (-રાગાદિભાવો-) કરતો,...'** અહીં વજન છે. મિથ્યાદૃષ્ટિ વિકારના પરિણામને પોતાની પર્યાય સાથે એકત્વ કરતો. ચાહે તો શુભભાવ હોય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ઈ શુભભાવને પણ મિથ્યાદૃષ્ટિ પોતાની પર્યાયમાં એકત્વ કરતો એ મિથ્યાદૃષ્ટિ. કહો, સમજાય છે કાંઈ? '**તેવી રીતે - મિથ્યાદૃષ્ટિ પોતામાં...'** એટલે આત્માની પર્યાયમાં, ઉપયોગમાં '**રાગાદિક...'** એ બધું આવી ગયુંને અંદર? ઓલામાં પાપ એકલો રાગ હતો. રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ, સંકલ્પ-વિકલ્પો, ગુણ-ગુણીના ભેદરૂપ વિકલ્પ, ભક્તિનો વિકલ્પ અને ક્રિયાનો વિકલ્પ એ કોઈપણ રાગને પોતાના ઉપયોગમાં કરતો '**સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો છે એવા લોકમાં કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો,... '** કરતો. ભાષા સમજાવી છેને. કરતો-કરી શકતો નથી. પણ કરે છે એમ દેખાય છેને દુનિયાને? કે આ મન ને વચન ને કાયાની ક્રિયા કરે છે લ્યો.

મુમુક્ષુ :- '**અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાય છે.'**

ઉત્તર :- આમાં નથી આવ્યું. .. એમ લીધું. '**એવા લોકમાં કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો, અનેક પ્રકારનાં...'** પછી લીટી નથી. રહી ગઈ છે. સચેત-અચેતને તોડતો '**તેમાંથી તે પુરુષને બંધનું કારણ કયું છે?'** હવે ઓલું પૂરું થાય પછી વાત આવેને? મન, વચન અને કાયાની ક્રિયા થાય, એના રજકણમાં પડેલામાં બેઠો હોય અને અનેક પ્રકારના સચેત-અચેતનો ઘાત કરે. એકેન્દ્રિયને હણે, માણસને હણે.

મુમુક્ષુ :- .. હણે એ તો આપ ના પાડો છો.

ઉત્તર :- અહીં બતાવવું છેને એટલે. હણી શકતો નથી, પણ આમ ક્રિયા થાતી હોય આમ હણે છે એમ. હવે એમાં બંધનું કારણ ક્યું? એમ કહે છે. એમ કેમ આખું પડ્યું રહ્યું? એમાં છે? જૂની. જૂનીમાં. આમાં કેમ નથી? આમાં રહી ગયું છે. એ ત્યાં વિચાર.. ઓલી આખી લીટી પડી રહી.

શું કહે છે? તેલના મર્દનવાળો માણસ રજમાં પડ્યો બેઠો હોય, ઈન્દ્રિયોના કામ કરતો હોય, મન-વચનની ક્રિયા થતી હોય અને સચેત-અચેતનો ઘાત થતો હોય, પણ એને એ

ચિકાશ એ બંધનું કારણ છે. એમ અજ્ઞાનીને રજકણોમાં ભરેલો લોક છે ત્યાં ઉભો હોય. સચેત-અચેતનો ઘાત કરતો હોય અને મન-વચન-કાયાની ક્રિયામાં દેખાતો હોય. '(ત્યાં વિચારો કે) **તેમાંથી તે પુરુષને બંધનું કારણ થયું છે?'** આહા..હા..! '**પ્રથમ, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે એવા લોક બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો સિદ્ધો કે જેઓ લોકમાં રહેલા છે...'** સિદ્ધ ભગવાન લોકમાં છે. ત્યાં કર્મ ભર્યા છે રજકણો ઘણા '**તેમને પણ બંધનો પ્રસંગ આવે.**' શું કીધું સમજાણું?

મુમુક્ષુ :- .. રજકણો ભરી.

ઉત્તર :- ઝીણી ધૂળ પડી છે એમાં ચિકાશનું કારણ એ ધૂળ નથી એમ અહીંયાં કર્મના રજકણો જગતમાં પડ્યા છે એ બંધનું કારણ નથી. બંધનું કારણ હોય તો સિદ્ધને પણ ત્યાં પડ્યા છે કર્મ રજકણો. આખા લોકમાં કર્મ થવાયોગ્ય રજકણો ભરેલા. માટે કર્મના રજકણ છે એ બંધનું કારણ નથી.

મુમુક્ષુ :- ઠસોઠસ ભરેલા

ઉત્તર :- આખા લોકમાં ભર્યા છે ચૌદબ્રહ્માંડમાં ઠાંસીઠાંસીને. જીવની સંખ્યા કરતા અનંતગુણા. એક જીવની .. કર્મના રજકણો બંધાયેલા અનંતગુણા છે. .. અનંતગુણા છે. આહા..હા..!

'**કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયાસ્વરૂપ યોગ) પણ બંધનું કારણ નથી;...**' મન-વચનની ક્રિયા યોગ છે એ બંધનું કારણ નથી. આહા..હા..! '**કારણ કે જો એમ હોય તો યથાખ્યાતસંયમીઓને પણ...**' ક્રિયા તો છે મન-વચનની ક્રિયા ચારિત્રવંતને. યથાખ્યાત હોં. એને બંધનો પ્રસંગ હોય, માટે એ નહિ. મન-વચનની ક્રિયા બંધનું કારણ નહિ. લ્યો, યોગાસ્રવ આવે છેને. તત્ત્વાર્થસૂત્ર. આહા..હા..! '**અનેક પ્રકારનાં કરણો પણ બંધનું કારણ નથી;...**' ઇન્દ્રિયો અનેક પ્રકારની ચેષ્ટા કરે તે બંધનું કારણ નથી. આહા..હા..! જડ ઇન્દ્રિય બંધનું કારણ નથી. આ લોકોને નિશ્ચય દૃષ્ટિની ખબર નથી એને બહુ આકરું પડે છે આ. લ્યો આ બંધનું કારણ નથી? બંધનું કારણ નથી... કરો ત્યારે આ. કરે કોણ? આ તો થાય છે ત્યાં. બંધનું કારણ કોણ છે એ ન્યાયથી સિદ્ધ કરવું છે. ઇન્દ્રિય ઇન્દ્રિયોનો વેપાર કરે, મન-વચનની ક્રિયા થાય, સચેત-અચેતનો ઘાત થાય એ બંધનો પ્રસંગ આવે.

'**કારણ કે જો એમ હોય તો કેવળજ્ઞાનીઓને પણ (તે કરણોથી) બંધનો પ્રસંગ આવે.**' કેવળીને પાંચ ઇન્દ્રિયો છે જડ. કેવળીને પાંચ ઇન્દ્રિય છે આ. એને પણ (ઇન્દ્રિયો છે, પણ તે) બંધનું કારણ નથી. આહા..હા..! '**સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ બંધનું કારણ નથી;...**' જીવ બીજા મરે સચેત અને અચેતનો ઘાત થાય એ પણ

બંધનું કારણ નથી.

મુમુક્ષુ :- અચેતનો ઘાત ઠીક પણ સચેતનો ઘાત

ઉત્તર :- ઈ સચેતનો ઘાત પણ ઈ તો પર છેને એમાં આને શું છે? આહા..હા..! એકેન્દ્રિય મરે, મનુષ્યો મરે લ્યોને એમ કહે છે અહીં તો. રાજાનો કુંવર હોય અને લડાઈએ ચડ્યો હોય તો લાખો હાથીના ચુરા કરી દે. માણસોને પણ. હોય સમકિતી. એ બંધનું કારણ ક્રિયા નથી. આહા..હા..! આકરું કામ ભાઈ એને તો.

**'કારણ કે જો એમ...'** સચેત-અચેતના ઘાતથી બંધ **'હોય તો જેઓ સમિતિમાં તત્પર છે...'** અહીં મુનિને મુખ્યપણે લીધા છે હોં. અર્થમાં લેશે સમકિતીને. **'(અર્થાત્ જેઓ યત્નપૂર્વક પ્રવર્તે છે એવા સાધુઓને) પણ (સચિત્ત તથા અચિત્ત વસ્તુઓના ઘાતથી) બંધનો પ્રસંગ આવે.'** સાધુ છે. ચાલતા હોય સમિતિથી એમાં એને ઉપર લીમડાનો કોર પડે. એ એક-એક કોરની કટકીમાં અનંતા જીવ. એના શરીરને અડે અને મરી જાય ઘણા. કહો, પરસેવો ચોટ્યો હોય એની સાથે ચોંટે ઈ. આ લીમડાની ફૂલની એક કટકી રાય જેટલીમાં અનંતા જીવ. અને માથે ઢગલો પડે જ્યારે ઓલું લીમડો હલે અને નીચે ચાલતા હોય તો. કેટલા મરી જાય જીવ. એ બંધનું કારણ નથી. એમ કીધું છેને? સમિતિમાં તત્પર છે એમ કીધું છેને? સમિતિમાં તો .. જોઈને ચાલવું, બરાબર છતાં એ ક્રિયા થાય, જીવ મરે. આહા..હા..! ચાલે છે જોઈને એમાં આવે છેને શું કહેવા ઈ? પગ નીચે ઓલી શું કહેવાય ઈ? ઉડતા-ઉડતા.

મુમુક્ષુ :- ફુદા-ફુદા.

ઉત્તર :- ફુદા નહિ. ઈ કહેવાય. ખપેડી. ખપેડી જીવ હોય છે બહુ. .. એ ક્યાંય આમ પગ જોઈને મૂકે ત્યાં ઉડીને ત્યાં આવે. ઉડીને આવે. ખપેડીના જીવો જંગલમાં. ... આ તો ખપેડી આવડી હોય. આ તો બધો અનુભવ થઈ ગયેલો છેને. જંગલમાં આટલા હોય ખપેડી ત્યાં પગ જોઈને મૂકે ત્યાં ઉડીને વચ્ચે પહેલા પડી ગયું હોય પગ આવી જાય. એને બંધનું કારણ નથી. આહા..હા..! કહો, એને પ્રસંગ આવે બંધનો.

**'માટે ન્યાયબળથી જ આ ફલિત થયું કે,...'** સત્ય સિદ્ધાંતના ન્યાયથી એ વાતનો ખ્યાલ આવ્યો કે **'જે ઉપયોગમાં રાગાદિકરણ...'** આ એક જ સિદ્ધાંત લ્યો. આહા..હા..! **'(અર્થાત્ ઉપયોગમાં જે રાગાદિકનું કરવું),...'** રાગનું કરવું એમ નહિ. એકતા તુટી જાય. આ વાત છે. જ્ઞાનનો ઉપયોગ એની સાથે જાણવાના ભાવમાં કોઈપણ વિકારી પર્યાયને ઉપયોગમાં કરવી, ઉપયોગમાં એકત્વ કરવું એ મિથ્યાત્વભાવ એ બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'ઉપયોગમાં...'** પાઠ હતોને અંદર જુઓને. **'ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે.'** આ તો રજ થકી લેપાય નહિ. **'ઉપયોગમાં રાગાદિ ભાવને**

કરતો થકો...' ... તો છે નહિ. 'ઉપયોગમાં રાગાદિકનું કરવું...' ઓહો..હો..! ભગવાન જ્ઞાતા-દૃષ્ટાના ભાવવાળું એની વર્તમાન પર્યાયમાં એનો જે જ્ઞાનનો જાણવાનો વેપાર એમાં જો રાગ અને દ્વેષના પરિણામ કોઈપણ શુભ-અશુભ, પુણ્યાદિ એને એકત્વ કરે એ મિથ્યાત્વભાવ એ બંધનું કારણ છે. અવ્રત, પ્રમાદ, કષાય, યોગને અહીં બંધના કારણમાં ગણ્યા નથી.

મુમુક્ષુ :- એ તો મિથ્યાત્વ

ઉત્તર :- અહીં તો મિથ્યાત્વ એ જ બંધનું કારણ છે એક જ વાત છે મુખ્ય. આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન આનંદ પ્રભુ, એની વર્તમાનદશામાં કોઈપણ પ્રેમ રાગનો, શુભનો, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો. એ રાગનો પ્રેમ કરીને સ્વભાવના ઉપયોગમાં એક કરે છે એ મિથ્યાત્વભાવ એક જ બંધનું કારણ છે. આહા..હા..! કહો, સમજાય? મૂળ મિથ્યાત્વ જ બંધનું કારણ એમ સિદ્ધ કરવું છે. એ જ ચિકાશ છે. આહા..હા..! રાગને, પુણ્યના ભાવને પોતાની પર્યાયમાં એકપણે કરવું, રાગને કરું એમ નહિ. રાગને ઉપયોગમાં કરવો .. એ બંધનું કારણ છે. આહા..હા..! રાગ થવો અને રાગ કરવો એમ નહિ. પણ રાગની આત્માની સાથે એકત્વબુદ્ધિ થવી એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? જુઓ, આ વીતરાગ માર્ગનો ન્યાય. .. ન્યાય કર્યો છે.

'(અર્થાત્ ઉપયોગમાં જે રાગાદિકનું કરવું),...' પોતાની જ્ઞાનની પર્યાય વેપારમાં રાગ-દ્વેષ .. વિષય-વાસના એને પોતાના ઉપયોગમાં એકત્વ કરવું એવો જે મિથ્યાત્વભાવ એ જ બંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એ બંધનું કારણ છે જ નહિ એમ કહે છે. કારણ કે એ રાગને ઉપયોગમાં એકત્વ કરતો નથી. આહા..હા..! આવી વાત. સમજાણું કાંઈ? સ્વભાવમાં એકત્વ થતાં ધર્મી રાગ સાથે એકત્વ કરતો જ નથી કોઈ દિ'. રાગ હોવા છતાં. એકપણું થવું એ બંધનું કારણ છે. એકપણું ન થવું એ મોક્ષનું કારણ છે. આહા..હા..! મૂળ માર્ગ આખો એવો ફેરફાર થઈ ગયોને. લોકોને બહારથી જ બધું મનાઈ ગયું. પહેલેથી પોષણ ઈ. એય..! ઈ જાતનું પોષણ. આ બધા શેઠિયા ત્યાંના. એના બાપના બાપને બધું આ મળ્યું. વાત સાચી. આ બાયુને માંડ-માંડ બેસે. બહુ બેસે નહિ આ. .. હોય આમ જીવ હણાય. આમ જીવ મરે છેને પાપ ન લાગે? આ પગ મૂક્યો આ લીલોતરી ઉપર અને મર્યા જીવ એનું પાપ ન લાગે? આ .. એ પગ મૂક્યો જ નથી એણે. એ ક્રિયા જ એની નથી. એની ક્રિયા તો રાગરહિત આત્માની જે જ્ઞાન ક્રિયા છે એ ક્રિયા એની છે. આહા..હા..! કહેશે આગળ.

બંધનું કારણ તો આ જ છે. આહા..હા..! અને એને બંધ તત્ત્વ કહે છે. અને રાગથી ભિન્ન તત્ત્વ છે એમ અધિક જુદો પડીને પરિપૂર્ણ તત્ત્વને જાણે, અનુભવે એને બંધ નથી. સચેત-અચેત ઘાત થાય અને લડાઈમાં માણસ મરે એનું એને ફળ નથી એમ કહે છે. એય..! આ તો ભાવ જ્ઞાતા-દૃષ્ટાનો વર્તે. રાગની ક્રિયા હોય પણ એનો જાણનાર છે. દેહની ક્રિયા

હોય તો એનો જાણનાર છે. કરનાર નથી. અને ઓલો જાણનાર રહેવા માગે પણ રાગની એકતા છે એટલે જાણનાર રહી શકે જ નહિ. રાગની સાથે, પુણ્યભાવ સાથે, શુભભાવ સાથે, ભક્તિભાવ સાથે એકતાબુદ્ધિ છે તે જ્ઞાતા-દૃષ્ટા રહી શકે જ નહિ. પ્રેમચંદભાઈ! આવું સ્વરૂપ આવું.

મુંબઈમાં ગયા હતા તે દિ' કીધુંને છ દિ'માં? મોટું છેને ઓલું ત્રણ લાખનું, છ લાખનું. .. શું છે? ઓલા આપણા ખેતાણી આવ્યા. ખેતાણી તો બધે ભળે છે હમણા. હમણા ક્યાંક કહેતા હતો. ... જ્યાં-ત્યાં જાય. એને ક્યાં ધર્મ શું છે. હવે શ્રીમદ્‌ના ઓલા છ હતા અને એમાં આ શું કહેવાય એને? સેક્રેટરી મોટો. .. આ શું છે? ઉઘાડો.. કીધું આ પરદ્રવ્યથી ભક્તિથી ધર્મનો લાભ થાય એવું વીતરાગ માર્ગમાં નથી.

મુમુક્ષુ :- ઈ ભલે આપ કહેતા હોય પણ અમારા ... બીજું કહે છેને.

ઉત્તર :- એનો અર્થ શું પણ? પરદ્રવ્યથી આત્માની, પરદ્રવ્યની ભક્તિથી કે પરદ્રવ્યને માનવાથી, ત્રણ લોકને માનવાથી ધર્મ થાય ત્રણ કાળમાં નહિ. એને માનવું એ તો રાગ છે. આવી વાત છે. બે જણા હતા બે-ત્રણ. ... વીતરાગમાર્ગની રીત તો આ છે. પરદ્રવ્યથી જીવને લાભ થાય કે નુકસાન થાય એવું છે નહિ. નુકસાન નહોતું કહ્યું. આહા..હા..! પણ એ દુર્લભજી કહેતા. હવે કાંઈ ભાન ન મળે. ઓલા રજનીશને ભગવાન કહે અને શ્રીમદ્‌માં એ મુખ્ય. કહો, આ તે કાંઈ માણસને ભાન છે?

મુમુક્ષુ :- એ તો પહેલા આવી ગયું. રાગના રસથી હોય એ બધા...

ઉત્તર :- હા. ક્યાં શ્રીમદ્‌ની લાઈન અને ક્યાં ઓલા રજનીશની લાઈન! હવે એને ભગવાન એને ઠરાવ્યા. એ કહેતા હતા લોકો કે એને ભગવાન.. એમ કીધું પહેલા. આહા..હા..! અહીંયાં તો કહે છે...

મુમુક્ષુ :- ઈ તો જે બોલ્યા એ તો પુદ્‌ગલની ક્રિયા છે. એનાથી ક્યાં બંધ થાય?

ઉત્તર :- ઈ કોણે કરી? એ તો વાત ચાલે છે. પરદ્રવ્યને લક્ષે જે રાગ થાય. કારણ કે ત્યાં તો રાગ જ થાય પરદ્રવ્યને લક્ષે. બીજી વીતરાગતા હોય જ નહિ અને એનાથી, રાગથી મને ધર્મ થાય એ રાગની એકતા છે, મિથ્યાત્વભાવ છે. એવી વાત છે, ભાઈ! પચવવી કઠણ છે. સત્ય તો આ છે. કઠણ છે પણ અશક્ય નથીને? એ તો ઓલામાં પણ લખ્યું છે કળશટીકા. કઠણ ખરું, કઠણ ખરું પર્યાયને રાગથી ભિન્ન પાડવી, પણ અશક્ય નથી. થઈ શકે છે. કેમકે જ્ઞાનનો સ્વાદ અને રાગનો સ્વાદ ભિન્ન છે. આહા..હા..! એ કળશમાં છે ક્યાંક. કળશમાં છે એ.

મુમુક્ષુ :- પ્રજ્ઞાછીણીના કળશ.

ઉત્તર :- પ્રજ્ઞાછીણીના ઓલામાં છે. સંધિ-સંધિ છેને?

મુમુક્ષુ :- ૧૮૧ કળશ.

ઉત્તર :- ૧૮૧. ... છે. એ પાછું વચમાં. 'તેથી પરિણામોના જીવથી ભિન્નપણાનો અનુભવ કઠણ છે. તોપણ સૂક્ષ્મ સંધિનો ભેદ પાડતા ભિન્ન પ્રતીતિ થાય છે.' છે? વચમાં છે. એમાં નહિ. એમાં નહિ. આમાં. કળશટીકામાં. વાત બરાબર છે. કઠણ છે એ તો કઠણ તો અનંતકાળથી નથી કર્યું એટલે. થઈ શકે એવું નથી એવું છે? રાગ અને જ્ઞાન બે ભિન્ન છે. સંધિ છે વચમાં. સાંધ છે. સાંધ છે તો તોડી શકાય છે ફડાક દઈને. એમ કહે છે. ચાહે તો રાગ ભગવાનની ભક્તિનો હોય, ચાહે તો મહાવ્રતનો હોય. રાગ એ પર ચીજ છે. 'ત્યાં નિર્બાધ હેતુએ સિદ્ધિ થાય તે નિશ્ચય છે.' ભાવાર્થ કર્યોને? 'અહીં નિશ્ચયનયને મુખ્ય કરીને કથન છે.' હવે નિશ્ચયનો હેતુ કહે છે. 'જ્યાં નિર્બાધ હેતુથી...' વિઘ્ન આવે નહિ .. હેતુથી 'સત્‌ચિદ્‌ભાવ તે નિશ્ચય. બંધનું કારણ વિચારતા નિર્બાધપણે એ જ સિદ્ધ થયું કે મિથ્યાદૃષ્ટિ પુરુષ રાગ-દ્વેષ-મોહ ભાવોને પોતાના ઉપયોગમાં કરે અહીં વજન છે. પોતાના જ્ઞાનના વેપારમાં રાગ, દ્વેષ અને મોહને પોતામાં કરે છે. 'તે રાગાદિક જ બંધનું કારણ છે.' આ રાગાદિ બંધનું કારણ આવા. એકલા રાગાદિ બંધનું કારણ નથી કહ્યું. 'એવા ભાવોને પોતાના ઉપયોગમાં કરે છે તે.' એમ. 'તે રાગાદિ ભાવ બંધનું કારણ છે.' એમ. 'એ સિવાય બીજા બહુ કર્મયોગ પુદ્‌ગલથી ભરેલો લોક, મન-વચન-કાયાના યોગ અને .. ઇન્દ્રિયો અને ચેતન અચેતનનો ઘાત બંધના કારણ નથી.' આહા..હા..! આકરું લાગે લોકોને. 'જો તેમનાથી બંધ થતો હોય તો સિદ્ધોને થવો જોઈએ.' કારણ કે કર્મના રજકણો ત્યાં ઘણા પડ્યા છે. 'યથાખ્યાત પરિણમન ચારિત્રવાળાને થવું જોઈએ.' ઇન્દ્રિયથી થતું હોય તો, મન-વચનથી થતું હોય તો. ઇન્દ્રિયથી થતું હોય તો કેવળજ્ઞાનને થવું જોઈએ અને ઘાત થતો હોય તો સમિતિરૂપ પ્રવર્તનારાઓને મુનિઓને (બંધના) પ્રસંગ આવે. પરંતુ તેમને તો બંધ થતો નથી. તેથી આ હેતુઓમાં વ્યભિચાર આવે. બહારના કારણ બંધના એ વ્યભિચાર આવે. યથાર્થ સિદ્ધ થયું નહિ. માટે બંધનું કારણ રાગાદિક જ છે. ઇ રાગાદિક છે એનો અર્થ આ. બંધનું કારણ રાગની એકતાબુદ્ધિ એ રાગ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

'અહીં સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓનું નામ લીધું.' ઓલા સચેત-અચેત ઘાતમાં. 'અને અવિરત દેશવિરતિનું નામ ન લીધું.' ચોથા ગુણસ્થાનવાળા સમકિતી અને પાંચમાવાળા શ્રાવકનું નામ ન લીધું. 'તેનું કારણ ઇ કે અવિરત દેશવિરત બાહ્ય સમિતિરૂપ પ્રવૃત્તિ નથી.' ઇ સમિતિની પ્રવૃત્તિ નથીને? 'તેથી ચારિત્રમોહ સંબંધી રાગથી કિંચિત્ બંધ થાય છે.' ચારિત્રમોહ સંબંધી. ઓલું મિથ્યાત્વથી નહિ. 'ચારિત્રમોહ સંબંધી રાગથી કિંચિત્ બંધ થાય છે.' થોડો બંધ થાય. 'માટે સર્વથા બંધના અભાવની અપેક્ષામાં તેમનું નામ ન લીધું. બાકી તો અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ જાણવા.' લ્યો, આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ પણ અંતરંગની અપેક્ષાએ

બંધ રહિત જ જાણવા. ઓલી બાહ્ય સમિતિનો અભાવ એટલે સર્વથા બંધનું કારણ ન ગણ્યું આમાં.

'અભ્યંતર કારણ જુઓ તો રાગની એકતા નથી અને સ્વભાવની એકતા છે તેને બંધનું કારણ છે જ નહિ' હવે. આહા..હા..! રાગ થોડો રહ્યો એ પણ બંધના ભાવમાં, જ્ઞાનધારામાં ન આવ્યો ઈ. સ્વભાવધારા જ્ઞાતા-દૃષ્ટાની સ્વભાવધારામાં રાગનો ભાવ ભેગો ન આવ્યો. બંધનું કારણ નથી લ્યો. 'બંધ ..માં એ બંધ હો, જ્ઞાનધારામાં એ બંધ છે નહિ.' ભારે વાતું ભાઈ! લોકોને વાંધા જ પહેલા સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન બેના ભેદમાં ફેર.. બાકી બધું .. છે. 'બાકી અંતરંગની અપેક્ષાએ તેઓ પણ...' એટલે સમકિતી ને પાંચમા ગુણસ્થાનવાળા. 'નિર્બંધ જ જાણવા.' નિર્બંધ જ પાછું. નિર્બંધ જાણવા એમ નહિ. આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન જ્યાં આનંદસ્વભાવી એવી વસ્તુનું જ્યાં અંતર્મુખ થઈને ભાન થયું એને રાગની એકતા તુટી ગઈ. ઈ બંધનું કારણ છે એકતા એ તો ગઈ. રાગની એકતા બંધનું કારણ એ તો ગઈ, હવે બંધ રહ્યો નહિ એમ કહે છે. આહા..હા..! અસ્થિરતાનો થોડો બંધ છે એની અહીં ગણતરી નથી. અનંત સંસારનો બંધ થાય એની ગણતરી છે અહીં તો. થોડો એક અમુક ભવ રહે એનું કાંઈ નહિ. આહા..હા..! કેટલો દૃષ્ટિનો મહિમા છે! અને કેટલો દૃષ્ટિના વિષયનો મહિમા છે! સમ્યગ્દર્શનનો આ મહિમા કે જેનો વિષય પૂર્ણાનંદ છે. અને તે સમ્યગ્દર્શનમાં રાગની એકતા નથી. તેથી તેને બંધ નથી. ... કહ્યું. આહા..હા..! લડાઈમાં ઉભો હોય. .. લાખો માણસના સંહાર થતા દેખાય. બંધ નથી એને. કેમકે રાગની એકતા તુટી ગઈ છે અને સ્વભાવની એકતા અનુભવમાં આવી છે. આહા..હા..! ભારે! એવી પ્રવૃત્તિ દેખાય કે રાગ થાય છે અહીં.

મુમુક્ષુ :- .. જાણી લે છે.

ઉત્તર :- એને બંધ જ નથી. બંધનું મૂળિયું એ છે રાગની એકતા. સ્વભાવ ત્રિકાળ એની સાથે વિભાવનો અધ્યાસ. અને એનો વિભાવનો અધ્યાસનો જ્યાં ત્યાગ થયો થઈ રહ્યું છૂટી ગયો ઈ. એમ કહે છે. આહા..હા..!

## શ્લોક-૧૬૪

(पृथ्वी)

न कर्मबहुलं जगन्न चलनात्मकं कर्म वा
न नैककरणानि वा न चिदचिद्वधो बन्धकृत्।
यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः
स एव किल केवलं भवति बन्धहेतुर्नृणाम्।।१६४।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [बन्धकृत्] કર્મબંધ કરનારું કારણ, [न कर्मबहुलं जगत्] નથી બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, [न चलनात्मकं कर्म वा] નથી ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ), [न नैककरणानि] નથી અનેક પ્રકારનાં કરણો [वा न चिद्-अचिद्-वधः] કે નથી ચેતન-અચેતનનો ઘાત. [उपयोगभूः रागादिभिः यद्-ऐक्यम् समुपयाति] 'ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે [सः एव केवलं] તે જ એક (-માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ-) [किल] ખરેખર [नृणाम् बन्धहेतुः भवति] પુરુષોને બંધનું કારણ છે.

ભાવાર્થ : અહીં નિશ્ચયનયથી એક રાગાદિકને જ બંધનું કારણ કહ્યું છે. ૧૬૪.

## કળશ-૧૬૪ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-' બહુ ગાથા સરસ હતી આ. બંધ અને અબંધની વ્યાખ્યા. આમ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ બંધના પાંચ કારણ. એ ચારને તો ગૌણ કરી નાખ્યા અહીંયાં. કારણ કે એ તો સમ્યક્ થયા પછી ચાર છે એની સ્થિતિ અને રસ અલ્પ પડે છે અને એ આવે છે એ પણ પછી તો ખરવા આવે છે ઈ. કારણ કે એ મારી નાખવા ઉભો થયો છે ઈ મારી નાખશે એને. આહા..હા..! એવું સમ્યક્‌નું જોર છે એટલું તો સમકિતનું માહાત્મ્ય છે. જેણે રાગની એકતા તોડી અને સ્વભાવની એકતા કરી આનું નામ સમ્યગ્દર્શન. આહા..હા..! એના શરીરથી કાંઈ કામ ચાલતું હોય ઈન્દ્રિયોથી, મન, વચન અને કાયાની ક્રિયા થતી હોય, સચેત-અચેતનો ઘાત હોય, બંધ નથી કહે છે. આહા..હા..!

(पृथ्वी)

न कर्मबहुलं जगन्न चलनात्मकं कर्म वा
न नैककरणानि वा न चिदचिद्वधो बन्धकृत्।
यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः
स एव किल केवलं भवति बन्धहेतुर्नृणाम्।।१६४।।

આ વજન છે અહીં. આહા..હા..! ચોખ્ખી વાત મૂકી જગત પાસે. કાંઈ ગોપવી નથી રાખી. કે લોકોમાં આવા સમાજને આ રીતે સહન થશે કે નહિ? સમાજ આમાં સમતોલ

રહી શકશે કે નહિ? સમાજ વિખવાદ ઉભો (થશે!) માર્ગ આ છે. અંદરમાં ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ રાગથી ભિન્ન બિરાજે છે એવું અંતરમાં જ્યાં સ્વભાવમાં આરૂઢ થયો એટલે રાગની એકતા તુટી, બંધ નથી. આહા..હા..! અને બાહ્યથી મુનિપણાનો ત્યાગ, હજારો સ્ત્રી છોડીને બેઠો હોય. બાળબ્રહ્મચારી હોય, કરોડ પૂર્વના આયુષ્ય સુધી એ પાળ્યું હોય બધું. પણ અંદરમાં રાગના કણની સાથે એકત્વબુદ્ધિ ક્ષણે-ક્ષણે મિથ્યાત્વનો બંધ છે. પ્રેમચંદભાઈ! ભારે વાત! બિચારા મુનિપણું પાળે, મહાવ્રત પાળે. મહાવ્રતને પાળે છે રાગને. આહા..હા..! લોકોને એવું લાગે કે એવું લાગે હાય.. હાય.. આ તો વ્યવહારનો લોપ. વ્યવહારનો અર્થ શું? એ તો પર છે. વ્યવહાર મારો છે એ માન્યતા જ મિથ્યાત્વ છે એમ કહે છે અહીં. વ્યવહાર છે શુભરાગ. એ રાગ મારો છે એટલે એકત્વ કર્યું એ જ મિથ્યાત્વ છે. આહા..હા..!

'**કર્મબંધ કરનારું કારણ, નથી બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક,...**' લ્યો, રજકણથી ભરેલો લોક બંધનું કારણ નથી. .. નથી. એ બંધનું કારણ નથી. '**નથી ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ),...**' યોગની ક્રિયા. મન-વચનની ક્રિયા. આહા..! ઓલો કહેતો હતો. તાંદુલ મચ્છ છેને? એ અંગુલના અસંખ્ય ભાગ. એને કેમ બંધ થાય છે? કે ક્રિયાથી બંધ હોય એને? ઈ મોઢું આમ કરે છે માટે બંધ થાય છે. એક સાધુ આવ્યો હતોને ત્યાં. સ્થાનકવાસીનો શું? કોણ? રતનલાલ આવ્યો હતો અહીં. કીધું અહીંયાં એકલા ભાવથી પાપ લાગે છે એમ નહિ. એમાં ક્રિયા હોય એનું પાપ લાગે છે.

મુમુક્ષુ :- જડની ક્રિયાથી એને પાપ લાગે?

ઉત્તર :- હા, કેમકે એ તો આવડો છેને. આવડો છેને. અંગુલનો અસંખ્ય ભાગ જેટલો આમ મોઢું જરી કરે. આ યોગની ક્રિયામાં મોઢું આમ કરે છે. એ બંધનું કારણ છે એને. છોટુલાલ હતા. ચોમાસું હતું ક્યાંક.

અહીં કહે છે કે એ ચલનસ્વરૂપ કાર્ય પણ બંધનું કારણ નથી અને '**અનેક પ્રકારનાં કરણો...**' કરણ ઈન્દ્રિયો એ પણ બંધનું કારણ નથી. '**ચેતન-અચેતનનો ઘાત.**' બંધનું કારણ. આહા..હા..! '**ઉપયોગભૂ**' આ શબ્દ છે. '**આત્મા રાગાદિક સાથે...**' ઉપયોગની ભૂમિકા આત્મા. '**આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે તે જ એક (-માત્ર...**' લ્યો, છેને? '**उपयोगभूः रागादिभिः यद्-ऐक्यम् समुपयाति**' આહા..હા..! ''**ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે...**' પર્યાયમાં તે એક પામે છે. પર્યાયબુદ્ધિ એની બુદ્ધિ ત્યાં પર્યાય ઉપર અને રાગ ઉપર છે. એવો અજ્ઞાની રાગાદિ સાથે જે એક પામે છે. '**सः एव केवलं**' '**તે જ એક...**' તે જ એક. કથંચિત્ આ અને કથંચિત્ એમ નથી લીધું અહીં. વીતરાગનો માર્ગ સ્યાદ્વાદ છે. અહીં તો '**તે જ એક...**' ભગવાન આત્માના જ્ઞાન વ્યાપારમાં જે જ્ઞાનની ભૂમિકા તો આત્મા. ઉપયોગની ભૂમિકા તો આત્મા. ઈ ઉપયોગની

સાથે એટલે એક આત્માની સાથે. શુભ-અશુભ રાગના કોઈપણ વિકલ્પને પોતાની સાથે એક માને એટલે કે એનાથી લાભ માને તો એકત્વ જ એણે માન્યું છે. આહા..હા..! રાગથી લાભ માનેને? એને રાગની સાથે એકત્વ જ કર્યું છે આત્માએ. આહા..હા..! આખો દૃષ્ટિનો વિષય જુદો, મિથ્યાદૃષ્ટિનો વિષય જુદો. એ ક્રિયા ક્રિયા એની કામની નહિ કહે છે લ્યો.

મુમુક્ષુ :- મોટો તફાવત.

ઉત્તર :- મોટો તફાવત. ઉગમણો-આથમણો. ઘડ બેસવી જગતને.. આટલી ક્રિયા કરે છે, મહાવ્રત પાળે છે, આ કરે છે, બાયડી, સ્ત્રી ભોગ હોતો નથી, પૈસો રાખતો નથી, કપડા નથી, નગ્ન છે, ઉના પાણી પીવે છે, લોચ કરે છે લ્યો અને ટાઢમાં લૂગડું ઓઢતા નથી. આ નથી કાંઈ ત્યાગ? છે ત્યાગ ધર્મનો. એ કીધુંને ઉપયોગભૂમાં રાગ કરે છે ઈ ધર્મનો ત્યાગ છે. આહા..હા..! અને મંદકષાયને આત્મા સાથે એકત્વ કરે છે એમ આવ્યું છે. મંદકષાય બંધનું કારણ નથી. પણ મંદકષાયને અકષાય સ્વભાવની પર્યાય સાથે એકત્વ કરે છે. આ કામ છે મિથ્યાત્વનું. એ સંસાર અને બંધનું કારણ છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિનો બચાવ કર્યો. એક જણો એમ કહેતો હતો. આ તો સમ્યગ્દૃષ્ટિનો બચાવ કર્યો અજ્ઞાનીએ. બચાવ નહિ, વસ્તુની સ્થિતિ એવી છે. એમ કહે છે. ઘણા વિવિધ પ્રકાર કહે. આહા..હા..! જગતના જીવો.

એશોનું આવ્યું છે. .. ઈસુ મરી ગયાને બિચારા. .. ઈસુ. ઈસુનું આવ્યું હતું અને આ ઓલા શું કહેવાય? .. એની ઉપર આવ્યું હતું... આહા..હા..! શરીરમાં લોહી જામ ... શાંતિથી .. કષાય મંદ એ જાતનો. આમ તો મિથ્યાત્વ છે. આમ તો છેલ્લે પછી જડી દીધો. એક (ખીલ) અહીં માર્યો અને એક અહીં. ... માર્યો. આખું શરીર ધ્રુજવા લાગ્યું. ત્યાં તો એવી વાત છે. છેવેટે બહુ ... કોઈ ઈચ્છા? એમ આવે છે એમાં કાંઈક. આમાં એ નથી. આમાં તો એમ છે હે પરમ પિતા! આ શું કરે છે? એ જીવને માફી આપજો. .. એ જાતની. હે પરમપિતા! આ શું કરે છે આ એની એને ખબર નથી, પ્રભુ! એને ક્ષમા આપજો. આહા..હા..! એવી સ્થિતિમાં પણ એને ઈ જાતની મંદતા. ... ખીલ્લા માર્યા છે. ત્યારે લોકો બિચારા એની .. ભગવાન કહે. ઈસુ ભગવાન થઈ ગયા. આવી સ્થિતિમાં પણ આમ બોલે છે. હે પરમ પિતા! ઈશ્વરને માનેને? આ લોકોને ક્ષમા કરજે આ શું કરે છે એની એને ખબર નથી. આહા..હા..! આવી મોટી ભૂલવાળાને પણ આટલું રાખે છે તો નાની-નાની ભૂલ જતી કરવી એ તો આત્માનું કર્તવ્ય છે. આહા..હા..!

અહીં તો મોટામાં મોટી ભૂલ રાગ અને સ્વભાવ સાથે એકત્વ કરવું. આ મોટી મિથ્યાત્વની ભૂલ. આહા..હા..! આમાં નથી લીધું. ઓલામાં એમ આવે છે. ... એમ કહે છે. આમાં નથી. છેલ્લે .. ગયુંને? આપણે .. ... .. ઈ કહે છે. સાંભળેલું છે. આહા..હા..! પણ એને આ જાતની કષાયની મંદતા .. લોકોને તો આશ્ચર્ય પમાડી દે. આ તો રાગરહિત જ્યાં બુદ્ધિ

થઈ. આહા..હા..! એના આશ્રયની શું વાત કરવી? કહે છે કે રાગ હોવા છતાં તેની એકતા નથી માટે બંધ નથી જા. આહા..હા..!

મુમુક્ષુ :- ન્યાય નીતિ

ઉત્તર :- ન્યાય નીતિથી વાત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ-૫, મંગળવાર, તા. ૨૨-૦૫-૧૯૭૩**
**ગાથા-૨૪૨ થી ૨૪૬, કળશ-૧૬૪-૧૬૫, પ્રવચન-૩૮૫**

એનો ભાવાર્થ. એક લીટી બાકી છે. '**અહીં નિશ્ચયનયથી એક રાગાદિકને જ બંધનું કારણ કહ્યું છે.**' એટલે શું? આમ શબ્દ રાગાદિક છે પણ રાગની એકતા એ બંધનું કારણ છે. એને આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદસ્વરૂપી આત્મા એની સાથે કોઈપણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કષાયનો મંદભાવ એવો જે રાગ એને આત્માની પર્યાયમાં એકત્વ કરવું તે સંસાર ને મિથ્યાત્વ ને પરિભ્રમણનું બીજ છે. ભગવાનજીભાઈ! હવે બાયડી, છોકરાને ક્યાંય રહી ગયા પાછા. પૈસો પણ ક્યાંય રહી ગયા. આહા..હા..!

મુમુક્ષુ :- .. અમારે કાંઈ..

ઉત્તર :- ઈ પણ જુદી ચીજ જ છે. એની સાથે શું સંબંધ છે? કાંઈ લેવા-દેવા છે કાંઈ? સંઘ ને સમુદાયને. મહાજનનું તમારે આ છેને એનો પત્ર. મહાજનનો પત્ર નીકળતો હશે કે નહિ મહાજનમાંથી? ... સાંભળ્યું છેને બધું. એ બધી પર ચીજ છે. એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! ફક્ત આત્મા અંદર જ્ઞાનાનંદ સ્વરૂપી પ્રભુ એની સાથે વર્તમાન પર્યાયમાં. દ્રવ્ય સાથે, ગુણ સાથે તો ક્યાં થાય છે? કોઈપણ રાગ શુભરાગ હોય કે અશુભરાગ હોય કે દ્વેષ હોય એવા વિકલ્પને, રાગને પોતાની ચીજ જે આનંદ અને જ્ઞાયકસ્વભાવી વસ્તુ એની વર્તમાન પર્યાય અવસ્થામાં રાગને ઉપયોગમાં કરવો, એકત્વ કરવું એ જ મિથ્યાત્વ અને મહાપાપ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરની દિવ્યધ્વનિમાં સંસારનું બીજ શું એ આ

આવ્યું છે. આહા..હા..! એકલો રાગ કરે, રાગ થાય ઈ નહિ. એની સાથે ઉપયોગભૂ. આવ્યું હતુંને. ઉપયોગ એટલે જ્ઞાન-દર્શન અને એનો ભૂ એટલે ધરનારો આત્મા. ઉપયોગભૂ. જાણનાર-દેખનાર જેનું લક્ષણ એવો જે ભૂ એટલે આત્મા. એવા આત્માની સાથે એ શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ. નિગોદને પણ અંદર રાગ શુભ હોય છે. એ રાગની સાથે ત્રિકાળી ચૈતન્યના સ્વભાવની દૃષ્ટિ જોડીને વર્તમાનદશામાં એ વિકલ્પ અને રાગને એકપણે માનવો એ જ મિથ્યાત્વભાવ છે અને એ મિથ્યાત્વભાવ અનંતસંસારનું કારણ છે. કહો, આ તો સમજાય એવું છે.

મુમુક્ષુ :- સવાર કરતા સહેલું છે.

ઉત્તર :- સવાર કરતા? સવારે ઈ કહ્યું હતું કે અખંડ આનંદમય આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન અને અનુષ્ઠાન એ મોક્ષનું કારણ છે. એ તો રાગ છે, હોય ભલે વ્યવહાર. પણ ઈ વ્યવહારની સાથે એકતાબુદ્ધિ એ મહામિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જૈન સાધુ હોય, પંચ મહાવ્રત પાળતો હોય, અઠ્યાવીશ મૂળગુણ, નિગ્ન દિગંબર, વનવાસમાં રહેતો હોય, પણ અંતરમાં એ રાગની ક્રિયા અને આત્મા બે એક છે એવી જે માન્યતા એ મિથ્યાત્વ અને અનંત સંસારનું કારણ છે. કહો, ચંદુભાઈ! ભારે આ. એ સ્ત્રી, પૈસા, લક્ષ્મી એ તો જુદી ચીજ છે. એના સાથે એકત્વ કરે તોપણ એક થતા નથી. આ તો એક માની શકે છે. એકતા થાતી નથી, પણ માની શકે છે. એની પર્યાયમાં થાય છેને? આ તો શરીર, વાણી, મન, પૈસા એ કાંઈ એની પર્યાયમાં આવ્યા નથી. ભિન્ન રહ્યા એ તો બહાર છે. ફક્ત એની દશામાં, કહો રાજેન્દ્ર! સમજાય છે આ? બધા તમારા ડોક્ટર-બોક્ટરના થોથા ઉડી જાય છે બધા. દુનિયાનું કરી દઈશું, છોકરાનું કરી દઈશું.

મુમુક્ષુ :- .. એક છોકરો...

ઉત્તર :- ઈ છોકરો ભલે પ્રેમચંદભાઈનો હોય, પણ ઈ છોકરા છોકરાનું કરેને પાછું? ધૂળેય કરે નહિ અહીં તો કહે છે. આહા..! અંદરમાં શુભરાગ પુણ્યનો હોં, રાગ મંદતા. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ રાગ એ રાગ છે. પરદ્રવ્ય તરફના વલણવાળી, પરના વિષયવાળી વૃત્તિ છે. એ વૃત્તિ રાગ છે. ભગવાન એકકોર ચિદાનંદ આનંદકંદ છે આત્મા. એને એની પર્યાયમાં રાગની એકતા હોં. દ્રવ્ય-ગુણ સાથે તો એકતા કરી શકતો જ નથી. આહા..હા..! એવી વાત છે. અનંતકાળે બધું એણે બહારનો ત્યાગ કર્યો, મુનિ થયો અનંતવાર, જૈન દીક્ષા લીધી. જૈન દીક્ષા બહારની. આચાર્ય જૈનનો થયો, પણ એ અંદરમાં ઓલો રાગનો વિકલ્પ છે એ મારી ચીજ છે ઈ એને છૂટી નહિ. આખો સંસાર એને પડ્યો છે પૂરો. એને ભગવાને સંસારતત્ત્વ કહ્યું છે. કહો, સમજાણું કાંઈ?

નિશ્ચયનયથી એટલે સાચી દૃષ્ટિથી સત્યને સત્યપણે કહીએ તો, એક રાગને રાગ-દ્વેષાદિ

પરિણામને પોતામાં એકપણે કરવું એમ લેવું આમાં. સમજાણું કાંઈ? જે આ રાગ એ આસ્રવ છે, મલિન પરિણામ છે, ભગવાન નિર્મળાનંદ આત્મા છે. આહા..હા..! એ નિર્મળ પરમાત્માને, પોતાનો સ્વભાવ નિર્મળ આનંદ ચૈતન્યમૂર્તિ છે. એની વર્તમાન દશામાં, હાલતમાં એટલે પર્યાયમાં રાગ વર્તતો તેને એકપણે વર્તાવવો. આહા..હા..! વિકલ્પને, રાગની વૃત્તિને પોતાની પર્યાયમાં એકપણે માનવો, જાણવો એનું નામ મિથ્યાત્વ છે. આહા..હા..! કહો, પ્રેમચંદભાઈ! બહુ ઝીણું ભારે કામ! વીતરાગ એમ કહે કે અમારા પ્રત્યેની તને ભક્તિનો જે રાગ થાય એ રાગ સાથે જો તે એકત્વબુદ્ધિ કરી એ મિથ્યાત્વમાં અનંતા જન્મ-મરણ કરવાની તાકાત છે. નિગોદના ભવ. એક શ્વાસમાં અઢાર ભવ. આહા..હા..! અરે..! એને ભવનો બોજો ન લાગ્યો. માથે ડાંગ અનંત સંસારની છે રખડવાની. એ રખડવાનું બીજડું વીતરાગ મૂર્તિ પ્રભુ આત્મા છે. ચૈતન્ય સ્વભાવ એ તો જિનસ્વરૂપી આત્મા છે. એની વર્તમાન પર્યાયમાં વીતરાગતા આવવી જોઈએ. એને ઠેકાણે એ પર્યાયમાં રાગની એકતા કરે, શુભરાગની પણ એકતા કરે એટલે કે એનો અર્થ પર ઉપર એની દૃષ્ટિ વિકાર ઉપર છે. એથી એ વિકારને સ્વભાવની સાથે એકત્વ કરે છે. આહા..હા..! આ લોકો કહે છેને કે વ્યવહારરત્નત્રયથી નિશ્ચય લાભ થાય. વ્યવહારરત્નત્રય એ તો શુભરાગ છે.

મુમુક્ષુ :- વ્યવહાર હોવાથી ઈ કથન વ્યવહારનું.

ઉત્તર :- ધૂળેય નથી કાંઈ વ્યવહારે કથન છે. એનાથી લાભ જ નથી. એ શુભરાગથી લાભ થાય એમ માનનાર સ્વભાવની પર્યાયને અને રાગને એક કરે છે. આવી વાત છે. ન્યાયથી તો સમજાય એવું છે આમાં નહિ? લોજિકથી નથી સમજાય એવું?

મુમુક્ષુ :- .. બુદ્ધિવાળા એમ કહે કે અમને નથી સમજાતું તો આબરૂ જાય કે નહિ?

ઉત્તર :- એ તો ભાઈ શાહુજી એમ કહે. મગજ ફરી જાય છે. .. વાત કરે છે મગજમાં બોજો લાગે. ચાલીસ કરોડ રૂપિયાની વાતું લોકો બહાર કરે. .. ચાલીસ લાખનું તો મકાન છે કલકત્તામાં. એક મકાન ચાલીસ લાખનું. ભગવાનના દર્શન કરવા ગયા હતા ત્યાં કોક કહેતું હતું. હશે કીધું. આહા..હા..! આ બધા બોજા માથે. એને એમ કહેવું કે આ રાગ વિકલ્પની જાત દયા પાળવાની, ભક્તિ કરવાની, પૂજા કરવાની એની વૃત્તિ જે ઉઠે છે રાગ. એને એની દશામાં એકત્વ માનવું મોટો સંસાર મિથ્યાત્વભાવ છે. કહો, ગીરધરભાઈ! આહા..હા..! એમ કહ્યું હતુંને અંદર નહિ?

'उपयोगभूः रागादिभिः यद्-ऐक्यम् समुपयाति ' એમ છે અંદર. આહા..હા..! મહાસિદ્ધાંત છે. 'ઉપયોગભૂ...' એટલે ઉપયોગ એટલે અહીં જ્ઞાનદર્શન એને ભૂ એટલે ધરનાર આત્મા. એને રાગાદિ સાથે એટલે વિકલ્પની સાથે, મેલની સાથે એ દુઃખની સાથે, આનંદ ભગવાનની વર્તમાન પર્યાયમાં એકપણે જાણવો, માનવો, એમાં ટકવું એ મિથ્યાત્વભાવ એક

જ બંધનું કારણ છે. આહા..હા..! ભાવાર્થમાં સાધારણ ભાષા કરી નાખી. લોકો રાગાદિ કહે છેને. આ રાગ. રાગ અને આત્મા બે એક છે એ રાગ. એ રાગનો રંગ છે અંદર. આહા..હા..! પર્યાય બુદ્ધિ છે ત્રિકાળી ભગવાન આનંદનો નાથ પોતે પરમેશ્વર પોતે ભગવાન છે. એને ભૂલીને જે રાગ મેલ છે, દુઃખ છે, આકુળતા છે, અશુચિ છે, વિપરીત .. અને સ્વભાવથી વિરુદ્ધ રાગ અચેતન-જડ છે. એની સાથે ચૈતન્યને જડ સાથે એકત્વ કરવો. આહા..હા..! એમ કહે છે. તો ચેતનને અચેતન સાથે એક માનવો એ મિથ્યાત્વ છે એમ કહે છે. પણ આ અચેતન હોં.

રાગ છેને? એને પોતામાં જાણવાની શક્તિ નથી. રાગ બીજા દ્વારા જણાય. એટલે જાણનારો એને જાણે. એ તે જાણનારો જાણે એટલે રાગ છે ઈ જાણવાલાયક છે, પણ જાણનાર નથી. રાગમાં જાણવાની તાકાત નથી. આત્મામાં જાણવાની તાકાત છે. એ જાણનારો વર્તમાન પર્યાયમાં પોતાને ન જાણતા એ રાગને જાણી સ્વપરપ્રકાશક સ્વરૂપ છે એમાં સ્વને ન જાણ્યું એટલે પરમાં રાગમાં એકત્વબુદ્ધિ કરી એ મિથ્યાત્વભાવ અજ્ઞાન છે. આહા..હા..! દસ-દસ, વીસ-વીસ લાખના ... મોમ્બાસામાંને? ડુંગરશી છેને? મોરબી વીસ લાખ. એણે લાખ .. બબ્બે લાખ આવ્યા આહા..હા..! આપણે ધર્મ થઈ ગયો.

મુમુક્ષુ :- મંદિર

ઉત્તર :- મંદિર મુમ્બાસામાં. મુમ્બાસામાં કર્યું છે. વીસ લાખનું. સાંભળ્યું છેને. બધું સાંભળેલું હોય તમારું આ બધું એમાં બીજા લાખ-લાખ ભર્યા હોય, બે લાખ, પચાસ હજાર (એટલે) અમે ધર્મ કર્યો.

મુમુક્ષુ :- .. તો ધર્મને. ધર્મમાં વાપર્યા છે.

ઉત્તર :- ઈ ધર્મમાં વાપરે શું ધૂળ? ધર્મ તો આત્મામાં એકાગ્ર થાય ઈ ધર્મ છે. પૈસા ધર્મમાં વપરાતા હશે? એ તો અજીવ છે.

મુમુક્ષુ :- એ તો આવ્યા હોય.

ઉત્તર :- આવ્યા હોય .. છે. ચીલ્લા-ચીલ્લા. તારી દશા આખી બદલી ગઈ કહે છે. ચૈતન્ય સ્વભાવ. કહ્યું હતુંને કર્તા-કર્મમાં? કે જ્ઞાનાનંદ સ્વભાવની દશા એનો ત્યાગ કરીને. ૬૯-૭૦ એ ત્યાં વાત કરી હતી. મુંબઈ-મુંબઈ. અંદર સ્વભાવની પર્યાય પ્રગટ થવી જોઈએ તેનો ત્યાગ કરી દે, પણ વસ્તુ જ્ઞાનાનંદ સ્વરૂપી પ્રભુ છે એની અવસ્થા, દશા, શાંત ને આનંદ ને જ્ઞાનની દશા થાય એ એનું સ્વરૂપ છે. એને ઠેકાણે એ અવસ્થાનો ત્યાગ કરીને. ત્યાગ કરીને એટલે? એના ઉપર આશ્રય દ્રવ્યનો નહિ લઈને એને આ રાગની દશામાં પોતાપણે માને. આહા..હા..! આ શલ્ય છે એકલું. આવી વાત છે. પછી ભલે મહાવ્રત પાળતો હોય. મહાવ્રત તો રાગ છે, વિકલ્પ છે ઈ કાંઈ આત્મા નથી. આહા..હા..! એને ચારિત્ર માને લોકો.

એ રાગની એકતાબુદ્ધિવાળા મિથ્યાદૃષ્ટિ જૂઠી દૃષ્ટિ, સત્યદૃષ્ટિની ઉત્પત્તિ ન કરતાં ભગવાન જ્ઞાયકસ્વભાવી આત્મા એવી અંતરની દૃષ્ટિ ન કરતાં રાગના વિકલ્પની સાથે જૂઠી, અસત્ય, મિથ્યાદૃષ્ટિ કરે છે એ સંસારમાં રખડવાનું બીજડું છે. આહા..હા..! નરક અને નિગોદ, કાગડા અને કુતરાના ભવ કરવાનું આ બીજ છે. કહો, ભગવાનજીભાઈ! એ શેઠાઈ-બેઠાઈ બધી વઈ જાય છે ત્યાં.. આ પાંચ પચાસ લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ મોટા-મોટા ઘણા પડ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..લાભ છે. આ લાગે છે એને. આહા..હા..! બહુ સરસ વાત છે. અલૌકિક મૂળ ચીજ આ છે. પરિભ્રમણ ચોર્યાસીના અવતારનું કારણ હોય તો આ. કે રાગની વિકલ્પની દશાને, મલિન ભાવને નિર્મળાનંદની પર્યાય સાથે એક કરવો. આહા..હા..! કેટલી વાત કરી છે! એ સંસાર છે, એ નિગોદ અને નરકમાં જવાની તૈયારીવાળા છે કહે. આહા..! એમાં જે રહ્યા છે એ ભવિષ્યમાં રાગની એકતામાં રહેનારા છે. સંસારમાં રહેનારા છે. આહા..હા..! વસ્તુની સ્થિતિ આવી છે. આ કાંઈ અતિશયોક્તિથી કહેવાય છે કે ભય પમાડવા કહેવાય છે એમ નથી. વસ્તુની એવી સ્થિતિ છે.

જ્ઞાનનો પુંજ પ્રભુ મોક્ષનો દાતાર. એમ કહેવું એ .. એવો જે ભગવાન એની વર્તમાન જ્ઞાનની અને શ્રદ્ધાદિ દશામાં રાગનો વિકલ્પ એમાં એકતા (તે) અજ્ઞાની છે. પછી ભલે મહાવ્રત પાળતો હોય, દયા, દાનના ભાવ હોય. એ બધા એકત્વબુદ્ધિ એટલે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અરે..! એ વાત સાંભળવા મળે નહિ અને કે દિ' વિચારે અને કે દિ' અંદરમાં જાય?

મુમુક્ષુ :- મૂળ વાત તો મરી ગઈ.

ઉત્તર :- મળી નથી.

## ગાથા-૨૪૨ થી ૨૪૬

जह पुण सो चेव णरो णेहे सव्वम्हि अवणिदे संते।
रेणुबहुलम्मि ठाणे करेदि सत्थेहिं वायामं।।२४२।।
छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ।
सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवघादं।।२४३।।
उवघादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।
णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो ण रयबंधो।।२४४।।

जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।।२४५।।
एवं सम्मादिट्ठी वट्टंतो बहुविहेसु जोगेसु।
अकरंतो उवओगे रागादी ण लिप्पदि रएण।।२४६।।
यथा पुनः स चैव नरः स्नेहे सर्वस्मिन्नपनीते सति।
रेणुबहुले स्थाने करोति शस्त्रैर्व्यायामम्।।२४२।।
छिनत्ति भिनत्ति च तथा तालीतलकदलीवंश पिण्डीः।
सचित्ताचित्तानां करोति द्रव्याणामुपघातम्।।२४३।।
उपघातं कुर्वतस्तस्य नानाविधैः करणैः।
निश्चयतश्चिन्त्यतां खलु किम्प्रत्ययिको न रजोबन्धः।।२४४।।
यः स तु स्नेहभावस्तस्मिन्नरे तेन तस्य रजोबन्धः।
निश्चयतो विज्ञेयं न कायचेष्टाभिः शेषाभिः।।२४५।।
एवं सम्यग्दृष्टिर्वर्तमानो बहुविधेषु योगेषु।
अकुर्वन्नपयोगे रागादीन् न लिप्यते रजसा।।२४६।।

यथा स एव पुरुषः, स्नेहे सर्वस्मिन्नपनीते सति, तस्यामेव स्वभावत एव रजोबहुलाया भूमौ तदेव शस्त्रव्यायामकर्म कुर्वाणः, तैरेवानेकप्रकारकरणैस्तान्येव सचित्ताचित्तवस्तूनि निघ्नन्, रजसा न बध्यते, स्नेहाभ्यङ्गस्य बन्धहेतोरभावात्ः तथा सम्यग्दृष्टिः, आत्मनि रागादीनकुर्वाणः सन्, तस्मिन्नेव स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुले लोके तदेव कायवाङ्मनःकर्म कुर्वाणः, तैरेवानेकप्रकारकरणैस्तान्येव सचित्ताचित्तवस्तूनि निघ्नन्, कर्मरजसा न बध्यते, रागयोगस्य बन्धहेतोरभावात्।

---

સમ્યગ્દ્રષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી, ઉપયોગનો અને રાગાદિકનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી થતો નથી, તેથી તેને પૂર્વોક્ત ચેષ્ટાથી બંધ થતો નથી - એમ હવે કહે છે :-

જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂરે કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.
વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને,
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે; ૨૪૩.
બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે ? ૨૪૪.

એમ જાણવું નિશ્ચય થકી - ચીકણાઈ જે તે નર વિષે,
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.
યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દષ્ટિ જે,
રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.

ગાથાર્થ :- [यथा पुनः] વળી જેવી રીતે - [सः च एव नरः] તે જ પુરુષ, [सर्वस्मिन् स्नेहे] સમસ્ત તેલ આધિ સ્નિગ્ધ [अपनीते सति] દૂર કરવામાં આવતાં, [रेणुबहुले] બહુ રજવાળી [स्थाने] જગ્યામાં [शस्त्रैः] શસ્ત્રો વડે [व्यायामम् करोति] વ્યાયામ કરે છે, [तथा] અને [तालीतलकदलीवंशपिण्डीः] તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને [छिनत्ति] છેદે છે, [भिनत्ति] ભેદે છે, [सचित्ताचित्तानां] સચિત્ત તથા અચિત્ત [द्रव्याणाम्] દ્રવ્યોનો [उपघातम्] ઉપઘાત [करोति] કરે છે; [नानाविधैः करणैः] એ રીતે નાના પ્રકારનાં કરણો વડે [उपघातं कुर्वतः] ઉપઘાત કરતા [तस्य] તે પુરુષને [रजोबन्धः] રજનો બંધ [खलु] ખરેખર [किम्प्रत्ययिकः] ક્યા કારણે [न] નથી થતો [निश्चयतः] તે નિશ્ચયથી [चिन्त्यताम्] વિચારો. [तस्मिन् नरे] તે પુરુષમાં [यः सः स्नेहभावः तु] જે તેલ આદિનો ચીકાશભાવ હોય [तेन] તેનાથી [तस्य] તેને [रजोबन्धः] રજનો બંધ થાય છે [निश्चयतः विज्ञेयं] એમ નિશ્ચયથી જાણવું, [शेषाभिः कायचेष्टाभिः] શેષ કાયાની ચેષ્ટાઓથી [न] નથી થતો. (માટે તે પુરુષમાં ચીકાશના અભાવના કારણે જ તેને રજ ચોંટતી નથી.) [एवं] એવી રીતે [बहुविधेसु योगेषु] બહુ પ્રકારનાં યોગોમાં [वर्तमानः] વર્તતો [सम्यग्दृष्टिः] સમ્યગ્દષ્ટિ [उपयोगे] ઉપયોગમાં [रागादीन् अकुर्वन्] રાગાદિકને નહિ કરતો થકો [रजसा] કર્મરજથી [न लिप्यते] લેપાતો નથી.

ટીકા :- જેવી રીતે તે જ પુરુષ, સમસ્ત સ્નેહને (અર્થાત્ સર્વ ચીકાશને - તેલ આદિને) દૂર કરવામાં આવતાં, તે જ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી ભૂમિમાં (અર્થાત્ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી તે જ ભૂમિમાં) તે જ શસ્ત્રવ્યાયામરૂપી કર્મ (ક્રિયા) કરતો, તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, રજથી બંધાતો -લેપાતો નથી, કારણ કે તેને રજબંધનું કારણ જે તેલ આદિનું મર્દન તેનો અભાવ છે; તેવી રીતે સમ્યગ્દષ્ટિ, પોતામાં રાગાદિકને નહિ કરતો થકો, તે જ સ્વભાવથી જ બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલા લોકમાં તે જ કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો, તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાતો નથી, કારણ કે તેને બંધનું કારણ જે રાગનો યોગ (-રાગમાં જોડાણ) તેનો અભાવ છે.

ભાવાર્થ : સમ્યગ્દષ્ટિને પૂર્વોક્ત સર્વ સંબંધો હોવા છતાં પણ રાગના સંબંધનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી. આના સમર્થનમાં પૂર્વે કહેવાઈ ગયું છે.

## ગાથા-૨૪૨ થી ૨૪૬ ઉપર પ્રવચન

હવે સવળી વાત લે છે. સમ્યગ્દૃષ્ટિ આઠ વર્ષની બાળિકા હોય પણ જ્યારે સમ્યગ્દર્શન પામે છે. એક દેડકો હોય બે મહિનાનો. દેડકો સમજ્યાને? દેડકો. એ પણ બે મહિનાની અંદર .. એ પણ જ્યારે '**સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી,...**' જેણે સત્ય જ્ઞાયક આનંદસ્વભાવ એ ચીજનું જ્યાં અંતર જ્ઞાન થયું એ રાગને પોતામાં કેમ માને? એ તો ત્રિકાળી આનંદ અને જ્ઞાનસ્વભાવમાં એકત્વ આત્માને માને. આહા..હા..! સમજાય છે કાંઈ? '**સમ્યગ્દૃષ્ટિ...**' સમ્યક્ નામ સાચી દૃષ્ટિ એટલે કે સત્યસ્વરૂપ ભગવાન આત્મા એને રાગમાં જે મીઠાશ હતી એ મીઠાશ સમ્યગ્દૃષ્ટિને ટળી ગઈ એને મીઠાશ આત્માના આનંદની આવી. સમજાય છે કાંઈ? એ રાગની એકતામાં રાગની મીઠાશ હતી. ભારે ધર્મ! આવો માણસને સાંભળવો. ઓલા ગયા આજે નહિ? ..ભાઈ ગયા. રાજકોટથી. .. રસ લઈને .. સાંભળવાનો. ઘણું માણસ... માણસ... માણસ... બાર-બાર હજાર કહેતા હતા. .. હોય. છુટા બેઠા હોયને. મોટું લશ્કર ઉભું થાય એમ ઉભા થાય. ફટ ઉભા થાયને પાછા? છેટેથી આવ્યા હોય તો અડધો કલાક પહેલા .. જવાનો થાય. એક કલાક વ્યાખ્યાનમાં થાય. બે કલાક થઈ જાય. કલકતામાં એકવાર જરી એક મિનિટનું .. હતું. અને એને ત્યાં બહારથી ઓલું શું કહેવાય? બસ. જે માણસ બહારથી આવે એ મફત બસના પૈસા નહિ. દસ-દસ, બાર-બાર બસું. .. અહીં એક ફેરી જ્યાં બે મિનિટ... કહે છે. ... બેસવાનું પાછું બસમાં સ્થાન મળે નહિ અને જાવું હોય પાંચ-છ ગાઉ આઘું-છેટું. એટલે ઉભા થઈ જાય. તો બે મિનિટનો ફેર પડ્યોને આમાં ઘડિયાળમાં. કીધું આ ઉભા કેમ થઈ ગયા? આહા..હા..! .. ૧૫-૧૫ મિનિટ, ૨૦ મિનિટથી આવ્યા હોય અને પાછું ત્યાં જાવું હોય. બે મિનિટ ... આહા..હા..!

મુમુક્ષુ :- અહીં જેવી નિરાંત ન હોય.

ઉત્તર :- ન હોય.

ધર્મીને તો કહે છે કે જ્યાં હોય ત્યાં પોતે રાગની એકતા એણે તોડી છે. આહા..હા..! એના '**ઉપયોગમાં રાગાદિક કરતો નથી,...**' ઉપયોગમાં રાગાદિક કરતો નથી એમ કહે છે. રાગાદિક હોતા નથી એમ નહિ. ધર્મી જીવને રાગ હોતો નથી એમ નહિ. રાગ હોય છે, પણ '**ઉપયોગમાં રાગાદિક કરતો નથી,...**' જાણવા-દેખવાના વેપારમાં રાગને લાવતો નથી. આહા..હા..! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન ઈ વાત આવી ગઈ બારમી ગાથા. ભારે કઠણ જગતને. દિગંબર સંતોની પદ્ધતિ અલૌકિક છે. કેવળજ્ઞાનના કેડાયતો છે. કહે છે કે સમ્યગ્દૃષ્ટિ અંતર સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એનો અંતર અનુભવ અને પ્રતીતિ અનુભવસહિત થઈ છે એ ઉપયોગમાં એ પોતાના આ જ્ઞાનના વેપારમાં રાગાદિ. રાગાદિ એટલે દ્વેષાદિ.

તેમાં વિષયની વાસના આદિ એ પોતાના જ્ઞાનના ઉપયોગમાં કરતો નથી. રાગ થતો નથી એમ નથી કહ્યું. રાગ છે. પણ અંદર જ્ઞાનના ઉપયોગમાં એ રાગને કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ બધા મોટા .. પ્લાસ્ટિકના શું કહેવાય ઈ? કારખાના. ફેક્ટરી. .. ફેક્ટરી.

મુમુક્ષુ :- નાની-મોટી ફેક્ટરી હોય એને તો ચાલે એવું છે અત્યારે.

મુમુક્ષુ :- એને .. ગયા.

ઉત્તર :- પચાસ હજાર થયા તો ... આ વીસ હજાર .. છોકરો જુદો એણે ફેક્ટરી કરી. ... એકદમ પછી... આહા..હા..!

અહીં કહે છે પૈસા કોને કહેવા ધૂળ? છોકરા બહુ કામ કરે તો બાપા કરતા વધારે પેદા કરે લ્યો. એટલે એને એમ થઈ જાય કે હું જાણે બહુ મોટો થઈ ગયો. આહા..હા..! આ તો ભગવાન આત્મા રાજેન્દ્ર છે પોતે. રાજ એટલે શોભાવતું તત્ત્વ ભગવાન એનો ઈન્દ્ર એનો સ્વામી થયો. આહા..હા..! એ જીવ રાગ હોવા છતાં રાગની સાથે સંધિ ભિન્ન છે. આહા..હા..! એની સાંધ એક નથી. આહા..હા..! એને રાગને ઉપયોગમાં પોતાને કરતો નથી. આ એક .. આનું નામ સમ્યગ્દર્શન. આહા..હા..! કહો, પ્રેમચંદભાઈ! આવી વાત છે બહુ. લોકોને એવું લાગે કે આ મારા.. ખેંચે છે. ઈ .. જેમ કહે એમ કહે. માર્ગ તો આ છે. આહા..હા..! કાગળ લખે ને વિરોધ લખે. કોનો વિરોધ કરે ભગવાન ભાઈ! તને તારી ખબર નથી. સામો કોણ છે એની તને ખબર નથી. આહા..હા..! કાગળિયા લખે. ભાઈ! તું તારી સાથે વિરોધ કરે છો એની તને ખબર નથી. આહા..હા..!

ચૈતન્ય સચ્ચિદાનંદ સ્વરૂપ સિદ્ધ સમાન પોતાનું સ્વરૂપ છે. એવાને રાગના મેલ સાથે એકત્વ કરવું મોટું કલંક છે. ... '**ઉપયોગનો અને રાગાદિકનો ભેદ જાણી...**' જુઓ, આહા..હા..! જાણવા-દેખવાના ભાવ અને રાગનો ભાવ બે ભિન્ન છે. ઉપયોગ નામ જાણવા-દેખવાનો ભાવ અને રાગ અને દ્વેષનો ભાવ એ ભેદ જાણી. બેને જુદાં જાણી '**રાગાદિકનો સ્વામી થતો નથી,...**' લ્યો. એકત્વ કરતો નથી એટલે સ્વામી થતો નથી. આમ વાત છે. સમજાણું કાંઈ? આવી વાતું સમજવી હજી કઠણ પડે. આ શું કહે છે .. મગજમાં. શેઠ! આહા..હા..! બાપુ! તારા ઘરની વાતું છે, ભાઈ! તું ક્યાં ભૂલ્યો છો અને ભૂલ કેમ ટળે એની વાત છે આ તો. આહા..હા..!

'**રાગાદિકનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી...**' એટલે એકત્વ કરતો નથી. ભેદ જાણ્યોને? ભેદ જાણ્યો એટલે રાગને જુદા જાણ્યા. આહા..હા..! રાગનું હોવાપણું છે એક બાજુ અને એક બાજુ ભગવાન ચિદાનંદનું હોવાપણું છે. બેના વચ્ચે ભેદ જાણી, એને જુદાં રાખી એને પોતામાં મેળવતો નથી એટલે સ્વામી થતો નથી. આહા..હા..! '**તેથી તેને પૂર્વોક્ત**

**ચેષ્ટાથી બંધ થતો નથી...'** ગમે તેટલી ઇન્દ્રિયોની ચેષ્ટા હોય, મન, વચન અને કાયાની. ઓલામાં તો એમ નાખ્યું છે. મન, વચન અને કાયા એ આયુ અને ગતિમાં જાય ભાઈ એમ. ઓલામાં. એ શૈલી કરી છે. નાટકમાં. આ મન, વચન અને કાયાની આ ક્રિયા એ આયુષ્ય અને ગતિમાં જાય છે. ...માં જાય છે એમ કીધું. એ બધું પુદ્ગલ છે. આહા..હા..! અચેતન પુદ્ગલ બધું છે. ઇન્દ્રિયનો વેપાર આ જડ-માટી. એ તો પુદ્ગલનો છે. આ તો માટી, જડનો છે. એવો ધર્મી બહારની જડની ચેષ્ટાથી એને સચેત-અચેત હણાય જીવો છતાં રાગની એકતા નથી માટે રાગને ભિન્ન રાખીને જાણતો હોવાથી એકતાથી જે બંધ હતો ઈ બંધ થતો નથી. ખરો તો બંધ એને જ ગણ્યો છે અહીં. આહા..હા..! **'એમ હવે કહે છે...'** લ્યો. ગાથા-૨૪૨.

जह पुण सो चेव णरो णेहे सव्वम्हि अवणिदे संते।
रेणबहुलम्मि ठाणे करेदि सत्थेहिं वायामं।।२४२।।

**'करेदि'** આવે લ્યો ઓલા કહે છેને. કરે ઈ તો. ઈ ઓલા રતનચંદજી. લ્યો કરે તો છે, પણ તન્મય થતો નથી. આવા શબ્દોના અર્થો કરે છે મોટા પંડિતો અત્યારે લ્યો. કરે છે કીધું. પણ કરે છે એમ તો આમ દેખાય છે લોકો એમ કરે છે એટલી ભાષા લીધી.

મુમુક્ષુ :- ઈ તો બોલવાની.

ઉત્તર :- બોલવાની. કરે કોણ એને? આહા..હા..! લ્યો છેદી શકે અને ભેદી શકે? આહા..હા..!

छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ।
सच्चित्ताचित्ताणं करेदि दव्वाणम्वधादं।।२४३।।
उवधादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।
णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो ण रयबंधो।।२४४।।
जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।।२४५।।
एवं सम्मादिट्ठी वट्टंतो बहुविहेसु जोगेसु।

જુઓ અહીં વચન નાખ્યું. શું કરે સમજાવું છેને.

अकरंतो उवओगे रागादी ण लिप्पदि रएण।।२४६।।

હરિગીત.

જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂરે કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.
વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને,

**ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે; ૨૪૩.**

એય..! પંડિતજી! અહીં તો કરે છે કીધું. કુંદકુંદાચાર્ય કહે છે. તો કરી શકતો હશેને? અહીં કરે એટલે થાય એને કરે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાતું! આમાં તકરારું. લ્યો કરે છે એમ કીધું છે કે નહિ? કઈ નયનું? એ તો નિમિત્તના કથન છે. કરે શું? આંગળીને હલાવી શકે આત્મા? આ તો જડ છે. વાણી બોલી શકે આત્મા? મન, વચન અને કાયાના યોગની ક્રિયા કરી શકે આત્મા? આ યોગ ને કંપન્ન આદિ. એક વિચાર આવ્યો હતો યોગ કંપન્નનો. યોગ અને કંપન્ન છેને ભાઈ અંદર? એ કંપન્નનો પર્યાય વ્યય થાય છે અને યોગ અને કંપન્ન.. ઈ કંપન્ન છે એ ગુણ ત્યાં. કહે છે કે એ અંદરમાં .. સ્થિર થઈને રહ્યું છે. આહા..હા..! કંપન્ન એ પર્યાય છે કે નહિ? સમય-સમયે કંપન્ન છે. એક સમયનું કંપન્ન બીજે સમયે તો વ્યય થાય છે. વ્યય થયું એટલે શું? કે એ કંપન્નનો પર્યાય અંદર ભળી ગયો. અંદર ભળ્યો એટલે ત્યાં કંપ છે એમ નથી. અંદર જાય એટલે આ કંપ છે એ ઉદયભાવ છે. અને અંદર જાય છે ત્યાં તો પારિણામિકભાવ થઈ જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ આમાં? કંપન્ન છે એ તો ઉદયભાવ છે. ઉદય એટલે વિકારીભાવ છે અને બીજે સમયે વ્યય થાય છે. ત્યારે વ્યય થઈને વર્તમાન નથી, પણ જાય છે અંદર. તો ત્યાં ઈ ભાવ કંપન્નનો રહે છે એમ નથી. ભારે ઝીણું! એય..! પ્રેમચંદભાઈ!

સમય સમયની પર્યાય છે કે નહિ? એ તો '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' છે. ઉત્પાદ છે તે બીજે સમયે વ્યય થાય જ તે. થાયને ગયો ક્યાં? આહા..હા..! .. એવું છે. પારિણામિકભાવે ત્યાં.. પરિણતિ ત્યાં આવે છે. આહા..હા..! અહીં કહે છે એ '**અચિત્ત દ્રવ્ય તણો કરે;...**' એમ કીધુંને? એ યોગથી કરે. આહા..હા..!

**બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,**
**નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે ? ૨૪૪.**
**એમ જાણવું નિશ્ચય થકી – ચીકણાઈ જે તે નર વિષે,**
**રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.**
**યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દૃષ્ટિ જે,**
**રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.**

આયુષ્ય અને ગતિનો ભાવ. એમાં વર્તતો હતો. મલિનમાં વર્તતો એ સમ્યગ્દૃષ્ટિ હોય જ નહિ. પણ આમ વર્તે છે ઈ આમ દશા થાય છે એટલે વર્તે છે એમ કહેવામાં આવ્યું.

એની '**ટીકા :- જેવી રીતે તે જ પુરુષ,...**' જે પહેલા ચીકણાઈવાળો હતો. તેલ આદિથી ચીકણાઈવાળો હતો '**તે જ પુરુષ, સમસ્ત સ્નેહને (અર્થાત્ સર્વ ચીકાશને – તેલ આદિને) દૂર કરવામાં આવતાં,...**' ચીકાશ કાઢી નાખી. તેલની ચીકાશ કાઢી

નાખી. **'તે જ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી ભૂમિમાં...'** ઘણા રજકણો છે બહારના. ઈ ધૂળમાં આળોટતો હોય લ્યો. **'(અર્થાત્ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી તે જ ભૂમિમાં) તે જ શસ્ત્રવ્યાયામરૂપી કર્મ (ક્રિયા) કરતો,...'** ઈના ઈ હાથમાં શસ્ત્ર અને એના વ્યાયામનો એની ક્રિયા કરતો. કરતો-કરતો શબ્દ વાપર્યો છે. અહીં તો સમ્યગ્દષ્ટિની વાત છે. ઓલું સમજાવવા... આહા..હા..!

**'તે જ અનેક પ્રકારનાં કરણો વડે...'** ઈન્દ્રિયો વડે. **'તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,...'** લ્યો, મારી શકે નહિ, પરની હિંસા કરી શકે નહિ. હિંસા એ પુદ્ગલનું કાર્ય છે. આહા..હા..! એવી વાતું છે વીતરાગમાર્ગની. સૂક્ષ્મ તત્ત્વ જગતને પડી જ નથી અંદરની કે આ શું પરમાત્મા કહે છે? એને માર્ગ આમાં સત્ય શું ઈ કહેવું. આ બધા .. ધંધા કરે અને નવરા થાય બે ઘડી. ચાલો કાંઈક સામાયિક કરીએ અને પડિક્કમણા કરીએ અને સાંભળીએ. વેઠ છે બધી. આ ભગવાન આત્મા કહે છે જેને બહારથી તો બધી ક્રિયાઓ દેખાય છે. તેને **'કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, રજથી બંધાતો-લેપાતો નથી,...'** કેમકે તેલાદિનું મર્દન તેથી તેને રજકણો ચોંટતા નથી. **'તેને રજબંધનું કારણ જે તેલ આદિનું મર્દન...'** પાછું હોં. **'તેનો અભાવ છે;...'** એકલું ચોપડે નહિ આમ. મર્દન કરે. એકલો રાગ નહિ પણ રાગની એકતા કરે છે એમ બતાવવું છેને એટલે આ મર્દન. આહા..હા..! ભારે! દૃષ્ટાંત પણ.

**'તેલ આદિનું મર્દન તેનો અભાવ છે; તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ,...'** ધર્મી જીવ. **'પોતામાં રાગાદિકને નહિ કરતો થકો,...'** રાગના પરિણામની ચીકાશને સ્વભાવમાં ન ભેળવતો **'તે જ સ્વભાવથી જ બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલા લોકમાં...'** ભલે હોય. **'તે જ કાય-વચન-મનનું કર્મ...'** કાર્ય હોય ભલે હો. ભલે હોય એમ કહે છે નાટકમાં. ભલે હો... ભલે હો... એમ કહે. ત્યાં એવી રીતે નાટકમાં આવે છે. ઓલામાં નાટકમાં.

કર્મજાલ-વર્ગનાસો જગમૈં ન બંધૈ જીવ,
બંધે ન કદાપિ મન-વચ-કાય-જોગસૌ.
ચેતન અચેતનકી હિંસાસૌં ન બંધૈ જીવ,
બંધૈ ન અલખ પંચ-વિષૈ-વિષ-રોગસૌં.
કર્મસૌં અબંધ સિદ્ધ જોગસૌ અબંધ જિન,
હિંસાસૌં અબંધ સાધુ ગ્યાતા વિષૈ-ભોગસૌં.
ઈત્યાદિક વસ્તુકે મિલાપસૌં ન બંધૈ જીવ,
બંધૈ એક રાગાદિ અશુદ્ધ ઉપયોગસૌં
(નાટક સમયસાર, બંધ દ્વાર-૪)

હો કહે છે. એ હો એટલે હોય છે. કળશમાં છે. એ પણ એને અર્થમાં ... હો એટલે હોય છે એનો અર્થ. છે ભલે હો. .. છેને? બહુ કર્મોથી કરણોથી ભરેલો છે તો ભલે હોય. લ્યો કળશ છે. ભલે હો એટલે હોય છે એમ. હોય એમાં આત્માને શું? ભગવાન આત્મા રાગની એકતાથી ભિન્ન પડ્યો અને સમ્યગ્દૃષ્ટિ થયો એ બધી ક્રિયાઓ ભલે હોય. આત્માને બંધનું કારણ છે નહિ. આહા..હા..! ભારે માર્ગ!

લ્યો તરત જ '**તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત...**' તે જ તે જ બધા પાછા એમ. તે જ પ્રકારની ક્રિયાથી તે જ પ્રકારની ક્રિયાથી. જે પ્રકારનો સચેત-અચેતનો બંધનો હતો એ જ ઘાત એમ. આહા..હા..! '**સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાતો નથી, કારણ કે તેને બંધનું કારણ જે રાગનો યોગ...**' ભાષા દેખો, રાગનું જોડાણ. રાગ નહિ. રાગનું જોડાણ. યોગ, કર્મ .. વસ્તુ છેને ઈ ઈત્યાદિ. એમ ધર્મી જીવને રાગનું જોડાણ નથી. આહા..હા..! દસમા ગુણસ્થાન સુધી રાગ રહે. એકત્વ નથી. આહા..હા..! એ તો ભિન્ન તરીકે રહે છે. ભેદજ્ઞાનથી ભિન્ન કર્યો એને રાગ ભિન્ન તરીકે રહે છે. આનું નામ સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી. લ્યો ભારે! એને ધર્મી કહીએ કે જેણે રાગથી ભગવાન આત્માને ભિન્ન પાડ્યો અને આત્માથી રાગને ભિન્ન પાડ્યો જુદો અંદર. એને રાગ હોવા છતાં રાગનું એકપણું નથી. એથી એનો સ્વામી નથી. જો હોય તો એનો સ્વામી હોયને? રાગમાં એકત્વ નથી એટલે સ્વ નથી. સ્વ નથી એટલે એનો સ્વામી નથી. આહા..! લ્યો એને રાગનું જોડાણ નથી. અભાવ છે. ધર્મીને રાગ અને સ્વભાવની એકતા તુટી ગઈ છે. એથી રાગ અને સ્વભાવ ભિન્ન ભાળે છે એથી એને રાગથી એકત્વથી થતો બંધ-જોડાણ એને છે નહિ. આહા..હા..! રાગ થાય છેને? થાય છે તે ભલે હો પુદ્ગલની પર્યાય જડની એમ કહે છે.

અંતર દૃષ્ટિના વિષયમાં ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદનો નાથ જ્યાં સ્વભાવ અને સાગર ઉઠ્યો એને કહે છે કે રાગનું જોડાણ નથી. એ શુદ્ધ સ્વભાવ ભગવાન સાથે એનું જોડાણ છે. સ્વભાવ શુદ્ધ સાથે જોડાણ છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! આવી નિશ્ચય વાતું લાગેને એટલે આ તો નિશ્ચયની વાત. પણ નિશ્ચય એટલે સત્ય જ આ છે. વ્યવહાર તો ઉપચારની વાતું છે. ખરેખર વ્યવહાર અસત્ય છે. ... .. હોય વ્યવહાર ભાવ પણ વ્યવહાર નિશ્ચયમાં ક્યાં છે? નિશ્ચયની અપેક્ષાએ વ્યવહારે અસત્ય છે. કેમકે બેય એક નથી. આહા..હા..! ધર્મીને બંધનું કારણ જે રાગ એનું જોડાણ તેનો અભાવ છે. આહા..હા..! આ ત્યાગ થઈ ગયો એને. મિથ્યાત્વનો ત્યાગ થયો. રાગનું જોડાણ નહિ એ મિથ્યાત્વનો ત્યાગ અને રાગનું જોડાણ એ સમકિતનો ત્યાગ. બહુ વીતરાગ માર્ગ ઝીણો બહુ. માર્ગની રીત આ છે અને વસ્તુની સ્થિતિ જ આ છે. જ્યાં ધર્મદૃષ્ટિ પ્રગટી, ધર્મ એટલે વીતરાગી સ્વભાવ આત્માનો

એની દૃષ્ટિ થઈ. એ વીતરાગ પર્યાય પરિણમે. એને રાગ હોવા છતાં વીતરાગ પર્યાય સાથે એકત્વ (નથી). ભિન્ન વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એનો અર્થ ઈ. આહા..હા..! જુઓને કહે છે વ્યવહાર... કહે. શાહુજીએ કાઢ્યું છે ભાઈ! વ્યાખ્યાન થઈ ... કર્યો. પછી ન ..

આમાં કુંદકુંદાચાર્યે કહ્યું કે વ્યવહારનો ઉપદેશ છે. ઈ અર્થ પોતે કહે છે કે વ્યવહારનો ઉપદેશ છે પછી અર્થ... એ તો .. છે ઈ. સંસ્કૃત ટીકા (પ્રયોજનવાનનો અર્થ શું?) મોટી બહારમાં મોટી ડંફાસ હોયને. એ .. તોડવા. જ્યાં હોય ત્યાં મોઢા આગળ કરે. મોટા ગૃહસ્થને શું કે વળી કાંઈક દેશે. બે-પાંચ હજાર આપે એમ. .. મોટાને ...

મુમુક્ષુ :- .. બીજા આવે. નહિતર આવે કોણ?

ઉત્તર :- આવે. એને વળી ભેગું થાય છે કરોડો ભેગા થાય. પચાસ હજાર, લાખ, બે લાખ. આહા..હા..!

મુમુક્ષુ :- ઓછામાં ઓછા...

ઉત્તર :- ઓછા. એને ખબર ક્યાં છે? ... સમાજના સુધારા માટે સમાજ સુધારે.. કીધું ભાઈ સમાજ સુધારવામાં અમને રસ નથી. ... છેને મોટું? .. એમાં કોઈ એવું નથી પણ શુભભાવ છે ઈ. પણ અમને એમાં રસ નથી. અમે એની વ્યાખ્યા આપીએ. પહેલી દેશના એની શું હતી એ આપ બોલો. રાજગરીમાં ઉપદેશ થયોને પહેલો ભગવાનનો? .. દિવસે. પહેલી દેશના.. પહેલી અને છેલ્લી જે હશે ઈ આ છે. છ દ્રવ્ય છે અને છ દ્રવ્યનો આત્મા ભિન્ન છે. એનો આશ્રય કરવો અને રાગનો આશ્રય .. છોડવો એ પહેલી દેશના અને છેલ્લી દેશના ઈ છે. ... વિદ્યાનંદજી. ઈ તો.. દેશના.. અહીં તો ભગવાનની વાણી નીકળે અને ધર્મ ન પામે એમ હોય નહિ. વાણી નીકળે અને ધર્મ.. એવો વિકલ્પ જ્યાં હતો હું પામું જગત પામે. ... એના પરમાણુ (વાણીના ખરે અને) ધર્મ પામનારા ન હોય એમ બને નહિ. એ શ્વેતાંબર એમ કહે છે કે દેશના નીકળી પણ ધર્મ પામનારા નહોતા. વસ્તુની સ્થિતિ એવી હતી. .. સંપ્રદાય બાંધીને મારી નાખ્યા બધાને. પછી એમ કહ્યું ઈ તો દિગંબર સંપ્રદાયમાં... સત્ય છે કે નહિ એ નક્કી કરને. સંપ્રદાયનું શું અહીં કામ છે? આહા..હા..!

કહે છે ધર્મીને ઈન્દ્રિય આદિની ક્રિયા હોય, મન, વચન અને કાયાની ક્રિયા હોય, સચેત-અચેત અને વસ્તુનો ઘાત પણ હોય એટલે થાય છે એને જણાવે છે. હોય એટલે કરે એમ ક્યાં છે? પણ ધર્મીને એ બધું બાહ્યનું હોવા છતાં અંતરમાં વિકલ્પનો, રાગની સાથે જોડાણ નહિ હોવાથી એને કોઈ કારણે બંધ થતો નથી. આહા..હા..!

'**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિને પૂર્વોક્ત સર્વ સંબંધો હોવા છતાં...**' જોયું? સર્વ સંબંધો એની નજીકમાં બધું થાતું હોવા છતાં. યોગની ક્રિયા થાય, ઈન્દ્રિયોની થાય. સચેત-અચેતનો ઘાત ઈન્દ્રિયના નિમિત્તથી થાય. આહા..હા..! છતાં.. '**પણ રાગના સંબંધનો અભાવ હોવાથી...**'

અહીં વાત છે. બીજા બધા સંબંધો હોવા છતાં રાગના સંબંધનો અભાવ હોવાથી. આહા..હા..!

મુમુક્ષુ :- આ એક જ કારણ છે?

ઉત્તર :- એક જ કારણ છે. સમ્યગ્દૃષ્ટિ ધર્મીને રાગની અને સ્વભાવની એકતા ભિન્ન પાડી નાખી છે. રાગ ભિન્ન છે, સ્વભાવ ભિન્ન છે. એવું જ્યાં જ્ઞાન ધર્મીને પહેલા દરજ્જાની ભૂમિકામાં થયું એને બધા સંબંધો હોવા છતાં. આહા..હા..! ચક્રવર્તીને છન્નું હજાર સ્ત્રી. છન્નું હજાર સ્ત્રી. એ બધા સંબંધો હોવા છતાં. એને અંદરના રાગ સાથે સંબંધ નથી. એટલે બધા સંબંધો એને છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**રાગના સંબંધનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી...**' આહા..હા..! મન, વચન અને કાયાની ક્રિયા એના સંબંધમાં દેખાય, ઈન્દ્રિયોના વેપારમાં દેખાય એના સંબંધ થાય. ... એના સંબંધમાં દેખાય, પણ અંદરમાં રાગની સાથે સંબંધ નથી એટલે પરની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..! ભારે કામ! '**સર્વ સંબંધો હોવા છતાં પણ રાગના સંબંધનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી. આના સમર્થનમાં પૂર્વે કહેવાઈ ગયું છે.**' લ્યો.

## શ્લોક-૧૬૫

(शार्दूलविक्रीडित)

लोकः कर्मततोऽस्तु सोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्<br>
तान्यस्मिन्करणानि सन्तु चिदचिद्व्यापादनं चास्तु तत्।<br>
रागादीनुपयोगभूमिमनयन् ज्ञानं भवन्केवलं<br>
बन्धं नैव कुतोऽप्युपैत्ययमहो सम्यग्दृगात्मा ध्रुवम्।।१६५।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [कर्म ततः लोकः सः अस्तु] માટે તે (પૂર્વોક્ત) બહુ કર્મથી (કર્મયોગ્ય પુદ્ગલોથી) ભરેલો લોક છે તે ભલે હો, [परिस्पन्दात्मकं कर्म तत्त च अस्तु] તે મન-વચન-કાયાના ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ યોગ) છે તે પણ ભલે હો, [तानि करणानि अस्मिन् सन्तु] તે (પૂર્વોક્ત) કરણો પણ તેને ભલે હો [च] અને [तत् चिद्-अचिद्-व्यापादानं अस्तु] તે ચેતન-અચેતનનો ઘાત પણ ભલે હો, પરંતુ [अहो] અહો ! [अयम् सम्यग्दृग्-आत्मा] આ સમ્યગ્દૃષ્ટિ આત્મા [रागादिन् उपयोगभूमिम् अनयन्] રાગાદિકને ઉપયોગભૂમિમાં નહિ

લાવતો થકો, [केवलं ज्ञानं भवन्] કેવળ (એક) જ્ઞાનરૂપે થતો-પરિણમતો થકો, [कुतः अपि बन्धम् ध्रुवम् न एव उपैति] કોઈ પણ કારણથી બંધને ચોક્કસ નથી જ પામતો. (અહો ! દેખો ! આ સમ્યગ્દર્શનનો અદ્ભુત મહિમા છે.)

ભાવાર્થ :- અહીં સમ્યગ્દ્રષ્ટિનું અદ્ભુત માહાત્મ્ય કહ્યું છે અને લોક, યોગ, કરણ, ચૈતન્ય-અચૈતન્યનો ઘાત - એ બંધનાં કારણ નથી એમ કહ્યું છે. આથી એમ ન સમજવું કે પરજીવની હિંસાથી બંધ કહ્યો નથી માટે સ્વચ્છંદી થઈ હિંસા કરવી. અહીં તો એમ આશય છે કે અબુદ્ધિપૂર્વક કદાચિત્ પરજીવનો ઘાત પણ થઈ જાય તો તેનાથી બંધ થતો નથી. પરંતુ જ્યાં બુદ્ધિપૂર્વક જીવ મારવાના ભાવ થશે ત્યાં તો પોતાના ઉપયોગમાં રાગાદિકનો સદ્ભાવ આવશે અને તેથી ત્યાં હિંસાથી બંધ થશે જ. જ્યાં જીવને જિવાડવાનો અભિપ્રાય હોય ત્યાં પણ અર્થાત્ તે અભિપ્રાયને પણ નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે તો મારવાનો અભિપ્રાય મિથ્યાત્વ કેમ ન હોય ? હોય જ. માટે કથનને નયવિભાગથી યથાર્થ સમજી શ્રદ્ધાન કરવું. સર્વથા એકાંત માનવું તે તો મિથ્યાત્વ છે. ૧૬૫.

---

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-' ભલે પાઠમાં છેને.

(शार्दूलविक्रीडित)

लोकः कर्मततोऽस्तु सोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्
तान्यस्मिन्करणानि सन्तु चिदचिद्व्यापादनं चास्तु तत्।
रागादीनुपयोगभूमिमनयन् ज्ञानं भवन्केवलं
बन्धं नैव कुतोऽप्युपैत्ययमहो सम्यग्दृगात्मा ध्रुवम्।।१६५।।

આ આવો ધર્મ ગોઠતો નથી. ઓલા કહે લીલોતરી ખાવી નહિ, કંદમુળ ખાવા નહિ, રાતે ચોવિહાર કરવો. ચોવિહાર કરવો એટલે? આહાર છોડવો. છપરબી પાળવી, બ્રહ્મચર્ય પાળવું. આવી વાતું. ઈ તો બધી રાગના મંદની ક્રિયાની વાતું છે. સાંભળને. આહા..હા..! ભગવાન આત્મા અકષાયસ્વભાવ એમાં આવા રાગની મંદની ક્રિયા હો, પણ એની સાથે એકપણું નથી એટલે બંધનું કારણ નથી. આહા..! આવું છે. હવે ઓલા કહે વાદવિવાદ કરો. જુઓને કેટલા થઈ ગયા છે. કેટલું કામ કર્યું જુઓને. ફુલચંદજી પંડિતો બધા બેઠા હતા. .. ખાણિયા ચર્ચા.. એકલા ... બેય બાજુના દ્રષ્ટાંતો, સિદ્ધાંતો ... નથી. સાધારણ માણસને સમજવાની ... નથી. બહુ કરી છે. આ બધા લાખ-લાખ રૂપિયાના .. આપે છે. ... મેં તો જૈન શાસનની સેવા માટે કર્યું છે. ... અને મારી શ્રદ્ધા શું હતી ઈ દઢતા કરવા માટે (કર્યું છે) ફુલચંદજીને ઓળખો છો? .. રાજન! કોક દિ' આવે શેના ઓળખે? માંડ માંડ

આવે છે અહીં. ... ખાણિયા નથી ચર્ચા? પુસ્તક છે? નથી? તમે .. નથી? છે કે નહિ આપણે અહીં? તો દ્યો. વાંચજો થોડું થોડું વાંચજો. ખાણિયા ચર્ચા. બહુ સારી વાતો વ્યવહારના પક્ષવાળાની વાતું છે અને પછી એને તોડનારી બેય વાતું બેય બાજુની છે.

અહીં કહે છે ધર્મી જીવને બહારના સંયોગોના પ્રકાર અનંત ભજો. અરે..! ઈન્દ્ર અને સમકિતી ઈન્દ્ર. કરોડો અપ્સરા સાથે સંબંધ. આહા..હા..! ચક્રવર્તી. જેને છન્નું હજાર સ્ત્રી, અડતાલીસ હજાર પાટણ, બોતેર હજાર નગર, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ. ભલે આ હો કહે છે. પણ અંદર રાગની સાથે સંબંધ નથી માટે કોઈ કારણે બંધ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બંધનું મૂળિયું રાગની એકતા એ છે. આહા..હા..! પાંચ બંધના કારણ કહ્યા. અહીં એક જ કહ્યું. આહા..હા..! એ વિશેષ કળશ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ-૬, બુધવાર, તા. ૨૩-૦૫-૧૯૭૩**
**કળશ-૧૬૫-૧૬૬, પ્રવચન-૩૮૬**

૧૬૫ કળશ છે.

(शार्दूलविक्रीडित)

लोकः कर्मततोऽस्तु सोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्
तान्यस्मिन्करणानि सन्तु चिदचिद्व्यापादनं चास्तु तत्।
रागादीनुपयोगभूमिमनयन् ज्ञानं भवन्केवलं
बन्धं नैव कुतोऽप्युपैत्ययमहो सम्यग्दृगात्मा ध्रुवम्।।१६५।।

'માટે તે (પૂર્વોક્ત) બહુ કર્મથી (કર્મયોગ્ય પુદ્ગલોથી) ભરેલો લોક છે તે ભલે હો,...' રજકણો જગતમાં છે ભરેલા એ ભલે હો, પણ સમ્યગ્દૃષ્ટિ રાગને પોતામાં કરતો નથી એથી તેને બંધ નથી એમ સિદ્ધ કરવું છે. વસ્તુ ચૈતન્યસ્વરૂપ જ્ઞાનનું આનંદસ્વરૂપ એવું જ્યાં અંતરમાં ભાન થયું ત્યારે એ રાગથી ભિન્ન પડી ગયો. હવે કહે છે કે રાગથી ભિન્ન પડેલો ધર્મી સમ્યગ્દૃષ્ટિ. એને ભલે લોકમાં ભરેલા રજકણો હોય એથી કાંઈ એ બંધનું કારણ

નથી. આહા..હા..! જુઓ આ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય.

મુમુક્ષુ :- દયાનું માહાત્મ્ય આમાં ક્યારે આવશે?

ઉત્તર :- દયા, બયા આ જ દયા છે. સમ્યગ્દર્શન એ જીવની દયા છે. જેવડો આત્મા છે પરિપૂર્ણ શુદ્ધ એને એવો ન માનવો અને રાગવાળો અને અલ્પજ્ઞ માનવો એ જ જીવની અદયા નામ હિંસા છે. વ્યાખ્યા પણ જુદી! ઈ પોતાની અદયા છે એમાં. પોતે જે.. એનો અર્થ કે જીવતરનો અભાવ કરે છે. આ જીવન એનું ચૈતન્યમૂર્તિ પૂર્ણ આનંદ અને જ્ઞાન છે. એને એવડો એ પ્રકારનો ન માનવો અને એને રાગના સંબંધવાળો માનવો, રાગની ક્રિયાવાળો માનવો. અલ્પજ્ઞદશાવાળો માનવો એ આત્માની હિંસા છે. હરિભાઈ! આ બીજી જાતની વાત છે. અને જેવડું છે જીવન એનું ચૈતન્યસ્વરૂપ ધ્રુવ અનંત આનંદ અને શાંતિનો સાગર છે ધ્રુવ. એવડો એને અનુભવમાં, દૃષ્ટિમાં લેવો એ એની દયા છે. તેનું જીવન જેટલું જેવડું છે એને એ રીતે શ્રદ્ધામાં લેવું એનું નામ દયા છે. આ વાત છે.

મુમુક્ષુ :- .. વ્યાખ્યા ફરી ગઈ.

ઉત્તર :- ગમે તેટલી વ્યાખ્યા બધી ફેર છે. એય..! રાજેન્દ્રજી! આહા..હા..!

ભગવાન જગતના પ્રાણીનું જીવન છે એને હણવું એટલે જીવનો અભાવ કરવો એનું નામ હિંસા. એ તો બાહ્ય હિંસા છે. આ તો એનું જીવન ચૈતન્યમૂર્તિ અનંત આનંદનું જ્ઞાન. એનું તત્ત્વ જ પૂર્ણ સ્વભાવે ભરેલું તત્ત્વ છે. એને રાગ અને અલ્પજ્ઞની પર્યાયની રીતે (આશ્રય) છોડીને પૂર્ણાનંદ ઉપર અંદર દૃષ્ટિ કરવી એ જ એના પૂર્ણનો સ્વીકાર એ જ જીવની દયા અને અહિંસા છે. ચંદુભાઈ!

મુમુક્ષુ :- આ દયા પાળવાનું ભગવાને કીધું છે?

ઉત્તર :- આ દયા પાળવાનું કહ્યું ભગવાને. ઓલા રાડું પાડે છે. મહાવીરની આજ્ઞા જીવો અને જીવવા દ્યો. ક્યાં જીવે? કોણ જીવવા દે? આહા..હા..! આ .. ઈ નાખે. આમાં પણ નાખે છે. ભગવાનનો આદેશ છે. જીવો અને જીવવા દ્યો. કોણ જીવે? જીવન એટલે શું? શરીરથી જીવવું એ જીવન છે એનું? આ તો જડ છે માટી. એનું જીવન તો જીવતર ચૈતન્ય આનંદ જ્ઞાન પ્રાણ જે છે. ધ્રુવ જ્ઞાન, આનંદ સત્તા સુખ એવા પ્રાણ વડે એ જીવે, એવા પ્રાણ વડે જે પ્રાણ એના છે એને એ રીતે સ્વભાવનો આશ્રય કરીને જીવન એની પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ થાય એ એનું જીવન છે. આતો બહુ ફેર. બહુ જગતમાં આખી લાઈન જ ઉંધી છે. કહો, હરિભાઈ! આહા..હા..!

વસ્તુ છે પૂર્ણ તત્ત્વ આત્મા છે વસ્તુ છેને? છે તો એનો સ્વભાવ પણ પરિપૂર્ણ, વસ્તુ હોય એનો સ્વભાવ અપૂર્ણ ન હોય. અપૂર્ણપણું આદિ તો અવસ્થામાં હોય, વસ્તુ છે, પદાર્થ છે, તત્ત્વ છે. એનો જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ એ જ પરિપૂર્ણ છે. એ પરિપૂર્ણને પરિપૂર્ણ

તરીકે જ્ઞાનમાં લઈને પ્રતીતિ કરવી નિર્વિકલ્પદશા એનું નામ જીવનું જીવતર અને જીવને જાણ્યો અને જીવને જેવો છે એવો એણે માન્યો. આવી વાત છે. લોજિકથી તો સમજાય છેને પાઠ? એમ નથી કે આ કચરડી-મચરડી નાખે. આહા..હા..! વસ્તુસ્થિતિ હોય એમાં ક્યા (ફેર થાય). અહીં ન્યાયથી તો આવે છે વાત. આહા..હા..! આ દેહ તો આ તો માટી છે. આનું જીવન એ ચૈતન્યનું જીવન છે? જીવન એટલે શું પણ? એ તો .. જીવે છે. આહા..હા..! અને રાગથી જીવવું એ જીવનું જીવન નથી. આહા..હા..! દસ પ્રાણ છે જડમાં. આનાથી જીવાય એ તો આત્માનું જીવન છે નહિ, પણ ભાવપ્રાણ જ્ઞાનની પર્યાયમાં પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાય આદિ. ભાવપ્રાણ હોં. એનાથી જીવવું એ જીવનું જીવન નથી.

અંદરમાં આનંદ અને જ્ઞાનના પ્રાણથી એનો પ્રાણ છે એ તો. એના જીવનના ટકવાના એ કારણો છે. કર્તા, હોવાપણે, જ્ઞાનપણે, આનંદપણે, શાંતિપણે, સ્વચ્છતાપણે એવા અનંતગુણનું હોવાપણું, ટકવાપણું, નિત્યપણું જે છે એને જે દૃષ્ટિ અને જ્ઞાનની પર્યાય સ્વીકારે તો એ એનું જીવન જેવું જીવે છે એને માને અને જાણે એમ કહે લ્યો. કહો, સમજાણું કાંઈ? મારે બીજી વાત આખી દુનિયાથી. શું કહે છે ઈ? ઓહો..! ભગવાન આત્મા કહે છે કે જેને રાગના કણ સાથે સંબંધ છે એવો જે જીવ એને બહારના સાધનોથી બંધન નથી. એને એ રાગનું એકપણું જે માન્યું એ ભાવ મિથ્યાત્વ એનાથી બંધન છે. એનાથી બંધન છે તો એ બંધસ્વરૂપ છે. આહા..હા..! આ તો માર્ગની વસ્તુસ્થિતિ એવી છે. જગતને મળ્યું ન હોય એથી કાંઈ વસ્તુ બદલાઈ જાય? આહા..હા..!

કહે છે કે આ લોકમાં '**બહુ કર્મથી (કર્મયોગ્ય પુદ્ગલોથી) ભરેલો લોક છે તે ભલે હો,...**' પણ જેણે અંતરમાં આત્માના પૂર્ણ સ્વભાવના જીવનને જીવતર જેને શ્રદ્ધા, જ્ઞાન અનુભવમાં પ્રગટ્યું છે એને હવે લોકના રજકણો ભરેલા એ બંધનું કારણ નથી. બંધનું કારણ તો રાગની એકતા હતી. એ ત્રિકાળી સ્વભાવની એકતામાં રાગની એકતા તુટી ગઈ એને બંધન નથી હવે. આહા..હા..! ભલે એ છ ખંડના રાજમાં દેખાતો હોય. આહા..હા..! પણ એ છ ખંડના રાજમાં દેખાય ઈ એમાં ઈ નથી. એ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ એના આત્માની નિર્મળ પર્યાય, એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. ધર્મી તો પોતાનું જે ત્રિકાળી તત્ત્વ અને ત્રિકાળી ગુણો એના સ્વીકારથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિ પ્રગટી એમાં ઈ છે. ... આહા..હા..! આ બધા પથારા છેને બધા પ્લાસ્ટિકનું આ બધું શું કહેવાય તમારું? ફેક્ટરી. લઈ ગયા હતાને. થોડું ... કીધું ... ચપ્પલ. રબ્બરના હોયને ચપ્પલ. આહા..હા..!

કહે છે ચૈતન્ય જે માખણ છે અંદર. એકલો સાર, સમયસાર. આહા..હા..! એવો જે ભગવાન આત્મા ખરેખર તો એને પર્યાય ઉઠેને ધર્મની એ પણ જે પર્યાય નાશવાન છે. એ નાશવાન પર્યાયે અવિનાશીને અંદરમાં પકડ્યો એથી અવિનાશી આત્મા થઈ ગયો. આહા..હા..!

બહુ ઝીણું! કહે છે કે એને આ હો, ભલે હો. અસ્તિ શબ્દ છેને? **'लोकः सः अस्तु'** હો, પણ જેના અંદરમાં મૂળિયા જેણે રાગના કાપી નાખ્યા. અને જેને ચૈતન્ય મૂળ સ્વરૂપ એને જેણે દૃષ્ટિમાં, જ્ઞાનમાં મેળવ્યો એને જગતના પ્રાણી ભલે રતનથી ભરેલું લોક હોય. **'परिस्पन्दात्मकं'** કર્મ હોય. મન, વચન અને કાયાની ક્રિયા હલન-ચલન આદિ હોય. એને આત્માને કાંઈ છે નહિ. સમયસાર નાટકમાં તો એમ કહ્યું છે કે દેહની ક્રિયા એ નાટક છે. એનાથી ખસી ગયો છેને. આહા..હા..! બોલે છે એટલે મૌન છે. એમ કહે છે. કારણ કે મૌન છે. બોલે છે એ તો વાણી જડ છે. આત્મા ક્યાંથી બોલે? ભારે વાત! વીતરાગનું તત્ત્વ એવું છે. સર્વજ્ઞ પરમેશ્વરે જોયું એવું જાણ્યું એવું કહ્યું. ભાઈ! માર્ગ તો તારો આ છે. એટલે કે તું જેવડો જેમ છો એમ અંદર દૃષ્ટિમાં, અનુભવમાં આવવો એને જગતની ચીજો કોઈ બંધના કારણ છે નહિ. આહા..હા..! મન, વચન અને કાયા એ તો પુદ્‌ગલ જડ છે કહે છે. એની આ ક્રિયાઓ થાય એ જડ છે. એને આત્માની સાથે કાંઈ સંબંધ નથી. એવો ભલે હો.

**'तानि करणानि अस्मिन् सन्तु'** એની ઇન્દ્રિયો ભલે .. હોય. આ તો માટી છે. હો. ઇન્દ્રિયોનો વેપાર પણ હો આહા..હા..! અને **'तत् चिद्-अचिद्-व्यापादानं अस्तु'** ચેતન-અચેતન ક્રિયાઓ જડની હિંસા ભલે હો ઇન્દ્રિય જડની. આહા..હા..! એ .. હાથી અને માણસો કપાતા હોય ઇન્દ્રિયોનો આ વેપાર.. પણ એ તો કહે છે ક્રિયા પરની છે. આત્મામાં ક્યાં છે? ત્યાં અંદર રાગથી ભિન્ન પડ્યો આત્મા એ તો જ્ઞાતા-દૃષ્ટા છે. રાગની ક્રિયાને ઈ છે માટે જાણે છે એમ નહિ. પોતાના અસ્તિત્વમાં જ એવું જાણવું સ્વપરપ્રકાશક આવે એમ જાણે છે. પરને જાણે છે. એમ કહેવું એ વ્યવહાર આહા..હા..! સમજાણું કાંઈ?

ભલે કહે છે **'તે ચેતન-અચેતનનો ઘાત પણ ભલે હો,...'** ભલે હોય એટલે? એ તો અસ્તિથી એમ કહ્યું. હોય છે એમ કહ્યું. ..ભાઈ! આવી ભાષા આકરી છે. વીતરાગનો માર્ગ. આમ તો કહે ભગવાન સાચા અમારે હોં. પણ સાચા તને સમજ્યા વિના સાચા ક્યાંથી આવ્યા? આહા..હા..! ... ... શું કહે છે એની તો ખબર ન મળે સાચું ક્યાંથી આવ્યું તેને? આહા..હા..! વસ્તુ કેવી છે એને સમજમાં આવ્યા વિના .. માટી છે એ આવ્યું ક્યાંથી? એના વિચારની ધારામાં તો આ સાચું છે અને આ ખોટું છે એવું તો આવ્યું નથી. આહા..હા..! એ ચિત્ત-અચિત્ત ભલે ઘાત પણ ભલે હો. ઘાતનો અર્થ? હોય છે. અસ્તિ શબ્દ તો અસ્તિ છેને? એવી ક્રિયા હોય અંદર, પણ અહીંયાં આત્મા રાગથી ભિન્ન પડીને ચૈતન્યમાં, અનુભવમાં આવ્યો એને બંધન નથી કાંઈ હવે. સમજાણું કાંઈ?

પણ આમ હોવા છતાં **'અહો!'** **'अयम् सम्यग्दृग्-आत्मा'** **'આ સમ્યગ્દૃષ્ટિ આત્મા...'** જેની સત્યદૃષ્ટિ ખીલી છે. આહા..હા..! સાચો સાહેબ જે પરમાત્મા આત્મા જીવે છે એવી

અંતર પ્રતીતિ, દૃષ્ટિ .. અનુભવની આવી. આહા..હા..! ભારે વાત, ભાઈ! આ બધું પત્રમાં આવતું હશે તમારો છોકરો લખતો હશે. નહિ? વાત ઈ છે. આહા..હા..!

મુમુક્ષુ :- રાત અને દિ' .. કરે છે.

ઉત્તર :- હા. અહીં તો કહે છે કે રાત અને દિ' ત્રિકાળ રહેનારો જે ચૈતન્ય છે. એને જેણે વિશ્વાસમાં લીધો, દૃષ્ટિમાં લીધો, શ્રદ્ધામાં લીધો, જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણ્યો, બસ એણે બધું જાણ્યું. આહા..હા..! એને રાગાદિ.. છે? '**रागादिन् उपयोगभूमिम् अनयन्**' એ રાગના, દ્વેષના પરિણામને જાણવું-દેખવું એવું જે લક્ષણ. એનો ધરનારો ભૂ એટલે આત્મા. ઉપયોગભૂ. જાણવા-દેખવાના લક્ષણવાળો ધરનારો આત્મા એવા '**ઉપયોગભૂમિમાં નહિ લાવતો થકો,...**' એ જાણવાના-દેખવાના ભાવમાં એવો આત્મા .. નિર્મળ પર્યાય છેને એટલે આત્મા. આહા..હા..! જાણવા-દેખવાનો જે સ્વભાવ એનો ધરનાર એવો આત્મા એને જાણવા-દેખવાની જે પર્યાય થઈ એમાં રાગને ભેળવતો નથી. આહા..હા..! છે? '**रागादिन् उपयोगभूमिम् अनयन्**' લાવતો નથી, ભેગો ભેળવતો નથી. ઘઉં અને કાંકરા બે જુદાં એમ આત્મા આનંદમૂર્તિ જ્ઞાયક અને રાગ બે ચીજ જુદી અંદર. આહા..હા..!

કહે છે કે રાગના ભાગને. રાગાદિ શબ્દ પડ્યો છેને? રાગ હોય, દ્વેષ હોય. એવા ભાવને નહિ લાવતો. જાણક સ્વભાવમાં રાગને-દ્વેષને નહિ મેળવતો. આહા..હા..! જુઓ આ ધર્મનું માહાત્મ્ય. ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ સત્ સત્ ત્રિકાળ. એનો જે જ્ઞાન અને આનંદ સ્વભાવ ત્રિકાળ. એનો જ્યાં સ્વીકાર એવો જે જાણવા-દેખવાનો ભાવ એવી જાણવા-દેખવાની દશા એને રાગની દશાને ભેગો ભેળવતો નથી. સમજાણું કાંઈ? નાની ઉંમરમાં અમારે ત્યાં મુળજીભાઈ રહેતા. .. હતા. અમારી બા ..ના. એટલે અમારું ... એ ન્હાયને પછી કરેને? પહેરતા-પહેરતા બોલે 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું. ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું.' બ્રાહ્મણ હતા. લીંબડીના બ્રાહ્મણ. આ મકાન છેને પહેલું જૂનું? આ બાજુ જે છેને ત્યાં એ રહેતા. પછી અમારા મામાનું ઘર હતું. આ બોલતા. આ બોલે છે શું? નાની ઉંમરમાં .. અમારે. 'અનુભવીને રે એટલું રે આનંદમાં રહેવું. ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું.' એ વાંચ્યું હતું. એનો અર્થ? ધર્મીને જ્ઞાનાનંદના અનુભવમાં રહેવું, ભજવો પરિબ્રહ્મ. પરિબ્રહ્મ પૂર્ણાનંદ પોતે આત્મા. આહા..હા..! એને પણ ખબર ન હોય. એ તો બોલે બ્રાહ્મણ ખરાને કે આપણે આ બોલવાનું કામ કરતા-કરતા બોલે. .. ત્યાં બેસતા. આહા..હા..! આ તો ઘણા વર્ષની વાત છે. ૭૦-૭૨ વર્ષ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ બાંધે. જોડે રહેતા, એકલા રહેતા. ... આહા..હા..! પણ ઈ અનુભવીને અનુભવ ક્યો અને અનુભવ કોનો? અને પરિબ્રહ્મ કોણ? આત્મા પોતે પરબ્રહ્મ સ્વરૂપ છે.

પરમબ્રહ્મ પરમ આનંદસ્વરૂપ. એ પરમબ્રહ્મ સ્વરૂપ આનંદ એવો આત્મા એની જેણે દૃષ્ટિ કરીને ભજ્યો એને. એને 'અનુભવીને એકલું આનંદમાં રહેવું.' જ્ઞાન અને આનંદમાં રહેવું. રાગમાં એણે આવવું નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

કહે છે કે '**ઉપયોગભૂમિમાં નહિ લાવતો થકો,...**' '**केवलं ज्ञानं**' '**કેવળ (એક) જ્ઞાનરૂપે થતો-પરિણમતો થકો,...**' જ્ઞાન એટલે જાણક સ્વભાવ એવો આખો આત્મા જાણકસ્વભાવની સાથે અવિનાભાવી અનંતગુણો. એના અનંતગુણનું કેવળજ્ઞાન એકલા જ્ઞાનપણે પરિણમતો થકો. રાગ અને વિકલ્પપણે નહિ થતો અને કેવળ એકલા જ્ઞાન અને શાંતિ ને આનંદપણે પરિણમતો આવો ધર્મ ભારે ભાઈ!

મુમુક્ષુ :- જૈનમાં જ આવો હોય બીજે હોય ક્યાં?

ઉત્તર :- ઓલું તો મંદિર બનાવવા, ભક્તિ કરવી, પૂજા કરવી.

મુમુક્ષુ :- એ પણ આપણે કરવું છેને બધું.

ઉત્તર :- એ તો શુભભાવ ક્રિયા છે. શુભભાવ હોય ત્યારે .. જાય. પણ અહીં શુભભાવનું એકત્વ કરવું એ જ મહાપાપ છે કહે છે. ... ગીરધરભાઈને જુઓને નવું મકાન મંદિર શેઠિયા છે. આવડા નાના મંદિરમાં રહે? ગીરધરભાઈ ત્યાંના અગ્રેસર હોય ઈ. .. નહિ? ...

મુમુક્ષુ :- લખાણ થયું છે...

ઉત્તર :- આહા..હા..! અહીં તો પરમાત્મા જ્ઞાનનો ગંજ પ્રભુ એ જ્ઞાનનું ધોકડું ચૈતન્યસ્વરૂપ છે. એનું જ્ઞાનનું પરિણમન થવું, જાણવાનું પરિણમન થવું, શ્રદ્ધાનું પરિણમન થવું, શાંતિનું પરિણમન થવું, આનંદનું પરિણમન થવું, શુદ્ધ નિર્મળ પર્યાયની રચના કરવામાં વીર્ય પરિણમન કરે. આહા..હા..! એને અહીંયાં જ્ઞાનનું પરિણમન કહેવામાં આવ્યું છે. જ્ઞાનનું પરિણમન એટલે રાગનું નહિ, પણ જ્ઞાન સાથે બીજા ગુણોનું પરિણમન હોય છે. સમજાણું કાંઈ? ભાઈ આવો ધર્મ ભારે! ઓલા તો છ કાયની દયા પાળો જાવ ધર્મ. પણ તું પોતે અંદર છો કે નહિ જીવ? આહા..હા..! છ દ્રવ્યથી ભિન્ન પડે તો સપ્તમો આત્મા થઈ જાય એમ કહે છે. ચંદુભાઈ! છેને? એ ૪૯ ગાથા સમયસાર. છ દ્રવ્ય સ્વરૂપ લોક જ્ઞેય છે, વ્યક્ત છે એનાથી ભિન્ન અવ્યક્ત છે. ટીકાકાર પોકારે છે લ્યો. છ દ્રવ્ય છે ભગવાને જોયેલા. અનંત આત્માઓ, અનંત રજકણો, અસંખ્ય કાળાણું, એક આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય. એ છ દ્રવ્યસ્વરૂપ લોક એ જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞાન પોતાનું અને આ બધું પર. એ જ્ઞેય તે વ્યક્ત છે આમ બાહ્ય છે. એનાથી જીવ જુદો અંદર છે માટે અવ્યક્ત છે. આહા..હા..! સાતમું દ્રવ્ય થઈ ગયું અહીં તો. જાણનાર-દેખનારના પરિણામ જ્યાં પ્રગટ્યા એટલે કહે છે કે છ દ્રવ્યથી ભિન્ન પડી ગયો ઈ. રાગથી ભિન્ન પડ્યો એટલે બધાથી ભિન્ન પડ્યો. આહા..હા..! એકકોર ભગવાન આત્મા, એકકોર રામ અને એકકોર ગામ. ગામ એટલે છ દ્રવ્ય. આહા..હા..!

મુમુક્ષુ :- .. પોતે આવી જાય.

ઉત્તર :- ઈ પોતે પણ ઈ પોતે આમ આવ્યો જુદો પડી ગયો. આહા..હા..! ત્યારે એમ થયું કે ઓહો..! આ તો જગતની ચીજોને એની હયાતીને કારણે નહિ, પણ મારા પોતાના સ્વભાવને કારણે સ્વપરપ્રકાશક એવો જીવ છ દ્રવ્યથી તદ્દન જુદો છે. સમજાણું કાંઈ? આવી વાતું ભારે! શેઠીયા હોય એટલે ક્યાંક ક્યાંક કહે. નિમિત્તથી થાય ને ફલાણાથી થાય તો એને ઠીક લાગે. પણ કહે છે કે નિમિત્તથી તો નહિ પણ તારી પર્યાયથી પણ તારામાં ન થાય. આહા..હા..! મોટો ભગવાન બિરાજે અંદર. એનો આશ્રય લે, એનાથી થાય. એવો જે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની ભૂમિમાં રાગને નહિ લાવતો.

**'જ્ઞાનરૂપે થતો-પરિણમતો થકો,'** **'कुतः अपि बन्धम् ध्रुवम् न एव उपैति'** કેવળ એક જ્ઞાનરૂપ પરિણમતો થકો. 'કોઈ પણ કારણથી...' ભાષા દેખો, **'कुतः'** **'કોઈ પણ કારણથી બંધને ચોક્કસ નથી જ પામતો.'** આહા..હા..! વિકલ્પ છે, રાગની વૃત્તિ ઉઠે છે લ્યો. એનાથી ભિન્ન ભગવાન ચૈતન્યમૂર્તિ છે એમ જે એણે બેની એકતા તોડી અને સ્વભાવમાં એકતા કરી એવો જીવ કોઈપણ કારણથી. છેને **'कुतः'** **'કોઈ પણ કારણથી બંધને ચોક્કસ નથી જ પામતો.'** એને બંધન છે જ નહિ જાઓ. આહા..હા..! ધ્રુવ શબ્દ પડ્યો છે પાછો. ચોક્કસ નહિ એમ. કેવળ ચોક્કસ નહિ આહા..હા..! અહો..! જુઓ, **'(અહો ! દેખો ! આ સમ્યગ્દર્શનનો અદ્‌ભુત મહિમા છે.)'** છે? ..ભાઈ! આ બધું કરવું પડશે હોં તમારા ... અહીં નથી? નહિતર એ વિના ઉદ્ધાર નહિ થાય જન્મ-મરણનો એમ કહે છે. .. આવે અને પછી હો..હા.. આ પૂજા ને ભક્તિ ને આ .. એનાથી થયું જાઓ. ... હા. બહુ સારુ કર્યું તમે. ... આમ બાપુ માર્ગ કોઈ જુદી જાત છે. એવા વિકલ્પની ક્રિયાથી તો જુદો, વિકલ્પથી જુદો. વિકલ્પ જેમાં નિમિત્ત છે એમાં ક્રિયાઓ આમ આમ થાય છે વાણીથી સ્વાહા. એ તો જડની ક્રિયા છે. એમાં વિકલ્પ થાય છે એનાથી એ ક્રિયા જુદી અને એ ક્રિયાથી વિકલ્પ જુદો અને વિકલ્પથી આત્મા જુદો. સમજાણું કાંઈ? આહા..હા..! કાંઈ ... ... અહીંયાં નથી તમારા. ઓલા નથી ઉમરાળા ... નથી? ... ... આવી. ... સમયસાર ... એ કહે .. છે. મોઢા આગળ... આહા..હા..! .. એણે કહ્યું હતું કે તમે તો ... પણ ત્યાં કાંઈ ઠેકાણું વ્યવહારનું નથી. .. તમારો ધર્મ .. કહે છે. તમે આ ક્યા ઠેકાણે.. કે જેમાં કોઈ ... કર્યું હતું. ... શું .. નેમિસાગર કાંઈ ઠેકાણું ન મળે. મુંબઈમાં હતાને બોરીવલી નહિ? કાંઈ ઠેકાણું નહિ. બે વાર.. કાંઈ શ્રદ્ધાની જ્ઞાનની ખબર ન મળે. ... લોકો ગાંડા, મૂર્ખા, પાગલ તે કાંઈના કાંઈ.

મુમુક્ષુ :- .. મૂર્ખ હોય?

ઉત્તર :- .. પાગલ ભરી છે બધી. આહા..હા..!

જેને વર્તન હજી કોને કહેવું એની ખબર ન મળે. વર્તન કેવું એની ખબર ન મળે. આત્મામાં વર્તન રાગનું નથી એની ખબર ન મળે. આહા..હા..! કહે છે ઓહો..! સમ્યગ્દર્શનનો અદ્‌ભૂત મહિમા એ ચોથું ગુણસ્થાન છતાં પાંચમું, છઠ્ઠું તો ક્યાંય રહ્યું. હવે એ તો બહુ આઘી દશા છે. શ્રાવક અને મુનિ કોને કહેવા એ તો બહુ આઘી દશા. આ તો ચોથા ગુણસ્થાનની એવી વાત છે. છેને એમાં જુઓ, **'અહીં સમ્યગ્દૃષ્ટિનું અદ્‌ભુત માહાત્મ્ય કહ્યું છે...'** આહા..હા..! જેને હજી રાગાદિ અને યોગની ક્રિયા હોવા છતાં એનું એકત્વપણું નથી એટલે એનો બંધ નથી. જુઓ એનું માહાત્મ્ય! આહા..હા..! નોઆખલીમાં નહોતું થાતું? નોઆખલીને? નોઆખલી. ક્યાં? એ ગાંધી ગયા હતા નહિ બિચારા બહુ કાળાકેર કરતા. આમ બહેન અને ભાઈને નાગા કરે. આહા..હા..! માતા ૪૦ વર્ષની ૨૦ વર્ષનો દીકરો. બેને નાગા કરીને આમ ઉભા કરે અને બે બાજુ ભીંસ કરે. આહા..હા..! પ્રભુ! શું થાય છે? ઈ અંગને જોવા ઉભો રહેતો હશે? જનેતા. અહો..! જેને કુંખે માતા! અરેરે..! આ અવયવો આ શું થાય છે? એવું બિચારાને થાતું. કે આ ભૂમિ માર્ગ આપે તો સમાઈ જવું. આ અમારે જોવાનું ન હોય. આહા..હા..! નોઆખલીનું સાંભળ્યું છે ગાંધીનું. બહુ ... એમ જેને રાગની સાથે ભેટો કર્યો નથી. આહા..હા..! ચેષ્ટા દેહની હોય, એવી એની હોય રાગની સાથે ભેટો કરતા જેમ ઓલાને ત્રાસ થઈ જાય છેને. અરે..! માતા! આ શું છે? ... અંદરમાં અરર..! એમ ધર્મીને રાગ અને ક્રિયા થતાં એનાથી ભિન્ન વર્તે છે. આહા..હા..! એનો એને પ્રેમ હોતો નથી. અરે..! જોવા રોકાતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો પોતાનું તે સંબંધીનું જ્ઞાન છે એ જોવામાં એ જોવા ઉભો રહે છે. આહા..હા..! આવો જ્યાં અંતર દૃષ્ટિનો પલટો થયો કહે છે કે એના માહાત્મ્યની શું વાતું કરવી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંસાર છે જ નહિને. વસ્તુમાં સંસાર ક્યા? વસ્તુ તો ચૈતન્યમૂર્તિ આનંદઘન દૃષ્ટિમાં આવ્યો એટલે મુક્ત જ છે એ દૃષ્ટિમાં. અંશે પર્યાયથી મુક્ત થયો છે. વસ્તુએ પૂર્ણ મુક્ત જ છે. આહા..હા..! પરિપૂર્ણ મુક્ત એ જ હું છું. પર્યાયમાં અસ્થિરતા જરી છે એ છોડે છૂટકો છે. આહા..હા..! જેના મૂળિયા તોડ્યા એને પાંદડાને રહેવાનો કાળ કેટલો? આંબલી હોય મોટું ઝાડ. મૂળ તોડ્યું તો પાંદડા કેટલા દિ' રહે? પંદર દિ' રહે. આહા..હા..! એમ જેણે આત્મા રાગથી ભિન્ન પાડીને સ્વભાવની એકતા કરી એણે સંસારને છેદી નાખ્યો અંદરથી. ..ભાઈ! આવો માર્ગ છે. પણ નવરાશ નથી (ધંધા) આડે. એ રળવામાં રોકાવું પડે. બે છોકરા, છોડ્યું ઝાઝી હોય. એ પૂરું ન થાય તો મુંબઈ જાવું પડે. મોટાભાઈને ઘરે જાય. એ ત્યાં આવતા હશે રહેવા? ત્યાં આવે નહિ? આહા..હા..!

અહીં તો એને આત્મામાં અંદર જાવું ભારે. કહે છે કે જે આત્મામાં ગયો એની બલિહારી

છે. એની બલિહારી. એને રાગાદિ હોવા છતાં એને છે નહિ. દેહની ક્રિયા હોવા છતાં એને એમાં નથી. હિંસા ત્રણ કાળની થાય એ તો પુદ્ગલમાં છે. હિંસા થાય એ પુદ્ગલમાં છે. ક્રિયા થાય શરીરની પુદ્ગલમાં છે. રાગ થાય એ પુદ્ગલમાં છે. આત્મામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એણે આત્મામાં આત્માનું દર્શન એનું માહાત્મ્ય એણે સાંભળ્યું નથી. અને માની વાળ્યું કે ભગવાનને માનીએ છીએ અને .. સમ્યગ્દર્શન છે. .. થઈ ગયું હતું ભાઈ! વાત કરતાં-કરતાં એમ થઈ ગયું હતું. અહીં તો કહે બીજી વાત છે. ... પચાસ હજાર આપ્યા હશે. ... આમાં ... મહારાજને સમકિતી તો ખરા કે નહિ? અંદર .. થઈ ગયું ... કોઈના જોતા નથી, કોઈને આપતા નથી. મોટા પૈસા ચાલીસ કરોડ. કેટલા કરોડની .. ૪૦-૪૦ લાખના મકાન કલકત્તામાં ત્યાં ભગવાનની ... ... નહિ. માને છે. ... મંદિર નાનું ભગવાનને ઘેર મોટા. ... ઠેકાણા જ ક્યાં છે? .. ધર્મ છે નહિ .. એય..! છ દ્રવ્યના પણ કાંઈ ભાન નહિ. ધૂળેય નથી. એક વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એ પણ દિગંબર સત્ય ધર્મ એ સિવાય અંશે ક્યાંય થાતો નથી. આ .. હોં.

મુમુક્ષુ :- અંશે પણ સાચું નથી?

ઉત્તર :- અંશેય સાચું નથી. અંશમાં પૂર્ણ .. આહા..હા..! આવી વાતું છે.

મુમુક્ષુ :- માન આડું આવે.

ઉત્તર :- મારી નાખ્યા માને. .. અહીં તો ફુલચંદજી જેવો પંડિત એને માને અને સાથે ફરે છે. અહીં તો .. સાચી લાગે છે. કરોડપતિ માણસ છે. .. દસ લાખ રૂપિયા ખર્ચ્યા અહીંના વિરોધ માટે. હવે ... મારે કરવું શી રીતે? ગોહાટી. ... ... નહિ? ... બહુ ભક્તિ.. આખું દેરાસર ... એ બધું પૂરું થયું ત્યાં સવારમાં આવ્યા કે આ માણસ છે તો ઠીક. મારે! ... અરેરે..! ભગવાન! બાપુ! તારો માર્ગ જુદો. એ બધી ભક્તિને બધા દાન માટે ધર્મ થાય એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- હમણા આપે વખાણ કર્યા આટલા માણસો થયા.

ઉત્તર :- એ તો જણાવ્યું. એને એમ થાય .. મહારાજ આવશે. ...નહોતું કર્યું એણે. અરે..! આહા..હા..! હવે એકવાર એને સમજણ અને દૃષ્ટિમાં તો લે કે પૂર્ણાનંદનો નાથ જ્ઞાયકભાવસ્વરૂપ આનંદમૂર્તિ એનામાં રાગ નથી, સંસારમાત્ર નથી. એ તો મુક્ત આનંદનો નાથ સ્વભાવ છે. એવી દૃષ્ટિનો અનુભવ થતાં. આહા..હા..! કહે છે કે એનું માહાત્મ્ય જો.

'**લોક, યોગ, કરણ, ચૈતન્ય-અચૈતન્યનો ઘાત - એ બંધનાં કારણ નથી એમ કહ્યું છે.**' એ લોક એટલે રજકણો ભરેલા. યોગ-મન, વચનની ક્રિયા કાયની, કરણ-ઇન્દ્રિયો ચેતન-અચેતન ઘાત ચારે પુદ્ગલ છે. તે બંધના કારણ નથી એમ કહ્યું છે. સમ્યગ્દૃષ્ટિનું અદ્ભૂત માહાત્મ્ય છે. આહા..હા..! પહેલું આ કરવું જોઈએ એના ઠેકાણા ન મળે અને એ ઉપરાંત

બધી વ્રત લઈ લીધા અને આ લીધા બિચારા. હેરાન-હેરાન છે. ત્યાં આવ્યા હતા નહિ? ઋષભસાગર આવ્યા હતા ત્યાં .. વ્યાખ્યાનમાં. .. ત્રણ-ચાર વર્ષ થયા નહિ? ચાર-પાંચ વર્ષ થયા. .. બહુ કરે. .. ભાઈને બોલાવો ... કરે છે. એણે અહીંનું વાંચ્યું. આહા..! કોઈ હિન્દુસ્તાનમાં દ્રવ્યલિંગી અને ભાવલિંગી સાધુ છે જ નહિ. એમ બોલે. .. અરે..! પાપના ઉદય આ નગ્નપણું.. સાંભળવું હોય તો રોકાવાય નહિ. કારણ કે પાછું દેહની ક્રિયા પ્રમાણે.. ... હોં. સમ્યગ્દૃષ્ટિ... એવો હિન્દુસ્તાનમાં ભાવલિંગી સાચો સાધુ છે જ નહિ. દ્રવ્યલિંગી પણ નથી. એને માટે ચોકા કરે એ લે.. એના વ્યવહારના પણ ઠેકાણા નથી. નિશ્ચય ક્યાંથી આવી ગયો? .. ખબર છે? એક સાધુ આવ્યા હતા. ... ... આહા..હા..! માર્ગ તો આ છે કહે. વીતરાગનો માર્ગ આવો છે. નજર નહિ. અરે..! બાપુ! આ તો વસ્તુની સ્થિતિ છે. આમાં ભગવાનનો માર્ગ.. આ તો વસ્તુ આવી છે. નિર્મળાનંદ પ્રભુ એના અનુભવમાં જ્ઞાનમાં લેવો એ પહેલું એનું કર્તવ્ય સમ્યગ્દર્શનનું છે. પછી સ્વરૂપમાં સ્થિરતા, શાંતિ વધતી જાય, સ્થિરતા આવે. વચમાં વ્રતના વિકલ્પો આવે બંધના કારણો. કોઈવાર આવે. આવે પણ એને એ જાણે. કર્તવ્ય સ્વીકારે નહિ આહા..હા..!

**'આથી એમ ન સમજવું કે પરજીવની હિંસાથી બંધ કહ્યો નથી માટે સ્વચ્છંદી થઈ હિંસા કરવી.'** એમ છે? સ્વચ્છંદી થઈને હિંસા કરવી એમ કહ્યું ત્યાં? એ તો અશુભભાવ છે. એ તો અંતર રાગથી ભિન્ન પડીને દૃષ્ટિ થઈ સમ્યક્ એને રાગમાં આવા કારણો હોય અને .. હોય છતાં એનું સ્વામીપણું નથી એટલે એને બંધ નથી. પણ ઉદયની અને બીજાની હિંસા કરે અને માને કે અમારે તો કાંઈ નથી એ સ્વચ્છંદી છે. આહા..હા..! **'એમ ન સમજવું કે પરજીવની હિંસાથી બંધ કહ્યો નથી માટે સ્વચ્છંદી થઈ હિંસા કરવી. અહીં તો એમ આશય છે કે અબુદ્ધિપૂર્વક કદાચિત્ પરજીવનો ઘાત પણ થઈ જાય...'** મારવાનો ભાવ નથી, પણ અસ્થિરતા છે રાગાદિની એને બહારથી હિંસા થઈ જાય.

**'થઈ જાય તો તેનાથી બંધ થતો નથી. પરંતુ જ્યાં બુદ્ધિપૂર્વક જીવ મારવાના ભાવ થશે...'** બુદ્ધિપૂર્વક મારવાનો ભાવ થાય ત્યાં તો બંધન છે જ. **'ત્યાં તો પોતાના ઉપયોગમાં રાગાદિકનો સદ્ભાવ આવશે...'** દેખો, બીજાને મારી નાખવાનો ભાવ કરે છેને રુચિપૂર્વક. (જ્ઞાનીને) રુચિપૂર્વક નથી. રુચિમાં નથી જેના અબુદ્ધિ એટલે કે અસ્થિરતાથી આવી જાય છે. બહારની ક્રિયા એ કાળે હોય છે, પણ એનો પ્રેમ નથી, એને રુચિ નથી કરવાની. આહા..હા..! **'ઉપયોગમાં રાગાદિકનો સદ્ભાવ આવશે...'** જેના જાણવા-દેખવાના રાગની એકતા આવી તો બંધ થશે જ. આહા..હા..! **'જ્યાં જીવને જિવાડવાનો અભિપ્રાય હોય ત્યાં પણ અર્થાત્ તે અભિપ્રાયને પણ નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે...'** લ્યો, શું કહે છે? બીજા જીવને જીવાડવાનો અભિપ્રાય. હું જીવાડું. એ માન્યતા તો

મિથ્યાત્વ છે. જીવાડી શકાતું નથી અને હું જીવાડું!

**'અભિપ્રાયને પણ નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે...'** હું બીજા જીવને જીવાડી શકું છું એવો જે અભિપ્રાય તે મિથ્યાત્વ છે. તો બીજાને મારી શકું છું એ અભિપ્રાય તો મિથ્યાત્વ જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ એવો છે. **'તો મારવાનો અભિપ્રાય મિથ્યાત્વ કેમ ન હોય?'** બીજાને મારી શકું છું અને મારું છું એવો અભિપ્રાય તો મિથ્યાત્વ છે. જ્ઞાનીને તો અભિપ્રાયમાં બીજાને મારી શકું, જીવાડું એ અભિપ્રાય જ નથી. છતાં ઇન્દ્રિયોનું નિમિત્ત હિંસા થઈ જાય એને જાણનાર-દેખનાર છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'માટે કથનને નયવિભાગથી યથાર્થ સમજી શ્રદ્ધાન કરવું. સર્વથા એકાંત માનવું તે તો મિથ્યાત્વ છે.'** હું બીજાને મારી શકું છું, જીવાડી શકું છું એવી માન્યતા તો મિથ્યાત્વ છે. પણ એવો મારવાનો-જીવાડવાનો .. આવી જાય અને રાગની એકતા જેણે તોડી છે એને બંધન છે નહિ. એમ કહે છે. આહા..હા..! ..ચૈતન્યનો માર્ગ આ છે.

## શ્લોક-૧૬૬

(પૃથ્વી)

तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां।
तदायतनमेव सा किल निरर्गला व्यापृतिः।
अकामकृतकर्म तन्मतमकारणं ज्ञानिनां
द्वयं न हि विरुध्यते किमु करोति जानाति च।।१६६।।

હવે ઉપરના ભાવાર્થમાં કહેલો આશય પ્રગટ કરવાને, કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [तथापि] તથાપિ (અર્થાત્ લોક આદિ કારણોથી બંધ કહ્યો નથી અને રાગાદિકથી જ બંધ કહ્યો છે તોપણ) [ज्ञानिनां निरर्गलं चरितुम् न इष्यते] જ્ઞાનીઓને નિરર્ગલ (-મર્યાદારહિત, સ્વચ્છંદપણે) પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું, [सा निरर्गला व्यापृतिः किल तद्-आयतनम् एव] કારણ કે તે નિરર્ગલ પ્રવર્તન ખરેખર બંધનું જ ઠેકાણું છે. [ज्ञानिनां अकाम-कृत-कर्म तत् अकारणम् मतम्] જ્ઞાનીઓને વાંછા વિના કર્મ (કાર્ય) હોય છે તે બંધનું કારણ કહ્યું નથી, કેમ કે [जानाति च करोति] જાણે પણ છે અને (કર્મને)

કરે પણ છે [द्वयं किमु न हि विरुध्यते] એ બન્ને ક્રિયા શું વિરોધરૂપ નથી ? (કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે.)

ભાવાર્થ :- પહેલા કાવ્યમાં લોક આદિને બંધનાં કારણ ન કહ્યાં ત્યાં એમ ન સમજવું કે બાહ્યવ્યવહારપ્રવૃત્તિને બંધનાં કારણોમાં સર્વથા જ નિષેધી છે; બાહ્યવ્યવહારપ્રવૃત્તિ રાગાદિ પરિણામને-બંધનાં કારણને-નિમિત્તભૂત છે,તે નિમિત્તપણાનો અહીં નિષેધ ન સમજવો. જ્ઞાનીઓને અબુદ્ધિપૂર્વક-વાંછાવિના-પ્રવૃત્તિ થાય છે તેથી બંધ કહ્યો નથી, તેમને કાંઈ સ્વચ્છંદે પ્રવર્તવાનું કહ્યું નથી; કારણ કે મર્યાદા રહિત (અંકુશ વિના) પ્રવર્તવું તે તો બંધનું જ ઠેકાણું છે. જાણવામાં અને કરવામાં તો તરસ્પર વિરોધ છે; જ્ઞાતા રહેશે તો બંધ નહિ થાય, કર્તા થશે તો અવશ્ય બંધ થશે. ૧૬૬.

---

## કળશ-૧૬૬ ઉપર પ્રવચન

'હવે ઉપરના ભાવાર્થમાં કહેલો આશય પ્રગટ કરવાને, કાવ્ય કહે છે :-' ૧૬૬.

(पृथ्वी)

तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां।
तदायतनमेव सा किल निरर्गला व्यापृतिः।
अकामकृतकर्म तन्मतमकारणं ज्ञानिनां
द्वयं न हि विरुध्यते किमु करोति जानाति च।।१६६।।

આહા..હા..! આવું હોવા છતાં '(અર્થાત્ લોક આદિ કારણોથી બંધ કહ્યો નથી અને રાગાદિકથી જ બંધ કહ્યો છે...' એમ સમજવું. રાગાદિની એકતાથી જ બંધ કહ્યો છે 'ज्ञानिनां निरर्गलं चरितुम् न इष्यते' 'જ્ઞાનીઓને નિરર્ગલ (-મર્યાદારહિત, સ્વચ્છંદપણે) પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું,...' એમ કહે છે. અભિપ્રાય ખોટો રાખી અને માને કે મેં આને માર્યો નથી, મેં આને જીવાડ્યો નથી. ભાવ તો એનો જીવાડવાનો-મારવાનો છે. સમજાણું કાંઈ? નિરર્ગલ પ્રવર્તવું, સ્વચ્છંદે જીવ હણાય તો હણાવ, મરે તો મરો મારે શું? એમ ન હોય એને. કહો, ચંદુભાઈ! આહા..હા..! 'सा निरर्गला व्यापृतिः किल तद्-आयतनम् एव' 'કારણ કે તે નિરર્ગલ પ્રવર્તન ખરેખર બંધનું જ ઠેકાણું છે.' બંધનું જ સ્થાન છે. પોતાનો દૃષ્ટિનો સ્વભાવ અને દૃષ્ટિ ભૂલીને સ્વચ્છંદે મારવાનો-જીવાડવાનો ભાવ કરે એ તો સ્વચ્છંદી છે. એ બંધનું જ સ્થાન છે. આહા..હા..! 'બંધનું જ ઠેકાણું છે.'

**'જ્ઞાનીઓને વાંછા વિના કર્મ (કાર્ય) હોય છે...'** ઓલા કહે છેને કે દાન તો કરવું આસક્તિ ન રાખવી. એમ નથી અહીં. કામ કરી શકતો જ નથી પરનું. અનાસક્તિએ કહે છેને? આસક્તિ ન રાખવી દાન કરવું. એ કરવાનું ફળ સોંપી દેવું ભગવાનને. એ જ મિથ્યાત્વભાવ છે. કર્તાબુદ્ધિ. કરી શકતો નથી. પરને જીવાડી શકું, પરને મારી શકું એ તો ક્રિયા જડની અને માને છે મારી. ભારે આકરું! બે ધારી તલવાર. સરખું સમજે નહિ અને સ્વચ્છંદી થઈ જાય એ .. થઈ જાય. એમ કહે છે. **'જ્ઞાનીઓને વાંછા વિના કર્મ (કાર્ય) હોય છે...'** એટલે કે ઇચ્છા મારવાની-જીવાડવાની દેહની ક્રિયાની હોતી જ નથી. એને સહેજે થઈ જાય છે. આહા..હા..!

**'તે બંધનું કારણ કહ્યું નથી, કેમ કે...'** **'जानाति च करोति'** **'જાણે પણ છે અને (કર્મને) કરે પણ છે...'** બે કેમ રહી શકે? દેહની ક્રિયા ને રાગની ક્રિયા ને હિંસાની ક્રિયા જાણે અને વળી કરે. બે કેમ હોઈ શકે? જાણે તે કરે નહિ અને કરે તે જાણે નહિ. આહા..! કેમકે જાણે પણ છે. ક્રિયા એટલે રાગની અને દેહની, મન, વચનની.. એ કરે પણ છે **'द्वयं किमु न हि विरुध्यते'** **'એ બન્ને ક્રિયા શું વિરોધરૂપ નથી?'** એ તો વિરોધ છે. કરવાનો ભાવ છે અને વળી કહે હું જાણું છું. જાણવાનો ભાવ હોય અને કરવાનો ભાવ બે એક સ્થાનમાં કેમ હોય? આહા..હા..! જ્ઞાની તો જાણે છે કે આ થાય છે. અજ્ઞાની એને કરવા મથે છે એ અભિલાષ છે. હું આમ કરું તો ઠીક પડે, આ હું કરું તો ઠીક પડે. એ કરવાની જ્યાં બુદ્ધિ ત્યાં જ્ઞાનબુદ્ધિ રહેતી નથી. અને જાણવાની બુદ્ધિ ત્યાં કરવાની બુદ્ધિ હોતી નથી. બહુ કામ! છ ખંડના રાજ થાય, છન્નું હજાર સ્ત્રી દેખાય, કરોડો અપ્સરા.. ઇન્દ્રને. કરવાનો ભાવ નથી. ભોગમાં રસ નથી. છતાં એ ભોગની ક્રિયા રાગની થાય ભિન્નપણે છે એમ જાણે. આકરું ભારે! **'(કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે.)'** એકકોર કર્તા થવું અને વળી કહે હું જ્ઞાતા-દૃષ્ટા રહું છું. બે હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- પહેલા કાવ્યમાં લોક આદિને બંધનાં કારણ ન કહ્યાં ત્યાં એમ ન સમજવું કે બાહ્યવ્યવહારપ્રવૃત્તિને બંધનાં કારણોમાં સર્વથા જ નિષેધી છે;...'** નિમિત્ત છે એમ કહે. સર્વથા .. નિમિત્ત છે. જે દૃષ્ટિ કરે ઉલટી તો ત્યાં નિમિત્ત છે. આહા..હા..! એ ... ફેરવી નાખે છે. **'બાહ્યવ્યવહારપ્રવૃત્તિ રાગાદિ પરિણામને-બંધનાં કારણને-નિમિત્તભૂત છે,...'** આહા..હા..! રાગાદિ પરિણામ જેના હોય એને બહારની પ્રવૃત્તિ નિમિત્તરૂપ હો એમ કહે છે. રાગાદિ પરિણામનો કર્તા થઈને જે કરે એને બાહ્ય પ્રવૃત્તિ નિમિત્ત છે. સંબંધ છે. **'તે નિમિત્તપણાનો અહીં નિષેધ ન સમજવો.'** કરવાનો ભાવ છે, કાર્યની ક્રિયા જેમાં નિમિત્ત કહેવાય છે. જેને કરવાનો ભાવ નથી એને અંદરમાં પરવસ્તુની ક્રિયા નિમિત્ત થતી નથી. એમ કહે છે. આહા..હા..!

**'જ્ઞાનીઓને અબુદ્ધિપૂર્વક-વાંછા વિના-પ્રવૃત્તિ થાય છે...'** ધર્મીને રુચિ નથી રાગની ક્રિયાની પ્રવૃત્તિની. આહા..હા..! એને **'વાંછા વિના-પ્રવૃત્તિ થાય છે...'** ઈચ્છા વિના થાય છે. એકત્વ નથી એને. સ્વામી નથી. **'તેથી બંધ કહ્યો નથી, તેમને કાંઈ સ્વચ્છંદે પ્રવર્તવાનું કહ્યું નથી; કારણ કે મર્યાદા રહિત (અંકુશ વિના) પ્રવર્તવું તે તો બંધનું જ ઠેકાણું છે.'** આહા..હા..! **'જાણવામાં અને કરવામાં તો પરસ્પર વિરોધ છે;...'** કહો, રાગાદિ થાય, દેહાદિની ક્રિયા થાય, હિંસાદિ થાય એને જાણે. એ ક્રિયા અને કરું એવી ક્રિયા બે જુદી જાત છે. કરું આની હિંસા કરું, રાગ કરું, દેહની ક્રિયા કરું એવો ભાવ છે તે જુદો છે. .. આહા..હા..!

**'જ્ઞાતા રહેશે તો બંધ નહિ થાય,...'** રાગાદિમાં જાણનાર રાગથી ભિન્ન પડીને જાણનાર-દેખનાર રહેશે તો એને બંધ નહિ થાય. **'કર્તા થશે તો અવશ્ય બંધ થશે.'** લ્યો, કરી શકું છું, કરવા જેવું છે એમ જેણે માન્યું ત્યાં જરૂર બંધ થશે. સમજાણું કાંઈ? જે જાણે છે તે કરતો નથી. જાણનાર તે રાગ અને ક્રિયાને કરતો નથી અને જાણતો નથી. કરે છે તે જાણતો નથી. રાગની ક્રિયા હું કરી શકું છું એ જાણનાર રહી શકતો નથી. કરું તે તો કર્મનો રાગ છે. આહા..હા..! કર્મનો રાગ છે ઈ ક્રિયાનો રાગ છે. રાગ છે તે અજ્ઞાન છે. આહા..હા..! અને અજ્ઞાન છે તે બંધનું કારણ છે. જ્ઞાન એ બંધનું કારણ છે. એ શ્લોક કહેશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૬૭

(वसन्ततिलका)

जानाति यः स न करोति यस्तु
जानात्ययं न खलु तत्किल कर्मरागः।
रागं त्वबोधमयमध्यवसायमाहु-
र्मिथ्यादृशः स नियतं स च बन्धहेतु।।१६७।।

''જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી; કરવું તે તો કર્મનો રાગ છે, રાગ છે તે અજ્ઞાન છે અને અજ્ઞાન છે તે બંધનું કારણ છે.'' આવા અર્થનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [यः जानाति सः न करोति] જે જાણે છે તે કરતો નથી [तु] અને [यः करोति अयं खलु जानाति न] જે કરે છે તે જાણતો નથી. [तत् किल कर्मरागः] જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે [तु] અને [रागं अबोधमयम् अध्यवसायम् आहुः] રાગને (મુનિઓએ) અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે; [सः नियतं मिथ्यादृशः] તે (અજ્ઞાનમય અધ્યવસાય) નિયમથી મિથ્યાદષ્ટિને હોય છે [च] અને [सः बन्धहेतुः] તે બંધનું કારણ છે. ૧૬૭.

---

**વૈશાખ વદ-૭, ગુરુવાર, તા. ૨૪-૦૫-૧૯૭૩**
**કળશ-૧૬૭, ગાથા - ૨૪૭ થી ૨૫૦, પ્રવચન-૩૮૭**

આ સમયસાર. બંધ અધિકાર. એનો કળશ છે. ૧૬૭. એ આવ્યોને? ૧૬૭.

(वसन्ततिलका)

जानाति यः स न करोति यस्तु
जानात्ययं न खलु तत्किल कर्मरागः।
रागं त्वबोधमयमध्यवसायमाहु-
र्मिथ्यादृशः स नियतं स च बन्धहेतु।।१६७।।

નીચે જરી એનું છે. '''જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી; કરવું તે તો કર્મનો રાગ છે, રાગ છે તે અજ્ઞાન છે અને અજ્ઞાન છે તે બંધનું કારણ છે.''' ઈ હવે કહે છે. 'यः जानाति' 'જે જાણે છે તે કરતો નથી...' એટલે શું? કે એવો જ્ઞાનસ્વભાવી આત્મા છે ઈ જ્યાં દષ્ટિ અને અનુભવ છે એ તો રાગાદિ થાય એને એ પોતાનો જાણતા એ એને જાણે. એને કરતો નથી, રાગને કરતો નથી. જે રાગનો ભાવ એને પોતામાં કરતો નથી. ભિન્ન રાખીને એને જાણે છે. 'અને...' 'यः करोति अयं खलु जानाति न' 'જે કરે છે...' રાગનો વિકાર કર્મ રાગ એ રાગનો જેને પ્રેમ છે અને કરે છે. કર્તા હું છું એમ જે જાણે છે તે જાણનાર રહેતો નથી. બહુ સંધિ છુટી. જાણનાર-જાણનાર હું છું. જગતની ચક્ષુ છું, હું જગતની આંખ છે. જગત રાગાદિ જણાય, પણ એનો કર્તા હું નહિ. જગતનો, રાગનો કર્તા થાય છે તે જગતનો કર્તા થઈ જાય છે.

કહે છે કે 'જે કરે છે તે જાણતો નથી.' રાગભાવ એની બુદ્ધિ પર્યાય ઉપર અને વિકાર ઉપર છે. એથી કરે છે, રાગને રચે છે એ જાણનાર થઈ શકતો નથી. કહો, સમજાણું કાંઈ? ... કહો, સમજાણું?

'तत् किल कर्मरागः' ભાષા દેખો, કર્મ રાગ એટલે? કર્મ એટલે કરું એવો જે ભાવ છે એ જ રાગ છે. એ જ મિથ્યાત્વ છે એમ કહે છે. 'જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે...' કાર્યનો રાગ. આહા..હા..! આ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે ઉઠે એને હું કરું છું. એ કર્મ કાર્યનો રાગ છે એને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નામમાત્ર કહ્યો છેને? નામમાત્ર અનંતવાર કર્યા છે. નિયમસારમાં આવે છે. કથનમાત્ર, નામમાત્ર છે એ અનંતવાર કર્યું છે. નિશ્ચય વિના. એ રાગ કરવો એ તો કર્મરાગ, કાર્યનો રાગ છે. કર્તૃત્વ રાગ છે એમ કહે છે. એ તો મિથ્યાદષ્ટિને એવો છે. આહા..હા..!

'रागं अबोधमयम् अध्यवसायम् आहुः' એ કરવું, કરવું છે કરવું. દયા પાળું, જીવને બચાવું, મારું એવો કોઈ વિકલ્પનો જે કર્તા થાય છે એ રાગ ખરેખર અજ્ઞાનમય છે. ભારે ભાઈ! રાગ તે અજ્ઞાન છે એમ કહે છે. જ્ઞાન નથી. જ્ઞાન નથી એમાં. રાગના ભાવમાં જ્ઞાનનો સ્વભાવ નથી. જ્ઞાનનો એમાં કણ આવતો નથી. આહા..હા..! 'रागं अबोधमयम् अध्यवसायम् आहुः' મુનિઓ, ગણધરો, સંતો 'રાગને (મુનિઓએ) અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે;...' રાગ સાથે એકત્વબુદ્ધિ એને અહીં રાગ કહેવામાં આવે છે. 'सः नियतं मिथ्यादृशः' જે રાગના ભાવમાં જ્ઞાનસ્વભાવનો અંશ પણ નથી એવા રાગને અજ્ઞાનમય તે મિથ્યાદષ્ટિને હોય છે. કહો, ચંદુભાઈ! છેને? 'नियतं मिथ्यादृशः' 'નિયમથી મિથ્યાદષ્ટિને હોય છે...' આહા..હા..! આકરી વાત. રાગ એ પરચીજ છે. વસ્તુસ્વભાવ ત્રિકાળી જ્ઞાનમૂર્તિ એ સ્વ છે. તેને એ રાગ કરું એવી બુદ્ધિ ઉત્પન્ન થઈ એ રાગ અજ્ઞાનમયનો એ કર્તા છે એ મિથ્યાદષ્ટિ વિપરીત છે. આહા..હા..! એમ ગણધરો અને સંતો કહે છે. મુનિઓનું આમ કથન છે. જે જાણનાર ભગવાન આત્મા એવો ...

## ગાથા-૨૪૭

जो मण्णदि हिंसामि य हिंसिज्जामि य परेहिं सत्तेहिं।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२४७।।

यो मन्यते हिनस्मि च हिंस्ये च परैः सत्त्वैः।
स मूढोऽज्ञानी ज्ञान्यतस्तु विपरीतः।।२४७।।

परजीवानहं हिनस्मि, परजीवैर्हिंस्ये चाहमित्यध्यवसायो ध्रुवमज्ञानम्। स तु यस्यास्ति सोऽज्ञानित्वान्मिथ्यादृष्टिः, यस्य तु नास्ति स ज्ञानित्वात्सम्यग्दृष्टिः।

હવે મિથ્યાદષ્ટિના આશયને ગાથામાં સ્પષ્ટ રીતે કહે છે :-

જે માનતો - હું મારું ને પર જીવ મારે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭.

ગાથાર્થ :- [यः] જે [मन्यते] એમ માને છે કે [हिनस्मि च] 'હું પર જીવોને મારું છું (-હણું છું) [परैः सत्त्वैः हिंस्ये च] અને પર જીવો મને મારે છે,' [सः] તે [मूढः] મૂઢ (-મોહી) છે, [अज्ञानी] અજ્ઞાની છે, [तु] અને [अतः विपरीतः] આનાથી વિપરીત (અર્થાત્ આવું નથી માનતો) તે [ज्ञानी] જ્ઞાની છે.

ભાવાર્થ :- 'પર જીવોને હું મારું છું અને પર મને મારે છે' એવો આશય અજ્ઞાન છે તેથી જેને એવો આશય છે તે અજ્ઞાની છે - મિથ્યાદષ્ટિ છે અને જેને એવો આશય નથી તે જ્ઞાની છે - સમ્યગ્દષ્ટિ છે.

નિશ્ચયનયે કર્તાનું સ્વરૂપ એ છે કે - પોતે સ્વાધીનપણે જે ભાવરૂપે પરિણમે તે ભાવનો પોતે કર્તા કહેવાય છે. માટે પરમાર્થે કોઈ કોઈનું મરણ કરતું નથી. જે પરથી પરનું મરણ માને છે, તે અજ્ઞાની છે. નિમિત્તનૈમિત્તિકભાવથી કર્તા કહેવો તે વ્યવહારનયનું વચન છે; તેને યથાર્થ રીતે (અપેક્ષા સમજીને) માનવું તે સમ્યગ્જ્ઞાન છે.

## ગાથા-૨૪૭ ઉપર પ્રવચન

પર જીવને હું હણું છું. એટલે કે પર જીવના પ્રાણનો હું ઘાત કરું છું. આ પ્રાણ છેને દસ? .. એવી બુદ્ધિ થાય કે પર જીવને હું ઘાત કરું છું. પર જીવનો ઘાત એટલે? જીવનો એટલે? જીવના જે પ્રાણ છે નિમિત્તરૂપે એ પ્રાણનો ઘાત કરી શકું છું. સમજાય છે કાંઈ? પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાયા, આયુની પ્રધાનતા... જીવ એ માને છે કે પર જીવોને હું હણું છું. પર જીવની હિંસા કરી શકું છું એમ કહે છે. એટલે કે પર જીવના પ્રાણનો ઘાત કરી શકું છું. પ્રાણઘાત કરું એનું નામ મરણ છે અહીં તો. આહા..હા..! આ નિમિત્તથી

.. સ્થાપે છેને જુઓને ... પ્રાણઘાત થઈ શકે છે કે નહિ? શાક શું કહેવાય? સુધારવું. શાક સુધારે કહેવાય ઈ. ... પછી કહે મેં આમ સુધાર્યું. એટલે કે એના પ્રાણના ઘાત કર્યા. ... નહિ? સારુ હોયને રગ. કાઢી નાખે. ... એ .. રહીને .. ઉપરથી કાઢી નાખે. ઈ પ્રાણ છેને જીવના એ પ્રાણનો હું ઘાત કરું. એવી બુદ્ધિ મિથ્યાદૃષ્ટિની છે કહે. આહા..હા..!

''**હું પર જીવોને મારું છું (-હણું છું)**...' જીવને હણું એટલે કે જીવ હણાય છે? પણ ઓલા પ્રાણ છે એને હું જુદા પાડી શકું. '**અને પર જીવો મને મારે છે,**'...' મારા પ્રાણને. પ્રાણ માન્યા છેને ત્યાં? એ પ્રાણને એ બીજા જીવો જુદા કરી શકે છે. મને મારી શકે છે એટલે કે પર જીવો મારા પ્રાણનો ઘાત કરી શકે છે એમ. .. નામે બોલાય છે. .. ઈ કહે કે હિંસા કરી શકાય નહિ, પર જીવને મારી શકાય નહિ, પણ આ શું કહે છે? આહા..હા..! એવો અધ્યવસાય ધ્રુવપણે, નિશ્ચયપણે, નિયમથી અજ્ઞાન છે. આહા..હા..! કેમકે પરમાં અકિંચિત્કર જીવ છે. પર પ્રાણી એટલે જડમાં કરવાનો અકિંચિત્કર છે. એ આગળ આવશે. ૨૬૭ ગાથામાં. અકિંચિત્કર. હવે આ લોકો હજી નિમિત્ત કાંઈ કરે, પણ અહીં તો અકિંચિત્કર છે. ૨૬૭માં છે. આ ૪૭મી ગાથા ચાલે છે. ૨૦ ગાથાએ આવશે. નિમિત્ત-ઉપાદાનના વાંધા ઉઠે છેને આ? સોનગઢની ચર્ચા એમ લોકો માને છે. નિમિત્તથી કાંઈ થાય નહિ એમ માનનારા એકાંત છે. અહીં ના પાડે છે. અકિંચિત્કર છે. નિમિત્ત પરમાં કાંઈ કરતું નથી. છે? જુઓ, ૨૬૭.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અકિંચિત્કર છે. અહીં કહે છે કે પરને હણું છું, પર જીવો મને હણે છે એ બિલકુલ પર પોતાની માટે અકિંચિત્કર અને પોતે પરને માટે અકિંચિત્કર. કાંઈ ન કરે એવો છે. આ નાના-નાના છોકરાઓને એની મા મોટા કરે. કરી શકતા હશે કે નહિ? આ બધા મોટા થઈ જાય તમારે શું છે .. પાલવું-પોષવું. ... નહિ આ બધું? આહા..હા..! કેવો ધર્મ? જેના પ્રાણ રહેવા અને ટકવા એ તો એને કારણે છે. અહીં તો હણાવાની વાત છે પહેલી. મારી છોકરાને, ચાર વર્ષનો છોકરો હતો તો કાંઈ ખાવા ન આપ્યું દૂધ. શું કહેવાય? શું કહેવાય તમારે .. પીપરમેટ. પીપરમેટ ... આપે નહિ. .. વર્ષનો. પીપરમેટ ખવરાવો .. એને મારી નાખ્યો એ .. નહિ? કોણ કરે? એ અજ્ઞાનીનું અજ્ઞાન છે. ઈ અપેક્ષાએ જેને છે તે અજ્ઞાનીપણાને લીધે પરને મારું છું અને પર મને મારે છે, મારા પ્રાણને ઇન્દ્રિયોને હીનતા કરે છે. મન, વચન, કાયાને .. બનાવે છે .. પ્રાણને હણી શકે બીજાઓ એવો જે અધ્યવસાય .. મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

આવો અધ્યવસાય જેને છે તે અજ્ઞાનીપણાને લીધે જીવ મિથ્યાદૃષ્ટિ છે. આ છોકરાઓને પાળીને મોટા નથી કર્યા તમને બધાને. ... મોટા. તમારા બાપાએ તમને મોટા કર્યા, તમે

છોકરાને મોટા કર્યા, છોકરા એના છોકરાને મોટા કરે. કરે કે નહિ મોટા? છોકરાઓ! કોણ કરે? એના પ્રાણ પર જીવના પ્રાણ છે એ તો. પરનો સંહાર થવો એ તો એને કારણે છે. .. એમાં આત્મા શું કરે? આહા..હા..! પર જીવને ન હણે .. પુદ્‌ગલનો છે. એ આત્માની સત્તામાં છે જ ક્યાં? ..સત્તામાં વિકલ્પ ઉઠે ઈ ક્યા છે? તો પરને હણે એ તો છે નહિ. આહા..હા..! અરે..! મને મારી નાખ્યો આણે એમ કહે છેને? પ્રાણ હરિ મારી નાખ્યા મારા. પ્રાણ આમ કરી નાખ્યા. શરીરમાં ખીલ્લા માર્યા, બહેરા થઈ ગયા અમે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ મારે? ... એના ભાવ હતા મારવાના. ... મારે. ..ની વાત છે. ... એવી સ્થિતિમાં પણ હે પરમ પિતા! આ પ્રાણીઓ શું કરે છે એની એને ખબર નથી, પ્રભુ! ક્ષમા કરજો. આહા..હા..! ... ઈસુ ભગવાન માને લોકો. ઈસુ ભગવાન કહે છેને. .. આટલા-આટલા ક્રિયા, લોહી ચાલ્યા જાય. એને પહેલે લોહી ચાલ્યા જાય, ત્યાં ... ... મોટું થાવું છેને તારે? ... ... બાળકની જેમ ... ... એમ. ટાઈમ આવ્યો ત્યાં ... એકદમ .. ચડી ગયું. આહા..હા..! ઈ ક્રિયા ત્યાં થવાની હતી. ... પુદ્‌ગલે કરી છે. આહા..હા..! રાગ કર્યો ઓલા અજ્ઞાનીએ કર્યો છે. ... જગતને. ભિન્ન-ભિન્ન તત્ત્વની ભિન્નતા જાણવી, ભિન્નતા ન જાણે તો અનંત-અનંતપણે રહી શકે નહિ. દરેક પદાર્થ સ્વતંત્ર પોતાની પર્યાયથી ટકી રહ્યો છે. શરીર પણ પોતાની પર્યાયથી ટકી રહ્યું છે. કોઈથી હણાય તો (એમ) છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ... નભે તો ખરાને.

ઉત્તર :- ધૂળેય નભે નહિ. .. એટલે શું? એના પ્રાણનો કાળ છે જેટલો રહે એને. એ પ્રાણે પુદ્‌ગલ .. મુદ્દતે રહેશે. .. રોટલા ખાઈને મરી જાય છે માણસ. ... હોય કોણ રાખે. કોણ એને હણે? તે અધ્યવસાય જેને નથી. .. વાત છે હોં. એક.. વાત છે. આ અધ્યવસાય ભલે ન હોય પણ બીજા અધ્યવસાય હોય તો મિથ્યાદૃષ્ટિ હોય.

મુમુક્ષુ :- ... ન હોય તો...

ઉત્તર :- .. ક્યારે.. આ તો મિથ્યાત્વનો એક ભાગ લીધો. મિથ્યાત્વનો એકરૂપ લીધો છે. મિથ્યાત્વનું આખું રૂપ નથી આમાં. ... લખી છે. કળશ છેને કળશ? એમાં. કેટલામી છે આ? ૧૬૭ છેને? ૧૬૭ એમાં '**सर्वं सदैव नियतं भवति स्वकीय**'-એમાં છે. મિથ્યાત્વ પરિણામનું એક અંગ દેખાડે છે એમ છે. .. છેને. અંગ એક પ્રકાર છે. ઘણા પ્રકારમાં એક પ્રકાર છે. બધોય એક પ્રકારમાં છે એમ નથી. મિથ્યા અભિપ્રાયમાં ઘણા પ્રકાર માહ્યલો એક આ પ્રકાર છે. ત્યાં શું લખ્યું છે? મિથ્યાત્વ પરિણામનું એક અંગ દેખાડે છે. ... અને તે અધ્યવસાય જેને નથી. બીજા પણ એ જાતના અભિપ્રાયો નથી એ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? જેને તે અધ્યવસાય નથી. ... એવો અભિપ્રાય જ જેનો નથી. એમ

પર મને મારી શકે છે એવો જેનો આશય નથી. એ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દષ્ટિ છે. આ આટલા પ્રકાર કહો, સમજાણું કાંઈ?

હવે એનો '**ભાવાર્થ :- 'પર જીવોને હું મારું છું અને પર મને મારે છે' એવો આશય અજ્ઞાન છે તેથી જેને એવો આશય છે તે અજ્ઞાની છે - મિથ્યાદષ્ટિ છે અને જેને એવો આશય નથી તે જ્ઞાની છે - સમ્યગ્દષ્ટિ છે.**' આશયની-અભિપ્રાયની વાત છે. આહા..હા..! '**નિશ્ચયનયે કર્તાનું સ્વરૂપ એ છે કે...**' સાચી વાત કરનારનું સ્વરૂપ એ છે કે '**પોતે સ્વાધીનપણે જે ભાવરૂપે પરિણમે તે ભાવનો પોતે કર્તા કહેવાય છે.**' પોતે સ્વાધીનપણે જે પર્યાયપણે પરિણમે તે પર્યાયનો પોતે કર્તા કહેવાય. પર્યાય.. કર્તાપણું છેને અહીં તો. ભાવ શબ્દે પર્યાય છે. '**માટે પરમાર્થે કોઈ કોઈનું મરણ કરતું નથી.**' પરમાર્થે કોઈના પ્રાણનો ઘાત બીજો કરી શકતો નથી. આહા..હા..!

'**જે પરથી પરનું મરણ માને છે, તે અજ્ઞાની છે. નિમિત્ત-નૈમિત્તિકભાવથી કર્તા કહેવો તે વ્યવહારનયનું વચન છે;...**' એ તો બોલવાનું એક કથન છે અભૂતાર્થનયે. સાચું નથી એ કથન. આહા..હા..! '**નિમિત્ત-નૈમિત્તિકભાવથી કર્તા કહેવો...**' આણે આને માર્યો, આનાથી હું મરી ગયો એવું કથન તે વ્યવહારકથન છે. નિમિત્ત કોણ હતું આ ક્રિયા થવામાં? એટલું જ્ઞાન કરાવા એ કથન છે. પણ એનાથી કાંઈ થયું છે. (એમ નથી) આહા..હા..! ... આવે છે. એક .. હાથમાં લઈ એમ કે ભગવાન પાસે ગયો. પૂછયું કે આનું આયુષ્ય કેટલું? ભગવાન એમ કહે છે કે તું રાખ તો રહે અને ન રાખ તો ન રહે. એમ આવે છે. દિગંબર. .. એનો અર્થ શું? એમ ભગવાન મુનિ એમ કહે.. રાખવું હોય તો ... રહેશે. તારે આધીન છે ઈ. ખોટી વાત છે. કથા મૂકી છેને શાંતિનાથની. એવી વાતું થાય બહારમાં. ... આવ્યો. ...કાં એનું માંસ દે અને કાં તારા શરીરનું માંસ દે. એણે જાણે શરીરનું માંસ આપ્યું અને ઓલું ન આપ્યું. બીજો કહે શરીરનું માંસ કે એનું માંસ એકેય નહિ આપુ તને. ... એવી વાત સાધારણ વાત. છોકરા માટે. એય..!

મુમુક્ષુ :- જીવોનું રક્ષણ કરવા

ઉત્તર :- રક્ષણ કરે. આવે છે. શ્વેતાંબરમાં એવું આવે છે. એટલે પોતાનું માંસ .. એટલે પારેવું હતુંને .. અંદર બેઠું ... શરીર ... જીવ પ્રાણ.. શાંતિનાથ થયા. ધૂળેય નથી. આહા..હા..! વિકલ્પ હોય. આવી વાત આવે છેને એય..! નેમિચંદજી! એણે તો સાંભળેલીને. આહા..હા..! ભાઈ! આ તો માર્ગ તો માર્ગ છે. એવો માર્ગ છે ક્યાં? હવે એને માંસ આવે એને માંસ દેવાની.

કહે છે કે જે કાંઈ નિમિત્ત-નૈમિત્તિકથી કહેવામાં આવે એ તો વ્યવહારનયના વચનો છે. .. '**તેને યથાર્થ રીતે (અપેક્ષા સમજીને) માનવું...**' એટલે કે બોલવામાત્ર છે એ વસ્તુ છે નહિ. એમ માનવું '**તે સમ્યગ્જ્ઞાન છે.**'

## ગાથા-૨૪૮-૨૪૯

कथमयमध्यवसायोऽज्ञानमिति चेत् -

आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।
आउं ण हरेसि तुमं कह ते मरणं कदं तेसिं।।२४८।।
आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।
आउं ण हरंति तुहं कह ते मरणं कदं तेहिं।।२४९।।
आयुःक्षयेण मरणं जीवानां जिनवरैः प्रज्ञप्तम्।
आयुर्न हरसि त्वं कथं त्वया मरणं कृतं तेषाम्।।२४८।।
आयुःक्षयेण मरणं जीवानां जिनवरैः प्रज्ञप्तम्।
आयुर्न हरन्ति तव कथं ते मरणं कृतं तैः।।२४९।।

मरणं हि तावज्जीवानां स्वायुःकर्मक्षयेणैव, तदभावे तस्य भावयितुमशक्यत्वात्; स्वायुः कर्म च नान्येनान्यस्य हर्तुं शक्यं, तस्य स्वोपभोगेव क्षयिमाणत्वात् ततो न कथञ्चनापि अन्योऽन्यस्य मरणं कुर्यात्। ततो हिनस्मि, हिंस्ये चेत्यध्यवसायो ध्रुवमज्ञानम्।

---

હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે ? તેના ઉત્તરરૂપે ગાથા કહે છે :-

છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તું આયુ તો હરતો નથી, તેં મરણ ક્યમ તેનું કર્યું? ૨૪૮.
છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તે આયુ તુજ હરતા નથી, તો મરણ ક્યમ તારું કર્યું? ૨૪૯

ગાથાર્થ :- (હે ભાઈ ! 'હું પર જીવોને મારું છું' એમ જે તું માને છે, તે તારું અજ્ઞાન છે.) [जीवानां] જીવોનું [मरणं] મરણ [आयुःक्षयेण] આયુકર્મના ક્ષયથી થાય છે એમ [जिनवरैः] જિનવરોએ [प्रज्ञप्तम्] કહ્યું છે; [त्वं] તું [आयुः] પર જીવોનું આયુકર્મ તો [न हरसि] હરતો નથી, [त्वया] તો તેં [तेषाम् मरणं] તેમનું મરણ [कथं] કઈ રીતે [कृतं] કર્યું ?

(હે ભાઈ ! 'પર જીવો મને મારે છે' એમ જે તું માને છે, તે તારું અજ્ઞાન છે.) [जीवानां] જીવોનું [मरणं] મરણ [आयुःक्षयेण] આયુકર્મના ક્ષયથી થાય છે એમ [जिनवरैः] જિનવરોએ [प्रज्ञप्तम्] કહ્યું છે; પર જીવો [तव आयुः] તારું આયુકર્મ તો [न हरन्ति] હરતા

નથી, [तैः] તો તેમણે [ते मरणं] તારું મરણ [कथं] કઈ રીતે [कृतं] કર્યું ?)

ટીકા :- પ્રથમ તો, જીવોને મરણ ખરેખર સ્વ-આયુકર્મના (પોતાના આયુકર્મના) ક્ષયથી થાય છે, કારણ કે સ્વ-આયુકર્મના ક્ષયના અભાવમાં (અર્થાત્ પોતાના આયુકર્મનો ક્ષય ન હોય તો) મરણ કરાવું (-થવું) અશક્ય છે; વળી સ્વ-આયુકર્મ બીજાથી બીજાનું હરી શકાતું નથી, કારણ કે તે (પોતાનું આયુકર્મ) પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે; માટે કોઈ પણ રીતે બીજો બીજાનું મરણ કરી શકે નહિ. તેથી 'હું પર જીવોને મારું છું અને પર જીવો મને મારે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિશ્ચિતપણે) અજ્ઞાન છે.

ભાવાર્થ : જીવની જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય,તો તો તે માન્યતા અજ્ઞાન છે. પોતાથી પરનું મરણ કરી શકાતું નથી અને પરથી પોતાનું મરણ કરી શકાતું નથી, છતાં આ પ્રાણી વૃથા એવું માને છે તે અજ્ઞાન છે. આ કથન નિશ્ચયનયની પ્રધાનતાથી છે.

વ્યવહાર આ પ્રમાણે છે :- પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી પર્યાયના ઉત્પાદ-વ્યય થાય તેને જન્મ-મરણ કહેવામાં આવે છે; ત્યાં જેના નિમિત્તથી મરણ (-પર્યાયનો વ્યય) થાય તેના વિષે એમ કહેવામાં આવે છે કે 'આણે આને માર્યો', તે વ્યવહાર છે.

અહીં એમ ન સમજવું કે વ્યવહારનો સર્વથા નિષેધ છે. જેઓ નિશ્ચયને નથીજાણતા, તેમનું અજ્ઞાન મટાડવા અહીં કથન કર્યુ છે, તે જાણ્યા પછી બન્ને નયોને અવિરોધપણે જાણી યથાયોગ્ય નયો માનવા.

## ગાથા-૨૪૮-૨૪૯ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે ? તેના ઉત્તરરૂપે ગાથા કહે છે :-' ઓહો..હો..! કુંદકુંદાચાર્ય કહે છે એને જિનવરનો આધાર લેવો પડે છે કે ભગવાન આમ કહે છે, ભગવાન આમ કહે છે. આહા..હા..!

आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।
आउं ण हरेसि तुमं कह ते मरणं कदं तेसिं।।२४८।।
आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।
आउं ण हरंति तुहं कह ते मरणं कदं तेहिं।।२४९।।
છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તું આયુ તો હરતો નથી, તેં મરણ ક્યમ તેનું કર્યું? ૨૪૮.

**છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,**
**તે આયુ તુજ હરતા નથી, તો મરણ ક્યમ તારું કર્યું? ૨૪૯**

આ અકાળ મરણનો પણ નિષેધ થાય છે આમાં. .. મરણ થાય એ નહિ. દેહ છુટવાના કાળે છુટે. બીજો છોડાવે એટલે છૂટે એમ બને નહિ. આહા..હા..! હે ભાઈ! ટીકા લઈએ. '**પ્રથમ તો, જીવોને મરણ**...' મરણ એટલે પ્રાણનો ઘાત. .. જીવ ક્યાં મરે છે? એના દસ પ્રાણ જે છે એનું છૂટું પડવું એટલે પ્રાણનો ઘાત '**ખરેખર સ્વ-આયુકર્મના (પોતાના આયુકર્મના) ક્ષયથી થાય છે,**...' વળી આમાં નાખ્યું કે જો આયુકર્મ પોતાનું કીધુંને આણે? પરદ્રવ્ય છેને? સ્વ આયતન. બીજો નોકર્મનો નિષેધ કરીને બતાવવું છે. આહા..! આમાં તકરાર કરે મારા. જુઓ આવ્યું કે નહિ? સ્વ-આયુકર્મ. જુઓ આયુ પોતાનું કર્મ છે. આયુષ્યકર્મ પોતાના આત્માનું છે? પણ ઓલો મારી શકે છે પરજીવ એનો નિષેધ કર્યો છે કે આયુકર્મ એને છે એ પ્રમાણે તે નાશ પામી જાય છે. ન હોય તો નાશ પામી જાય.

'**(પોતાના આયુકર્મના) ક્ષયથી થાય છે,**...' ખરેખર તો દેહની સ્થિતિ પણ એટલી જ છે, આત્મામાં રહેવાનો એટલો જ કાળ છે. સમજાણું કાંઈ? ભાષા તો ... કહે છે જુઓ સ્વ આયુકર્મ કીધું કે નહિ આમાં? હવે કહો કે કર્મ તમારું નથી. એ તો બીજાને હણે છે એમ માને છે એનો નિષેધ કરવો છે. એનામાં જે કર્મ પૂર્વે બાંધ્યું છે એના પ્રમાણમાં તે ક્ષય થાય છે, મરી જાય છે પ્રાણ છૂટી જાય છે એટલું સિદ્ધ કરવું છે અહીં. વાંધા આવા. જ્યાં-ત્યાં વાંધા જ કાઢે. '**કારણ કે સ્વ-આયુકર્મના ક્ષયના અભાવમાં**...' જે સામાના આયુષ્યના પ્રમાણે ક્ષય થયા નથી અને છે આયુષ્ય '**(અર્થાત્ પોતાના આયુકર્મનો ક્ષય ન હોય તો) મરણ કરાવું (-થવું) અશક્ય છે;**...' કોઈપણ પ્રાણીને ઝેર દઈને મારી નાખે એ પણ અશક્ય છે. કેમકે પોતાના આયુકર્મનો ક્ષય ન હોય તો પ્રાણનો ઘાત થવો અશક્ય છે. બીજાના પ્રાણઘાત ન થાય, ઈન્દ્રિય હાનિ ન થાય, આંખ ફુટે નહિ, કાન બેરા ન થાય, હાથ કપાય નહિ. શરીર છેને ઈ? મન, વચન અને કાયા તો ત્રણ છેને કાયા? કાયામાં હાથ કપાઈ જાય. હાડકું તોડી નાખે. જ્યાં સુધી આયુકર્મ છે ત્યાં સુધી બીજાથી (મરણ થવું) અશક્ય છે.

'**વળી સ્વ-આયુકર્મ બીજાથી બીજાનું હરી શકાતું નથી,**...' જે આયુકર્મ છે એ બીજાથી નાશ થઈ શકે? '**કારણ કે તે (પોતાનું આયુકર્મ) પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે;**...' લ્યો, પોતાના જ પરિણામે કરેલું આયુષ્યકર્મ એના પોતાના ઉપભોગથી નાશ પામે છે. લ્યો પોતાના ઉપભોગથી તો કારણ તો આયુકર્મ પોતાના ઉપભોગથી છે. વળી ઉપભોગ. આયુકર્મનો ઉપભોગ આવ્યો અહીં આવ્યા. એ તો નિમિત્તની વાત છે. એનું આયુષ્યકર્મ પૂરું થયું એટલે ... બીજો એના આયુષ્યના પ્રાણને હણે (એમ નથી). આ અકસ્માતો

બહુ થાય છે મુંબઈમાં જુઓને. કહે છેને લોકો .. ગયું. કહેતા હતાને. જુઓ આપણે .. બસમાં. બારણું ઉઘાડે ... બારણાએ લીધો ભેગો એને લઈ લીધો. એ બે વચ્ચે વણાઈ ગયો. વણાઈ ગયો. બારણું બંધ કરવા. અહીં .. હો દેહની ક્રિયા જડની એ પ્રકારે છે. એ એનાથી થયું, બીજાની ક્રિયાથી નથી થયું? આહા..હા..! ..ભાઈના ભાઈ નહિ? એ તો સ્થિતિ પૂરી થવાની એ કાળે આયુષ્યની .. પૂરી અને આત્માનો તે કાળ શરીરમાં રહેવાની યોગ્યતા જ એટલી હતી. આહા..હા..! ... રજકણો .. કેટલા રજકણથી આત્મા છૂટે એમાં એ સમય ... બીજા કોઈથી થાય એ વાત છે નહિ. ધ્યાન રાખીએ તો ન થાય. જો બહાર હાથ રાખ્યો ન હોત તો ન કપાત. બારણુ ઉઘાડ્યું અને બહાર હાથ રાખ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ધૂળેય અંદર રહેતો નથી. કોણ બહાર રાખે? આહા..હા..! ..ભાઈ! આ ભરતભાઈને હશેને .. રહી ગયું એ તો. આયુષ્ય હોય ત્યાં સુધી થાય શું એને? નહિતર સાધારણમાં થઈ જાય છે. ખલાસ થઈ જાય છે. બે માણસ મરી ગયા .. હિંમતનગર. ... લોઢાના ખીલા આવ્યા. દેહની સ્થિતિ, મુદ્દત જ આયુષ્યની એટલી હતી. દેહને રહેવાની સ્થિતિ એટલી હતી અને આત્માને એમાં રહેવાની યોગ્યતા એટલી હતી. સ્થિતિ છે. આહા..હા..! ...માં આવ્યું હતું નહિ? નિયમસારમાં આવ્યું હતું. કર્મ કર્મને કારણે જાય, વિકાર વિકારને કારણે જાય, આત્મા આત્માને કારણે જાય. ચૈતન્ય શુદ્ધ વસ્તુ ભગવાન પોતાની યોગ્યતાથી આમ ગતિ કરે છે. વિકાર પણ આત્માએ કર્યો છે માટે કર્મ બંધાયું એમ નથી. વસ્તુ જ ભિન્ન છે. .. એ પણ એને કારણે. કર્મ એને કારણે. આહા..હા..!

**'માટે કોઈપણ રીતે...'** **'પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે;...'** ઉપભોગ. ... આયુષ્ય... **'માટે કોઈ પણ રીતે...'** આ આવ્યું જુઓ. **'कथं ते मरणं कृतं तैः'** એમ છેને પાઠમાં ત્યાં? **'માટે કોઈ પણ રીતે બીજો બીજાનું મરણ કરી શકે નહિ.'** અરે..! એ તો નિશ્ચયનું કથન છે એમ કહે છે. વ્યવહારનું કથન છે તો જ્ઞાન કરાવા છે. આહા..હા..!

મુમુક્ષુ :- ... જ્ઞાન કરાવવા..

ઉત્તર :- .. કહે છેને. વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એમાં લખ્યું હતું. બારમી ગાથામાં લખ્યું છે. નિમિત્ત જ છેને. વિકલ્પ છે એ નિમિત્ત છે. રાગ એ નિમિત્ત છે, વસ્તુ પર છે. ... રાગ એ પરવસ્તુ છે. સ્વભાવની ચીજ ક્યાં છે? એને જાણવો. એ વ્યવહારથી સમજાવવું છે. .. પોતાની જ્ઞાન પર્યાય છે. એવો જ જ્ઞાન પર્યાય થાય છે. ઈ છે માટે એમ નહિ. પોતાથી એવું જ્ઞાન, સ્વપરપ્રકાશકની પર્યાય થાય છે એમાં એ જણાય છે એમ કહેવાય. આહા..હા..! એને ક્યાં જાણે છે? એ તો રાગને જાણે. જાણવાનું કાર્ય રાગનું છે અને રાગમાં

છે? એ વાત પણ ...

કહે છે '**માટે કોઈ પણ રીતે...**' વ્યવહારથી પણ નહિ એમ. બોલવામાં. '**બીજો બીજાનું મરણ કરી શકે નહિ.**' કોઈપણ રીતે કરી શકે નહિ. કહેતો કે .. એનો ભાઈ .. છોટાભાઈ ...માં. એ વાત કરતા હતા ખાનગી કે મારે મારો નાનો ભાઈ હતો ... ... ... મરી ગયો. એવી ... ... ... બહુ ... પરિણામો. આહા..! ... જોર .. સાંભળ્યા ન જાય. એવા ... મહારાજ! આમ છે. આહા..હા..! મારી મા મરી ગઈ. મને એવો વિચાર આવ્યો કે એનું ઈન્દ્રિય કાપી લઈએ તો અરર..! સજ્જનને એવો વિકલ્પ લૌકિક(માં પણ ન શોભે). એવા પરિણામ ભુંડા તે બહુ ભુંડા. આહા..હા..! ... ... અરર..! ઈ જાતના પરિણામ... ખોટા ... દોરાધાગા... ઈ નહિ. ઈ બીજા મોટા ... ઈ મોટા.. અહીં તો.. અમારે તો બધા ઘણા અનુભવમાં આવી ગયા છેને. આ જુદા. ઓલા જુદો. આ તો જુવાન હતો નાની ઉંમરનો. ... અમારી પાસે ... પછી આવી વાતું કરે. અરરર..! એલા તારા પરિણામ કીધું... પાછો હતો .. હોં. વાતું કરે. અરર..! ... છોડી દઈ ... અહીં કહે છે. આહા..હા..! .. એક ક્ષણમાં ... આહા..હા..!

'**માટે કોઈ પણ રીતે બીજો બીજાનું મરણ કરી શકે નહિ...**' આહા..હા..! '**તેથી 'હું પર જીવોને મારું છું અને પર જીવો મને મારે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિશ્ચિતપણે) અજ્ઞાન છે.**' ધ્રુવ અજ્ઞાન, ચોક્કસ અજ્ઞાન એમ કહે છે. અહીં સુધી તો વાંધો નહિ પણ હવે. '**જીવની જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય, તો તો તે માન્યતા અજ્ઞાન છે.**' બરાબર છે? જીવની જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય તો તે માન્યતા અજ્ઞાન છે. આહા..હા..! '**પોતાથી પરનું મરણ કરી શકાતું નથી અને પરથી પોતાનું મરણ કરી શકાતું નથી, છતાં આ પ્રાણી વૃથા એવું માને છે તે અજ્ઞાન છે. આ કથન નિશ્ચયનયની પ્રધાનતાથી છે.**' એ તો વસ્તુના સ્વરૂપની સ્થિતિ આ છે. આહા..હા..!

'**વ્યવહાર આ પ્રમાણે છે :- પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી પર્યાયના ઉત્પાદ-વ્યય થાય તેને જન્મ-મરણ કહેવામાં આવે છે;...**' આનાથી આ મરે અને આનાથી આ બચે એમ નિમિત્તથી કહેવાય. નૈમિત્તિક થાય ત્યારે સામે નિમિત્ત. '**પર્યાયના ઉત્પાદ-વ્યય થાય તેને જન્મ-મરણ કહેવામાં આવે છે; ત્યાં જેના નિમિત્તથી મરણ (-પર્યાયનો વ્યય) થાય તેના વિષે એમ કહેવામાં આવે છે કે 'આણે આને માર્યો', તે વ્યવહાર છે.**' કથનમાત્ર કહેવાની વાત છે એમ કહે છે. આહા..હા..! '**અહીં એમ ન સમજવું કે વ્યવહારનો સર્વથા નિષેધ છે.**' એટલે કે ત્યાં નિમિત્ત છે એમ. નથી એમ નહિ. નિમિત્તે કર્યું છે ઈ ખોટું. '**જેઓ નિશ્ચયને નથી જાણતા, તેમનું અજ્ઞાન મટાડવા**

**અહીં કથન કર્યું છે,...'** ... **'તે જાણ્યા પછી બન્ને નયોને અવિરોધપણે જાણી યથાયોગ્ય નયો માનવા.'** આ આકરું પડેને જગતને. બસ કોઈ કોઈને મારી શકે જ નહિ? મારો કોકને હવે તમે તમારે હવે વાંધો નહિ લ્યો. મારી શકે નહિ ઈ મારે ક્યાં આવ્યું? મને હણો હવે તમે મારી શકતા નથી... મારી શકતો નથી પછી પ્રશ્ન શું? એ તણખલાના બે કટકા કરી શકતો નથી પછી પ્રશ્ન શું? આહા..હા..! હુ .. હોય તો પોતામાં હોય પરમાં શું કામ કરે ત્યાં? આહા..! એક કટકા બે કરવા તણખલાના એ પણ આત્માથી ન થાય. એ જડના થવાના કાળે થાય. આત્મા કાંઈ કરી શકે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- સાવ શક્તિ વગરનો છે?

ઉત્તર :- અનંત શક્તિનો ધણી, પણ પોતામાં કે પરમાં? પરમાં પાંગળો, પોતામાં પૂરો. આહા..! સવળું-અવળુ કરવામાં પોતે સ્વતંત્ર છે કર્તા. પરને માટે પાંગળો છે. પરને કોઈ મારી શકે કે પરથી મરે ત્રણ કાળમાં એ વાત છે નહિ.

## ગાથા-૨૫૦

जीवनाध्यवसायस्य तद्विपक्षस्य का वार्तेति चेत् -

जो मण्णदि जीवेमि य जीविज्जामि य परेहिं सत्तेहिं।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२५०।।

यो मन्यते जीवयामि च जीव्ये च परैः सत्त्वैः।
स मूढोऽज्ञानी ज्ञान्यतस्तु विपरीतः।।२५०।।

परजीवानहं जीवयामि, परजीवैर्जीव्ये चाहमित्यध्यवसायो ध्रुवमज्ञानम्। स तु यस्यास्ति सोऽज्ञानित्वान्मिथ्यादृष्टिः, यस्य तु नास्ति स ज्ञानित्वात् सम्यग्दृष्टिः।

---

ફરી પૂછે છે કે "(મરણનો અધ્યવસાય અજ્ઞાન છે એમ કહ્યું તે જાણ્યું; હવે) મરણના અધ્યવસાયનો પ્રતિપક્ષી જે જીવનનો અધ્યવસાય તેની શી હકીકત છે ?" તેનો ઉત્તર કહે છે :-

જે માનતો - હું જિવાડું ને પર જીવ જિવાડે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦.

ગાથાર્થ :- [यः] જે જીવ [मन्यते] એમ માને છે કે [जीवयामि] હું પર જીવોને જિવાડું છું [च] અને [परैः सत्त्वैः] પર જીવો [जीव्ये च] મને જિવાડે છે, [सः] તે [मूढः] મૂઢ (-મોહી) છે, [अज्ञानी] અજ્ઞાની છે, [तु] અને [अतः विपरीतः] આનાથી વિપરીત (અર્થાત્ જે આવું નથી માનતો, આનાથી ઊલટું માને છે) તે [ज्ञानी] જ્ઞાની છે.

ટીકા :- 'પર જીવોને હું જિવાડું છું અને પર જીવ મને જિવાડે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (-અત્યંત ચોક્કસ) અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.

ભાવાર્થ :- 'પર મને જિવાડે છે અને હું પરને જિવાડું છું' એમ માનવું તે અજ્ઞાન છે. જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદૃષ્ટિ છે; જેને એ અજ્ઞાન નથી તે સમ્યગ્દૃષ્ટિ છે.

## ગાથા-૨૫૦ ઉપર પ્રવચન

'ફરી પૂછે છે કે "(મરણનો અધ્યવસાય અજ્ઞાન છે એમ કહ્યું તે જાણ્યું; હવે) મરણના અધ્યવસાયનો પ્રતિપક્ષી જે જીવનનો અધ્યવસાય તેની શી હકીકત છે?"' હું બીજાને જીવાડી શકું એ ભાવને માટે શું? મરણ તો ખરું એક વખત ભલે બતાવ્યું .. આહા..હા..! પણ મરણના અધ્યવસાયનો પ્રતિપક્ષી. જીવનનો અધ્યવસાય. જીવાડું તેની શું હકીકત છે? એ તો એની સાથે હોય. દરબાર આવ્યા હતાને ત્યાં. ... ... અહીં તો વળી ... સાંજે આહાર ... ... ચાલે છેને ... ઈ બનવાનો કાળ હોય ત્યારે બને. શું કરે?

મુમુક્ષુ :- .. ન જાય?

ઉત્તર :- .. વિકલ્પ કર્યો હતો.

મુમુક્ષુ :- વિકલ્પ...

ઉત્તર :- હા વિકલ્પ એને થયું એટલે એને થઈને આ થયું? વિકલ્પ થયો માટે આ થયું? પૈસા આવ્યા અને ... વાતો બહુ આકરી. એની આયુષ્યની સ્થિતિ પ્રમાણે અશાતાના ઉદયને ત્યાં મળે .. અશાતાના ઉદયે સુખ-દુઃખ પ્રાણનો ઘાત કરવો એનું નામ મરણ અને પ્રાણની રક્ષા કરવી એનું નામ જીવન. બે અને એક ઈષ્ટની પ્રાપ્તિ એ સુખ, અનિષ્ટનો સંયોગ એ દુઃખ. સુખ દુઃખની કલ્પના એ અહીં વાત નથી. ઈષ્ટનો સંયોગ બીજાને દઈ શકું છું. તૃષા લાગી હોય તો પાણી દઈ શકું, ભૂખ લાગી હોય તો અનાજ દઈ શકું, ટાઢ પડી

હોય તો કપડા પહેરાવી શકું એ બધી બુદ્ધિ મિથ્યાત્વ છે. ઈ કહે છે જુઓ.

**जो मण्णदि जीवेमि य जीविज्जामि य परेहिं सत्तेहिं।**
**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२५०।।**
**જે માનતો - હું જિવાડું ને પર જીવ જિવાડે મુજને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦.**

લ્યો, આ શબ્દ આવ્યો હતો તે દિ'. ગાંધી આવ્યા તે દિ'. પરને જીવાડી શકું છું એ અભિપ્રાય મૂઢનો છે. એનો ... એ શબ્દ આવ્યો હતો. .. બેસે. દક્ષિણ આફ્રિકામાં આમ કહ્યું કે ... આમ કરી દઈશું. સ્વતંત્રતા... આહા..હા..! જગતથી વાત આખી જુદી છે.

મુમુક્ષુ :- આખું જગત એમ જ ચાલે છે.

ઉત્તર :- આખું જગત તો એમ જ ચાલે છે અને ચાલશે. રોકે રોકાય એવું છે? એથી એનો અભિપ્રાય છોડી નાખવો. જગત અટકી ગયું એને થઈ રહ્યું જાઓ. આહા..હા..! એને .. ગયું. બાકી તો બધું છે એમ છે.

એની 'ટીકા : **'પર જીવોને હું જિવાડું છું...'** જીવાડુંનો અર્થ? એના પ્રાણની રક્ષા કરી શકું છું એમ. પાંચ ઈન્દ્રિયો, મન, વચન અને કાયા અને આયુષ્ય અને પ્રાણ એવા જીવોને હું, એના પ્રાણ હું રાખી શકું છું. જીવાડું છું. આહા..હા..! જુઓ, આ સમયસારમાં આમ આવ્યું. ... કાનજીસ્વામી એમ કહે છે કે કોઈને જીવાડી ન શકાય. જીવાડવાનો ભાવ છે એથી જીવે છે એમ નથી. પણ એનો ભાવ છે જીવાડવાનો એ પુણ્ય છે. બીજાને જીવાડી શકે છે માટે તે પુણ્ય છે એમ નથી. પોતાની વાત ...

અહીં તો ''**પર જીવોને હું જિવાડું છું...**' એટલે પર જીવના પ્રાણની રક્ષા કરી શકું છું '**અને પર જીવ મને જિવાડે છે**'...' મારા પ્રાણની રક્ષા પર જીવો કરે છે. આહા..હા..! '**એવો અધ્યવસાય ધ્રુવપણે (-અત્યંત ચોક્કસ) અજ્ઞાન છે.**' તો તો થઈ રહ્યું. કોઈ કોઈથી જીવે નહિ અને કોઈ કોઈથી મરે નહિ એમ કહે છે. પણ આપણે કાર્યકર્તા ... ... કાંઈ કરી શકે નહિ. બીજાને જીવાડવાનો ભાવ હોય, પણ એ ભાવથી જીવાડી શકે પરને ઈ વાત પણ સાચી નથી. પણ એ ભાવ પોતે રાગ છે. આહા..હા..! અને રાગ છે ત્યાં સ્વભાવની હિંસા છે. ... .. દયા તો જીવનો ધર્મ છે. ભગવાનને પણ દયા હતી તીર્થંકરને. કઈ દયા? એ તો અકષાયભાવ હતો ઈ દયા. આ રતનચંદજી એવા પ્રશ્ન ઉઠે.. દયા એ ધર્મ છે.

મુમુક્ષુ :- એ તો ધવલમાં આવેને.

ઉત્તર :- આવે છે એ તો દયા ... રાગની ઉત્પત્તિ ન થાય. પુરૂષાર્થસિદ્ધિઉપાયમાં એ કહ્યું કે જ્ઞાતા-દૃષ્ટામાં રાગની ઉત્પત્તિ ન થાય અને વીતરાગી પર્યાયની ઉત્પત્તિ થાય એને

અહીંયાં અહિંસા કીધી છે. રાગની ઉત્પત્તિ થાય, ચાહે તો દયાનો રાગ હોય એ રાગથી પરને બચાવી શકે નહિ, પણ રાગ થયો એમાં આત્માના સ્વરૂપની હિંસા થઈ. આહા..હા..! ચૈતન્યના પ્રાણ શાંતિના ત્યાં હણાણા. આવી વસ્તુ જગતને ભારે. વીતરાગનો માર્ગ, વીતરાગનો માર્ગ તો રાગ રહિત જ હોયને. રાગ થાય એનો જાણનાર રહે. રાગ થાય એનો કર્તા થાય અને આને લઈને આ જીવી ગયો (એમ નથી). ... વચ્છરાજજી અને બાબુ ... વનમાળી.. ઉપડ્યો અંદર .. કાઢ્યો બહાર. નહિતર મરી જાત એમ કહે. .. આવી ભારે વાત!

મુમુક્ષુ :- એને જીવાડ્યો એ વાત તો સાચીને.

ઉત્તર :- જીવાડે કોણ? કોને જીવાડે? એનું આયુષ્ય હતું તે બહાર નીકળ્યો. ... વચ્છરાજજી. વૈશાખ મહિનામાં. ઈ પહેલા એક માણસ મરી ગયો નહિ ... ઈ ત્યાં. હા ત્યાં .. દશાશ્રીમાળી. જે ક્ષેત્રે જે મુદ્દતે, જે પ્રકારે જે સમયે જે રીતે થવાનું એમાં ત્રણ કાળ ત્રણ લોક દેવનો પણ અધિકાર નથી. આહા..હા..! ઈન્દ્રનો અધિકાર નથી. પદાર્થની પોતાની જ જ્યાં પર્યાય એ જાતની હોય ત્યાં બીજો કરે શું? રાખે શું અને તોડે શું? આહા..હા..!

કહે છે **''પર જીવોને હું જિવાડું છું...'** પરના પ્રાણ મારે લઈને રહ્યા છે. ઈન્દ્રિયો સાજી રહી, આ ફલાણું રહ્યું, નહિતર બધું .. જાત. ચાલ્યો જાત. એને ખવરાવ્યા, પીવરાવ્યા, ઉના-ઉના શીરા ખવરાવ્યા અને ... એમ માનનાર મૂઢ છે. મિથ્યાબુદ્ધિ છે કહે છે. નાના છોકરાને એની મા પાલવે તો પાલવવું કે નહિ? શું કરવું? ... છોકરાને પાળવું એ ધર્મ. ... પાળવું. પરને ... ... એમ કહે. એક બાઈએ આઠ કલાક છોકરાને દૂધ ન પાયું. .. . આવા ને આવા છે. કાંઈ ભાન જ ન મળે. અને ધર્મને નામે હા હો. .. હોસ્પિટલમાં ... નવા મકાનો. ત્યાં છોકરાઓ જઈ ચડ્યા નાના નાના. .. થોડા મજબુત હતા. ખુલ્લા હતા ખુલ્લા. બે છોકરા અંદર ગર્યા નાના બે-ત્રણ છોકરા. ત્યાં બારણા બંધ થઈ ગયા.

મુમુક્ષુ :- બારણા ઉઘાડેને.

ઉત્તર :- સાધુ આવ્યો હતો. સાધુથી પણ ઉઘડ્યા નહિ હવે? .. બહાર આવ્યો. એક છોકરાની મરવાની તૈયારી. બારણા ... .. એમ કરીને ઉપર લઈ ગયા. આમ ન કીધું... ઉઘાડે ત્યાં બે તો મરી ગયા. .. બંધ થઈ ગયુંને. એક મરવાની તૈયારી વળી રહી ગયો. .. માણસને શું ધર્મ અને કેમ પરિણામ એની ખબર ન મળે.

અહીં તો કહે **'એવો અધ્યવસાય ધ્રુવપણે (-અત્યંત ચોક્કસ) અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.'** આથી ઈ જાતની ખોટ નથી. બીજા ન હોય તો એને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૭૦

(अनुष्टुभ्)
मिथ्यादृष्टेः स एवास्य बन्धहेतुर्विपर्ययात्।
य एवाध्यवसायोऽयमज्ञानात्माऽस्य दृश्यते।।१७०।।

હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છે :-

શ્લોકાર્થ :- [अस्य मिथ्यादृष्टेः] મિથ્યાદષ્ટિને [यः एव अयम् अज्ञानात्मा अध्यवसायः दृश्यते] જે અજ્ઞાનસ્વરૂપ *અધ્યવસાય જોવામાં આવે છે [सः एव] તે અધ્યવસાય જ, [विपर्ययात्] વિપર્યયસ્વરૂપ (-વિપરીત, મિથ્યા) હોવાથી, [अस्य बन्धहेतुः] તે મિથ્યાદષ્ટિને બંધનું કારણ છે.

ભાવાર્થ : જૂઠો અભિપ્રાય તે જ મિથ્યાત્વ, તે જ બંધનું કારણ - એમ જાણવું. ૧૭૦.

**પ્રવચન-૩૮૮-૩૮૯માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**વૈશાખ વદ-૧૦, રવિવાર, તા. ૨૭-૦૫-૧૯૭૩**
**કળશ-૧૭૦, ગાથા - ૨૫૯ થી ૨૬૧, પ્રવચન-૩૯૦**

સમયસાર. બંધ અધિકાર ચાલે છે. અને બંધન આત્માનું થાય એનું મૂળ કારણ તો જીવનો અભિપ્રાય છે. મિથ્યાદર્શન .. છેને જ્યાં? એ અભિપ્રાયનો આશ્રય ઉંધો હોય જે માને છે એ પ્રમાણે થાતું ન હોય એવા ભાવને મિથ્યા-જૂઠો અભિપ્રાય કહે છે અને તે જ મિથ્યાત્વ છે. આમ કુગુરુ-કુશાસ્ત્રને કદાચિત્ માનતો ન હોય. સુગુરુ-શાસ્ત્ર આદિને માનતો હોય એમ કહેતો હોય, પણ એને માનવામાં હું બીજાને મદદ કરી શકું છું, સહાય કરી શકું છું, જીવાડી શકું છું, એટલે તેના પ્રાણની રક્ષા કરી શકું છું. એ બીજાના પ્રાણનો ઘાત કરી શકું છું એવો જે અભિપ્રાય છે તે મિથ્યાદષ્ટિને છે.

મુમુક્ષુ :- એના ઉપયોગમાં રાગની એકતા ક્યાં આવી?

ઉત્તર :- રાગની એકતા નથી. પરની સાથે એકતા આવી. રાગ તો એકકોર રહી ગયો.

પરને જીવાડું, પ્રાણ રક્ષા કરી મોટા છે, નાના છે બધાને નભાવું. આ શેઠિયા કહેને નોકરોને નભાવું.

મુમુક્ષુ :- એ તો મારા બાપા કરે છે.

ઉત્તર :- એના માટે કરતા હશે? ... ધૂળેય નથી કરતા એ તો પોતાની મમતા છે. અને મમતામાં પણ રળવાનું આવે એ તો પૂર્વના પુણ્ય હોય તો મળે. આ રળવાનો અભિપ્રાય છે. બહુ સારુ સાવધાન રાગનો માટે પૈસા પેદા થાય એ અભિપ્રાય જૂઠો છે. એ માન્યતા જૂઠી છે. એ અજ્ઞાની છે એને ધર્મ હોઈ શકે જ નહિ. એમ કહે છે. આહા..હા..! એ પરને અનુકૂળ સંયોગ આપી શકું, સરખી સામગ્રી આપું તો એને જાવજીવ દુઃખ જ ન થાય. એમ આ પૈસા .. તમારા .. થાવ લ્યો. પચાસ હજાર લાખ રૂપિયા આપીએ છીએ. એનું વ્યાજ આવે. પ્રવિણભાઈ! નિરાંતે ખાય. આવો જે અભિપ્રાય-શ્રદ્ધા એ તદ્દન મિથ્યા છે. ભગવાનજીભાઈ! હવે આ તો રહેવું કેવી રીતે આમાં? આ સંસારમાં. ધૂળેય પૈસા કોણ આપે? આપે કોણ અને લે કોણ? જેના અભિપ્રાયમાં એમ છે કે હું આ પૈસા દઈ શકું છું એ અભિપ્રાય મિથ્યાત્વ છે. આહા..હા..! એ મિથ્યાદર્શન શલ્ય છે. કહો, બરાબર છે? આ શું કરવું આવું? માણસને વીતરાગ ધર્મ શું છે એની એને ખબર નથી. આમ અમે દયા પાળીએ, વ્રત કરીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ, મંદિર બનાવીએ. ઈ અભિપ્રાય છે એ તદ્દન મિથ્યાત્વ છે. આહા..હા..! શું હશે આમાં ભગવાનજીભાઈ! આ તમારે ત્યાં બધું કર્યું છેને. રામજીભાઈ .. કર્યું છે. મોમ્બાસામાં. .. ફાળો વધારે.. એવું સાંભળ્યું હતું. એક ફેરી કાને આવ્યું હોય તો રહી ગઈ હોય વાત.

મુમુક્ષુ :- .. હોય એને

ઉત્તર :- ઈ જ કહે છે. બાપુ! તને ખબર નથી ધર્મ. ઈ અભિપ્રાય કે મેં આ પૈસા દીધા. મેં દીધા. એ માન્યતા જ જૂઠી છે. પૈસા જડ છે. જડને દેવું-લેવું એ આત્મા કરી શકતો જ નથી. શું હશે આમાં ..ભાઈ! ...

મુમુક્ષુ :- ફાળામાં લખાવી...

ઉત્તર :- લખે કોણ? લખાવી શકે ઈ ભાષા કોની? ભાષા જડની. આહા..હા..! રસીકભાઈ! શું હશે આ બધું? આવું બધું .. હશે? આમ જૈન નામ ધરાવે અમે શ્રાવક છીએ, અમે શ્રાવિકા છીએ, ઓલો કહે અમે સાધુ છીએ. અને આવા અભિપ્રાય જૂઠાં. તદ્દન મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. ધર્મની એને ગંધ નથી. આહા..હા..! એ કહે છે જુઓને.

**'જૂઠો અભિપ્રાય તે જ મિથ્યાત્વ,...'** છે. જમીન આપું આટલી તમારે .. મકાન થાય અને તમારે રહેવાનો ઓટલો થાય. લ્યો એમ કહે છેને. કાંઈ ભૂખ્યા-તરસ્યા રહી શકાય? પણ ઓટલા વિના રહેવાય? મકાન ઘરના હોય તો ઠીક પડે એમ વાતું કરે માણસ.

મુમુક્ષુ :- ... ઘર વગર ન રહેજો.

ઉત્તર :- ઘર વગરના.. એના બાપનું હતું ત્યાં. ... આ વીતરાગનો આવો ધર્મ હશે? આહા..હા..! ... નિરાંતે પછી ખાશું. ... બે ખેતર આપીએ દસ-દસ વીઘાનો તો નિરાંતે રોટલો મળી રહે એને. એમ હું આપું છું આ. આ ભૂદાન નથી આપતા? .. ભૂદાન મોટું કરું છું. કહે છે કે આ પૃથ્વીનો કટકો હું આને આપું છું. આહા..હા..! એ અભિપ્રાય તદ્દન મિથ્યાત્વ છે. ... ભાઈ! સાચી વાત છે? વીતરાગ માર્ગ તો આ છે. એનો અર્થ પરવસ્તુને દઈ શકું, લઈ શકું એ વાત જ મિથ્યાત્વ છે. અભિપ્રાય જ જૂઠો છે. એના કારણે આવે ને જાય. એને ઠેકાણે કહે મારે કારણે આ લક્ષ્મી આવી, મારા પુણ્યને કારણે. બરાબર વ્યવસાય, કારખાના. .. કારખાના, આ ડોક્ટરપણા સેવ્યા આટલી દવાઓમાં હુશિયાર કર્યા. ભાઈ બલુભાઈ બહુ કહેતા. ..ભાઈ તમારી સાથે રહેતા મુંબઈ. પચાસ લાખનું દવાખાનું છેને એને. પચાસ લાખ. મુંબઈ જઈએ તો પછી દવાખાના જાઈએ. ... કીધું આ બધું તમારું દવાખાનું ... ગયા હતા જોવા. આહાર કરવા નહિ ત્યાં? એ પછી બાટલા ભરાય પાણીના .. જોઈએ. આ અમે કરી શકીએ છીએ પરનું, જડનું, ઔષધનું, લોહીનું કરે છેને ... પચાસ લાખનું દવાખાનું. આહા..હા..! અરે..! કોણ કરે ભાઈ! તારી સત્તા તો તારામાં કામ આવે. તારી સત્તા પરસત્તામાં કામ આવે? પરના હોવાપણામાં તારો અધિકાર કાંઈ છે? આહા..હા..! એવી માન્યતા કે હું આને ઔષધ દઈ શકું કે જેથી એનો રોગ મટી જશે. અન્નદાન દઉં, અન્ન આપું તો એનુ ક્ષુધા મટશે, પાણી આપું તો તૃષા મટે, ચોપડવાના તેલ આદિ .. તો એના ગુમડા-ગુમડા.. એય..! ગીરધરભાઈ! આ શું કહેતા હશે? ત્યાં કરતા હશે કે નહિ ... આહા..હા..! ભાઈ! ધર્માત્મા ત્રિલોકનાથ તીર્થંકરનો માર્ગ દ્રવ્યની ભિન્નતા એમાં કોઈ દ્રવ્યનું કોઈ દ્રવ્યનું કાંઈ કરે એ માન્યતા મિથ્યાદર્શન શલ્ય છે અને એ શલ્ય છે ત્યાં સુધી એને જરીએ ધર્મની ગંધ ન થાય. સામાયિક કરું, પોષા કરું એ બધું મિથ્યાત્વ. આહા..હા..! એય..! જયંતિભાઈ!

મુમુક્ષુ :- આવું મુંબઈમાં નહોતા કહેતા.

ઉત્તર :- મુંબઈમાં બે-ચાર.. ભડકે બિચારા. આઠ-આઠ હજાર માણસ, દસ-દસ હજાર માણસ ત્યાં. અહીં તો સ્વાધ્યાયનો કાળ છેને અત્યારે. ત્યાં તો વ્યાખ્યાનો થાય. ત્યાં દસમાં આવું માંડે તો. આવે પણ ... આહા..હા..!

'**જૂઠો અભિપ્રાય તે જ મિથ્યાત્વ, તે જ બંધનું કારણ...**' મિથ્યાત્વભાવ તે જ બંધનું કારણ. ભલે પછી એને કષાયની મંદતા હોય કે દયા, દાનના પરિણામ હોય, પણ એ પરિણામમાં હું પરની દયા પાળી શકું છું, પરની હિંસા કરી શકું છું, પરને અનુકૂળ સંયોગ દઈ શકું છું. સંયોગ દઈ શકું એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહા..હા..! બીજાને હું પ્રતિકૂળ સંયોગની પ્રાપ્તિ કરાવી શકું છું. અત્યારે... સમજાણું? આહા..હા..! ... એ થાય .. સમજ્યાને?

.. નાખ્યું હોય ઝેર તો આ અમે ખાશું તો મરી જઈશું. આવો જે અભિપ્રાય છે. તદ્દન મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? મહાપાપ છે. મોટું બંધન છે. ચાર ગતિમાં નરક અને નિગોદમાં જનારા એ ભાવ છે. આહા..હા..! જગતને... સૂઝ પડતી નથીને.

બે સિદ્ધાંત સિદ્ધ કર્યા અહીં. કે જૂઠો અભિપ્રાય તે જ મિથ્યાત્વ છે અને તે જ બંધનું કારણ છે. પાછા બંધના કારણમાં આ મુખ્ય કારણ છે. પછી .. સાધારણ.. આહા..હા..! **'એમ જાણવું.'** લ્યો આ એક લીટીમાં તો કેટલું ભર્યું છે! આત્મા પોતાના સિવાય કોઈપણ કર્મના રજકણને-કર્મને હું બાંધુ અને કર્મને તોડી શકું છું. એ અભિપ્રાય તદ્દન મિથ્યાત્વ છે. લે ઠીક! કારણ કે કર્મ એ જડ ચીજ છે. જડને આત્મા બાંધે એ જૂઠી વાત છે અને જડને આત્મા છોડે. આ સ્વતંત્ર આત્મા .. કર્મ ખરે નિર્જરા થાય થોડી. આહા..હા..! એમાં .. હોય અને .. જો ચડાવે માથે તો ..નું પુણ્ય થાય. પુણ્ય થાયને? લાભ થાય એમ કહે. ..નો લાભ થાય. ધૂળેય લાભ નથી સાંભળને. આહા..હા..! ગજબ વાતું છે! એ ચીજ ન આવી એ તો એને કારણે ન આવી. તે છોડ્યો આહાર માટે આહાર છૂટી ગયો એમ નથી. આહા..હા..! રાગનો ભાવ તને થયો કે હું આહાર છોડું, માટે આહાર નથી આવ્યો અને આહાર છોડ્યો છે ઈ વાતમાં મિથ્યાત્વભાવ છે. ભારે આ તો! મીંદડું કાઢતા ઉંટડું પેસ્યું. એટલે કે હું કાંઈક આને આહારનો ત્યાગ કરું છું. આ જડ વસ્તુ છેને ઈ આજ મારે ખાવી નથી. એટલે તું ખાઈ શકે છે એને? એ આહારનો કોળિયો લઈ શકે છે તું?

મુમુક્ષુ :- ... નહિ?

ઉત્તર :- હાથ પણ ઉંચો થઈ શકતો નથી આત્માથી ત્યાં પ્રશ્ન શું? આત્મા હાથ ઉંચો કરીને આમ કોળીયો કરે એ માન્યતા મિથ્યાદષ્ટિની છે.

મુમુક્ષુ :- ખાય છે એમ દેખાય છે.

ઉત્તર :- શું? એ તો થાય છે એમ દેખાય છે. પણ આત્માએ આ કર્યું એમ ક્યાં દેખાય છે ત્યાં? આહા..હા..! આવો ધર્મ વીતરાગનો કેવો? આમ માને કે હું કર્તા નથી. પણ આમ માને છે કે અમે આ પરનું કરીએ તો થાય. ઈશ્વર કર્તા થયો ઈ. જૈનમાં જન્મ્યા એને જૈનની ખબર ન મળે હજી. મિથ્યાદષ્ટિ છે અને મિથ્યાદષ્ટિ એ જ જૂઠો અભિપ્રાય છે. અને તે જ બંધનું કારણ એમ પાછું ઓલા અવ્રત અને પ્રમાદ.. એની અહીં વાત ન લીધી. મૂળ બંધનું કારણ છે. આહા..હા..! વિપરીત અભિપ્રાય તે મિથ્યાત્વ. તત્ત્વાર્થ શ્રદ્ધાન .. એનાથી વિપરીત માન્યતા. આહા..હા..! આમ કરીને હું બીજાને હણી શકું, શસ્ત્ર હું ઉપાડી શકું એ બધી પરની ક્રિયાનો કર્તા માને અભિપ્રાયમાં ... નથી. તલવાર એનાથી ઉંચી થઈ છે. તો આ કહે કે મેં ઉંચી કરી અને મેં આને માર્યો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! રોટલી થાયને તાવડીમાં? તો મેં આમ બરાબર ધ્યાન રાખ્યું ફુલીને દડો થાય. જુઓને આ

ગોરણું કરવા વખતે .. અંદર લોટ નાખે થોડો તો બે પડ જુદા થાય આ ક્રિયા મારાથી થાય છે. મિથ્યાદૃષ્ટિ એનો અભિપ્રાય જૂઠો. આહા..હા..! અને એ અભિપ્રાય જૂઠો એ જ મિથ્યાત્વ છે અને એ એક જ બંધનું કારણ છે ખરેખર તો. આહા..હા..!

નીચે કહ્યું છે થોડું. 'જે પરિણામ મિથ્યા અભિપ્રાયસહિત હોય...' સ્વપરમાં એકત્વ અભિપ્રાય સહિત ... આહા..હા..! કાયાથી કામ કરી શકું, વાણીથી કરી શકું, મન રજકણો જડ અને આનાથી હું કામ લઈ શકું, શસ્ત્રથી લઈ શકું એ બધી માન્યતા, જડનો સદુપયોગ કરી શકું શરીરનો. કહેતા હતાને ઈ ભાઈ તમારા ગીરધરભાઈ! .. આ બધા. શરીરનો સદુપયોગ કરો, લક્ષ્મીનો સદુપયોગ કરો. લક્ષ્મી મળી હોય પાંચ-પચ્ચીસ લાખ .. કરે. તારો પૈસો છે? આહા..હા..! રાગની મંદતા હો તો પુણ્ય થાય, પણ એને લઈને, મારે લઈને આ લક્ષ્મી મેં દીધી એની સાથે મિથ્યાત્વનું લાકડું મોટું ખોસ્યું. આહા..હા..! એક તત્ત્વને બીજા તત્ત્વની સાથે કાંઈ સંબંધ નથી. સંબંધ નથી. એને અહીં સંબંધ માન્યો અને આનાથી આ થયું. આવી વાત છે. સાધારણ રીતે તો .. પણ એનો અર્થ આ છે. એ બંધનું કારણ એમ જાણવું. આહા..હા..!

મુમુક્ષુ :- મિથ્યાત્વ થાય ત્યારે જ આ સમજાય.

ઉત્તર :- .. થાય ત્યારે માંડ પકડાય. .. જે ચાલે એ પરને મારી શકે નહિ .. પણ એનો અર્થ શું? આહા..હા..! આ બાયડી અર્ધાંગના કહેવાય લ્યો. એનો હાથ પકડે ત્યારે નભાવાનું બોલે છે કે નહિ? બોલે છે ત્યાં. આવ્યું? છાપામાં આવ્યું હતું કે આવા બોલથી પરાધીનતા થઈ જાય છે. એવા બોલ ન બોલવા એવું આવ્યું હતું છાપામાં. પરણે ત્યારે. બીજા આવ્યા હતા.. છાપામાં. આપણને તો કાંઈ ખબર નહોતી. .. બોલેલા. તમે આમ કર્યું, તમે આમ કર્યું, ફલાણે આમ કર્યું. ... બોલાતું હશે? ... છાપામાં આવ્યું હતું હમણા. લગન વિધિમાં આવે ઈ. સાત બોલ. ઈ સાત બોલ લખ્યા હતા. ... આ તમે આવું કબુલ કરાવો તો એકબીજામાં વિશ્વાસ આવે. બંધ થયો એમાં. એય..! જો આવી કબુલાત કરાવો.. મુસલમાનમાં તો છે એની ખબર છે. ... નહોતો અમારે.. ગુજરી ગયા. એના લગન હતા. તો .. કબુલ? કબુલ એમ. બોલતા ઈ ખબર છે. એમ કે .. લાવવી પડશે તમારે. સમજ્યાને? આમ કરવું પડશે? કબુલ? બીજા શબ્દો હતો બીજા. .. આટલું સાંભળ્યું. ..કબુલ? કબુલ. લાકડાની બારી લાવવી પડશે. એટલે તમને પરણીએ છીએ એટલે બધી સામગ્રી લાવી દેવી પડશે. આહા..હા..! .. એ છાપામાં આવ્યું હતું હોં. કે આવું જ્યારે તમે બીજા પાસે કબુલ કરાવો છો તો એકબીજાના .. કરો છો તમે. ... આહા..હા..!

## ગાથા-૨૫૯

एसा दु जा मदी दे दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।
एसा दे मूढमदी सुहासुहं बंधदे कम्मं।।२५९।।
एषा तु या मतिस्ते दुःखितसुखितान् करोमि सत्त्वानिति।
एषा ते मूढमतिः शुभाशुभं बध्नाति कर्म।।२५९।।

परजीवानहं हिनस्मि, न हिनस्मि, दुःखयामि, सुखयामि इति य एवायमज्ञानमयोऽध्यवसायो मिथ्यादृष्टेः, स एव स्वयं रागादिरूपत्वात्तस्य शुभाशुभन्धहेतुः।

હવે, આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે એમ ગાથામાં કહે છે :-

આ બુદ્ધિ જે તુજ-'દુખિત તેમ સુખી કરું છું જીવને',
તે મૂઢ મતિ તારી અરે ! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯.

ગાથાર્થ :- [ते] તારી [या एषा मतिः तु] જે આ બુદ્ધિ છે કે હું [सत्त्वान्] જીવોને [दुःखितसुखितान्] દુઃખી-સુખી [करोमि इति] કરું છું, [एषा ते मूढमतिः] તે આ તારી મૂઢ બુદ્ધિ જ (મોહસ્વરૂપ બુદ્ધિ જ) [शुभाशुभं कर्म] શુભાશુભ કર્મને [बध्नाति] બાંધે છે.

ટીકા :- 'પર જીવોને હું હણું છું, નથી હણતો, દુઃખી કરું છું, સુખી કરું છું' એવો જે આ અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદૃષ્ટિને છે, તે જ (અર્થાત્ તે અધ્યવસાય જ) પોતે રાગાદિરૂપ હોવાથી તેને (-મિથ્યાદૃષ્ટિને) શુભાશુભ બંધનું કારણ છે.

ભાવાર્થ :- મિથ્યા અધ્યવસાય બંધનું કારણ છે.

## ગાથા-૨૫૯ ઉપર પ્રવચન

'હવે, આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે એમ ગાથામાં કહે છે :-' આહા..હા..! ૨૫૯.

एसा दु जा मदी दे दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।
एसा दे मूढमदी सुहासुहं बंधदे कम्मं।।२५९।।

આ બુદ્ધિ જે તુજ-'દુખિત તેમ સુખી કરું છું જીવને',
તે મૂઢ મતિ તારી અરે ! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯.

પુણ્ય બાંધો. બાંધેને મિથ્યાત્વસહિત? આહા..હા..! સમજાણું કાંઈ? પરની દયા પાળી શકું છું એવો ભાવ શુભ છે. પણ સાથે એ મિથ્યાત્વ છે એટલે મિથ્યાત્વસહિત એને પુણ્ય બંધાય છે. અને પરને મારી શકું છું એ ભાવ પાપ છે. પણ મારી શકું છું, મારું એ પાપ છે. પણ મારી શકું છું એ મિથ્યાત્વ છે. આહા..હા..! વાતમાં ફેર બહુ પણ હવે. પછી ઓલો અમારે છેને એક પ્રશ્નનારદ નહિ? અમૃતલાલ. આ તો બધા બાવા થઈને જંગલમાં જઈએ ત્યારે સમજાશે. પણ બાવો જ છો સાંભળને. ..વાળા. પ્રશ્નનારદ છે ઈ. હતાને. ક્યાંક આવ્યા હતાને. કલકત્તા આવ્યા હતા. હા. આમ તો આવે. ... બાયડી મરી ગઈ, કોઈ નથી અને પૈસા છે. મકાનના .. ઘણા આવે છે. એકલો છે તો ... વાળાને કહે.. એકલાનું કામ શું છે? ... આપીશ... હું આવું ત્યારે રોટલી કરવી. આ જાતની દાળ, આ જાતનું શાક... જાવ. અહીં તો ... નથી ત્યાં રહેતા. ધનબાદ શું કહેવાય? ઝરીયા રહે છે. આવ્યા હતા. આવે તો ખરા. અહીં આવેને સાંભળવા આવે. આહા..હા..! આવી વાત કહે છે કે .. જઈએ તો અમે સંસારમાં ઉભા ન રહી શકીએ. ..ભાઈ! શું હશે આ બધું? તમારા .. જેવા માણસને પણ આવું? આહા..હા..!

વીતરાગ ત્રણ લોકના નાથ ઈન્દ્રની સમક્ષમાં આ કહેતા હતા. સંતોની સમક્ષમાં ચક્રવર્તી છ ખંડના ધણી. છન્નું હજાર જેના ઘરે સ્ત્રી ઈ માને કે આ સ્ત્રી મારી, મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અભિપ્રાયમાં કે આ છોકરા મારા, આ સ્ત્રી મારી, આ મકાન મારા, મૂઢ છે કહે છે. આહા..હા..! ભારે! શ્રીમદ્દે દાખલો આપ્યો છે. શેરીમાં જઈએ પચાસ ઘર હોય. તો પચાસ ઘર જોયું તો આમ જાણવાનું છે. પણ જ્યાં પોતાનું ત્યાં આ મારું ઘર. મારું ક્યાંથી આવ્યું? પચાસ છે એમ જાણે છે કે આ છે. એમાં આ મારું છે એ ક્યાંથી આવ્યું? ભગવાનજીભાઈ! છે એમાં. શેરીમાં પચાસ ઘર હોય એમાં ચાલ્યો જાય છેને પછી દેખે છે. જેમ આ દેખે એમ એ દેખે, એમ .. દેખે. એમાં ઓલું ઘર .. માન્યું છેને .. આહા..હા..! ઉગમણે-આથમણે બરાબર હવા આવે એવી બારી-બારણા મૂકીને ઉઘાડે લ્યો. ઉઘાડે ત્યાં બારી આગળ ખુરશી નાખીને બેસે. આમ હવા આવવી જોઈએ ઉગમણે, તડકો આવવો જોઈએ, આમ જઈએ તો આ આવવું જોઈએ.

મુમુક્ષુ :- ... એટલે

ઉત્તર :- ધ્યાન, ધૂળેય નથી. ઈ તો એને લઈને છે. ... બનાવી શકું છું એ અભિપ્રાય જ મિથ્યાત્વ છે. આહા..હા..! ભારે વાત આમાં! .. બહુ મકાન આપ્યા ત્યાં. દોઢ લાખનું ભાડું ઉતરશે મકાનનું. બધા આપી દીધા છે ભાડે. ... હિન્દુસ્તાનવાળાને આપી દીધા છે

નહિ? એવું સાંભળ્યું છે. એવું સાંભળ્યું તો હોયને આ ઘરના માણસો બધા એવી વાતું તો કરેને કે ભગવાનજીભાઈને આમ હતું. આહા..હા..! દોઢ લાખનું તો ભાડું આવતું એનું. ..માં તો એટલા મકાન ત્યાં હતા. ક્યાં? મોમ્બાસા? ... કોઈક એવી વાતું કરતું. આહા..હા..! શેના મકાન બાપા! તું જડમાં .. ત્યાં માને કે મેં ચલાવ્યું અને ... .. બેસતા ભાઈ. આ તો બધું જોયેલુંને. હુશિયાર હતાને સંસારમાં? આપણે દશાશ્રીમાળીમાં તો તે દિ' પૈસા આટલા નહોતા. હવે થઈ ગયા ૨૦ લાખ, ૫૦ લાખ, કરોડ ને બે કરોડ ને દસ કરોડ. તે દિ' તો બે લાખ રૂપિયા તો ઓહો..હો..! ૬૦ વર્ષ પહેલાની વાત છે હોં. દસ લાખની પુંજી અને ચાલીસ હજારની ઉપજ. દામોદર શેઠ. વજુભાઈ! તે દિ' નહોતું તમારી પાસે એટલું બધું તમારા બાપ પાસે ત્યાં. અત્યારે છેને એમ લોકો કહે છે. છે તો એને કારણે છે એ આને કારણે છે એમ ક્યાં આવ્યું? આહા..હા..!

તત્ત્વની વાત એવી ઝીણી છે કે એક તત્ત્વને બીજા તત્ત્વની સાથે કાંઈ સંબંધ જોડી દેવો. આહા..હા..! ટીકા છે જુઓ. ''**પર જીવોને હું હણું છું, નથી હણતો,...**' એટલે જીવાડું છું એમ. પર જીવોને ઓહો..હો..! આને મારવો નથી હવે. એ નહિ મરે. એ બેય અભિપ્રાય જૂઠાં છે. આહા..હા..! અને '**દુઃખી કરું છું,...**' એટલે? જીવને હણું છું એટલે એના પ્રાણઘાત કરું છું, જીવને હણું એમ નથી, પણ એના જીવના પ્રાણઘાત હું કરું છું. નથી હણતો એટલે પ્રાણઘાત નહિ કરતા એની રક્ષા કરું છું. એ અભિપ્રાય તદ્દન મિથ્યાત્વ છે. આહા..હા..! કુદેવ, કુધર્મને માને ત્યાં મિથ્યાત્વના આ લાકડા ક્યાંથી પાછા આવ્યા? અનાદિથી અગૃહીત છે.

'**સુખી કરું છું...**' હું બીજાને અનિષ્ટ સંયોગ દઈ શકું છું. અનિષ્ટ સંયોગમાં એને એવી રીતે સેવ્યો કે એ દુઃખી થશે હવે. આહા..હા..! મિથ્યા અભિપ્રાય છે કહે છે. મેં એને ઈષ્ટ સંયોગ આપ્યો સુખી છું. અનાજ, પાણી, .. કપડા, ઔષધ, ઔષધશાળા બનાવે છે કે નહિ? એ મેં ઔષધશાળા બનાવી. મંદિરો મેં કર્યા, એને ભગવાનની પ્રતિમા લાવીને અમે પધરાવી એવો જે અભિપ્રાય તદ્દન જૂઠો છે કહે છે. કહો, સમજાણું કાંઈ? એ '**સુખી કરું છું' એવો જે આ અજ્ઞાનમય અધ્યવસાય...**' અધ્યવસાનનો અર્થ એટલે .. છે ત્યાં. ભિન્ન ન રાખવી. ભિન્ન છે એમ રાખવી નહિ. .. છે તેને કર્તૃત્વ મારું છે એમ એણે માન્યું. આહા..હા..! '**એવો જે આ અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદષ્ટિને હોય છે,...**' આહા..હા..! જેને જૈનધર્મ શું છે એની જેને ખબર નથી એ જૈનના વાડામાં જન્મેલાને ખબર નથી કે જૈન શું કહે છે? ઈ જૈન જ નથી એમ કહે છે. આહા..હા..!

'**તે જ (અર્થાત્ તે અધ્યવસાય જ) પોતે રાગાદિરૂપ હોવાથી...**' તે અધ્યવસાય પરને જીવાડી શકું, પ્રાણઘાત રક્ષા કરી શકું, પ્રાણઘાત કરી શકું, ઈષ્ટ-અનિષ્ટની પ્રાપ્તિ એને

કરાવું, અનુકૂળ સંયોગ કરાવું એવો જે ભાવ એ રાગાદિરૂપ એટલે રાગની એકતારૂપ ભાવ એ રાગાદિરૂપ ભાવ છે. જ્ઞાનમયભાવ નહિ એમ. એ રાગની એકતાબુદ્ધિનો ભાવ '**તેને (-મિથ્યાદષ્ટિને) શુભાશુભ બંધનું કારણ છે.**' લ્યો, એ પુણ્ય બંધાય છે દયા પાળું છું એનો ભાવ હશે તો એને મિથ્યાત્વ સાથે લાકડું છે. સમજાણું કાંઈ? દાખલો નહોતો આપ્યો મીંદડાનો? ડોશી હતી એક ડોશી. મીંદડું મરી ગયું મીંદડું એના વાડામાં. વાડો .. જોતી હતી બાઈ. એમાં મીંદડું મરી ગયું. હવે? જ્યાં જોવા જાય ત્યાં ઓલું મીંદડું મરી ગયું હવે શું કરું? હરિજનને બોલાવશું તો કાંઈક આપવું પડશે ... જે દાણા તો આપવું પડેને? તો ખાનગી ટોપલામાં રાખ ભરી ચુલામાંથી. અને ગઈ વાડામાં. ઝાંપો થોડો ઉઘાડો. નીકળવા માટે.. મીંદડું... બહાર જ્યાં નીકળે ત્યાં માંદડું ઉંટડું ત્યાં મરવાની તૈયારીવાળી. ઈ જ્યાં બહાર નાખવા ગઈ ત્યાં ઉંટડું અંદર પેઠું. મરી ગયું અંદર. હવે શું કરવું? આ તો કાંઈ રાખમાં નાખીને ઉપાડીને નખાય એવું નથી. આહા..હા..! આવી વાત. મીંદડું કાઢતા ઉંટડું પેસ્યું. હવે શું કરવું? ચારમણ દાણા દેવા પડશે એને. .. કરવું. આહા..હા..! અજ્ઞાનીએ આમ જ કર્યું છે અનાદિથી હોં. પણ એને ખબર નથી. એમ હું પરની દયા પાળી શકું છું, સ્વની દયા પાળી શકું છું એવો ભાવ શુભ છે, પણ પાળી શકું છું એની સાથે અશુભ પાપનું ઉંટડું ગરી ગયું ભેગું સાથે. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો.

એ શુભાશુભ બંધનું કારણ છે. એ પણ શુભનો તો બંધ પડશેને? મિથ્યાત્વનો અશુભ બંધ સાથે છે એમ કહે છે. મિથ્યાત્વની સાથે અઘાતિના કર્મ પુણ્યબંધ .. એમ વાત છે. બંધાય છે અબંધસ્વરૂપ. ભગવાન અબંધસ્વરૂપ છે એને એ બંધ પડે છે માથે. ઘા પડ્યા માથે. આહા..હા..! મિથ્યાત્વના ઘા પડ્યા. હણાઈ ગયો આત્મા. એ હણાય એમાં સૂઝ પડે નહિ. હણાવું તો કાંઈ બીજો મરી જાય કે આમ થાય ત્યારે.. ઈ મરી ગયો નહિ, તું મરી ગયો સાંભળને. આને હું મારી શકું અને આને હું જીવાડી શકું.

મુમુક્ષુ :- આવું તો બીજા કોઈ શાસ્ત્રમાં નથી.

ઉત્તર :- બધે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે નહિ એમાં બધું છે. એનો વિસ્તાર છે. એક તત્ત્વ-દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકતો નથી. કેમકે એક દ્રવ્યમાં બીજા દ્રવ્યની નાસ્તિ છે. ઈ એક જ બોલવાનું.. આ તો એને વિસ્તાર કરીને લોકો આ રીતે સમજે છે. આહા..હા..! કહો, ગીરધરભાઈ! આહા..હા..! સાધુ નામ ધરાવે અને મેં આ કરાવ્યું... મેં આ કરાવ્યું... કેટલા પોષા, પડિક્કમણા કરાવ્યા? .. હતો આમ.. શું ધૂળ કરાવે સાંભળને? એના પરિણામ થયા એ તો શુભ. ઈ મેં કરાવ્યા એ જ મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- થોડો લાભ મળે?

ઉત્તર :- ના, ઘણો લાભ મળે મિથ્યાત્વનો. ઈ શેઠ .. ભાતુ નાખજો. પહેલા બહાર

જાય તો ભાતુ નાખે. પચ્ચખાણ કરો તમને લાભ મળે. ધૂળેય નથી. મિથ્યાત્વનો લાભ છે. મનસુખભાઈ!

મુમુક્ષુ :- મિથ્યાત્વ...

ઉત્તર :- મિથ્યાત્વ .. નરકમાં નિગોદ જવાનો. એવી વાત છે, બાપા! માર્ગ એવો છે. દુનિયાને સાંભળવા મળ્યો નથી. બિચારા વાડામાં પડ્યા અને .. નામ ધરાવે, .. નામ ધરાવે, દિગંબર નામ ધરાવે, પણ વસ્તુ ભગવાન શું કહે છે ઈ સાંભળવા મળ્યું નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ... દસ-બાર વર્ષ ...

ઉત્તર :- .. હોય છે. માન્યતા એ સંસાર એમ જ અનાદિથી ચાલે છે. આહા..હા..! જેના અભિપ્રાયમાં આ પરને લઈને મારાથી કાંઈક થાય અને મારે લઈને પરમાં કાંઈક થાય મહા અભિપ્રાય જૂઠો પાપ મહા મિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વ પાપ જ બંધનું કારણ છે. ભલે પછી કષાયની મંદ સાથે થયો હોય, પણ એ મિથ્યાત્વ છે એ જ મહાબંધનું કારણ છે. આહા..હા..!

'ભાવાર્થ :- મિથ્યા અધ્યવસાય બંધનું કારણ છે.'

## ગાથા-૨૬૦-૨૬૧

अथाध्यवसायं बन्धहेतुत्वेनावधारयति -

दुक्खिदसुहिदे सत्ते करेमि जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।।२६०।।
मारिमि जीवावेमि य सत्ते जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।।२६१।।
दुःखितसुखितान् सत्त्वान् करोमि यदेवमध्यवसितं ते।
तत्पापबन्धकं वा पुण्यस्य वा बन्धकं भवति।।२६०।।
मारयामि जीवयामि वा सत्त्वान् यदेवमध्यवसितं ते।
तत्पापबन्धकं वा पुण्यस्य वा बन्धकं भवति।।२६१।।

य एवायं मिथ्यादृष्टेरज्ञानजन्मा रागमयोऽध्यवसायः स एव बन्धहेतुः इत्यवधारणीयम्। न च पुण्यपापत्वेन द्वित्वाद्बन्धस्य तद्धेत्वन्तरमन्वेष्टव्यं; एकेनैवानेनाध्यवसायेन दुःखयामि मारयामि इति, सुखयामि जीवयामीति च द्विधा शुभाशुभहङ्काररसनिर्भरतया द्वयोरपि

पुण्यपापयोर्बन्धहेतुत्वस्याविरोधात्।

હવે, અધ્યવસાયને બંધના કારણ તરીકે બરાબર નક્કી કરે છે - ઠરાવે છે (અર્થાત્ મિથ્યા અધ્યવસાય જ બંધનું કારણ છે એમ નિયમથી કહે છે) :-

કરતો તું અધ્યવસાન-'દુખિત-સુખી કરું છું જીવને',
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦.
કરતો તું અધ્યવસાન-'મારું જિવાડું છું પર જીવને',
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.

ગાથાર્થ :- '[सत्त्वान्] હું જીવોને [दुःखितसुखितान्] દુઃખી-સુખી [करोमि] કરું છું' [एवम्] આવું [यत् ते अध्यवसितं] જે તારું *અધ્યવસાય, [तत्] તે જ [पापबन्धकं वा] પાપનું બંધક [पुण्यस्य बन्धकं वा] અથવા પુણ્યનું બંધક [भवति] થાય છે.

'[सत्त्वान्] હું જીવોને [मारयामि च जीवयामि] મારું છું અને જિવાડું છું' [एवम्] આવું [यत् ते अध्यवसितं] જે તારું અધ્યવસાન, [तत्] તે જ [पापबन्धकं वा] પાપનું બંધક [पुण्यस्य बन्धकं वा] અથવા પુણ્યનું બંધક [भवति] થાય છે.

ટીકા :- મિથ્યાદષ્ટિને જે આ અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય છે તે જ બંધનું કારણ છે એમ બરાબર નક્કી કરવું. અને પુણ્ય-પાપપણે (પુણ્ય-પાપરૂપે) બંધનું બે-પણું હોવાથી બંધના કારણનો ભેદ ન શોધવો (અર્થાત્ એમ ન માનવું કે પુણ્યબંધનું કારણ બીજું છે અને પાપબંધનું કારણ કોઈ બીજું છે; કારણ કે એક જ આ અધ્યવસાય 'દુઃખી કરું છું, મારુ છું' એમ અને 'સુખી કરું છું, જિવાડું છું' એમ બે પ્રકારે શુભ-અશુભ અહંકારરસથી ભરેલાપણા વડે પુણ્ય અને પાપ - બન્નેના બંધનું કારણ હોવામાં અવિરોધ છે (અર્થાત્ એક જ અધ્યવસાયથી પુણ્ય અને પાપ - બન્નેનો બંધ થવામાં કોઈ વિરોધ નથી.)

ભાવાર્થ : આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે. તેમાં, 'જિવાડું છું, સુખી કરું છું' એવા શુભ અહંકારથી ભરેલો તે શુભ અધ્યવસાય છે અને 'મારું છું, દુઃખી કરું છું' એવા અશુભ અહંકારથી ભરેલો તે અશુભ અધ્યવસાય છે.અહંકારરૂપ મિથ્યાભાવ તો બન્નેમાં છે; તેથી અજ્ઞાનમયપણે બન્ને અધ્યવસાય એક જ છે. માટે એમ ન માનવું કે પુણ્યનું કારણ બીજું છે અને પાપનું કારણ બીજું છે. અજ્ઞાનમય અધ્યવસાય જ બન્નેનું કારણ છે.

## ગાથા-૨૬૦-૨૬૧ ઉપર પ્રવચન

'હવે, અધ્યવસાયને બંધના કારણ તરીકે બરાબર નક્કી કરે છે - ઠરાવે છે (અર્થાત્ મિથ્યા અધ્યવસાય જ બંધનું કારણ છે એમ નિયમથી કહે છે) :-'

दुक्खिदसुहिदे सत्ते करेमि जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।।२६०।।
मारिमि जीवावेमि य सत्ते जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।।२६१।।

ભગવાન ત્રિલોકનાથનો આ સંદેશ છે. ભગવાનનું આ કથન છે. આહા..હા..!

**કરતો તું અધ્યવસાન-'દુખિત-સુખી કરું છું જીવને',**
**તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦.**
**કરતો તું અધ્યવસાન-'મારું જિવાડું છું પર જીવને',**
**તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.**

જીવનો અર્થ .. એમ.

'**ટીકા :- મિથ્યાદષ્ટિને...**' જેની માન્યતા જૂઠી છે એને '**જે આ અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય...**' દેખો, એ ભાન વિના મૂઢથી જન્મતો ઉત્પન્ન થતો રાગમય અધ્યવસાય મિથ્યાત્વ. રાગમય અધ્યવસાય. એકતાબુદ્ધિ છે. આહા..હા..! આ ટીકાનો અર્થ અહીંનો છે ક્યાંક જયસેનાચાર્યમાં મારે તો અહીં બીજું કહેવું છે. એ ત્યાં એમ કહે છે કે નિર્વિકલ્પ સમાધિમાંથી નીકળ્યો છે છતાં તે જ્ઞાનનો આવો વિકલ્પ હોય એમ.. ઓલા કહે છેને વિકલ્પમાં આવેલા ... નિર્વિકલ્પ.. આવા ને આવા ગપ્પ મારે છે. જયસેનાચાર્યમાં ટીકા છે કે નિર્વિકલ્પ સમાધિમાં અંતરમાં રહી શકે નહિ એને બહારનો વિકલ્પ એવો આવે એમ. એ જ્ઞાનીને આવ્યો એમ. આ અજ્ઞાની વિકલ્પવાળો ... આવા ને આવા જગતને મારી નાખ્યા. એક જણે સંથારો કર્યો. જ્ઞાનસાગર નહિ? સંથારો કર્યો. સંથારો કર્યો છાપામાં આવ્યું. ... બ્રહ્મચારી હતા. ... હતું.

નિર્વિકલ્પ વીતરાગતા હોય એને જ્ઞાની કહીએ, પણ જે સ્થિતિમાં વિકલ્પમાં આવે છે તે અજ્ઞાની. આહા..હા..! એ તો વીતરાગની પરિણતિ જે પ્રગટી એ તો સદાય રહે છે. એવી વાત છે. વિકલ્પમાં આવ્યો .. નહિ જાઓ. ..ભાઈ! એમ કહે છે કે અંદરમાં જાવું હોય આનંદમાં એટલો ઉપયોગ જામી ગયો હોય અંદરમાં. .. જ્ઞાની છે. .. વિકલ્પ ઉઠે રાગ

તો એ અજ્ઞાની છે. હવે હાલ.. હાલ... કાંઈ ખબર ન મળે .. છે એમાં હોં ટીકામાં છે. જયસેનાચાર્યમાં. .. બે ઠેકાણે આવે છે. ત્યાં આવે છે. જ્ઞાનીને આમ કહે છે. જ્ઞાની આમ માને છે કે વિકલ્પ આવ્યો ... .. એ સમયે આવ્યો છે ... દેહ છે પાપનો ઉદય આવ્યો આવી પ્રતિકૂળતા જ્ઞાની વિકલ્પને કાળે પણ આવું માને છે. આહા..હા..! હવે આનો અર્થ આવો કરે. ઓલામાં એમ કહ્યું ... એમ કહે છે કે નિર્વિકલ્પમાં પડ્યો છે એની માટે છે. સવિકલ્પ.. સમકિતી છે ... થાય છે. જે લાભ સવિકલ્પવાળાને હોય તે નિર્વિકલ્પવાળાને હોય. મિથ્યાદષ્ટિ સ્થિતિની વાત છે. આહા..હા..! શાસ્ત્રના અર્થને ઉંધા કરવા અને ઉંધાઈથી ક્યાં જઈશ એની ખબર નથી. આહા..હા..! ... જ્ઞાની આવો વિકલ્પ આવે (તેને) જાણે છે, કર્તા ક્યાં છે? એને પરની ક્રિયામાં નિમિત્તપણે છું એટલું. નિમિત્તપણે છુંનો અર્થ? નિમિત્ત થયું માટે ત્યાં થયું છે કાંઈ એમ નથી. છે બસ જાણું છું. એ જાણવાની વાત છે. જયસેનાચાર્યની ટીકામાં છે. પુણ્યનો ઉદય હોય તો પૈસા થયા એ તો નિમિત્તમાત્ર. પ્રતિકુળ સંયોગ થઈ જાય .. હાથ અડે ને પાપના ઉદયને લઈને થયો છે એ તો નિમિત્તમાત્ર છે. સમજાણું કાંઈ? જયસેનાચાર્યમાં છે. ...

અરે..! સ્વાધ્યાય લોકો કરે નહિ શાંતિથી. એમ લખ્યું છે .. નહિ? કૈલાસચંદજી. કાનજીસ્વામીના મુમુક્ષુઓ બધા બહુ સ્વાધ્યાય કરે છે. .. વાંચે છે. તમારે સામે બેસીને હા હા પાડવી. તમને સ્વાધ્યાયની ખબર નથી, શાસ્ત્રની ખબર નથી. એય..! શશીભાઈ! એમ લખે છે કૈલાસચંદજી હમણા. આ લોકો તો સ્વાધ્યાય કરે અને વિચારીને માને છે. અને આ લોકો માથે કહે કે આમ થાય. હા. .. વાત છે. આ લોકો તો સ્વાધ્યાય કરનારા છે. વિચારી શકે છે. આ એવા મૂઢ જેવા સામે બેઠા હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આવ્યું હતુંને અંદર દસ બોઘા દસ બોઘીયું, દસ બોઘાના બચ્ચા, ગુરુ મારે ગપ્પા ઓલો કહે સચ્ચા. ..ભાઈ!

મુમુક્ષુ :- દાખલો આપતો ઘણા વર્ષ પહેલા.

ઉત્તર :- હા, ઘણા વર્ષ પહેલા. ઠેકાણા વિનાના હા, જી હા, પ્રમાણ વચન એમ કહે. કોનું પણ પ્રમાણ? શું કહે છે આ? ઈ કહે છે કે પરની દયા પાળી શકે છો? જી હા. પ્રમાણ વચન. એ તો મૂઢ છે આવું પ્રમાણ કરનારા. કહો, રતિભાઈ! કાંઈ ખબર ન મળે. એમાં બાયું બિચારી તો ભોળીયું ભટ જેવી ભાન વિનાની. કાંઈક માંડ કલાક વખત મળે સાંભળવામાં એમાં આવું સાંભળે. એમાં આ સાચી વાત તો કાને પડી ન હોય. અમારો ધર્મ સાચો છે, અમે માનીએ એ સાચું છે. ... એમ માને. આ પણ એમ માને, બોકડા કાપે એમાં અમારું ભલું છે. ખુદાની આજ્ઞા છે એ. જરૂર હોય ત્યારે લોકોને આહાર પૂરો

પાડવો. લ્યો ઠીક! આહા..હા..! પોતે કસાઈ બોકડો લઈને કાપવા જતા હશે બોકડાને. રસ્તામાં આવે છેને રાજકોટ નહિ? રસ્તામાં આવે છે. .. બોકડો ધ્રુજે કાપી નાખતા... એ લોકોને નજરે ચડે છે બહારની વાત, પણ અંદર રાગની એકતા કરીને અભિપ્રાયથી હું હણાઈ જાઉં, કપાઈ જાઉં છું એની ખબર નથી. અંદરની ખબર વિના બહારની ખબર હોય નહિ એમ કહે છે. મિથ્યાદૃષ્ટિ જેની શ્રદ્ધા વિપરીત છે. .. હું જીવાડી શકું, આને પ્રતિકૂળ સંયોગ આપી શકું. આહા..હા..! એક જણો બોલતા. કથામાં આવે છે ઈ. બે જણાને વિરોધ એટલે દેરાસર ચાલતું હતું અને એક વિરોધનું મકાન ચાલતું હતું એમાં. હવે એનો સત્યાનાશ જાશે. પણ એના બિચારાને ખબર જ નથી. એને એમ ઈંટ ધર્માદાની ને? વાપર્યું આણે. .. તો ખબર નથી. એલા ...૭૭ની સાલની વાત છે. ૭૭. .... રહેતાને તમારે બાજુમાં હરગોવિંદભાઈ. ... પડે. ૭૭ની વાત છે. કેટલા વર્ષ થયા? ૨૩ ને ૨૯. ૫૨ વર્ષ થયા ૫૨. તે દિ' વાત આવી હતી ત્યાં. ... ... હા પાડે? ... ૭૭ની વાત છે. દહાણુકર ગયાને પહેલાવહેલા. આહા..હા..!

'**મિથ્યાદૃષ્ટિને જે આ અજ્ઞાનથી જન્મતો...**' આહા..હા..! ભાષા જુઓ, હું બીજાને સુખી કરી શકું, જીવાડી શકું, રાખી શકું, ...આહા..હા..! એવો જે અભિપ્રાય અજ્ઞાનથી જન્મતો એ રાગ છે. આહા..હા..! '**તે જ બંધનું કારણ છે એમ બરાબર નક્કી કરવું.**' છે ટીકા જુઓ. આહા..હા..! એમ નક્કી કરવું. આહા..હા..! તે બંધનું કારણ છે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો રાગ એટલે કે અભિપ્રાય જેનો જૂઠો છે એવા જીવને આ .. લઈ શકું છું આમ. લક્ષ્મીનો સદુપયોગ કરી શકું, ગેર ઉપયોગ કરવો હોય તો હું કરી શકું, શરીરની ક્રિયામાં પણ મારો અધિકાર છે. એને સદુપયોગે વાપરવો તે અધિકાર અને અસદ્ વાપરવાનો અધિકાર એવી જે અજ્ઞાનીની દલીલ એટલે શ્રદ્ધા એનાથી ઉત્પન્ન થયેલો મિથ્યાત્વભાવ. આહા..હા..! એનાથી બંધન છે. સંસારમાં રખડવાનું બંધન છે. ચોર્યાસીના યોનિમાં રખડવું નરક અને નિગોદ, કાગડા અને કૂતરામાં અવતરશે ઈ. આહા..હા..! ભારે વાત! અહીં તો કહે છે ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાગડો શું મરીને પાધરો... આહા..હા..! અને તે પણ બેઠા-બેઠા ... જાય નરકમાં. લોકો એમ કહે આહા..હા..! કેવી ક્રિયાઓ... એ તો અશાતાનો ઉદય બહાર નહોતો એમાં શું થયું પણ? ... થઈને. પછી લખો, વાતું કરતો નીચે નરક. પડદો પડ્યો મિથ્યા શ્રદ્ધા અને આ પાપના ભાવ થઈ ગયા. આહા..હા..! એ બરાબર નક્કી કરવું કહે છે. છે કે નહિ અંદર? પાઠમાં છે કે નહિ? ટીકા સંસ્કૃત હજારો વર્ષ પહેલાની ટીકા છે. બે હજાર વર્ષ પહેલાનું શાસ્ત્ર છે. અનંતકાળ પહેલાનો અભિપ્રાય છે. છે? આહા..હા..! વીતરાગ પરમાત્મા અરિહંતદેવ.

'**અને પુણ્ય-પાપપણે (પુણ્ય-પાપરૂપે) બંધનું બે-પણું હોવાથી બંધના કારણનો**

ભેદ ન શોધવો...' આહા..હા..! જુઓ, શું કહે છે? પુણ્ય બંધાય અને પાપ બંધાય એવા બંધના બે પણું બંધના કારણનો ભેદ ન શોધવો. એ અભિપ્રાય મિથ્યા છે એનાથી એકલો બંધ પડે છે. એમ કહે છે. આહા..હા..! દયા પાળવાનો ભાવ હોય, દાન દેવાનો ભાવ હોય તોપણ એ મિથ્યા (હું) દઈ શકું છું એ માન્યતા તે મિથ્યાત્વ છે. આહા..હા..! ઈશ્વર ... કહેતાને? ગીરધરભાઈ નહિ? ગીરધર મનસુખ લીંબડીવાળા. આવતા અને બેસતા અહીં. ... કોણ આપે? આહા..હા..! આમ શ્રીમદ્‌ના ભગત તરીકે ગીરધરભાઈ. ... પહેલા બહુ આવતા. લીંબડી પહેલા વહેલા ગયા ૯૯ ત્યારે ઈ અને લાલચંદભાઈ બેય. .. ૯૯માં પહેલા ગયાને ત્યારે. ... નહિ. પાંચ-પચાસ લાખ ખર્ચશે. એટલું બધું તો આપે નહિ પણ પાંચ-પચાસ હજાર, વીસ-પચ્ચીસ હજાર, પચાસ હજાર ખરચે તો વાહ.. વાહ... ...

એ કીધું હતુંને શાહુજી. .. ઉતરેલા. ચાલીસ કરોડ રૂપિયા એની પાસે. ચાલીસ લાખનું તો એક મકાન છે. એક મકાન. .. કહેતા હતા મહારાજ! તમે સમકિતી તો ખરાને? .. લોકોમાં. .. અમે ભગવાન .. અરે..! ભાઈ! સમકિત કોને કહેવું? આવા મોટા પૈસાવાળા થઈ ગયા અને પૈસા ખર્ચે માટે એ ભગવાનને માને માટે. ભગવાનને ક્યાં માને છે ઈ? ભગવાન શું કહે છે એના અભિપ્રાયની તો ખબર નથી. આહા..હા..! એમ બિચારા સાંભળતા હોં. .. મહારાજ ભારે કરે છે. આ પૈસા અમે આટલા-આટલા ખર્ચીએ. લાખ-લાખ રૂપિયા તો આપે છે બહારમાં ..માં. ... એક લાખ. સારું પુસ્તક લખે ... આપે. એવા લખાણ બધા ગપ મારેલા બધા. ... આહા..હા..! ... બનાવી. ખાણિયા ચર્ચા. ... બહાર પાડ્યું એણે. એની ખબર ન મળે. મહારાજ તો .. નથી. સાથે રહેતા સાથે. ... એને વિશ્વાસ છેને ભગવાનનો. ધૂળેય નથી કીધું. વિશ્વાસ કોને કહેવો એની ખબર નથી. એની પાસે તો ચાલીસ કરોડ રૂપિયા.

મુમુક્ષુ :- ચાલીસ અબજ હોય તોપણ શું છે.

ઉત્તર :- .. મોઢા આગળ નામ અમારું સમાજમાં. અધિકારી અમે સમાજના મોટા નેતા. અમે દોરીએ એમ દોરાય સમાજ. ... સમાજને .. મરી ગયો છે. ... સમાજમાં મોટા થઈ થઈને તમારો વખત જાય છે મફતનો. હેરાન થઈ ગયા તમે. અમારે ક્યાં પૈસા લઈને દેવા હતા? પણ જ્યાં ત્યાં મોઢા આગળ બેસાડેને તમારો વખત જાય છે બધો મોટપમાં. મરી જશો આમાં. વખત જાય છે ચાલ્યો આ. મૃત્યુની સમીપ આવે છે. આહા..હા..!

પુણ્ય અને પાપ બંધાય એવા ભેદ ન જોઈશ. મિથ્યાત્વથી પાપ બંધાણું એ જો. આહા..હા..! દયા પાળવાના ભાવથી પુણ્ય બંધાણું, પણ આ હું દયા પાળી શકું એનાથી મિથ્યાત્વ બંધાણું એ જો તું. આહા..હા..! કહો, રતિભાઈ! આવો માર્ગ વીતરાગનો. અરેરે..! એણે કોઈ ચીજ મળી નથી અને એમ ને એમ જીવન ચાલ્યા જાય. ઓલા ઢોરના જીવન જાય અને આના.

બેમાં ફેર શું છે? આહા..હા..! મિથ્યા અભિપ્રાયવાળામાં ફેર શું છે કહે છે. એમ કહે છે. આહા..હા..! મને આમાં પુણ્ય બંધાણું અને આમાં પાપ છે એમ બે ન જો. પરની દયા પાળી શકું છું એમાં મિથ્યાત્વભાવનું જે બંધન થયું એને જો. આહા..હા..! કહો, ચંદુભાઈ! આવો માર્ગ વીતરાગનો. એકકોર પૈસા જાય અને એકકોર પાપ બંધાય. માળું આ તે કરે કોણ? પણ પૈસા તારા બાપના ક્યાં હતા? તારા ક્યા હતા? એ તો જડ છે. આહા..હા..! એને ઠેકાણે અહીંયાં આમાંથી આટલો શું કહેવાય .. કાઢેને? ધર્માદો. આટલો ધર્માદો કાઢીએ. પછી થોડોક ભાગ અંદર બે નંબરના પૈસા પણ હોય. ... બીજા નંબરના પૈસા. નોંધાવે એમાંથી આપે ઈ. નોંધાવેને બે-પાંચ હજાર, દસ હજાર. બીજા નંબરના હોયને એમાંથી. ભગવાનજીભાઈ! પચાસ લાખ રૂપિયા ભેગા કરે. ... મરી ગયો નારણ. મોહનભાઈ અલગ હતોને .. વસંત. ... ક્યાં નાખવા એની ખબર નથી. .. ભાવ. મરી ગયો અંદરથી. ... ગુજરી ગયો. જસાણી રાજકોટ. એનો .. હતો. આહા..હા..!

અરેરે..! કોણ મારે? કોણ કરે? અને ઈ પાછળથી કોઈ કરે એ દાન ઓલાને મળે છે? અને અહીં તો કહે છે કે ઈ દાનમાં પુણ્ય બંધાણું એ મિથ્યાત્વ બંધાણું તને. આહા..હા..! પુણ્ય બંધાણું શું? .. વિશેષ... તો મૂઢ થઈને ભેષ પલટશે. આહા..હા..! મૂર્ખને માથે .. આવશે. એ શું કામ કરશે? એમ તારા મિથ્યાત્વના ભાવના સાથે પુણ્ય બંધાણું એનાથી સ્વર્ગાદિ એ શું થયું તને? આહા..હા..!

કહે છે કે પુણ્ય અને પાપબંધનું બેપણું હોવાથી બંધના કારણનો ભેદ ન શોધવો. મિથ્યાત્વ એક જ બંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? આવા .. સંતો જગતની કરૂણાથી... આહા..હા..! બાહ્ય ક્રિયામાં રાચતાં અંતર ભેદ ન કાંઈ એ ક્રિયા જડ .. કરૂણા ઉપજે જોઈ' 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા' રાગની ક્રિયા કરે અને માને કે અમારે ધર્મ. શુષ્ક જ્ઞાનમાં વાતું કરનારા, પણ અંદરમાં રાગથી ભિન્ન પડીને સ્વરૂપ શું છે એનું ભાન ન મળે. આહા..હા..! 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા શુષ્ક જ્ઞાનમાં કોઈ માને માર્ગ મોક્ષનો કરૂણા ઉપજે જોઈ.' શું કહે છે? અરેરે..! કરૂણા ઉપજે છે. એક તો મરી ગયા છે બિચારા મિથ્યાત્વભાવથી. એને મારવા. એનો શું તિરસ્કાર કરવો? આહા..હા..! એમ કહે છે. સમજાણું કાંઈ? એને ફળ તરીકે તો નરક અને નિગોદ આવશે. એવા જીવોનો તિરસ્કાર કેમ કરાય? એટલે .. આત્મામાં ... કરી રહ્યા છે. આહા..હા..! શુભ-અશુભભાવ તિરસ્કાર કરનારા છે. આવે છેને પહેલું ભાઈ! શરૂઆતમાં. પહેલી ગાથા. એ દયા, દાન, વ્રત પરિણામ છે એ આત્માના તિરસ્કાર કરનારા છે. ઓહો..હો..! આહા..હા..! તિરસ્કારની બે વાત. તિરસ્કાર કરનારા બે શબ્દ છે. ૧૯ ગાથા આત્માને તિરસ્કાર કરનારા છે (અને પુદ્‌ગલના પરિણામ) એટલે એનાથી વિશેષ .. જુદા છે. એ બે વાત છે. આહા..હા..! એને કહે છે કે મારા માન્યા એ શુભભાવને મહામિથ્યાત્વ છે. એ મિથ્યાત્વથી

તને પુણ્ય બંધાણું અને મિથ્યાત્વથી પાપ બે ન જો. મિથ્યાત્વ જ એકલું બંધન છે. આહા..હા..!

**'કારણ કે એક જ આ અધ્યવસાય 'દુઃખી કરું છું, મારુ છું' એમ અને 'સુખી કરું છું, જિવાડું છું' એમ બે પ્રકારે શુભ-અશુભ અહંકારરસથી ભરેલાપણા વડે પુણ્ય અને પાપ - બન્નેના બંધનું કારણ હોવામાં અવિરોધ છે'** એની વધારે વ્યાખ્યા કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન-૩૯૧-૩૯૨માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

## વૈશાખ વદ-૧૩, બુધવાર, તા. ૩૦-૦૫-૧૯૭૩
## ગાથા - ૨૬૫, પ્રવચન-૩૯૩

આ સમયસાર. બંધ અધિકાર છે. નીચે છે. ૨૬૫ ગાથા છેને? આ બાજુ નીચે અધિકાર છે. **'પરંતુ, જો કે બાહ્યવસ્તુ બંધના કારણનું (અર્થાત્ અધ્યવસાનનું) કારણ છે...'** નીચેથી ત્રીજી લીટી છે. આમાં પુસ્તકમાં નીચે છે. ૪૦૩ પાનું. ત્રીજી લીટી. **'જો કે બાહ્યવસ્તુ બંધના કારણનું (અર્થાત્ અધ્યવસાનનું) કારણ છે...'** એટલે શું કહ્યું કે હું બીજા જીવની દયા પાળી શકું છું, બીજા જીવની અહિંસા કરી શકું છું. એવો જે અધ્યવસાય એમાં એ બાહ્ય જીવ જે બચે એ એમાં નિમિત્ત છે. પણ નિમિત્ત છે એ બંધનું કારણ નથી. બાહ્ય જીવ બચ્યો એ બંધનું કારણ નથી. પણ એને હું બચાવી શકું છું, એની હું દયા પાળી શકું. ઝીણી વાત છે બહુ. વીરનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. સત્ય એવું છે કે ઈ પર જીવને મરવું થાય તો અધ્યવસાય એમ કહે હું આને મારી શકું છું. ઈ અધ્યવસાય બંધનું મિથ્યાત્વ કારણ છે, પણ એ એવી ચીજ છે અધ્યવસાયમાં નિમિત્ત હો, પણ એ બંધનું કારણ જ નથી. સમજાય છે કાંઈ? આ તો સત્‌નો માર્ગ એવો છે.

આજે એમ આવ્યું હતું. પાંચ વ્રત લ્યો કહે. અહીં ચાલે છે કીધું આ. દિલ્લી ૨૫૦૦ વર્ષની ભગવાનની તિથિ ઉજવી હોય તો.. પાંચ વ્રત લ્યો. અહીં કહે છે કે પરને હું ન મારું અહિંસા એવો જે વૃત્તિનો ભાવ એ ભલે શુભ હોય, પણ એની સાથે હું પર જીવને મારી શકતો નથી, દયા પાળી શકું છું એવો જે અધ્યવસાય એ મિથ્યાત્વ છે. એ જૂઠોભાવ છે. એ મિથ્યાત્વ બંધનું કારણ છે, સંસારની વૃદ્ધિનું કારણ. આહા..હા..! આકરી વાત જગતને.

મુમુક્ષુ :- જગતને .. આત્માને...

ઉત્તર :- હવે અહીં ઈ લખે છે આ. શું કહેવાય? કૈલાસચંદજી. જૈન સંદેશમાં. ભગવાનનો માર્ગ ઉજવવો હોય તો આ રીતે ઉજવાય. આ ભગવાન તો વીર હતા. કેવળજ્ઞાની હતા. એનો માર્ગ તો આત્માના દ્રવ્યને આશ્રયે શુદ્ધોપયોગ થઈ અને કેવળજ્ઞાન થાય ઈ એનો માર્ગ છે. સ્વચૈતન્ય મૂર્તિ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ આત્મા એનો આશ્રય લઈને, એનું અવલંબન લઈને જે શુદ્ધોપયોગ થાય, જે પુણ્ય અને પાપના, વ્રત-અવ્રતના પરિણામથી રહિત એવો શુદ્ધભાવ એ કેવળજ્ઞાનનું સાધન છે. ૧૬મી ગાથામાં આજે વ્યાખ્યાન આવ્યું હતું. અહીંનું વ્યાખ્યાન. બંસીધર એણે. ક્યાંકથી લીધું હતું. છે અહીં. વળી એકકોર ઈ નાખ્યું અને એકકોર .. નાખ્યા.

ત્યાં તો એમ કહ્યું. એ લગભગ ૧૬મી ગાથા ચાલતી હતી. પ્રવચનસારની ભાઈ! કે સર્વજ્ઞ થવા માટે સાધન તો અંદર દ્રવ્ય સ્વરૂપમાં શુદ્ધોપયોગ તે સાધન છે. બાહ્ય સામગ્રીને શોધીને વ્યગ્ર કેમ થાય છે? આહા..હા..! નિમિત્ત અને રાગની મંદતા એવા બાહ્ય સાધનની વ્યગ્રતા શું કરે? પ્રભુ પોતે જે અનંત આનંદસહિત સાધકસ્વભાવથી ભરેલો છે. એનું સાધન શુદ્ધોપયોગ છે. આકરી વાતું છે. એ વ્રત અને અવ્રતના ભાવ, પુણ્ય અને પાપ, પણ જેવો અધ્યવસાય થાય એ અંદર મિથ્યાત્વ છે. હું બીજાને મારી શકતો નથી તે પણ અધ્યવસાય મિથ્યાત્વ છે. અને બીજાને મારી શકું છું એવો અધ્યવસાય બંધનું કારણ છે. હું જૂઠું બોલી શકું છું એવો જે અભિપ્રાય એ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ બંધનું કારણ છે. જૂઠું બોલવું એ બંધનું કારણ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- સત્ય જ બોલી શકું છું...

ઉત્તર :- સત્ય બોલી એને હજી આવે છેને. હું સત્ય બોલું છું. એ બોલે ઈ તો ભાષા જડ છે. એ સત્ય બોલી શકું છું એવો જે અભિપ્રાય તે મિથ્યાત્વ છે. આહા..હા..! એ મિથ્યાત્વ બંધનું કારણ, સંસારનું બીજડું નરક અને નિગોદનું છે. એમાં એ સત્ય બોલવાની ભાષા ભલે નિમિત્ત હોય, પણ એ બંધનું કારણ નથી. આહા..હા..! તેમ ચોરી કરી શકું છું. બીજાની ચીજ લઈ શકું છું એવો જે અભિપ્રાય એ જ મિથ્યાત્વ છે. એ લઈ શકતો નથી. એક રજકણ પણ લે અને દે એ વસ્તુમાં ક્યાં છે? જડની ક્રિયા સ્વતંત્ર છે. કહો, પુનમચંદજી! ચોરી કરી શકું છું, પરની ચીજ લઈ શકું છું એવો જે અભિપ્રાય એ બંધનું કારણ. એ ચોરીની વસ્તુ થઈ એ નિમિત્ત છે, બંધનું કારણ નહિ. આહા..હા..! એમ શરીર વડે વિષય સેવી શકું છું. આ શરીર, જડ, માટી આ તો છે ધૂળ પુદ્ગલ. એ વડે મૈથુનની ક્રિયા હું કરી શકું છું. એવો જે અભિપ્રાય તે બંધનું કારણ છે. કેમકે શરીરની ક્રિયા એ કરી શકતો નથી. આહા..હા..! આવું .. કરવું. વીરનો માર્ગ આ પરમાત્માનો આ માર્ગ છે.

અને આ શરીરે હું બ્રહ્મચર્ય પાળી શકું છું. વિષયને એમાં જવા નથી દેતો શરીરને. વિષયની

ક્રિયા સ્ત્રી સાથે રમવું એ સાથે હું શરીરને જવા નથી દેતો એથી હું બ્રહ્મચર્ય પાળું છું. એવો જે અભિપ્રાય મિથ્યાત્વ છે. ..ભાઈ! ઝીણું બહુ. આહા..હા..! તાકડે અધિકાર ચાલે છે અને તાકડે આવ્યું. આહા..હા..! શું કરવા માગે છે પંડિતો? બાપુ! વીરનો માર્ગ તો સ્વરૂપની શુદ્ધ પરિણતિ પ્રગટ કરવી એ સ્વને આશ્રયે થાય છે એમાં પરની કોઈ જરૂર નથી. આ માર્ગ છે. આહા..હા..! જરૂર શેની પણ હોય? ભગવાન આખો અંદર પૂર્ણ આનંદ અને શાંતિની સાથે સાધકગુણથી કરણગુણથી એ ભરેલો છે. આહા..હા..! પણ કોઈ દિ' આત્મા શું? એમાં શું છે? એનો એણે .. વિચાર કર્યો નથી. સાંભળવામાં મુખ્ય કરે એવી .. એણે. બસ, ત્યારે કાંઈ કરવું નહિ? હાથ જોડીને બેસી રહેવું? લે, પણ હાથ ક્યાં તારા બાપના હતા? એ તો માટી-જડ છે. હાથ ક્યાં આત્માના હતા? અંદરમાં વિકલ્પરહિત થઈને બેસી રહેવું એ તારો માર્ગ છે. અને ન બેસી શકે તો વિકલ્પથી માન તો એ મિથ્યાત્વનો માર્ગ છે. આહા..હા..! .. બહુ આકરી વાતું.

એમ હું આ પરિગ્રહ રાખી શકું છું. પૈસા, શરીર, પાણી પી શકું છું, આહાર ખાઈ શકું છું, પેશાબ કરી શકું છું, જાડા કરી શકું છું, બળખો કાઢી શકું છું અને રાખું તો રહી શકે એવો બળખો છે. આહા..હા..! એક .. હતા આપણે એય..! દિશા ત્રણ દિ' જાતા ખબર છેને? દિશા રોકી રાખતા. નામ નથી આપવું. ત્રણ દિ' એમ કે દિશા રોકી રાખવી. એટલે .. આવે.

મુમુક્ષુ :- રોકી રાખે તો ખાઈ..

ઉત્તર :- હા, એટલે એમ કે દિશા રોકી રાખું .. રહેશે. લે. રોકી રાખી રખાય છે? એમ કે આ ત્રણ દરરોજ જાવું. ત્રીજે દિ'એ જાવું લ્યો. આહા..હા..! પણ ઈ માર્ગ ચાલતો નહોતો તો એ બિચારા શું કરે? મહાજન હતા એ. ત્રણ દિ'એ જાય. કેમ જાય બાપુ? એ રજકણોને રાખવા અને રજકણોને છોડવા એ કોણ કરી શકે? આહા..હા..! પેશાબને રોકી શકું. ઝાઝા માણસ બેઠા હોય તો ... હવે એમાં પેશાબ આવ્યો હોય તો રોકી શકું. સાચી વાત હશે? આહા..હા..! એ પણ કેમ બાપુ! સત્ય બીજું છે ક્યાં ઈ? એ રજકણોની ક્રિયા જે ક્ષેત્રે જ્યાં થવાની તે ઠેકાણે તેને કારણે થાય. આત્માને કારણે પેશાબ આવે કે રોકાય, બાપુ! એ વસ્તુસ્વરૂપ સત્ય નથી.

મુમુક્ષુ :- દવાના કારણે તો રોકાયને.

ઉત્તર :- દવાને કારણે ધૂળેય રોકાય નહિ. પેશાબ રોકાય તો દવા આપે છેને એ ખારને? છૂટી જાય ફટ દઈને. ... એ રોક્યું જ નથી. છૂટવું ન છૂટવું તો એના સમયનો એનો સ્વકાળ હોય એનાથી થાય છે. આત્મા જાણે કે મેં આ કર્યું. એય..! મૂળચંદભાઈ! ભારે આવી આકરી વાતું! આહા..હા..! અરે..! સર્વજ્ઞનું સત્ય પરમેશ્વરે કહ્યું સત્ય ઢંઢેરો પીટ્યો છે. ભાઈ! તારું

સત્ બીજા સત્‌ને કાંઈ કરી શકે નહિ હોં, નહિતર એ સત્ રહેતું નથી. આહા..હા..! કહો, હિંમતભાઈ! સાંભળ્યું હતું કોઈ દિ' ત્યાં? આહા..હા..! અરે..! .. માર્ગ ઉંચા. એણે સાંભળ્યા નથી. આહા..હા..! જે આમ લૌકિક બહુ લોકો. સાંભળ્યું નથી. આ વસ્તુ વિના.

કહે છે આ પાંચ વ્રત અને પાંચ અવ્રતની .. પરિગ્રહ લક્ષ્મી, દાગીના, કપડા રાખી શકું છું. પાણી આદિ એ બધો પરિગ્રહ જ છેને. આહાર, પાણી એ બધો પરિગ્રહ છે, પુદ્‌ગલ છે. એને હું રાખી શકું, ખાઈ શકું, પેટ ભરીને ખાઉં, ઉણું રાખવું હોય તો ઉણું રાખું. એ તો રાગની મંદતાની વાતું છે બધી. આહા..હા..! કોણ ઉણો રાખે. અત્યારે એમ કે આ ઉનાળામાં બે ગણું પાણી એક ગણો આહાર. શિયાળામાં બે ગણો આહાર એક ગણું પાણી એમ. .. ભાષા બધી સમજાવે તો ખરીને. પણ એ પાણીને લઉં ઈ પુદ્‌ગલ છે એ તો જડ છે. એને લઉં એ શું તારો અધિકાર છે ઈ સત્‌નો? સત્‌ને લઈ શકે એમ છે? આહા..હા..! આ આંગળા લ્યોને આ આંગળા જુઓને આ. લ્યો જેમ વાળવું હોય એમ વાળી શકું છું, આમ કરી શકું છું. તદ્દન મિથ્યાત્વભાવ છે. તે કરી શકું છું પરિગ્રહને, પરચીજને રાખી શકું, ફેરવી શકું, બદલાવી શકું, લઈ શકું, તેવો જે અભિપ્રાય. આહા..હા..! એ મહા મિથ્યાત્વ અને સંસાર છે. આહા..હા..! એ સાધુ થયો હોય બહારથી ક્રિયાકાંડી. મહાવ્રતના પરિણામ અને આમ માનતો હોય કે મારે લઈને આ અહિંસા થઈ. એ મારે લઈને એ દયા પળી. આહા..હા..! એ સ્વદ્રવ્યનો ભુલી ગયો. સ્વદ્રવ્ય તો જ્ઞાનસ્વરૂપ છે. ઈ જ્ઞાન શું કરે? કયા જડને હલાવે? કયા જડને રાખે? અને કયા જડને છોડે?

આવે છેને સાતમા વ્રતમાં. .. આટલા દ્રવ્ય ખપે. એ તો વ્યવહારની વાતું છે. રાગની મંદતા કરવાનો ભાવ હોય ત્યારે એવો ભાવ કહેવાય કે આ લઉં. .. કોણ લે? એમ કે આત્મામાં પરવસ્તુના ત્યાગગ્રહણથી ભગવાન તો શૂન્ય છે. આહા..હા..! દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય એ વસ્તુ છે અને મિથ્યાદૃષ્ટિ અને એનો વિષય પર. કેમકે મારી શકું છું એવો અભિપ્રાય. આગળ આવશે હજી. એનો એ વિષય જ નથી. અર્થમાં છેને? પછીની ગાથા. ૨૬૬માં છે. જેનો વિષય નથી. ભાવાર્થમાં છે. ૨૬૬ ગાથા. તરત જ તે. ભાવાર્થ. '**જેનો વિષય નથી તે નિરર્થક છે.**' વિષય નથી. એનો અર્થ ઈ છે. એટલે? કે હું આની દયા પાળી શકું છું એવો જે ભાવ એનો એ વિષય નથી. કારણ કે એનાથી પળાતું નથી. આહા..! બહુ સરસ ખુલાસો કર્યો છે. કહો, ચેતનજી! ઈ વિષય જ નથી. આહા..હા..! પરિગ્રહને છોડી શકું છું, વસ્ત્રો ઉતારી શકું છું, દાગીના ઉતારી શકું છું. આહા..હા..! અને વસ્ત્ર અને દાગીના પહેરી શકું છું એવો જે એનો અભિપ્રાય મિથ્યા છે. કેમકે એ મિથ્યા અભિપ્રાયનો એ વિષય જ નથી. કારણ કે એમ બનતું નથી. આહા..હા..! ઈ કહ્યું. પાંચ વ્રત અને પાંચ અવ્રત. આહા..હા..!

'પરંતુ, જો કે બાહ્યવસ્તુ બંધના કારણનું (અર્થાત્ અધ્યવસાનનું) કારણ છે...' અધ્યવસાય જે કર્યો એ બંધનું કારણ અને બાહ્ય ચીજ એ નિમિત્ત કારણનું કારણ એ નિમિત્ત કારણ છે. આહા..હા..! નવરાશ કોને છે પણ આવું સમજવામાં? બસ દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો, મરો અને જાવ ચાર ગતિમાં રખડો. આહા..હા..! કહે છે કે એ હિંસા કરી શકું છું એવો જે અભિપ્રાય. એનો એ વિષય જ નથી. એ હિંસા કરી શકે એવું બનતું જ નથી. માટે એનો વિષય નથી. દયા પાળી શકું, બીજા જીવને બચાવી શકું એવો જે અભિપ્રાય એનો એ વિષય નથી. કારણ કે એ બચાવી શકતો નથી. ઈ એને કારણે બચ્યો છે. આહા..હા..! ગીરધરભાઈ! આહા..હા..! એમ જૂઠું બોલી શકું છું એવો જે અધ્યવસાય એ મિથ્યાત્વ છે. કેમ? કે જૂઠું બોલવાની પરમાણુની ક્રિયા આત્મા કરી શકતો નથી. એમ સત્ય બોલી શકું છું. હું તો સાચો માણસ છું. જેને કહીશ એ સત્ય કહીશ. એમ માણસ કહે છેને કેટલાક? અમે તો સાચા માણસ છીએ ભાઈ!

મુમુક્ષુ :- સત્યવાદી છે.

ઉત્તર :- હા, .. એનો અર્થ ઈ ... શું થાય? ચારણ... ચારણ ભાળે એવું ભાખે. ચારણ.. ભાળે એવું ભાખે એવું આવે છે. એવી કડી આવે છે. ... ધૂળેય ભાળે ઈ ભાખે નહિ. આહા..હા..! પુદ્ગલ ભાખે બાપા! તું કોણ ભાઈ! એ જડના પરમાણુઓ તેને ભાષારૂપે પરિણમ્યા હોય તો એ થાય, પણ તારા અભિપ્રાયને લઈને એ થાય એમ છે નહિ અને આ થાય તો પણ એને ભારે આકરું પડે હોં. વડાપ્રધાન. આ તમારે શું વડાપ્રધાન? .. મોટો છે. ...ભાઈ. ઢેબરભાઈ કહે મને આ બેસતું નથી. ... પછી આવ્યા. ન બેસે.. અજ્ઞાન છેને બધું નિમિત્ત તો થાયને કહે છે. શેના નિમિત્ત થાય? નિમિત્ત તો ત્યાં પર્યાય તે કાળે થાય ત્યારે આ બાજુ નિમિત્ત કહેવામાં આવે. ઓલો કહે છે આ નિમિત્ત. તું કહે કે નિમિત્ત આવ્યું? આવા ને આવા. એવા માથાના ફરેલા. દૃષ્ટિ ઉંધી એય..! બહારમાં પણ મોટા કેવા કહેવાય? ઢેબરભાઈ! ઓહો..હો..! વડાપ્રધાન. દિલ્લીમાં આવતાને વડાપ્રધાન. પહેલા દિલ્લી ગયા ત્યારે આવતા. ઓહો..! મહારાજની સભામાં ... તમારા કોંગ્રેસના હતા. .. દિલ્લી ગયા ત્યારે આવતા હતા. ત્રણે વ્યાખ્યાનમાં આવ્યા હતા બપોરે. સવારે નહિ. કહે છે ઓલો ખુશી થઈ ગયો... ઓહો..! મહારાજને તો આ મળવા આવે છે. જુગલકિશોર. અરે..! પણ એમાં હતુ શું? .. છેને? આહા..હા..!

અરે..! અહીં તો સત્‌ને કહે છે કે હું સત્ય બોલી શકું છું અને જૂઠું બોલી શકું છું એવો તારો અભિપ્રાય મિથ્યાત્વ છે, મહામિથ્યાત્વ વિપરીત શ્રદ્ધા તારી છે. કેમકે એ પ્રમાણે તું બોલી શકે અને તું સત્ય બોલી શકે એ મિથ્યાત્વનો વિષય છે જ નહિ. તારા અધિકારની વાત જ નથી. આહા..હા..! બહુ વાતું! વીતરાગનો માર્ગ એવો છે કે જગતને સાંભળે કાળજા

કંપી જાય સાધારણના. અરર..! આવું હોય? તો પછી થઈ રહ્યું. પછી આપણે કરવું શું? પણ તું કરી શકે છો. એય..! ચેતનભાઈ! આહા..હા..! આ ધંધા કરીએ, આમ કરીએ, કારખાના કરીએ. શું કહેવાય તમારી આ? પ્લાસ્ટિક. લ્યો પ્લાસ્ટિકના જોડા ઉતારે છે ત્યાં થાણામાં. ... આહા..હા..! કહે છે કે આવું કરી શકું છું એવો અભિપ્રાય મિથ્યા છે. કેમકે એનો વિષય નથી. વિષય નથી એટલે પ્રમાણે બનતું નથી. એને કારણે બને અને તું કહે કે મારે કારણે બને. આહા..હા..! આ એક મોટો અભિપ્રાય જૂઠો એની સાથે .. એની એને ખબર નથી. આહા..હા..! ભલે જીવ ન મરે. અરે..! જીવ બચે, પણ અભિપ્રાય કે મેં આને બચાવ્યો એ અભિપ્રાય મહાપાપ અને મિથ્યાત્વ છે. આહા..હા..! આ શેઠિયા બતાવે કે નહિ ઘણા માણસને? નોકર બનાવે પાંચ હજારના નોકર રાખે. કેટલો નભાવ કરે છે આ બધા. મીલમાલિકો બધાને કેટલાને નભાવ કરે છે! ધૂળેય કરે નહિ સાંભળને હવે. તારો નભાવ કરતા તને આવડતું નથી. .. આહા..હા..! ગાંડાના કાંઈ ગામ જુદા હોય છે? ગામદીઠ ગાંડા-પાગલ.

મુમુક્ષુ :- ગામ આખુ ગાંડુ.

ઉત્તર :- આહા..હા..! ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા એની વાણીમાં દિવ્યધ્વનિમાં એ આવ્યું. આહા..હા..! એ દ્રવ્યશ્રુતમાં એવું આવ્યું હતું સવારમાં? ગણધરની ... સવારે આવ્યું હતું. નિયમસારમાં. ... નિશ્ચય પ્રતિક્રમણ આને કહે. જિનવરની સ્તુતિમાં ભગવાનની વાણી એ આવી. આહા..હા..!

કહે છે હું દવા લઈ શકું છું. જેટલી જોઈએ એટલી કાઢી શકું છું. વધારે હોય તો કાઢી શકું છું. આહા..હા..! આવો માર્ગ છે. વીતરાગ ત્રણ લોકના નાથ એમ ફરમાવે ઈન્દ્રોની સમક્ષ કે આવું જે માને એ અભિપ્રાય એને તદ્દન મિથ્યાત્વ છે. કષાયખાના માંડે એના કરતા આ મિથ્યાત્વનું પાપ અનંતગણું છે. એવી તો અનંતા દ્રવ્યના રજકણની પર્યાય એની સ્વતંત્ર, એને મેં કરી, મારાથી થઈ એ દ્રવ્યનું તે ખુન કરી નાખ્યું છે. જગતની એની પર્યાય એનાથી થઈ એને કહે મેં કરી. એટલે એને કર્તા વિનાનું દ્રવ્ય એકલું પર્યાય વિનાનું દ્રવ્ય રહી ગયું. પર્યાય આણે કરી. કહો, સમજાય છે કાંઈ? એ સંસારથી છૂટવું બાપુ આકરી વાત છે. સંસાર એટલે? મિથ્યાત્વભાવ. બાયડી, બાયડી, છોકરા એ સંસાર નથી. એ તો બિચારા પર છે. એ તો ક્યાંય રહી ગયા. આહા..હા..! વિપરીત માન્યતા એ સંસાર, ઉંધી શ્રદ્ધા એ સંસાર, જૂઠો સત્ય ન હોય એવો જૂઠો ભાવ. આહા..હા..! સત્ય બોલવું એ પણ જૂઠું છે કહે છે. કેમકે એ બોલી શકતો નથી. આહા..હા..!

**'જો કે બાહ્યવસ્તુ બંધના કારણનું (અર્થાત્ અધ્યવસાનનું) કારણ છે...'** અધ્યવસાય જે થયા એ બંધનું કારણ એમાં એ વસ્તુ નિમિત્ત કહેવાય. **'તોપણ તે (બાહ્યવસ્તુ) બંધનું કારણ નથી;...'** નિમિત્ત ચીજ કાંઈ બંધનું કારણ નથી. જૂઠું બોલવાની ભાષા, સત્ય બોલવાની

ભાષા, જીવ દયા કરી એ, જીવ મર્યો ઈ ચીજ બંધનું કારણ નથી. આહા..હા..! **'કેમ કે ઈર્યાસમિતિમાં પરિણમેલા મુનીંદ્રના પગ વડે હણાઈ જતા...'** દૃષ્ટાંત આપ્યું છે. મુનિ છે ધ્યાનિ, આત્મજ્ઞાની, સમ્યગ્દષ્ટિ, ભાવલિંગી સંત જેને આત્માનો આશ્રય ઉગ્રપણે લીધેલો છે એથી મુનિપણું જેને અંતરદશામાં ચારિત્રવંત છે. એ **'ઈર્યાસમિતિમાં પરિણમેલા મુનીંદ્ર...'** જોઈને ચાલે છે. કોઈ જીવને દુઃખ થાય એવો વિકલ્પ નથી. એવા **'પરિણમેલા મુનીંદ્રના પગ વડે...'** ઈર્યાસમિતિ .. ત્યાં. એવા **'વડે હણાઈ જતા એવા કોઈ ઝડપથી આવી પડતા...'** .. ચાલતા હોય. બરાબર ઈર્યાસમિતિ જોઈને ચાલે. પણ વચમાં એક ખપેડી થાય છે. ખપેડી જોઈ છે? ખપેડી. એવી ઉડતી. ખેતરમાં. અમારે તો ઘણીવાર બધું જોયેલું હોયને. ઘણીવાર રસ્તામાં આવી હોય ઢગલા. ઉભા રહેવું પડે. આહા..હા..! ઈ ખપેડી ઉડતી અહીં હોય પગ મૂકે આમ સાધુ ઈ બીજું ઉપાડીને અહીં મૂકવા જાય ત્યાં ખપેડી નીચે વઈ જાય. મરી જાય. એમ કહે છે **'મુનીંદ્રના પગ વડે હણાઈ જતા...'** જોયું **'પગ વડે હણાઈ જતા...'** એ ભાષા. પગ તો નિમિત્ત છે ત્યાં. હણાવાની ક્રિયા તો ત્યાં એને કારણે થઈ. આહા..હા..!

**'કોઈ ઝડપથી આવી પડતા કાળપ્રેરિત...'** એની મુદ્દત જ પૂરી થઈ ગઈ છે. આયુષ્ય જ પૂરું થઈ ગયું છે. આહા..હા..! **'કાળપ્રેરિત ઊડતા જીવડાની માફક, બાહ્યવસ્તુ - કે જે બંધના કારણનું કારણ છે...'** જે પરિણામ છે તે બંધનું કારણ અને પરિણામનું કારણ એ વસ્તુ છે. **'તે - બંધનું કારણ નહિ થતી...'** પણ એને બંધનું કારણ થતું નથી. કહો, પગ વડે જીવ હણાઈ જાય તો એની ઈર્યાસમિતી જોઈને બરાબર ચાલે છે. એમાં અકસ્માત કોઈ જીવ અંદર આવી જાય. અથવા રસ્તામાં એવી ધૂળ હોય એની અંદર દટાયેલી ઝીણા ઢેઢ ગરોળીના બચ્ચા હોય નાના આવડા. ઢેઢ ગરોળી સમજાય છે? આ ઢેઢગરોળી નથી થતી રાતે? .. એના ઈંડા હોય છે આવડા. ઈ રસ્તામાં મૂકી જાય. એને કાંઈ બરાબર ધ્યાન રાખીને ચાલે. એને ખ્યાલ ન રહ્યો હોય કે આ બચ્ચું છે. પગ આવી ગયો. છતાં એનું બંધન મુનિને નથી. કારણ કે મારવાનો ભાવ નથી. પ્રમાદરહિત એ તો ચાલે છે. છે તો પ્રમાદ એટલું ચાલવું. સમજાણું? પણ એમાં મારવાનો ભાવનો ત્યાં અભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ બહુ વીખવા જાય, પીંખવા જાય.

મુમુક્ષુ :- આ શીખવા જેવું

ઉત્તર :- આ શીખવા જેવું કર્યું છે પણ માણસને એવું લાગે લ્યો.

**'બંધના કારણનું કારણ છે તે - બંધનું કારણ નહિ થતી હોવાથી, બાહ્યવસ્તુને બંધનું કારણપણું માનવામાં અનૈકાંતિક...'** એટલે કે **'હેત્વાભાસપણું છે - વ્યભિચાર આવે છે.'** આહા..હા..! આ તો સિદ્ધાંત સિદ્ધ કર્યો. કે બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી. જો આમ બાહ્ય વસ્તુ હણાઈ ગઈ તો બંધ ન થયો. થયું નહિ તો એ હેતુ સિદ્ધ ન થયો.

હેત્વાભાસ એટલે વ્યભિચાર થયો. આહા..હા..! '**(આમ નિશ્ચયથી બાહ્યવસ્તુને બંધનું કારણપણું નિર્બાધ રીતે સિદ્ધ થતું નથી.)**' ન્યાયથી બાધા ન આવે એવી યુક્તિથી બાહ્ય વસ્તુ બંધનું કારણ સાબિત થતું નથી. બંધનું કારણ અધ્યવસાય, અભિપ્રાય એક જ બંધનું કારણ છે. આહા..હા..! પાંજરાપોળ તો ગામોગામ બહુ હતી. .. હશે? ઘણા ઘેટાં આવતા હતા પાંજરાપોળમાં. પણ બચે કોક. એવું હતું. કાંઈક પાંચ-પચ્ચીસ ઘેટાં પાંજરાપોળમાં ભેગા થયા. છાપામાં હતું. ... મરી જાય. દૂધ પાય રાતે. .. બચે નહિ પહેલા બધું સાંભળ્યું બધા પાંજરાપોળ જઈને. અહીં ગારિયાધાર, ઉમરાળા. કરતા ખરા બિચારા. પણ એનું આયુષ્ય નહિને એટલે બચે નહિ. આહા..હા..! ઈ બચે તો એના કારણે અને ન બચે તો એના કારણે. આણે દૂધ પાયું અને રાખ્યા માટે બચ્યા એમ છે?

મુમુક્ષુ :- મહાજન બચાવે છે.

ઉત્તર :- બચાવ્યા? અહીં તમે નથી બચાવતા આ ગાયુને? પાંચસો ગાયુ જુઓને કેટલી છે? ... મોહનભાઈ આવ્યા હતાને હમણા. ૨૧ હજાર રૂપિયા દઈ આવ્યા એમ કહેતા હતા. ... એ માયા આહા..હા..! ગજબ વાતું છે. અહીંયાં પૈસા ઉઘરાવવા આવ્યા હતા. નારણભાઈ છેને દરબાર? આહા..હા..! .. પૈસા .. જુઓ આટલા પૈસા નહિ તો મરી જાત. એને ઈ જીવવાનું આયુષ્ય હતું અને તે આહારથી બચ્યા છે એમ પણ નથી. અરેરે..! ભારે વાતું! આ મલુપચંદભાઈને કીધું. શું કીધું ઈ? ત્યાં હતાને? પુનમ-પુનમ. ... ૨૧ હજાર આપ્યા હશે કાંઈક .. પણ ઈ વસ્તુ પુદ્ગલની જે થવાની પર્યાયને કાળે થતા હોય છે. એને બીજો એમ કહે કે મેં આને પૈસા આપ્યા. એમાં ઘાસ આવ્યું અને નભી ગયું એ તદ્દન અભિપ્રાય મિથ્યા છે. આહા..હા..!

મુમુક્ષુ :- હુંપણા ..

ઉત્તર :- .. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે. શકટનો ભાર જેમ શ્વાન તાણે.' કુટુંબમાં મોટો હોય એ કર્મી ગણાય.

મુમુક્ષુ :- એને એમ થાય કે મારા ઉપર છે.

ઉત્તર :- મારા આવ્યા પછી બધું વધ્યું. બાપા કાંઈ મૂકી નહોતા ગયા લ્યો. આ બધું મેં કર્યું. પૈસા ભેગા કર્યા, છોકરાને પરણાવ્યા, પહટાવ્યા. પહટાવ્યા એટલે શું હશે? બોલાય એમ. આહા..હા..! અરેરે..! કોણ છોકરા અને કોણ આત્મા? બાપુ! બે ચીજ જ જુદી છેને. એ પર ચીજને રાખે અને એનું ધ્યાન રાખે તો છોકરા બચ્યા, ભણાવ્યા, તૈયાર કર્યા મારા હવે માનતા નથી મારું કહે. છાપામાં બહુ આવે છોકરા નાના હોય .. મોટા જરીક થયા મા-બાપનું માને નહિ અને અંદરમાં ...

મુમુક્ષુ :- ૧૬ વર્ષે એ સ્વતંત્ર થઈ ગયા.

ઉત્તર :- સ્વતંત્ર થઈ ગયા ઈ. છાપામાં બહુ આવે છે. આમ થયું. આમ થયું. અરે..! કોનાથી થાય? એ અવસ્થા તે શરીરની. એ જીવની જે થવાની એને પોતાને કારણે થાય. કોને કારણે થાય? સારા મા-બાપ હોય તો કેળવી જાણે છોકરાને. ખરાબ હોય તો કેળવણી ન જાણે એ વાત સાચી હશે?

મુમુક્ષુ :- લોકો માને છે.

ઉત્તર :- લોકો માને કે રામજીભાઈએ આ કેળવણી આપી સુમનભાઈને. આઠ હજારનો પગાર મહિને. આહા..હા..!

મુમુક્ષુ :- ... નહિ.

ઉત્તર :- ધૂળેય નથી કાંઈ હવે. આહા..હા..!

કહે છે '(**આમ નિશ્ચયથી બાહ્યવસ્તુને બંધનું કારણપણું નિર્બાધ રીતે...**' ન્યાયથી, વિરોધ ન આવે એ રીતે '**સિદ્ધ થતું નથી.) માટે બાહ્યવસ્તુ** કે જે **જીવને અતદ્‌ભાવરૂપ છે...**' ભાષા જુઓ, એ અતદ્‌ભાવ છે. આત્માનો એ ભાવ જ નથી. જીવ બચે કે મરે કે જૂઠું બોલે કે સત્ય બોલે એ આત્માની પર્યાય સાથે અતદ્‌ભાવ છે. એ જીવનો ભાવ નથી. આહા..હા..! ભારે ભાઈ! એ બાહ્ય વસ્તુ જે જીવ બચ્યો એ બાહ્ય વસ્તુ અતદ્‌ભાવ છે. આત્માની પર્યાય સાથે તેનો ભાવ છે જ નહિ. અતદ્‌ભાવ છે. ઈ ભાવ અહીં નથી. આહા..હા..! એમ જૂઠું બોલવાની ક્રિયા એ આત્માની પર્યાયથી અતદ્‌ભાવ છે. આત્માની સાથે સદ્‌ભાવ નથી. અસત્‌ છે. આહા..હા..! બહુ ટૂંકામાં પણ. પથ્ય આહાર લઈએ, થોડો લઈએ, હળવે હળવે ચાલીએ તો આયુષ્ય વધે. એમ કહે છે. શ્વાસ .. તુટી જાય. હળવે-હળવે. એટલું .. ચલાશે. કેવો? વિઠ્ઠલ. વિઠ્ઠલ શેઠ. ... ડોસા હતાને ડોસા? લાઠીમાં. રતિલાલ ત્રિભુવન અને ત્રિભુવન વિઠ્ઠલ. એય..! કાનજીભાઈ! શું? બહુ ધીમે ચાલતા હતા ડોસા. નિરોગ શરીર. હળવે-હળવે ચાલે.

મુમુક્ષુ :- ડોસા તો થઈ

ઉત્તર :- ડોસા ઈ તો જેને બોલવું હોય .. કારણ છે. તમારે તો આ .. ચલાય એવું. ઓલું તો સારું શરીર, નિરોગ શરીર. બહુ હળવે ચાલે. મેં એકવાર પૂછયું આવું કેમ ચાલતા હશે કીધું આ? શરીરને ઠીક ન હોય ને હળવે ચાલે જુદી વાત છે. કે ઈ એમ માને છે કે હળવે હળવે ચાલીએ તો શ્વાસ ઓછા લેવાય અને શ્વાસ વધારે લેવાય તો આયુષ્ય ઓછું જીવાય. આ તો બધું જોયેલું ખરુંને. આહા..હા..! અરે..! તદ્દન નિરોગી શરીર. પાતળું શરીર, જાડું શરીર હળવે-હળવે ચાલે. શ્વાસ ઓછા લે તો આયુષ્ય વધે. શ્વાસ ઉપર આયુષ્ય છે એમ કહે પાછા. ધૂળેય શ્વાસ ઉપર આયુષ્ય નથી. એ તો આયુષ્યની મર્યાદા હોય તે પ્રમાણે શરીર રહે. આહા..હા..!

કહે છે કે '**બાહ્યવસ્તુ...**' એ પૈસો રાખવો કે છોડવો ઈ બાહ્ય વસ્તુને સાથે આત્માને અતદ્ભાવ છે. બે ભાવ ઈ નથી. એક ભાવ એ નથી. અતદ્ એટલે બીજો ભાવ છે. આહા..હા..! શરીરથી બ્રહ્મચર્ય પાળવું અને વિષય સેવવો ઈ ભાવ આત્માની સાથે અતદ્ભાવ છે. આહા..હા..! જડ અને ચૈતન્ય બે ભિન્ન છે એમ માનવું અને વળી કહે કે એની ક્રિયાથી મારાથી એની ક્રિયા થાય. એ તો સ્વતંત્ર દ્રવ્ય રાખ્યું નહિ એણે આહા..હા..! '**તે બંધનું કારણ નથી;...**' પર દયા પળી એ બંધનું કારણ નથી. મેં દયા પાળી એવો જે અભિપ્રાય એ બંધનું કારણ મિથ્યાત્વ છે. આહા..હા..! મેં પરની હિંસા કરી એ હિંસા બંધનું કારણ નથી. આહા..હા..! પર જીવ મર્યો એ બંધનું કારણ નથી. અભિપ્રાય કે મેં આને માર્યો એ અભિપ્રાય બંધનું કારણ છે. ઓહો..હો..! માથું ફરી જાય એવું છે. છોટાભાઈ! શું હશે આ તે? ભારે આકરી વાતું. જ્યોતિને ભણાવી ન શકાય એમ કહે છે અહીં તો. .. ઘરની છાપ પડ્યા વિના રહે નહિ છોકરા ઉપર. એમ કહે છે માણસો. ઘરમાં મા-બાપના એવા લક્ષણ હોય તો એ લક્ષણ પછી છોકરામાં આવે. એમ કહે છે લોકો. વાત ખોટી છે. આહા..હા..! બહુ વાતું! છોકરાઓ ઘરમાં દેખે એવા પછી એના લક્ષણ થાય. એ વાત તદ્દન ખોટી છે. એમ પરના ભાવ આત્મા સાથે અતદ્ભાવ છે. પછી એને લઈને અહીં ભાવ થાય એમ છે નહિ. આહા..હા..! આવી વાતું ભારે ભાઈ!

મુમુક્ષુ :- આમાં તો બંધ અધિકાર છેને?

ઉત્તર :- બંધનો અધિકારમાં કહ્યું. સંસારનું કારણ આ છે. અભિપ્રાય જૂઠો છે એ બંધનું કારણ છે. એ માટે બંધના કારણમાં નાખ્યું. આહા..હા..! જૂઠું ક્યારે કહેવાય? એક દ્રવ્યનો ભાવ થાય એ પ્રમાણે સામે થાય નહિ જૂઠું. એ સંસાર છે, એ બંધનું કારણ છે, ગાંઠ છે એ. આહા..હા..! મિથ્યાત્વની ગાંઠ છે.

'**અધ્યવસાન કે જે જીવને તદ્ભાવરૂપ છે...**' જોયું? અધ્યવસાન એટલે બીજાને જીવાડી શકું, મારી શકું, જૂઠું બોલી શકું, સત્ બોલી શકું, ... એવો જે અધ્યવસાય એ અધ્યવસાય એ તદ્ભાવ છે. આત્માની સાથે પર્યાયને તદ્ભાવ છે. પરનું લક્ષ થયું ભલે હોય, પણ આત્માની સાથે સદ્ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલાક તો આવી વ્યાખ્યા કરતા અટકાય. સમાજમાં સરખું રહેશે કે નહિ? હવે સમાજ એટલે શું પણ હવે? સમાજમાં બરાબર સમતોલપણે રહેશે કે નહિ? નહિતર આવી વ્યાખ્યા સાંભળીને વળી વિશંકા થઈ જાય. એ અભિપ્રાય ખોટો તારો. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

અધ્યવસાન એટલે એકતાબુદ્ધિ. બુદ્ધિ હોં. આનું કરવું, આ બોલી શકે એવી પરદ્રવ્યની સાથે એકતાબુદ્ધિ અને અધ્યવસાય એ જીવની સાથે તદ્ભાવ છે. જીવની સાથે સંબંધવાળો છે. આહા..હા..! '**જે જીવને તદ્ભાવરૂપ છે તે જ બંધનું કારણ છે.**' આહા..હા..!

ગાંઠ છે મોટી કહે છે. બે દ્રવ્યની એકતાબુદ્ધિ એ જ મિથ્યાત્વ છે. એને સંયોગ છૂટશે નહિ. સંયોગ મળવાનું કારણ મિથ્યાત્વ છે. ભવના ભ્રમણ એને સંયોગ રહ્યા છે. પણ આને કારણે એ નહિ પાછું. આહા..હા..! મિથ્યાત્વને લઈને તીવ્રતા અંદર અજ્ઞાનની થશે અને એ અજ્ઞાન પરંપરા અજ્ઞાનને વધારશે. ચાર ગતિમાં રખડશે. આહા..હા..! હુશિયાર માણસ હોય એને કાંઈ ફેર તો પડેને. દુકાનમાં હુશિયાર માણસ બેસાડ્યો હોય અને એક મોળો પાતળો બેસાડ્યો હોય લ્યો છોકરાને.

મુમુક્ષુ :- હુશિયાર હોય તો પગાર મળે છે.

ઉત્તર :- હુશિયાર તો તો એને પાંચસો અને હજારનો પગાર મળે. સાધારણ છોકરાને બેસાડે જોઈ ..ના જેવો સાધારણ. .. રાખ્યો હોય ભલે નોકર. ફેર પડે કે નહિ? ..ભાઈ! ધંધામાં ફેર પડે કે નહિ? કેમ દુકાને પણ એક મુકુંદભાઈ બેસે અને એક અતુલને બેસાડો લ્યો અત્યારે. ... આહા..હા..! વ્યાખ્યાન બહુ આવશે આ ફેરે. માતાના લક્ષણ સારા હોય તો ઓલાના સારા થાય. બાપના લક્ષણ આવા હોય તો આવો થાય. માટે.. બધી વાતું છે. આહા..હા..!

શું કહ્યું આમાં સમજાણું સાર? એક આત્મા સિવાય જેટલા શરીરના પુદ્‌ગલો કે વાણીના પુદ્‌ગલો કે પરપદાર્થની પર્યાયનું થવું એ બધું સ્વતંત્ર છે. આના અધ્યવસાયને કારણે એ થાય એમ નથી. માટે એ અધ્યવસાય એનો તદ્દન જૂઠો કે હું આનું કરી શકું. આહા..હા..! બીજા જીવને બચાવી શકું છું એમ માનનાર એ જડ અને આત્મા બે જુદી ચીજ છે અહીંથી લીધું. એ બેને એણે એક માન્યું. મારો ત્યાં અધિકાર છે, મારી સત્તાનો ત્યાં પ્રવેશ થાય છે. (પણ) પ્રવેશ થયા વિના એને કેમ રાખી શકે? એમ અજ્ઞાની માને છે. મોટો ફેર શ્રદ્ધાનો કહે છે. પછી ચારિત્રનો દોષ હોય એ તો બહુ રહે નહિ. મૂળ નથી. દંસણં ભટ્ઠા ભટ્ઠા. શ્રદ્ધાથી ભ્રષ્ટ તે જ્ઞાનથી ભ્રષ્ટ, ચારિત્રથી ભ્રષ્ટ, શ્રદ્ધાથી ભ્રષ્ટ. 'ચરિત ભટ્ઠા સિજ્ંતિ દંસણ ભટ્ઠા ન સિજ્ંતી' આહા..હા..! ટંકોત્કીર્ણ વચન છે. શ્રદ્ધાથી ન્યાયથી વિરુદ્ધ જેની શ્રદ્ધા છે. એ તો ભ્રષ્ટમાં ભ્રષ્ટ છે. એનું જ્ઞાન .. ભ્રષ્ટ છે. એનું વર્તન પણ ભ્રષ્ટ છે. અને ચારિત્ર ભ્રષ્ટ હોય ચારિત્રનો દોષ, પણ શ્રદ્ધામાં ભ્રષ્ટ નથી. સિજ્ઝિ જશે. મુક્તિને પામશે. ચારિત્ર ભટ્ઠા સિજ્ંતી એવો પાઠ શાસ્ત્રમાં છે. આહા..હા..!

વીતરાગ અને અભિપ્રાયની અવળાઈ-સવળાઈ શું છે એની ખબર વિના બધા બહારના થોથા કર્યા કરે છે. આહા..હા..! એટલે કહે છે આત્મા અભિપ્રાય કરી શકે જૂઠો, પણ જૂઠો અભિપ્રાય કરી શકે માટે તે બીજાને બચાવી શકે કે મારી શકે, એ જૂઠું બોલી શકે, સત્ય બોલી શકે, એ કપડા રાખી શકે અને કપડા છોડી શકે, એ ભાવની સાથે આત્માને અતદ્‌ભાવ છે. અભિપ્રાયની સાથે એને અતદ્‌ભાવ છે. આહા..હા..! કેટલી સ્પષ્ટતા કરી છે! બંધ અધિકાર, આ સંસાર. ભવસમુદ્રમાં ઉંડો ઉતર્યો છે કહે છે. જે પરપદાર્થની પર્યાયનો સ્વામી થાય છે

એ સંસારમાં ઉંડો ઉતર્યો છે. આહા..હા..!

આ સમજાવા હેતુ શું છે? કે એ અભિપ્રાય એવો જૂઠો છોડ. એમ છોડાવા માટે અભિપ્રાયની વાત કરે છે. આવો અભિપ્રાય છે એ તારી વાત જૂઠી છે. તારા અભિપ્રાય પ્રમાણે બહારમાં થતું નથી માટે એ અભિપ્રાય છોડી દે અને જ્ઞાતા-દૃષ્ટા આત્મા છે એને તું નક્કી કરીને અનુભવ કર. આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા જાણનાર-દેખનાર એ તો છે. એને આત્મા કહીએ. બીજાનું આમ કરી દઉં, કરી શકું એવો અભિપ્રાય એ આત્મા નહિ. એ તો મિથ્યા અભિપ્રાય અણાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- બંધનું કારણ નિશ્ચયથી અધ્યવસાન જ છે;...**' અભિપ્રાય એ સંસાર રખડવાનું કારણ છે. '**અને જે બાહ્યવસ્તુઓ છે તે અધ્યવસાનનું આલંબન છે - તેમને આલંબીને અધ્યવસાન ઊપજે છે,...**' આલંબન કહેવાય નિમિત્ત, પણ ઈ કાંઈ બંધનું કારણ છે એમ નથી. આહા..હા..! જીવ મરે તોપણ બંધનું કારણ નથી એમ કહે છે. અને જીવ ત્યાં બચે તો એ પુણ્યબંધનું એ કારણ નથી. એમ કહે છે. અહીં તો એ સિદ્ધ કરવું છેને? ઈ બચ્યો માટે પુણ્યબંધનું કારણ છે અને મર્યો માટે પાપબંધનું કારણ એ નહિ. એક અધ્યવસાય એક જ બંધનું કારણ છે. આહા..હા..! '**તેથી તેમને અધ્યવસાનનું કારણ કહેવામાં આવે છે.**' કોને? એ બાહ્ય ચીજને. એનું અવલંબન હોય છેને? જીવ મરે છે, જીવ બચે છે, લક્ષ એનું છે. એનું આલંબન છે માટે એને નિમિત્ત કહેવામાં આવે છે.

'**તેથી તેમને અધ્યવસાનનું કારણ કહેવામાં આવે છે. બાહ્યવસ્તુ વિના નિરાશ્રયપણે...**' એમ. '**બાહ્યવસ્તુ વિના નિરાશ્રયપણે અધ્યવસાન ઊપજતાં નથી...**' એમ. નિમિત્ત છેને? એમ કહે છે. લક્ષ જાય છેને. '**બાહ્યવસ્તુ વિના નિરાશ્રયપણે અધ્યવસાન ઊપજતાં નથી તેથી બાહ્યવસ્તુઓનો ત્યાગ કરવામાં આવે છે.**' લક્ષ છોડાવામાં આવે છે એમ. ત્યાગ તો કરવાની ના પાડી છે. આહા..હા..! વિરોધ થઈ જાય છે. બાહ્ય વસ્તુનો ત્યાગ અને ગ્રહણ કરવું એ તો અભિપ્રાય મિથ્યાત્વ છે. એને રાખીને આ વાત હોવી જોઈએને. આહા..હા..! એનું લક્ષ છોડાવે છે.

'**જો બંધનું કારણ બાહ્યવસ્તુ કહેવામાં આવે તો તેમાં વ્યભિચાર આવે છે.**' વ્યભિચાર એટલે દોષ આવે છે. યથાર્થપણું એમાં સિદ્ધ થતું નથી. આવો ઉપદેશ શું આ તો ધર્મનો ઉપદેશ કહેવાય આ? આમાં અમારે કરવું શું પણ ત્યારે? કાંઈ પરનું તો કાંઈ કરી શકાય નહિ. ઓલા કહે પરનું. ... આ કરવું ... કરવું. આવે છેને પંચાધ્યાય. આત્માનું હિત કરવું મુખ્ય છે. પછી બાહ્ય હિત કરવું. ભાષા આવે વ્યવહારની. કોણ કરી શકે? એ નાખ્યું છે. આ પરોપકારને બહારમાં કાંઈક કરે તો મહાવીરનું શાસન ઉજ્વળ થાય. શાસન ઉજળું તો શુદ્ધ ઉપયોગે થાય. કે પર જીવની દયા પાળે, પરને વ્રત પાળે તો ઉજળું થાય

એમ છે? આહા..હા..! વીરનો માર્ગ તો ઉજળો દ્રવ્યના આશ્રયે શુદ્ધ ઉપયોગ થાય એનાથી જૈનશાસન છે. જૈનશાસન તો આનાથી શોભે છે. આહા..હા..! પણ રાગ કરવાથી અને રાગથી પરની દયા પાળી માટે ઓહો..હો..! જૈનશાસન ભારે શોભ્યું. એમ ભગવાન કહેતા નથી. મુંબઈમાં કાંઈ અમુક વખતે અમુક વાત ચાલે. કાંઈ બધી વાત આવતી હોય મુંબઈમાં?

મુમુક્ષુ :- મુંબઈમાં તો આવી ચાલે જ નહિ.

ઉત્તર :- આવું કરવા જાય તો ઓલા બધા માણસ ભાગો કહે આ શું કહે છે? ... મહારાજ કહે છે ઈ કાંઈક કહે છે. એનું ફરતું નથી અને આપણે ફરવું પડશે. કાંઈ છે. કાંઈક છે ત્યાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. કાંઈક છે. અને બાહ્ય વસ્તુને જે રીતે કહેવા માગે છે એ રીતે ચાલ્યું જ આવે છે. બાહ્ય વસ્તુનો આત્મા કાંઈ કરી શકતો નથી એ તો પહેલેથી કહેતા આવે છે. ટૂંકામાં કહ્યું હોય, સંક્ષેપમાં.

**'જો બંધનું કારણ બાહ્યવસ્તુ કહેવામાં આવે તો તેમાં વ્યભિચાર આવે છે. (કારણ હોવા છતાં કોઈ સ્થળે કાર્ય દેખાય અને કોઈ સ્થળે કાર્ય ન દેખાય તેને વ્યભિચાર કહે છે અને એવા કારણને વ્યભિચારી-અનૈકાંતિક-કારણાભાસ કહે છે.)'** કારણ નહિ પણ કારણાભાસ એવું કહે છે. **'કોઈ મુનિ ઈર્યાસમિતિપૂર્વક યત્નથી ગમન કરતા હોય તેમના પગ તળે કોઈ ઊડતું જીવડું વેગથી આવી...'** વેગથી. જીવડું વેગથી આવ્યું. ભાષા તો શું બોલાય? એય..! વેગથી આવી શકે છેને શરીર.. એ અહીં ક્યાં સિદ્ધ કરવું છે સાંભળને. એ **'પડીને મરી ગયું...'** લ્યો શું મરી ગયું ત્યાં? જીવડું મરી ગયું? પ્રાણઘાત થયો. દસ પ્રાણ ને ઈન્દ્રિયોનો આહા..! એને જીવ મરી ગયો એમ કહેવામાં આવે છે. જીવ મરે છે?

**'તો તેની હિંસા મુનિને લાગતી નથી. અહીં બાહ્ય દૃષ્ટિથી જોવામાં આવે તો હિંસા થઈ, પરંતુ મુનિને હિંસાનો અધ્યવસાય નહિ હોવાથી...'** મારવાનો અભિપ્રાય **'નહિ હોવાથી તેમને બંધ થતો નથી. જેમ તે પગ નીચે મરી જતું જીવડું મુનિને બંધનું કારણ નથી તેમ અન્ય બાહ્યવસ્તુઓ વિષે પણ સમજવું.'** જૂઠું બોલવું, સાચું બોલવું, ચોરી કરવી, ન કરવી વગેરે ક્રિયાઓ શરીરની. આહા..હા..! **'આ રીતે બાહ્યવસ્તુને બંધનું કારણ માનવામાં વ્યભિચાર...'** નામ સત્યાર્થ સત્ય સિદ્ધ થતું નથી. **'બાહ્યવસ્તુ બંધનું કારણ નથી એમ સિદ્ધ થયું. વળી બાહ્યવસ્તુ વિના નિરાશ્રયે અધ્યવસાન થતાં નથી...'** પરના લક્ષ વિના એકલો અધ્યવસાય થાય નહિ. **'તેથી બાહ્યવસ્તુનો નિષેધ પણ છે જ.'** લ્યો, તેથી બાહ્ય વસ્તુનું લક્ષ છોડો. લક્ષ છોડ બહારનું બસ. આનું આ

કર્યું અને આનું કર્યું વિપરીત લક્ષ. અહીં કરને લક્ષ. આહા..હા..!

'આ રીતે બંધના કારણપણે (-કારણ તરીકે) **નક્કી કરવામાં આવેલું જે અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી...'** લ્યો હવે સિદ્ધ કરે છે. એણે માન્યું કે આને બચાવું. એ અભિપ્રાય એની અર્થ ક્રિયા કરનારું બચાવવાની ક્રિયા કરી શકતો નથી. **'નહિ હોવાથી મિથ્યા છે - એમ હવે દર્શાવે છે :-'** આ ગાથામાં. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૨૬૬

एवं बन्धहेतुत्वेन निर्धारितस्याध्यवसानस्य स्वार्थक्रियाकारित्वाभावेन मिथ्यात्वं दर्शयति –

दुक्खिदसुहिदे जीवे करेमि बंधेमि तह विमोचेमि।
जा एसा मूढमदी णिरत्थया सा हु दे मिच्छा।।२६६।।

दुःखितसुखितान् जीवान् करोमि बन्धयामि तथा विमोचयामि।
या एषा मूढमतिः निरर्थिका सा खलु ते मिथ्या।।२६६।।

परान् जीवान् दुःखयामि सुखयामीत्यादि, बन्धयामि मोचयामीत्यादि वा, यदेतदध्यवसानं तत्सर्वमपि, परभावस्य परस्मिन्नव्याप्रियमाणत्वेन स्वार्थक्रियाकारित्वाभावात्, खकुसुमं लुनामीत्यध्यवसानवन्मिथ्यारूपं, केवलमात्मनोऽनर्थायैव।

---

આ રીતે બંધના કારણપણે (-કારણ તરીકે) નક્કી કરવામાં આવેલું જે અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી મિથ્યા છે - એમ હવે દર્શાવે છે :-

કરું છું દુખી-સુખી જીવને, વળી બદ્ધ-મુક્ત કરું અરે!
આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬.

ગાથાર્થ :- હે ભાઈ ! [जीवान्] હું જીવોને [दुःखितसुखितान्] દુઃખી-સુખી [करोमि] કરું છું, [बन्धयामि] બંધાવું છું [तथा विमोचयामि] તથા મુકાવું છું, [या एषा ते मूढमतिः]

એવી જે આ તારી મૂઢ મતિ (-મોહિત બુદ્ધિ) છે [सा] તે [निरर्थिका] નિરર્થક હોવાથી [खलु] ખરેખર [मिथ्या] મિથ્યા (-ખોટી) છે.

ટીકા :- હું પર જીવોને દુઃખી કરું છું, સુખી કરું છું ઈત્યાદિ તથા બંધાવું છું, મુકાવું છું ઈત્યાદિ જે આ અધ્યવસાન છે તે બધુંય, પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી, 'હું આકાશના ફૂલને ચૂંટું છું' એવા અધ્યવસાનની માફક મિથ્યારૂપ છે, કેવળ પોતાના અનર્થને માટે જ છે (અર્થાત્ માત્ર પોતાને જ નુક્સાનનું કારણ થાય છે, પરને તો કાંઈ કરી શકતું નથી).

ભાવાર્થ :- જે પોતાની અર્થક્રિયા (-પ્રયોજનભૂત ક્રિયા) કરી શકતું નથી તે નિરર્થક છે, અથવા જેનો વિષય નથી તે નિરર્થક છે. જીવ પર જીવોને દુઃખી-સુખી આદિ કરવાની બુદ્ધિ કરે છે, પરંતુ પર જીવો તો પોતાના કર્યા દુઃખી-સુખી થતા નથી; તેથી તે બુદ્ધિ નિરર્થક છે અને નિરર્થક હોવાથી મિથ્યા છે - ખોટી છે.

## વૈશાખ વદ-૧૪, ગુરુવાર, તા. ૩૧-૦૫-૧૯૭૩
## ગાથા - ૨૬૬-૨૬૭, પ્રવચન-૩૯૪

બંધ અધિકાર છે. ૨૬૫ ગાથા થઈ ગઈ. ૨૬૬. 'આ રીતે બંધના કારણપણે (-કારણ તરીકે) નક્કી કરવામાં આવેલું જે અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી મિથ્યા છે-એમ હવે દર્શાવે છે :-'

दुक्खिदसुहिदे जीवे करेमि बंधेमि तह विमोचेमि।
जा एसा मूढमदी णिरत्थया सा हु दे मिच्छा।।२६६।।
કરું છું દુખી-સુખી જીવને, વળી બદ્ધ-મુક્ત કરું અરે!
આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬.

'ટીકા :- હું પર જીવોને દુઃખી કરું છું,...' એવો જે અભિપ્રાય, અધ્યવસાય એ મિથ્યા છે. કેમકે પરને હું દુઃખી કરું .. એટલે પ્રતિકૂળ સંયોગ દઈ શકું એવો જે અભિપ્રાય એ પ્રતિકૂળ સંયોગ દઈ શકતો નથી. એથી એની માન્યતાનો અધ્યવસાય નિરર્થક છે. પરના કાર્ય માટે નિરર્થક છે. સ્વને માટે અનર્થને માટે (છે). આહા..હા..! શું કહ્યું? ફરીને. 'હું પર જીવોને દુઃખી કરું છું,...' છે? ટીકા. એટલે? કે હું પર જીવોને અનિષ્ટ સંયોગ આપું છું. અનિષ્ટ સંયોગની પ્રાપ્તિ કરાવું છું એવો જે અભિપ્રાય-અધ્યવસાય એ બીજાને અનુકૂળ

સંયોગ દઈ શકતો નથી. તેથી તે અભિપ્રાય નિરર્થક છે. કહો, બરાબર છે? ભારે વાતું આમાં! આમાં છોકરાને સરખું લખી દેવું કે ન લખી દેવું એની સૂઝ ન પડે આમાં. આહા..હા..!

અહીં તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એક રજકણને પણ પરને આપે કે પરથી લે એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! એટલે હું પર જીવને અનિષ્ટ સંયોગની પ્રાપ્તિ કરાવું. એને અફીણ આપું તો મરી જશે, આમ દુઃખી કરવાની વાત છે. વ્યવહારથી તે દુઃખી થશે. એવો જે આનો અભિપ્રાય એને અફીણ આદિ દેવાનો. એ એના અધિકારની વાત નથી. એ ચીજ તો એની પાસે જવાની હોય તો એના પાપના ઉદયને લઈને જાય, પણ તારે લઈને ત્યાં જાય એમ છે નહિ. બહુ વાતું આકરી વીતરાગની. આહા..હા..!

કહે છે કે હું પર જીવોને **'સુખી કરું છું...'** પર જીવોને એવા સંયોગોમાં એને મૂક્યો. મૂક્યા તો એ દુઃખી થશે હવે. ઈ સંયોગો મેં એને પ્રતિકૂળમાં ઘેરો ઘાલ્યો છે. એ મિથ્યા અભિપ્રાય છે. બીજાને પ્રતિકૂળ સંયોગો દેવા એ આત્માના અધિકારની વાત જ નથી. એના પાપનો ઉદય હોય અને પ્રતિકૂળ સંયોગ આવે ઈ આ દઈ શકે નહિ.

મુમુક્ષુ :- આપવામાં નિમિત્ત તો થાયને.

ઉત્તર :- નિમિત્તનો અર્થ ઈ જ કહે. અંદર આવ્યું હતું પહેલું. નિમિત્તનો અર્થ શું? કે ત્યાં ઉપાદાનનું કાર્ય થાય ત્યાં એવું થાય છે ત્યાં બસ. એનું નામ નિમિત્ત કહેવાય. નિમિત્ત કહેવાય પણ નિમિત્ત એને ઘરબાર ક્યાં છે? તો એને નિમિત્ત કહેવાય. સમજાણું કાંઈ? આવી ઝીણી વાતું! અહીં તો બે બોલ બીજા ભેળવશે.

હું **'સુખી કરું છું...'** બીજા જીવને હું જીવાડી શકું છું એ પછી. આ દુઃખી કરું છું અને મારું છું એમ બે લેવું. પર જીવોને હું દુઃખી એટલે પ્રતિકૂળ સંયોગ દઈ શકું છું અને પર જીવના પ્રાણનો ઘાત કરી શકું છું. ઈન્દ્રિયોના પ્રાણ, મન-વચનના પ્રાણ એનો હું ઘાત કરી શકું છું. એવો જે અભિપ્રાય એ પરને એવી રીતે ઘાત કરી શકતો નથી. તેમ પ્રતિકૂળ સંયોગ દઈ શકતો નથી. માટે એનો અભિપ્રાય તદ્દન મિથ્યાત્વ, જૂઠો, અનર્થનું કારણ છે એમાં. આહા..હા..! કહો, સમજાણું આમાં? જૈનધર્મનું તત્ત્વ છે એવું જાણવું જોશે. કેમકે સર્વજ્ઞ જે છે એવું જીવને એવું કહ્યું છે.

તો કહે છે **'હું પર જીવોને દુઃખી કરું છું,...'** ઈત્યાદિ શબ્દ પડ્યો છેને? એટલે કે હું એને મારી શકું છું, બીજાને સુખી કરું એટલે સંયોગ અનુકૂળ દઈ શકું અને એના પ્રાણની રક્ષા કરી શકું 'ઈત્યાદિ...' હું જૂઠું બોલી શકું, હું સત્ય બોલી શકું, હું કોઈની આજ્ઞા વિના વસ્તુ લઈ શકું, આજ્ઞાથી પણ લઈ શકું એવો જે અભિપ્રાય તદ્દન જૂઠો છે. પરચીજનું આવવું કે જવું એ આત્માના અધિકારની વાત નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ધંધા-વેપાર .. બંધ થઈ જાય.

ઉત્તર :- કાંઈ બંધ થતા નથી. એનો અભિપ્રાય બંધ કરે. બાકી બીજું થવાનું હોય ત્યાં થાય. એ સ્વકાળની પર્યાય જે છે ઈ અનુકૂળ થવાની કે પ્રતિકૂળ પદાર્થની તે થશે જ તે. એ બીજો માને તો થાય અને બીજો ન માને તો ન થાય એમ છે નહિ. આહા..હા..!

'**તથા બંધાવું છું,...**' હવે .. લીધું હવે. જીવતર કરું અને મારું. પ્રતિકૂળ સંયોગ આપું, અનુકૂળ સંયોગ આપુ. એ સંયોગની ચીજ દઈ શકતો નથી, લઈ શકતો નથી, આપી શકતો નથી, છતાં મફતનો મૂઢ મિથ્યા અધ્યવસાયો કરે એ જ એને બંધનું કારણ છે. આહા..હા..! મલૂપચંદભાઈ! આવું ઝીણું બહુ. બહુ ઝીણું. વીતરાગ માર્ગ જગતને સાંભળવા મળ્યો નથી. અનંત દ્રવ્યો છે એમાં એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં સંયોગો આપે અને પૈસા દે, નોટુ ગણે. લ્યો આ પાંચ હજાર તમને દેવા છે લ્યો તમને આપું છું. કહે છે કે ઈ અભિપ્રાય એમ કહે કે હું આને દઈ શકું છું. ઈ વાત ખોટી છે. કારણ કે એ તો પરમાણુનું ત્યાં જવાનું-થવાનું હોય તો એને પરમાણુને કારણે થાય. તારા અભિપ્રાયને કારણે નહિ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ત્યાં કીધુંને કલકત્તામાં ... ... દસ હજારની નોટુ લઈને. દસ-દસની નોટુ. હવે બંધ થઈ ગઈ નહિ? દસ-દસની નોટ એવી દસ હજારની નોટ.

મુમુક્ષુ :- લઈને આવ્યો ખરાને?

ઉત્તર :- લઈને આવ્યો. ઈ વાત ખોટી છે. ... હતીને જન્મતીથી ૮૪ વર્ષ એટલે હું મારું મુહૂર્ત કરું. મારા દસ હજાર લ્યો પહેલા ૮૪ જન્મજયંતિ માટે. ગૃહસ્થ માણસ. ૨૫-૩૦ કરોડ. આહા..હા..! ઈ વાત જ નથી.

મુમુક્ષુ :- લોકો એમ કહે હોય ઈ આપે ન હોય ઈ શું આપે?

ઉત્તર :- શું આપે? કોને આપે? એ રજકણોનું જવું કે રહેવું એ તો રજકણને આધારે છે, એને કારણે બીજો દઈ શકે (એમ નથી). આહા..હા..! ભારે આકરું કામ!

મુમુક્ષુ :- ... ભાવ છે આ.

ઉત્તર :- ભાવ કરે તો એ નિરર્થક છે કહે છેને. એ ભાવનો વિષય એ નથી. એણે માન્યું. વિષય કહે છે. હું બીજાને જીવાડી શકું, પ્રાણ રક્ષા કરી શકું એ શ્રદ્ધાનો અભિપ્રાયનો એ વિષય ત્યાં થાતો નથી. એટલે એનો વિષય જ નથી ખરેખર. આહા..હા..! ભાવ નિરર્થક કરે. પરમાં કાર્ય થાય એ નહિ, પોતામાં અનર્થ થયા વિના રહે નહિ. પરનું અર્થ કરે નહિ, પોતાનું અનર્થ થાય. આહા..હા..! અનર્થ થાય એટલે શું? પોતાનું બગાડે. બહુ વાત આકરી! કહો, ગીરધરભાઈ! ભારે આવી વાતું! આવા સંમત કરે .. કરીને. આહા..હા..! આવા રસ લીધા અને જીતી ગયો. મત મળ્યા નહિ હારી ગયા.

મુમુક્ષુ :- કલ્પના કરે.

ઉત્તર :- કલ્પના કરે. આહા..હા..! કે તારો અધ્યવસાય કલ્પના જૂઠો છે. આહા..હા..!

હું 'બંધાવ છું,...' આ જીવને પ્રતિકૂળ સંયોગ દઈ અને .. છે પોતામાં. ઓલા હિરવંશનો જુગલિયો હતો. ..માં આવે છે. એ જુગલિયો વેરી હતો દેવ. એટલે એ દેવો એ જુગલિયાનું શરીર નાનું કરી અને ... એમાં .. કાઢીને .. આપું. અને એનું માંસ ખવડાવી નરકમાં નાખ્યો એને. તો .. હરિવંશનો કોઈ .. નરકમાં ન જાય. ઈ વાત જ ખોટી છે. હરિવંશના જુગલિયાને નરકમાં જવાનું હોઈ શકે જ નહિ. અને એને એમ કે શરીર નાનું કર્યું અને આ .. રાજ આપ્યું. માંસ ખવરાવ્યું અને લંપટિ કરાવ્યું નરકમાં નાખ્યો. એમ ભગવાનની વાણીમાં તો એમ આવ્યું હતું કે હરિવંશના જુગલિયા જેટલા હોય ઈ દેવમાં જ જાય. એ વાત ખોટી પડે? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... આહા..હા..! વાંદરીની કૂખે રાજા જન્મ્યો. .. પણ થાય જ નહિને શું? આહા..હા..!

અહીં કહે છે કે હું બંધાવ છું. ... ઈ પાપ જ બાંધશે. આહા..હા..! ઓલા યજ્ઞની વાત આવે છે. લગન કરાવ્યા અને એવો યોગ હતો એનો. લગન કરાવીને બતાવ્યું કે જો આ લગન કરનારા દેવલોકમાં જાય છે. ... અશ્વમેઘ. પણ ઈ બધા જવાના સ્વર્ગમાં. જો આ સ્વર્ગમાં બતાવ્યું. .. યજ્ઞ કરાવ્યું નાખો નરકમાં. આવી વાતું આવે છે.

મુમુક્ષુ :- કથામાં હોય એવું.

ઉત્તર :- ખોટે ખોટી ગપ મારે છે. અહીં તો કહે છે કે ઈ તો બનતું જ નથી હરિવંશનું તો, પણ બીજો કોઈ માણસનો અહીંયાંનો હોય એને એમ કે એ રીતે સંયોગમાં મૂકી દઉં કે ઈ પાપ જ કરશે, માંસ જ ખાશે એવી સ્થિતિમાં મૂકી દઉં. એ . બંધાશે. ઈ તારો અભિપ્રાય તદ્દન જૂઠો છે. આહા..હા..! કારણ કે એ અભિપ્રાયનું એ કાર્ય એ વિષય જ નથી. એનું જ્ઞેય જ નથી. મફતનો વ્યર્થ માંડે છે. આહા..હા..!

'બંધાવું છું, મુકાવું છું...' લ્યો, હું એને મોક્ષ કરાવી દઉં. એ અભિપ્રાય મિથ્યાત્વ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ... મુકાવે છે.

ઉત્તર :- ધૂળેય મુકાવતો નથી. ઈ મુકાવે છે .. કહેવાય છે. આહા..હા..! હું આને મુકાવું-મોક્ષ કરી દઉં એવી સ્થિતિમાં મૂકીશ તને કે મોક્ષ જ થશે એનો હવે. સારો ઉપદેશ મળ્યો, પણ એના અભિપ્રાયમાં વીતરાગતા આવ્યા વિના મોક્ષ થશે કેમ એને? અને વીતરાગતા તારે લઈને થાય? આહા..હા..! કરાવતા મિથ્યાત્વનો રાગનો ભાવ. પણ ઈ કરે તો બંધાય. ઈ કહે કે હું બંધાવ એ વાતમાં એકેય દોકડો સાચો નથી. આ તો ચોર્યાસીના અવતાર. દુઃખી થયો છે એમાંથી છૂટવું હોય એની વાત છે આ. એમ ને એમ સંસારમાં મજા લાગતી

હોય. છે નહિ એમાં મજા લાગતી હોય તો કેમ છોડે ઈ? આહા..હા..! દુનિયા તો એમ પણ કહે કે આવું ... બસ કાંઈ કરવું નહિ કોઈનું? મુંગા બેસી રહેવું? પણ મુંગું બેસે કોણ? હલે કોણ? આહા..હા..!

હું **'બંધાવું છું, મુકાવું છું...'** બીજાને હું મોક્ષ કરી દઉં છું. પણ બીજાના પરિણામ એના થયા વિના મૂકાવું છું એવો તારો જે અભિપ્રાય એના પરિણામ જે વીતરાગ થવા એ તો એને કારણે થાય. તારા કારણે થતા નથી.

મુમુક્ષુ :- નિમિત્ત થાય.

ઉત્તર :- નિમિત્તનો અર્થ શું? ઈ જ વ્યાખ્યા કરે. ત્યાં થાય જ્યારે ત્યારે આને નિમિત્ત કહેવામાં આવે છે, પણ આને કરાવી દઉં. એમ ત્રણ કાળમાં બનતું નથી. એ થાય તો, ઓલું થાય ત્યારે ઈ જાણે કે આ નિમિત્ત છે. આ પણ એમ જાણે છે કે થાય છે આ પ્રમાણે એને કારણે. ત્યાં નિમિત્ત છે. નિમિત્ત છે એટલે સંકલ્પ-વિકલ્પ કર્યો નહિ એમ એનો અર્થ છે. મારે લઈને મુકાણો એમ નથી. આહા..હા..! સમ્યગ્દર્શન પમાડી દઉં બીજાને. લ્યો. એ અભિપ્રાય ખોટો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ પમાડે? આહા..હા..! કહ્યું છેને પ્રવચનસાર. કે આ ભાષા અમે કરીએ છીએ અને એ ભાષાને લઈને સામાને જ્ઞેયમાં જ્ઞાનરૂપ લાભ થયા એવો મોહ ન કરશો. એમ મોહને ન નચાવતા. આહા..હા..!

**'બંધાવું છું, મુકાવું છું ઈત્યાદિ જે આ અધ્યવસાન છે...'** એવો જે અધ્યવસાન એટલે અભિપ્રાય. બીજા દ્રવ્યની સાથે એકત્વબુદ્ધિ થઈને? આને બંધાવું, આને મુકાવું, આની પ્રાણ રક્ષા કરું, આને પ્રાણનો સંહાર કરું ઈ અધિકાર છે તારો પરની સાથે? આહા..હા..! ઘરમાં તો પાંચ ભાઈઓ હોય મોળાપાતળા હોય તો એમ પણ કરે લ્યો કે ભાઈ એને જરી આપણી ચાલતી દુકાન છે ઈ દુકાન એને સોંપો તો એને ઠીક રહે. આપણે તો બીજું કરી શકીએ. એમ આવે છે કે નહિ? એમ કે આપણે પરંપરાની દુકાન છે, ઈ નાનો છે અને બહુ .. શું કહે છે? ... આપણે તો ઝટ બીજી દુકાન ચલાવશું. ઈ વાત અભિપ્રાય જ જૂઠો છે કહે છે. આહા..હા..! આવો સંસાર ભારે આવ્યો.

મુમુક્ષુ :- આ બધીકોર .. કેમ?

ઉત્તર :- બાપ મરી જાય તો એની વહુ માટે પહેલું કરી રાખે. નહિતર છોકરો પાછળથી શું કરે? હેરાન કરશે. તો એના જુદા લાખ, બે લાખ કાઢી રાખે, મકાન જુદું કરી આપે. લ્યો આ મકાન એના નામનું. એમ કરે છે કે નહિ? છોકરા પાછળથી છોકરાની વહુ એવી ઠેકાણા .. આવી હોય અને છોકરો .. તો ફૂંકે એના ધણીને. આમ ન હોય આપણે. આ

આખો દિ' આમ પડ્યા રહે છે. મારે લાજ કાઢવી પડે, ફલાણું કરવું પડે માટે આપણે જુદા કરો એને. ઓય મારા! તારો અભિપ્રાય ત્યાં શું કામ આવે? આહા..હા..! કહો, ગીરધરભાઈ! ... ઈ માટે તો દાખલો આપ્યો આ. એના બાપ છેલ્લે મરતા .. છોકરાને આ કરે છે. અને પાછળથી હેરાન કરશે. અને ૫૦-૬૦, ૫૫ની ઉંમર થઈ માતાની. એ શરીર સારું છે. હજી ૨૫-૩૦-૪૦ વર્ષ કાઢે અને હેરાન થાય. એના મકાન જુદું, એના દાગીના જુદાં બધું જુદું કરીને આપે છે લ્યો. એ જુદું કરી રાખ્યું માટે એ મરશે એમ અભિપ્રાય કોઈ આપે છે? એના પુણ્ય નહિ હોય તો બધું ખલાસ થઈ જશે, બળી જશે, મરી જશે. એના સંયોગને રાખવા કે ન રાખવા એ એના પુણ્યને કારણે છે. તારે કારણે છે? આહા..હા..! શું કીધું?

મુમુક્ષુ :- પુણ્યને...

ઉત્તર :- ઈ તો એને કારણે થાય છે. આ મફતનો નિરર્થક અભિમાન કરે છે. એમ કહે છે.

મુમુક્ષુ :- .. ગોઠવવું પડે.

ઉત્તર :- શું ગોઠવે? ઈ માટે તો વાત ચાલે છે. નવા છે બૈરા, જૂનાના છોકરાઓ અને બધા ભેગા છે. પાછળથી શું કરશે? માટે પહેલેથી જુદું કરી રાખો. શું કરે? આહા..હા..! ભારે વાત ભાઈ! તારો અભિપ્રાય કહે છે કે મિથ્યા, નિરર્થક છે. પરનું કાર્ય થવા માટે તારો અભિપ્રાય સાર્થક નથી. આવી વાતું છે.

**'આ અધ્યવસાન છે તે બધુંય, પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે...'** લ્યો ઠીક! કારણ આપ્યું. **'પરભાવનો પરમાં વ્યાપાર...'** તારો ભાવ અધ્યવસાન અહીં છે. એના પરમાં વેપાર તું નથી કાંઈ કરતો. આને દઈ શકું, લઈ શકું કાંઈ કરી શકતો નથી. **'પરભાવનો પરમાં...'** એટલે કે અધ્યવસાન તારા પર છે. ઈ પરભાવ છે. એનો પરમાં એટલે પરમાં જીવાડી શકું, પ્રાણ રક્ષા કરી શકું, મારી શકું, પૈસા દઈ શકું એ વેપાર થઈ શકતો નથી. આહા..હા..! આખી દુનિયાની વાતથી જુદી જાત. આવો કહે છે કે વીતરાગનો માર્ગ હશે? ભગવાને કીધો હશે? લ્યો, ઈ .. આવે છે શાસ્ત્રમાં. ચાલતા નીચે જીવાત આવે તો પગ ઉંચો કરવો. અહીં કહે છે કે પગ ઉંચો કરી શકે નહિ.

મુમુક્ષુ :- કરી શકે .. બંધાય.

ઉત્તર :- હું પગ ઉંચો કરી શકું છું એથી જીવ બચશે એવો જે અભિપ્રાય તે મિથ્યા છે. આહા..હા..! .. ફટ .. મોઢા આગળ .. એવી રીતે પગને પોલો રાખવો. અહીં કહે ત્રણ કાળમાં ન રાખી શકાય. તારો અધ્યવસાય પગને પોલો રાખવાનો એ નિરર્થક છે. પગને કેમ રહેવું એ પગને કારણે છે. એય..! ચેતનજી! નથી આવતું ઈર્યાસમિતિમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કરીને નહિ આ તો આમ આવે છે. જીવાત હોય તો પગને આમ રાખવું. જુદી વાત આવે છે શાસ્ત્રમાં. આ ચર્ચા બહુ થઈ ગઈ. રાખે શું ધૂળ? આહા..હા..!

મુમુક્ષુ :- જતનાથી ચાલે.

ઉત્તર :- જતનાથી ચાલે ઈ તો રાગમાં પ્રમાદ ન થવો જોઈએ બસ એટલું. એ ચાલવું .. ક્રિયા તો જડની છે.

'**પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે...**' એટલે તું અધ્યવસાય એમ કર કે આ રીતે જીવી શકશે અને આ રીતે મરી શકશે. પ્રાણ જાશે. એમ જે તારો અભિપ્રાય એ પરમાં વેપાર કરવાને અસમર્થ છે. એ '**પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી,...**' લ્યો, ઈ અભિપ્રાય પોતાની અર્થ ક્રિયા એટલે ત્યાં જીવવું, બચવું, મરવું, બંધાવું, મુકાવું એ ક્રિયા કાંઈ તારા અભિપ્રાયથી ત્યાં થતી નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ! એ પાંચ મહાવ્રત. પાંચ મહાવ્રત શું? સત્ય બોલવું, અહિંસા કરવી, .. બોલવું. આહા..હા..! અહીંયાંથી લઈને .. આજ્ઞાથી લઈ શકું છું એ ચીજને, એ તારો અભિપ્રાય મિથ્યા છે. આહા..હા..! શાસ્ત્રની શૈલી વ્યવહારનયના કથનો એવા હોય, નિમિત્ત-નૈમિત્તિકથી એમ કહે. વસ્તુસ્થિતિ એમ છે નહિ. આહા..હા..!

'**પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે...**' તારો અધ્યવસાય એમ હોય પરિણામ કે હું આને બંધાવું, આને મૂકાવું, પણ એ પરમાં વેપાર તો તારા અભિપ્રાયથી થઈ શકતો નથી. "**હું આકાશના ફૂલને ચૂંટું છું**" લ્યો ઠીક! આકાશના ફૂલ. પણ આકાશને ફૂલ જ હોય નહિ. એમ હું પરને દુઃખી કરવા પ્રતિકૂળ સંયોગ આપી શકું, અનુકૂળ આપી શકું, પ્રાણઘાત કરી શકું, પ્રાણ રક્ષા કરી શકું, બીજાને બંધાવી શકું, મૂકાવી શકું ઈ આકાશના ફૂલને ચુંટવા જેવી વાત છે. આકાશને ફૂલ હોય નહિ અને ચુંટે નહિ એવી આ નિરર્થક વાત છે તારી બધી. આહા..હા..! કહો, પ્રવિણભાઈ! આવું ભારે આવ્યું. સમયસાર તો દરિયો છે સત્યનો. આહા..હા..!

"**હું આકાશના ફૂલને ચૂંટું છું' એવા અધ્યવસાનની માફક...**' જે અધ્યવસાય એ અધ્યવસાય જૂઠો છે. એમ આ પરના પ્રાણને હણી શકું છું, પ્રાણની રક્ષા કરી શકું છું. એને પ્રતિકૂળ સંયોગ દઈ શકું છું, અનુકૂળ સંયોગમાં મૂકી શકું છું, એના બંધાવાના .. એવા સંયોગ બંધાશે જ. એને મુકાવાના છે એવા સંયોગ મુકાશે. એ તારો અભિપ્રાય આકાશના ફૂલને ચુંટવા જેવો છે. નિરર્થક છે. આહા..હા..! આ તો આખો સંસાર ઉલટો થઈ જાય, ભાઈ! છોકરા .. વહુરુ એવી મળે. વહુરુ માટે.. નહોતા પહેલા. પહેલા તો પાંચસો રૂપિયા રાખતા. આ વિધ્વા થાયને અઢી રૂપિયા વ્યાજ આવે મહિને. હવે અત્યારે વધી ગયું. .. શાક પણ ન થાય. .. ૬૦ વર્ષ પહેલાની વાત છે. .. થાય સારા માણસને ત્યાં .. ઓલાને સો દોઢસો ... આપે, સો દોઢસો આ આપે... એમ કરીને પાંચસો રૂપિયા ભેગા કરી દે.

આઠ આનાનું વ્યાજ .. બસ લ્યો. જ્યાં પૈસા મૂક્યા હોય ઈ ભાંગે તું શું કરે છો એને? એનો વીમાવાળો હોય ત્યાં ભાંગે. હવે મારી બહેનના પૈસા હતા. હવે શું કરું? કોણ દઈ શકે? કોણ રાખી શકે? આહા..હા..! કહે છેને આ. શાહુકાર પૂછે છેને જ્યારે શું કહેવાય ઈ બધું?

મુમુક્ષુ :- દેવાળુ કાઢે.

ઉત્તર :- દેવાળુ કાઢે છે. ત્યારે કહે મારી બહેનના પૈસા છે, એક કહે મારા ભાઈના હતા, એક મારા ઢીકણાના, મારી માસીના હતા. એના પહેલા દઈ દો પછી કાઢે દેવાળું. પણ ઈ તારા અધિકારની વાત છે? એય..! ભારે વાતું! એવો અભિપ્રાય કે હું બીજાને અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો દઈ શકું, બંધાવું, મુકાવું એ અભિપ્રાય આકાશના ફૂલને ચુંટવા જેવો છે. એની માફક મિથ્યારૂપ છે. હા **'કેવળ પોતાના અનર્થને માટે જ છે...'** પરમાં તો અર્થ નથી એમ કહે છે ઈ. પરની ક્રિયા તો એ અભિપ્રાયને હિંસા થતી નથી. આહા..હા..! આ દુકાળ પડે તો પૈસા રાખ્યા હોય તો વાંધો ન આવે લ્યો. કહો, ભગવાનજીભાઈ! આ પૈસા-બૈસા રાખે કે નહિ? આ દુકાળ પડે તો પહેલો .. રાખવો. જ્યારે દુકાળ પડે તો .. કરશે. મિથ્યા અભિપ્રાય છે. તું પરનું શું કર? આહા..હા..! એ બધા પરદ્રવ્યને માટેના અભિપ્રાય તારા તદ્દન જૂઠા છે. આહા..હા..! **'કેવળ પોતાના અનર્થને માટે જ છે...'** માટે જ છે એમ પાછું. **'(અર્થાત્ માત્ર પોતાને જ નુકસાનનું કારણ થાય છે, પરને તો કાંઈ કરી શકતું નથી).'** આહા..હા..! આખો સંસાર મારો આટલો બધો ઉઘાડો પડી જાય છે.

ભાવાર્થ. બહુ સ્પષ્ટ વાત. **'જે પોતાની અર્થક્રિયા (-પ્રયોજનભૂત ક્રિયા)...'** પ્રયોજનભૂત એટલે બીજાના પ્રાણની રક્ષા કરું, પ્રાણને મારું એ પ્રયોજનભૂત એ ક્રિયા. અનુકૂળ સંયોગ આપું, પ્રતિકૂળ આપું. એવા અભિપ્રાયની તે ક્રિયા. એ પ્રયોજનભૂત ક્રિયા કરી શકતું નથી અભિપ્રાય. તેથી **'તે નિરર્થક છે,...'** એક વાત. આ બહુ સરસ બીજી વાત. **'અથવા જેનો વિષય નથી તે નિરર્થક છે.'** બહુ વાત છે. બીજાને અનુકૂળ સંયોગ આપુ એવો તારો અભિપ્રાય એનો ઈ વિષય જ નથી. વિષય નથી એટલે ત્યાં થાતું નથી. એને કારણે થાય છે. એનો વિષય જ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- .. વિષય કીધો.

ઉત્તર :- વિષય કીધો. પરને સુખી કરું, દુઃખી કરું, પ્રાણ રક્ષા કરું, પ્રાણ સંહાર કરું, બંધાવું, મુકાવું, જૂઠું બોલવું, સત્ય બોલવું એ બધી ક્રિયાઓ તારા અભિપ્રાયથી તેનો વિષય એ નથી. કારણ કે એ તો એના જડને કારણે થવું હોય તો થાય. તારા ભાવને કારણે થાય એનો વિષય જ નથી કહે છે. આહા..હા..! મિથ્યાશ્રદ્ધાનો વિષય હોય તો તો મિથ્યા શ્રદ્ધા કહેવાય નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનીને ..

ઉત્તર :- વિષય જ નથી અજ્ઞાનનો શું હોય? જ્ઞાનનો વિષય હોય જ્ઞાનીને આ પ્રમાણે થાય એ જાણે છે. પણ અજ્ઞાનનો વિષય શું? મિથ્યાશ્રદ્ધાનો વિષય શું? ઈ ક્યાં છે? મિથ્યાશ્રદ્ધા માને છે એવી વસ્તુ છેને સામે? એનો વિષય જ નથી. આહા..હા..! ભારે વાત કરી.

'**જેનો વિષય નથી તે નિરર્થક છે.**' આહા..હા..! પરની પ્રાણરક્ષા કરું અથવા એને અમુક જાતની આજીવિકા બાંધી દઉં. કહો, ... ચાલે છે કે નહિ? આજીવિકા બાંધી દે જેને મહિને સો રૂપિયા આપે. એવો જે અધ્યવસાય એ .. આવે ઈ એનો વિષય જ નથી. આહા..હા..! આ છોકરા જુદા પડે પછી મા-બાપને બાંધી મૂકે છેને? આપે છેને? તમારા માટે પાંચસો, એક મકાનનું ભાડુ આપીએ, ... એક-એક ભાઈઓ પચાસ-પચાસ રૂપિયા આપશે. બસ્સો રૂપિયા ઈ આવશે. સો રૂપિયાનું ભાડુ આવશે. આવે છે કે નહિ પણ આ? પણ કહે છે કે ઈ તારો ભાવ છે એનો એ વિષય એવો છે જ નહિ. આહા..હા..! મરવાનો હોય ક્યાંય અને થઈ જાય ક્યાંય બીજે ઈ ક્યાં તારા અભિપ્રાયથી એમ થાય છે? ભારે વાતું ભાઈ આવી!

'**નિરર્થક છે.**' એનો વિષય જ નથી. આહા..હા..! ઈ માને છે એવા અભિપ્રાયનો ઈ વિષય એ પ્રમાણે થાય એ વિષય જ નથી. નિરર્થક અભિપ્રાય છે તમારો. આહા..હા..! થાયને બાપને તો થાયને દીકરો એવો હોય. .. દઈશું ... પૈસા માગે. લાખ રૂપિયાનું મકાન એના નામે ચડાવી દે. એના ભાડા આવે એને ... આહા..હા..! કહો, ગીરધરભાઈ! આ તો સંસારની ચોખવટ થાય છે. આહા..હા..! બનતું તો નથી. એ તો થઈ રહ્યું. મકાન કરાવ્યા અને એમ કે .. ગયા. ભાડા ઉપજીને ખાશું નિરાંતે. ક્યાં તારો અભિપ્રાય ત્યાં કામ આવે? આહા..હા..! આખા સંસાર ઉપરથી કર્તાબુદ્ધિ ઉડાવી દે એમ કહે છે. આહા..હા..! 'હોંશીડા મત હોંશ કીજો' એવી હોંશ કરીશ નહિ આનું આમ કરી દઉં, આનું આમ કરી દઉં, આનું આમ કરી દઉં. બહુ વ્યવસ્થા કરનારા હોયને વેપારી બહુ વ્યવસ્થા. .. હોય તો બહુ ડહાપણ કરે મારા બેઠા-બેઠા. ..ભાઈ! આનું આમ કરી દીધું માટે આમ થયું. આને આમ કરી દીધું માટે આમ થયું. ધૂળેય નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. છે. એવી વાત છે. ખબર નથી પણ ઈ. કે આ શું કરું છું અને આ શું થાય છે એના કાંઈ મેળની ખબર જ નથી. આહા..હા..!

'**જીવ પર જીવોને દુઃખી-સુખી આદિ કરવાની બુદ્ધિ કરે છે, પરંતુ પર જીવો તો પોતાના કર્યા દુઃખી-સુખી થતા નથી;...**' શ્વાસનો દર્દી હતો એક બહુ. તો ડોક્ટર પાસે દવા લેવા જાવું. ... દવા આપો ડોક્ટર. એક ફેરી કંટાળી ગયો ડોક્ટર કે આ દરરોજ. .. આ તો .. ગયો છે. એટલે ઝેર આપી દીધું એ જાતનું. .. મરી જશે. ઈ જ્યાં ઘરે

જઈને લીધું ત્યાં મૂંઝવણ થવા માંડી. મૂંઝવણ થઈને બળખા-બળખા નીકળી ગયા. નિરોગ થઈ ગયું શરીર. ડોક્ટર પાસે ગયો સાહેબ ડોક્ટર દવા આકરી બહુ કહે. હેં શું થયું? રોગ માત્ર નીકળી ગયો. અરે..! ભાઈ સાહેબ મેં તો મારી નાખવા આપી હતી. ગરીબ માણસ રોજ આવતો હતો હવે ક્યાં સુધી કીધું દવા દેવી? કે મેં તો ડોક્ટર દવા બહુ આકરી આપી. આકરી ખરી પણ હળવું થઈ ગયું શ્વાસનું દર્દ ચાલ્યું ગયું. આમ બન્યું છે. એમાં શું કામ આવે તારો અભિપ્રાય ત્યાં. .. ક્રિયા બીજી થવાની હોય અને તું કહે કે આમ થાશે, મરી જશે મર્યા. આહા..હા..! આ સંસારમાં બહુ ચાલે છે આવું. જૂઠો છે આખો સંસાર. આહા..હા..!

કહે છે **'કરવાની બુદ્ધિ કરે છે, પરંતુ પર જીવો તો પોતાના કર્યા દુઃખી-સુખી થતા નથી; તેથી તે બુદ્ધિ નિરર્થક છે અને નિરર્થક હોવાથી મિથ્યા છે - ખોટી છે.'** ભલે મિથ્યા હોય, પણ મિથ્યા પણ થાય છેને? મિથ્યા થાય છે ત્યારે .. મિથ્યા એમ કહે છે. ત્યાં ક્યાં થાય છે? .. મિથ્યાબુદ્ધિ છે. આહા..હા..!

## ગાથા-૨૬૭

कुतो नाध्यवसानं स्वार्थक्रियाकारीति चेत् -

अज्झवसाणणिमित्तं जीवा बज्झंति कम्मणा जदि हि।
मुच्चंति मोक्खमग्गे ठिदा य ता किं करेसि तुमं।।२६७।।
अध्यवसाननिमित्तं जीवा बध्यन्ते कर्मणा यदि हि।
मुच्यन्ते मोक्षमार्गे स्थिताश्च तत् किं करोषि त्वम्।।२६७।।

यत्किल बन्धयामि मोचयामीत्यध्यवसानं तस्य हि स्वार्थक्रिया यद्बन्धनं मोचनं जीवानाम्। जीवस्त्वस्याध्यवसायस्य सद्भावेऽपि सरागवीतरागयोः स्वपरिणामयोः अभावान्न बध्यते, न मुच्यते; सरागवीतरागयोः स्वपरिणामयोः सद्भावात्तस्याध्यवसायस्याभावेऽपि बध्यते, मुच्यते च। ततः परत्राकिञ्चित्करत्वान्नेदमध्यवसानं स्वार्थक्रियाकारि; ततश्च मिथ्यैवेति भावः।

---

હવે પૂછે છે કે અધ્યવસાય પોતાની અર્થક્રિયા કરનારું કઈ રીતે નથી? તેનો ઉત્તર કહે છે :-

**સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં**
**ને મોક્ષમાર્ગ સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા? ૨૬૭**

ગાથાર્થ :- હે ભાઈ ! [यदि हि] જો ખરેખર [अध्यवसाननिमित्तं] અધ્યવસાનના નિમિત્તે [जीवाः] જીવો [कर्मणा बध्यन्ते] કર્મથી બંધાય છે [च] અને [मोक्षमार्गे स्थिताः] મોક્ષમાર્ગમાં સ્થિત [मुच्यन्ते] મુકાય છે, [तद्] તો [त्वम् किं करोषि] તું શું કરે છે ? (તારો તો બાંધવા-છોડવાનો અભિપ્રાય વિફળ ગયો.)

ટીકા :- 'હું બંધાવું છું, મુકાવું છું' એવું જે અધ્યવસાન છે તેની પોતાની અર્થક્રિયા જીવોને બાંધવા, મૂકવા (-મુક્ત કરવા, છોડવા) તે છે. પરંતુ જીવ તો, આ અધ્યવસાયનો સદ્‌ભાવ હોવા છતાં પણ, પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી નથી બંધાતો, નથી મુકાતો; અને પોતાના સરાગ-વીતરાગ પરિણામના સદ્ ભાવથી, તે અધ્યવસાયનો અભાવ હોવા છતાં પણ, બંધાય છે, મુકાય છે. માટે પરમાં અકિંચિત્કર હોવાથી (અર્થાત્ કાંઈ નહિ કરી શકતું હોવાથી) આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી; અને તેથી મિથ્યા જ છે. - આવો ભાવ (આશય) છે.

ભાવાર્થ :- જે હેતુ કાંઈ પણ ન કરે તે અકિંચિત્કર કહેવાય છે. આ બાંધવા-છોડવાનું અધ્યવસાન પણ પરમાં કાંઈ કરતું નથી; કારણ કે તે અધ્યવસાન ન હોય તોપણ જીવ પોતાના સરાગ-વીતરાગ પરિણામથી બંધ-મોક્ષને પામે છે, અને તે અધ્યવસાન હોય તોપણ પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી બંધ-મોક્ષને નથી પામતો. આ રીતે અધ્યવસાન પરમાં અકિંચિત્કર હોવાથી સ્વ-અર્થક્રિયા કરનારું નથી અને તેથી મિથ્યા છે.

## ગાથા-૨૬૭ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે અધ્યવસાય પોતાની અર્થક્રિયા કરનારું કઈ રીતે નથી? તેનો ઉત્તર કહે છે :-' લ્યો. ૨૬૭. આમાં આવશે ટીકામાં સ્પષ્ટતા વધારતા જાય છે.

अज्झवसाणणिमित्तं जीवा बज्झंति कम्मणा जदि हि।
मुच्चंति मोक्खमग्गे ठिदा य ता किं करेसि तुमं।।२६७।।

બંધ અને મોક્ષનો ઉત્તર આપે છે.

સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં
ને મોક્ષમાર્ગ સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા? ૨૬૭

આહા..હા..! હવે ઈ તારે .. કરી કરીને તારે શું કરવું છે? બીજાને આમ કરી દઉં, બીજાને

આમ કરી દઉં, બીજાને સમજાવી દઉં.

મુમુક્ષુ :- એ તો વકીલનું કામ છે બીજાને સમજાવું.

ઉત્તર :- વકીલ છે બધા ગાંડા છે બધા વકીલ. રૂપિયા લેવાનો ભાવ હોય ત્યાં ઓલો ડોક્ટર કહે ... અરે..! એ તો બે-ચાર દિ'માં સારું થઈ જાય. ડોક્ટર કહેતા હતા ઓલા. જામનગરના ડોક્ટર નહિ શું કીધું? પ્રાણભાઈ. પ્રાણજીવન ડોક્ટર છેને? છ લાખનો સંચોને. જામનગરમાં. ... ઈ કહેતા હતા. વ્યાખ્યાનમાં આવતાને પહેલા. ઈ કહેતા કે ભાઈ! અમે જાઈએ જોવા સો રૂપિયાનું ઓલું હોય. શું કહેવાય ઈ? અરે..! આ તો .. ઘરે જાશું તો મરી જાશે આ. કહીએ આમ કે મટી જશે મટી. આમાં શું પણ મુંઝાવમાં તમે. દવા એવી આપું કે રોગ ન રહે. જોકે હળવે-હળવે મટશે. જલ્દી નહિ મટે. ઈ કહે કે ઘરે આવે ત્યાં મરી ગયો હોય... અમને પણ થાતું હોય, પણ શું કરીએ? ... આહા..હા..! એ બધાને એમ કે જુઓ .. સાત-આઠ દિ'માં તો આમ થઈ જશે, ફલાણું તો આમ થઈ જશે. ડોક્ટર તો એમ જ કહેને. ડંફાસ મારે. મરવાની તૈયારી હોય. કલાક બે કલાકમાં મરે તોપણ એમ કહે! વાંધો નથી... વાંધો નથી... હજી વાંધો નથી. .. શું ધૂળ .. તારા?

ટીકા. ૨૬૭. ''**હું બંધાવું છું,...**' .. ઓલું ઉપર આવી ગયો છે કે અવિનાશી છે ઈ કાંઈ મરે નહિ અને સંયોગો પુણ્યને લઈને અનુકૂળ મળવા હોય તો મળો. .. એને પાપ .. તારે લઈને મળે નહિ. એનો ઉત્તર અપાઈ ગયો છે ત્યાં. હવે અહીં તો કહે બીજાને બંધાવું અને '**મુકાવું છું' એવું જે અધ્યવસાન છે તેની પોતાની અર્થક્રિયા જીવોને બાંધવા, મૂકવા (-મુક્ત કરવા, છોડવા) તે છે. પરંતુ જીવ તો, આ અધ્યવસાયનો સદ્ભાવ હોવા છતાં પણ,...**' શું કહે છે? બીજા જીવનો એવો અધ્યવસાય હોય કે આને બંધાવું અને મૂકાવું. એવો '**આ અધ્યવસાયનો સદ્ભાવ હોવા છતાં પણ, પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી નથી બંધાતો, નથી મુકાતો;...**' પણ જીવના સરાગ પરિણામ મિથ્યાત્વના થયા વિના ઈ તું કહે કે બંધાવું છું અને ઈ બંધાય નહિ. એના પરિણામે બંધાય. મિથ્યાત્વના પરિણામ છે સરાગ. આહા..હા..! રાગની એકતાબુદ્ધિ કરે છે ઈ તો બંધાય છે. ઈ કહે હું બંધાવ. એમ છે નહિ. એ તો એના પરિણામથી બંધાય છે. રાગની એકતા કરે છે અને તું કહે કે હું એને બંધાવું. ... તારા પરિણામ ત્યાં ક્યાં કાર્ય કરે છે? નિરર્થક તારા પરિણામ છે. એ વીતરાગ પરિણામ. તારો અધ્યવસાય એવો હોય કે આને મુક્તિ પમાડું, પણ તારા અધ્યવસાયની હયાતી હોવા છતાં એને વીતરાગ પરિણામ ન હોય તો મુક્તિ નહિ પામે. એ તો એના વીતરાગ પરિણામને કારણે પામે છે. અને વીતરાગ પરિણામનો અભાવ હોય અને તું મૂકાવું કહે તો નહિ મુકાય. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું બહુ ઝીણું આ.

ઉપકાર કર્યો. શાસ્ત્રમાં તો એમ આવે લ્યો. ભગવાને ઉપકાર કર્યો. બીજાને ઉપદેશ દીધો. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે. અમે પણ હવે .. દેશું. ... આવી વાતું તે વાતું. ઈ તો એ વિકલ્પ એવો હોય, ... આવે. આહા..હા..! ... તત્ત્વની વિપરીત દૃષ્ટિ છે એ જ સંસાર છે. વિપરીત દૃષ્ટિનો અભાવ એ જ મુક્તિનું કારણ છે. આહા..હા..! તો કહે છે તારા અધ્યવસાયની હયાતી હોવા છતાં એને મિથ્યાત્વના પરિણામ નહિ હોય તો નહિ બંધાય. અને તારા અધ્યવસાય હોવા છતાં એને વીતરાગ પરિણામનો અભાવ હશે તો નહિ મૂકાય. આહા..હા..! સમજાણું કાંઈ? એણે ટૂંકામાં વાત પણ નાખી દીધી કે સરાગ પરિણામથી બંધાય વીતરાગ પરિણામથી મુકાય. ભેગું એ નાખ્યું. આહા..હા..! એ પણ સરાગ પરિણામથી આત્માને મુક્ત થાય, સંવર-નિર્જરા થાય એમ નથી. આહા..હા..! કથાઓમાં બહુ વાત આવે એવી. લગન કર્યા, આનું આમ કર્યું અને આનું આમ કર્યું. ભર્તૃરાજાનું આવે છેને? જૂઠું બોલ્યો, મરીને નરકે ગયો. ... બીજાને કર્યું. એ રાજા બીજો હતો. આમ કર... વેદન કર... સ્વર્ગમાં જા. બતાવે. એથી કરીને ભાવ છે માટે બંધનું કારણ છે. એના મિથ્યાત્વના પરિણામ વિના બંધન કેમ પામે? તારા પરિણામની હયાતી માટે તને .. પરિણામો થાય? આહા..હા..! અને મુકાવાના પરિણામની હયાતી હોવા છતાં તેને વીતરાગના પરિણામ ન થાય તો મુકાશે નહિ. એના કારણે મુકાશે નહિ. વીતરાગભાવ. જુઓ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ એ વીતરાગભાવે છે. ત્રણે વીતરાગભાવ છે. શું કીધું સમજાણું?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે વીતરાગભાવ છે. એ મિથ્યાદર્શન આદિ તદ્દન મિથ્યાત્વ રાગભાવ છે લ્યો. આહા..હા..! એને મિથ્યાત્વભાવનો ન હોય અને તારી હયાતી એમ મનાય કે આ બંધાય, પણ એને મિથ્યાત્વનો ભાવ ન હોય અને તું બંધાવાનો ભાવ કર તો નિરર્થક જાશે. એને મુકાવાનો ભાવ છે પણ એને વીતરાગભાવ ન હોય તો તારો ભાવ કે આના મુકાવું. તો એ નિરર્થક જાશે. બરાબર છેને? આ બરાબર છે. બહુ કહેતા ભાઈ હોં. ... નહિ? નેમિચંદભાઈ. ... બરાબર છે? આ બરાબર છે? એમ બોલતા હતા. નેમિચંદભાઈ. ગૌહાતિ આવેલા ખરાને. પોતાને જવાબદારી આખી. ત્રણ દિ' પણ .. બે દિ' ઓછા પડ્યા. ... પહેલા તો એવું સાંભળ્યું હતુંને .. વ્યાખ્યાન.. ચાર-પાંચ જણા. પછી તો હવે.. કેમ થાય અને કેમ નહિ એ કાંઈ પોતાના પરિણામને આધારે છે? આહા..હા..! બહારનું તો જે કાળે, જે પ્રકારે એનો સ્વકાળ પર્યાયનો ભજવાનો હોય એ તો એના પરિણામથી ભજે છે. સ્વકાળમાં વીતરાગના પરિણામનો અભાવ હોય અને આ કહે છે કે એને મુકાવું. ક્યાંથી મુકાશે? એના સ્વકાળમાં મિથ્યાત્વનો અભાવ હોય અને આ કહે કે હું બંધાવું. ... આહા..હા..! કેવી કેવી વાતમાં પણ લોકો ફેર બતાવે છે. મૂળ તો મિથ્યાત્વ ભાવ જ સંસારનું મૂળિયું. એનું આ સ્પષ્ટ કરે છે બધા. આહા..હા..! અને સમ્યગ્દર્શન એ જ મોક્ષનું કારણ છે. બસ. એવા

અભિપ્રાયથી વિરુદ્ધભાવ શું હોય એનું આ સ્પષ્ટિકરણ કરે છે. આહા..હા..!

કહે છે '**જીવ તો, આ અધ્યવસાયનો સદ્‌ભાવ હોવા છતાં...**' શું અધ્યવસાય? કે આને બંધાવું અને આને મુકાવું. એવો તારો અભિપ્રાય હોવા છતાં '**પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી...**' સામે. એને મિથ્યાત્વના પરિણામ અને સમ્યગ્દર્શનના પરિણામ એના અભાવથી '**નથી બંધાતો, નથી મુકાતો;...**' આહા..હા..! કેટલી વાત કરી! આ તો સરાગથી બંધાય એટલી જ વાત લીધી. એ શુભરાગ છે એ મારો છે એવી માન્યતા રાગને ઉપયોગમાં એકત્વ કરે છે. એથી એને બંધાવા માગ અને આમ ન કરે ઈ. એના ઉપયોગમાં રાગની એકતા ન કરે. આવી ગયું છેને બંધ અધિકારમાં? અભિપ્રાય કર કે આ બંધાય પણ એ એના ઉપયોગમાં રાગની એકતા ન કરે તો નહિ બંધાય. અને તું એને મુકાવા માગ પણ એ રાગની એકતાના પરિણામ ન છોડે અને વીતરાગના પરિણામ, વીતરાગ પરિણામ ન થાય તો નહિ મુકાય. આહા..હા..! બહુ લાંબી વાત. આવું મુંબઈમાં ઝીણું પડે નહિ? એય..! ..ભાઈ! .. છેને. મોઢા આગળ માણસ... બધા ઝાઝા માણસ હોય ... લાગે. આહા..હા..! શું કહેવા માગે છે કઈ અપેક્ષાએ એ બેસવું કઠણ પડે. કે આ બધું કરીએ છીએને. શું કરે છો? પરિણામ કર. પણ આ પરનું કર અને પછી તારા શરીરાદિના પરિણામ પર્યાયને કર. આહા..હા..!

મુમુક્ષુ :- આખા જગતને ...

ઉત્તર :- આખા જગતથી વીતરાગ માર્ગ જુદો છે. કોઈની સાથે ક્યાંય મેળ નથી. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ. આહા..હા..! આ કહે કે પરના પ્રાણની રક્ષા કરું. એવી તારી બુદ્ધિ મિથ્યાત્વ છે. ગજબ વાત છેને. ઓલા કહે પરના પ્રાણની રક્ષા કરે તો એને ધર્મ થાય. એના આશીર્વાદ મળે. દયા પળે, બીજાના પ્રાણે દુઃખી હોય બિચારા. દૂધે ધોઈ શું કહે છે કાંઈ?

મુમુક્ષુ :- ઈ તો પૈસા દે.

ઉત્તર :- ઈ તો પૈસા... આ તો મોટપ આપે તે. દૂધે ધોઈ, દુધે નહાવ એવું કાંઈક કહે છે. પુત્ર થાવ. પગે લાગને આ વહુરુ? સાસુને પગે લાગે ત્યારે આશીર્વાદ આપે. દુધે નાવ પુત્રે વધો. સો વર્ષની ડોસી થઈને દુઃખી થાવ.

મુમુક્ષુ :- સો વર્ષના થાવ.

ઉત્તર :- વાત એમ છે. સો વર્ષના થાવ. પગે લાગેને? પગ દાબે. સુખી થાય. દૂધે નાવ પુત્રે વધો અને સો વર્ષના થાવ. દુઃખી થાવ અને મરો. આ જાણે આશીર્વાદ આપીએ. કે આશીર્વાદ આપવાથી ત્યાં થાતું હશે? એ આવેને પગે લાગેને પહેલી? પછી એમ કહે. સારા ગાંડા છે બધા ખેલ. આહા..હા..!

કહે છે તારા અભિપ્રાયમાં એને બંધાવું એવો ભાવ તારો હોય અને એને મિથ્યાત્વનો

ભાવ જ ન હોય તો એને કેમ બંધાશે? એને તારા અભિપ્રાયમાં એને મુકાવું, પણ એને વીતરાગભાવ ન હોય તો કેમ મુકાશે? આહા..હા..! **'સરાગ-વીતરાગ પરિણામના સદ્ભાવથી, તે અધ્યવસાયનો અભાવ હોવા છતાં પણ,...'** લ્યો પાછું કહે છે. બીજાને બંધાવું, મુકાવું એવો અધ્યવસાય ન હોય બીજાનો. તોપણ એ તો પોતાના સરાગ પરિણામથી બંધાય અને વીતરાગ પરિણામથી મુક્ત થાય. ઈ કાંઈ બીજાના પરિણામને કારણે આ છે નહિ. આહા..હા..!

**'અધ્યવસાયનો અભાવ હોવા છતાં પણ, બંધાય છે, મુકાય છે. માટે પરમાં અકિંચિત્કર હોવાથી...'** લ્યો આ ભાષા, આહા..હા..! એ .. આવે નિમિત્ત થયું. એ તો નિમિત્તનો આરોપ આપે છે. ઉપાદાનથી થાય અને નિમિત્તનો આરોપ દેવાય કે નિમિત્તે કર્યું. એમ બિલકુલ નથી કર્યું નિમિત્તથી એમ નથી એમ. એ બોલાય છે. અહીં તો નિશ્ચયમાં પરમાં અકિંચિત્કર છે. એ નિમિત્ત બીજાને કાર્ય કરે અકિંચિત્કર છે. આહા..હા..! નિમિત્તથી થાય... નિમિત્તથી થાય... એ કુંભાર આવે તો ઘડો થાય, અગ્નિ આવે તો પાણી ઉનું થાય. કહે છે કે એ અકિંચિત્કર છે. આહા..હા..! પાણી ઉનું અગ્નિએ કર્યું અકિંચિત્કર છે. ઘડો કુંભારે કર્યો એ અકિંચિત્કર છે. આહા..હા..!

મુમુક્ષુ :- .. પાણી એમાં

ઉત્તર :- કરે નહિ એમ કહે છે ઈ. પાણી અડતું જ નથીને સાંભળને. એનો સ્વકાળ પાકવાનો હોય ત્યારે પોતાથી પાકે છે. પાણીથી નહિ. આ .. જેવું પાણી નાખે છેને? પછી એમાં ચોખા નાખેને. ઈ પાણીથી ચોખા પાકે છે એ અકિંચિત્કર છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં કહે છે કે પાણી વિના જ પાકે છે. પાણી એને કાંઈ કરતું નથી. આહા..હા..! આવી વાતું ભારે!

મુમુક્ષુ :- કરે શું પણ?

ઉત્તર :- કરે શું પણ? પરમાં શું કરે? એ તો પરિણમન વિનાનો છે દ્રવ્ય? અને કાર્ય વિનાનો દ્રવ્ય સામે છે કે બીજો એને કાર્ય કરે? આહા..હા..! એ પાણી પોતે જ ઉષ્ણપણે થયું છે. ઈ પોતાનો કાળ છે એ તો સ્વકાળનો. કાંઈ અગ્નિએ એને ઉનું કર્યું અકિંચિત્કર છે. એ માનનારા જૂઠા બોલા છે એમ કહે છે. છોકરાવને બેસાડી રાખજો ઘરમાં પુરી રાખીને. ભણાવશો નહિ તમારે એની મેળે જ ભણી જશે તો. વળી એમ કહે છે. સાંભળને હવે. એ તો જેની જે પર્યાય ભણવાની છે એ થવાની, થવાની અને થવાની. અને ભણે છતાં સો એકડા આવ્યા છે હજી લ્યો. ભણે છોકરો. .. અમે હતા. ...

મુમુક્ષુ :- આપણો એક છોકરો ત્યાં ભણે છે...

ઉત્તર :- હા. આ છોકરો તો બિચારો એવો હતો .. થઈ ગયો. ... ૭૦ની વાત છે. કીધું એલા આ છોકરો પણ કાંઈક .. અપાસરાનું.. હતો દશાશ્રીમાળી. ... ... પછી એ છોકરાનું પૂછયું કહે ચાર આના દાડી આપે છે. વાણિયાનો દીકરો દશાશ્રીમાળી. ... કીધું. દસ વર્ષ ભણ્યો સો એકડા આવડ્યા. દસ વર્ષ ભણ્યો તો સો એકડા આવડ્યા. દશાશ્રીમાળીનો દીકરો. એને શું બાપે કર્યું? મજૂરી કરીએ છીએ. આહા..હા..! ... ભણાવે તો એમાં પોતાની શક્તિ હોય તો થાય કે બીજા ભણાવે માટે થઈ જાય વિદ્વાન? કાગડાને પઢાવો પોપટ બોલશે પોપટ? કાગડાનો દાખલો છે. એ તો પોપટની તો એની પોતાની યોગ્યતા છે એને લઈને થાય છે. કાગડાને બોલાવો પોપટ જેવી ભાષા શીખવાડીને. એમ પરને માટે કોઈ ચીજ અકિંચિત્કર છે. કાંઈ કોઈનું કરે, ભગવાન ત્રિલોકના નાથ એ કર્મને તોડે એ ત્રણ કાળમાં નથી એમ કહે છે. ચાર ઘાતિ કર્મ થઈ ગયા છેને? માટે ભગવાને એનો નાશ કરે. એ તો નાશ થવાકાળે થાય ત્યારે કહેવાય ઈ ભાષા. ભગવાન તો જાણે છેને. ... છોડીને આ કર્મ થયું છે એ જાણે છે. કર્મને આત્મા ટાળે અને કર્મને બાંધે એ આત્મા પરમાં અકિંચિત્કર છે. આહા..હા..! આ તો સિદ્ધાંત તરીકે ન્યાય આપ્યો. પછી એ પ્રમાણે જ્યાં જ્યાં લાગુ પડે ત્યાં.

'**અકિંચિત્કર હોવાથી (અર્થાત્ કાંઈ નહિ કરી શકતું હોવાથી) આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી;...**' અ અધ્યવસાન પરની પ્રયોજનભૂત ક્રિયા જે છે ઈ કરી શકતું નથી. '**અને તેથી મિથ્યા જ છે.-આવો ભાવ (આશય) છે.**' એ અજ્ઞાનીનો આશય આવો છે. ખોટો છે એ માણસનો. બીજાને તારી દઉં, બીજાને ઉગારી દઉં, ગમે તેવા તારા પરિણામ હોય. આવે છેને ઓલામાં? તોરલ કહે છે. 'પાપ તારા પ્રકાશ જાડેજા ધર્મ તારો સંભાળ રે, તારી બેડલીને બુડવા નહિ દઉં એમ તોરલ કહે છે.' એની સ્ત્રી નહોતી. આ બીજી હતી. પણ એને સોંપી હતી ઓલા ધણીએ કે જા તું તારે લઈ જા. એ સતી એવી હતીને. .. સાથે લઈને જાય છે. આહા..હા..! રાણી.. 'પાપ તારા પ્રકાશ...' બહેન પાપ તે શું કર્યા? મેં આટલા ..ને માર્યા, પરણીને આવતા હતા મેં મારી નાખ્યા, હરણિયાને મેં મારી નાખ્યા. બોલ.. બોલ.. પ્રકાશ તારા પાપ તું તારી બેડલીને બુડવા નહિ દઉં. એ અભિપ્રાય ખોટો છે. સમજાણું કાંઈ? પરમાં પર કાંઈ કરી શકે એવું છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વૈશાખ વદ-૧૫, શુક્રવાર, તા. ૦૧-૦૬-૧૯૭૩
## ગાથા - ૨૬૭ થી ૨૬૯, કળશ-૧૭૧-૧૭૨, પ્રવચન-૩૯૫

૨૬૭. એનો 'ભાવાર્થ :- જે હેતુ કાંઈ પણ ન કરે તે અકિંચિત્કર કહેવાય છે.' આ સિદ્ધાંત પહેલો સિદ્ધ કરે છે. 'જે હેતુ...' એટલે વસ્તુ અથવા કારણ કાંઈ પણ ન કરે બીજાનું એને અકિંચિત્કર કહેવાય છે. એટલે હવે એમાં દૃષ્ટાંત કહે છે. બીજાને હું બાંધુ કે બીજાને હું મુકાવું. મોક્ષ કરાવું બીજાને. એવો જે અભિપ્રાય **'પણ પરમાં કાંઈ કરતું નથી;...'** જેમ પરને જીવાડી શકું એવી માન્યતા જૂઠી છે. જીવાડી શકતો નથી. એમ પરને મારી શકું, પ્રાણઘાત કરી શકું એ પણ અભિપ્રાય તદ્દન મિથ્યાત્વ અજ્ઞાન છે. કારણ કે એ પરમાં કાંઈ કરી શકતો નથી. એમ પરને સુખી-દુઃખીના સંયોગ પ્રતિકૂળ-અનુકૂળ આપું એ પણ અકિંચિત્કર છે. અભિપ્રાય એનો જૂઠો છે. પરમાં સંયોગ એને આપી શકતો નથી. હવે અહીં તો બે બોલ છેલ્લા લીધા. બીજાને હું બંધાવું એટલે સંસારમાં રખડે અને બીજાને મુક્તિ કરાવું જેથી સંસારથી મુક્ત થાય. એવો જે અધ્યવસાય એ પરમાં કાંઈ કરી શકતો નથી. એનો અધ્યવસાય છે એ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- ઇ પરમાં કરી શું શકે?

ઉત્તર :- કરી શકે પરમાં કાંઈ નહિ. જાણી શકે કે આ શું થાય છે. આહા..હા..! એક રજકણનું ફોતરું ફરવું એ પણ આત્મા ન કરી શકે. આંખની પાંપણ ફેરવવી એ આત્મા ન કરી શકે. અજ્ઞાની માને કે હું આમ કરું.

મુમુક્ષુ :- આ બધા સંચા ચલાવવા

ઉત્તર :- ધૂળેય સંચો ચલાવતો નથી. કોણ ચલાવે? એમ જગતના પદાર્થો ભિન્ન-ભિન્ન પોતે કાયમ રહીને એની પોતાની વર્તમાન અવસ્થારૂપી કાર્ય કરે છે એમાં બીજો કહે કે હું કરું આનું. એ મિથ્યા અભિપ્રાય છે તદ્દન. આહા..હા..! બીજાના પ્રાણઘાત કરી શકું, હિંસા કરી શકું એ પણ મિથ્યા અભિપ્રાય છે. એને આયુષ્ય પૂર્ણ થાય એ મરે. જીવાડી દઉં બીજાને, પ્રાણની રક્ષા કરું. તો એનું આયુષ્ય હોય તો રક્ષા થાય, તું રક્ષાનો ભાવ કર તો રક્ષા થાય એમ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- .. કામ છે દયા પાળવાનું.

ઉત્તર :- કોણ દયા પાળે? સ્વની દયાની વાત છે. પોતાની દયા પાળે છે. આહા..હા..!

હું એક શુદ્ધ ચૈતન્યરત્ન છું. જગતમાં ક્રિયા આદિ થાય તેનો સાક્ષી છું. પરમાં કાંઈપણ ફેરફાર કરી શકું એ મારામાં છે જ નહિ. આહા..હા..! આવ્યા નહિ... વ્યાખ્યાનમાં. કંટાળી ગયા. .. કાયમ એવા આવ્યા છે. ... જેલમાં હશે. એ કાંઈ ગમે નહિ. વેપાર-વેપારમાં ... કોણ કરે? દુનિયા શું કરે?

કહે છે કે એ બાંધવા અને મૂકવાના અભિપ્રાય પરમાં કાંઈ કરી શકતું નથી. આહા..હા..! બીજાને કેળવણી આપીને હુશિયાર કરું એ અધ્યવસાય અજ્ઞાનીનો મૂઢ મિથ્યાત્વ છે. આવી જગતની વાત તે વીતરાગનો માર્ગ તદ્દન જુદો. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ તીર્થંકરદેવ એનું કહેલું તત્ત્વ જગતથી તદ્દન જુદું છે. કોઈની સાથે કાંઈ મેળ ખાય એવો નથી. લ્યો આવે છેને ઓલું કાંઈ. 'વૈષ્ણવ જન તો તેને કહીએ જે પર પીડાયી જાણે' જાણે ઈ જુદી વાત, પણ એનો અર્થ કે પર પીડા એની દૂર કરે. એમ લખ્યું છે એમાં. એ ત્રણ કાળમાં બને એવું નથી એમ કહે છે. આહા..હા..! ભારે! બીજાને હું આહારપાણી દઉં તો સુખી થાય. નિર્ધન છે એને કાંઈક લક્ષ્મી આપું, રહેવાને મકાન આપું, ઓઢવાને કપડા આપું, દવા ને દારૂ રોગ માટે દવા આપું. કહે છે કે એ ચીજ તારાથી અપાય એ ત્રણ કાળમાં બને નહિ. તારો અભિપ્રાય જૂઠો છે. આહા..હા..!

'**કારણ કે તે અધ્યવસાન ન હોય તોપણ જીવ પોતાના સરાગ-વીતરાગ પરિણામથી બંધ-મોક્ષને પામે છે,...**' તું કહે કે આને બંધાવું, નરકમાં નાખું એવી સલાહ આપું કે જેથી એ નરકના પાપ બાંધે અને નરકમાં જાય. એ તારો અભિપ્રાય તદ્દન ખોટો છે. આહા..હા..! અને આને મુક્તિ કરાવી દઉં. આહા..હા..! સામા પ્રાણીને. કહે છેકે તારો અધ્યવસાય હોય છતાં એને વીતરાગ પરિણામ ન હોય તો મુક્તિએ જાય નહિ અને એના સરાગ એટલે મિથ્યાત્વના પરિણામ ન હોય તો તું બંધાવું તારા અભિપ્રાય હોવા છતાં બંધાય નહિ. આહા..હા..! '**અને તે અધ્યવસાન હોય તોપણ...**' હવે અધ્યવસાય હોય તોપણ. '**પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી બંધ-મોક્ષને નથી પામતો.**' અધ્યવસાય ન હોય તોપણ એના પરિણામથી બંધ અને મોક્ષ પામે અને હોય તોપણ એ સરાગ વીતરાગ પરિણામના અભાવથી બંધ-મોક્ષને નથી પામતો. મિથ્યાત્વના પરિણામ એને ન હોય. તો બંધને નહિ પામે અને વીતરાગના પરિણામ ન હોય તો મોક્ષ ન જાય. હું આને મોક્ષ કરાવી દઉં. છેક સુધી લઈ ગયા. જીવાડું, મારુંથી તે મોક્ષ કરાવી દઉં. બધો તારો અભિપ્રાય અજ્ઞાન, મૂઢ છો કહે છે. આહા..હા..!

'**આ રીતે અધ્યવસાન પરમાં અકિંચિત્કર હોવાથી...**' લ્યો, ભાવાર્થમાં નાખ્યું બે વાર. અર્થમાં એકવાર, ભાવાર્થમાં બેવાર. હેતુ કાંઈપણ ન કરે અકિંચિત્કર કહેવાય. અહીં પાછું નાખ્યું. અધ્યવસાન એટલે તારો અભિપ્રાય બીજાને બંધાવું, મોક્ષ કરાવું એ અકિંચિત્કર છે,

પરમાં કાંઈપણ કરી શકે એવું નથી. આહા..હા..! આ બધા કારખાના ચલાવે છેને?

મુમુક્ષુ :- હમણા જ આપે ના પાડી.

ઉત્તર :- આ બેય .. કરે લ્યોને. લ્યો એય..! શું છે આ? શશીભાઈને કહું છું. શું છે આ બધું? આ બંધાવો છો ઓલા મંડપને. આ કહે છે કાંઈ ન કરે ભારે વાત! પરમાં શું કરે એ? પરવસ્તુ સ્વતંત્ર એને કારણે ટકી અને બદલી રહી છે એને બીજો બદલાવે મિથ્યા અભિપ્રાય અજ્ઞાનીનું બંધનું કારણ છે. આહા..હા..!

**'આ રીતે અધ્યવસાન પરમાં અકિંચિત્કર હોવાથી સ્વ-અર્થક્રિયા કરનારું નથી...'** સ્વ-અર્થ એટલે? બીજાને સુખી કરું, દુઃખી કરું એવું જે એનું પ્રયોજન એ તો કરી શકતો નથી. **'તેથી મિથ્યા છે.'** આહા..હા..!

## શ્લોક-૧૭૧

(अन्ष्टुभ्)

अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः।
तत्किञ्चनापि नैवास्ति नात्मात्मानं करोति यत्।।१७१।।

હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનને સૂચનિકારૂપે શ્લોક કહે છે :-

શ્લોકાર્થ :- [अनेन निष्फलेन अध्यवसायेन मोहितः] આ નિષ્ફળ (નિરર્થક) અધ્યવસાયથી મોહિત થયો થકો [आत्मा] આત્મા [तत् किंचन अपि न एव अस्ति यत् आत्मानं न करोति] પોતાને સર્વરૂપ કરે છે, - એવું કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને ન કરતો હોય.

ભાવાર્થ :- આ આત્મા મિથ્યા અભિપ્રાયથી ભૂલ્યો થકો ચતુર્ગતિ-સંસારમાં જેટલી અવસ્થાઓ છે, જેટલા પદાર્થો છે તે સર્વરૂપ પોતાને થયેલો માને છે; પોતાના શુદ્ધ સ્વરૂપને નથી ઓળખતો. ૧૭૧.

## કળશ-૧૭૧ ઉપર પ્રવચન

'હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનને સૂચનિકારૂપે શ્લોક કહે છે :-' આના કળશરૂપે...

(अन्ष्टुभ्)

अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः।
तत्किञ्चनापि नैवास्ति नात्मात्मानं करोति यत्।।१७१।।

અરેરે..! જગતના પ્રાણી! **'નિષ્ફળ (નિરર્થક)...'** કુટુંબને પોષી શકું, કુટુંબની રક્ષા કરી શકું, નાતમાં સુધારા કરું. ભગવાનજીભાઈ! તમારે એ મોટો હોય એ ત્યાં નાતમાં પડે. પછી નાતમાં સુધારા આટલા કરો અને પત્ર એક કાઢો જેથી... અહીં તો કહે છે કે પરમાં... સમજાણું કાંઈ? અહીં ભગવાન એમ કહે છે કે હું કોઈપણ અધ્યવસાય એવો કરે જીવ કે હું પરની પ્રાણરક્ષા કરી શકું, મૂઢ છો. પરના પ્રાણની રક્ષા કરવાની ક્રિયા તારા અધિકારની છે જ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- આ પ્રાણની તો કરેને.

ઉત્તર :- આ પ્રાણ ઈ પર છે, જડ છે. આ પ્રાણ ઇન્દ્રિયો આદિ પાંચ એને હું રાખી શકું અને ટાણું હોય તો ઝેર પીને પણ ટાળી શકું. એ અજ્ઞાનીનો અભિપ્રાય જૂઠો છે. એ જડની પર્યાય છે એ જડને કારણે, એને કારણે રહે અને એને કારણે જાય. એને કારણ મૂકી દઈને કે મારાથી આ થાય. આ વેપારમાં હુશિયાર માણસો હોય છે ઈ એમ માનેને બરાબર? એવી સાવચેતી રાખીએ, ધ્યાન રાખીએ તો વેપારમાં ખોટ ખાય નહિ. એય..! નૌતમભાઈ! ભગવાન કહે છે કે તારી માન્યતા તદ્દન પાખંડ અને અજ્ઞાન છે. તારો અધ્યવસાય તદ્દન મિથ્યા-જૂઠો છે. આહા..હા..! પરની અવસ્થા શું તારા અધિકારની વાત છે? તું એકલો જગતમાં છો? કે જગતમાં બીજી ચીજો નથી? અને ચીજ હોય તો તેની અવસ્થાનું કાર્ય તો તે ચીજ કરે. હું કરું એને? આહા..હા..! હિંમતભાઈ! શું હશે આ બધા લોઢા-બોઢાના વેપારને. દુકાને થડે બેઠો હોય, હુશિયાર હોય તો સારું કરે અને બથડલ બેસાડ્યો હોય તો કરી શકે? બેય તારી વાત જૂઠી છે કહે છે. તારો અધ્યવસાય પરને કાંઈ કરી શકે, ફોતરું ફેરવી શકે એ અધ્યવસાયનું કાર્ય નથી. ડુંગરા તોડી શકે. મૂઢ છે. કર્યા. ... એ તો એની પર્યાયનો કાળ હોય એ સ્વકાળે થાય. બીજો કહે કે મારાથી થાય, મોટો મૂઢ પાખંડી છે.

એ જ કહે છે જુઓ, સ્વ-અર્થ ક્રિયા કરનાર આ નિષ્ફળ-નિરર્થક અધ્યવસાય તારો. આહા..હા..! હું હોઉં તો બરાબર ધ્યાન રાખું તો બધાને બચાવી દઉં અને ધ્યાન ન રાખું

તો બધાને મારી નાખું. મૂઢ છો. તારા અભિપ્રાય પ્રમાણે ત્યાં ક્રિયા થાય એવું નથી. **'અધ્યવસાયથી મોહિત થયો...'** એ પોતે મૂઢ થઈને રહ્યો છે અધ્યવસાયમાં. આત્મા.. આગળ કહે છે. **'तत् किंचन अपि न एव अस्ति यत् आत्मानं न करोति'** અરેરે..! અજ્ઞાની આત્મા અનાદિથી **'પોતાને સર્વરૂપ કરે છે,...'** એટલે કે દરેક ચીજને જ્યાં-ત્યાં હું આનું કરું... હું આનું કરું... હું આનું કરું... એમ દરેક ચીજને પોતાની માન્યતામાં પોતાની કરે છે. થાતી નથી પણ માને છે. આહા..હા..! **'સર્વરૂપ કરે છે,...'** કોઈ બાકી ચીજ રાખી નથી એમ કહે છે. આહા..હા..! કહો, સમજાણું?

**'એવું કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને ન કરતો હોય.'** આહા..હા..! હું એક શુદ્ધ આનંદનો નાથ શુદ્ધસ્વરૂપી છું એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ કરી શકું. એ સિવાય બીજું કાંઈ કરી શકું એવું આત્મામાં છે નહિ. છતાં એ અધ્યવસાયથી એમ માને. લ્યો, આહા..હા..! આ શાસ્ત્રના અનુવાદ કરે. નથી કરતા? ધ્યાન રાખે તો અનુવાદ સારો થાય લ્યો. ધૂળેય કરે નહિ કહે છે સાંભળને. એ તો અનુવાદ તો જડની પર્યાય છે. તે થવાની તે થવાની એને કારણે થાય. આ માને કે મારે કારણે બરાબર થાય એ તારો અભિપ્રાય પરમાં અર્થક્રિયા કરનારો નથી. તારા અભિપ્રાય પ્રમાણે ત્યાં પરમાં કાર્ય થઈ જશે અને માટે તારો મોહિત અધ્યવસાયથી. મૂઢવાળો અધ્યવસાય છે એમ કહે.

મુમુક્ષુ :- સર્વરૂપ કીધું.

ઉત્તર :- સર્વરૂપ. કોઈ ચીજ બાકી નહિ. આવશે. આવશે ગાથામાં ઉપોદ્‌ઘાત.

**'સર્વરૂપ કરે છે,-એવું કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને ન કરતો હોય.'** આહા..હા..! દુકાનને ધંધે સરખી રીતે ચડાવ્યા ઈ મેં ચડાવ્યા. અમારા મા-બાપ કાંઈ મૂકીને નહોતા ગયા. એમ કહેને? મા-બાપે કાંઈ મૂક્યા નહોતા અને બાવડાના બળે આ બધું કર્યું અમે. મૂઢ છો. કહો, હીરાભાઈ! આહા..હા..! આવું છે.

મુમુક્ષુ :- જગતની ભ્રમણા મારી નાખે

ઉત્તર :- મારી નાખે. આ બાયુને પોષીએ, છોકરાને પોષ્યા, પરણાવ્યા, પહટાવ્યા, ઠેકાણે પાડ્યા, દીકરીયુંને ઠેકાણે પાડી. મૂઢ છો કહે. પરને ઠેકાણે પાડ ઈ તારું તો ઠેકાણે કર્યું નથી તે તારું અને પરને ઠેકાણે પાડી દઉં. આહા..હા..! એ તારો અભિપ્રાય જ તદ્દન મૂઢ.. વીતરાગ દેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવનું આ કથન છે કે તું મૂઢ છો મારા. જ્યાં-જ્યાં જાય ત્યાં તેની અવસ્થા થાય ત્યારે તારી ઉપસ્થિતિમાં તને એમ લાગે કે હું છું તો આ થાય છે... હું છું તો આ થાય છે... એ છે તો થાય છે એમ નહિ, હું છું તો થાય છે. એ છે તો થાય છે, હું છું તો થાય એમ નહિ. નવરંગભાઈ! શું હશે આ તમારા મોટા ધંધા નથી? આહા..હા..! ગોદિકા કહેતા હતા લ્યો .. બે શેર પન્ના લઈ આવે. .. એક આમાંથી અનેક

લાખ ઉપજાવીએ. એની નજરે એવી પોગે છે લ્યો છોકરાઓને નહિ. બે-ચાર-પાંચ લાખ લઈ આવે. બે-પાંચ-દસ હજારની વાત નહિ ત્યાં. લંડનમાં જાય અમેરિકામાં જાય બે મહિના રહી આવે. બે-ત્રણ મહિના. ચાર-પાંચ લાખ લઈ આવે. એવી નજર. મેં આ કીધું આ તમારી હુશિયારીથી બધું આવે છે? ધૂળેય નથી કીધું આ મફતના. અમે આ પૈસા ભેગા કર્યા. એના બાપા પાસે પૈસા નથી આ. કરોડો રૂપિયા છે અને ધૂળ રૂપિયા છે. હમણા બહુ કમાણા એમ કહેતું હતું કોક. મુંબઈમાં. જીંદગીમાં નથી કમાણા એટલું આ વર્ષે કમાણા. એવું ત્યાંથી આવ્યું નથી હજી હોં. ત્યાં ને ત્યાં છે લંડન. ઈ આવે ત્યારે ખરું. હવે એ તો એને કારણે આવે અને એને કારણે જાય. આહા..હા..!

મુમુક્ષુ :- આવે છે જ ક્યાં?

ઉત્તર :- પણ એને આવવું હોય તો રજકણો એને કારણે આવે છે. તું લાવ તો આવે ઈ વાતમાં માલ કાંઈ નથી. આહા..હા..! ભારે ભાઈ આ આકરી વાતું જગતને. વીતરાગ તીર્થંકરદેવ આમ કહે છે કે તારે કારણે કાંઈ બહારમાં કાર્ય થાય ઈ વાત ભૂલી જા. આહા..હા..! નહિતર તો મોટું પાપ મિથ્યાત્વનું લાવશે. અનંત સંસારમાં રખડવાનું. એમ કહે છે. આહા..હા..!

'**ભાવાર્થ :- આ આત્મા મિથ્યા અભિપ્રાયથી ભૂલ્યો થકો ચતુર્ગતિ-સંસારમાં જેટલી અવસ્થાઓ છે,...**' જુઓ, જેટલી અવસ્થા. આ શરીરને પણ અમે બરાબર જતના રાખીએ, પથ્ય ખાઈએ તો શરીર સારું રહે. અને તમને આવડતું નથી એટલે સરખું નથી. ટાઈમસર દવા, ટાઈમસર પાણી, ટાઈમસર આહાર. મૂઢ છો સાંભળને. એય..!

મુમુક્ષુ :- એટલી બધી કાળજી રાખે અને મૂઢ?

ઉત્તર :- શેના કાળજા? ધૂળ? પરમાં કાળજા રહે? આ તો માટી છે, આ તો પુદ્ગલ-જડ છે. એને કેમ રહેવું એ તો એને કારણે છે. પથ્ય ખાઈએ, નિરોગી દવા. સુંઠ ચોપડવાનો વખત નથી આવ્યો ૭૦ વર્ષ થયા તોપણ. એમ કહે કેટલાક. શું છે પણ હવે? એય..! એવી રીતે પથ્ય રહીએ. સુવાને ટાણે સુઈ જઈએ, જાગવા ટાણે જાગીએ, ખાવાને ટાણે ખાવાનું ટાઈમસર .. તો અમે શરીરને સારું રાખીએ. મૂઢ છો. પાખંડી, અજ્ઞાની છો. સંસારમાં રખડવાનો કામી છો. અરેરે..! આ જુઓને. બહારની પર્યાયની ક્રિયા થાય એને હું કરું અને મારાથી એ બધું થાય બે પદાર્થની એકતાબુદ્ધિ છે. બે પદાર્થની ભિન્નતાબુદ્ધિ જોઈએ એને ઠેકાણે એકતાબુદ્ધિ છે, સંસાર છે રખડવાનો. આહા..હા..!

જેટલી જગતની અવસ્થાઓ છે અને જેટલા જગતના પદાર્થો છે. બે વાત. '**તે સર્વરૂપ પોતાને થયેલો માને છે;...**' માને છે હોં. કરી શકતો નથી, થતો નથી. માને છે. આહા..હા..! બાપા કાંઈ મૂકી નહોતા ગયા. આ મકાન બનાવ્યા, આ પૈસા કર્યા. કપડા થોડા બધું એ બધું અમારે હાથે અમારી બળબુદ્ધિથી ઉભું કર્યું ઈ. અમે કમાણા અને આમ પરદેશમાં ગયા

એમાંથી દસ-વીસ લાખ, પચાસ લાખ મળ્યા ઈ બધી અમારી હુશિયારીયું છે.

મુમુક્ષુ :- પાંચ જણ ભેગા .. એક જણ કમાણી કરે.

ઉત્તર :- ઈ કમાણો કોણ? ઈ તો પુણ્ય હોય તો આવે. અને એની પાસે ક્યાં આવ્યું છે? એની પાસે તો મમતા આવી. કહો, કરોડ આવ્યા કરોડ. પણ ક્યાં એની પાસે આવ્યા? એ તો ત્યાં જડમાં છે. જડમાં રહ્યા છે. તારી પાસે આવ્યા છે? એની પાસે આવ્યું શું? આ મને મળ્યા એવી મમતા. આહા..હા..! ગૌતમભાઈ! આવી વાતું છે, ભાઈ! તીર્થંકરદેવ વીતરાગનો માર્ગ આખા જગતથી જુદી જાત છે. આહા..હા..! આ મંગળિકમાં બોલે સાંજ સવાર 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં, અરિહંતા શરણં, સિદ્ધા શરણં' અર્થની કાંઈ ભાન ન મળે. અહીં કહે છે, ભગવાન કહે છે તે કોઈ જગતના પદાર્થની કોઈ અવસ્થા બાકી નથી રાખી કે તે પોતાની માની ન હોય અને જગતનો કોઈ પદાર્થ બાકી નથી રાખ્યો કે તે મારાથી આ છે એમ તે કર્યું ન હોય. આહા..હા..!

**'પોતાના શુદ્ધ સ્વરૂપને નથી ઓળખતો.'** પોતે શુદ્ધ આનંદનો નાથ છે. એને બાહ્યની પ્રતિકૂળતા, અનુકૂળતાને અડતો પણ નથી. આહા..હા..! એવું શુદ્ધ ચૈતન્યઘન ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે, પરમાત્માએ જે કહ્યો તે આત્મા શુદ્ધ ચૈતન્યઘન. ઈ તો સમજણનો પિંડ છે, આનંદનો ઘન છે, શુદ્ધ ચૈતન્ય પવિત્રનો પિંડ છે. એવું જાણ્યું નહિ એથી આ બધા અભિપ્રાયો ઉંધા અભિમાનના કર્યા. કહો, સમજાણું કાંઈ?

## ગાથા-૨૬૮-૨૬૯

सव्वे करेदि जीवो अज्झवसाणेण तरियणेरइए।
देवमणुए य सव्वे पुण्णं पावं च णेयविहं।।२६८।।
धम्माधम्मं च तहा जीवाजीवे अलोगलोगं च।
सव्वे करेदि जीवो अज्झवसाणेण अप्पाणं।।२६९।।
सर्वान् करोति जीवोऽध्यवसानेन तिर्यङ्नैरयिकान्।
देवमनुजांश्च सर्वान् पुण्यं पापं च नैकविधम्।।२६८।।
धर्माधर्मं च तथा जीवाजीवौ अलोकलोकं च।
सर्वान् करोति जीवः अध्यवसानेन आत्मानम्।।२६९।।

यथायमेवं क्रियागर्भहिंसाध्यवसानेन हिंसकं, इतराध्यवसानैरितरं च आत्मात्मानं कुर्यात्, तथा विपच्यमाननारकाध्यवसानेन नारकं, विपच्यमानतिर्यगध्यवसानेन तिर्यञ्चं, विपच्यमानमनुष्याध्वसानेन मनुष्यं, विपच्यमानदेवाध्यवसानेन देवं, विपच्यमानसुखादिपुण्याध्यवसानेन पुण्यं, विपच्यमानदुःखादिपापाध्यवसानेन पापमात्मानं कुर्यात्। तथैव च ज्ञायमानधर्माध्यवसानेन धर्मं, ज्ञायमानाधर्माध्यवसानेनाधर्मं, ज्ञायमानजीवान्तराध्यवसानेन जीवान्तरं, ज्ञायमानपुद्गलाध्यवसानेन पुद्गलं, ज्ञायमानलोकाकाशाध्यवसानेन लोकाकाशं, ज्ञायमानालोकाकाशाध्यवसानेनालोकाकाश-मात्मानं कुर्यात्।

હવે આ અર્થને સ્પષ્ટ રીતે ગાથામાં કહે છે :-

તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય-પાપ વિવિધ જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.
વળી એમ ધર્મ-અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.

ગાથાર્થ :- [जीवः] જીવ [अध्यवसानेन] અધ્યવસાનથી [तिर्यऽनैरयिकान्] તિર્યંચ, નારક, [देवमनुजान् च ] દેવ અને મનુષ્ય [सर्वान्] એ સર્વ પર્યાયો, [च] તથા [नैकविधम्] અનેક પ્રકારનાં [पुण्यं पापं] પુણ્ય અને પાપ - [सर्वान्] એ બધારૂપ [करोति] પોતાને કરે છે. [तथा च] વળી તેવી રીતે [जीवः] જીવ [अध्यवसानेन] અધ્યવસાનથી [धर्माधर्मं] ધર્મ-અધર્મ, [जीवाजीवौ] જીવ-અજીવ [च] અને [अलोकलोकं] લોક-અલોક - [सर्वान्] એ બધારૂપ [आत्मानम् करोति ] પોતાને કરે છે.

ટીકા :- જેવી રીતે આ આત્મા પૂર્વોક્ત પ્રકારે *ક્રિયા જેનો ગર્ભ છે એવા હિંસાના અધ્યવસાનથી પોતાને હિંસક કરે છે, (અહિંસાના અધ્યવસાનથી પોતાને અહિંસક કરે છે) અને અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે, તેવી જ રીતે ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી પોતાને નારક (-નારકી) કરે છે, ઉદયમાં આવતા તિર્યંચના અધ્યવસાનથી પોતાને તિર્યંચ કરે છે, ઉદયમાં આવતા મનુષ્યના અધ્યવવસાનથી પોતાને મનુષ્ય કરે છે, ઉદયમાં આવતા દેવના અધ્યવસાનથી પોતાને દેવ કરે છે, ઉદયમાં આવતા સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે અને ઉદયમાં આવતા દુઃખ આદિ પાપના અધ્યવસાનથી પોતાને પાપરૂપ કરે છે; વળી તેવી જ રીતે જાણવામાં આવતો જે ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાય) તેના અધ્યવસાનથી પોતાને ધર્મરૂપ કરે છે, જાણવામાં આવતા

અધર્મના (અર્થાત્ અધર્માસ્તિકાયના) અધ્યવસાનથી પોતાને અધર્મરૂપ કરે છે, જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી પોતાને અન્યજીવરૂપ કરે છે, જાણવામાં આવતા લોકાકાશના અધ્યવસાનથી પોતાને લોકાકાશરૂપ કરે છે અને જાણવામાં આવતા અલોકાકાશના અધ્યવસાનથી પોતાને અલોકાકાશરૂપ કરે છે. (આ રીતે આત્મા અધ્યવસાનથી પોતાને સર્વરૂપ કરે છે.)

ભાવાર્થ :- આ અધ્યવસાન અજ્ઞાનરૂપ છે તેથી તેને પોતાનું પરમાર્થ સ્વરૂપ ન જાણવું. તે અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે અર્થાત્ તેમનામાં પોતાપણું માની પ્રવર્તે છે.

---

## ગાથા-૨૬૮-૨૬૯ ઉપર પ્રવચન

'હવે આ અર્થને સ્પષ્ટ રીતે ગાથામાં કહે છે :-'

सव्वे करेदि जीवो अज्झवसाणेण तरियणेरइए।
देवमणुए य सव्वे पुण्णं पावं च णेयविहं।।२६८।।
धम्माधम्मं च तहा जीवाजीवे अलोगलोगं च।
सव्वे करेदि जीवो अज्झवसाणेण अप्पाणं।।२६९।।

તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય-પાપ વિવિધ જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.
વળી એમ ધર્મ-અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.

આહા..હા..! છ દ્રવ્ય લઈ લીધા છે. 'જેવી રીતે આ આત્મા પૂર્વોક્ત પ્રકારે *ક્રિયા જેનો ગર્ભ છે...' મિથ્યાત્વભાવ જેમાં ભરેલો છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નીચે છે. 'હિંસાદિના અધ્યવસાનો રાગ-દ્વેષના ઉદયમય એવી હણવા આદિની ક્રિયાઓથી ભરેલા છે, અર્થાત્ તે ક્રિયાઓ સાથે આત્માનું તન્મયપણું હોવાની માન્યતારૂપ છે.' આહા..હા..! હું બીજાને જીવાડી શકું, મારી શકું, ખોટું કરી શકું, દેશની સેવા કરી શકું. પહેલી સેવા ઘરથી શરૂ કરવી. એમ અજ્ઞાની કહે છે. અજ્ઞાની કહે છે આ બધા. પછી નાતની સેવા, પછી ગામની સેવા અને પછી દેશની સેવા.

મુમુક્ષુ :- પછી દુનિયાની કરે.

ઉત્તર :- ધૂળેય કરતો નથી સાંભળને મારા. આ શરીરમાં કેમ થવું એને તું કરી શકતો નથી અને પરનું કરવા ગયો. છોકરાવને સુધારી દઉં, છોડીયુંને ઠેકાણે પાડી દઉં. નાત પ્રમાણે, આપણા ઘર પ્રમાણે છોડીયું વરે તો ઠીક કહેવાય. ધૂળેય નહિ થાય ત્યાં. આપીશ ત્યારે પૈસા હશે અને લઈને .. એને વરાંકા-ભીખારા થઈ જશે. એ કાંઈ તારા અધિકારની વાત નથી, પણ મારા કેમ માને? જ્યાં હોય ત્યાં 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડાનો ભાર કુતરો તાણે એવું છે આ બધું. ભગવાનજીભાઈ! આહા..હા..! મિથ્યાત્વનો દારૂ પીધો છે. આહા..હા..! જે ક્રિયાનો ગર્ભ છે કહે છે. આહા..હા..! ક્રિયાનો જેનો ગર્ભ છે. મિથ્યાત્વ જેના પેટમાં પડ્યું છે કહે છે. આને કરું... આને કરું... આને કરું... એ મિથ્યાત્વ પેટમાં પડ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત સાંભળવા મળતી નથી જૈનમાં જન્મ્યા હોય છતાં. જૈન કહેવાય કે અમે સ્થાનકવાસી છીએ, ઓલો કહે દેરાવાસી છીએ. કાંઈ ખબર ન મળે, ભાન ન મળે. ઓઢણા ઓઢ્યા હોય કે અમે સ્થાનકવાસી અને અમે દેરાવાસી. અમે આમ કરીએ અને આમ કરીએ. ધૂળેય કરે નહિ સાંભળને હવે. હવે તને માર્ગની ખબર નથીને. કહો, સમજાણું કાંઈ?

**'ક્રિયા જેનો ગર્ભ છે...'** મિથ્યાત્વ જેમાંથી ફાટે છે કહે છે. **'એવા હિંસાના અધ્યવસાનથી...'** પરને હિંસા કરી શકું એવો જે અભિપ્રાય એને **'પોતાને હિંસક કરે છે,...'** પરની તો હિંસા કરી શકતો નથી. આંગળી હલાવી શકતો નથી આ તો જડ છે. પરને મારી શકતો નથી, પણ પરને મારું છું એવો અભિપ્રાય કરીને **'પોતાને હિંસક કરે છે,...'** હું હિંસા કરનારો છું એવી માન્યતા કરે છે. આહા..હા..! કહો, પ્રવિણભાઈ! ભારે આકરું આવું. આ બધા હુશિયાર માણસ અને સાધારણ માણસમાં કાંઈ ફેર ન હોય? હુશિયાર માણસ બેઠો હોય દુકાને અને એક સાધારણ માણસને બેસાડ્યો હોય લ્યો. કાંઈ ફેર નથી સાંભળને હવે. આહા..હા..! બહારની અવસ્થા જે દુકાનમાં ધંધા ચાલે એ શું તારી હુશિયારીથી ચાલે છે? તારી વ્યવસ્થા કરવાની બુદ્ધિથી થાય છે? મૂઢ છો. તારા પેટમાં મિથ્યાત્વ પડ્યું છે કહે છે અભિપ્રાય. આહા..હા..! એથી એની હિંસા કરીશ. જુઓ એકેન્દ્રિયને મારી શકું, ઈયળને મારી શકું, ફલાણાને આ કરી શકું તો તારા પરિણામમાં તને તે હિંસક કર્યો. આહા..હા..! બહુ વાત ઝીણી. વીતરાગ માર્ગ આ તો કેવળી પરમેશ્વર એનો માર્ગ છે. આ કાંઈ આલી દુઆલીની વાતું કરે એવી વાત નથી આ.

કહે છે કે તું પરને મારી શકે છે એવો જે અભિપ્રાય છે એ અભિપ્રાય તને હિંસક કરે છે, પોતાને હિંસક કરે છે. હિંસાનો કરનાર એમ માને છે. હિંસક છેને? માનનાર માને છે. **'(અહિંસાના અધ્યવસાનથી પોતાને અહિંસક કરે છે)...'** પરજીવની બરાબર દયા

પાળવી, દયા મંડળી થાતી નથી? જીવદયા મંડળી. મુંબઈમાં મોટી મંડળીયું થાય બધી ખબર છે. અને એના અધિપતિઓ થાય મોઢા આગળ બે-ચાર માન લેવા માટે. આ તો બધાનું જોવું પડે છે. માન દેવે (આપે) માટે .. આહા..હા..! આના આદેશ્વર કોણ છે? ફલાણા ભાઈ પોપટભાઈ ફલાણા. ધૂળેય નથી કરી શકતો સાંભળને. આહા..હા..! અહિંસક અધ્યવસાનથી બીજાને હું જીવાડી શકું છું. પાળીપોષીને મોટા કરી છોકરાનું કરી શકું છું. અને એ તો મા-બાપની ફરજ છેને. લ્યો ઠીક! ધૂળેય ફરજ નથી ત્યાં.

મુમુક્ષુ :- ... પવિત્ર ફરજ છે. પવિત્ર ક્યાંથી આવી?

ઉત્તર :- એમ કે પુત્રની એ તો પવિત્ર ફરજ છે એને. અને પુત્રની ફરજ પણ પવિત્ર બાપાને કરે એવી છે. પુત્રમાં ઓલું આપ્યું છે.

મુમુક્ષુ :- પુત્રને બાપા તીર્થસ્વરૂપ છે.

ઉત્તર :- બધા ગપેગપ છે. આહા..હા..!

'**(અહિંસાના અધ્યવસાનથી પોતાને અહિંસક કરે છે) અને અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે,...**' લ્યો, '**તેવી જ રીતે ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી પોતાને નારક (-નારકી) કરે છે,...**' લ્યો, આહા..હા..! નારકીનું શરીર મળ્યું ત્યારે એમ કહે કે હું નારકી છું. પણ તું નારકી ક્યાં? આત્મા નારકી ક્યાં હતો? આ તો શરીર જડ છે આ તો માટી. આહા..હા..! આ તો પુદ્‌ગલ સ્કંધનો ભેખ છે. નારકીનું શરીર મળે તો કહે હું નારકી છું. આહા..હા..! બાયડીનું શરીર મળે સ્ત્રીનું તો એને એમ થાય કે અમે તો ભાઈ સ્ત્રીનું શરીર છીએ, પરાધીન છીએ. એમ માનીને અમે સ્ત્રી છીએ એમ માને એ મૂઢ જીવ છે.

મુમુક્ષુ :- પુરુષ પણ એમ માને?

ઉત્તર :- આત્મા છું હું. સ્ત્રી-પુરુષ બેય નથી. આહા..હા..! જુઓને બાયુ ચાલે છે તો છોકરો નાનો હોય તો મોઢા આગળ કરે, પછી પાછળ ચાલવું જોઈએ. છોકરો ભલે નાના હોય અઢાર વર્ષની ઉંમરનો. અમે બાયુ કહેવાઈએ. પણ બાયુ હતી જ કે દિ'? સાંભળને. આહા..હા..! તું તો ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ છો. સત્ શાશ્વત આનંદ અને જ્ઞાનનો સાહેબો છો. એને આ માને છે તો તારી મૂઢતા છે. આહા..હા..!

'**ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી પોતાને નારક (-નારકી) કરે છે, ઉદયમાં આવતા તિર્યંચના અધ્યવસાનથી...**' પશુ થયો. હાથી થયો, ઊંટ થયો, ઘોડો થયો તો એમ માને કે આપણે પશુ છીએ... આપણે પશુ છીએ... ઓહો..હો..! ... જેતપુરમાં. ૭૦માં દીક્ષા થઈને. દીક્ષા લઈને ત્યાં ગયા. ૭૦ની સાલની વાત છે. ૬૦મું વર્ષ ચાલે છે. તો એક કંદોઈ હતો. જેમ આપણે અહીં છેને .. એ બિચારો તો ઓલો છો. ઓલો તો એક

ભોળો બહુ હતો. બહુ ભોળો. બહુ ભોળો. એને ઘરે કહે એના મા-બાપ. ભાઈ! ભગુ પશુ છે હોં માટે જાળવજો તમે. એમ કહે. ભગુ પશુ ભોળો બહુ ભોળો હોં. આમ બીજું કાંઈ નહિ. ગાંડો નહિ. ભોળો બહુ. કાંઈ નહિ. પછી એના મા-બાપ ઘરે કહે કે આ ભગુ પશુ છે હોં. નામ તો ભગવાન. ઈ ઓલા ઘરના માણસ કહે ભગુ. આવેને પછી દર્શન કરવા. પોષ મહિનાની વાત છે ૭૦માં. મહારાજ! ભગુ પશુ છે એમ બોલે. એના મા-બાપ કહેને ઘરે. મહારાજ! હીરાજી મહારજના વખતમાં. ૭૦ની માગશર મહિનાની વાત છે. મહારાજ! ભગુ પશુ છે. ઘરમાં કહે છે ઈ અહીં બોલે. ઘુંટાઈ ગયું છે એક. આહા..હા..! નામ તો ભગવાન હતું. છે તો ભગવાન આત્મા અંદર. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે ઈ. સિદ્ધસ્વરૂપી આત્મા છે. એને આ ભગુ છું. ભગુ પશુ છે. આહા..હા..! માણસ થઈને પશુ માને. આ તો કહે છે કે પશુ હોય એને પશુ માને. શરીર પશુ હોય અને માને અમે પશુ. મૂઢ છો મારા. શરીર તો જડ છે. શરીર પશુ છે, આત્મા ક્યાં પશુ છે? અમે પશુ છીએ.

'**ઉદયમાં આવતા મનુષ્યના અધ્યવવસાનથી...**' લ્યો, અમે માણસ છીએ. મનુષ્ય થયા એટલે અમે માણસ છીએ. અમને બીજા કરતા ઉઘાડ વધારે હોય છે. અમે બીજી ગતિ કરતા ડાહ્યા હોઈએ છીએ. .. મનુષ્ય એમ કહે. એમ માનીને અમે મનુષ્ય છીએ એમ માને તો મૂઢ છે. આત્મા મનુષ્ય કેવો? આહા..હા..! આ જડ છે આ તો. આ તો માટીનો આકાર છે. પુદ્ગલ... પુદ્ગલ... પુદ્ગલ... અજીવનો આકાર તે મનુષ્યપણું. એ પણ નહિ. ઓલી તો મનુષ્યગતિ હોં. સમજાણું કાંઈ? રંગાઈ ગયો. જ્યાં જ્યાં ગયો ત્યાં એક બસ પર્યાયબુદ્ધિએ હું મનુષ્ય છું, હું સ્ત્રી છું, હું પુરુષ છું, હું નપુંસક છું, હું રોગીડો છું સદાય. જ્યાં જન્મ્યો ત્યારથી મને રોગ હોં. એલા પણ તું કોણ? રોગ તો શરીરને, જડને છે, આને છે. આહા..હા..! '**મનુષ્યના અધ્યવવસાનથી પોતાને મનુષ્ય કરે છે,...**' એટલે માને છે. કરી ક્યાં શકે છે મનુષ્યપણું? માને છે એમ.

'**ઉદયમાં આવતા દેવના અધ્યવસાનથી પોતાને દેવ કરે છે,...**' ઈ દેવ થાય કોઈ પુણ્યને લઈને. તો એમ માને કે અમે દેવ છીએ. અમારામાં આવી શક્તિ છે, અમે આવા છીએ, અમે બીજા કરતા સુખી છીએ. ધૂળેય નથી સાંભળને હવે. સુખ અને દુઃખ એ તો બધી બહારની ચીજ છે. એ તારામાં ક્યાંથી આવી ગઈ? આહા..હા..! દેવ. '**ઉદયમાં આવતા સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી...**' પુણ્યનો ઉદય આવે અને પાંચ-પચાસ લાખ દેખાય, ધૂળ દેખાય બહારમાં. લ્યો. ઈ બધા અત્યારે તો બધા સમજવા જેવા હોય અંદર. કોકને બહાર દેખાય કે અમે પુણ્યથી સુખી છીએ. પુણ્યના ઉદયને લઈને સામગ્રી આવી. એકાકાર થઈ ગયો તો અમે સુખી છીએ. ધૂળેય નથી સુખી સાંભળને. આહા..હા..! સુખી

તો આત્માના આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદસ્વરૂપ એવા આત્માની પીછાણ કરીને ઠર એ સુખી છે. બાકી તો બધા દુઃખી છે. એ દુઃખી એ પણ આત્મામાં નથી. આહા..હા..! એમ કહે છે અહીં તો. ભારે! અમે તો નાની ઉંમરમાંથી નિર્ધન છીએ, અમારે કાંઈ સરખાઈ નથી. પણ તું નિર્ધન નહિ, મારા! નિર્ધનની તો માનેલી દશા છે. તું તો સચ્ચિદાનંદ સ્વરૂપ છો. આહા..હા..!

**'પુણ્યરૂપ કરે છે...'** લ્યો, પુણ્યનો ઉદય હોય, શરીરમાં સારું પુણ્ય હોય, ભાષામાં હોય, પૈસામાં હોય, બાયડી-છોકરા-કુટુંબ સરખાયના મળ્યા હોય, બધી સરખાય છે હમણા તો અમારે. ધૂળેય નથી સરખાય સાંભળને. રાતી સંધ્યાના રંગ છે. એ રંગ આવ્યો અને ઉડી જશે તો અંધારા. આહા..હા..! પણ અજ્ઞાની જ્યાં જ્યાં સંયોગને જે રીતે પોતે દેખે છે તે તે સંયોગને પોતાનો એ માની લે છે. માની લે છે હોં એ સંયોગ એનો થાતો નથી. માને છે. આહા..હા..! **'પોતાને પુણ્યરૂપ કરે છે અને ઉદયમાં આવતા દુઃખ આદિ પાપના અધ્યવસાનથી પોતાને પાપરૂપ કરે છે;...'** લ્યો, અરે..! અમે તો ભાઈ પહેલેથી દુઃખી છીએ. મા-બાપ પણ ગરીબ, ગરીબને ઘરે અવતર્યા અને દુઃખી. લે કોણ અવતરે સાંભળને. એ તો બહારની વાત છે. સમજાણું કાંઈ? અને પોતાને દુઃખી પાપરૂપ કરે છે લ્યો જોયું? પોતાને પાપરૂપ કરે છે એટલે માને છે. અમે પાપી છીએ, પહેલેથી પાપ લઈને આવ્યા. એવું બોલે છે કાંઈક ભાષા. સરખાઈ બેયના સુવાનો ઓટલો હોય તો ખાવાનું ન હોય અને ખાવાનું હોય તો ઓટલો ન હોય. બે.. એવું કાંઈક બાયુ બોલે છે એવી ભાષા આપણને ખબર નથી. ગુજરાતીમાં બોલે. બે પાંદડે કોઈ દિ' થયા જ નથી એમ કહે. એમ કહે. બાયુ વાતું કરેને ખાનગી? એમ કહે. બે પાંદડે કોઈ દિ' થયા જ નથી. અરે..! પણ એ તો બહારનો ઉદય એ તું ક્યાંથી થઈ ગઈ?

હવે એક બાઈ તો એમ રોતી હતી લ્યો, જ્યારથી આ શું કહેવાય ઓલો? મોડીયો. મોડીયો જ્યારથી મળ્યો ત્યારથી સખ નથી. એમ રોવે લ્યો. જ્યારથી એમ કહે આ ધણીનો મોડીયો બાંધ્યો ત્યારથી અમે સરખાઈ ભાળી જ નથી. આહા..હા..! કહો, ધીરૂભાઈ! આ બધી સંસારની લીલાની વાત ચાલે છે. આહા..હા..! બે પાંદડે કોઈ દિ' થયા નથી, કોઈ દિ' ઘરના મકાન થયા નથી. રોટલાના પણ વાંધા, મજુરી કરીએ, ભરત ભરીએ. બાયુ ભરત ભરેને? ભરત. તોરણ તો હોય. કણબી હોયને કણબી એના ઘાઘરાને ભરત ભરે. સુતર-સુતર. તો એમાંથી કાંઈક રૂપિયો, બે રૂપિયા. એમાં આભલું નાખે. બે રૂપિયા મળે મહિને. તે દિ' પહેલા તો એટલું જ હતું. ત્યારે ભાઈ કાંઈક રોટલો ભાળીએ. નહિતર રોટલા વિનાના હતા. આવા દુઃખી છીએ અમે. અરેરે..! શું પણ દુઃખી? દુઃખ તો દશા સંયોગની છે. સંયોગનું દુઃખ છે? માન્યતામાં તું માને છો કે અમે દુઃખી છીએ. ઈ અજ્ઞાન છે લ્યો. આહા..હા..!

'**વળી તેવી જ રીતે જાણવામાં આવતો જે ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાય) તેના અધ્યવસાનથી...**' એ ધર્માસ્તિ તત્ત્વ છે ભગવાને જોયેલું. ધર્માસ્તિ નામનું તત્ત્વ છે અરૂપી. એ શાસ્ત્ર વાંચે અને વિચાર કરે તો એના વિકલ્પમાં એકાકાર થઈ જાય. એ ધર્માસ્તિકાયને પોતાનું માન્યું એમ કહેવાય. એવી જ રીતે '**જાણવામાં આવતા અધર્મના (અર્થાત્ અધર્માસ્તિકાયના)...**' નામનો પદાર્થ અરૂપી. એના જાણવાકાળે હું શુદ્ધ આનંદ અને જ્ઞાતા છું એ ભૂલીને એ અધર્માસ્તિના વિકલ્પમાં એકાકાર થઈ જાય. મશગુલ-મશગુલ. એ અધર્માસ્તિને પોતાનું માન્યું એમ કહેવામાં આવે છે. વિકલ્પને માન્યું?

'**જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી...**' લ્યો, આહા..હા..! એ સ્ત્રીનો આત્મા, પુત્રનો આત્મા, દેવ-ગુરુનો આત્મા '**જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી...**' એ અધ્યવસાય થયો એટલે એ પોતાના માને છે લ્યો. ઈ જીવ છેને. '**જીવના અધ્યવસાનથી પોતાને અન્યજીવરૂપ...**' માને છે એમ હોં. કરે છેનો અર્થ ઈ. ઈ અને અમે એક છીએ. બાપ અને દીકરો હોયને બે એ એમ બોલે. સનાન કરવા જાવું હોયને સનાન-બનાન. બાપ કહે તું જાને ભાઈ તું અને હું બે એક જ છીએને આપણે. કાંઈ વાંધો નહિ જા. કરે છે કે નહિ એમ? પોતાને ઠીક-અઠીક હોય તોપણ છોકરાને મોકલે જાઓ. તું જાને. તું તે હું છુંને જાને. અને તું મારું રૂપ છોને. જોને શરીરનું રૂપ જેટલું અમારું ઈ જાતનું ... હોય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા બાપ એ પણ કહે, બાપા તમે જાવ. વાંધો નહિ તમે જાઓ મારે કામ છે, તમે નવરા છો. આહા..હા..! આવું પાખંડ ક્યાંથી આદર્યું છે આવું? આહા..હા..! જગતની કોઈપણ ચીજની અવસ્થાને પોતાની માની ન હોય કે જગતના કોઈ પદાર્થને પોતાનો માન્યો ન હોય એવું કોઈ બાકી નથી રાખ્યું તે. આહા..હા..! એક બાકી રાખ્યો આત્માને જાણવો ઈ. આહા..હા..!

'**જાણવામાં આવતા...**' હોં એમ ભાષા છે. ઈ જીવ જાણવામાં આવે. એને ઠેકાણે '**અન્ય જીવના અધ્યવસાનથી...**' ઈ મારા છે. ભાઈ! મારા છે ભાઈયું. ભાઈ આપણે તો એક છેને. ડાંગે માર્યા પાણી જુદા પડે? એમ વાતું કરે છે. ડાંગે માર્યા પાણી જેમ ભાયુ બાપા એક છીએ. સો વર્ષના થાય તો કાંઈ ભાઈઓ જુદા પડે? હવે અત્યારે તો નાની ઉંમરમાં જુદા થઈ જાય છે. આહા..હા..! માનીએ છીએ અધ્યવસાયથી આ. જાણવામાં આવતા પુદ્ગલના અધ્યવસાનથી લ્યો. પોતાને પુદ્ગલરૂપ કરે છે. શરીર જાણવામાં આવે, વાણી જાણવામાં આવે, મન જાણવામાં આવે એને આ મારા છે એમ માને છે.

મુમુક્ષુ :- બંગલા તો મારાને.

ઉત્તર :- બંગલા તો વળી ક્યાંય ધૂળ દૂર રહી ગઈ. આહા..હા..! ધૂળમાંય બંગલામાં નથી. બંગલા તો જડના છે ઈ તો. એ મારા છે એ પુદ્ગલમાં જાય છેને? કપડા, દાગીના ઈ જાણવામાં આવે. એમ માને કે ઈ દાગીનો મારો છે. આ કોટમાં જો નામ લખ્યું મારું. કોટે નામ આપે છેને પાછળ? અહીં પાછળ લખે પટ્ટી ઉપર ધોબીને ત્યાંથી પાછું ખોવાઈ નહિ. એ મારો કોટ છે, એ મારું ફલાણું છે, એ મારું ખમીસ છે. આહા..હા..! ક્યાં કેટલામાં તારે જાવું છે? તારામાં આવવું નથી ક્યાં જાય છે તું આ? આ મારા... આ મારા... આ મારા... કેટલા મારા ઉભા કર્યા? એ પુદ્ગલના અધ્યવસાન જાણવામાત્ર ભાષા એમ છે હોં. કહ્યુંને? ધર્માસ્તિ, અધર્માસ્તિ જીવ ને પુદ્ગલ એક કાળ નથી... પુદ્ગલના અધ્યવસાન પોતાને પુદ્ગલરૂપ માને છે. આહા..હા..! મારું નાક આવું ગરૂડ જેવું. મારા હાથ કેળ ઓલા જેવા, ઢીકણા જેવા. અરે..! હાથ પણ તારા કે દિ' હતા? મારી આખું આમ ખીલ્યા કમળ જેવી. કમળ હોયને કમળ લાંબુ? આ તો પરમાણુ જડ છે. આહા..હા..!

કહે છે પુદ્ગલને જાણવાથી. જાણવામાં એ તો આવતા. એવા પુદ્ગલના અધ્યવસાનથી પોતાને પુદ્ગલરૂપ માને. માનો મૂઢ થઈને. આહા..હા..! એથી કરીને એ ચીજ એની થતી નથી. એમ એ આત્મા એનો થતો નથી. આહા..હા..! '**જાણવામાં આવતા અલોકાકાશના અધ્યવસાનથી...**' ત્યાં બે ભેદ પાડ્યા. આકાશના. એક લોકાકાશ '**પોતાને અલોકાકાશરૂપ કરે છે.**' લ્યો, જે ઘરમાં રહ્યો એમાં એકાકાર થઈ જાય. એ ઘર છોડવું આકરું પડે લ્યો. દેણું થાય તો ઘર છોડવું પડે. ઓલા તાબે કરે. ... શું કહે છે? જપ્તી-જપ્તી. ... વેચી નાખું. પછી થયા પૈસાવાળા. એની માને કહે કે આ ઘર ગમે તે રીતે મળે પણ આ ઘર આપણે લેવું છે હોં. બોલે ઈ આકરો. અમે જ્યાં રહ્યા. આહા..હા..! ઈ ખટક્યા કરે છે અંદર. .. પાંચસો, હજાર, અગિયાર હજાર ભર્યા. અગિયાર હજાર જાઓ. અમે રહ્યા આ મકાનમાં એ મકાન અમારું ન થાય (તો) અમારું જીવતર શું કામનું? લ્યો ઠીક! આહા..હા..! આવા મકાનને અમારા માને છે. ઈ મકાન અમારા છે, ઈ જગ્યા અમારી છે, એ વાડા અમારા છે, આ બાગ અમારો છે એમ લ્યો. અમે કરાવ્યો છે જાતે બાગ આવો. આહા..હા..! કોણ કરાવે? આ મકાન અમે ઉભા રહીને કરાવ્યું છે જાતે ઉભા રહીને. ઈ મકાન અમારું છે બરાબર. ઈ જગતને જાણવામાં આવતા પદાર્થને જ્યાં હોય ત્યાં મારા કરીને પરને પોતાના માન્યા એમ કરીને પરને પોતારૂપે કર્યા. આ માન્યા એ કર્યા હોં બાકી ક્યાં કોઈ કરી શકે? આહા..હા..!

'**જાણવામાં આવતા અલોકાકાશના અધ્યવસાનથી...**' હવે અલોકાકાશ વિચારે એમાં વિકલ્પ આવે તો એકાકાર થઈ જાય. આહા..હા..! અલોકાકાશ તો અરૂપી બહાર છે, પણ એનો વિકલ્પ આવેને શાસ્ત્રથી એમાં એકાકાર થઈ જાય વિકલ્પમાં એણે અલોકાકાશને પોતાનું માન્યું. આહા..હા..! અહીં તો બધા નામ આપ્યા એક સાથે પુદ્ગલ ને જીવ બધા જીવોમાં.

આ મારો દુશ્મન છે, આ મારો સજ્જન છે, આ મારા અંગી છે, આ મારા અંગી માણસો છે અંગના. અંગના માણસો. માણસો અંગના હશે આત્માના? આહા..હા..! સાચી સારી-નરસી વાત કરવી હોય તો અમે એને કહીએ અંગતના માણસને. એમ કહે માણસ વાતુ કરે. સારી-નરસી વાતું કરવી હોય તો એમ કહે. ધૂળેય નથી હવે સાંભળને. અંગત કેવા? તારા અંગમાં તો આનંદ અને જ્ઞાન ભર્યું એ તારા અંગી ગુણો છે. આહા..હા..! પોતાના શુદ્ધસ્વરૂપ પરથી ભિન્નતાને ભૂલીને પરને જાણવાને કાળે પરમાં એકત્વ માની લે છે. એ સંસારનો મિથ્યાત્વભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- .. મફતની...

ઉત્તર :- મફતની મૂકી ... પુરુષાર્થ કર્યો ઉંધો. પર માટે મફતનો. પોતે તો કર્યો છેને પુરુષાર્થ? ઉંધો ભાવ. આહા..હા..!

'**(આ રીતે આત્મા અધ્યવસાનથી પોતાને સર્વરૂપ કરે છે.)**' જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં પોતાની એ અવસ્થા જગતને અને પદાર્થ એ મારા. મારા સંગમાં આવ્યાને? આપણે તાબે આવ્યાને? અમારે આધીન થયાને ઈ? ધૂળેય નથી આધીન સાંભળને. આહા..હા..! આવો આત્મા અનાદિથી જગતની ચીજો તે જાણવામાં આવે. પોતે જાણનાર છે ખરોને. જાણવામાં આવતા એને જ્યાં નજીકપણું લાગે ત્યાં ઈ માને કે આ અમે મનુષ્ય છીએ, દેવ છીએ, સુખી છીએ, ક્રોધી છીએ, માની છીએ, અમે (માયાવી) છીએ અને અમે લોભી છીએ. આહા..હા..! અમે તો ક્રોધી છીએ ભાઈ! અમારી પ્રકૃતિ તો આકરી છે. લ્યો એમ કહે છેને? ઓલા વળી કહે પ્રકૃતિ અમારી સુંવાળી છે. ક્રોધ ન કરીએ. એ બધી પ્રકૃતિને અમારી માને એ મૂઢ છે એમ કહે છે. એ પ્રકૃતિના ચારા છે. આહા..હા..! '**પોતાને સર્વરૂપ કરે છે.**' એમ આવ્યુંને? લ્યો, આહા..હા..! સર્વાંગ કીધુંને. બધાને પોતારૂપ કરે છે.

'**ભાવાર્થ :- આ અધ્યવસાન અજ્ઞાનરૂપ છે તેથી તેને પોતાનું પરમાર્થ સ્વરૂપ ન જાણવું.**' એ પોતાનું સ્વરૂપ નથી. શરીર, વાણી, મન, જીવ પર એ મારા. પરને જીવાડું, મારું એવો અધ્યવસાય જીવસ્વરૂપ નથી. એ પરમાર્થ સ્વરૂપ નથી. '**તે અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે અર્થાત્ તેમનામાં પોતાપણું માની પ્રવર્તે છે.**' માનીને પ્રવર્તે. ત્યાં ક્યાં પ્રવૃત્તિ કરે? આહા..હા..! પાંચેય ઈન્દ્રિયો અમારી બહુ સરખી. પાંચેય ઈન્દ્રિયથી કામ બહુ લઈ શકીએ છીએ. કામ કરવા. આંખો બહુ ચોખ્ખી, નાક સારું, જીભ પણ સારી, સ્પર્શ ઈન્દ્રિય પણ સારી. અરે..! પણ સારી તે ક્યાં એ તો પર છે. આહા..હા..! જ્ઞેયને મારા સારા-નરસા કહેવા એ પરને પોતાનું માન્યું છે ... આહા..હા..! આખી દુનિયાને કેદ કરી છે આમ. એક રજકણથી માંડીને જગતની ઋદ્ધિ એ અમારી. ગાય ઘરે રાખી હોય દસ વર્ષ. નીકળે કોઈ લઈને એ ગાય અમારી. .. કહેતા. શીવાભાઈ હતાને

પટેલ? પહેલા ધંધો કરતા. રસ્તામાં નીકળ્યા ભરવાડ. આ ગાય અમારી. ... કહો, ઘોડો નીકળે. આ ઘોડો અમારે ત્યાં દસ વર્ષ રહ્યો. ... તન્મય થઈ ગયો એમાં. કપડું સારું હોય લ્યોને મખમલનું. આ કપડું અમારું છે. અમારું એકવાર ખોવાણું હતું એ આ અમારું છે. અત્યારે ... જોડા. જોડા લઈ જાયને કોક ચંપલ તો બહુ લઈ જાય અહીંથી. ઓલાને ખટક થઈ જાય. દસ રૂપિયાનો જોડો થાય. ફરી વખત કેમ થાય? જોડા ગયા, ચંપલ ગયા. હમણા લાવ્યા હતા તાજા. બાર રૂપિયાના તાજા લાવ્યા હતા. કોઈક લઈ જાય એમાં શું? થાય છેને ઘણીવાર? આહા..હા..! એ મારા જોડા હોં. ... આપણે અત્યારે શું કરશું? પણ કે દિ' હતા મારા? બધું જાણવામાં આવે એ બધું જાણવા જેવું છે. આહા..હા..! ભારે!

## શ્લોક-૧૭૨

(इन्द्रवज्रा)

विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावा-
दात्मानमात्मा विदधाति विश्वम्।
मोहैककन्दोऽध्यवसाय एष
नास्तीह येषां यतयस्त एव।।१७२।।

હવે આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનિકારૂપે કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [विश्वात् विभक्तःअपि हि] વિશ્વથી (સમસ્ત દ્રવ્યોથી) ભિન્ન હોવા છતાં [आत्मा] આત્મા [यत्-प्रभावात् आत्मानम् विश्वम् विदधाति] જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે [एषः अध्यवसायः] એવો આ અધ્યવસાય - [मोह-एक-कन्दः] કે જેનું મોહ જ એક મૂળ છે તે - [येषां इह नास्ति] જેમને નથી [ते एव यतयः] તે જ મુનિઓ છે. ૧૭૨.

## કળશ-૧૭૨ ઉપર પ્રવચન

‘હવે આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનિકારૂપે કાવ્ય કહે છે :-’

(इन्द्रवज्रा)

विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावा-
दात्मानमात्मा विदधाति विश्वम्।
मोहैककन्दोऽध्यवसाय एष
नास्तीह येषां यतयस्त एव।।१७२।।

આહા..હા..! ‘**विश्वात् विभक्तः**’ ‘**વિશ્વથી (સમસ્ત દ્રવ્યોથી) ભિન્ન...**’ વિશ્વ શબ્દે સમસ્ત દ્રવ્ય. વિશ્વ શબ્દે સમસ્ત દ્રવ્ય. બીજા આત્માઓ, બીજા પરમાણુઓ, કાળાણુ. બધા કાળાણુ .. લેવા. ‘**વિશ્વથી (સમસ્ત દ્રવ્યોથી) ભિન્ન હોવા છતાં આત્મા...**’ ‘**यत्-प्रभावात् आत्मानम् विश्वम् विदधाति**’ ‘**જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે એવો આ અધ્યવસાય-...**’ ‘**मोह-एक-कन्दः**’ ‘**કે જેનું મોહ જ એક મૂળ છે...**’ મિથ્યાત્વ એક જ મૂળ છે એમ કહે છે. આહા..હા..! મિથ્યાત્વની વ્યાખ્યા જગતે સાંભળી નથી. આ કુદેવ, કુગુરુ, શાસ્ત્રને માને. ... આહા..હા..! અરે..! શુભભાવથી આત્માને લાભ થાય, ધર્મ થાય. એ શુભભાવને મોહરૂપી મિથ્યાત્વે એક માન્યા છે. આહા..હા..! આકરું કામ.

જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે એટલે અનેક અવસ્થાને પરપદાર્થરૂપ માને છે. એવો આ જે અધ્યવસાય એનું મૂળ તો મોહ એક જ મૂળ છે. આહા..હા..! આ ભગવાનની પૂજા વખતે સ્વાહા. .. દ્રવ્ય મૂકે, ચોપડા મૂકે અમુક. આ બધી ક્રિયા જાણે હું કરું છું. એ જડની ક્રિયા છે. દ્રવ્ય લાવવા, દ્રવ્ય લઈ શકાય? લાવી શકે? .. એ તો એને કારણે આવ્યા છે. માને છે કે હું લાવ્યો છું. આહા..હા..! એ તન્મય થઈ જાય એ વખતે પૂજામાં. રાગ આવ્યોને રાગમાં તન્મય. આહા..હા..! એ અધ્યવસાયનું મૂળ, મોહ એ તો છે કહે છે. આકરી વાતું છે બહુ. વીતરાગ માર્ગને પહોંચવું અલૌકિક છે. જેના ફળ અનંત આનંદ અને જેનું ફળ સંસારનો અંત એ માર્ગ આવો જ હોયને. એક રજકણથી માંડીને બીજા ત્રણ લોકનો નાથ તીર્થંકર હોય તો એનાથી મને લાભ થાય તો એ જીવને પોતાનો માન્યો છે એમ ... બહારથી એમ કહે કે નિમિત્તથી લાભ થાય નહિ. અંદરમાં અંદર અભિપ્રાયમાં રહ્યા કરે. ઈ છે તો થાય છે. એ છે તો થાય છે. આહા..હા..! આકરી વાત છે. એવો જે મિથ્યાત્વભાવ એ અધ્યવસાયનું મૂળિયું છે.

'**તે જેમને નથી...**' આહા..હા..! એટલે પરદ્રવ્યની પર્યાયનું કર્તાપણું, અભિમાન નથી અને જ્ઞાતા-દૃષ્ટાપણું જ્યાં પ્રગટ્યું છે. આહા..હા..! '**તે જેમને નથી...**' 'ते एव यतयः' '**તે જ મુનિઓ છે.**' તે જ સમકિતી છે. પર અવસ્થા અને પરદ્રવ્ય એ બેનો જેને અધ્યવસાય આ મારા નથી એને ચૈતન્યસ્વરૂપ આનંદ એ મારું છે એમ જે જાણ્યું એને સમકિતી કહીએ અને મુનિ કહીએ. કહો, સમજાણું કાંઈ? '**તે જ મુનિઓ છે.**' 'यतयः' શબ્દ છેને? 'ते एव यतयः' એણે આત્માની જતના કરી, જયણા કરી. આહા..હા..! પોતે પ્રયત્ન કરીને હું આત્મા છું, શુદ્ધ ચૈતન્ય છું, પરની અવસ્થા અને પરપદાર્થમાં અહંકાર મારો છે જ નહિ. એ અધ્યવસાય મારું સ્વરૂપ જ નથી. આહા..! એમ જેણે એ અધ્યવસાયને ટાળ્યો છે. એ જ આ જગતમાં એક યથાર્થ ધર્મી અને ધર્મના સાધક જીવો સમકિતી અને મુનિ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૨૭૦

एदाणि णत्थिजेसिं अज्झवसाणाणि एवमादीणि।
ते असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति।।२७०।।
एतानि न सन्ति येषामध्यवसानान्येवमादीनि।
ते अशुभेन शुभेन या कर्मणा मुनयो न लिप्यन्ते।।२७०।।

एतानि किल यानि त्रिविधान्यध्यवसानानि तानि समस्तान्यपि शुभाशुभकर्मबन्धनिमित्तानि, स्वयमज्ञानादिरूपत्वात्। तथाहि-यदिदं हिनस्मीत्याद्यध्यवसानं तत्, ज्ञानमयत्वेनात्मनः सदहेतुकज्ञप्त्येकक्रियस्य रागद्वेषविपाकमयीनां हननादिक्रियाणां च विशेषाज्ञानेन विविक्तात्माज्ञानात्, अस्ति तावदज्ञानं, विविक्तात्मादर्शनादस्ति च मिथ्यादर्शनं, विविक्तात्मानाचरणादस्ति चाचारित्रम्। (यत्पुनः नारकोऽहमित्याद्यध्यवसानं तदपि, ज्ञानमयत्वेनात्मनः सदहेतुकज्ञायकैकभावस्य कर्मोदयजनितानां नारकादिभावानां

च विशेषाज्ञानेन विविक्तात्माज्ञानादस्ति तावदज्ञानं, विविक्तात्मादर्शनादस्ति च मिथ्यादर्शनं, विविक्तात्मानाचरणादस्ति चाचारित्रम्।) यत्पुनरेष धर्मो ज्ञायत इत्याद्यध्यवसानं तदपि, ज्ञानमयत्वेनात्मनः सदहेतुकज्ञानैकरूपस्य ज्ञेयमयानां धर्मादिरूपाणां च विशेषाज्ञानेन विविक्तात्माज्ञानात्, अस्ति तावदज्ञानं, विविक्तात्मादर्शनादस्ति च मिथ्यादर्शनं, विविक्तात्मानाचरणादस्ति चाचारित्रम्। ततो बन्धनिमित्तान्येवैतानि समस्तान्यध्यवसानानि। येषामेवैतानि न विद्यन्ते त एव मुनिकुञ्जराः केचन, सदहेतुकज्ञप्त्येकक्रियं, सदहेतुकज्ञायकैकभावं, सदहेतुकज्ञानैकरूपं च विविक्तमात्मानं जानन्तः, सम्यक्पश्यन्तोऽनुचरन्तश्च, स्वच्छस्वच्छन्दोद्यदमन्दान्तर्ज्योतिषोऽत्यन्तमज्ञानादिरूपत्वाभावात्, शुभेनाशुभेन वा कर्मणा न खलु लिप्येरन्।

આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી - એમ હવે ગાથામાં કહે છે :-

એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,
તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.

ગાથાર્થ :- [एतानि] આ (પૂર્વ કહેલાં) [एवमादीनि] તથા આવાં બીજાં પણ [अध्यवसानानि] અધ્યવસાન [येषाम्] જેમને [न सन्ति] નથી, [ते मुनयः] તે મુનિઓ [अशुभेन] અશુભ [वा शुभेन] કે શુભ [कर्मणा] કર્મથી [न लिप्यन्ते] લેપાતા નથી.

ટીકા :- આ જે ત્રણ પ્રકારનાં અધ્યવસાનો છે તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી શુભાશુભ કર્મબંધનાં નિમિત્ત છે. તે વિશેષ સમજાવવામાં આવે છે :- 'હું (પર જીવોને) હણું છું' ઇત્યાદિ જે આ અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને, જ્ઞાનમયપણાને લીધે ૧સત્‌રૂપ ૨અહેતુક ૩જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો અને રાગદ્વેષના ઉદયમય એવી ૪હનન આદિ ક્રિયાઓનો ૫વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન (અશ્રદ્ધાન) હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. વળી 'હું નારક છું' ઇત્યાદિ જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે એવા આત્માનો અને કર્મોદયજનિત નારક આદિ ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. વળી 'આ

ધર્મદ્રવ્ય જણાય છે' ઈત્યાદિ જે અધ્યવસાન છે તે અધ્યાવસાનવાળા જીવને પણ, *જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા આત્માનો અને જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. માટે આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.

માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી તે જ કોઈક (વિરલ) મુનિકુંજરો (મુનિવરો), સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે, સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે અને સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા ભિન્ન આત્માને (-સર્વ અન્યદ્રવ્યભાવોથી જુદા આત્માને) જાણતા થકા, સમ્યક્ પ્રકારે દેખતા (શ્રદ્ધતા) થકા અને અનુચરતા થકા, સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન (અર્થાત્ સ્વાધીનપણે પ્રકાશમાન) એવી અમંદ અંતર્જ્યોતિને અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી (અર્થાત્ અંતરંગમાં પ્રકાશતી જ્ઞાનજ્યોતિ જરા પણ અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ નહિ થતી હોવાથી) શુભ કે અશુભ કર્મથી ખરેખર લેપાતા નથી.

ભાવાર્થ :- આ જે અધ્યવસાનો છે તે 'હું પરને હણું છું' એ પ્રકારનાં છે, 'હું નારક છું' એ પ્રકારનાં છે તથા 'હું પરદ્રવ્યને જાણું છું' એ પ્રકારનાં છે. તેઓ, જ્યાં સુધી આત્માનો ને રાગાદિકનો, આત્માનો ને નારકાદિ કર્મોદયજનિત ભાવોનો તથા આત્માનો ને જ્ઞેયરૂપ અન્યદ્રવ્યોનો ભેદ ન જાણ્યો હોય, ત્યાં સુધી પ્રવર્તે છે. તે ભેદજ્ઞાનના અભાવને લીધે મિથ્યાજ્ઞાનરૂપ છે, મિથ્યાદર્શનરૂપ છે અને મિથ્યાચારિત્રરૂપ છે; એમ ત્રણ પ્રકારે પ્રવર્તે છે. તે અધ્યવસાનો જેમને નથી તે મુનિકુંજરો છે. તેઓ આત્માને સમ્યક્ જાણે છે, સમ્યક્ શ્રદ્ધે છે અને સમ્યક્ આચરે છે, તેથી અજ્ઞાનના અભાવથી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ થયા થકા કર્મોથી લેપાતા નથી.

---

**જેઠ સુદ-૧, શનિવાર, તા. ૦૨-૦૬-૧૯૭૩**
**ગાથા - ૨૭૦, પ્રવચન-૩૯૬**

૨૬૯ ગાથા થઈ ગઈ. 'આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી - એમ હવે ગાથામાં કહે છે :-'

**एदाणि णत्थिजेसिं अज्झवसाणाणि एवमादीणि।**
**ते असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति।।२७०।।**
**એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,**
**તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.**

એની 'ટીકા :- આ જે ત્રણ પ્રકારનાં અધ્યવસાનો છે...' ઘણો અધિકાર ગયો છે. એટલે શું કહે છે? કે હું પરને હણી શકું છું, દયા પાળી શકું છું એવો જે અભિપ્રાય-અધ્યવસાય એ રાગની ક્રિયારૂપ, મિથ્યાત્વની ક્રિયારૂપ માન્યતાનો અધ્યવસાય છે. ક્રિયા જેનો ગર્ભ છે. એમ કહ્યું છેને? એમાં ક્રિયા જ એકલી ભરી છે એમ કહે છે. રાગની ક્રિયા, રાગની એકતા, પરને હણી શકું છું એ દ્વેષની એકતા, દયા પાળી શકું છું એ રાગની એકતા. જૂઠું બોલી શકું છું એ કષાયની એકતા. અશુભ. .. અધ્યવસાયમાં એકત્વબુદ્ધિ માન્યતાને અધ્યવસાય કહ્યો. ક્રિયા એટલે આત્મા જે રાગની ક્રિયા વિનાનો. અહીં તો કહે છે કે જ્ઞપ્તિ ક્રિયા એની છે, પણ એ રાગની ક્રિયા વિનાનો એને રાગની ક્રિયાવાળો માનવો એ માન્યતાને અહીં અધ્યવસાય કહે છે. આહા..હા..! એ ત્રણ પ્રકારના અધ્યવસાયની વાત છે.

મુમુક્ષુ :- .. વિશેષતા શું?

ઉત્તર :- આ કહીને. અહીં આવે છે જુઓને. ત્રણ પ્રકારના અધ્યવસાય એટલે હણું છું, બચાવું છું, નથી મારતો એમ. જૂઠું બોલું છું, સાચું બોલું છું એવો રાગની એકતાનો અધ્યવસાય એને અહીંયાં અજ્ઞાનભાવ અને મિથ્યાત્વભાવ કહે છે. કે જે ચૈતન્યના સ્વરૂપમાં એ વસ્તુ નથી. સમજાણું કાંઈ? હું ચોરીને વસ્તુને લઈ શકું છું વગર આજ્ઞાએ. એ આજ્ઞાથી લઈ શકું છું એવી જે એકતા રાગની સાથે બુદ્ધિ ઈ માન્યતાનો અભિપ્રાય એ જૂઠો છે. કહો, સમજાણું? એમ શરીરની ક્રિયાથી વિષય લઈ શકું છું એવી જે રાગની, વિકારની એકતાબુદ્ધિ, શરીર સાથેની એકતાબુદ્ધિ એવો જે અધ્યવસાય તે મિથ્યાત્વભાવ છે. ઈ મિથ્યાત્વની ક્રિયાથી જ ભરેલો એ ભાવ છે એમ કહે છે. એ આત્માની ક્રિયા નથી. આહા..હા..! આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનની ક્રિયા જાણવાની ક્રિયા થાય એ તો જ્ઞાયક જ્ઞપ્તિક્રિયા, પોતાની ક્રિયા છે. પણ એ ક્રિયાને ન થતાં, ન કરતાં હું આ પરિગ્રહ રાખી શકું છું, પરિગ્રહ છોડી શકું છું, પૈસા રાખી શકું છું. લ્યો.

મુમુક્ષુ :- આપ ભલેને નથી રાખતા.

ઉત્તર :- એને ખબર ન હોય બધા અનુભવ કેટલા થયા હોય. .. ફીકણાના, ઢીકણાના. ... એમાં ઈ જ આવડે ... આહા..હા..! હું પરિગ્રહ રાખી શકું, જાળવી શકું, વ્યવસ્થિત પરિગ્રહની અવસ્થાને હું કરી શકું, બરાબર વ્યાજ મેળવી શકું એવી જે પરિગ્રહની. પરિગ્રહ તો પરવસ્તુ છે, પણ એના પ્રત્યેની એકતાબુદ્ધિ, આ કરું એવી એકતાબુદ્ધિ રાગની એને

અહીંયાં મિથ્યા અધ્યવસાય અને મિથ્યા કહેવામાં આવે છે. આહા..હા..! ભારે!

એક ઉપદેશ છે જુઓ, '**ત્રણ પ્રકારનાં અધ્યવસાનો છે...**' પાછા વળી. '**તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી શુભાશુભ કર્મબંધનાં નિમિત્ત છે.**' નવા શુભાશુભ કર્મ બંધાય એ તો એને પોતાને કારણે, પણ એમાં આ મિથ્યાત્વભાવ તેને નિમિત્ત છે. ઈ કહે છે. '**તે વિશેષ સમજાવવામાં આવે છે :- 'હું (પર જીવોને) હણું છું'...**' પરજીવને મારી શકું છું. એવો જે અધ્યવસાય એટલે કે રાગની એકતાની માન્યતાનો અભિપ્રાય એટલે કે પરને હણું છું ઈ એકતા નહિ, પણ હણી શકું એવો જે ભાવ એની એને એકતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ પર જીવને હું... ઈત્યાદિ છેને? ઈ દસ બોલ લઈ લેવા. પરની હું દયા પાળી શકું, બરાબર જાળવી શકું, પાણીમાં જીવડું પડ્યું હોય તો બરાબર આમ લઈને, પાણી નીચે રહે અને જીવડું ઉંચું રહે. એવી ક્રિયા બચાવાની પરની પુદ્‌ગલની હું કરી શકું છું. આ ગજબ વાતું છે. વીતરાગનો માર્ગ એવો છે. એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યની અવસ્થાને જીવવાની હું કરી શકું એવો જે અધ્યવસાય એ રાગ અને વિકારની સાથે એકતાબુદ્ધિનો છે. આમ પરની સાથે એકતાબુદ્ધિ છે, પણ પરની સાથે પર એક થતું નથી. હા, માન્યતામાં એક કરી શકે છે. માન્યતામાં હોં. પરને બચાવી શકું એની પર્યાયમાં આ રીતે માન્યતા ઉભી કરી શકે. સમજાણું કાંઈ? વેપાર જાળવે, આ કરે, બરાબર થોડો કરવો. આવક પ્રમાણે ખર્ચ રાખવો. આવક હોય થોડી અને ખર્ચ હોય વધારે મરી જશો. દેવાળુ કાઢવું પડશે. ભગવાનજીભાઈ! આવું બધું જગતમાં... આહા..હા..! ભાઈ! તું શું કરી શકે? પરપદાર્થને શું કર તું? માન્યતા તારી કરે કે આને હું રાખું અને આને ટાળું. એવી માન્યતા અધ્યવસાય જે એકલી વિકારની ક્રિયા, મિથ્યાત્વની ક્રિયા એ કરે અને માને. ઈ માને પર્યાયમાં હોં. દ્રવ્યમાં તો એક થતું નથી. આહા..હા..!

'**ઈત્યાદિ જે આ અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને,...**' એટલે કે વિકારની સાથે એકતાબુદ્ધિ એવા જીવને .. કહ્યું હતું (પર) એની તો એકતા કરી શકતો નથી. આહા..હા..! ફક્ત પરને જીવાડું, સત્ય બોલું, નજર આમ ફરે તો લઈ લવ વસ્તુ. એમાં નજર એની જાય એના માથે તો લઈ લેવું. એવો એનો અધ્યવસાય એમ કહે છે. બાકી ચીજ તો ચીજમાં છે. એ ચીજની ક્રિયા તો કરી શકતો જ નથી, પણ એના અભિપ્રાયમાં જરીક એની નજર આઘી જાય તો લઈ લઉં. લ્યો, આહા..હા..! એમ શરીરની ક્રિયાથી વિષય સેવી શકું અને શરીરની ક્રિયા મને બ્રહ્મચર્યમાં શરીરની ક્રિયાને વિષયમાં જવા નહિ દઉં. એ પણ શરીરની ક્રિયાની સાથે જે રાગ વિપરીત મિથ્યાભાવ છે એની સાથે એકતા કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ જ બંધનું કારણ છે. સંસારનું મૂળ. કંદ આવ્યું હતુંને? વિશ્વાસ...

મોહ એક સ્કંધ. મોહ એક જેનું મૂળ છે. મિથ્યાત્વ જેનું એક મૂળ છે. પહેલા કળશમાં આવ્યું હતું. આહા..હા..! જૈનદર્શન સમજવું.

મુમુક્ષુ :- મોહ એક સ્કંધ છે.

ઉત્તર :- મોહ એક જ સ્કંધ છે. એ મૂળ પોતે સ્કંધ છે એમ. પોતે મૂળ છે. મિથ્યાત્વ જેનું મૂળ છે. આહા..હા..!

કહે છે એ '**તે અધ્યવસાનવાળા જીવને,...**' તે અધ્યવસાન એકત્વબુદ્ધિ કરે છે એવા '**અધ્યવસાનવાળા જીવને, જ્ઞાનમયપણાને લીધે...**' જોકે ભગવાન તો આત્મા જ્ઞાનસ્વરૂપે છે. એ તો જ્ઞાનમય છે. તેને '**લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે...**' ખરેખર તો એની જ્ઞાનની પરિણતિ સત્‌રૂપ-હયાતીવાળી. નીચે છે. '**સત્તાસ્વરૂપ; અસ્તિત્વસ્વરૂપ.(આત્મા જ્ઞાનમય છે તેથી સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ તેની એક ક્રિયા છે.)**' '**જેનું કોઈ કારણ નથી એવી; અકારણ; સ્વયંસિદ્ધ; સહજ.**' એટલે? ખરેખર તો જાણવાની ક્રિયા એ સ્વયં હેતુ, પરના હેતુ વિનાની છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાણવાની ક્રિયામાં પરનિમિત્ત છે અને કોઈ એને લઈને જાણવાની ક્રિયા થાય છે એમ નહિ? આહા..હા..! કોઈપણ ચીજ હોય એને એ વખતે એને જાણવાની પર્યાય, પોતાની અને પરને જાણવાની પર્યાય એવી જે ક્રિયા એ સત્‌રૂપ છે અને સત્‌રૂપ છે એથી એને કોઈ હેતુ નથી કે આ રાગ છે માટે જાણે છે, આ ફલાણું છે માટે જાણે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના એ વાત જ અહીંયાં નથી. પર છે માટે જાણે છે એ નથી. પરની અપેક્ષા છે જ નહિ. સ્વયંસિદ્ધ, સહજ અહેતુક. જાણવાના સ્વકાળે જે ક્રિયા સ્વપરને જાણવાની થાય એ સત્ છે, અસ્તિત્વ છે, મોજુદ છે, હેતુ કોઈ નથી.

'**સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે...**' જાણવું... જાણવું... જાણવું... સ્વને અને પરને અડ્યા વિના, પરને સ્પર્શ્યા વિના, સ્વને સ્પર્શીને જાણવું એ ક્રિયા સ્વતઃ જીવની છે. આહા..હા..! '**એક ક્રિયા છે એવા આત્માનો...**' આવી જે ક્રિયા છે એવો આત્મા એમ કહે છે. એ તો જાણવાની પરિણતિ છે એવો આત્મા. '**અને રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે...**' એ અધ્યવસાય થયો. '**રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ...**' જૂઠું બોલવું, સત્ય બોલું એવો જે અભિપ્રાય-અધ્યવસાય '**એનો વિશેષ નહિ જાણવાને લીધે...**' ઈ અધ્યવસાય જુદી ચીજ છે. જ્ઞપ્તિ ક્રિયા અંદર જુદી હોય છે. એમ બે વચ્ચેનો આંતરો નહિ પાડતા. આહા..હા..! ભારે ઝીણું! લોકો કહે ... અમદાવાદવાળા આવ્યા હતા હમણા કોક. મોટર નીકળી સાત-આઠ જણા.

ઈ જાણે કે આ સીમંધર ભગવાન છે ઈ આ ચોવીસીમાં ક્યારે આવશે અહીં? આ ચોવીસ તીર્થંકર તો થયા, પણ પછી ત્યાં સીમંધર ભગવાન ઈ આ ચોવીસમાં ક્યારે આવશે? કાંઈ કીધું જૈન વાડામાં પડ્યા એની ખબર ન પડે. એ ચોવીસ તીર્થંકર તો ભરત ઐરાવતમાં એક પછી એક થાય ઈ. મહાવિદેહમાં તો એક સાથે વીસ હોય છે. કાંઈ ખબર ન મળે. અહીં સીમંધર ભગવાન દેખ્યા ખરાને. ઈ કહે અહીં ચોવીસમાં ક્યારે આવશે? તીર્થ ચોવીસ. કાંઈ નથી પડ્યા છે વાડામાં પશુની જેમ. આહા..હા..! વ્યવહારની પણ ખબર નથી હજી. તીર્થંકરો તો અહીં થાય એક પછી એક થાય એને ચોવીસ કહે. ત્યાં એક પછી એક થાય નહિ. ત્યાં તો એક સાથે વીસ થાય. એટલે ક્યારે અહીં ચોવીસીમાં આવશે ઈ પ્રશ્ન જ હોઈ શકે નહિ. કેમકે ચોવીસમાં આવે તો ઈ તીર્થંકર કહેવાય એમ. આહા..હા..! વ્યાખ્યાન ... ધ્યાન .. વ્યાખ્યાન... આહા..હા..! જૈનના વાડામાં રહ્યા એને જૈનના વ્યવહારના ઠેકાણા ન મળે. આ તો પરમાર્થ વસ્તુતો જુદી આહા..હા..!

કહે છે કે જ્ઞાનમય એવો જે ભગવાન આત્મા એની જે જ્ઞપ્તિ જાણવાની જે ક્રિયા એ જાણવાની ક્રિયામાં કોઈ હેતુ જ નથી. એ રાગાદિ થયો વ્યવહાર માટે એને કારણે ઈ વ્યવહારની અપેક્ષા રાખીને અહીં જાણવાની ક્રિયા થાય છે. એવું છે નહિ. આહા..હા..! જાણવાની ક્રિયા તો સ્વતઃ-સ્વતઃ પરના હેતુ અને પરની અસ્તિત્વતાના અપેક્ષા વિના પોતાના જ્ઞાનમય હોવાને લીધે જ્ઞાનની ક્રિયા જાણવાની થાય એ સ્વતઃ અહેતુક જ્ઞપ્તિ ક્રિયા છે. આહા..હા..! એવો આત્મા. એને ખબર નથી કે આવો આત્મા હોય, પણ અહીં તો આચાર્ય કહે છે. આહા..હા..!

**'એવા આત્માનો અને રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો...'** હનન આદિ. હણું, જીવાડું, મારી શકું, જૂઠું બોલી શકું, જડની ક્રિયા ભાષાની કરું એવો જે રાગ અને દ્વેષમય ક્રિયા, ઉદયની ક્રિયા, કર્મની ક્રિયા, જડની ક્રિયા ઈ તો છે. આહા..હા..! **'એવી હનન આદિ ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે...' '(હણવું વગેરે ક્રિયાઓ રાગદ્વેષના ઉદયમય છે.)'** રાગ-દ્વેષનો ઉદય એટલે અહીં તો રાગ-દ્વેષની મલિનનો ઉદય છે. એને એકતા માને છે એ અધ્યવસાય એને.. રાગને એકપણે માને છે એ પરને એકપણે માને છે ઈ રાગને એકપણે માને છે. આહા..હા..! **'ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી,...'** એ વિકારના પરિણામ સાથે એકતાબુદ્ધિ હોવાને લીધે ભિન્ન આત્મા એનાથી છે એનું એને અજ્ઞાન છે. એ હનન આદિ ક્રિયાના ભાવથી ભગવાન આત્મા ભિન્ન છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...ના કામમાં...

ઉત્તર :- ધર્મ કરનારો કોણ? ધર્મ થાય પર્યાયમાં પણ કરનારો દ્રવ્ય દ્રવ્ય. એ દ્રવ્ય શું છે અને ગુણ શું છે અને એની પરિણતિ શું છે એની ખબર વિના ધર્મ થાતા હશે? આ જ્ઞપ્તિ ક્રિયા એ ધર્મ છે. આહા..હા..! એ રાગની એકતાની ક્રિયા એ મિથ્યાત્વરૂપી અધર્મ

છે. આહા..હા..! અને રાગના નિમિત્તની હયાતીની અપેક્ષા રાખ્યા વિના આત્મા જ્ઞાનમય હોવાથી એની ક્રિયા જાણવા-દેખવાની થાય એ ક્રિયા છે એ ધર્મ છે. જુઓ, એ ક્રિયા એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્રિયાને પરના નિમિત્તની અને હેતુની જરૂર નથી એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- જ્ઞપ્તિ ક્રિયા એવી કઈ?

ઉત્તર :- ઈ આ. જાણવાની, દેખવાની, માનવાની જે ઠરવાની એ બધી ક્રિયા જ્ઞપ્તિ ક્રિયા. આહા..હા..! એ જાણન સ્વભાવમય ભગવાન આત્મા તો જાણનમયની ક્રિયા જે પર્યાયમાં જાણવા-દેખવાનું પરિણમન થાય એ ક્રિયા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. એ ક્રિયાને કોઈ નિમિત્તના હેતુ(ની જરૂર નથી) કેમકે એ સત્ છે. જેમ વસ્તુ છે, ગુણ સત્ છે એ બેયમાં આવશે. એનો એ પર્યાય પણ સત્ છે, અસ્તિત્વ છે, મોજુદ છે. એથી એને થવામાં પરની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા..! કષાયની મંદતા હતી તો આ જ્ઞપ્તિ ક્રિયા થઈ, વ્યવહાર હતો (શ્રવણનું) ભાગ્ય વ્યવહારને જાણવાની ક્રિયા અહીં થઈ. એવી અપેક્ષા જ્ઞપ્તિ ક્રિયાને છે નહિ. આહા..હા..! એક તો (શ્રવણ) થવું કઠણ અને અંદર પ્રયોગ કરીને પરિણમવું એ તો અલૌકિક વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- કાલે વાત કરતા હતા આ બહુ સહેલું છે.

ઉત્તર :- સહેલું કીધું હતુંને. ઘરની વાત છેને.

મુમુક્ષુ :- .. કઠણ છેને.

ઉત્તર :- એ કઠણ અભ્યાસ ન મળે, અભ્યાસ ન મળે એ જાતનો. પર્યાયનો અભ્યાસ. એક સમયની પ્રગટ અવસ્થા એનું વ્યક્તપણું, એની મોજુદગીપણું જેની દૃષ્ટિમાં અનાદિથી વર્તે છે. પર્યાય પાછળ મહાપ્રભુ અનંત-અનંત આનંદનું ધામ પ્રભુ અને અનંત એવા ગુણોનો સાગર એની એ દૃષ્ટિ થતાં એનું પરિણમન જ્ઞપ્તિ એટલે જ્ઞાન, દર્શન અને આનંદનું થાય એમ કહે છે. જ્ઞાનમય લેવું હતુંને એટલે એ જ્ઞપ્તિ ક્રિયા લીધી. એ આત્મા એની ક્રિયા જે છે એ તો જાણવાની, દેખવાની, માનવાની, ઠરવાની, શાંતિની, આનંદની એ ક્રિયા જ્ઞપ્તિ ક્રિયા છે. એ ક્રિયાવાળો આત્મા અને આ પરને હણી શકું, બચાવી શકું, એવી જે રાગની ક્રિયા, રાગમય મલિન ક્રિયા એ મલિન ક્રિયાની સાથે એકત્વબુદ્ધિ. એને લઈને આત્મા આવી ક્રિયાવાળો છે એને જુદો જાણી શકતો નથી. આહા..હા..! ભારે! એક-એક અધિકાર પણ ગજબ વાત છે!

મુમુક્ષુ :- જીવ કેમ દેખાતો નથી એ બતાવવું છે.

ઉત્તર :- મુંઢાય છે કેમ એ કહ્યું. આ કારણે મુંઢાય છે. વસ્તુ તો અબંધ છે અબદ્ધને બંધ શું? કે પરની ક્રિયાનો કર્તા થવાનો રાગ અને એની એકતાબુદ્ધિ તે. તે મિથ્યાત્વભાવ

અને તે બંધનું કારણ છે. જે ક્રિયામાં એકલો હનન આદિ વિકારીભાવ જ ભરેલો છે. ભગવાન તો એનાથી ભિન્ન છે. આહા..હા..! જેમાં શુભાશુભભાવની ક્રિયા જેમાં ભરી છે. રાગ-દ્વેષાદિ... એવી જે ક્રિયામાં, એવી ક્રિયાના અધ્યવસાય જીવવાળો આવી જ્ઞપ્તિ ક્રિયા જે સ્વપર અહેતુક છે એને અને આ બેને જુદા પાડી શકતો નથી.

આ '**ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,...**' એ અધ્યવસાન જ અજ્ઞાન છે. એ જ્ઞાનનો અંશ છે નહિ. આહા..હા..! '**ભિન્ન આત્માનું અદર્શન (અશ્રદ્ધાન)...**' એ જ્ઞપ્તિ જાણવાની ક્રિયા સ્વ અહેતુક એવી જે ક્રિયાવાળો આત્મા એવું ભિન્ન આત્માનું અદર્શન-અશ્રદ્ધાન છે. આહા..હા..! કે એવા વિકારમય એવા આત્માને માન્યો એ વિકારમય ક્રિયાવાળો જીવને માન્યો. આહા..હા..! જે જ્ઞપ્તિ ક્રિયા કરે એવો જે આત્મા. એવા આત્માને અહીંયાં રાગની ક્રિયા જુદો નથી પાડી શકતો એથી અદર્શન છે. '**(તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે...**' અનાચરણ હોવાથી લ્યો. '**અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.**' આહા..હા..! અજ્ઞાન, અશ્રદ્ધાન, અચારિત્ર. એ વિકારી પરિણામ રાગ-દ્વેષમય મલિનતાના ભાવ એની સાથે એકતાબુદ્ધિને લઈને જે અધ્યવસાય થયા એ અધ્યવસાયની પર્યાયવાળો જીવ જ્ઞપ્તિ ક્રિયા જેની છે એવો આત્માને, રાગને જુદા પાડી શકતો નથી. તેથી તે અજ્ઞાન છે, એ અશ્રદ્ધા છે. એ અનાચરણ, અચારિત્ર છે. એક વાત થઈ. ત્રણ બોલમાં એક બોલ થયો.

બીજો બોલ એ નીચે છે. બીજો બોલ નીચે નોટમાં. ટીકામાં એ રહી ગયો છે. કારણ કે એના ઉત્તરમાં ત્રણે આવશે. અહીં નીચે. 'સંસ્કૃત ટીકાની અમને મળેલી હસ્તલિખિત તેમજ મુદ્રિત કૃતોમાં એક વાક્ય રહી ગયું છે.' રહી ગયું હોય એમ લાગે છે. 'રહી ગયું છે. જેનો ગુજરાતી અનુવાદ લગભગ નીચે પ્રમાણે થાય છે.' નીચે નોટ. 'વળી હું નારક છું.' નરક ગતિ મળી ત્યારે '**વળી 'હું નારક છું'...**' એમ થઈ ગયું એને. નારકીનો ભવ અને એ શરીરાદિ ઈ હું છું, કર્મજન્ય ઉપાધિથી મળેલી નારકીની દેહ આદિ કે ઉદયભાવ નારકીની ગતિ આદિ. તે હું નારક છું એવો અધ્યવસાય. '**ઈત્યાદિ જે અધ્યવસાન છે...**' ઈત્યાદિ એટલે હું તિર્યંચ છું, હું મનુષ્ય છું, હું દેવ છું, હું સુખી છું, હું દુઃખી છું, હું નિર્ધન છું, હું સધન છું, હું ક્રોધી છું, હું માની છું. એવા '**અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે...**' એ પર્યાયમાં આ કરે છે હોં. જ્ઞાયક સત્‌ અહેતુક જ્ઞાયક એટલે દ્રવ્ય. ત્રિકાળી દ્રવ્યની વાત છે આ. ઓલી પહેલી પર્યાયની વાત હતી.

'**એવા આત્માનો અને કર્મોદયજનિત નારક આદિ ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે...**' આહા..હા..! જ્ઞાયક ત્રિકાળી જાણક સ્વભાવથી ભરેલો પદાર્થ, જ્ઞાયકભાવથી ભરેલું

તત્ત્વ, જ્ઞાયકભાવ સ્વરૂપ જેનો એક ભાવ છે કીધુંને? **'જ્ઞાયક જ જેનો એક ભાવ છે...'** એકરૂપ ત્રિકાળ એનો સ્વભાવ લીધો વસ્તુનો. એવા આત્માનો **'જ્ઞાયક જ જેનો એક ભાવ છે એવા આત્માનો...'** ઈ ભાવવાન. આહા..હા..! **'અને કર્મોદયજનિત નારક...'** મનુષ્ય, દેવ, પશુ **'આદિ ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે...'** બેનો તફાવત, જેનો આંતરો નહિ જાણવાને લીધે. જ્ઞાયકભાવરૂપ ભગવાન અને આ રાગની ક્રિયા હું નારકી છું, મનુષ્ય છું, દેવ છું. એવો જે અધ્યવસાય મિથ્યાત્વનો ભાવ એવા મિથ્યાદૃષ્ટિ જીવને એટલે અધ્યવસાનવાળા જીવને એમ.

**'જ્ઞાયક જ જેનો એક ભાવ છે એવા આત્માનો...'** જ્ઞાયક જેનો ભાવ એવો આત્મા **'અને કર્મોદયજનિત...'** આ કર્મના નિમિત્તથી થયેલી ઉપાધિ. નારકી ચાર ગતિ. ચારેય ગતિ. એ બેને વિશેષ નહિ જાણવાને લીધે **'ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી,...'** એ ચાર ગતિના ભાવથી ભગવાન આત્મા ભિન્ન છે. જુઓ, અહીં કહે છેને મનુષ્યપણું મળે તો આમ થાય, નહિતર આમ થાય, મનુષ્યગતિ હોય તો કેવળજ્ઞાન થાય.

મુમુક્ષુ :- મોક્ષ થાય.

ઉત્તર :- મોક્ષ થાય. કેવળજ્ઞાન કહો કે મોક્ષ કહો. મનુષ્ય ગતિ હોય તો મોક્ષ થાય. પર્યાપ્ત મનુષ્યપણું મળે તો આ બધું સમજવાનું મળે. કહે છે કે એ ઉપાધિને પોતાને સહાયક માની એ અધ્યવસાય અજ્ઞાન છે. આહા..હા..!

**'આત્માનો અને કર્મોદયજનિત...'** કર્મથી ઉત્પન્ન થયેલી સામગ્રી બધી એ. એ આત્માની સામગ્રી નથી ચાર ગતિ એ. આહા..હા..! **'નારક આદિ ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,...'** કેમકે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે. કર્મ પણ નહિ. **'ભિન્ન આત્માનું અદર્શન હોવાથી...'** ચાર ગતિના ભાવથી ભિન્ન ભગવાન જ્ઞાયક છે એમ પર્યાયમાં ભાન નહિ હોવાથી એ અધ્યવસાન મિથ્યાદર્શન છે **'અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી...'** આચરણ નથી ત્યાં. આહા..હા..! નારકી છું, મનુષ્ય છું, દેવ છું, હું ક્રોધી છું, માની છું, કપટી છું, લોભી છું, હાસ્ય વિનોદ કરનારો છું. નથી આવતું? એવા માણસો કાંઈક થાય છે. હાસ્ય જ.. હાસ્ય જ હોય. નામ પણ આવે છે વિનોદ. ફલાણાભાઈ હાસ્ય. આ હાસ્યવાળો જીવ કેવો? એ તો જ્ઞાયકભાવવાળો જીવ છે. એને આવા ભાવો સાથે એકત્વબુદ્ધિને લઈને તેનું આચરણ પણ અચારિત્ર છે. રાગમાં જ રમી રહ્યો છે ઈ કહે છે. આહા..હા..! ચાહે તો એ પંચ મહાવ્રત પાળતો હોય તોપણ એ રાગમાં રમે છે. આહા..હા..! એ **'અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.'** બે બોલ થયા. પર્યાયમાં પહેલો, બીજો દ્રવ્યનો, હવે ગુણનો રહ્યો. આહા..હા..!

'વળી **'આ ધર્મદ્રવ્ય જણાય છે'...'** જુઓ, ભાષા. ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય છે. ભગવાને જોયેલા છ દ્રવ્ય. ત્યાં ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય જાણવામાં જણાય છે જોયું? **'ઇત્યાદિ જે અધ્યવસાન છે...'** ઈ જણાય છે. શું છે એને જાણનારો હું જણાવ છું એમ નહિ. આહા..હા..! **"આ ધર્મદ્રવ્ય જણાય છે"** અધર્મદ્રવ્ય જણાય છે. છ દ્રવ્ય છેને? આકાશ જણાય છે. કાળનું .. કાળ એ બધું પર્યાયમાં આવી ગયું. આહા..હા..! ધર્મ દ્રવ્ય આદિ. આ ભગવાન સિદ્ધ ભગવાન જણાય છે. અરિહંત જણાય છે, પરદ્રવ્ય જણાય છે. આહા..હા..! એવો જે અધ્યવસાય **'તે અધ્યાવસાનવાળા જીવને પણ,...'** એમ. બે બોલ થઈ ગયા છેને?

**'જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા આત્માનો...'** એવો આત્મા. એ ગુણ લીધો. જ્ઞાયકભાવમાં દ્રવ્ય લીધું, જ્ઞાનમાં ગુણ લીધો, જ્ઞપ્તિમાં પર્યાય લીધી. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ આવ્યા. પર્યાયની ખબર ન મળે. બહુ ઉંચી ગાથા છે. કહે છે કે **'જ્ઞાનમયપણાને લીધે...'** આત્મા એમ. આત્મા જ્ઞાનમય તેથી **'સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે...'** જાણવું એક એનું રૂપ સ્વરૂપ છે. પોતાને જાણવું અને પરને પણ પરની અપેક્ષા રાખ્યા વિના પોતાને જાણવું. સ્વપરપ્રકાશક એવો એનો સ્વભાવ એવો જે જ્ઞાનમયપણાને લીધે. એમ છેને અભેદ? **'સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે...'** ઈ જ્ઞાન કેમ? સત્ છે. સત્‌ને હેતુ હોય નહિ અને તે પણ **'જ્ઞાન જ જેનું એક રૂપ છે...'** આહા..હા..! ઓલામાં જ્ઞાયક જેનો એકભાવ છે. ઓલામાં પણ જેની એક ક્રિયા છે. જ્ઞપ્તિ જેની એક ક્રિયા છે. આ તો શાંતિથી સ્વાધ્યાય કરે અને મેળવે તો ખબર પડે બીજાને. આહા..હા..! જુઓ, ચોપડા જોવામાં કેટલો કાળ જાય? અને આ ચોપડા જોવાની એક લીટી સમજવી કઠણ પડે એને. આહા..હા..!

કહે છે કે હું પરદ્રવ્યને જાણું છું. ધર્મ દ્રવ્ય જણાય છે, પરજીવ જણાય છે, શરીર જણાય છે, પુદ્‌ગલો જણાય છે. એમ જેને પર જણાય છે. જાણનારો જણાય છે એમ નહિ. એવા **'જ્ઞાન જ જેનું એક રૂપ છે...'** જ્ઞાન જ જેનો એક જ પ્રકારનો સ્વભાવ છે. આહા..હા..! અભેદરૂપ છે આત્મા .. **'એવા આત્માનો અને જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો...'** એ જ્ઞેય છે ધર્માસ્તિ આદિ. ઈશ્વર, પરમેશ્વર, પંચ પરમેષ્ઠી પણ જ્ઞાનના જ્ઞેય છે. પણ એ જ્ઞેય જણાય છે એમ જે થાય છે. આહા..હા..! **'વિશેષ નહિ જાણવાને લીધે...'** આ જાણનારો પોતે છે એ ભિન્ન છે. ઈ જણાય તે ચીજ બીજી. જણાય છે એ ચીજ મને જણાતી નથી. હું તો તે સંબંધીનું મારું જ્ઞાન તે જણાય છે. આહા..હા..! એવા જેનું જ્ઞાન એકરૂપ છે. સ્વરૂપ છે. **'એવા આત્માનો...'** એમ. એવા આત્માનો. **'અને જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે...'** આહા..હા..! અરિહંત

ને ગુરુ ને દેવ, શાસ્ત્ર બધા જ્ઞેય છે. એ જણાય છે એમ દૃષ્ટિ જ્યાં પર ઉપર જાય એની એથી જાણનાર જ્ઞાનસ્વભાવી એકરૂપે પ્રભુ ત્રિકાળ જેને કોઈ પરની હયાતીની જરૂર નથી. પર આ હોય તો આ જ્ઞાનગુણ રહે એવી ચીજ છે નહિ. ભારે આકરી વાતું આવી. આહા..હા..! ઓલો કહે હું બધે જાવ. ઓલો સાધુ આવ્યો હતોને દેરાવાસી નહિ? મુંબઈ. પહેલા ત્યાં આવ્યો હતો. ... બધેય જાવ છું. રેલમાં બેસું છું. બધે જાવ. આ સાધુ. એક હતો ખબર છે તમને?

મુમુક્ષુ :- રાજેન્દ્રજી?

ઉત્તર :- નામની ખબર નથી. બે વાર આવ્યો હતો. સર્વોદયમાં આવ્યો હતો એકવાર અને એકવાર અહીં આવ્યો હતો. .. વ્યાખ્યાનમાં. આહા..હા..! માણસ-માણસને એક આ જૈન પરમેશ્વરે કહ્યું છે કેટલું? એને તો અનેકાંત છે એમ છેને? બધામાં છે. બધામાં છું એમ નહિ, બધાનો સમન્વય કરો. બધાનું એકરૂપ તે જૈનદર્શન. એની સાથે શું છે પરની સાથે? સ્વતંત્ર જ્યાં પોતે વસ્તુ જ એવી છે. એકલો જ્ઞાનમય સ્વરૂપ જ્ઞાયકભાવ અને તેની જ્ઞપ્તિ સત્ અહેતુક. મોજુદગી રહેવાની ક્રિયા સ્વતંત્ર છે. આહા..હા..! એને કોઈની અપેક્ષાએ જ્ઞેય હતા તો જણાણા છે એમ પણ નથી. આહા..હા..! પોતાનો પર્યાય એવો જ છે માટે જણાય છે. એવું જિનસ્વરૂપ આત્માનું એને આ એકતાબુદ્ધિવાળા આ જણાય છે... આ જણાય છે... એમ એકત્વબુદ્ધિ બુદ્ધિ એને જ્ઞેય સાથે, જ્ઞેયથી મળશે, આ જ્ઞેયો છે એમાંથી કાંઈક મને મળશે એ જ્ઞેયની સાથે એકત્વબુદ્ધિ કરી છે. આહા..હા..! ગજબ વાત છે! દેવ પાસેથી મને કાંઈક મળશે, ગુરુ પાસેથી કાંઈક મને મળશે, શાસ્ત્રમાંથી કાંઈક મને મળશે. આહા..હા..! આવી વાતું ...

મુમુક્ષુ :- ક્યાંથી મળે? છે નહિ તો.

ઉત્તર :- છે નહિ એમાં તું ક્યાં ત્યાં છો તે મળે તને? આહા..હા..!

**'જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો...'** એ તો જ્ઞેયમયપણ વસ્તુ છે. જ્ઞેયમયપણે ઈ જ્ઞાનમય ઈ ક્યાં છે? જ્ઞાનમય તો આ છે. આહા..હા..! **'જ્ઞેયમય એવાં ધર્માદિક...'** ધર્માસ્તિકાય છે હોં. અધર્માસ્તિકાય છે, આકાશ છે, પુદ્ગલો અને અન્ય જીવો. અન્ય જીવોમાં નિગોદાદિ બધાય આવી ગયા, અનંતા સિદ્ધો આવી ગયા. આહા..હા..! **''આ ધર્મદ્રવ્ય જણાય છે''** એમ ભાષા છેને? આ સિદ્ધ દ્રવ્ય જણાય છે, આ અરિહંત દ્રવ્ય જણાય છે, અરે..! પણ જાણનારો તું ઈ જણાય કે ઈ જણાય? આહા..હા..!

એ **'રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી,...'** ભગવાન જાણકસ્વભાવ સ્વતઃ સિદ્ધ પોતાથી છે એ જ્ઞેયો છે માટે એનું જ્ઞાન આવડું મોટું મારામાં છે એમ નથી. એ જ્ઞેયો આમ આવે છેને કે જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે. જ્ઞેય લોકાલોક

પ્રમાણે છે. એય..! પ્રવચનસારમાં (૨૩ ગાથા) આવે છે. જ્ઞાન જ્ઞેય પ્રમાણે, જ્ઞેય લોકાલોક પ્રમાણે. એ તો સમજાવ્યું છે. આહા..હા..! આવડું મોટું જ્ઞાન છે કે જેને લોકાલોક જાણે. પણ એ લોકાલોક જાણે એવો પર્યાય તે પોતાનો છે કહે. આહા..હા..! નિયમસારમાં આવ્યું નહિ? કોઈ એમ કહે કે આત્મા આત્માને જાણે, લોકાલોકને ન જાણે. તો એને શું દોષ? આપણે? પોતાને જાણે, આત્મા પોતાને જાણે છે. લોકાલોકને નહિ. તો એને શું દોષ? વસ્તુ તો એમ જ છે. આહા..હા..! વ્યવહારથી એમ કીધું છે. આત્મા પરને વ્યવહારથી જાણે છે એ રીતે આત્મા પોતાને જાણતો નથી. વાત સાચી. પરને જુદું રાખીને જાણે એમાં આત્માને જુદો રાખીને જાણે? આત્મા તો પોતે પોતાથી જાણે છે. વ્યવહારે પરને જાણે તો વ્યવહારે આત્મા આત્માને જાણેને? આહા..હા..! એમ કોઈ કહે .. લ્યો ભારે નાખ્યું! નિયમસારમાં આવ્યું છે. ક્ષણે ક્ષણે એનો જે પર્યાય તે જ્ઞાનમય દ્રવ્યને લઈને એનો પર્યાય છે.

એવા આત્માને ભિન્ન ન જાણતા '**તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,...**' '**અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,...**' એમ કીધું. ઓલામાં પણ એમ છે. '**ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે...**' આહા..હા..! જ્ઞેય તો પર છે. એને ઈ જણાય છે, આ જણાય છે એમ ક્યાં છે? ત્યારે વળી એક જણો એમ કહેતું હતું ઈ રાણપરવાળા. કે પરમાણુમાં આત્મા પેસ્યા વિના પરમાણુને જાણે શી રીતે? વેદાંત ખત્રી-ખત્રી એક હતા.

મુમુક્ષુ :- .. તો એકરૂપ થઈ જાય.

ઉત્તર :- ખત્રી નહિ? ... ૮૪માં ... વાત ગઈ હશે. મહારાજ તો આમ કહે છે. એમ કે .. લોકને જાણવાની.. શી રીતે જાણે? પરમાણુમાં પેસ્યા વિના શી રીતે જાણે? .. એકરૂપ છે. જ્ઞાનીને ... અરે..! એમ કહે ... કહેવું ... એમ આવે છે. ૮૪ની વાત છે. અરે..! કાંઈ ખબર ન મળે. વેદાંતવાળાને ... ભાઈ! બધી કલ્પનાઓ અને ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... અરે..! પોતે પોતાને જાણે એમાં જ પૂર્ણ જણાઈ જાય છે. એ આ જાણે એ તો વ્યવહાર છે. એમ કહે. પોતે જાણે પોતાને. એમ છતાં આ જણાય છે, આ જણાય છે એવી જે દૃષ્ટિ પડી છે એ અજ્ઞાન છે કહે. આહા..હા..! લ્યો એ કહે કે હું કહીશ. સમયસાર પાહુણં. નહિ સાંભળેલું, નહિ પરિચયમાં આવેલું એ વાત હું કહીશ. આહા..હા..! કેવી શૈલીથી વાત! વસ્તુની સ્થિતિ છે એ રીતે વર્ણવે છે.

'**અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી...**' રાગનું જ આચરણ અને પરનું જ આચરણ હોવાથી '**(તે અધ્યવસાન) અચારિત્ર છે. માટે આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.**' નિમિત્ત. કર્મ તો કર્મને કારણે બંધાય છે, પણ આ પરિણામ એના બંધમાં નિમિત્ત છે. નિમિત્તનો અર્થ? ઈ નિમિત્ત છે માટે બંધાય છે એમ નહિ એમ.

આવા પરિણામ છે માટે બંધાય છે એમ નહિ. એ બંધાવાના રજકણોની જે યોગ્યતા તે સમયે બંધાય તો આવા પરિણામને નિમિત્ત કહેવામાં આવે છે. ભારે! એવી વાતું! તો આત્મા રાગ ન કરે તો કાંઈ બંધાય? કર્મ બાંધે? જુઓ એટલી અપેક્ષા આવી કે નહિ? પણ ઈ વાત જ ખોટી છે. આહા..હા..! એ .. કહેતા. રાજકોટ છઠ્ઠી સાલ. પણ આત્મા રાગ ન કરે તો વસ્તુનું બંધાવું શું થાય? પણ રાગ ન કરે એનો પ્રશ્ન જ ક્યાં છે? બંધાય છે એનો કાળ છે ત્યારે રાગને નિમિત્ત કહેવામાં આવે છે. બસ, આટલી વાત છે. તેથી રાગ અહીંયાં થયો માટે પરમાણુને બંધનની તે અવસ્થા કરવી પડી એમ નથી. ભારે .. વાતું. ...

'**આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.**' એ પરમાણુને તે કાળે તે અવસ્થા કર્મની થવાને લાયકવાળા પોતાના ઉપાદાનથી બંધાય છે ત્યારે આ અજ્ઞાનીનો અધ્યવસાય મિથ્યાત્વ તે નિમિત્ત થાય છે. નિમિત્ત થાય માટે એ બંધાય છે. આહા..હા..! આવા નિમિત્તની હયાતી છે તો કર્મની પર્યાયને એ વખતે એવું થવું પડે છે એમ નથી. એનો સ્વકાળ છે. પરમાણુને પોતાનો તે જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હો, એનો સ્વકાળ જ એવો છે. એવા બંધના કારણમાં આવો મિથ્યાત્વભાવ નિમિત્ત કહેવાય લ્યો. હવે. પાઠનું હવે

**एदाणि णत्थिजेसिं अज्झवसाणाणि एवमादीणि।**
**ते अस्हेण स्हेण व कम्मेण म्णी ण लिप्पंति।।२७०।।**

આ તો એની સામે પહેલી વાત કાઢી. આહા..હા..! લેપાય નહિ એની સામે લેપાય તે .. એ શૈલી છે. હવે ઈ ગાથાનો ભાવ હવે આવ્યો. ગાથામાં કહ્યું એ ભાવથી બીજી રીતે પહેલી વાત કરી. આહા..હા..! સમયસાર તો એક અમૃતનો સાગર છે. આહા..હા..! ભગવાન પોતે અમૃતનો સાગર એ સમયસાર. આ તો ... છે. આહા..હા..!

'**માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી...**' માત્ર જેમને 'આ' અધ્યવસાનો એવી માન્યતા કે હું પરને જીવાડી શકું છું, ઉગારી શકું છું, સંયોગ પ્રતિકૂળ દઈ શકું છું, અનુકૂળ .. .. દીકરા, બાયડી, છોકરાને અનુકૂળ દઈ શકું છું. આહા..હા..! કહો, સમજાણું? જુનીને છોકરા હોય અને નવીને છોકરા ન હોય. પછી .. મુંઝાય. નક્કી કરી લે એક આ મકાન, બે લાખ રૂપિયા, એનું વ્યાજ આવે. થઈ રહ્યું. કહે છે કે એવો અધ્યવસાય કરે. અને ઓલું થવું, ન થવું એના અધ્યવસાયને કારણે નથી. આહા..હા..! આખો સંસારને એને કારણે ભજી રહ્યો છે. એમાં આ વચમાં દખલ કરવા જાય કે હું આનું આમ કરી દઉં, આનું કરી દઉં. નવી જૂની બે બાયું હોય તો જૂનીને પહેલી કહી રાખે. નવીને છોકરા થાશે તો .. જુનીને પહેલું કરી દે હોં. લ્યો. એ માન્યતા કહે છે તારી જૂઠી છે. આહા..હા..! ઓલામાં ...માં ... નોંધાવો. શું કહેવાય? ... કેવા? ...વાળા. .... ... કેટલા પ્લેન ઉતારેને. ... મરવાનો સમય આવ્યો તો ... આહા..હા..! અને તે પણ રાડ નાખીને હોં. આહા..હા..!

.. નીકળવું ક્યાંથી? ... છલોછલ ભર્યું હોય. ઉપરથી પડે પ્લેન ઉપર. હાય.. હાય.. આ શું? આપણે જો ન ગયા હોતને આમાં તો બચી જાત. એય..! .. ભાઈ આમાં ન ગયા હોતને તો બચત. ... કોણ? દેહની અવસ્થા એ જ પ્રકારે પુરી થવાની ત્યાં. એ જ એનો સ્વકાળ, એ જ એની મર્યાદા. આહા..હા..! એ એના ... પેટ્રોલ. પેટ્રોલ કહે છે. પાંખમાં પેટ્રોલ. ... હતા. ... એ .. કહેતો હતો. ફાટ્યું હશે કાંઈક થયું હશે.

મુમુક્ષુ :- ઈ પેટ્રોલ તો ફાટે જ ને.

ઉત્તર :- ફાટે જ ને. એનો પર્યાયનો સ્વભાવ ઈ છે. અરે..! ગતિ મળી ક્યાં ગયા હશે? જે શરણ છે તે તો કર્યું નહિ કોઈ દિ'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. વાત ઈ છે. હવે કાંઈ ફેરફાર થાય એવું નથી કાંઈ. પરલોકમાંથી આવવાના નથી કાંઈ. આહા..હા..! આવો સંસાર નાશવાન આહા..! એને સ્થિર કરવા માગે છે. પોતે સ્થિર છેને નિત્ય એટલે આને સ્થિર કરવા માગે છે. નિત્ય ઉપર દૃષ્ટિ કરે પોતે નિત્ય છે અને છે એવો રહે. અહીં તો છે એમ કરશે તો નહિ થાય કાંઈ. આહા..હા..!

**'જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી તે જ કોઈક (વિરલ) મુનિકુંજરો (મુનિવરો),...'** આહા..હા..! કોઈ મુનિ વિરલ હશે કહે. આહા..! **'મુનિકુંજરો (મુનિવરો),...'** મુનિમાં કુંજર હાથી જેવા મુનિઓ. **'સત્રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,...'** આહા..હા..! સત્રૂપ અહેતુક જાણવાની... જાણવાની... જાણવાની... માનવાની, ઠરવાની, શાંતિની, આનંદની એવી અસ્તિરૂપ છે, મોજુદગી છે એને હેતુ કોઈ નથી એવી જ્ઞપ્તિ જેની ક્રિયા છે. આહા..હા..! આ ક્રિયા દેખો, રાગની ક્રિયા નહિ, જડની શરીરની નહિ. અને પરને બચાવી શકું એવા ભાવના અધ્યવસાનની ક્રિયા નહિ. આહા..હા..! ચારિત્ર એટલે શું? ગજબ વાત. આ પરમાત્માને ... પરમાત્માનો ભેટો તરત. ચારિત ખલુ ધમ્મો એમ કીધું છેને? આહા..હા..!

મુમુક્ષુ :- ચારિત્ર... ભગવાન કરે છે.

ઉત્તર :- ભગવાન જ છે. પરમેષ્ઠી છે. મોક્ષતત્ત્વ છે ઈ. જેને આ ત્રણની એકતા, રમણતા. આહા..હા..!

**'જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,...'** આહા..! બીજાને જીવાડી શકું, મારી શકું, બચાવી શકું, શિષ્યોની રક્ષા કરી શકું. એવા ઠેકાણે શિષ્યોને મૂકું કે એને આહાર-પાણી મળી રહે. આહા..હા..! કહે છે કે એ અધ્યવસાય જેને નથી. એવા મુનિકુંજરો કોઈક હોય છે. પહેલી એકની વાત કરી ક્રિયાની વાત કરી. હવે જ્ઞાયક અને જ્ઞાનની વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ સુદ-૨, રવિવાર, તા. ૦૩-૦૬-૧૯૭૩
## ગાથા - ૨૭૦-૨૭૧, પ્રવચન-૩૯૭

આ સમયસાર. બંધ અધિકાર. ૨૭૦ ગાથા છે. અહીંયાં એ સરવાળો કરીને આવા અધ્યવસાય જેને નથી એ સમ્યગ્દૃષ્ટિ છે અથવા એ મુનિ છે. એ મુનિપણાની પ્રધાનતાથી કથન છેને? **'માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી...'** એટલે? કે બીજાને હું જીવાડી શકું, મારી શકું, અનુકૂળ સંયોગ દઈ શકું, પ્રતિકૂળ સંયોગ દઈ શકું અને બંધાવી શકું અને મોક્ષ કરાવી શકું. એવા જેને અધ્યવસાય પરની એકતાબુદ્ધિવાળા છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિપણું એ જ સંસારનું બંધનું કારણ છે. એ અધ્યવસાનો જેને નથી. એ સમ્યગ્દૃષ્ટિ છે. આગળ વધીને સ્થિરતા કરી હોય તો ચારિત્ર છે. માત્ર જેમને આ એકત્વબુદ્ધિ નથી. જેની અંદર રાગની સાથે એકત્વબુદ્ધિ છે એ બીજાના કામ હું કરી શકું, જીવાડી-મારી શકું એવી બુદ્ધિ રહે. જેને અંતરમાં રાગથી ભિન્ન પડ્યું છે તત્ત્વ. રાગ અને ક્રોધ બે એક નથી, બે ભિન્ન ચીજ છે એમ જે અંદર ભેદજ્ઞાન થયું છે એને આ અધ્યવસાન વિદ્યમાન નથી. એને પરને જીવાડું-મારું એવો અધ્યવસાય એને હોતો નથી. થવાકાળે એને પુણ્ય-પાપના યોગે એને સંયોગ થાય એના નિમિત્ત, પણ એ ઈ તો એને કારણે, પુણ્ય-પાપના કારણે થયું. નિમિત્તમાત્ર થયું એમ જ્ઞાની જાણે. નિમિત્ત કર્તા નહિ.

એ અધ્યવસાય આવા નથી એવા વિરલ મુનિવરો. સમ્યગ્દૃષ્ટિ પણ કોઈ વિરલ હોય છે આમાં. ચારિત્રની પ્રધાનતાથી મુનિ... છેને? એટલે મુનિની વ્યાખ્યા કરી. મુનિવર-મુનિકુંજર બહુ થોડા હોય છે કહે છે. આહા..હા..! આખો સંસાર જેને ... જેને એક રાગના કણનું પણ એકત્વપણું છે નહિ. આહા..હા..! એને દુનિયાને જીવાડું, મારું કે બંધન કરાવું, મોક્ષ એવો અભિપ્રાય જ્ઞાનીને હોતો નથી.

**'સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,...'** કેમકે કેવો છે એ જીવ? કે સત્‌રૂપ અહેતુક પરમ પારિણામિક સ્વભાવભાવ એવો જ્ઞાયકભાવ એની જેને વર્તમાન શુદ્ધ પરિણતિ જાણવા-દેખવા આનંદની અહેતુક છે. એ પરિણતિને કોઈ હેતુ નથી પરનો. **'સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,...'** આમાં કોઈ ... ભાઈ! ફુલચંદજી .. શું કહે છે ઈ? એમ કે .. એવો જૈનમાં એકેય એવો નથી કે ન પરિણમે. ધ્રુવ પંચાધ્યાયમાં આવે છેને નિત્યાનિત્યને. એકત્વબુદ્ધિ દ્રવ્ય છે એ ગુણ છે તે નિત્ય જ છે. એ જ્ઞાન નિત્યાનિત્ય

કહ્યું છે એ તો ગુણની પરિણતિવાળાને કહ્યું છે. નિત્યાનિત્ય કીધું છેને? ઓલા ત્રણનો સ્વભાવ કહ્યો છેને? ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્, ગુણપર્યાયવત્ દ્રવ્યં. છેને ઉત્પાદ-વ્યય સત્ લક્ષણ. સત્ લક્ષણ દ્રવ્યં. ... ત્રણેનો મેળ કર્યો છે. નિત્ય છે તે ગુણ છે અને અનિત્ય છે તે પર્યાય છે. અનિત્ય ત્યાં પંચાધ્યાય છેને. નિત્યાનિત્ય છે. પરિણમનની અપેક્ષાએ લીધું. એ ગુણ જ નિત્યાનિત્ય લીધું, પર્યાય પણ નિત્યાનિત્ય લીધી. એ તો એની ત્રણની અંદર એકતા બતાવવા એની સાથે.

ખરેખર તો અહીં વિચાર આ આવ્યો કે અહેતુક એટલે કે જેને દ્રવ્ય અને ગુણનો હેતુ નથી. ઈ પરમપારિણામિકભાવનો સ્વકાળ હોય છે એનો એ જાણવા-દેખવાની ક્રિયાવાળો જેને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકપણું આને ન કહીએ એમ કહે છે. એ તો નિમિત્તની અપેક્ષાએ એને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક કહેવાય. ઉદય તો છે ત્યાં. જ્ઞપ્તિ ક્રિયા. જાણવાની, જાણનાર... જાણનાર... એવો ભગવાન આત્મા જાણનારની પરિણતિ જે થઈ એ તો જાણવાની, દેખવાની, એકાગ્રતાની, શાંતિની, આનંદની, સ્વચ્છતાની, પ્રભુતાની એવી પરિણતિ થઈ એ પરિણતિ સતરૂપ છે, અહેતુક છે. એને ઉપશમ, ક્ષાયિક પણ કહેવું એ તો પરની અપેક્ષાની વાત છે. સમજાણું કાંઈ? ઈ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પર્યાયમાં પરિણમનની દશા જે થાય છે એને કોઈ હેતુ નથી કહે છે. આહા..હા..! હેતુ નથી એટલે કે જેની મોજુદગી છે એને કોઈ નિમિત્તનો હેતુ નથી, નિશ્ચયથી તો એને દ્રવ્ય-ગુણનો હેતુ નથી. આહા..હા..! સમજાણું?

'સતરૂપ...' છેને? સતરૂપ છેને? પર્યાય પણ સતરૂપ છેને? એથી છે એને હેતુ કોઈ ન હોય. અને જ્ઞપ્તિ જાણવું, દેખવું, આનંદ .. નિત્યની અપેક્ષાએ કહીએ તો એ ઉપશમભાવ છે, ક્ષયોપશમભાવ છે, ક્ષાયિકભાવ છે. એટલી અપેક્ષા એને લાગુ ન પાડતા સ્વયંસિદ્ધ એ પરિણતિ છે. એ જ્ઞપ્તિ જેની એક ક્રિયા છે એવો જે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ જ્ઞપ્તિ ક્રિયા જે છે ...

ઉત્તર :- ન લાગુ પડે એમ કહું છું. લાગુ વ્યવહારથી પડે, નિશ્ચયથી નહિ. એ તો વાત થઈ છે. અહીં તો એને લાગુ પાડવું જ નથી. આહા..હા..! ઈ એનો સ્વકાળનું સત્ છે. દ્રવ્યની દૃષ્ટિ થઈ જ્ઞાયકની એથી એ પર્યાયનો એ સ્વકાળ જાણવા-દેખવા, આનંદનો છે. એ ક્રિયા એકરૂપ છે એમ કહ્યું જોયું? '**સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,...**' આહા..હા..! સમયસાર તો ગજબ કામ કરે છે. એવે કાળે સમયસાર રચાઈ ગયું કેવળજ્ઞાનના પેટ રહી ગયા આખા. આહા..હા..! અને આમાં આ નાખ્યું. કેવળી આમ કહે છે એમ આવ્યુંને. ભાઈ! પહેલી ગાથા. સિદ્ધ કેવળી આ કહે છે. કેવળીઓનું આ કથન છે ઈ અમે કહીએ છીએ. ટીકામાં કર્યું. નહિતર પણ કેવળીનું જ કરેલું છે આ.

મુમુક્ષુ :- શ્રુતકેવળી?

ઉત્તર :- હા શ્રુતકેવળી નહિ, કેવળી અને શ્રુતકેવળી બેય. એકલા શ્રુતકેવળી નહિ. આહા..હા..! આ તો બે લીધા છે ટીકામાં. નહિતર ન લીધા હોય તોપણ બે છે. કારણ કે સર્વજ્ઞથી જ આ વાત શરૂ થઈ છે. આહા..હા..!

એને અધ્યવસાય નથી કે જેને **'સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,...'** અધ્યવસાન નથી. આને હું મોક્ષ કરાવી દઉં, આને હું બંધ કરાવી દઉં, આને રખડાવાનો એવો અભિપ્રાય આપું કે રખડે. યજ્ઞની સલાહ આપુ કે યજ્ઞ કરે અને નરકે જાય. એવો જે અધ્યવસાય જેને નથી એને સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ ક્રિયા છે. એમ કહે છે. આહા..હા..! આવું અનેકાંત છે. આ નથી. આ અધ્યવસાન વિદ્યમાન નથી કે કોક મુનિવરો. આહા..હા..! **'સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,...'** જોયું? એ 'જ' કીધું છે. જાણનાર-દેખનારની ક્રિયા જ છે. **'સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે...'** ત્રિકાળ. સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે ત્રિકાળ. આહા..હા..! જ્ઞાયકભાવ ત્રિકાળ એને સત્‌રૂપ અહેતુક ભાવ છે. એને પણ કોઈ અપેક્ષા નથી. એ તો ત્રિકાળી છે. એને તો અપેક્ષા ન જ હોય એ તો સાધારણ છે.

**'અને સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે...'** ગુણ-ગુણ. ઓલો ત્રિકાળી ભાવ લીધો એમાં એક ગુણ જુદો પાડ્યો. જ્ઞાન જેનું સત્‌રૂપ જાણક શક્તિરૂપ અસ્તિરૂપ એ શક્તિને હેતુ કોઈ નથી એવું જ્ઞાન જ જેનું એકરૂપ છે. **'એવા ભિન્ન આત્માને...'** લ્યો, એ ત્રણેને લીધું. જેની એક જ્ઞપ્તિ ક્રિયા **'એવા ભિન્ન આત્માને...'** જ્ઞાયક જેનો એકભાવ એવા ભિન્ન આત્માને અને **'અને સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા ભિન્ન આત્માને (-સર્વ અન્યદ્રવ્યભાવોથી જુદા આત્માને) જાણતા થકા,...'** આહા..હા..! એવા આત્માને જાણતા થકા એમ લીધું. એ વખતે પરને જાણતા થકા એ પર્યાય પરની અપેક્ષાવાળું નથી. આહા..હા..! પોતાનો જ ભાવ જે જ્ઞપ્તિ આદિ જ્ઞાયકભાવ એવા આત્માને જાણતા થકા. શબ્દ છેને જુઓને. **'ભિન્ન આત્માને જાણતા થકા,...'** જેને જાણવાની પર્યાયમાં વ્યવહાર આદિનું જ્ઞાન થયું એવી પણ અપેક્ષા જેને નથી. એ તો જ્ઞપ્તિ જેની ક્રિયા નિરપેક્ષ છે. આહા..હા..! અરે..! આવું તત્ત્વ મહાપ્રભુ જેનાથી ચૈતન્યરસ જ ઝરે. એવું એ તત્ત્વ છે. ચૈતન્ય રસ, શાંતરસ, આનંદરસ, પવિત્રરસ, પ્રભુતાનો રસ જેમાં એ જ્ઞપ્તિ ક્રિયા જેમાં આવે. આહા..હા..! એવા રાગથી ભિન્ન પડેલા **'ભિન્ન આત્માને (-સર્વ અન્યદ્રવ્યભાવોથી જુદા આત્માને) જાણતા થકા, સમ્યક્ પ્રકારે દેખતા (શ્રદ્ધતા) થકા...'** સમય તો એકનો એક જ છે. જાણવાની વાત, દેખવાની વાત સ્પષ્ટ કરે છે. **'સમ્યક્ પ્રકારે દેખતા થકા...'** એમ. જેવું જેનું સ્વરૂપ છે તે રીતે જ શ્રદ્ધતા થકા. ઓહો..હો..!

**'અને અનુચરતા થકા,...'** એવા ભિન્ન આત્માને સમ્યક્ પ્રકારે જાણતા થકા, શ્રદ્ધતા થકા, અનુચરતા થકા. એ વસ્તુના સ્વરૂપનું આચરણ જેને અંદર પ્રગટ્યું છે એને આ વિકલ્પ અને મહાવ્રત અને એ વસ્તુ કાંઈ છે જ નહિ એમાં. આહા..! કહો, સમજાણું? અને એ મહાવ્રતના પરિણામ હતા પહેલા માટે આવું ચારિત્ર નિશ્ચય પ્રગટ્યું છે એમેય નથી. આહા..! લોકો એમ કહે છે કે ઈ રાગને જે તમે હેય કહો છો, તો અમે તો કહીએ છીએ કે નિર્મળ પર્યાય જેટલી છે એ હેય થઈ જાય છે અને પછીની પર્યાય ઉપાદેય એટલે હેય થાય માટે મલિન જ હોય અને એમાં આદરવાલાયક નથી એમ કેમ કહ્યું છે? આહા..હા..! અહીં તો સ્વતંત્ર એક સમયની પર્યાય, પોતાને જ કારણે પ્રગટેલી. આહા..હા..! ઈ પૂર્વની પર્યાય છે માટે પ્રગટેલી એમ પણ નહિ. કોઈ એમ કહે નીચલી દશામાં એ નિર્મળ વીતરાગી પર્યાય થઈ, બીજે સમયે તો હેય થઈ જાય છે. એ રહેતી નથી. પણ હેયનો અર્થ શું? વ્યય થાય. ઓલો શુભભાવ તો વ્યય થાય છે. એ આદરણીય છે એ? એ હેય થાય અને વ્યય થાય માટે આદરણીય નથી. એમ કહે છે. ... આ ... છે. ...

અરિહંત અવસ્થા છે માટે મોક્ષ થાય છે એમ પણ નથી. તેથી અરિહંત અવસ્થા હેય કહેવી એ કઈ અપેક્ષાએ? એમ કહે છે. એ તો પુણ્ય નથી માટે. એમ શુભરાગને હેય કહેવો એ તો કઈ અપેક્ષાએ? કે આગળ વધવું છે અને આગળ જાવું છે માટે. એય..! ... શુભરાગ તો વિભાવ છે. તદ્દન બેની એકતા માને એને વ્યવહારથી નિશ્ચયનો લાભ થાય એમ માન્યું. આહા..હા..! વ્યવહારના ભાવથી નિશ્ચયના સ્વભાવને લાભ થાય એ માનનારા રાગને અને સ્વભાવને એક જ માને છે.

એ **'અનુચરતા થકા, સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન...'** આહા..હા..! કહે છે કે અંદર સ્વરૂપ ભગવાન આત્મા વસ્તુની સ્થિતિ સત્ છે તેને પકડ્યું છેને? એથી સત્ પણ દ્રવ્ય છે, ગુણ પણ સત્ છે અને પર્યાય પણ સત્ છે. એવા સ્વચ્છ થઈ ગયો એ પર્યાયમાં જુઓ સ્વચ્છ ગુણ છેને? સ્વચ્છ ગુણ છેને એક? અગિયારમો ગુણ છે. અહીંયાં તો પર્યાયની વાત છે. ઓલો તો ગુણ છે. અને ગુણનું પરિણમન અહીંયાં સ્વચ્છ થયું છે એ સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાં. આહા..હા..! સ્વાધીનપણે પ્રકાશમાન છે. સ્વચ્છંદપણે જેને કોઈની અપેક્ષા છે નહિ. આહા..હા..! આવું નિરપેક્ષ તત્ત્વ. આહા..હા..! જેને શુદ્ધતા પ્રગટવા માટે પણ પૂર્વની પર્યાયની અપેક્ષા નથી એવું એ તત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પૂર્વ પર્યાયને સાધક કહેવાય. આગળ છે સાધ્યસાધક ભાવ લેને જ્યાં. એ સાધકને સ્વચ્છની પર્યાય થાય. સાધકને થાય. એ તો એક વસ્તુ પૂર્વે થઈ હતી એ અપેક્ષાએ જણાવા માટે. આહા..હા..!

કહે છે **'સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન...'** ભગવાન આત્મા જેમ સૂર્ય સફેદ, ધોળાથી અને પ્રકાશથી શોભે છે સ્વતંત્ર એમ ભગવાન આત્મા સ્વચ્છ ને સ્વચ્છંદપણે. પોતાને

સ્વચ્છંદપણે, પોતાને જ અભિપ્રાયને કારણે પરની કોઈ અપેક્ષા નથી. આહા..હા..! સ્વચ્છંદપણે લ્યો અહીં સ્વચ્છંદ દોષમાં (દોષ માટે) આ નથી. આ સ્વચ્છંદ ગુણના અર્થમાં છે. સ્વચ્છંદ છેને? સ્વચ્છંદી એ સ્વતંત્ર છે અહીં તો. આહા..હા..! જેને નિર્મળ પર્યાય પ્રગટ કરવા માટે કોઈની અપેક્ષા નથી એવો એ પર્યાય સ્વચ્છંદ છે અને એનો કરનારો ભગવાન પણ સ્વતંત્ર અને સ્વચ્છંદી છે. આહા..હા..!

'**સ્વચ્છંદપણે ઉદયમાન...**' ભાષા વાપરી. લ્યો, રાગનો ઉદય આવે, દ્વેષનો ઉદય આવે વાસનાનો. આ પણ ઉદયમાન. ઉદયમાન એટલે પ્રગટ. સ્વચ્છંદપણે સ્વચ્છ દશાને પ્રગટ કરતો '**(અર્થાત્ સ્વાધીનપણે પ્રકાશમાન) એવી અમંદ અંતર્જ્યોતિને...**' એવી અમંદ અંતર્જ્યોતિ. મંદ નહિ પણ ઉગ્ર અંતર્જ્યોતિ. આહા..હા..! એવી અમંદ અંતર્જ્યોતિ ચૈતન્યમૂર્તિની પરિણતિ '**અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી...**' એને અજ્ઞાન, અશ્રદ્ધા આદિ છે એનો અભાવ હોવાથી. '**(અર્થાત્ અંતરંગમાં પ્રકાશતી જ્ઞાનજ્યોતિ જરા પણ અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ નહિ થતી હોવાથી) શુભ કે અશુભ કર્મથી ખરેખર લેપાતા નથી.**' મુનિ. આહા..હા..! આમ તો દસમા ગુણસ્થાન સુધી રાગ છે, બંધ છે. અહીં તો આ રીતે ત્રણનું જ્યાં પરિણમન કર્યું એને શુભાશુભ બંધાતો નથી. આહા..હા..! વીતરાગની વાણીની અપેક્ષાએ ન જાણે તો કાંઈકનું કાંઈક કરી નાખે લ્યો. એનો તો અભાવ કર્યો છે. અજ્ઞાન આદિ અશુભભાવ, આસ્રવ, ..આસ્રવ એનો તો અભાવ કર્યો છે. '**(અર્થાત્ અંતરંગમાં પ્રકાશતી જ્ઞાનજ્યોતિ જરા પણ અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ...**' ઠીક. ચારિત્ર લેવું છેને અંદરમાં લીનતા. અંતરગમાં પ્રકાશતી જ્ઞાનજ્યોતિ. અંતરંગ અંગ જેની નિર્મળ પર્યાય એ અંતરંગ છે. ધ્રુવ દ્રવ્ય અને ગુણ જેમ અંતઃતત્ત્વ શુદ્ધ છે તેમાં એનો અંતરંગ તત્ત્વ પર્યાય એનું અંગ છે, એની દશા છે. આહા..હા..! એવું જ્ઞાન જરાય '**અચારિત્રરૂપ નહિ થતી હોવાથી) શુભ કે અશુભ કર્મથી ખરેખર લેપાતા નથી.**' એને શુભ-અશુભ કર્મ બંધનના કારણના ભાવનો અભાવ છે. ભાવના અભાવથી એને કર્મ બંધાતું નથી. એમ કીધું કે આવો પવિત્ર આત્મા જ્યાં પરિણમ્યો એને બંધનના કારણરૂપ ભાવ તો રહ્યો નહિ. એથી એને બંધન અને નિમિત્ત એવો ભાવ નથી, માટે એને બંધન થાતું નથી.

એનો '**ભાવાર્થ :- આ જે અધ્યવસાનો છે...**' એનો ખુલાસો કરે છે. '**તે 'હું પરને હણું છું'...**' પરના પ્રાણઘાત કરી શકું છું હું. પ્રાણ-દસ પ્રાણ. પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, આયુષ્ય અને શ્વાસ. દાટો દઈને આનો શ્વાસ રોકી નાખું. આમ મોઢું નથી બંધ કરતા? ચોર લોકો બાંધેને જ્યારે. ખાટલે બાંધે પછી આમ મોઢું... લાવ કુંચી લાવ... કુંચી લાવ... આહા..હા..! એ વખતે જો અંદર આર્તધ્યાન, રૌદ્ર ધ્યાન થાય. અહીં કહે છે

આ મહા રૌદ્રધ્યાન મિથ્યાત્વનું છે આ. હું પરને જીવાડી શકું, જીવોનો નભાવ કરી શકું. જુઓ, આ બાયડી-છોકરાનો નભાવ કરે છે. આ શું કામ રળો છો નભાવ નથી તો. એને નભવા માટે રળો છોને? ... ક્યાં જાવું હતું? મમતાનો ભાવ છે... આહા..હા..! એ 'હણું છું' એ પ્રકારનાં છે,...' એ હણવામાં બધા આવ્યા. હું જૂઠું બોલી શકું છું, હું ચોરી કરી શકું છું. ... ચોર આવ્યા હતા કાલે. ..બે ઓલા નીકળ્યા. મહારાજ! .. બાઈ એક આવી હતી. સાંભળ્યું હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ઘણ મારે ઘણ. .. અહીં ચોરી કરી. બે હજારની. પ્યાલા ત્યાના લીધા તમારા. અને બે અહીંના કોકના લીધા શું કહેવાય? ચંપલ. હસમુખભાઈએ એમ કીધું કે અમારા .. નહિ. અહીંથી જાય છે. ... પહેલાની જ વાત કરી. અહીં .. ખવરાવ્યું હતું. ..ની બાઈ છે કહે. એમ કીધું. ... ખવરાવા માટે ... અહીં ચોર્યું અને અહીંથી સારા ઓલા ચંપલ લઈ ગયા. માણસને ગજબ. સાંભળવા આવી છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોની ... ...

અહીં તો કહે છે કે હું જૂઠું બોલી શકું છું, ચોરી કરી શકું છું, માલ લઈ શકું છું. આહા..હા..! એવો જે અભિપ્રાય મહા મૂઢ છે. આહા..હા..! જગતને લાગે કે આ ઉપાડી લેવા, લઈ લેવા. આહા..હા..! ખાલી પગે આવે અને પહેરીને જાય એટલે કોઈને શંકા પણ ન થાય. એ તો એના હશે તો પહેર્યા હશે. મારો આત્મા પણ શું કરે છે? મિથ્યાતત્ત્વને સેવે છે. હું શરીરની અનુકૂળતાથી વિષય લઈ શકું છું. આહા..હા..! ગજબ વાત છે જગતના એ વિષય. શરીરની તાકાત વધારે લેવા પેંડા અને ગાઠીયા ખાઈને વિષય લેવો તો હું શરીરથી લઈ શકું છું. આહા..હા..! ગજબ વાત છે! અરે..! જગતમાં કઈ રીતે ચીતરે છે પોતાને હોં. એની એને ખબર નથી. આહા..હા..! ઓલાને આ આવ્યું હતુંને નહિ? ઈસુનું ભાઈ આવ્યું હતુંને. જડી દીધા. એ લોકો શું કરે છે એને ખબર નથી હોં માફ કરજો. આહા..હા..! ૧૪ ખીલ્લા માર્યા. એક બાઈનું આવ્યું હતું. એક બાઈ હતી પોતે હુશિયાર બાઈ. એમ કે આ દેશની વિરોધી છો એમ કરીને એને લોઢાના પથરા બધા ભેગા કરી હજારો એના ઉપર બેસાડી. આવ્યું છે છાપામાં. ઘણા વર્ષ થઈ ગયા. ૨૫-૩૦ વર્ષ ઈ બાઈ એમ બોલી હતી હોં. એમ છાપામાં આવ્યું હતું. હું તો આ દેશની છું. દેશની વિરોધી નથી. હે ભગવાન! આ શું કરે છે મારા અભિપ્રાયની જાણ નથી. એની એને ખબર નથી. આહા..હા..! કેટલી એને કેવી પીડામાં મરણ થવાની તૈયારી દેહ છૂટવાની એમાં આટલા એક પરિણામ. પ્રભુ! એને માફ કરજે. એને માફ કરજે એની ખબર નથી. આહા..હા..!

અહીં તો પ્રભુ પોતે જાગે છે ત્યારે કહે છે. પ્રભુ! હું માફી માગુ છું મેં આવા અધ્યવસાય કર્યા હોય તો. આત્મા પાસે હોં. આહા..હા..! અરે..! મારા સ્વરૂપમાં ઈ ક્યાં છે? હું વિષય છોડી શકું છું, દેહની ક્રિયા વિષયમાં જવા ન દઉં, પ્રભુ! એ કાંઈ મારા અભિપ્રાયની વાત છે? પણ એમ માને છે અજ્ઞાની કે શરીરને વિષયમાં ન જોડાવા દઉં. આહા..હા..! એમ બંધાવું, મૂકાવું એ પહેલા બોલમાં જાય. હું નારક છું એ પ્રકારના બીજા બોલમાં જાય. હું નારકી છું, મનુષ્ય છું, પશુ છું. આહા..હા..! હાથીના ભવ.. હાથી છું, બસ આ જ છું. મોઢા આગળ સુંઢ અને પાછળ પૂછડું, મોટું શરીર, મોટા થાંભલા જેવા પગને. એ જાણે હું હાથી છું. આહા..હા..! કહે છે કે એવું જેણે માન્યું છે અને "**હું પરદ્રવ્યને જાણું છું**" એમ ભાષા છે. જગતના સર્વ જીવો મારા જ્ઞાનમાં જણાય છે એટલે એને હું જાણું છું એમ. એને હું જાણું છું. તો એને જાણવાની પર્યાય મારી મારાથી થઈ એને હું જાણું છું. એમ શલ્ય રહી ગયું.

આ તો આ મુળજીભાઈ હતા. લાખાણી મુળજીભાઈ. ઓળખો છો? લાખાણી નહિ રાજકોટવાળા? મુળજીભાઈ દામજીભાઈ હતા. એની મુંબઈમાં દુકાન હતીને. એ જાણે દુકાન છે. હમણા નથી આવતા આપણે? .. ગયા ત્યારે કર્યું હતું. લાખાણી. દામોદરભાઈ દામોદર .. મુળજીભાઈ બે ભાઈઓ. એ મુળજીભાઈને દેહ છૂટવાનું ટાણું આવ્યું. એના બોલાવો વૈદ્યને. લોકો કહે બોલાવો વૈદ્યને. આ કહે લાલભાઈને બોલાવોને. છેલ્લી સ્થિતિનો ... લાલુભાઈ કહે મુળજીભાઈ! એ શરીરના રોગ તો આત્મા જાણે. એ તો શરીરનો વ્યાધિ છે. આ આત્માનો નથી. શરીરમાં રોગ છે ઈ જીવ જાણે. ત્યારે પોતે કહે છે કે શું રોગને જાણે? પરને જાણે કે આત્માને? એય..! ગૃહસ્થ માણસ. ઘણા લાખોપતિ મુળજીભાઈને ઈ. છોકરાઓ આવે છેને.

મુમુક્ષુ :- સેક્રેટરી હતા

ઉત્તર :- સેક્રેટરી હતા. .. મરવાનું ટાણું આવ્યું ત્યારે આમ બોલ્યા. લાલભાઈ કહે એય..! ભગવાનજીભાઈ! ૭૬ની સાલમાં કેટલા લાખ લઈ આવ્યા હતા મંદિર માટે. ૧૬ લાખ કહે છે લોકો ૧૮ લાખ. ... કહેતા હતા. ૧૮ લાખ રૂપિયા ૭૬ની સાલમાં મુંબઈથી લઈ આવ્યા. ધંધો બંધ કરી દીધો. બધું બંધ એકદમ. .. બહુ વધ્યો નહિ. ... લાલભાઈ કહે કે મુળજીભાઈ! એ રોગ શરીરમાં એમ આત્મા રોગ જાણે. મારે નથી. રોગ જાણે આત્મા? પરદ્રવ્ય જાણે આત્મા? એમ કહ્યું. એય..! ત્યાં હોં પાછા. એમ કહ્યું હતું. ... આપણે અહીં વાત થઈ હતી. ... જોર આવ્યું આવું. રોગને જાણે? શરીરને જાણે આત્મા કે પોતાને જાણે? આહા..હા..! એ ટાણે ખબર પડે. શરીરથી જુદો આત્મા છે, આત્મા અને રાગ બે એક નથી. આહા..હા..! એના અવસર આવે ત્યારે એનો સરવાળો નીકળે. આહા..હા..!

અહીં કહે છે એ ''હું પરદ્રવ્યને જાણું છું' એ પ્રકારનાં...' અધ્યવસાય છે. 'તેઓ, જ્યાં સુધી આત્માનો ને રાગાદિકનો, આત્માનો ને નારકાદિ કર્મોદયજનિત... ' નારકાદિ. 'ભાવોનો તથા આત્માનો ને જ્ઞેયરૂપ અન્યદ્રવ્યોનો ભેદ ન જાણ્યો હોય,...' લ્યો, આહા..હા..! પોતાની હયાતીમાં જ્ઞાનની પર્યાય પોતાથી થઈ તેને ઈ જાણે છે. એને ઠેકાણે આને આ જણાય છે, આ જણાય છે. 'જ્ઞેયરૂપ અન્યદ્રવ્યોનો ભેદ ન જાણ્યો હોય, ત્યાં સુધી પ્રવર્તે છે.' તે પરિણામ. 'તે ભેદજ્ઞાનના અભાવને લીધે મિથ્યાજ્ઞાનરૂપ છે, મિથ્યાદર્શનરૂપ છે...' આહા..હા..! 'અને મિથ્યાચારિત્રરૂપ છે; એમ ત્રણ પ્રકારે પ્રવર્તે છે. તે અધ્યવસાનો જેમને નથી...' આહા..હા..! જુઓ આ... અહીં .. એની બા, આ એની ભોજાઈ થાય. એ બહુ હુશિયાર. કાંઈ ખબર નથી. આત્માના આનંદમાં ઝુલે છે. આહા..! કદાચિત્ વિકલ્પ હોય અને ખ્યાલ રહે કે આમ થાય છે આમ. એટલું. પણ એ તે પોતાને પોતે જાણે છે. કારણ કે જાણવાની દશામાં જણાય છેને? કે એની દશામાં જણાય છે? પરની અવસ્થામાં જણાય છે ઈ? શરીરમાં રોગાદિ પરઅવસ્થા. એમાં અવસ્થામાં જણાય છે કે આ રોગ છે? જ્ઞાનની અવસ્થામાં જણાય છે એ તો જ્ઞાનની પોતાની અસ્તિત્વની, માણસને મોજુદગી, હયાતીનું તત્ત્વ છે. એટલે બહારથી તો જેણે ઉપયોગને હઠાવી દીધો છે. આહા..હા..! આ તો માર્ગ એવો લાગે માણસને (કે) કાંઈક બીજા સાધન હશે કે નહિ આમાં? આ સાધન નથી? જ્ઞેય સાધન શું હશે? શુદ્ધોપયોગ સ્વને આશ્રયે કરવો એ સાધન નથી? આહા..હા..! બહારલક્ષીએ ઘુંટાઈ ગયો છેને અનાદિથી. આ સ્વલક્ષી ચીજ શું છે એને પ્રાપ્ત કરવા માટે કેટલો પ્રયત્ન સન્મુખનો જોઈએ ત્યારે ઈ આત્મા પોતાથી પોતાને જાણે.

'તે અધ્યવસાનો જેમને નથી તે મુનિકુંજરો છે.' પ્રધાન છે. 'તેઓ આત્માને સમ્યક્ જાણે છે,...' જોયું? તે આત્માને સમ્યક્ રીતે જાણે છે. ફેર કેટલો પડ્યો? કે આ આ જ્ઞેય જણાય છે. તો આ કહે જ્ઞાન જણાય છે. આહા..હા..! 'સમ્યક્ શ્રદ્ધે છે...' જેમ છે તેમ જ એ માને છે 'અને સમ્યક્ આચરે છે,...' સ્વરૂપને આચરે છે. 'તેથી અજ્ઞાનના અભાવથી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ થયા થકા...' સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ થયા થકા... તે શુભાશુભ કર્મોથી બંધાતા નથી. 'કર્મોથી લેપાતા નથી.' લ્યો, આહા..હા..! ઘણું એને કરવાનું છે. પરથી જુદું પાડીને જ્ઞાન, પરથી જુદું પાડીને શ્રદ્ધા, પરથી જુદું પાડીને ઠરવું. એને આ કરવાનું છે. ચંદુભાઈ! આ બધા પૈસા ભેગા કરીને આ કરવું ને તે કરવું. મોટા મહેલ બનાવવા. મહેલ-મહેલ એટલે મેલ. મહેલ કહે છેને મહેલ? 'હ' કાઢી નાખો તો મેલ છે એકલો.

મુમુક્ષુ :- .. તો મેલ જ હોયને.

ઉત્તર :- કલકત્તામાં દર્શન કરવા ગયા હતાને છેલ્લે. .. ત્યાં ગયા. શાહુજીના નામનું ... છે. .. ખબર નથી હોં .. હમણા ખબર પડી. તે દિ' આપણે એ મકાનમાં રહેતા હતાને. કલકત્તામાં આહાર કરવા ગયા હતા. આહાર કરવા ગયા હતા. અને પછી તે દિ' આ મંદિર નહોતું. દર્શન કર્યા નહોતા. હમણા થયું. નહોતું. નવું થયું છે. નાનું કર્યું છે. નાનું-નાનું. ... તે દિ' દર્શન કર્યા યાદ નથી. આહાર કર્યો હતો. બેય .. કલકત્તા. આહાર કરવા ગયા હતા. લોકો કહે કે આ મકાન ૪૦ લાખનું એમ બોલ્યા. શું છે પણ હવે ૪૦ લાખનું? આંકડા ગણવા છેને મોટા? રજકણનો ઢગલો ઉભો થયો. આ નથી ઉધઈના મોટા રાફડા નથી થતા? કાળા ધૂળના મોટા આવડા? એમાં બીજું શું છે આ? એ મેલ છે બધા. આહા..હા..! જેમાં તને શાંતિ વળે એવો ભગવાન આત્મા એમાં આવવું નહિ અને બહારમાં .. કહે છે આવા બુદ્ધિઓ, આવા [illegible] આહા..હા..!

## ગાથા-૨૭૧

किमेतदध्यवसानं नामेति चेत् -

> बुद्धी ववसाओ वि य अज्झवसाणं मदी य विण्णाणं।
> एक्कट्ठमेव सव्वं चित्तं भावो य परिणामो।।२७१।।
> बुद्धिर्व्यवसायोऽपि च अध्यवसानं मतिश्च विज्ञानम्।
> एकार्थमेव सर्वं चित्तं भावश्च परिणामः।।२७१।।

स्वपरयोरविवेके सति जीवस्याध्यवसितिमात्रमध्यवसानं; तदेव च बोधनमात्रत्वाद्बुद्धिः, व्यवसानमात्रत्वाद्व्यवसायः, मननमात्रत्वान्मतिः, विज्ञप्तिमात्रत्वाद्विज्ञानं, चेतनामात्रत्वाच्चित्तं, चितो भवनमात्रत्वाद्भावः, चितः परिणमनमात्रत्वात्परिणामः।

''અધ્યાવસાન શબ્દ વારંવાર કહેતા આવ્યા છો, તે અધ્યવસાન શું છે ? તેનું સ્વરૂપ બરાબર સમજવામાં નથી આવ્યું.'' આમ પૂછવામાં આવતાં, હવે અધ્યાવસાનનું સ્વરૂપ ગાથામાં કહે છે :-

> બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને
> પરિણામ, ચિત્ત ને ભાવ - શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.

ગાથાર્થ :- [बुद्धिः] બુદ્ધિ, [व्यवसायः अपि च] વ્યવસાય, [अध्यवसानं] અધ્યવસાન,

[मतिः च] મતિ, [विज्ञानम्] વિજ્ઞાન, [चित्तं] ચિત્ત, [भावः] ભાવ [च] અને [परिणामः] પરિણામ - [सर्वं] એ બધા [एकार्थम् एव] એકાર્થ જ છે (–નામ જુદાં છે, અર્થ જુદા નથી).

ટીકા :- સ્વ-પરનો અવિવેક હોય (અર્થાત્ સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય) ત્યારે જીવની ૧અધ્યવસિતિમાત્ર તે અધ્યવસાન છે; અને તે જ (અર્થાત્ જેને અધ્યવસાન કહ્યું તે જ) બોધનમાત્રપણાથી બુદ્ધિ છે, ૨વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય છે, ૩મનનમાત્રપણાથી મતિ છે, વિજ્ઞપ્તિમાત્રપણાથી વિજ્ઞાન છે, ચેતનામાત્રપણાથી ચિત્ત છે, ચેતનના ભવનમાત્રપણાથી ભાવ છે, ચેતનના પરિણમનમાત્રપણાથી પરિણામ છે. (આ રીતે આ બધા શબ્દો એકાર્થ છે.)

ભાવાર્થ :- આ જે બુદ્ધિ આદિ આઠ નામોથી કહ્યા તે બધાય ચેતન આત્માના પરિણામ છે. જ્યાં સુધી સ્વપરનું ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી જીવને જે પોતાના ને પરના એકપણાના નિશ્ચયરૂપ પરિણતિ વર્તે છે તેને બુદ્ધિ આદિ આઠ નામોથી કહેવામાં આવે છે.

---

## ગાથા-૨૭૧ ઉપર પ્રવચન

હવે ''અધ્યાવસાન શબ્દ વારંવાર કહેતા આવ્યા છો,...' કહે છેને અધ્યવસાય... અધ્યવસાય... 'તે અધ્યવસાન શું છે ? તેનું સ્વરૂપ બરાબર સમજવામાં નથી આવ્યું.'' આમ પૂછવામાં આવતાં,...' 'किमेतदध्यवसानं नामेति' છેને સંસ્કૃત? માથે છે. ઈ શું કહો છો તમે આ અધ્યવસાય? 'આમ પૂછવામાં આવતાં, હવે અધ્યાવસાનનું સ્વરૂપ ગાથામાં કહે છે :-' આહા..હા..! જેને આ સમજવાની જિજ્ઞાસા છે એને આ કહેવામાં આવે છે. ૨૭૧.

बुद्धी ववसाओ वि य अज्झवसाणं मदी य विण्णाणं।
एक्कट्ठमेव सव्वं चित्तं भावो य परिणामो।।२७१।।

બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને
પરિણામ, ચિત્ત ને ભાવ - શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.

ઈ એમાં લખ્યું છે પંચાધ્યાયમાં ... કે જૈનદર્શનમાં એવો કોઈ ધ્રુવ નથી કે પરિણમ્યા વિના રહે.

મુમુક્ષુ :- આપ કહો છો કે ધ્રુવ કોઈ દિ' પરિણમે નહિ.

ઉત્તર :- ઈ એમાંથી કાઢ્યું હતુંને ભાઈએ. ક્યાં છે? પાઠ છે.

મુમુક્ષુ :- ઈ કહે કે પરિણમ્યા વિના રહે નહિ.

ઉત્તર :- નિત્યાનિત્યની વ્યાખ્યા છે. વિષય હાથ નથી. .. ત્યારે યાદ આવ્યું હતું. .. કાઢ્યું હતું ભાઈએ. આ બાજુ છે પાને. જૈનદર્શનમાં એવો કોઈ ધ્રુવ નથી કે પરિણમ્યા વિના રહે નહિ. અહીં કહે છે કે ધ્રુવ એવા છે કે કોઈ દિ' પરિણમે જ નહિ. જરી આકરી વાત છેને આકરી વાત છે.

મુમુક્ષુ :- પહેલા કહે કે દ્રવ્ય પરિણમતું નથી અને કહે દ્રવ્ય...

ઉત્તર :- ઈ પર્યાયનયે પરિણમે છે. દ્રવ્ય ક્યાં પરિણમે? અહીં નથી લાગતું. જોવા જેવું છે. શરૂઆતમાં છેને એમાં. ઈ અધ્યવસાનનું સ્વરૂપ સમજવામાં ન આવ્યું એમ કહે છે. એમ પૂછવામાં આવતા એને કહે છે.

**બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને**
**પરિણામ, ચિત્ત ને ભાવ – શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.**

'**ટીકા :- સ્વ-પરનો અવિવેક હોય...**' ટીકા-ટીકા. '**સ્વ-પરનો અવિવેક હોય (અર્થાત્ સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય) ત્યારે જીવની અધ્યવસિતિમાત્ર...**' એકમાં બીજાની માન્યતાપૂર્વક પરિણતિ મિથ્યાનિશ્ચિતિ. ખોટો નિશ્ચય હોવો તેને અધ્યવસાન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છેને? જુઓ. 'વાસ્તવમેં દેખા જાયે તો નિત્ય ઔર ધ્રુવ એકાર્થવાચી હૈ. ઉનકો છોડકર ધ્રુવ ભી કુછ નહીં. જૈન પરંપરામેં ઐસા ધ્રુવત્વ ઈષ્ટ નહીં જો સદા અપરિણામી રહે. જૈન પરંપરામેં ઐસા ધ્રુવત્વ ઈષ્ટ નહીં. ઐસા ધ્રુવત્વ ઈષ્ટ નહીં જો સદા અપરિણામી રહે.' એટલે પરિણમન ન બતાવવું. નિશ્ચય ધ્રુવ. પણ ધ્રુવ પર્યાયે પરિણમે છે એમ છે. નહિતર તો ... છે. પર્યાયે પરિણમ્યા વિના ધ્રુવ પરિણમે? એમ લેવાય. ઈ પર્યાય એની છેને? વસ્તુદૃષ્ટિએ તો વસ્તુ છે તે છે. પરથી ભિન્ન પાડવું હોય ત્યારે તો એમ જ બતાવેને. બેને ભિન્ન પાડવું હોય ત્યારે. તો ધ્રુવ તે ધ્રુવ છે અને પરિણતિ પર્યાય છે. ધ્રુવ પર્યાયને કરતી નથી. લ્યો, એમ આવ્યુંને? ૩૨૦. પરિણતિ પામે છે. એ તો વેદાંત સર્વથા નિત્ય માને છે એને એમ સમજાવે.

'**સ્વ-પરનો અવિવેક હોય (અર્થાત્ સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય)...**' રાગ અને ભગવાન આત્મા સ્વભાવ એ બેની અવિવેકતા હોય એટલે બેની એકતા જ્યાં હોય ત્યારે જીવની અધ્યવસિતિ, એનો નિર્ણય, એકબીજાની માન્યતા, એકમાં બીજાની માન્યતા '**તે અધ્યવસાન છે;...**' તેને અધ્યવસાન કહે છે લ્યો, આહા..હા..! સમજાય છે કાંઈ? આ બધા ધંધાપાણી કરવા આખો દિ' અને કહે છે કે કરી શકે નહિ.

મુમુક્ષુ :- અહીં તો ધંધાની વાત જ નથી. પર્યાયની જ વાત છે એકત્વબુદ્ધિ હોય.

ઉત્તર :- નહિ અહીં તો ઈ કહે છેને પરને હું બચાવું, મારું એ .. ભાષા સમજાવી છે તો.. ખરેખર તો રાગની એકતા છે એને આને બચાવી, જીવાડી શકું છું એવો અભિપ્રાય હોય છે. એમ પરની અપેક્ષા લીધી છેને? આને બંધાવું, આને મોક્ષ કરાવું, આને જીવાડું, નભાવું, આખી જિંદગી એને આ પ્રમાણે સંયોગ એવા આપું બસ. શાસ્ત્રમાં આવે છે. ભગવાન પધાર્યા હોય. એ વાત કરે ધર્મરાજાને. બસ, આજથી તારે નોકરી બંધ. ... બધું દાગીના આપી દે. બધા પાંચ-પાંચ લાખના દાગીના હોય ઓહો..! ભગવાન પધાર્યા એની ... ભગવાનના પધારવાની વાત મને સંભળાવી. આહા..હા..! .. આજથી તારે .. નોકરી નહિ અને આજથી આ પૈસા એટલા આપીએ છીએ તને કે આખી જિંદગી નભશે.

મુમુક્ષુ :- કોઈ .. ગામ આપે.

ઉત્તર :- ના ઈ ગામ નહિ. દાગીના અને બધું આપી દે. પહેરેલા હોય છેને. પહેરામણી. આ તને પહેરામણી ભગવાનની ...

અહીં કહે છે પરનું કાંઈ પણ કરી શકું, નારકીપણું હું એવો જે અધ્યવસાય તે સ્વપરની એકતાનો નિર્ણય તેને અધ્યવસાય કહે છે. એ તો આવ્યું હતું આપણે લ્યોને ક્રિયા જેનો ધર્મ છે. અધ્યવસાય મિથ્યાત્વરૂપી માન્યતા છે ઈ. જેમાં ક્રિયા જ છે. એમ કે રાગની અને અજ્ઞાનની ક્રિયા જેમાં છે. એનાથી ભરેલો એ ભાવ છે એમ. અજ્ઞાનમય એવો અધ્યવસાયનો એ ભાવ છે.

'**અને તે જ...**' ... હોયને. ગંધ આવે છે એમ કે .. ચોખા સળગ્યું કાંઈક છે. આવે છે? '**તે જ (અર્થાત્ જેને અધ્યવસાન કહ્યું તે જ) બોધનમાત્રપણાથી બુદ્ધિ છે,...**' લ્યો, એ અધ્યવસાન એ જ્ઞાનની ક્રિયા એને બોધનમાત્ર કહેવું. એને બુદ્ધિ કહેવી બુદ્ધિ. અજ્ઞાનની બુદ્ધિ હોં. આહા..હા..! એ અધ્યવસાનને જ બુદ્ધિ કહેવી એમ કહેવું છે. તેમ બોધનમાત્ર થયુંને એ જાતનું જ્ઞાન કર્યુંને એકત્વપણાનું. '**વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય છે,...**' લ્યો, કામમાં લાગ્યા હોય તે. ઉદ્યમી હોવું તે. નિશ્ચય તે. કર્મ કર્યા જ લાગ્યા જ રહેવું જાણે કામ કર્યા કરવું. જાણે ચોવીસ કલાક ... એ રાગની.. આરામ હરામ છે. વખાણ કરે ખરા આ બધા કામ કરનારાઓ. એય..! આ ભાઈએ ભાષણ કર્યું હતું આરામ હરામ છે. અમે તો દેશની સેવા માટે જંપલાવ્યું છે ચોવીસે કલાક .. ધૂળેય કરી શકે નહિ સાંભળને. એમ બોલ્યો હતો હોં ઈ. એને વ્યવસાય કરવો આખો દિ'. એવી માન્યતા હોં. વ્યવસાય અધ્યવસાયનો વ્યવસાય. આને જીવાડું, આને મારું, આને.. પણ એ વ્યવસાય એકતાબુદ્ધિ એને વ્યવસાય પણ કહેવામાં આવે છે.

'**મનનમાત્રપણાથી મતિ છે,...**' લ્યો, માનવું મતિ જાણવું, એકત્વ. મેં આને બચાવ્યો, બરાબર માર્યો. આહા..હા..! અરેરે..! જૈનદર્શનને .. આવવું. પરપદાર્થને હું કરી શકું એ વાત

તો બહુ સ્થૂળ વાત છે. પણ પદાર્થ સ્વતંત્ર છે ત્યાં છે કે નહિ અનેક? અનેક અનેકપણે ક્યારે રહે અનંત? કે કોઈ કોઈ પ્રમાણે ન થાય ત્યારે અનંત અનંતપણે રહે.

મુમુક્ષુ :- એકબીજાની .. મદદ કરે.

ઉત્તર :- જરીએ મદદ કોણ કરતું હતું ધૂળ?

મુમુક્ષુ :- ભાગીદાર તો રાખે છે.

ઉત્તર :- ભાગીદાર ઈ બધા સમજવા જેવા. આહા..હા..! ભાગીદાર એ ભાગીદારનું કરે એવું હોય છે અત્યારે. પોતાની .. સરખાઈને આવી હોય તો બધું લઈ જાય બસ્સો, પાંચસો વાર. બે-પાંચ હજારનો વકરો થાતો હોય ત્યાં કોને ગણે? કોને ખબર કેટલું થયું આજે? નોટું ઉપાડી લે અંદરથી. એવું માને એ જ મતિ છે એમ કહે છે. એ લઈ શકતો નથી. એનો વ્યવસાયમાં આવો મનનો મતિ વિચારીને કર્યું છે મેં. એ મનન કરીને આ પરનું કરી શકું એમ માને છે. એમ મનન.

**'વિજ્ઞપ્તિમાત્રપણાથી વિજ્ઞાન છે,...'** લ્યો, એને વિજ્ઞાન કીધું. આહા..હા..! વિજ્ઞપ્તિ છેને ઈ? એ જ્ઞપ્તિ નહિ. વિજ્ઞપ્તિ. રાગની એકતાબુદ્ધિ એ વિજ્ઞપ્તિ છે. **'ચેતનામાત્રપણાથી ચિત્ત છે,...'** એને ચિત્ત પણ કહેવાય કહે છે. અધ્યવસાન એકતાબુદ્ધિને ચિત્ત પણ કહેવાય. ચેતાઈ ગયોને ત્યાં એ બાજુ? **'ચેતનના ભવનમાત્રપણાથી ભાવ છે,...'** લ્યો, એને ભાવ પણ કહેવાય. અધ્યવસાયને ભાવ પણ કહેવાય. પરને જીવાડું, પરને મારું એવો જે અભિપ્રાય એને ભાવ પણ કહેવાય. **'ચેતનના પરિણમનમાત્રપણાથી પરિણામ છે.'** લ્યો, એનું પરિણમન છેને એકત્વબુદ્ધિનું? એ ચેતનનું પરિણમન છે. આહા..હા..! એક બાજુ કહે કે રાગનું પરિણમન એ જીવ નહિ. મિથ્યાત્વનું પરિણમન એ જીવ નહિ. અહીં કહે છે કે એની પર્યાયનું પરિણમન છેને? એકત્વબુદ્ધિ જીવાડું, મારું, ઉગારુ એવા એના પરિણામ છે. **'(આ રીતે આ બધા શબ્દો એકાર્થ છે.)'** લ્યો, એ આઠેય શબ્દનો અર્થ એક જ છે. અધ્યવસાયને ભિન્ન-ભિન્ન રીતે એને પ્રસિદ્ધ કરે છે. પણ એ એકત્વબુદ્ધિનો અધ્યવસાય એને આ ભિન્ન-ભિન્ન રીતે કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ-૩, સોમવાર, તા. ૦૪-૦૬-૧૯૭૩**
**ગાથા - ૨૭૧-૨૭૨, કળશ-૧૭૩, પ્રવચન-૩૯૮**

આ સમયસાર બંધ અધિકાર. ૨૭૧ ગાથાનો ભાવાર્થ છે. 'આ જે બુદ્ધિ આદિ આઠ નામોથી કહ્યા તે બધાય ચેતન આત્માના પરિણામ છે. જ્યાં સુધી સ્વપરનું ભેદજ્ઞાન ન હોય...' રાગ અને સ્વભાવ ત્રિકાળી શુદ્ધ આનંદસ્વભાવ અને રાગ આકુળતાભાવ. બેનું ભિન્નપણાનું જ્ઞાન ન હોય 'ત્યાં સુધી જીવને જે પોતાના ને પરના એકપણાના નિશ્ચયરૂપ પરિણતિ...' પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદ અને રાગની એકતા એવી જે પરિણતિ 'વર્તે છે તેને બુદ્ધિ આદિ આઠ નામોથી કહેવામાં આવે છે.' બધો મિથ્યાત્વભાવ છે.

## શ્લોક-૧૭૩

(शार्दूलविक्रीडित)

सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-
स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।
सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं
शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नन्ति सन्तो धृतिम्।।१७३।।

'અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી એમ સમજાય છે કે વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે અને નિશ્ચયનું ગ્રહણ કરાવ્યું છે' - એવા અર્થનું, આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :-

શ્લોકાર્થ :- આચાર્યદેવ કહે છે કે :- [सर्वत्र यद् अध्यवसानम्] સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે [अखिलं] તે બધાંય (અધ્યવસાન) [जिनैः] જિન ભગવાનોએ [एवम्] પૂર્વોક્ત રીતે [त्याज्यं उक्तं] ત્યાગવાયોગ્ય કહ્યાં છે [तत्] તેથી [मन्ये] અમે એમ માનીએ છીએ કે [अन्य-आश्रयः व्यवहारः एव निखिलः अपि त्याजितः] 'પર જેનો આશ્રય છે

એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે'. [तत्] તો પછી, [अमी सन्तः] આ સત્પુરુષો [एकम् सम्यक् निश्चयम् एव निष्कम्पम्] એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપમણે અંગીકાર કરીને [शुद्धज्ञानघने निजे महिम्नि] શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં (-આત્માસ્વરૂપમાં) [धृतिम् किं न बध्नन्ति] સ્થિરતા કેમ ધરતા નથી ?

ભાવાર્થ :- જિનેશ્વરદેવે અન્ય પદાર્થોમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન છોડાવ્યાં છે તેથી આ પરાશ્રિત વ્યવહાર જ બધોય છોડાવ્યો છે એમ જાણવું. માટે 'શુદ્ધજ્ઞાનસ્વરૂપ પોતાના આત્મામાં સ્થિરતા રાખો' એવો શુદ્ધનિશ્ચયના ગ્રહણનો ઉપદેશ આચાર્યદેવે કર્યો છે. વળી, ''જો ભગવાને અધ્યવસાન છોડાવ્યાં છે તો હવે સત્પુરુષો નિશ્ચયને નિષ્કંપપણે અંગીકાર કરી સ્વરૂપમાં કેમ નથી ઠરતા - એ અમને અચરજ છે'' એમ કહીને આચાર્યદેવે આશ્ચર્ય બતાવ્યું છે. ૧૭૩.

---

## કળશ-૧૭૩ ઉપર પ્રવચન

હવે ''અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી એમ સમજાય છે કે વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે...' આહા..હા..! જુઓ, એકતાબુદ્ધિનો ત્યાગ કરાવ્યો. એમાં એને એમ જાણીએ છીએ કે એ તો પરને આશ્રયે જેટલો વ્યવહાર એ બધાને છોડાવ્યો છે. પરને જીવાડું, પ્રાણઘાત કરું, પ્રાણની રક્ષા કરું, પરને અનુકૂળ સંયોગ આપી શકું, પ્રતિકૂળ દઈ શકું એવો જે એકત્વભાવ એ બે દ્રવ્યની એકતાબુદ્ધિનો મિથ્યાત્વભાવ છે. આચાર્ય તો એમ કહે છે કે એનો ત્યાગ કરાવ્યો. તો અમે તો એમ જાણીએ છીએ કે પરને આશ્રયે જેટલો ભાવ થાય એ બધો છોડાવ્યો છે. આહા..હા..! દેવ, ગુરુ અને શાસ્ત્રને આશ્રયે પણ જે ભાવ થાય એ વ્યવહાર છે અને અહીં છોડાવ્યો છે. આહા..હા..! આકરી વાત ભારે! **'અને નિશ્ચયનું ગ્રહણ કરાવ્યું છે' - એવા અર્થનું, આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :-'** લ્યો.

(शार्दूलविक्रीडित)

सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-<br>
स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।<br>
सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं<br>
शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नन्ति सन्तो धृतिम्।।१७३।।

'આચાર્યદેવ કહે છે કે :-' **'सर्वत्र यद् अध्यवसानम्'** **'સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે...'** બધામાં કહ્યુંને છેવટે? નારકી છું, દેવ છું, મનુષ્ય છું, હું ક્રોધી છું, .. માયા છું, લોભી છું, ઈચ્છાવાળો છું. એવું જે એની એકતાબુદ્ધિનો અધ્યવસાન છોડાવ્યો છે. **'તે બધાંય (અધ્યવસાન) જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે...'** **'जिनैः'** સર્વજ્ઞ પરમેશ્વર કેવળી પરમાત્માએ જેટલો પરદ્રવ્યને આશ્રયે વિકલ્પ થાય એ બધો છોડવાલાયક છે. આહા..હા..! ભગવાન કહે છે અમારી ભક્તિનો ભાવ થાય તને એ પણ અમે તો છોડાવીએ છીએ. આહા..હા..! અને એમાં હોંશુ કરીને વર્તે એ તો મિથ્યાત્વમાં વર્તે છે. આહા..હા..!

**'સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન...'** એમ છેને ત્યાં? સર્વત્ર આવ્યું હતુંને છેલ્લી ગાથામાં? ચાર ગતિ તે હું, પરને જાણું છું, પરને જાણું છું. એ પણ પરાધીન દૃષ્ટિ છે. આહા..હા..! પરને જાણું છું હોં. એમાં સ્વને જાણું આવ્યું નહિ. એથી કહે છે **'सर्वत्र यद् अध्यवसानम्'** બધી વસ્તુમાં અધ્યવસાન થાય આત્મા સિવાય. રાગ, શરીર, વાણી, મન, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર બધા પરપદાર્થને આશ્રયે એકત્વબુદ્ધિનો અધ્યવસાય થાય તે વીતરાગે તો **'પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે...'** આહા..હા..! કેમકે પરાશ્રિતભાવ છે એ તો બંધરૂપ ભાવ છે. જેટલો પરદ્રવ્યને આશ્રયે ભાવ થાય. ચાહે તો તીર્થંકર સર્વજ્ઞ પરમાત્મા સાક્ષાત્ નિરાસ્રવ એની ભક્તિ, આરતી આદિ ઉતારે. એવો જે ભાવ પણ બંધનું કારણ છે. આહા..હા..! એથી એકતાબુદ્ધિનો અધ્યવસાય જેમ છોડાવ્યો, એમ પરાશ્રયભાવને પણ અહીં છોડાવ્યો છે.

એથી **'અમે એમ માનીએ છીએ...'** જુઓને આચાર્ય.. અમે અમારો અભિપ્રાય, અમારું જ્ઞાન એમ જાણે છે કે **'अन्य-आश्रयः व्यवहारः एव निखिलः अपि त्याजितः'** **''પર જેનો આશ્રય છે...'** આ સિદ્ધાંત છે. **'એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે'.'** વ્યવહાર જ સઘળોય. સઘળોયમાં સર્વસ્વ આવતું હશે કે નહિ? સઘળામાં સર્વથા. ચેતનજી! **'निखिलः अपि'** સર્વથા. આહા..હા..! ઘણે ઠેકાણે આવ્યું. એક ઈ જાતનો અંદર રસ હોય છેને પરતરફનો અને એમાં હોંશુ. કારણ કે ઈ કરી શકે છે પરમાં રાગ. આહા..હા..! અને એમાં હોંશ હરખ વર્તે છે એથી એને આ છોડવું ભારે કઠણ પડે એને. આહા..હા..! પોતાનો સ્વભાવ છોડીને **'अन्य-आश्रयः व्यवहारः एव निखिलः अपि त्याजितः'** જેટલો અન્યને આશ્રયે... આહા..હા..! ચાહે તો ભગવાનની જાત્રાનો ભાવ, સમવસરણમાં વીતરાગની વાણી સાંભળવાનો ભાવ. લ્યો આ પણ? ઈ અન્ય આશ્રય છે. એવો વ્યવહાર અન્ય આશ્રય તે વ્યવહાર છે, સ્વ આશ્રય તે નિશ્ચય છે. **'एव'** નિશ્ચયથી તે છે. **'अन्य-आश्रयः व्यवहारः एव निखिलः अपि'** સર્વથા બધો સઘળોય વ્યવહાર છોડાવ્યો છે.

'તો પછી,...' **'अमी सन्तः'** અરે..! 'આ સત્પુરુષો...' ધર્માત્મા. **'एकम् सम्यक् निश्चयम् एव निष्कम्पम्'** એક સમ્યક્ નિશ્ચયના અનુભવમાં કેમ આવતા નથી? આહા..હા..! એક સમ્યક્ નિશ્ચયના વેદનમાં **'નિષ્કંપપણે અંગીકાર કરીને...'** અંતર આત્માની શુદ્ધતાના અનુભવમાં, વેદનમાં આવીને આ કેમ અંગીકાર કરતા નથી. આહા..હા..! વિકલ્પની જાળમાં જ કેમ ઘુંચાઈ ગયો છે કહે છે. આહા..હા..! સમ્યક્ નિશ્ચય આત્માના આનંદની વેદનદશા. આહા..હા..! એ સમ્યક્ નિશ્ચય. ઓલી દુઃખદશા વ્યવહાર ઈ. એવો નિષ્કંપ. અસ્થિરતા વ્યવહારની છોડી દઈને નિષ્કંપપણે-સ્થિરપણે આક્રમ એટલે અનુભવવું. અંદરમાં આનંદસ્વરૂપને અનુભવવું એ શુદ્ધજ્ઞાન, શુદ્ધજ્ઞાનઘન.

**'निजे महिम्नि'** અરે..! શુદ્ધજ્ઞાન સ્વરૂપ નિજ મહિમા. રાગની મહિમામાં એને કેમ ઉત્સાહ આવી જાય છે કહે. આહા..હા..! એ છોડવા જેવી ચીજ છે એમાં એને ઉત્સાહ વર્તે છે. અને એમાંથી આગળ વધાશે. આવું જે છે એને ભગવાને છોડાવ્યું નથી અને આ શું? ધર્માત્મા પુરુષો તો નિજ સ્વરૂપ જ્ઞાનઘન એને અવલંબીને એની મહિમામાં. **'धृतिम् किं'** **'કેમ ધરતા નથી?'** શાંતિની સ્થિરતા કેમ પ્રગટ કરતા નથી? એમ કહે છે. ધીરજ એટલે શાંતિ. **'धृतिम् किं न'** સ્થિરતા કેમ આનંદની લાવતા-ધરતા નથી? અવિકારી શાંતિ એવી ધીરતાને ધીરજમાં કેમ લાવતા નથી? ભારે આકરું કામ! સંપ્રદાયના માણસને તો એવું લાગેને. આ બધું ઉથાપી જાય વ્યવહાર. વ્યવહાર સાધન કહ્યું છેને. વ્યવહાર સાધન કહ્યું નથી પંચાસ્તિકાયમાં? સાધન-ફાધન એ તો ઉપચાર કરીને વાતું કરી છે. સાધન બે પ્રકારના કેવા?

મુમુક્ષુ :- નથી એને કહેવું એનું નામ વ્યવહાર.

ઉત્તર :- અન્યથા કહેવું એનું નામ વ્યવહાર. આ તો બધું જાત્રા, ભક્તિ, પૂજા, શાસ્ત્ર શ્રવણ, ઉપદેશ. શાસ્ત્ર આમ ... કરવા. અહીં ઉડી જાય છે. એય..! આહા..હા..! લાભની મૂડી તો અંદર પડી છે. આહા..હા..! અંતરના અવલંબનમાં લાભ છે. બહારમાં અવલંબનમાં કાંઈ લાભ નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ!

અરે..! ધર્માત્મા પુરુષો! ભગવાને જ્યારે પરદ્રવ્યની બધા દ્રવ્યની સાથે એકતાબુદ્ધિમાં અધ્યવસાયને ત્યાજ્ય જ્યારે કહ્યો, તો પછી અમે તો એમ જાણીએ છીએ કે જેટલો પરદ્રવ્યને આશ્રયે એકતાબુદ્ધિ સિવાય પણ અસ્થિરતા પરદ્રવ્યને આશ્રયે જેટલી ઉત્પન્ન થાય એ બધી છોડાવી છે. આહા..હા..! એકતાબુદ્ધિ તો છોડાવી છે, પણ એના પેટામાં પરના આશ્રયે ભાવ થાય એ પણ છોડાવ્યો છે. આહા..હા..! તો પછી આત્મસ્વરૂપમાં ભગવાન આનંદઘનની મહિમામાં આવીને શાંતિને કેમ કરતા નથી? આહા..હા..! શાંતિ **'किं न बध्नन्ति'** એ શાંતિ નિર્વિકારી પરિણતિને કેમ પ્રગટ કરતા નથી? આહા..હા..! લ્યો, આ વિધિ. ઓલા કહે આ વિધિ કરું. વિધિએ કરવું, અવિધિએ ન કરવું લ્યો, કઈ વિધિ? એ તો આ વિધિ કીધી.

વ્યવહારના જેટલા વિકલ્પની વાતું કરી એમાં બરાબર વિધિ સરખું ખોડખાપણ આવવા દેવી નહિ. આહા..હા..! પરાધીનપણું એ પોતે જ ખોડખાપણની ચીજ છે. આહા..હા..! ભારે વાત! એકાંત માર્ગ ન હોય વીતરાગનો. સ્યાદ્વાદ માર્ગ હોય, અનેકાંત માર્ગ હોય. આ શું કહે છે? સ્વને આશ્રયે શાંતિ પ્રગટ થાય, પરને આશ્રયે અશાંતિ પ્રગટ થાય માટે છોડાવી છે લ્યો. એ અનેકાંત છે. આહા..હા..! પૂરો ભર્યો પડ્યો છેને કીધું નહિ? શુદ્ધ જ્ઞાનઘન. શુદ્ધ જ્ઞાનનો ઘન પડ્યો છે મહા ધીર... ધીર... ધીર ધ્રુવ. આહા..હા..! એમાં કેમ શાંતિને લાવતા નથી? પ્રગટ કરતા નથી? આહા..હા..! એ બાજુ ઢળીને, એની મહિમા કરીને શાંતિને કેમ બાંધતા નથી? એટલે શાંતિરૂપી સ્થિરતાને કેમ કરતા નથી એમ કહે છે. ઓલી અશાંતિ અને અસ્થિરતા છે. કહો આમાં તો ઘણું ઘણું કહ્યું છે. આગળ જે કહેવા માગે છે એનો કળશ છે. આહા..હા..!

'**જિનેશ્વરદેવે અન્ય પદાર્થોમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન...**' છેને? '**અન્ય પદાર્થોમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન છોડાવ્યાં છે...**' પરને જીવાડી શકું એટલે પ્રાણની રક્ષા કરી શકું, પરના પ્રાણને ઘાત કરી શકું, અનુકૂળ સામગ્રી એને દઈ શકું, પ્રતિકૂળ સંયોગને પ્રાપ્ત કરાવું, એને બંધાવું અને મૂકાવું એવા ભાવ જે પરદ્રવ્યની સાથે એકત્વબુદ્ધિ થઈ. એવા અધ્યવસાયને છોડાવ્યા છે. '**તેથી આ પરાશ્રિત વ્યવહાર જ બધોય છોડાવ્યો છે...**' લ્યો. એકમાં આ જ આવી ગયું બધું કહે છે. જેટલું પર ઉપર લક્ષ જાય. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ પરાશ્રયભાવ છે. આહા..હા..! એવો '**પરાશ્રિત વ્યવહાર જ બધોય છોડાવ્યો છે...**' બધોય છોડાવ્યો છે. '**निखिलः**' આહા..હા..! સર્વથા. આહા..હા..! બંસીધરજી હતાને તે દિ'? એ ગાથા ઈ આવી હતીને. બંધને સર્વથા છેદવો એ આવ્યું હતું. ૨૯૫. ૨૯૫ને નહિ? તે દિ' આવી હતી. એમ હોય બધું? આવું બધું એક સાથે? ૨૯૫ હા બસ એ કીધી. ત્યાં આવ્યું હતુંને એટલે.

મુમુક્ષુ :- સમસ્ત બંધન.

ઉત્તર :- હા, સર્વથા છેદવું એમ આવ્યું. ટીકામાં છે.

'**એ રીતે જીવ અને બંધ તેમના નિશ્ચિત સ્વલક્ષણોથી છેદાય છે.**' છેદવો-છોડવો એનો અર્થ કર્યો. '**આત્મા અને બંધને પ્રથમ તો તેમનાં નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી સર્વથા જ છેદવા...**' અહીં વજન હતું ત્યાં ... સર્વથા છેદવા. રાગમાત્ર વ્યવહાર છે તેને ભિન્ન પાડવો આત્મા. આહા..હા..! એ .. તે દિ'. શેઠ આવ્યાને ત્યાં. '**સર્વથા જ છેદવા...**' અહીં તો સર્વથા ચોખ્ખો શબ્દ આવ્યો. '**सर्वथैव छेत्तव्यौ**' જુઓ '**सर्वथैव**' પાછું. સર્વથા જ. આહા..હા..!

મુમુક્ષુ :- બાકી રખાતું હોય તો

ઉત્તર :- ઈ શું થયું? બાકી શું રાખે? આહા..હા..! આ તો અંતરના ધીરજની વાતું છે. બહારની ક્રિયાએ આ કાંઈ મળે એવું નથી. જે રાગનો વિકલ્પ છે તેને સર્વથા છેદવું. આહા..હા..! છેદીને આ રાગાદિ બંધનો છોડવો અને ઉપયોગને લક્ષને છોડવા, ગ્રહણ કરવા. કથનમાં તો એમ જ આવેને. એ સ્વભાવ તરફ ઢળ્યો, રાગ જુદો પડ્યો એ રાગને છોડ્યો એમ કહેવાય. અહીં ઠર્યો એને ગ્રહણ કર્યો એમ કહેવાય. આહા..હા..! એને છોડ્યું એમ કહે. છૂટે છે ઈ. આહા..હા..! આ સર્વથા શબ્દ આવ્યો. બંસીધરજી આવ્યાને ત્યારે આ ગાથા ચાલતી હતી.

મુમુક્ષુ :- ઓલું નિયમસારમાં આવે છે.

ઉત્તર :- નિયમસાર. હા.

કહે છે કે એ '**વ્યવહાર જ બધોય છોડાવ્યો છે એમ જાણવું. માટે 'શુદ્ધજ્ઞાનસ્વરૂપ પોતાના આત્મામાં સ્થિરતા રાખો'**...' શુદ્ધ જ્ઞાનસ્વરૂપ પોતાનો આત્મા. એ શુદ્ધજ્ઞાન સ્વરૂપ જ છે. એમાં સ્થિરતા કરો. '**એવો શુદ્ધનિશ્ચયના ગ્રહણનો ઉપદેશ આચાર્યદેવે કર્યો છે. વળી, ''જો ભગવાને અધ્યવસાન છોડાવ્યાં છે તો હવે સત્પુરુષો નિશ્ચયને નિષ્કંપપણે અંગીકાર કરી સ્વરૂપમાં કેમ નથી ઠરતા**...' આહા..હા..! '**એ અમને અચરજ છે'' એમ કહીને આચાર્યદેવે આશ્ચર્ય બતાવ્યું છે.**' '**धृतिम् किं न बध्नन्ति**' આવ્યું છેને? પુરુષાર્થે કોઈ અશક્ય નથી, પણ એ જાતની મહિમા જ્યારે આવે અને બહારની મહિમા અંતરથી છૂટે તો અંદર મહિમા આવે. બહારમાં ક્યાંય પણ બહારલક્ષી જ્ઞાન ક્ષયોપશમ એની પણ જો અંદર મહિમા રહી ગઈ તો અંદર મહિમા નહિ આવે. આહા..હા..! રાગને તો એકકોર મૂકો. તારા બંધનું કારણ છેને ઈ? બંધનું કારણ ન હોય તો નિર્જરા થાય. પરલક્ષીજ્ઞાન, પરસત્તાવલંબી જ્ઞાન ભગવાને કહ્યું, સાંભળ્યું અને થયું એ પણ બંધનું કારણ છે. આહા..હા..! એવા જ્ઞાનના ક્ષયોપશમની પણ જો અંતરમાં મીઠાશ, અધિકતા, વિશેષતા રહી તો એની બુદ્ધિ પર્યાયબુદ્ધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અંતર સ્વરૂપ ભગવાન આત્મા એનામાં કેમ ઠરતા નથી? એ અમને અચરજ છે એમ કહે છે. આશ્ચર્ય બતાવ્યું છે.

## ગાથા-૨૭૨

एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणएण।
णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं।।२७२।।
एवं व्यवहारनयः प्रतिषिद्धो जानीहि निश्चयनयेन।
निश्चयनयाश्रिताः पुनर्मुनयः प्राप्नुवन्ति निर्वाणम्।।२७२।।

आत्माश्रितो निश्चयनयः, पराश्रितो व्यवहारनयः। तत्रैवं निश्चयनयेन पराश्रितं समस्तमध्यवसानं बन्धहेतुत्वेन मुमुक्षोः प्रतिषेधयता व्यवहारनय एव किल प्रतिषिद्धः, तस्यापि पराश्रितत्वाविशेषात्। प्रतिषेध्य एव चायं, आत्माश्रितनिश्चयनयाश्रितानामेव मुच्यमानत्वात्, पराश्रितव्यवहारनयस्यैकान्तेनामुच्यमानेनाभव्येनाप्याश्रीयमाणत्वाच्च।

---

હવે આ અર્થને ગાથામાં કહે છે :-

વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;
નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.

ગાથાર્થ :- [एव] એ રીતે (પૂર્વોક્ત રીતે) [व्यवहारनयः] (પરાશ્રિત એવો) વ્યવહારનય [निश्चयनयेन] નિશ્ચયનય વડે [प्रतिषिद्धः जानीहि] નિષિદ્ધ જાણ; [पुनः निश्चयनयाश्रिताः] નિશ્ચયનયને આશ્રિત [मुनयः] મુનિઓ [निर्वाणम्] નિર્વાણને [प्राप्नुवन्ति] પામે છે.

ટીકા :- આત્માશ્રિત (અર્થાત્ સ્વ-આશ્રિત) નિશ્ચયનય છે, પરાશ્રિત (અર્થાત્ પરને આશ્રિત) વ્યવહારનય છે. ત્યાં, પૂર્વોકત રીતે પરાશ્રિત સમસ્ત અધ્યવસાન (અર્થાત્ પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન) બંધનું કારણ હોવાને લીધે મુમુક્ષુને તેનો (-અધ્યવસાનનો) નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે, કારણ કે વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે. (-જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી). અને આ વ્યવહારનય એ રીતે નિષેધવા યોગ્ય જ છે; કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ (કર્મથી) મુક્ત થાય છે અને પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત થતો એવો અભવ્ય પણ કરે છે.

ભાવાર્થ :- આત્માને પરના નિમિત્તથી જે અનેક ભાવો થાય છે તે બધા વ્યવહારનયના

વિષય હોવાથી વ્યવહારનય તો પરાશ્રિત છે, અને જે એક પોતાનો સ્વાભાવિક ભાવ છે તે જ નિશ્ચયનયનો વિષય હોવાથી નિશ્ચયનય આત્માશ્રિત છે. અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે તેથી અધ્યવસાનનો ત્યાગ તે વ્યવહારનયનો જ ત્યાગ છે, અને પહેલાંની ગાથાઓમાં અધ્યવસાનના ત્યાગનો ઉપદેશ છે તે વ્યવહારનયના જ ત્યાગનો ઉપદેશ છે. આ પ્રમાણે નિશ્ચયનયને પ્રધાન કરીને વ્યવહારનયના ત્યાગનો ઉપદેશ કર્યો છે તેનું કારણ એ છે કે - જેઓ નિશ્ચયનયના આશ્રયે પ્રવર્તે છે તેઓ જ કર્મથી છૂટે છે અને જેઓ એકાંતે વ્યવહારનયના જ આશ્રયે પ્રવર્તે છે તેઓ કર્મથી કદી છૂટતા નથી.

## ગાથા-૨૭૨ ઉપર પ્રવચન

'હવે આ અર્થને ગાથામાં કહે છે :-' કુંદકુંદાચાર્યને ગાથામાં કહેવું છે એ પહેલો ઉપોદ્ઘાતમાં નાખ્યું અમૃતચંદ્રાચાર્યે.

एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणएण।
णिच्छयणयासिदा प्ण मणिणो पावंति णिव्वाणं।।૨૭૨।।

વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;
નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.

આવો ખુલાસો સ્પષ્ટ વાત છતાં ઝઘડા... ઝઘડા... ઝઘડા... હોય છે જ્યાં સુધી પૂર્ણ સ્થિરતા ન હોય એ શુભભાવ, પરનું સાંભળવું એવો ભાવ હોય છે, પણ એ બધો નિષેધવાલાયક છે.

'ટીકા :- આત્માશ્રિત (અર્થાત્ સ્વ-આશ્રિત) નિશ્ચયનય છે,...' સ્વ-આશ્રિત. નિશ્ચયનય એટલે કે સ્વ-આશ્રિત જ્ઞાન. આહા..હા..! પર્યાયે. સ્વ-આશ્રિત નિશ્ચયનય છે. એનાથી મુક્તિ થાય છેને પર્યાયથી? 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' પર્યાય છે નિશ્ચય એ આશ્રય છે દ્રવ્યનો. સ્વ-આશ્રિત પર્યાય જે છે. આહા..હા..! તે નિશ્ચયનય છે. અભેદથી વર્ણન કર્યું છેને? આમ તો ભૂતાર્થ તે નિશ્ચયનય છે.

મુમુક્ષુ :- આ પર્યાયનો નિશ્ચય છે.

ઉત્તર :- એ તો અપેક્ષાથી વાત કરી છે. અહીં ભૂતાર્થને આશ્રયે નિશ્ચય પર્યાય પ્રગટ થઈ તે નિશ્ચય અને મુક્તિનું કારણ છે. આહા..હા..! એ નિશ્ચયનય વ્યવહારનો પ્રતિષેધ કરે છે. કહો,

**'આત્માશ્રિત (અર્થાત્ સ્વ-આશ્રિત) નિશ્ચયનય છે, પરાશ્રિત (અર્થાત્ પરને આશ્રિત) વ્યવહારનય છે.'** એમ બે ટૂકડા છે આ. દ્રવ્યને આશ્રયે થયો ત્યારે એને પર્યાય પરિણતિ થઈ નિશ્ચય એ જ મોક્ષનું કારણ છે. અને જેટલો પરાશ્રયભાવ એ વ્યવહાર છે એ બધો છોડાવ્યો છે એ બંધનું કારણ છે. આહા..હા..! જ્ઞાનીને પણ જેટલો પરાશ્રિતભાવ રહે એ છોડાવા માટે કહ્યું છે. બંધનું કારણ છે **'ત્યાં, પૂર્વોક્ત રીતે...'** પૂર્વે કહ્યા એ રીતે **'પરાશ્રિત સમસ્ત અધ્યવસાન...'** પરને આશ્રયે સમસ્ત અધ્યવસાન. **'(અર્થાત્ પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન) બંધનું કારણ હોવાને લીધે મુમુક્ષુને તેનો (-અધ્યવસાનનો) નિષેધ કરતા...'** ધર્માત્માને તેનો નિષેધ કરતા. આહા..હા..! **'એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે,...'** અહીંયાં આમ કહ્યું, પણ પાછા બીજા શાસ્ત્રમાં વ્યવહારનય કરવો એમ કહ્યું છે કે નહિ? પાંચ મહાવ્રત. વ્યવહાર શાસ્ત્રમાં કહ્યું છે કે એ અમૃતસ્વરૂપ છે લ્યો. છેને ઈ વ્યવહારનયનો વિકલ્પ વસ્તુ છે કે નહિ? છે એટલે શું પણ? છે તો ખરો. એ આદરણીય નથી. આહા..હા..! બુદ્ધિમાં તેને પડખે ચડવા જેવું નથી. એમ કહે છે. એમ છે એની વાત... આહા..હા..!

**'પૂર્વોક્ત રીતે પરાશ્રિત સમસ્ત...'** લ્યો, બધોય અધ્યવસાન પરાશ્રિત. સ્વ અને પરની એકતાની લીનતાથી... આહા..હા..! **'પરિણમન) બંધનું કારણ હોવાને લીધે મુમુક્ષુને તેનો (-અધ્યવસાનનો) નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે,...'** પરાશ્રિતભાવનો જ નિષેધ કર્યો છે, પરની એકતાબુદ્ધિનો નિષેધ કર્યો, એમાં પણ પરને આશ્રયે ભાવનો જ નિષેધ કર્યો છે એમ કહે છે. કારણ કે પરની એકતાબુદ્ધિની વાત હતીને? પ્રાણ રક્ષા કરી શકું બીજાના, પ્રાણ હણી શકું. એવો કોઈ સંયોગ દઈ શકું એવી એકત્વબુદ્ધિ હતી. એ એકત્વબુદ્ધિને છોડાવી એમાં **'વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે.'** જુઓ, ઈ જેમ પરની સાથે એકત્વબુદ્ધિ અધ્યવસાન વ્યવહાર છે એથી એને છોડાવ્યો છે તેમ. **'કારણ કે વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે. (-જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી).'** એકતાબુદ્ધિનો અધ્યવસાય જેમ પરાશ્રિત છે એમ પરના આશ્રયે અશુદ્ધતાનો ભાવ એ પણ પરાશ્રિત છોડવા લાયક છે. બેમાં કાંઈ ફેર નથી. આહા..હા..!

હવે અત્યારે દલીલ એવી આવે છે કે હવે પણ આ છોકરાઓ બધા સ્વચ્છંદી થઈ ગયા છે. માટે એને પહેલું સદાચરણનું કહો. તો આ શું છે? દારૂ પીનારા થઈ ગયા છોકરાઓ, ઈંડા ખાય, માંસ ખાય. એના બાપની આજ્ઞા માનતા નથી. એવાઓને આ કહે આ દેવદર્શન તે રાગ અને રાગ તે પર. એક તો કરતા નથી અને વળી .. અત્યારના છોકરાઓ બહુ લખે છે મારા. આ ૨૫ વર્ષમાં હવે આમ કરવું ને આમ કરવું ને આમ કરવું. આહા..હા..!

પણ જેમાં સત્‌નું શરણ ન આવે અને સત્‌નું સાબિત ન થાય એનું ફળ પણ સત્ ન હોય એ વસ્તુ શું? આહા..હા..! એમાં સત્ સાબિત ન થાય, સત્‌ના ફળ તરીકે જે આવે મોક્ષ કે નિર્જરા એવું ન થાય એ સત્ શું? આહા..હા..! પરાશ્રિતભાવ ખરેખર સ્વતત્ત્વની અપેક્ષાએ તો એ અસત્ છે. આહા..હા..! સ્વઆશ્રયના ફળમાં મુક્તિ છે, પરાશ્રિત ફળમાં બંધ છે. જેના ફળ ફેર તો બેની દિશાઓ ફેર, બેના ભાવ ફેર છે. એમ બેસવું જોઈએને અંદર?

કહે છે કે જેમ પરાશ્રિત એકત્વબુદ્ધિ ભગવાને છોડાવી એમ '**વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે. (-જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી). અને આ વ્યવહારનય એ રીતે નિષેધવા યોગ્ય જ છે;...**' લ્યો, કેટલી ટીકા સ્પષ્ટ કરી છે! આહા..હા..! '**(-જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી). અને આ વ્યવહારનય એ રીતે...**' આ રીતે. પરાશ્રય છે માટે '**નિષેધવા યોગ્ય જ છે;...**' આહા..હા..! જ્યાં મંદિરો મોટા-મોટા કરવા, આગમ મંદિરો મોટા પંદર-પંદર લાખના, બીજાઓ સાધુ એમ કહે .. ઓલા કહે આગમ મંદિર કરાવ્યું, ફલાણું તો... કોઈ કહે કે તમારે આ પણ કર્યું હતું હોં. તમારું નામ રાખવા માટે આ કર્યું. એ લોકોની તમે ટીકા કરો છો. ... આવું કરે આવું. તમે શું કર્યું? નામ રાખવા. રાખો નામ આપનું. એય..! સુમનભાઈ! બે જણા તમે આવીને શું કરો છો ત્યારે આ? અરે..! કોને હતી ખબર કે આ થાશે આવું? આહા..હા..! લોકો તો બિચારા સાધારણ આપણને .. કરવું. ... આહા..હા..! એવા ખુલાસા .. થાય એને ભાવના હોય તો થાય એમ છે? આહા..હા..! અને એને થવું છે ત્યારે એને ભાવ ન હોય તોપણ થાય. સમજાણું કાંઈ? કોઈ એમ કહે કે ત્યાં કરે ડુંગરા મોટા. શું કહે છે ઈ હાથી? ... ૨૦-૨૫ લાખ ખર્ચે. અહીં પરમાગમ મંદિર કરીને નામ રાખ્યું. ઓલાએ વળી સીમંધર ભગવાનનું મંદિર કર્યું ૨૦ લાખનું મહેસાણામાં નહિ? ..સાગર. કોઈએ વળી અમદાવાદમાં પાંચ-પાંચ લાખના મકાન કરાવ્યું, આ વળી ઓલા ચુનિલાલે ત્યાં કરાવ્યું નહિ? બાબુભાઈની સામે અમદાવાદમાં ગુજરી ગયા બિચારા. કોઈ અહીં કરાવે... કોઈ અહીં કરાવે છે. અરે..! બાપુ! ઈ કર્યા થાય નહિ, ભાઈ! ફક્ત એની માન્યતા એવી હોય કે હું આમ કરવા માગું છું માટે આમ થવું જોઈએ. એ તો એની માન્યતા છે. એથી ત્યાં થાય છે (એમ નથી). આહા..હા..! દુનિયા સાથે શું સંબંધ?

ઓલું એક મૂર્તિનું નામ આવ્યું તો બીજા એક તૈયાર થયા છે બીજા. મૂર્તિ કહેજો હોં. એય..! ચીમનભાઈ! ખાનગી-ખાનગી વાત કરેને. એક જણો કહે કે .. કુંદકુંદાચાર્યના પગલા કરવા હોય તો મને કહેજો. એક વખતે કહે ભાઈ મૂર્તિ લેવી હોય તો મને કહેજો મારે મૂર્તિ લેવી છે. કેટલું કરશે આ? રામજીભાઈ આટલું તો ...

મુમુક્ષુ :- ... ત્યાં બીજાની વાત ક્યાં કરવી?

ઉત્તર :- આહા..હા..! એ હોશું શેની પણ ઈ? એ તો થવાનું હોય તો થાય છે. એનો વિકલ્પ જે છે એ પણ નિષેધવા જેવો છે અહીં તો કહે. આહા..હા..! એ તો ઠીક પણ ગુણગુણીના ભેદનો વિકલ્પ ઉઠે એ પણ નિષેધવાયોગ્ય છે. આહા..હા..! ઈ વ્યવહારનો નિષેધ છે. આહા..હા..! ભાઈ! તારા શરણ તો બીજા અંદર છે ભાઈ! આ કોઈ શરણ છે નહિ. આહા..હા..! માન રહ્યું એ નામ કોના? નામ શરીરના, જડના. આહા..હા..! કોના નામ રહે અને કોના એને લઈને આબરૂ હોય તો આહા..! ભાઈ! તું ભૂલી ગયો છો. આ આત્મા કહે છે સ્થિરતા કેમ કરતા નથી? એમ કહે છે. અરે..! આવા વિકલ્પમાં રોકાઈને. આહા..હા..! જે નિષેધવાલાયક છે એમ કહે છે. જુઓ, '**નિષેધવા યોગ્ય જ છે;..**' આહા..હા..!

'**કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ...**' આહા..હા..! કેમકે આત્મા આશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ '**(કર્મથી) મુક્ત થાય છે...**' એ કર્મથી મુક્ત થાય છે. પરને આશ્રયમાં તો રાગભાવ અને બંધન થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- નિશ્ચયનયનો આશ્રય કરનારા એટલે એ નિશ્ચયનય ક્યો?

ઉત્તર :- એ તો પર્યાય-પર્યાય પરિણતિ. આત્મા આશ્રય નિશ્ચય પરિણતિનો આશ્રય કરનારાઓ મુક્ત થાય છે. અહીં તો ઈ વાત છે. ઓલો રાગ છે એની સામે નિર્મળ વીતરાગી પરિણતિ. આહા..હા..!

મુમુક્ષુ :- નિશ્ચયનય એટલે?

ઉત્તર :- અંતર આત્માના આશ્રયે પરિણતિ શુદ્ધ થાય તે. ઈ એનાથી મુક્તિ. આહા..હા..!

મુમુક્ષુ :- ઈ નિશ્ચય ઈ વ્યવહાર છે પર્યાય છે ઈ.

ઉત્તર :- ઈ અત્યારે અહીં કામ નથી. પરાશ્રિત રાગ એ વ્યવહાર છે પહેલો. એવો .. પર્યાયનય વ્યવહાર અત્યારે... એ તો આવ્યું હતુંને ત્યાં સવારમાં. કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણની ભાવના કરવી નહિ. આવ્યું હતું નહિ? આવે. ભાવના કરવી એ... ધ્યાન ક્યાં છે? ભાવની સેવા કરે છેને? આહા..હા..! એમ છે. અને '**जीवो चरित्तदंसणणाणठिदो**' એને સ્વસમય કહેવો. ઈ પર્યાયની વાત લીધી.

મુમુક્ષુ :- પર્યાયને દ્રવ્ય

ઉત્તર :- આશ્રય છે ભલે દ્રવ્યનો, પણ જે એમાં સ્થિર થયો છે. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર થયો કહેવાય. એ સ્વસમય એ મુક્તિનું કારણ છે. આહા..હા..!

'**આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ (કર્મથી) મુક્ત થાય છે...**' પરાશ્રિત વ્યવહારના કરનારાઓ બંધને પામે છે. આહા..હા..! ઈ આ લોકોની દૃષ્ટિ... શાહુજી વારંવાર એમ કહેતા અમને ગૃહસ્થને યોગ્ય કહોને મહારાજ! ... એને માટે આ માર્ગ છે.

આહા..હા..! ગૃહસ્થને માટે એમ કે પૂજા, ભક્તિ, આ વ્રત, તપ આદિ હોય એનાથી ... ઈ માર્ગ નથી કીધું. આહા..હા..! ... વાત હતી તે .. આ .. નહિ. આવા ગૃહસ્થ અમે લાખો-કરોડો રૂપિયા ખર્ચીએ. લાખ-લાખ રૂપિયા તો .. લખે એના આપે છે. ... અરે..! એમાં શું છે? ભાઈ! અને ગૃહસ્થાશ્રમમાં પણ અંદર સાથે શ્રાવક સાધુ.. બેય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભક્તિ કરે છે. જુઓ, એમ કીધુંને? આહા..હા..! અહીં તો પરિણતિની ભક્તિ કરે છે એમ કીધું. વાત એ છે. આશ્રયથી તો છે એ. પણ પરિણતિમાં ભજવું, રમવું, ઠરવું એ જ મુક્તિનો માર્ગ છે. આહા..હા..!

'**નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ...**' અહીં તો નયનો આશ્રય કરનારા લ્યો. નયે જે વિષય કર્યો છે એનો આશ્રય કર્યો અને જે પરિણતિ પ્રગટી એનો આશ્રય કર્યો એમ કહે છે અહીં. આહા..હા..! નિશ્ચયનય તો જ્ઞાન છે. અને ત્યાં તો અગિયારમાં (સમયસારમાં) એમ કીધું કે એ ભૂતાર્થ છે એ નિશ્ચયનય છે. શુદ્ધનય. પણ એ શુદ્ધનયનો આશ્રય કરીને પરિણતિ પ્રગટી એ પણ શુદ્ધનય નિશ્ચયનય જ છે. સમજાણું કાંઈ? અહીં એ વાત લેવી છેને? ઓલાપણે ૩૮માં (નિયમસારમાં) કહે મોક્ષ કેવળજ્ઞાન એ બધો પર્યાય છે, વ્યવહાર છે, દ્રવ્ય તે ત્રિકાળ નિશ્ચય છે. જે અપેક્ષાએ કહેવાનું એ સમજવું જોઈએને? એનું નામ જ અનેકાંત છેને. અનેકાંત બીજુ શું? ફુદડીવાદ નથી આ કાંઈ. આહા..હા..!

'**અને પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો...**' જુઓ, '**એકાંતે નહિ મુક્ત થતો...**' કોઈ દિ' જેની મુક્તિ ન થાય. આહા..હા..! '**એવો અભવ્ય પણ કરે છે.**' એમાં શું છે? આહા..હા..! દેવ-ગુરુનો આશ્રય, સમ્મેદ શિખરની ભક્તિ કહો, જ્યાં અનંતા તીર્થંકરો મોક્ષ ગયા છે લ્યો, ત્યાં મુક્તિ થાય એને આશ્રયે? પરદ્રવ્યનું જેટલું લક્ષ જાય એટલો તો રાગ છે. આહા..હા..! મોટું ધામ છે એ તો. 'એક વાર વંદે જો કોઈ' લ્યો. 'નરક પશુ ન હોય.' અરે..! એને આત્મા શું છે? અંતરનો આશ્રય લીધા વિના ભવનો અભાવ ત્રણ કાળમાં ક્યાંય છે નહિ. લાખ ભક્તિ કરે અને પૂજા કરે અને સમ્મેદશિખરની જાત્રાઓ કરે. ભગવાનજીભાઈ! આવું છે. આહા..હા..!

અહીં તો કહ્યું નહિ. '**પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત...**' એમ. કોઈ દિ' જેની મુક્તિ નથી એમ કહેવું છે. જેનો સંસાર અનાદિ-અનંત પડ્યો છે. એવો અભવિ પણ આશ્રય કરે છે એમાં શું થયું? આહા..હા..! ઈ વળી અભવિની વાત કહે છે. ઈ કહે અભવિની અહીં વાત છે. આ તો સિદ્ધાંત બતાવ્યો મારા! એમ કહે છેને. હવે આ તો દાખલો આપ્યો છે. તો એ વ્યવહારનો આશ્રય તો અભવિ પણ કરે છે. જેને કોઈ દિ' મુક્તિ થતી નથી. અનંત... અનંત... અનંત કાળમાં. માટે એ વ્યવહાર આશ્રય કરવાલાયક નથી. એમ તો સિદ્ધ કરવું છે અહીં.

મુમુક્ષુ :- અભવિ માટે.. આને ભવિ માટે તો આ.

ઉત્તર :- ધૂળેય નથી ભવો ક્યાં હતો? સમ્યગ્દર્શન વિના એને મોક્ષને પાત્ર હોઈ શકે નહિ. સમ્યગ્દૃષ્ટિ મોક્ષને માટે પાત્ર એ જીવ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'એકાંતે નહિ મુક્ત થતો...'** એમ. **'એવો અભવ્ય પણ...'** વ્યવહારનો આશ્રય. વ્યવહાર સ્થાપશે હવે. એ વ્યવહારાભાસ છે. પણ એને સમજાવવું છેને. આ વ્યવહાર કરે છે એ તો વ્યવહારાભાસ છે.

મુમુક્ષુ :- અમે કરીએ છીએ એ તો બરાબર છે. અભવિ પણ વ્યવહાર કરે.

ઉત્તર :- અહીં તો અભવિનો વ્યવહાર એ વ્યવહારાભાસ છે એને વ્યવહાર અહીં કહેવામાં આવે છે. આહા..હા..! શું થાય એ? તકરાર કરે તો પાર પડે એવું નથી આ. સમજવા માગે અંતરમાં તો પાર પડે એવું છે.

અહીં તો એ કહ્યું કે નિશ્ચયનયનો આશ્રય કરનારા જ મુક્ત થાય છે. એ સિદ્ધાંત આ સિદ્ધ કર્યો. ત્રણ કાળ, ત્રણ લોકમાં સ્વ નિશ્ચયનયનો આશ્રય કરીને પરિણતિ પ્રગટ કરી એ મુક્તિને પામે છે અને પરાશ્રયનો વ્યવહાર તો અભવિ પણ કરે છે. કેવો અભવિ? કે કોઈ દિ' જેનો એક ભવ ઘટે નહિ. એવો એ વ્યવહાર કરે છે તો એને વ્યવહારની શું કિંમત આવી? એમ કહે છે. જેનો એક ભવ ઘટે નહિ એ વ્યવહાર અભવિ બરાબર સમ્મેદશિખરની જાત્રા કરે. વળી ઈ ના પાડે ઓલા. અભવિ અહીં જાત્રા નો કરી શકે. એનું માહાત્મ્ય બતાવવું છેને? અહીં એમ કે વનસ્પતિ ઉગે એમાં .. ન હોય. એવું બધું કહે છે. આહા..હા..! કોણ?

મુમુક્ષુ :- પ્યારેલાલ.

ઉત્તર :- પ્યારેલાલ. હા. એનું કાંઈ ઠેકાણું નથી. અહીં તો વનસ્પતિ ઉગે એ અભવિ નહિ. ઓહો..હો..! હવે સમવસરણમાં જાય અભવિ અનંતવાર ગયો છતાં એનાથી કાંઈ લાભ નથી. અભવિ જેવો જ છે ત્યાં સુધી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અમુક સુધી જાય. આહા..હા..!

અહીં તો બે કટકા એક ઘાએ. અંતરના આશ્રયે થતી પરિણતિ વીતરાગી મૂર્તિ એની થતી વીતરાગી દશા સમ્યગ્દર્શન એ વીતરાગી, જ્ઞાન પણ વીતરાગી, ચારિત્ર પણ વીતરાગી. એ જ મુક્તિનું એક કારણ છે બસ. આહા..હા..! **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'** કહ્યોને? એ વ્યવહારનો આશ્રય કેટલું સ્પષ્ટ કર્યું છે! આહા..હા..! આમાં ક્યાંય બોદું રહે એવું કાંઈ નથી. આહા..હા..! ત્રણ લોકના નાથની આરતી ઉતારી સમવસરણમાં અનંતવાર. સમવસરણમાં મણિરત્નના દીવા, હીરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલ, હોશું કરી બહુ. ઓહો..હો..! આ તે આવી આરતી, ભક્તિ કરી ભગવાન પાસે. એમાંથી કાંઈક, કાંઈક તો નક્કી ફળ

હશે કે નહિ? આહા..હા..! અહીં તો કહે છે કે અભવિ પણ એવું અનંતવાર કરે છે. સાંભળને. આહા..હા..! જિન મંદિરો બનાવે વિકલ્પ આવેને. અભવિ. હંમેશા ભક્તિ, પૂજા કરે, આરતી ઉતારે અને હોંશું કરે ભગવાન સામે. એ બધો ભાવ બંધનું કારણ છે. અહીં તો હજી મંદિર બનાવે વીસ લાખનું તો એની મુક્તિ થાય. એમ કીધું અમારે અહીંયાં રાજકોટ. રાજકોટ નહિ? કેટલાનું કાંઈક થયું હતું? લાખ, બે લાખ? અઢી લાખ. અઢી લાખનું મંદિર થયુંને અહીં રાજકોટ? છઠ્ઠી સાલ. નાનાલાલ. પંડિત આવ્યા હતા કરવા. કહે ઓહો..હો..! શેઠ! નાનાલાલભાઈને કહે. આઠ ભવે મુક્તિ થાશે તમારી. નાનાલાલભાઈ કહે કે અમે એવું માનતા નથી. છઠ્ઠી સાલ. ૨૩ વર્ષ થયા. પંડિત મારો કહે. સોનાના માથે ઓલા .. ચડાવેલા. અઢી લાખ એક જણાએ તે દિ' ૨૬ વર્ષ પહેલા. ૨૩-૨૩. ૨૩ વર્ષ પહેલા. કહો, અઢી લાખ ખર્ચ્યા હતા. પાંચ હજાર માણસમાં.. શેઠ! તમારે આઠ જ ભવે મોક્ષ. કીધું અમે માનતા જ નથી. મહારાજ એમ કહેતા જ નથી કહે. ભગવાનજીભાઈ! નાનાભાઈ! કહે અમે એમાં માનતા નથી. હોય. એનાથી મુક્તિ થાય એમ અમે માનતા નથી કહે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળેય નથી. લાખ મંદિર કરે તો શું થયું? એ તો પરવસ્તુ છે. એનો ભાવ હોય શુભ હોય પરદ્રવ્ય આશ્રિત. આહા..હા..! અહીં તો એવું ચોખ્ખું છે. આહા..હા..! જુઓ, નાનાલાલભાઈએ ના પાડીને. અમે એમ માનતા નથી. આઠ ભવે મુક્તિ થાય, ભવ ઘટે અમે એમ માનતા નથી. કહો, આહા..હા..! મહારાજ એમ કહેતા જ નથી અને અમે માનતા નથી કહે. હો, ભાવ, શુભભાવ. એ તો બંધનું કારણ છે એ અબંધના કારણમાં આવે? જે બંધનું કારણ છે એ અબંધ કરાવે?

મુમુક્ષુ :- બંધના કારણમાં કાંઈ...

ઉત્તર :- ચોખ્ખું નાનાલાલભાઈએ કીધું હોં. મહારાજ કહેતા નથી, અમે માનતા નથી. પુણ્યબંધ થાય. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! ઓલા માખણ ચોપડે. અહીં તો વ્યવહારનયનો આશ્રયે તો કોઈ દિ' ભવ ઘટે નહિ એવા અભવ્ય પણ કરે છે. આહા..હા..!

'**ભાવાર્થ :- આત્માને પરના નિમિત્તથી જે અનેક ભાવો થાય છે...**' પરનો આશ્રય કરતા અનેકભાવો વિકલ્પ એ જાતનો. '**તે બધા વ્યવહારનયના વિષય હોવાથી...**' લ્યો ઠીક. એ રાગાદિ બધોય વ્યવહારનયનો વિષય છે. આમાં વિશેષ શું કહ્યું? સમ્મેદશિખરમાં જઈને સંથારા કરે લ્યોને બબ્બે મહિનાના. એટલે શું? એ તો રાગ છે, વિકલ્પ છે. ત્યાં સંથારા કર્યા માટે ત્યાં એને સ્થાન સારું મળ્યું માટે ઓલા કાશીમાં કરવત મુકાવે છેને? એમ સમ્મેદશિખરમાં જાય, સિદ્ધગીરીમાં જાય. સિદ્ધગીરીમાં જાય. જાઓ થોડા ભવે મુક્તિ થાય. આહા..હા..! સિદ્ધગીરી ઈ ક્યાં હતી? સિદ્ધગીરી તો અહીં છે. આહા..હા..! એ ચૈતન્યના

શુદ્ધ સ્વભાવ એનો આશ્રય કરીને જે શુદ્ધ પરિણતિ પ્રગટ થાય એ મોક્ષનો માર્ગ છે. (શુભરાગ) એ બંધનો માર્ગ છે. આવે ખરો એ. .. પૂર્ણ વીતરાગ ન હોય તો એ રાગ ધારા આવે, પણ એ રાગધારા પરમાં, બંધમાં જાય છે. આત્માના આશ્રયે જે ધારા પ્રગટે એ અબંધમાં જાય છે. આહા..હા..!

લ્યો '**તે બધા વ્યવહારનયના વિષય હોવાથી વ્યવહારનય તો પરાશ્રિત છે, અને જે એક પોતાનો સ્વાભાવિક ભાવ છે તે જ નિશ્ચયનયનો વિષય હોવાથી નિશ્ચયનય આત્માશ્રિત છે....**' '**પોતાનો સ્વાભાવિક ભાવ છે તે જ નિશ્ચયનયનો વિષય હોવાથી નિશ્ચયનય આત્માશ્રિત છે.**' લ્યો, નિર્મળ પરિણતિ થાયને પોતાને આશ્રયે? એ આત્મા આશ્રિત છે. આહા..હા..! '**વ્યવહારનયનો જ ત્યાગ છે,...**' લ્યો '**તેથી અધ્યવસાયનો ત્યાગ તે વ્યવહારનયનો જ ત્યાગ છે,...**' આહા..હા..! '**અને પહેલાંની ગાથાઓમાં અધ્યવસાનના ત્યાગનો ઉપદેશ છે તે વ્યવહારનયના જ ત્યાગનો ઉપદેશ છે. આ પ્રમાણે નિશ્ચયનયને પ્રધાન કરીને વ્યવહારનયના ત્યાગનો ઉપદેશ કર્યો છે તેનું કારણ એ છે કે - જેઓ નિશ્ચયનયના આશ્રયે પ્રવર્તે છે તેઓ જ કર્મથી છૂટે છે...**' આહા..હા..! આત્માને આશ્રયે જે પરિણતિમાં પ્રવર્તે છે એ જ કર્મથી છૂટે છે. આહા..હા..! '**અને જેઓ એકાંતે વ્યવહારનયના જ આશ્રયે પ્રવર્તે છે...**' સ્વભાવનો આશ્રય જરીએ નથી અને એકલો વ્યવહારનો જ આશ્રય છે. સ્વભાવનો આશ્રય હોય અને વ્યવહારનો આશ્રય હોય તોપણ એ તો બંધનું કારણ છે એમ કહે છે. એકાંતે એટલે કોઈને કાંઈ થાય કે નહિ કહે છે? જરીએ નહિ.

'**જેઓ નિશ્ચયનયના આશ્રયે પ્રવર્તે છે તેઓ જ કર્મથી છૂટે છે અને જેઓ એકાંતે વ્યવહારનયના...**' રાગમાં જ પ્રવર્તે છે, વિકલ્પમાં જ પ્રવર્તે છે. આહા..હા..! એ વ્યવહારનયનો વિષય છે ઈ. '**વ્યવહારનયના જ આશ્રયે પ્રવર્તે છે તેઓ કર્મથી કદી છૂટતા નથી.**' લ્યો, કદી કર્મથી મુકાતા નથી. પાઠ જ ઈ છેને જુઓને. વ્યવહારનયાશ્રિત બંધ-નિશ્ચયનય વડે નિષેધ હોવાથી, '**નિશ્ચયનયને આશ્રિત મુનિઓ નિર્વાણને પામે છે.**' આહા..હા..! જેમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિમાં દેખાય એ પરિણતિ મુક્તિનું કારણ છે. પરને આશ્રયે જેટલો રાગાદિ. ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ એ પણ બંધનું કારણ છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય લ્યો એ બંધનું કારણ છે. એમાંથી જરીએ આત્માના આશ્રયનો લાભ નથી એમ કહે છે. એ તીર્થંકરપણાનો ભાવ બંધનું કારણ છે કહે છે. એક બાજુ કહે કે તીર્થંકરગોત્ર બંધાય એટલે મોક્ષ જાય. તીર્થંકર પ્રકૃતિ.. એ તો નિમિત્તના કથન કરાવે છે. પ્રકૃતિના કારણ છે. અને જે ભાવે બંધાણું એ ભાવને કારણે આગળ જાશે? આહા..હા..! એ પણ વ્યવહારનય છે. એને છોડાવી એકાંતે આત્માને આશ્રયે

લઈ જઈ અને કર્મથી છૂટવાની વાત છે. પરને આશ્રયમાં જરીએ કર્મ છૂટતા નથી. હવે શિષ્યનો પ્રશ્ન 'કે અભવ્ય જીવ પણ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે?' જુઓ, આ વ્યવહારનય લીધી. ખરેખર તો એને નય હોતી નથી, પણ એવો વસ્તુનો આશ્રય બતાવવો છેને કે અભવિ પણ આવું બધું ઘણું કરે છે. પરને આશ્રિત... બહુ સરસ વાત લેશે. છતાં એને મુક્તિ નહિ. મિથ્યાત્વી છે. ભવ ઘટે એમ નથી. માટે વ્યવહારનો ત્યાગ છે એમ વિશેષ બતાવવું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૨૭૩

कथमभव्येनाप्याश्रीयते व्यवहारनयः इति चेत् -

वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं।
कुव्वंतो वि अभव्वो अण्णाणी मिच्छदिट्ठी दु।।२७३।।
व्रतसमितिगुप्तयः शीलतपो जिनवरैः प्रज्ञप्तम्।
कुर्वन्नप्यभव्योऽज्ञानी मिथ्यादृष्टिस्तु।।२७३।।

शीलतपःपरिपूर्णं त्रिगुप्तिपंचसमितिपरिकलितमहिंसादिपञ्चमहाव्रतरूपं व्यवहारचारित्रं अभव्योऽपि कुर्यात्, तथापि च निश्चारित्रोऽज्ञानी मिथ्यादृष्टिरेव, निश्चयचारित्रहेतुभूतज्ञानश्रद्धानशून्यत्वात्।

હવે પૂછે છે કે અભવ્ય જીવ પણ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે ? તેનો ઉત્તર કહે છે :-

જિનવરકહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને;
કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. ૨૭૩.

ગાથાર્થ :- [जिनवरैः] જિનવરોએ [प्रज्ञप्तम्] કહેલાં [व्रतसमितिगुप्तयः] વ્રત, સમિતિ, ગુપ્તિ, [शीलतपः] શીલ, તપ [कुर्वन् अपि] કરતાં છતાં પણ [अभव्यः] અભવ્ય જીવ

[अज्ञानी] અજ્ઞાની [मिथ्यादृष्टिः तु] અને મિથ્યાદષ્ટિ છે.

ટીકા :- શીલ અને તપથી પરિપૂર્ણ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાની ભરેલું, અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે અર્થાત્ પાળે છે; તોપણ તે (અભવ્ય) નિશ્ચારિત્ર (-ચારિત્રરહિત), અજ્ઞાની અને મિથ્યાદષ્ટિ જ છે કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે.

ભાવાર્થ : અભવ્ય જીવ મહાવ્રત-સમિતિ-ગુપ્તિરૂપ વ્યવહાર ચારિત્ર પાળે તોપણ નિશ્ચય સમ્યગ્જ્ઞાનશ્રદ્ધાન વિના તે ચારિત્ર 'સમ્યક્ચારિત્ર' નામ પામતું નથી; માટે તે અજ્ઞાની, મિથ્યાદષ્ટિ અને નિશ્ચારિત્ર જ છે.

---

## જેઠ સુદ-૫, મંગળવાર, તા. ૦૫-૦૬-૧૯૭૩
## ગાથા - ૨૭૩-૨૭૪, પ્રવચન-૩૯૯

બંધ અધિકાર. અહીંયાં નયનો અધિકાર બંધ અધિકારમાં કેમ લીધો? એમ કે આ અધિકાર તો બંધ છે. એમાં એને માટે લીધો કે વ્યવહાર પરાશ્રિત જેટલો વ્યવહાર થાય એ બધું બંધનું કારણ છે. એ માટે અધિકાર નયનો લીધો એમાં. જેટલો જિનવરે કહેલો વ્યવહારનયનો પરનો આશ્રય એ બધું બંધનું કારણ છે અને નિશ્ચય સ્વનો આશ્રય તે અબંધનું કારણ છે. બેની વાત સ્પષ્ટ કરવા આમાં અધિકાર લીધો. અહીં તો કહે છે કે વ્યવહારનયનો તો આશ્રય અભવિ જીવ કે કોઈ દિ' એને એક ભવ ઘટે નહિ, એકાંતે સંસારી પ્રાણી અનાદિ-અનંત સંસાર એવા જીવો પણ વ્યવહારનો આશ્રય તો લે છે. એથી વ્યવહારનયના આશ્રયે ધર્મ નથી.

મુમુક્ષુ :- ધર્મ નથી તો કર્મ છે?

ઉત્તર :- વ્યવહારનય બંધ છે. તેથી તો અધિકાર આ છે. આહા..હા..! અભવિ પણ જે પરને આશ્રયે એટલો બધો વ્યવહાર કરે. કહેશે હવે. છતાં એકાંતે વ્યવહારનયનો જ એને આશ્રય પ્રવર્તે છે. તેથી કર્મથી કદી છૂટતા નથી. એકાંતે એટલે કોઈ એમ કે નિશ્ચય સહિત વ્યવહાર આશ્રય લે એનું અહીં કામ નથી. વ્યવહાર છે જ નહિ. નિશ્ચય દૃષ્ટિમાં વ્યવહારને ગૌણ કરીને નથી એમ કહ્યું છે. આહા..હા..! છે ખરો એ અવસ્થામાં. જ્યાં સુધી વીતરાગતા ન આવે પૂર્ણ ત્યાં સુધી સ્વનો આશ્રય જેટલો લીધો એટલો અબંધ પરિણામીભાવ એને

જેને પણ જેટલો પરનો આશ્રય આવે એને પણ એ બંધનું કારણ થશે. એકલું પરના આશ્રયથી જ એકાંત લે એનાથી જો કલ્યાણ થતું હોય તો અભવિએ પરનો આશ્રય અનંતવાર લીધો. અભવિનો દૃષ્ટાંત છે હોં. એમ લાગે એ તો અભવિને માટે છે એમ કહે છે. ભવિને માટે નહિ. આહા..હા..! આવા ને આવા. એના માટે તો અધિકાર લીધો છે આ. પરનો આશ્રય કરનાર અભવિ જીવ કોઈ દિ' મુક્તિ ન પામે તો વ્યવહારનયને આશ્રયે લાભ કેમ થાય? એ વાત તો અહીં કરી જ નથી. આહા..હા..!

૨૭૩. '**હવે પૂછે છે કે અભવ્ય જીવ પણ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે?**' છે આ વ્યવહારાભાસ. છતાં અહીંયાં એને વ્યવહારનયનું કથન કરવામાં આવે છે. કેમકે જ્યાં નિશ્ચય નથી ત્યાં વ્યવહાર હોઈ શકે નહિ. વ્યવહારનય ન હોય. પણ અહીં તો એ સિદ્ધ કરવું છે કે જેને નિશ્ચય નથી, છતાં એકલો પરનો આશ્રય કરીને વ્યવહારનયનું આચરણ ઘણું કર્યું એણે. છતાં એનાથી કાંઈ મુક્તિ થતી નથી. ધર્મ થાય તો મુક્તિ થયા વિના રહે નહિ. તો કઈ રીતે આશ્રય કરે છે એ કહે છે. ૨૭૩.

**वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं।**
**कुव्वंतो वि अभव्वो अण्णाणी मिच्छदिट्ठी दु।।२७३।।**
**જિનવરકહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને;**
**કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. ૨૭૩.**

ટીકા. ટીકામાં જિનવરે કહેલા એ જિનવર શબ્દ નહિ આવે, પણ શીલ અને તપથી પરિપૂર્ણ ઈ એમાં ઈ સમાવ્યું. જિનવરે કહેલા શીલ કષાયની મંદતા અને તપ એથી એ પરિપૂર્ણ અભવિ હોય છે.

મુમુક્ષુ :- કચાશ કહેવાયને?

ઉત્તર :- કચાશ. વ્યવહારમાં કચાશ નથી. જિનવરે કહેલા એથી શબ્દ વાપર્યો છે. અજ્ઞાનીને કહેલા એમાં આવી ચીજ હોઈ શકે નહિ એમ કહે છે. અજ્ઞાનીનો જે વ્યવહાર છે કહેલો એમાં આ વાત હોઈ શકે નહિ. જિનવરે કહેલો જે વ્યવહાર એમાં એ પરિપૂર્ણ છે. શીલ અને તપથી પરિપૂર્ણ છે. આહા..હા..! વિનયમાં એટલો, બહારના વીતરાગના વિનયમાં, ભક્તિમાં બહારમાં. વીતરાગની આજ્ઞા પ્રમાણે વ્યવહાર જે છે એમાં એ પરિપૂર્ણ છે. વ્યવહાર એટલો એ કરે કે એમાં કાંઈ ખામી ન રહે. વીતરાગે કહેલી આજ્ઞાવાળો વ્યવહાર એમ કહે છે. અજ્ઞાની માટે એવો વ્યવહાર હોઈ શકે નહિ.

'**શીલ અને તપથી પરિપૂર્ણ,...**' તપની વ્યાખ્યામાં લ્યો અનશન પણ પરિપૂર્ણ. છ-છ મહિનાના અપવાસ. અનશન, ઉણોદરી એ પણ એક ચોખો ખાઈ અને પાણી લઈ લે એવા એવા અપવાસો પણ ઘણા કરે. એ તો બધી પરના આશ્રયની ક્રિયા છે. બંધનું કારણ

છે. અનશન, વૃત્તિ સંક્ષેપ. વૃત્તિને સંકોચે. રસ પરિત્યાગ કરે. દૂધ, દહીં, ખાંડ, સાકર .. કાંઈ ખાય નહિ. વીતરાગે કહેલા વ્યવહારમાં બહુ ચોખ્ખો અને પરિપૂર્ણ હોય. કાયક્લેશ, અતિ.., વયાવચ્ચ, વિનય. વિનયમાં પૂરો એમ કહે છે. તપમાં પરિપૂર્ણ છેને? દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ. આહા..હા..! કહો, આ જાત્રા-બાત્રા સમ્મેદશિખરની પણ એટલી કરે બહુ ચિત્ત દઈને કરે. આહા..હા..! એમ કહે છે. વિનય એટલો, વયાવચ્ચ સંતોની કરે એવી વયાવચ્ચ કરે કષાયની મંદતાથી. અહંપણું નહિ એને. એવા પ્રાયશ્ચિત, વિનય, વયાવચ્ચ, સજ્ઝાય, શાસ્ત્રની સ્વાધ્યાય બહુ કરે. અગિયાર અંગ ભણે, નવ પૂર્વ પણ ભણે લ્યો, ઓહો..હો..! સ્વાધ્યાયમાં પરિપૂર્ણનો અર્થ ઈ નવ પૂર્ણ ભણી જાય. આહા..હા..! સજ્ઝાય ધ્યાનમાં. ધ્યાન એટલે? અંદર માણસ આંગણે ઉભો વિકલ્પથી એમાં એકાગ્ર થવાનું મંથન કરે, પણ અંતરમાં જઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શીલ અને તપથી પરિપૂર્ણ,...**' આ એક શબ્દ વાપરીને જિનવરે કહેલા ભાવો જે વ્રતાદિના છે એ બરાબર કરે. '**ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાની ભરેલું,...**' લ્યો, ત્રણ ગુપ્તિ—મન, વચન અને કાયાને ગોપવે. અંદરમાં શુભભાવ આવે, એમાં અશુભભાવને થવા ન દે. પાંચ સમિતિ, જોઈને ચાલવું, વિચારીને બોલવું, નિર્દોષ આહાર-પાણી. આહા..હા..! એને માટે પાણીનો બિંદુ બનાવ્યો હોય તો ન લે. એવી વીતરાગની આજ્ઞાનો વ્યવહાર સાવધાનીથી કરે. પણ એ સાવધાની બધી પરતરફના વલણવાળી છે. આહા..હા..! સમજાણું કાંઈ? જિનવર કહેલા એ શબ્દ ન આવ્યો એટલે પરિપૂર્ણ અને સાવધાની એ શબ્દમાં આવી ગયું. ઈર્યા, ભાષા, એષણા, લેવા-મુકવાની, લઈ-મુકી શકે તો નહિ વળી, પણ એવા લેવા-મુકવા કાળે એને પરતરફની સાવધાનીનો શુભભાવ હોય છે. ક્યાંય એમાં પ્રમાદ ઈ જાતનો ન હોય. આમ તો એ પ્રમાદ જ ભાવ છે, પણ ઈ જાતનો એટલે એમાં કાંઈ શિથિલતા આવે એવો ભાવ ન હોય. આહા..હા..!

મુમુક્ષુ :- એમાં અતિચાર જ ન હોય.

ઉત્તર :- અતિચાર લાગે નહિ એવો જેનો ભાવ. પણ ઈ બધું પરતરફના વલણવાળું.

'**અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર...**' લ્યો, વીતરાગે કહેલા છ કાય જીવની દયા, નિગોદની દયા, એકેન્દ્રિયની દયા એમાં પરિપૂર્ણ અંહિસા, એવી અહિંસા. લ્યો, અહિંસા, સત્ય. સત્ય બોલવામાં પણ સત્ય મહાવ્રત એવું દુનિયામાં આબરૂ જાય તો જાય પણ અસત્ય ન બોલે. આહા..હા..! દુનિયામાં ભલે એને હીણો ગણે પણ સત્ય બોલે અને અસત્ય બોલે નહિ, પણ એ બધો પરતરફના લક્ષવાળો ભાવ છે. આહા..હા..! ચોરી, આજ્ઞા વિના લે નહિ, એક સળી પણ આજ્ઞા વિના લે નહિ. આહા..હા..! એવું જેનું ત્રીજું મહાવ્રત. બ્રહ્મચર્ય. બીજા દેવલોકની ઈન્દ્રાણી ચળાવા આવે તો ચળે નહિ. એ તો શ્રીમદ્દે કહ્યું નહિ? 'યમ

નિયમ સંયમ આપ કીયો પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો, વનવાસ રહ્યો, મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.' બધી બહાર .. ક્રિયા તો અનંતવાર કરી. 'વહ સાધનવાર અનંત કીયો તદપિ કછુ હાથ હજુ પર્યો.' વ્યવહારનયના આશ્રયે આત્મા ક્યાંથી પ્રાપ્ત થાય? એમ કહે છે. આવો જે વ્યવહાર અને પરિગ્રહ એક લંગોટીનો તાણો ન રાખે એવું પાંચમું મહાવ્રત જેનું નગ્ન દિગંબર થાય. આ વસ્ત્રવાળા તો એ મહાવ્રતી છે જ નહિ. વ્યવહાર પણ નથી. આહા..હા..! એવો માર્ગ છે.

**'વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે...'** લ્યો, ભાષા જુઓ, નિશ્ચય વિના વ્યવહાર હોય નહિ. ભાઈ! અમે સમજાવીએ છીએ ત્યાં .. સાંભળને. આવું આચરણ તો એટલું બધું એનું હોય. શરીર કપાય જાય તોપણ એ દોરો એક ન લે, જૂઠું બોલે નહિ, બ્રહ્મચર્યમાં રંગાઈ ગયેલો, ઈન્દ્રાણીથી ચળે નહિ, પણ એ તો બધો પરાશ્રયનો વિકારીભાવ ઘટાડ્યો. મૂળ વિકારના પરિણામ જે શુભ છે એ તો રહ્યા છે. આહા..હા..! હવે આ બધો વ્યવહાર રિદ્ધિ-સિદ્ધિ કરવું અને વિધિ.. લ્યો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આજ્ઞા કોને કહેવી? વ્યવહાર આજ્ઞા એ કોઈ વસ્તુ નથી. અભૂતાર્થનયની આજ્ઞા છે. આહા..! એ પછી જિનવરે કહેલા કહે છેને? વીતરાગ સર્વજ્ઞે કહેલા અઠ્યાવીશ મૂળગુણ, પંચ મહાવ્રત, સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, શુભભાવનું એટલું કે એમાં અતિચાર દોષ લાગવા ન દે. પણ એથી શું? એથી શું? એ તો બંધનું કારણ છે. આહા..હા..! મહાવ્રત અને આ બધા પરિણામ ત્રણ ગુપ્તિવાળા, સમિતિવાળા, શીલ, તપવાળા બધા બંધના કારણભાવ છે. લ્યો, આહા..હા..!

**'અર્થાત્ પાળે છે; તોપણ તે (અભવ્ય) નિશ્ચારિત્ર (-ચારિત્રરહિત),...'** છે. આહા..હા..! આવું પાળતા છતાં એ ચારિત્રવંત નથી. આહા..! કેમ? **'અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ જ છે...'** ત્રણે વાત લઈ લીધી. એ **નિશ્ચારિત્ર (-ચારિત્રરહિત),...'** છે. સ્વરૂપની રમણતા ત્યાં નથી. કેમ? કે એ અજ્ઞાની છે. વસ્તુ જે ઠરવું જોઈએ એ ચીજની તો ખબર નથી. આહા..હા..! આનંદદાતા એવો જ્ઞાનસ્વભાવી શુદ્ધાત્મા એનું તો એને જ્ઞાન નથી. અગિયાર અંગ ભણે, નવ પૂર્વ ભણે તોપણ અજ્ઞાન છે.

મુમુક્ષુ :- શેની ખબર નથી?

ઉત્તર :- શુદ્ધાત્માની. શુદ્ધાત્મા અંદર. આ જ્ઞાનથી કહે છે. જ્ઞાનને એ જાણતો નથી. જ્ઞાનસ્વરૂપ એટલે શુદ્ધ આત્મા. .. એમ કે એને અગિયાર અંગનું જ્ઞાન છેને. એ જ્ઞાન જ નથી. આહા..હા..! મોક્ષનું સ્વરૂપ જ્ઞાન એકલું એટલે શુદ્ધાત્મસ્વભાવ એકલો રહે છે એની એને ખબર નથી. શુદ્ધ સ્વભાવ ચૈતન્યમૂર્તિ વિકલ્પ ને રાગ ને ભેદ વિનાની ચીજ. આહા..હા..!

ભારે! એવા અજ્ઞાની શુદ્ધાત્માનું જ્ઞાન નહિ એથી એને નિશ્ચારિત્ર કહ્યો. લોકોને અત્યારે એ ... હુકમચંદજી આદિ પંડિતો હવે તો બતાવે પણ તમે બધા ત્યાગીઓ છોને એને .. બતાવ્યું. સંયમી કહેવા કોને? આહા..હા..! હજી દૃષ્ટિની તો ખબર નથી તત્ત્વ શું છે? અને આ જે વ્યવહાર કહે છે એવો વ્યવહાર પણ ક્યાં ત્યાં છે? આહા..હા..! આ ક્યાં કાંઈ ઠેકાણા નહિ, પણ હવે બહારથી મનાવીને દેખાવ કરવો છેને પોતાનો. આહા..હા..! ત્યાગી થઈ જાય એ તો ખાડામાંથી ઉગરી ગયા છે (એમ કહે છે). મિથ્યાત્વની ખાડામાં પડ્યા છે એની તો ખબર નથી. શું થાય? આહા..હા..! પણ હવે અંદર હલબલ તો ચાલે છે થોડો. વિચાર ચાલે. કાંઈક શેઠ સાથે વિચાર કર્યો છે શાહુજી સાથે. દોઢ કલાક ચર્ચા થઈ સમયસારની એમ કહ્યું છે. .. ગયા પછી. .. બોલ્યા. પૈસા ઉપાર્જન કરનારા પણ શાસ્ત્રનું ચિંતવન જ્ઞાન પણ કરે છે મારા. અરે..! એ જ્ઞાન જ ક્યાં છે? સમયસારાદિ સાંભળ્યું અને એમાં જે જ્ઞાન થયું ઈ જ્ઞાન ક્યાં છે? આહા..હા..! ચૈતન્યમૂર્તિ શુદ્ધાત્મદ્રવ્ય જે એકલો જ્ઞાનસ્વભાવ એને નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ દ્વારા અનુભવવો એ ચીજ વિનાના જ્ઞાનને અજ્ઞાન કહે છે. ચાહે તો મોટા ..ના અનુવાદ કરતા હોય ને પ્રમેયકમલમાર્તંડ એમાં શું થયું? .. આહા..હા..!

'**અને મિથ્યાદૃષ્ટિ જ છે...**' આહા..હા..! આવા વ્રત પાળે, સમિતિ, ગુપ્તિ અને શીલ અને તપમાં પરિપૂર્ણ, ગુપ્તિ અને સમિતિમાં સાવધાનીવાળો, મહાવ્રતના પરિણામમાં કુશળ. આહા..હા..! પણ બધું એ તો વિકલ્પની વાતું છે. એવા જીવને ચારિત્ર હોતું નથી. તેમ જ્ઞાન હોતું નથી. અજ્ઞાની છે. તે મિથ્યાદૃષ્ટિ ત્રણે છે લ્યો. આહા..હા..! પહેલી લીટી છેને પાછી ઓલી જ્ઞાનની? કેમકે '**કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ...**' ચારિત્ર નિશ્ચય જે ચારિત્ર છે નિશ્ચય એના કારણરૂપ થાય એ વ્યવહાર સમજાવ્યો. '**નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે.**' એમ. ખરેખર તો જ્ઞાનનું કારણ જ્ઞાન છે, શ્રદ્ધાનું કારણ શ્રદ્ધાન છે, ચારિત્રનું કારણ ચારિત્ર છે. તો અહીં સમજાવવું છે એ કે જે આ ચારિત્રની ક્રિયા વ્યવહારની છે એમાં ચારિત્ર નથી એને. અને ચારિત્ર નથી કેમ? કે એ જ્ઞાન શ્રદ્ધાનથી શૂન્ય છે. જે આત્માનું જ્ઞાન થવું જોઈએ શુદ્ધાત્માનું. આ જ્ઞાન અગિયાર અંગના ભણતર એ ભણતર નહિ. આહા..હા..! શુદ્ધાત્માનું અંદર જ્ઞાન થવું જોઈએ. શુદ્ધ આત્મા પવિત્ર આનંદ. એનું સ્વસંવેદન જ્ઞાન એને નથી. આહા..હા..! માટે અજ્ઞાની છે. અને શ્રદ્ધા નથી. શુદ્ધાત્માથી પરિપૂર્ણ છે, અખંડ છે, એવી એને સન્મુખની, સ્વભાવ સન્મુખની શ્રદ્ધાનો અભાવ છે.

'**ભાવાર્થ :- અભવ્ય જીવ મહાવ્રત-સમિતિ-ગુપ્તિરૂપ વ્યવહાર ચારિત્ર પાળે...**' આહા..હા..! એકેક વાત એને વાંચે પણ દૃષ્ટિ નહિ. ઓલા બિચારા ગુજરી ગયા. જ્ઞાનસાગર નહિ. બ્રહ્મચારી છે એ ગુજરી ગયા. પહેલા કાંઈક .. રોગ હતો તો નાના શિષ્ય છેને બાલકૃષ્ણ એને આચાર્યપદ આપી દીધું બે-ત્રણ વર્ષ પહેલા. પોતે .. ગુજરી ગયા. .. જ્ઞાનસાગર આ

જયસેનાચાર્યની ટીકાનો અર્થ કર્યો. સમયસારની. નિર્વિકલ્પ સમાધિ હોય તો જ જ્ઞાન કહેવાય. આવી વાતું આહા..હા..! પણ અધ્યાત્મનો રસ ખરો પહેલેથી. દૃષ્ટિ વિપરીત. આહા..હા..! અને સ્વના આશ્રય વિના જે કાંઈ જ્ઞાન થાય એ બધા અજ્ઞાન છે. એવા જ્ઞાન અને શ્રદ્ધાનથી શૂન્ય હોવાથી તે નિશ્ચારિત્ર છે અને નિશ્ચયચારિત્રનું કારણ જે જ્ઞાન અને શ્રદ્ધા એ એને નથી. અહીં તો વસ્તુને સાબિત કરવી છે હોં. કોઈ એમાંથી પ્રશ્ન કરે કે એક ગુણના કારણે અને બીજો ગુણ હોતો નથી. એવો અહીં પ્રશ્ન કોઈ કરે તો એ વાતને અવકાશ નથી. અહીં તો બસ એટલું કે સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધાન નથી ત્યાં ચારિત્ર હોય નહિ એટલી વાત છે. ચારિત્ર હોય ત્યાં શ્રદ્ધા-જ્ઞાન હોય. કારણ કે શ્રદ્ધા જ્ઞાન એ કારણ ઓલું પછી એ કાર્ય. એ આ વ્યવહારથી સિદ્ધ કર્યું છે. આહા..હા..! આ તો સમ્યગ્દર્શન અને જ્ઞાન જ્યાં નથી ત્યાં ચારિત્ર નથી. એટલે એ ચારિત્રનું કારણ જ્ઞાન અને શ્રદ્ધા એને નથી. આ રીતે એને જ્ઞાન શ્રદ્ધાથી શૂન્ય બતાવવું છે. અને જ્ઞાન શ્રદ્ધા હોય પછી ચારિત્ર હોય એટલું સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- જ્ઞાન, શ્રદ્ધાન બે શું કરવા લીધા? એકલી શ્રદ્ધા લેવી જોઈએને.

ઉત્તર :- બેય વસ્તુ સાથે જ છેને સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌શ્રદ્ધા. આહા..હા..! સમ્યક્‌જ્ઞાન થયું કે આ આત્મા શુદ્ધ છે એની સાથે શ્રદ્ધા ભેગી પડી જ છે સાથે. બેય એક સાથે જ છે. જ્ઞાન શ્રદ્ધાનથી શૂન્ય છે. આહા..હા..!

'**વ્યવહાર ચારિત્ર પાળે તોપણ નિશ્ચય સમ્યગ્જ્ઞાનશ્રદ્ધાન વિના...**' અંતરની નિર્વિકલ્પ સમાધિ અને શાંતિ દ્વારા જે આત્માને જાણે અને શ્રદ્ધે એવા જ્ઞાન વિના એ વસ્તુ તો નથી. '**તે ચારિત્ર 'સમ્યક્‌ચારિત્ર' નામ પામતું નથી;...**' સાચું ચારિત્ર એને કહેવાતું નથી. આહા..હા..! હુકમચંદજીને તો જ્યાં જ્યાં જાય ત્યાં બહુ લોકો એને પસંદ કરે છે, ભાઈ! એની ભાષા જ એવી સૂક્ષ્મ. .. વિરોધ ન કરે અને બોલે .. વિરોધ હોય એ આવી જાય. ... પંડિતો તો મુનિ. પંડિત હુકમચંદજી આદિ પંડિતો બત્તી બતાવે એમ છેને? બત્તી બતાવેને? પણ અમે તો ખાડામાં પડતા બચાવી લઈએ ત્યાગીઓનું એવું સામર્થ્ય છે.

મુમુક્ષુ :- અમે બચાવીએ પછી ખાડામાં પડે જ નહિ.

ઉત્તર :- આવા ને આવા. પોતાનો બાહ્ય ત્યાગનો મહિમા બતાવી શકે. સાધુને તો એમ લાગે કે ઓહો..હો..! આ તો આપણને અને બધાને સાધુ માને છે. આપણે જગતને ઉગારી દઈએ છીએ. પોતાની ખબર નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ ચારિત્ર જ્ઞાન શ્રદ્ધાન છે એમ ક્યાં નથી. ચારિત્ર છે ત્યાં જ્ઞાન શ્રદ્ધાન હોય, ચારિત્ર છેને આ તો ચારિત્ર છે. ચારિત્ર જ્ઞાન શ્રદ્ધાન વિના હોય? માનવું જોઈએને.

આહા..હા..!

‘‘સમ્યક્ચારિત્ર’ નામ પામતું નથી; માટે તે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ અને નિશ્ચારિત્ર જ છે.’ લ્યો, ત્રણે ક્રમ લીધા. અજ્ઞાની છે, આત્મજ્ઞાન નથી, અભવિનું તો દૃષ્ટાંત દઈને ભવિએ પણ પરના આશ્રયનો વ્યવહાર અનંતવાર કર્યો છે. આહા..હા..! બબ્બે મહિનાના સંથારા, એમાં મરણ એ પણ તપમાં પરિપૂર્ણમાં આવી જાય છે. આહા..હા..! પાણીનું બિંદુ લે નહિ બબ્બે મહિના સુધી. ઝાડની ડાળની પેઠે પડ્યો હોય, પણ એ બધો પરાશ્રયભાવ છે. અંતર આનંદસ્વરૂપ શુદ્ધ ભગવાન પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ એના જ્ઞાન અને શ્રદ્ધાન વિના એ બધા નિશ્ચારિત્ર છે. આહા..હા..!

## ગાથા-૨૭૪

तस्यैकादशाङ्गज्ञानमस्ति इति चेत् -

मोक्खं असद्दहंतो अभवियसत्तो दु जो अधीएज्ज।
पाठो ण करेदि गुणं असद्दहंतस्स णाणं तु।।२७४।।
मोक्षमश्रद्दधानोऽभव्यसत्त्वस्तु योऽधीयीत।
पाठो न करोति गुणमश्रद्दधानस्य ज्ञानं तु।।२७४।।

मोक्षं हि न तावदभव्यः श्रद्धत्ते, शुद्धज्ञानमयात्मज्ञानशून्यत्वात्। ततो ज्ञानमपि नासौ श्रद्धत्ते। ज्ञानमश्रद्दधानश्चाचाराद्येकादशाङ्गं श्रुतमधीयानोऽपि श्रुताध्ययनगुणाभावान्न ज्ञानी स्यात्। स किल गुणः श्रुताध्ययनस्य यद्विविक्तवस्तुभूतज्ञानमयात्मज्ञानं; तच्च विविक्तवस्तुभूतं ज्ञानमश्रद्दधानस्याभव्यस्य श्रुताध्ययनेन न विधातुं शक्येत। ततस्तस्य तद्गुणाभावः। ततश्च ज्ञानश्रद्धानाभावात् सोऽज्ञानीति प्रतिनियतः।

હવે શિષ્ય પૂછે છે કે - તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે; છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો ? તેનો ઉત્તર કહે છે :-

મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,
પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.

ગાથાર્થ :- [मोक्षम् अश्रद्दधानः] મોક્ષને નહિ શ્રદ્ધતો એવો [यः अभव्यसत्त्वः] જે

અભવ્યજીવ છે તે [तु अधीयीत] શાસ્ત્રો તો ભણે છે, [तु] પરંતુ [ज्ञानं अश्रद्दधानस्य] જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા તેને [पाठः] શાસ્ત્રપઠન [गुणम् न करोति] ગુણ કરતું નથી.

ટીકા :- પ્રથમ તો મોક્ષને જ અભવ્ય જીવ, (પોતે) શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, નથી શ્રદ્ધતો. તેથી જ્ઞાનને પણ તે નથી શ્રદ્ધતો. અને જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે, આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં, શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે જ્ઞાની નથી. જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે; અને તે તો (અર્થાત્ એવું શુદ્ધાત્મજ્ઞાન તો), ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્ર-ભણતર વડે કરી શકાતું નથી (અર્થાત્ શાસ્ત્ર-ભણતર તેને શુદ્ધાત્મજ્ઞાન કરી શકતું નથી); માટે તેને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે; અને તેથી જ્ઞાનશ્રદ્ધાનના અભાવને લીધે તે અજ્ઞાની ઠર્યો - નક્કી થયો.

ભાવાર્થ : અભવ્ય જીવ અગિયાર અંગ ભણે તોપણ તેને શુદ્ધ આત્માનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી; તેથી તેને શાસ્ત્રના ભણતરે ગુણ ન કર્યો; અને તેથી તે અજ્ઞાની જ છે.

## ગાથા-૨૭૪ ઉપર પ્રવચન

'હવે શિષ્ય પૂછે છે કે - તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે;...' એટલી વાત લીધી. 'છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો?' અગિયાર અંગ તો ભણે છે. જિનવરે કહેલા અગિયાર અંગ. એમ. અહીં તો એ લીધું છેને. .. બીજા અંગ તો ક્યાંય રહ્યા. જિનવરે કહેલા વ્રતો અને જિનવરે કહેલા શાસ્ત્રો. આહા..હા..! એથી તો અગિયાર અંગ લીધા. અન્યમતમાં હતું ક્યાં ઈ? આહા..હા..! જિનવર કહેલા 'અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે; છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો? તેનો ઉત્તર કહે છે :-'

मोक्खं असद्दहंतो अभवियसत्तो दु जो अधीएज्ज।
पाठो ण करेदि गुणं असद्दहंतस्स णाणं त।।२७४।।

જોયું? જ્ઞાન શબ્દે શુદ્ધ આત્મા. એકલું જ્ઞાન રહેવું એટલે શુદ્ધાત્માપણે રહેવું એ મોક્ષ છે એની તો એને ખબર નથી. લપ અંદર ભેગું કાંઈક નાખ્યું છે. રાગવાળું, પુણ્યવાળું, વિકલ્પવાળું. એકલો જ્ઞાનસ્વભાવ એટલે શુદ્ધ આત્મા એની તો એને ખબર નથી.

મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,
પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.

આહા..હા..! ભારે! સત્યને સિદ્ધ કરવા, સત્યનું સ્થાપન કરવાને આ એક કળા અલૌકિક વાત છે.

'ટીકા :- **પ્રથમ તો...**' મુખ્ય વાત તો એ છે કે એમ છે. '**मोक्षं हि न तावदभव्यः श्रद्धत्ते**,' મુખ્ય તો મોક્ષને જ અભવ્ય જીવ શ્રદ્ધતો નથી લ્યો. આમ તો નવ તત્ત્વને માને. પણ મોક્ષ એટલે તદ્દન શુદ્ધાત્મા એકલો રહેવો, જેને અશુદ્ધતાનો અંશ નથી. એવી '**શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' લ્યો, મુખ્ય તો '**મોક્ષને જ અભવ્ય જીવ...**' શ્રદ્ધતો.. કેમ? કે '**શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' શુદ્ધ જ્ઞાનમય એકલો પૂર્ણ આનંદ, નિર્વિકલ્પ, રાગની ક્રિયા વિનાની એવી જે ચીજ શુદ્ધાત્મા એને એકલું અહીં જ્ઞાન કહ્યું છે. જેમાં રાગાદિનો અંશ નથી. એવા શુદ્ધજ્ઞાનમય આત્મા. એમ. પવિત્ર જ્ઞાનમય, પવિત્ર સ્વભાવમય એવા આત્માના જ્ઞાનથી શૂન્ય છે. આત્માનું જ્ઞાન એને નથી. એ બધા અગિયાર અંગના ભણતર તો પરનું જ્ઞાન છે. આહા..હા..! આચારાંગમાં પહેલા અઢાર હજાર પદ કહો. ઓલો અગિયાર અંગ ભણે. છત્રીસ હજાર પદ છે હોં સુયગડાંગના, ઠાણાંગના બોતેર હજાર. એમ કરતા ડબલ અને એક-એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. કહું તોપણ યાદ ક્યાંથી રહે તમને? એટલું બધું યાદ રાખે કહે છે. હવે એકાવન કરોડ જાજેરા શ્લોકનું એક પદ. એકાવન કરોડ એવા અઢાર હજાર પદ. એવું એક આચારાંગ, એવા સુયગડાંગના છત્રીસ હજાર પદ, ઠાણાંગના બોતેર હજાર પદ. ઓલા એક લાખને જે થાતું હોય ચુંવ્વાલીસ હજાર. એમ સ્થાન બમણા લેવા ઠેઠ. હવે એટલું તો અહીં છે નહિ અત્યારે આ લોકો કહે છે ઈ. માન્યા છે આચારાંગ, સુયગડાંગ, ઠાણાંગ. કલ્પિત કર્યા છે બધા. .. એમ કહે છે. સમકિત .. કથાઓ મોટી આખી રહી ગઈ. જ્ઞાતા જુઓ, આ ..ના અધિકાર જુઓ. આખી કથાઓ પૂરેપૂરી આખી વ્યાખ્યા જ એવી. સમકિતનું હોય તો એ વિકથાઓ સંકેલવી જોઈએ.

મુમુક્ષુ :- ઠામુકા નીકળી.. જે જરૂરનું હોય એટલું...

ઉત્તર :- જરૂરનું હોય ઈ બસ લ્યો. માલ હતો એને સંકેલી લીધો. થોથા રહ્યા કોથળામાં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુખ્ય ચીજ .. નથી એનું કારણ? કહ્યુંને '**શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' આ કારણ છે. એકલો શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા વ્યવહારના આશ્રય વિનાની ચીજ એનું જ્ઞાન તો એને છે નહિ એમ કહે છે. આહા..હા..! એ ગમે તેટલું જ્ઞાન અગિયાર અંગ નવ પૂર્વનું ભણે લ્યો. આ તો ક્રિયાઓ બીજી લીધી. '**મોક્ષને જ અભવ્ય જીવ, (પોતે) શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી...**' પોતાનો આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્યમૂર્તિ એના '**જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' આહા..હા..! ઈ બધા ભણતર

અગિયાર અંગના અઢાર હજાર પદ અને છત્રીસ હજાર પદને એ બધું અજ્ઞાન છે. આહા..હા..! કેમકે એમાં જ્ઞાનમય એવો આત્મા, શુદ્ધાત્મા તો ગયો નથી, આવ્યો નથી. એ વિનાનું જ્ઞાન તે જ્ઞાન કહેવાતું નથી. બહુ આકરું કામ. એ જ્ઞાન શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે. શુદ્ધ. જેમાં વિકલ્પનો અંશ નથી. અરે..! એક સમયની પર્યાય પણ જેમાં નથી. ભલે જાણનારી પર્યાય છે, પણ એ પર્યાય એને માને છે, વેદે છે, જાણે છે, એવું તો એને છે નહિ. આહા..હા..!

'**શુદ્ધજ્ઞાનમય આત્મા...**' એ તો શુદ્ધ જ્ઞાનમય આત્મા. અગિયાર અંગનું જ્ઞાન એ શુદ્ધ જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનની જાતમાંથી ભાત પડીને જે જ્ઞાન આવે એ તો જ્ઞાન એને છે નહિ. આહા..હા..! આ તો બધા અમુક જાતના ક્ષયોપશમવાળાને એમ થાતું હોય કે અમને આવું જ્ઞાન છે, આવડું જ્ઞાન છે. એ વાત ખોટી છે એમ કહે છે. આહા..હા..! થોડું પણ સ્વના વેદનવાળું, સ્વના આશ્રયનું જ્ઞાન તેને વિજ્ઞાન કહે છે અને પરના અગિયાર અંગના ભણતરને પણ એણે અજ્ઞાન કહે. આટલો ફેર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી એ તો ઠીક. એ જુદો. એ ક્ષયોપશમ આવતો જાય, જેમ ક્ષયોપશમ થતું જાય એની સાથે અભિમાન પણ વધતું જાય. એ ભાઈમાં છે. સોગાનીમાં. છેને? પણ ઈ ન હોય લ્યોને ઈ જાતનું. આમ તો ઈ જાતનું અંદર અભિમાન હોય છે નિશ્ચયથી, પણ આમ વ્યવહારે જે અંદર પ્રગટ્યું ન હોય એને. વ્યવહાર એનો અભિમાનવાળો એવો ન હોય, પણ અંદરમાં રાગ અને વિકલ્પથી ભિન્ન ચીજ પરિપૂર્ણ સ્વરૂપ એનું જ્ઞાન નથી એથી એને કાંઈ એની પર્યાયને અધિક જ ઈ માને છે. આહા..હા..!

અગિયાર અંગના ભણતર, એકાવન કરોડ જાજેરા શ્લોકનું તો એક પદ. એકાવન કરોડ એવા શ્લોક એનું એક પદ, એવા અઢાર હજારપદ એક આચારાંગના. તોય શું પણ કહે છે. આહા..હા..! અન્યમતિના જાણપણાની તો વાત લીધી જ નથી. વ્યવહાર લેવો છેને. જે વ્યવહાર હોય ... આ જ્ઞાનમાં એનો વ્યવહાર આવો હોય. અગિયાર અંગનું જ્ઞાન એવો વ્યવહાર હોય એમ કહે છે. પણ નિશ્ચય જે આત્મા શુદ્ધજ્ઞાનમય પ્રભુ એના અંતરના જ્ઞાન અને ભાન વિના તે જ્ઞાનને અજ્ઞાન કહેવામાં આવે છે.

એ '**શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી...**' ભાષા શું છે? કે '**પ્રથમ તો મોક્ષને જ અભવ્ય જીવ,...**' શ્રદ્ધતો નથી. જે જ્ઞાનમય આત્માના અભાવને લઈને નથી શ્રદ્ધતો એમ ત્યાં વજન છેને? વ્યવહારના અવલંબી જે ઉત્કૃષ્ટ વ્યવહાર કહ્યો તો એ શુદ્ધ જ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે એ શુદ્ધ જ્ઞાનમય આત્મા એને શ્રદ્ધતો નથી. શુદ્ધ જ્ઞાનમય આત્મા જેને વિકલ્પની ગંધ નથી, વ્યવહારની જેમાં ગંધ નથી. આહા..હા..! એમ કહેવા માગે છે. સમજાણું કાંઈ? એ શુદ્ધ જ્ઞાનઘન એવો આત્મા એની શ્રદ્ધાથી શૂન્ય છે. આહા..હા..! '**નથી**

શ્રદ્ધતો.' એ બધું વ્યવહારું જ્ઞાન શ્રદ્ધામાં એને જાય છે.

'**તેથી જ્ઞાનને પણ તે નથી શ્રદ્ધતો.**' એમ. જ્ઞાન એટલે એકલું શુદ્ધ જ્ઞાનમય આત્મા. મોક્ષનો આવો ભાવ હોય એનાથી શૂન્ય છે એમ કહે છે. તેથી આત્મા એકલો શુદ્ધ જ્ઞાનમય છે અથવા શુદ્ધાત્મા છે. જેને વ્યવહારની ગંધ નથી વસ્તુમાં. વ્યવહારનો આશ્રય તો નથી, પણ વ્યવહારના પક્ષની વસ્તુ જ જેમાં નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારના પક્ષની મીઠાશ એને રહી જાય છે. આહા..હા..! એકલો સમાધિરૂપ, શાંતિરૂપ પ્રભુ એને આ વિકલ્પનો અંશ નથી. એવી એ ચીજને શ્રદ્ધતો નથી તેથી તે વસ્તુને માનતો નથી એમ કહે છે. જ્ઞાન એટલે આત્મા. ઈ આત્મા જ્ઞાનમય, આનંદમય, શાંતમય, શુદ્ધ ચૈતન્યમય એવા આત્માને એ જાણતો નથી. શ્રદ્ધતો નથી. આહા..હા..!

'**અને જ્ઞાનને નહિ શ્રદ્ધતો...**' એકલો શુદ્ધ આત્મા પવિત્ર એને જોયો નથી, જાણ્યો નથી એટલે શ્રદ્ધયો નથી. તે '**જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે, આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં,...**' લ્યો, અગિયાર અંગને ભણતો હોવા છતાં એમ લીધું. આહા..હા..! અગિયાર અંગનું જ્ઞાન કરતો હોવા છતાં એમ અહીંયાં ન લીધું. અગિયાર અંગને ભણતો હોવા છતાં. આહા..હા..! અહીં તો એક સાધારણ થોડું જ્યાં .. જ્ઞાન થાય દેખાવ કરવો છે કે જુઓ અમે ભણેલા છીએ હોં. અમે વાણિયા છીએ. પણ ઈ જેને નથી અહીં તો કહે છે. પણ ઓલા શુદ્ધ આત્માની શ્રદ્ધાનું ભાન નથી બસ. આહા..હા..! મંદ મિથ્યાત્વ અને મંદ અનંતાનુબંધીનો પ્રસંગ છે આ. મંદ મિથ્યાત્વ કર્યું છે જેણે. અભાવ નહિ. અને મંદ અનંતાનુબંધી કષાયને પણ મંદ કર્યો છે એવા જીવની વાત લીધી છે. મંદ તો અભવિ પણ કરે છે. વ્યવહારના આશ્રયવાળો જીવ મિથ્યાત્વ અને અનંતાનુબંધી એને મંદ હોય છે. એટલે મંદ હોય છે એટલે કાંઈ વસ્તુ થઈ? અભાવ કરવો. મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અભાવ વસ્તુમાં છે. વસ્તુમાં એ અંશ છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

વીતરાગ મૂર્તિ ભગવાન આત્મા એનું એને જ્ઞાન અને શ્રદ્ધાન નથી. એથી એને ચારિત્ર પણ હોતું નથી. એ '**અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં,...**' જોયું? ભણે છે, ગોખે છે, યાદ રાખે છે, ધારે છે. આ શુદ્ધ આત્મા અંદર જે છે એને જાણતો નથી ઈ. તેથી તે જ્ઞાન એટલે શુદ્ધાત્મા છે એમ એને ભરોસામાં આવતું નથી. આ અગિયાર અંગના ભણતર સિવાયની પણ ચીજ ભિન્ન છે. આહા..હા..! કારણ કે અગિયાર અંગનું જ્ઞાન તો અનંતવાર થયું છે. અને પરતરફના એ ભણતરથી અંતર્મુખનો કોઈ અંશે આશ્રય આવે એમ છે નહિ. આહા..હા..! કેટલો વ્યવહારનો પ્રતિષેધ કર્યો છે! આહા..હા..! તું તો શુદ્ધ ચૈતન્યઘન છોને પ્રભુ! એવા શુદ્ધને રાગના અવલંબનને છોડી અને શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન

હોવું જોઈએ, એનો જેને અભાવ વર્તે એ ભલે અગિયાર અંગ ભણે, કંઠસ્થ કરે, યાદ રાખે. એક-એક દિ'માં હજારો શ્લોક કંઠસ્થ કરી નાખે લ્યો! આહા..હા..! એથી શું?

મુમુક્ષુ :- એ સ્વાધ્યાય કરવા થાયને કંઠસ્થ હોય તો.

ઉત્તર :- એ સ્વાધ્યાય તો વિકલ્પ છે. પુણ્યબંધનું કારણ, પુણ્યબંધનું કારણ છે. પણ પુણ્યબંધનું કારણ અને પાપબંધનું કારણ વિશેષ ન જોવું. એ તો આવી ગયું છે. મિથ્યાત્વનું બંધ છે એ એક જ પુણ્ય-પાપને બાંધે છે. આહા..હા..! દૃષ્ટિ જ્યાં દ્રવ્ય ઉપર નથી. એની દૃષ્ટિ અંદર રાગ અને વિકાર થયો છે એના ઉપર એની દૃષ્ટિ છે. .. ઉઘાડ થયો અને આચરણમાં રાગની મંદતા સંથારા એવું ... શ્રદ્ધા પણ એ દેવ-ગુરુ-શાસ્ત્રની એવી પાછી હોય એની. માથુ કાપે તો બીજું માને નહિ. પણ ઈ બધું બહારના આશ્રયની વાત છે. અહીં સુધી પણ એ બહાર આશ્રય છે. અંદરમાં ગયો નથી. આહા..હા..!

ઈ '**અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં,...**' હવે '**શાસ્ત્ર ભણવાનો જે ગુણ...**' શાસ્ત્ર ભણવાનો ગુણ એ હતો. શાસ્ત્રે એને એમ કહ્યું હતું કે તું ચીજ ભિન્ન છો. અમારા ભણતરથી પણ તારી ચીજ ભિન્ન છે એમ શાસ્ત્રે કહ્યું. આહા..હા..! અમને કહે તું શાસ્ત્ર કહે તું અમને જાણે છો એવા જ્ઞાનથી પણ તારી ચીજ તો ભિન્ન છે. આહા..હા..! કેમકે આવા ભણતરમાં આત્મા ન આવ્યો. એ ભણતર બધું ખોટું છે. આહા..હા..! '**શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે જ્ઞાની નથી.**' આહા..હા..! શાસ્ત્ર ભણવાનો ગુણ. ક્યો ગુણ? કે '**જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે;...**' ઓહો..હો..! ગજબ વાત મૂકે છેને. વસ્તુની સ્થિતિ આ પ્રમાણે છે એમ કહે છે. કે શાસ્ત્ર ભણવાનો ગુણ ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય. ભિન્ન વસ્તુ રાગ અને પરના જાણપણાથી તું ભિન્ન છો. આહા..હા..! જુદી વસ્તુભૂત જ્ઞાનમય આત્મા આખો. પરિપૂર્ણ શુદ્ધાત્મા '**તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે;...**' શાસ્ત્ર ભણવાના ગુણનો અર્થ? શાસ્ત્ર ભણ્યો હોય તો એને આ જાતનું આત્મજ્ઞાન થવું જોઈએ એમ કહે છે. તે તો આવ્યું નહિ. એથી શાસ્ત્ર ભણ્યો એમાં આત્મા આવ્યો નહિ. ભિન્ન વસ્તુ છે ઈ. ભણતરમાં કહ્યું શું એ? શાસ્ત્રમાં વસ્તુ ભિન્ન-ભિન્ન-જુદી છે. અનંત-અનંત શાંતિથી ભરેલી ચીજ શુદ્ધ વસ્તુ, અભેદ વસ્તુ ભિન્ન છે. એમ જે શાસ્ત્રને કહેવું હતું એનો લાભ તો થયો નહિ. આહા..હા..! કથનની શૈલી તો જુઓ, શાસ્ત્ર ભણવાનો ગુણ તો ભિન્ન પાડવો એ. કેમકે શાસ્ત્ર એમ કહે છે. શાસ્ત્ર એમ કહેવા માગે છે. એમ આવ્યુંને. 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાય.'

મુમુક્ષુ :- જિનપદ જિનપદ એક.

ઉત્તર :- હા, ત્યાં તો .. જાય તો ઈ કહેવાય. શાસ્ત્ર ભણવામાં શાસ્ત્રે પણ એમ કહ્યું છે કે આ ભિન્ન વસ્તુ તારી છે અનાદિ શુદ્ધ. રાગની અપેક્ષાવાળી વસ્તુ જ નથી. નિરપેક્ષ

તત્ત્વ આનંદ અને શુદ્ધ જ્ઞાનમય એવી આત્મવસ્તુમાં ગુણ થયો નહિ. શાસ્ત્ર ભણવાનો તો આ ગુણ છે. એ ગુણ આવ્યો નહિ. આહા..હા..! શાસ્ત્ર ભણવાનો ગુણ ભિન્ન. લ્યો.

**'જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન...'** જે ભિન્ન વસ્તુભૂત, **'ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે;...'** આહા..હા..! તે શાસ્ત્ર ભણવાનો આ ગુણ છે કહે છે. શાસ્ત્ર ભણવું એ તો વ્યવહાર થઈ ગયો. એનો ગુણ આ. એનો અર્થ કે એણે ઈ કહ્યું કે આ જુદો પડ અંદર. શાસ્ત્ર ભણવું એનો આ ગુણ. એ શાસ્ત્ર ભણવું એ તો વ્યવહાર થઈ ગયો. એનો ગુણ આ. પણ એને સમજાવું છેને કે શાસ્ત્ર ભણ્યો તો શાસ્ત્રમાં તો એ કહેવું છે કે તારી ચીજ અંદર ભિન્ન છે, અભેદ ચીજ પરથી ભિન્ન ભેદવાયોગ્ય નથી. એમ એને કહેવું હતું. એ તો જ્ઞાન થયું નહિ. શાસ્ત્ર ભણવાનો ગુણ આવ્યો નહિ. એમાંથી કાઢે, કાઢવું હોય ઈ કેટલાક. જુઓ આ શાસ્ત્ર ભણવાનો ગુણ જુઓ. તમે કહેતા હતા કે શાસ્ત્ર ભણવું વ્યવહાર છે. એ પરાવલંબી જ્ઞાન છે. અહીં તો એ કહ્યું કે શાસ્ત્ર ભણવાનો વ્યવહારનો ગુણ આ છે કે ભિન્ન પાડવું. પણ ઈ શાસ્ત્ર એમ કહે છે કે અમારું જ્ઞાન જે કર્યું એનાથી તારી ચીજ ભિન્ન છે. એમ કહે છે. આહા..હા..! અમારો આશ્રય લીધો માટે હવે તને ભિન્ન વસ્તુનું જ્ઞાન થશે એમ નથી. આહા..હા..! ગજબની વાત છેને. શબ્દે શબ્દે રહસ્ય પડ્યા છે અંદર. આહા..હા..!

શાસ્ત્ર ભણવાનો ગુણ? પણ શાસ્ત્ર ભણવું એ તો વ્યવહાર થયો. વ્યવહાર તો પરાશ્રય છે. એનો ગુણ ભિન્ન જાણવું? એમ બતાવે છે, એમ કહે છે. આહા..હા..! ભાઈ! શાસ્ત્ર.. આ બતાવે છે. ઈ બતાવ્યું એ તો જોયું અને જાણ્યું. એમાં તો વ્યવહાર પણ ક્યાં રહ્યો છે? આહા..હા..! પુણ્ય બાંધ્યું. બાંધ્યુંને? અબંધ સ્વરૂપને બાંધ્યું. ભલે પુણ્ય પણ મિથ્યાત્વભાવ છે. પુણ્ય બાંધવું એ પાપનો ભેદ ન કરવો. મિથ્યાત્વથી બંધાયેલો છે એ તો. આહા..હા..! આવી વાત મોટા શહેરમાં ભારે પડે ઝીણી હોં. બિચારા ... કરો. આમાં ઈ આવ્યું. અહીંયાં મહારાષ્ટ્રમાં આવ્યું હતુંને પહેલું? ... આવ્યું છે આમાં. કે કુંદકુંદાચાર્યોના વિચાર સંબંધી બે મતભેદ છે. જે કુંદકુંદાચાર્યોના વિચારો કહે છે કે ... બે મત છે. માટે એનો નિર્ણય થવો જોઈએ. રાજેન્દ્રકુમારજી હતા ત્યાં. હવે કેટલા ચર્ચા થઈ બધી થઈ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ... ત્રણે કાળે રહેવાના.

ઉત્તર :- .. વસ્તુ દુ..નિયા ... બે મત.. બે નિયા(મત) છેને. નહિ તો દુનિયા રહેશે નહિ. આહા..હા..! અને આ વાદવિવાદનો વિષય નથી આ. આહા..હા..! ઓલામાં કહ્યું નથી કે સર્વજ્ઞ નથી. ચશ્મા કાઢી નાખ તો અમે તને સર્વજ્ઞની વાત કહીએ. તો બેઠશે. હવે મનમાં તો બેઠું.. જે પર્યાયમાં પરિપૂર્ણતા હોય નહિ, પરિપૂર્ણતા હોય નહિ, સર્વજ્ઞ હોય નહિ હવે એવી તો તારી માન્યતા છે. હવે એ તારી માન્યતાના ભાવમાં આ સાંભળ તો નહિ બેસે

કોઈ રીતે. એ એકવાર સર્વજ્ઞ નથી એવી શ્રદ્ધા કાઢી નાખ અને એકકોર મૂકી દે વાત. તો પછી સર્વજ્ઞ છે અને ... સર્વજ્ઞ છું એમ. એ એટલી બધી .. તારો આશ્રય તો ત્યાં પડ્યો છે બીજો. નથી... નથી... ન થાય... ન થાય... હવે ન થાય.. ન થાય.. ક્યાંથી આવે? આહા..હા..!

મુમુક્ષુ :- વસ્તુને સ્વીકારવા જાય...

ઉત્તર :- નકાર જ .. ન હોય. કોઈ રીતે નહિ બેસે અમારી વાણી .. દલીલ હોય તો. એકવાર ચશ્મા કાઢી નાખ. ભલે તને સર્વજ્ઞ છે એમ ન બેસે, પણ સર્વજ્ઞ નથી, હોઈ શકે જ નહિ એ વાત એકકોર મૂકી દે. આહા..હા..! અસ્તિમાંથી અસ્તિનું જ્ઞાન થશે, નાસ્તિમાંથી અસ્તિનું થાય? આહા..હા..! એમ કહે છે ત્યાં. એમ શાસ્ત્ર ભણવાનો ગુણનો અર્થ કે એણે ... નથી. ભણતરને. આહા..હા..! અંતર્મુખમાં ચૈતન્યને અવલંબે ત્યારે એને આત્મજ્ઞાન થાય. એ આત્મજ્ઞાનના વ્યવહારમાં કોઈ અપેક્ષા જરૂરી નથી એમ કહે છે. વ્યવહારે કહ્યું હતું એ. આહા..હા..! અનુભૂતિ કહ્યું નહિ કળશમાં? બાર અંગનું જ્ઞાન કોઈ અપૂર્વ નથી. વિકલ્પ છે એ તો. આહા..હા..! મારે પણ કામ કર્યા છેને. દિગંબર સંતોએ, .. પંડિતોએ એવી અનુભૂતિ થવી, કરવી એ બાર અંગમાં કહ્યું છે એમ કહ્યુંને ત્યાં? બાર અંગનું જ્ઞાન પોતે કોઈ અપૂર્વ નથી. આહા..હા..! પણ એમાં પણ એમ કહ્યું છે કે અમારા જ્ઞાનનું લક્ષ છોડી દે. તારો ભગવાન અંદર શુદ્ધ બિરાજે (છે) એની અનુભૂતિ કર. આહા..હા..! શાસ્ત્રમાં એમ કહેવા માગે છે. એવો ભગવાન આત્મા એની અનુભૂતિ કર. તો એ શાસ્ત્ર ભણવાનો ગુણ તો આવ્યો નહિ, અનુભૂતિ તો થઈ નહિ. આહા..હા..!

'**ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે;...**' ઘણું ટીકામાં ઘણું-ઘણું સમાડ્યું છે હોં. ઓહો..હો..! દરિયો છે દરિયો શાસ્ત્ર ભણવાનો ગુણ. આહા..હા..! જુઓ, શું કહે છે આ તે? તમે એમ કહો છો કે શાસ્ત્ર ભણવા જોઈએ. પણ એ તો વ્યવહાર છે અને એમાં ભિન્ન વસ્તુનું ભાન થવું .. આહા..હા..! ઈ વ્યવહારે બતાવેલો ત્રિકાળી આત્મા ભિન્ન. બતાવ્યો ભિન્ન ત્રિકાળ. એમાં ભિન્નને ન જાણ્યો તારું બધું ભણતર ગુણ આવ્યો નહિ, પુણ્ય આવ્યું. આહા..હા..! પુણ્ય આવ્યું પુણ્ય. એ તો બંધાય. આહા..હા..! અબદ્ધસ્પૃષ્ટ ભગવાન આત્મા પુણ્યથી બંધાય એ તો મિથ્યાત્વનું અવલંબન હોય છે. સમકિતને બંધ જ નથી. આહા..હા..! જ્યાં બંધના ભાવનો સ્વીકાર નથી, અબંધ સ્વભાવનો જ્યાં સ્વીકાર છે એવી ચીજનું તો ભાન થયું નહિ. હવે આ ભણતરે શું કર્યું? આહા..હા..! વ્યવહારના, શાસ્ત્રના ભણતરે પણ શું કર્યું? એનાથી કાંઈ અંદર જાય, થઈ શકે એમ નથી કહેવું, પણ એને ઈ કહેવું હતું કે આ ભિન્ન વસ્તુ છે આત્મા. એનું તો જ્ઞાન કર્યું નહિ. આહા..હા..! કહો, ચંદુભાઈ! આ બધું ત્યાં ચાલે માથાકુટ. ધંધા-ફંધામાં... ... આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં ક્યાં ચાલે છે?

'**જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્મા...**' હવે વસ્તુ તો આમ પડી છે. જેને વ્યવહારના ભણતરની પણ અપેક્ષા નથી. એમ કહે છે અહીંયાં. વ્યવહાર આ ભણ્યો માટે અહીંયાં આવે એવી અપેક્ષા જ નથી, પણ એ વ્યવહારમાં એમ કહ્યું હતું કે તું ભિન્ન છો. આહા..હા..! અમૃતનો સાગર ભગવાન તો જુદો છે. આહા..હા..! એ તો તને ભાન થયું નહિ. તો અગિયાર અંગનું જ્ઞાન શેનું જ્ઞાન? આહા..હા..! '**(અર્થાત્ એવું શુદ્ધાત્મજ્ઞાન તો), ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા...**' ભિન્નવસ્તુભૂત એટલે આખો આત્મા હોં એ. જુદી વસ્તુભૂત આત્મા એને તો નહિ શ્રદ્ધતા થકા. આહા..હા..! '**ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્ર-ભણતર વડે કરી શકાતું નથી...**' આહા..હા..! શાસ્ત્રના ભણતર વડે ભિન્નવસ્તુનું જ્ઞાન કરી શકાતું નથી. આહા..હા..! અહીં તો થોડા ચોપડા આવડે, બોલચાલની વાતું કરે તો એમ થઈ જાય કે આહા..હા..! આપણે તો જ્ઞાની થઈ ગયા. કહે છે કે જ્ઞાની તો શુદ્ધ આત્માનું ભાન કરે એને જ્ઞાની કહીએ. તારા આવા ભણતરના થોકડા કરે. થોકડા કરે સમજ્યાને? ચોપડા નથી આવતા? .. આવેને? બહુ શીખ્યો ચોપડા. .. હમણા બહુ ... થઈ ગયા છે. એટલે અમે પુસ્તક છપાવ્યા છે. .. ત્યાં છે ..માં છે. ...

મુમુક્ષુ :- સ્થાનકવાસીને?

ઉત્તર :- સ્થાનકવાસીનો સાધુ હતો, પછી થયો દેરાવાસી અને અહીં બધું થોકડાનું જ્ઞાન હતું કેટલુંક પછી અહીંનો થયો એટલે ... શ્વેતાંબર. નામ ભૂલી ગયા. ત્યાં વાંચે છે વીંછીયામાં. ઘણા વર્ષની વાત છે હોં ૭૮. અપાસરામાં. અપાસરામાં. સંપ્રદાયમાં હતા. ... ઘણા છોકરા એમ કે છોકરાને જ્ઞાન દેવા. નહિતર છે દેરાવાસી. આવડા શિષ્ય બનાવે. નામ ભૂલી ગયા નામ હતું કાંઈક. આમાં શું છે?

મુમુક્ષુ :- જ્ઞાન ચિંતામણી હતું?

ઉત્તર :- ના, ના જ્ઞાન ચિંતામણી નહોતું કાંઈક નામ હતું. ઘણા વર્ષની વાત છે ૭૮ની. તે દિ' ગયા હતા સ્થાનકવાસીના અપાસરામાં છે. એના કપાટમાં પુસ્તકો થોકડા સંગ્રહ છે બધો ... એમાં શું થયું પણ? એ કાંઈ જ્ઞાન નથી. જ્ઞાન તો જ્ઞાનીના જ્ઞાનનું જ્ઞાન થાય. આત્માનું જ્ઞાન એ જ્ઞાન છે. આહા..હા..! ભલેને થોડું હોય છતાં એ વિજ્ઞાન છે અને આ અગિયાર અંગના કરોડો શ્લોકો કંઠસ્થ હોય, અબજો શ્લોકો હોય છતાં એ અજ્ઞાન છે. જેમાં ભગવાન આત્મા આવ્યો નહિ એ જ્ઞાનને જ્ઞાન શું કહીએ? કહે છે.

'**ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્ર-ભણતર વડે કરી શકાતું નથી (અર્થાત્ શાસ્ત્ર-ભણતર તેને શુદ્ધાત્મજ્ઞાન કરી શકતું નથી); માટે તેને**

**શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે;...'** છે લ્યો. શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે **'અને તેથી જ્ઞાનશ્રદ્ધાનના અભાવને લીધે તે અજ્ઞાની ઠર્યો - નક્કી થયો.'** લ્યો. થોડુંક બાકી છે આમાં. હવે આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ-૬, બુધવાર, તા. ૦૬-૦૬-૧૯૭૩**
**ગાથા - ૨૭૪ થી ૨૭૭, પ્રવચન-૪૦૦**

૨૭૪ ગાથાની ટીકા. બંધ અધિકાર. ... શાસ્ત્ર ભણી નાખ્યા. ઈ કહેવું છેને? **'તેને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે;...'** કારણ કે શાસ્ત્ર ભણવાનો ગુણ તો એ છે કે સ્વનો આશ્રય લઈને અનુભવ કરવો. સમજાણું કાંઈ? શાસ્ત્ર ભણવાનો ગુણ જ ઈ છે એમ કહે છે. ગુણનો અર્થ કે શાસ્ત્ર ભણે એમાં કહેવું છે ઈ કે અંતરનો આશ્રય લે અને અનુભૂતિ આત્માની પ્રગટ કર. એ શાસ્ત્રને કહેવું છે એ તો કહ્યું. સમજાણું કાંઈ? **'અને તેથી જ્ઞાનશ્રદ્ધાનના અભાવને લીધે...'** એને જ્ઞાન જ નથી એમ કહે. અગિયાર અંગ ભણ્યો છતાં આત્માનું જ્ઞાન નથી કર્યું અને શ્રદ્ધા પણ નથી એને. બેયના **'અભાવને લીધે તે અજ્ઞાની ઠર્યો...'** લ્યો, આટલું કરે બિચારા વ્રત, તપ બહુ કરે. શાસ્ત્ર ભણે. કરોડો શ્લોક કંઠસ્થ કરે. એક કરોડ નહિ એવા તો એકાવન કરોડનું તો એક પદ એવા તો અઢાર હજાર પદ. મોઢે કરેને? આત્મામાં નથી. આહા..હા..! ઈ કહે છે લ્યો. **'તેથી જ્ઞાનશ્રદ્ધાનના અભાવને લીધે તે અજ્ઞાની ઠર્યો - નક્કી થયો.'** લ્યો.

**'ભાવાર્થ : અભવ્ય જીવ અગિયાર અંગ ભણે તોપણ તેને શુદ્ધ આત્માનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી;...'** આત્માનું જ્ઞાન અને શ્રદ્ધાન થતું નથી. બીજું તો ઘણું કર્યું. આહા..હા..! **'તેથી તેને શાસ્ત્રના ભણતેર ગુણ ન કર્યો;...'** શાસ્ત્ર ભણવાનો ગુણ જે જોઈએ આત્મજ્ઞાન અને આત્મદર્શનની શ્રદ્ધા એ તો થયા નહિ. **'તેથી તે અજ્ઞાની જ છે.'** માથે વાત કરવી હતીને કે અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે. છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો? એનો ઉત્તર છે આ.

## ગાથા-૨૭૫

तस्य धर्मश्रद्धानमस्तीति चेत् -

सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो च फासेदि।
धम्मं भोगणिमित्तं ण दु सो कम्मक्खयणिमित्तं।।२७५।।
श्रद्दधाति च प्रत्येति च रोचयति च तथा पुनश्च स्पृशति।
धर्मं भोगनिमित्तं न तु स कर्मक्षयनिमित्तम्।।२७५।।

अभव्यो हि नित्यकर्मफलचेतनारूपं वस्तु श्रद्धत्ते, नित्यज्ञानचेतनामात्रं न तु श्रद्धत्ते, नित्यमेव भेदविज्ञानानर्हत्वात्। ततः स कर्ममोक्षनिमित्तं ज्ञानमात्रं भूतार्थं धर्मं न श्रद्धत्ते, भोगनिमित्तं शुभकर्ममात्रमभूतार्थमेव श्रद्धत्ते। तत एवासौ अभूतार्थधर्मश्रद्धानप्रत्ययनरोचनस्पर्शनैरुपरितनग्रैवेयकभोगमात्रमास्कन्देत्, न पुनः कदाचनापि विमुच्येत। ततोऽस्य भूतार्थधर्मश्रद्धानाभावात् श्रद्धानमपि नास्ति। एवं सति तु निश्चयनयस्य व्यवहारनयप्रतिषेधो युज्यत एव।

---

ફરી શિષ્ય પૂછે છે કે - અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; છતાં 'તેને શ્રદ્ધાન નથી' એમ કેમ કહ્યું ? તેનો ઉત્તર હવે કહે છે :-

તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,
તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને. ૨૭૫.

ગાથાર્થ :- [सः] તે (અભવ્ય જીવ) [भोगनिमित्तं धर्मं] ભોગના નિમિત્તરૂપ ધર્મને જ [श्रद्दधाति च] શ્રદ્ધે છે, [प्रत्येति च] તેની જ પ્રતીતી કરે છે, [रोचयति च] તેની જ રુચિ કરે છે [तथा पुनः स्पृशति च] અને તેને જ સ્પર્શે છે, [न तु कर्मक्षयनिमित्तम्] પરંતુ કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નહિ. (કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નથી શ્રદ્ધતો, નથી તેની પ્રતીત કરતો, નથી તેની રુચિ કરતો અને નથી તેને સ્પર્શતો.)

ટીકા :- અભવ્ય જીવ નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે પરંતુ નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો કારણ કે તે (અભવ્ય) સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે. માટે તે (અભવ્ય જીવ) કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો, ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે; તેથી જ તે

અભૂતાર્થ ધર્મનાં શ્રદ્ધાન, પ્રતીત, રુચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી. તેથી તેને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે (સાચું) શ્રદ્ધાન પણ નથી.

આમ હોવાથી નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.

ભાવાર્થ : અભવ્ય જીવને ભેદજ્ઞાન થવાની યોગ્યતા નહિ હોવાથી તે કર્મફળચેતનાને જાણે છે પરંતુ જ્ઞાનચેતનાને જાણતો નથી; તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી. તે શુભ કર્મને જ ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે તેથી તેના ફળ તરીકે ગ્રૈવેયક સુધીના ભોગને પામે છે પરંતુ કર્મનો ક્ષય થતો નથી. આ રીતે સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન નહિ હોવાથી તેને શ્રદ્ધાન જ કહી શકાતું નથી.

આ પ્રમાણે વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી નિશ્ચયનય વડે કરવામાં આવતો વ્યવહારનો નિષેધ યોગ્ય જ છે.

અહીં એટલું વિશેષ જાણવું કે - આ હેતુવાદરૂપ અનુભવપ્રધાન ગ્રંથ છે તેથી તેમાં ભવ્ય-અભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય છે. હવે જો આને અહેતુવાદ આગમ સાથે મેળવીએ તો - અભવ્યને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ, કેવળીગમ્ય આશય રહી જાય છે કે જે છદ્મસ્થને અનુભવગોચર નથી પણ હોતો, માત્ર સર્વજ્ઞદેવ જાણે છે; એ રીતે કેવળ વ્યવહારનો પક્ષ રહેવાથી તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે. અભવ્યને આ વ્યવહારનયના પક્ષનો આશય સર્વથા કદી પણ મટતો જ નથી.

## ગાથા-૨૭૫ ઉપર પ્રવચન

હવે શ્રદ્ધા સંબંધી પૂછે છે. વ્રતાદિની વાત થઈ ગઈ. ચારિત્ર વિનાનો છે એ. પછી અહીંયાં જ્ઞાન વિનાનો છે. હવે ઈ ધર્મની શ્રદ્ધા વિનાનો છે એમ .. 'ફરી શિષ્ય પૂછે છે કે-અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; છતાં 'તેને શ્રદ્ધાન નથી' એમ કેમ કહ્યું ? તેનો ઉત્તર હવે કહે છે :-'

सद्दहदि य पत्तेदि य रोचेदि य तह ण्णो च फासेदि।
धम्मं भोगणिमित्तं ण दु सो कम्मक्खयणिमित्तं।।२७५।।
તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,
તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને. ૨૭૫.

'**ટીકા :- અભવ્ય જીવ નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે...**' લ્યો, એ તો રાગનું ફળ અને રાગનું કરવું. આહા..હા..! ઈ રાગનું કરવું અને રાગનું ફળ એવી ચેતનાને વસ્તુ શ્રદ્ધે છે. જ્ઞાનચેતના તે એનું ફળ નથી. અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો છતાં. એ વસ્તુ બીજી, આ વસ્તુ બીજી. આહા..હા..! '**અભવ્ય જીવ નિત્યકર્મફળચેતનારૂપ...**' એ તો કાયમ એને રાગ અને રાગનું ફળ એની એને શ્રદ્ધા છે. કારણ કે એ એના અનુભવમાં છે. આહા..હા..! '**પરંતુ નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો...**' નિત્યજ્ઞાન ચેતનામાત્ર. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા જેમાં રાગનું કરવું અને રાગનું ભોગવવું એ વસ્તુ જ નથી. આહા..હા..! જે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એનું જે ચેતન થઈને નિત્ય જ્ઞાનચેતનામાત્ર વસ્તુ. વસ્તુ તો નિત્ય જ્ઞાનચેતનામાત્ર છે. રાગનું ચેતવું અને રાગનું ફળ એ વસ્તુમાં છે નહિ. આહા..હા..!

'**કારણ કે તે (અભવ્ય) સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે.**' આહા..હા..! ત્રણે કાળની વાત છેને? અહીં તો દૃષ્ટાંત લેવો છેને? આ તો કહે અભવિને જ આમ છે એમ નહિ. જે જીવને રાગ અને રાગના ફળની ઉપર દૃષ્ટિ છે એ બધા જીવો કર્મચેતનાને અનુભવનારા છે. એને રાગથી રહિત નિત્યજ્ઞાનચેતના સ્વરૂપ ભગવાન આત્મા એની એને શ્રદ્ધા ખબર નથી. વસ્તુની ખબર નથી એટલે શ્રદ્ધા ક્યાંથી આવી? જે સ્વસન્મુખ થઈને આનંદ અને વેદન જોઈએ જ્ઞાન ચેતનામાં. જ્ઞાન જ્ઞાનને ચેતે એકાગ્ર થઈને ત્યાં તો આનંદ આવવો જોઈએ. એનો તો અભાવ છે. આહા..હા..! વસ્તુ તો એ છે કહે છે જોયું? '**નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુ...**' આહા..હા..! રાગને, વ્યવહારરત્નત્રયના રાગને કરવો કે એના ફળને ભોગવવું એ વસ્તુસ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

'**અભવ્ય જીવ નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે**' આટલો ભરોસો તો છે. .. એટલે શું પણ? અને એની શ્રદ્ધામાં પણ એ લીધું એણે. શું લીધું? કે રાગ અને રાગનું ફળ એ શ્રદ્ધામાં લીધું. રાગ વિનાનો નિત્યાનંદ ચૈતન્યમૂર્તિ એની દૃષ્ટિ કરી નહિ. સમજાણું કાંઈ? નિત્યકર્મચેતનાફળ. આહા..હા..! '**સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે.**' આહા..હા..! રાગથી ભિન્ન પાડીને આત્માનું વેદન, શાંતિ અને આનંદ ... અભવિ અથવા રાગના ચેતવાવાળા જીવો અચેત છે. રાગના ભાવ અને અગિયાર અંગનું ભણતર એ રાગનું ભણતર છે એમ કહ્યું. આહા..હા..! ઈ જ્ઞાન કોને કહે? એકાવન કરોડ જાજેરા શ્લોક તો એક પદના. એવા-એવા અઢાર હજાર પદ આચારાંગના. એવા ડબ્બલ. આહા..હા..! પણ એ બધા ગડીયા, રાગના ગડીયા છે. આત્મા ન આવ્યો એમાં. જ્ઞાનનું જ્ઞાન અને જ્ઞાનનું જ્ઞાનને ચેતવું જોઈએ. એ ન આવ્યું. એથી ધર્મની શ્રદ્ધા વિનાનો છે. આહા..હા..! હજારો રાણી છોડે, બાળ બ્રહ્મચારી થાય, ઉદાસ સંસારથી, સેંકડો અપવાસ કરે, મૌન સેવે, એવું

લાખો, કરોડો, અબજો વર્ષ સુધી એક ભવે કરે અને ઓલા અનંતભવે કરે, પણ એ બધી ક્રિયા રાગની ક્રિયા છે કહે છે. રાગને શ્રદ્ધે છે. જે ચીજ નજરમાં નથી આવી એની શ્રદ્ધા ક્યાંથી કરે? આ રાગ તો વેદનમાં આવ્યું છે. એમ કહે છે. આહા..હા..!

આ હમણા જુઓ ઓલા આવ્યા હતા. કતલખાના ભાઈ ઈ. મુંબઈ જીવદયા કાલે નહોતા કહેતા? ... લાખ-લાખ તો બળદ એક વર્ષે કપાય છે. એણે કાંઈક કીધા છે હથિયાર આમ કાપે. ... આહા..હા..! .. ... મારે અને પછી કાપે. આહા..હા..! આ માનવતાના ધંધા અને પછી માનવતાની રીતે સંહાર કરીએ. આ માનવતા કાળા કરે છે. આ પ્રજા તંત્ર તો કહે રાજ આવ્યું. આ પ્રજા.. પહેલા આવું નહોતું. મુંબઈ પાસે તો .. છે. બે કલાકનો રસ્તો. પ્લેનમાં મુંબઈનો. બળદને આમ કાપે અને એમાંથી આ કાઢે. અરરર..! આ તો રાગની ક્રિયા મિથ્યાત્વની છે. પણ જેને અગિયાર અંગના ભણતરમાં રોકાઈ ગયેલો છે એ પણ કષાઈખાનુ માંડ્યું છે એણે. આહા..હા..! આત્માની શાંતિને ચીરી નાખે છે. આહા..હા..! રાગના વેદનમાં એકલો પડ્યો છે.

‘**સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે. માટે તે (અભવ્ય જીવ) કર્મથી છૂટવાના નિમિત્તરૂપ,...**’ કર્મ છૂટવાના નિમિત્તરૂપ. કર્મ તો છૂટે એને કારણે. એના ‘**નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો,...**’ દેખો, પર્યાયને ભૂતાર્થ ધર્મ કીધો. આહા..હા..! ત્રિકાળ ભૂતાર્થ વસ્તુ છે એ તો વસ્તુ છે, પણ અહીં તો ભૂતાર્થને આશ્રયે જે પર્યાય નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થઈ તેને અહીં ભૂતાર્થ ધર્મ કહે છે. સાચો ધર્મ, સત્ય ધર્મ. આહા..હા..! ભૂતાર્થને આશ્રયે પ્રગટે ઈ ..દશા. આહા..હા..! ‘**જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને...**’ દેખો, આહા..હા..! એકલો ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા જેમાં જ્ઞાનસ્વરૂપી પ્રભુ એની એકાગ્રતા. .. ભૂતાર્થ ધર્મનું સ્વરૂપ એને તો શ્રદ્ધતો નથી. એ રાગની ક્રિયાને શ્રદ્ધે છે. આહા..હા..! આકરું કામ. જગતને અનાદિથી, અનાદિથી આવું કર્યું છે એમ કહે છે. એ અભવિનો તો દાખલો આપ્યો છે. આહા..હા..! આવા વ્યવહારના પક્ષમાં તો અનાદિથી ઉભો છે કહે છે. વ્યવહારનો પક્ષ તો વ્યવહાર સર્વથા અત્યંત મિથ્યાત્વ હોય છે. રાગ પરલક્ષીભાવ, પરલક્ષીજ્ઞાન, પરલક્ષી ભાવની શ્રદ્ધા, પરલક્ષીનું આચરણ ત્રણે અભૂતાર્થ ધર્મ છે, અસત્યાર્થ ધર્મ છે. અસત્યાર્થ ધર્મ છે, જૂઠો ધર્મ છે. આહા..હા..!

‘**જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો, ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર,...**’ જુઓ, આમ એને એમ નથી કે આમાંથી મને ભોગ મળે. પણ રાગનો અનુભવ છે એટલું એનું ફળ જ ઈ છે. આહા..હા..! રાગ વિનાનો ભગવાન જ્ઞાનમાત્ર ચૈતન્ય એની તો દૃષ્ટિ નથી. આવા પંચ મહાવ્રત પાળે, ઈર્યા, સમિતિ આદિ, .. સાવધાનપણે રહે, તપમાં પરિપૂર્ણ વર્તે. તપની જે કાંઈ ક્રિયા વિનય, બહાર ભગવાનનો વિનય, શાસ્ત્રનો વિનય,

બહુ જ આવે આહા..હા..! ઈ ભગવાન આત્મા એક રહી ગયો. એ કહે છે '**શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને...**' જુઓ, ભાષા. જૂઠો ધર્મ છે પુણ્ય. હવે આ કહે છે કે શુભભાવ તે ધર્મ અત્યારે છે લ્યો. અરે..! પ્રભુ! શું કરે છે આ? આવા કાળે આવો મનુષ્યભવ. આહા..હા..! આવા કતલખાના. જુઓને કપાઈ જાય છે ત્યાં. અનંતવાર એમાં આવ્યો છે. આહા..હા..! કોના નામ અને કોના સન્માન? કોની પાસેથી તારે જોઈએ છે? આહા..હા..! ઘેટા, બકરા લાખો-લાખો. એક લાખ તો બળદ છે. એ સિવાય ઘેટા કેટલા, .. નહિ? ..લાખ? એટલા ઘેટા બાર મહિનામાં. ગજબ છેને. એય..! બિચારા..

મુમુક્ષુ :- એની ખાનારાની સંખ્યા...

ઉત્તર :- મોટી સંખ્યા. અરરર..! માંસ ખાનારા ઘણા. એમ રાગને માનનારા ઘણા નીકળ્યા કહે. આહા..હા..! અભૂતાર્થ ધર્મને શ્રદ્ધનારા એ બધા. આહા..હા..! શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, શાસ્ત્રજ્ઞાન એ બધો શુભભાવ છે કહે છે. આહા..હા..! એ '**શુભકર્મમાત્ર,...**' ... ...

મુમુક્ષુ :- એ તો અભવિને લાગુ પડે, ભવિને ન લાગુ પડે.

ઉત્તર :- હા ઈ તો એમ કહે છે પણ. પણ આ તો દાખલો આપ્યો છે. આહા..હા..! બહારમાં શું પણ પોતાનું? મરી જાય છે અનાદિથી. કહે છે કે ભાઈ તને તો અભવિ જીવની શ્રદ્ધા તને .. બધાને ... રાગના કણને સેવનારો, જૂઠા ધર્મને સેવનારો. આહા..હા..! દયા, દાન, વ્રત, તપ, સમિતિ, ગુપ્તિ એ બધો જૂઠો ધર્મ છે. શાસ્ત્રનું ભણવું જૂઠો ધર્મ છે. આહા..હા..! અમથું નહોતું કહ્યું શાસ્ત્રનું ભણવું વ્યભિચાર...

મુમુક્ષુ :- પદ્મનંદી આચાર્ય

ઉત્તર :- પદ્મનંદી આચાર્યમાં છે. આહા..હા..! એમાંય વાંધા કરે. શું કરે ભગવાન! તને ગોઠે છે. ... ...

અહીં તો સવારમાં તો આવ્યું ભાઈ! આહા..હા..! હું તો પૂર્ણ પર્યાયમાં પૂર્ણ છું અત્યારે હોં. આહા..હા..! એ ઓલામાં હતું એ જુદી વસ્તુ. અહીં તો શુદ્ધને ચીંતવવો છેને પરિપૂર્ણ પર્યાયની ... ત્યાં. .. તો શ્રદ્ધા .. પર્યાયથી ચીંતવે તો પર્યાય તો ... ત્યારે પર્યાય યથાર્થ કહેવાય. રાગાદિની ઉપાધિ નહિ. તને ખબર નથી. આહા..હા..! પુણ્ય થવાનો યોગ છે એમ આવે છેને? એનો અર્થ પર્યાયમાં થવાનો યોગ છે. વસ્તુ તો વસ્તુ છે. આહા..હા..! વસ્તુ તો ચૈતન્યઘન, આનંદકંદ પ્રભુ ત્રિકાળ વસ્તુ એ છે. એની વર્તમાન પર્યાયમાં એની યોગ્યતા થવાનો છે એવો એનો સ્વભાવ છે. એથી એને ત્રિકાળ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

અહીં તો કહે છે કે શુભરાગ વિકલ્પ છે. એને એ ધર્મ માનનાર એ '**જ્ઞાનમાત્ર, ભૂતાર્થ**

**(સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો,...'** આહા..હા..! એ સ્વના આશ્રયે સન્મુખ બુદ્ધિ કરતો નથી. બધી પરસન્મુખની વાતું કરે છે. શાસ્ત્ર તે પરસન્મુખની ક્રિયા, ક્રિયા વ્રત, તપ એ પરસન્મુખની. એમાં કાંઈ સ્વસન્મુખ આવ્યો નહિ. શ્રદ્ધા તો પરસન્મુખની. રાગની મંદતા શુભ કર્મ એની શ્રદ્ધા એને. આહા..હા..! **'ધર્મને નથી શ્રદ્ધતો, ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે;...'** અભૂતાર્થ કહો કે જૂઠો કહો.

મુમુક્ષુ :- ... કહે છે.

ઉત્તર :- .. ઈ શ્રદ્ધે છેને. ... છે. આહા..હા..! શાસ્ત્ર ભણે એટલે મને લાભ છે. રાગની ક્રિયાની મંદતાના ભાવમાં .. મને લાભ છે. એવો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાન જૂઠા ધર્મને જ શ્રદ્ધે છે. જુઓ, જ છે ત્યાં.

**'તેથી જ તે અભૂતાર્થ ધર્મનાં શ્રદ્ધાન,...'** જૂઠાં ધર્મના રાગની શ્રદ્ધા, રાગની **'પ્રતીત,...'** એટલે જ્ઞાન. રાગની **'રુચિ...'** એવી જ્ઞાનની પર્યાય .. રાગની. **'અને સ્પર્શન...'** ઈ એને **'અભૂતાર્થ ધર્મનાં શ્રદ્ધાન, પ્રતીત, રુચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે...'** ઉત્કૃષ્ટ વાત લીધી છે. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' આહા..હા..! અરેરે..! બિચારા આવા પ્રાણી! આમ બળદને કાપે એને આ ક્યાં જાવું છે? એને .. ભાઈ તને. એને ખબર નથી. બહારમાં .. આપે બે આના, ત્રણ આના, ચાર આના. .. પેદાશ ઘણી થાય. આહા..હા..! તારી તો ઈ જાત જ કહે છે. આહા..હા..! રાગના ભાગને પરને શ્રદ્ધનારો એને શ્રદ્ધાનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાં પણ ન પામે. આહા..હા..! નવમી ગ્રૈવેયક. તમારા કરોડપતિ, અબજપતિ તો ક્યાંય રહી ગયા નીચે. એવા જેને અહમેન્દ્રના જેને ... ઈન્દ્રાણી પણ જ્યાં નથી. એટલું બધું પણ જેને બહારથી નિવૃત્તિપણું છે. એના ભોગને ઈ પામે. આહા..હા..! અશુભરાગથી બહુ ખસી ગયો છે. નિશ્ચયથી અશુભ પાપ છે એનાથી તો મિથ્યાત્વથી તો ખસ્યો નથી. એવા શુભભાવથી ઘટ્યો છે. એવી નિવૃત્તિ તદ્દન પૂર્ણ જ્યાં .. બહારની. આહા..હા..! એવા નવમી ગ્રૈવેયકના ભોગને પામે.

**'ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને...'** એમ લીધું. **'પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી.'** કોઈ દિ' પુણ્યના પરિણામ અને પાપના ભાવથી છૂટતો નથી. આહા..હા..! અહીં તો થોડું પણ દાન આપ્યું હોય બે હજાર રૂપિયાનું. તો કાંઈક એમાં તપ કર્યો, અપવાસ. બહાર દેખાવ કરવો કે જુઓ અમે આ કર્યું છે. અરેરે..! એવી વાતું તો બહુ ઉંચી છે. આ તો કહે છે નિવૃત્તિ એટલી કરી છે જેણે, જગતને માટે નહિ, પોતાના રાગની મંદતામાં ભલે માને કે એ તો ધર્મ થયો, પણ રાગની મંદતામાં એટલો બધો મશગુલ હતો કે બહારની જેને દરકાર નહોતી. આહા..હા..! માન-સન્માન કોઈ આપે, મોટો કહે. કહો, સમજાણું કાંઈ? પાંચ-દસ હજાર રૂપિયા ખર્ચ્યા હોય તો ઈ પાછુ લોકો કેમ જાણે ઈ?

મુમુક્ષુ :- છાપામાં આપે.

ઉત્તર :- છાપામાં આપે. લ્યો, આહા..હા..! અરેરે..!

મુમુક્ષુ :- બીજાને ભાવ થાય

ઉત્તર :- ભાવ થાય એટલે આપે એ ઠીક છે. કારણ કે બીજાને અનુકૂળ પડવા માટે કરે છે. પણ એની અંદર મીઠાશ છે એને. આહા..હા..! આત્માનો દેખાવ અંદરમાં કરવો જોઈએ એ વાત છે નહિ એમ કહે છે. આહા..હા..!

'**પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી.**' આટલું આચરણ અગિયાર અંગનું જ્ઞાન અને એનો વ્યવહાર શુભભાવની શ્રદ્ધા, અભૂતાર્થ ધર્મની શ્રદ્ધા. આહા..હા..! આવા કતલખાનામાં જાય પછી. આહા..હા..! રાડે રાડ નાખે. એમાં એ .. ભુંડને પહેલા નીચેથી (સળગાવે) કરે. ડુક્કરને. પછી કાપે નિરાંતે. .. થયું હતુંને ... એકદમ .. દુઃખ થાય. દુઃખ તો આકુળતાનું છે ઈ છે એમાં. આહા..! લોકો આ સંયોગ તરફ એમાં દુઃખ માને છે. આનંદથી ઉંધો પડીને આકુળતામાં ગયો છે એનું દુઃખ છે. આહા..હા..! '**તેથી તેને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે...**' જોયું? '**(સાચું) શ્રદ્ધાન પણ નથી.**' એમ કહે છે. દ્રવ્યની શ્રદ્ધા.. આહા..હા..! મોક્ષની, મોક્ષમાર્ગની શ્રદ્ધા નથી. આહા..હા..! '**તેને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે (સાચું) શ્રદ્ધાન પણ નથી.**' સાચી શ્રદ્ધા નથી. આહા..હા..! ત્રણે બોલ આવી ગયા. .. નામ આવ્યું હતુંને? શીલ અને તપ. માથે તપ કહ્યું પહેલું. ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિની સાવધાનીપણું, અહિંસાદિ પંચ મહાવ્રત આવો વ્યવહાર ચારિત્ર. અને અગિયાર અંગનું ભણતર એવું વ્યવહાર જ્ઞાન. આહા..હા..! અને રાગની મંદતાનો ધર્મ, અભૂતાર્થ ધર્મ. એટલો બધો કે શુક્લલેશ્યા. જેમાં દુનિયા મને કાંઈક દેખે, માન આપે એવી પણ દરકાર નથી જ્યાં. નહિતર તો એ ગ્રૈવેયક જઈ શકે નહિ. આહા..હા..! એવા શુક્લલેશ્યાના પરિણામ, પણ એ રાગની મંદતાનો શુભરાગ છે. એ અભૂતાર્થ ધર્મ છે. આ તત્ત્વની વસ્તુની ખબર ન હોય, તત્ત્વદૃષ્ટિ વાસ્તવિક નથી છતાં કહે છે કે અમને આનંદ આવે છે. એ બધો શુક્લલેશ્યાનો ભાવ છે. આહા..હા..! કોઈ .. શુક્લલેશ્યા હોય છે એને. એનો એને મીઠો રસ ઉંડો લાગે .. એને એ આત્માનો અનુભવ માને છે. આહા..હા..! ઉંડે-ઉંડે જાય છે. એટલે બહારથી પ્રવૃત્તિ ખસીને અંદરમાં જરી રાગની મંદતાના એટલા બધા ભાવમાં જાય એટલે એને એમ લાગે કે બહુ શાંતિ ઘણી. સાચી શાંતિની ખબર નથી બાપુ!

ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવથી ભરેલો એનું સ્પર્શન થવું એ તો અલૌકિક વાત છે. એ વિનાનો આનંદ-આનંદ કરે એ બધા ગપ્પ મારેલા છે. આહા..હા..! આ આવ્યું હતું ને ઉંડે-ઉંડે જતા આનંદ આવે છે એ વાત ... ... તને તારી ખબર નથી. આહા..હા..!

'**તેથી તેને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે (સાચું) શ્રદ્ધાન પણ નથી.**'

પંચ મહાવ્રત આદિ ચારિત્ર પણ નથી. નિશ્ચયનું જ્ઞાન પણ સાચું નથી અને શ્રદ્ધાન પણ નથી. ત્રણ નથી એમ કહ્યું છે. આહા..હા..! શીલ અને તપમાં પરિપૂર્ણ સમિતિ, ગુપ્તિમાં સાવધાનપણે, પંચ મહાવ્રતાદિના ભાવનું શુભપણું, અતિચારરહિત પણ હોય, છતાં એ તો શુભભાવ છે, વ્યવહાર છે, નિશ્ચય ધર્મમાં એનો કોઈ અધિકાર નથી. એટલું કરે તો .. થાય. આ તો પરલક્ષના ભાવે સ્વલક્ષનો આશ્રય થાય એ ત્રણ કાળમાં બને નહિ. આહા..હા..! એથી કહે છે કે એને ચારિત્ર પણ નથી, એને જ્ઞાન પણ નથી, એને સાચી શ્રદ્ધા પણ નથી. ત્રણે આવી ગયા. કેમકે એ બધા વ્યવહારના આચરણમાં એ ત્રણે માન્યું છે.

'**આમ હોવાથી...**' હવે સરવાળો લીધો. '**નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.**' તેનો આશ્રય કરીને વિકલ્પાદિ જે વ્યવહાર આ ત્રણે કહ્યા એનો નિષેધ છે. વ્યવહારનો નિષેધ છે અને નિશ્ચય નિષેધ કરનાર છે. આહા..હા..! વ્યવહારનય નિષેધ કરવા લાયક છે. પરિણતિ શુદ્ધ પર્યાય. નિશ્ચય ધર્મ કીધોને? નિર્મળ પરિણતિ દ્વારા મલિન પર્યાયનો નિષેધ વર્તે છે. અને એનો ખુલાસો કર્યો છેને જયચંદ પંડિતમાં કર્યો છે થોડો. એ અંદરમાં એકાગ્ર થાય ત્યાં વ્યવહારનો નિષેધ વર્તે એટલે? વ્યવહાર હોતો નથી એમ. જયસેન આચાર્યમાં. આ વ્યવહાર નિષેધ.. એમ ક્યાં છે? પણ અંદરમાં સ્વભાવમાં આવતા વ્યવહારની ઉત્પત્તિ જ થતી નથી એથી નિષેધ કરવાલાયક છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આમ નિષેધ કરું એ તો પર ઉપર લક્ષ છે. પણ આ વ્યવહાર નિષેધ કરવાલાયક કેમ છે? કે એનાથી આત્માને કાંઈ લાભ નથી. એથી આત્માની શુદ્ધ પરિણતિને આશ્રયે લાભ છે. એથી આને આદરવાલાયક નથી, નિષેધવાલાયક છે.

અંતરમાં શુદ્ધ ભગવાન આત્માના સ્વભાવ સન્મુખ જતાં એ વ્યવહાર નિષેધરૂપે થઈ જાય છે. વ્યવહાર ઉત્પન્ન જ થતો નથી. શુદ્ધ ઉત્પન્ન થાય છે. એથી શુદ્ધની ઉત્પત્તિમાં અશુદ્ધની ઉત્પત્તિનો નિષેધ છે. મારે! બહારના .. એવા મારી નાખ્યા. આ સંયમ લીધા, વ્રત લીધા, દીક્ષા લીધી. આહા..હા..! અનાદિનું છે પણ અત્યારે તો બહુ લીધું છે .. આ તો સૂક્ષ્મની વાત છે. આ તો સ્થૂળ જેમાં પોતાના મહાવ્રતના એ પણ ન મળે, શાસ્ત્રનું વ્યવહારું જ્ઞાન યથાર્થ જોઈએ એના પણ ઠેકાણા ન મળે.

આ રીતે '**આમ હોવાથી નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.**' લ્યો, '**ભાવાર્થ :- અભવ્ય જીવને ભેદજ્ઞાન થવાની યોગ્યતા નહિ હોવાથી તે કર્મફળચેતનાને જાણે છે...**' તે રાગનું ફળવું અને રાગનું શુભભાવનું મળવું એ જાણે છે લ્યો. કર્મફળને જાણે છે. આત્માના આનંદના ફળને જાણતો નથી. આહા..હા..! એને આવું સાંભળ્યું ન હોય એટલે એવું લાગે કે આહા..હા..! માર્ગ જ આ છે. અને તે તો ધર્મી-ધર્મી ચીજ છે ત્યાં જાવું છે. સમજાણું? આહા..હા..! અભવ્ય જીવને રાગથી ભેદજ્ઞાન, વ્યવહારથી

ભેદજ્ઞાન કરવાની લાયકાત નથી એમ કહે છે. 'તે **કર્મફળચેતનાને જાણે છે...**' રાગને જ જાણે છે લ્યો. રાગનો જ એને અનુભવ છે એમ કહે છે. ભોગ.. રાગને ભોગવે છેને? ભલે એવું ન હોય કે આ બધું કરું છું એનું ફળ મને સ્વર્ગ મળે. પણ આ રાગને ભોગવે એનો અર્થ જ એ છે. રાગનું જ વેદન છે એ તો રાગ જ અનુભવે છે.

'**પરંતુ જ્ઞાનચેતનાને જાણતો નથી;...**' જોયું? એ તો આવી ગયું છે અંદર. નિત્ય જ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો. જ્ઞાનચેતના જાણનાર જ્ઞાનની એકાગ્રતા તેને તો જાણતો જ નથી. આહા..હા..! '**તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી.**' શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન નથી. આત્મિક ધર્મનું શ્રદ્ધા નથી એમ કીધુંને? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.. શ્રદ્ધાન '**તે શુભ કર્મને જ ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે...**' એટલે શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, શાસ્ત્ર ભણવું અને એની શ્રદ્ધા, એમાં જ એની જિંદગી કાઢે છે. શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી. '**તે શુભ કર્મને જ ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે...**' લ્યો, '**તેથી તેના ફળ તરીકે ગ્રૈવેયક સુધીના ભોગને પામે છે...**' અનુભવ ન થાય. આત્માનો અનુભવ ભોગવટો ન આવે. આહા..હા..!

'**પરંતુ કર્મનો ક્ષય થતો નથી.**' અંશેય થતો નથી એમ. મિથ્યાત્વનો ક્ષય થવો જોઈએને? એ અંશે પણ થતો નથી કહે છે. આવી મંદ મિથ્યાત્વની ક્રિયા, અનંતાનુબંધીના મંદની ક્રિયા એ મંદ છે. નવમી ગ્રૈવેયક જાય તે મિથ્યાત્વ છે એનું મંદપણું છે, અભાવપણું નથી. અનંતાનુબંધીનો પણ એને મંદપણું છે. મંદની વ્યાખ્યા જુદી નથી. મંદ અને તીવ્ર બેય કર્મની જાત છે. આહા..હા..! મંદ અને તીવ્ર, મંદથી ખસી જઈને જ્ઞાયકમાત્ર ભાવનો આશ્રય કરીને જે આનંદનો અનુભવ આવે એ વાસ્તવિક શુદ્ધ ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! અહીંયાં તો બેસે નહિ મગજમાં અને બહારમાં પછી... આહા..હા..!

'**આ રીતે સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન નહિ હોવાથી તેને શ્રદ્ધાન જ કહી શકાતું નથી.**' નહિ તો આવી શ્રદ્ધા કરે છેને દેવ-ગુરુ-શાસ્ત્રની. પણ ઈ શ્રદ્ધા એ બધું વ્યવહારમાં જાય. દેવ-ગુરુ-શાસ્ત્રને જે નિશ્ચય કહેવું છે એની તો એને શ્રદ્ધાની ખબર નથી. '**તેને શ્રદ્ધાન જ કહી શકાતું નથી. આ પ્રમાણે વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને...**' વ્યવહારનયને આશ્રયે પંચ મહાવ્રત તપની પરિપૂર્ણતા, શાસ્ત્ર ભણતર ઘણું એ બધું '**વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી...**' અભવ્ય જીવને સાચું જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી એમ. વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને... વ્યવહારનયમાં ઈ પડ્યો છે એથી એને જ્ઞાન અને શ્રદ્ધાન છે નહિ એમ કહે છે. '**વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી...**' એમ એનો અર્થ ભેગો એમ કે વ્યવહારનયને આશ્રયે અભવ્ય જીવને જ્ઞાન અને શ્રદ્ધા નથી. ... એનો અર્થ કે વ્યવહારનયને આશ્રયે અભવ્યને... એકલો

આશ્રય પરનો છે જ્યાં. આહા..હા..! એને **'જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી નિશ્ચયનય વડે કરવામાં આવતો...'** જે સ્વરૂપમાં આશ્રય થતાં વ્યવહાર ઉત્પન્ન ન થાય એવો શુભભાવ તે નિષેધ યોગ્ય છે. એ અભાવ કરવાલાયક છે એમ કહે છે. વ્યવહારનો ત્યાજ્ય છે. આહા..હા..!

નિશ્ચયમાં નિઃશંકપણે કેમ ઠરતા નથી કહ્યું હતુંને. વ્યવહારનો જ્યારે ભગવાને ત્યાગ કરાવ્યો એ તો .. નિષ્કંપ અંદર સ્વરૂપની સ્થિરતાનું નિષ્કંપપણે કેમ ઠરતા નથી? એ વ્યવહારના આશ્રયે કાંઈ પણ લાભ થાય એવી દૃષ્ટિ જ્યાં પડી છે. ઉંડે-ઉંડે પડી છે ત્યાં અંતરમાં નહિ જઈ શકે અને આ તો અંતરમાં જઈને વ્યવહારનો નિષેધ થઈ જાય એટલે આ હોય નહિ એ લાભ માટે, માટે વ્યવહારનો નિષેધ કરવાલાયક છે. આહા..હા..! આટલું કરે તોપણ બીજો એને મદદ ન કરીએ. આહા..હા..! એ તો પરલક્ષી ભાવ છે. આહા..હા..! દિશા પરની, દશા પરની. આહા..હા..!

**'જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી નિશ્ચયનય વડે કરવામાં આવતો વ્યવહારનો નિષેધ યોગ્ય જ છે.'** .. ૨૭૨ ગાથામાં. વ્યવહારનયનો નિષેધ છે નિશ્ચય.. 'નિશ્ચયનયાશ્રીત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.'

મુમુક્ષુ :- ખુલાસો આજ બપોરે...

ઉત્તર :- બધું આવી ગયું ત્રણે ...

**'અહીં એટલું વિશેષ જાણવું કે-આ હેતુવાદરૂપ અનુભવપ્રધાન ગ્રંથ છે...'** જુઓ, હેતુવાદરૂપ એટલે હેતુને અનુભવથી વાત કરી છે. એને ભોગનું કારણ એમ કીધુંને? રાગ ભોગનું કારણ એ રાગના ભોગમાં પડ્યો છે. એ હેતુ આપ્યો છે. **'તેથી તેમાં ભવ્ય-અભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય છે.'** વેદનની અપેક્ષાએ નિર્ણય છે એમ કહે છે. **'હવે જો આને અહેતુવાદ આગમ સાથે મેળવીએ તો-અભવ્યને વ્યવહારનયના પક્ષનો...'** એટલે કે અનાદિ રખડનાર જૈન સાધુ દિગંબર થયો, નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો, **'તો-અભવ્યને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ,...'** ઉંડે-ઉંડે પરાશ્રિત ભાવમાં કાંઈ લાભ છે એવી દૃષ્ટિ પામી જાય છે. સમજાણું કાંઈ? ઓલું તો જુઓને ન આવ્યું? ભગવાન પાસે દસ મિનિટ જોવે સામે. આવ્યું હતુંને. દસ મિનિટ મૂર્તિ સામે અંદર. આત્માની ખબર કાંઈ નહિ. નિવૃત્તિ ન મળે અને પ્રવૃત્તિમાં પડ્યા હોય અને જો આવી રીતે બતાવી દે લાભ. બેઠા રહો. ઓહો..હો..! ... છે. સાધુઓ બધાને, ત્યાગી હોય એ બધાને તારે. પંડિતો તો તપ બતાવે સમજી લેવું. ત્યાગી લોકો ઉત્થાન કરે.

**'અભવ્યને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ,...'** અંદર રહી જાય છે. **'કેવળીગમ્ય આશય રહી જાય છે કે જે છદ્મસ્થને અનુભવગોચર નથી પણ હોતો,...'** કોઈને ખ્યાલમાં આવે છે. બહુ .. અને કોઈ પણ ન આવે .. થોડા પરિચયમાં... વ્યવહારનયના સમજ્યાને?

અનુભવગોચર નથી પણ હોતો. નથી જ હોતો એમ નથી કહ્યું. **'માત્ર સર્વજ્ઞદેવ જાણે છે;...'** એને હજી આ બહારના તપ રહી ગયા છે. વ્યવહારનું કરેને વધારે? કે આપણે શું આમાં નુકસાન કરીએ છીએ? આમાં નુકસાન શું છે આપણને? કહો. પણ વ્યવહારને કરે છે એ જ નુકસાન છે. આહા..હા..! વ્યવહારમાં શું આમાં નુકસાન? બીજા જીવોને કાંઈક કર્મમાં લાભ થાય. એવા પત્રો નિકળે, ચોપાનીયા છપાય, કાગળ લખાય એમાં નુકસાન શું છે? એ જ નુકસાન છે સાંભળને. આહા..હા..! આ તો સ્થૂળ વ્યવહારના પક્ષની અજ્ઞાનીની જાત. આ તો સૂક્ષ્મ વિષય છે નવમી ગ્રૈવેયક જવાનું તો. બહારનો કંઈપણ ઉંડે-ઉંડે પક્ષ રહી જાય છે. નહિતર અંતરમાં ગયા વિના રહે નહિ. આ તો સિદ્ધાંત સિદ્ધ કર્યો. અંતરમાં જઈ શકતો નથી એનું કારણ? એને બહારનો સંગ પણ સૂક્ષ્મ પક્ષ રહી જાય છે અંદર. પ્રવિણભાઈ! આરે..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. અનુભવ થવાનો હતો .. હોઈ શકે છે નહિ...

**'એ રીતે કેવળ વ્યવહારનો પક્ષ રહેવાથી...'** કેવળ વ્યવહારનો પક્ષ રહેવાથી. નિશ્ચયનો અનુભવ હોવાથી એમાં રાગ હોય અને વ્યવહાર હોય ખરા, પણ આ તો કેવળ વ્યવહારનો પક્ષ છે એ રાગનો, બસ ક્રિયાનો. શાસ્ત્રના જ્ઞાનનો અને આ જાતની શ્રદ્ધાનો વ્યવહાર બસ. **'તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે.'** આહા..હા..! સર્વથા આવ્યુંને? **'વ્યવહારનો પક્ષ રહેવાથી તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે.'** કથંચિત્ એમ નથી અહીંયાં. આહા..હા..! **'અભવ્યને આ વ્યવહારનયના પક્ષનો આશય સર્વથા કદી પણ મટતો જ નથી.'** લ્યો, કારણ કે એને ત્રિકાળ અયોગ્ય છે. અને જ્યાં સુધી વ્યવહારના પક્ષવાળા એ ભવિ જીવો પણ અભવિ જેવા જ છે ત્યાં સુધી. આહા..હા..! એને લાયક ન આવ્યા, પછી એ લાયક રહ્યા. આહા..હા..! **'અભવ્યને આ વ્યવહારનયના પક્ષનો આશય સર્વથા કદી પણ મટતો જ નથી.'** બે વાત સિદ્ધ થઈ. સર્વથા એટલે અંદર મિથ્યાત્વ રહે છે અને વ્યવહારનયના પક્ષનો આશ્રય સર્વથા કદી પણ મટતો જ નથી. બહુ વાતું!

## ગાથા-૨૭૬-૨૭૭

कीदृशौ प्रतिषेध्यप्रतिषेधकौ व्यवहारनिश्यनयाविति चेत् -

आयारादी णाणं जीवादी दंसणं च विण्णेयं।
छज्जीवणिकं च तहा भणदि चरित्तं तु ववहारो।।२७६।।
आदा खु मज्झ णाणं आदा मे दंसणं चरित्तं च।
आदा पच्चक्खाणं आदा मे संवरो जोगो।।२७७।।
आचारादि ज्ञानं जीवादि दर्शनं च विज्ञेयम्।
षड्जीवनिकायं च तथा भणति चरित्रं तु व्यवहारः।।२७६।।
आत्मा खलु मम ज्ञानमात्मा मे दर्शनं चरित्रं च।
आत्मा प्रत्याख्यानमात्मा मे संवरो योगः।।२७७।।

आचारादिशब्दश्रुतं ज्ञानस्याश्रयत्वाज्ज्ञानं, जीवादयो नवपदार्था दर्शनस्याश्रयत्वाद्दर्शनं, षड्जीवनिकायश्चारित्रस्याश्रयत्वाच्चारित्रमिति व्यवहारः। शुद्ध आत्मा ज्ञानाश्रयत्वज्ज्ञानं, शुद्ध आत्मा दर्शनाश्रयत्वाद्दर्शनं, शुद्ध आत्मा चारित्राश्रयत्वाच्चारित्रमिति निश्चियः। तत्राचारादीनां ज्ञानाद्याश्रयत्वस्यानैकान्तिकत्वाद्व्यवहारनयः प्रतिषेध्यः। निश्चनयस्तु ज्ञानाद्याश्रयत्वस्यैकान्तिक-त्वात्तत्प्रतिषेधकः। तथाहि -

नाचारादिशब्दश्रुतमेकान्तेन ज्ञानस्याश्रयः, तत्सद्भावेऽप्यभव्यानां शुद्धात्माभावेन ज्ञानस्याभावात्; न च जीवादयः पदार्था दर्शनस्याश्रयः तत्सद्भावेऽप्यभव्यानां शुद्धात्माभावेन दर्शनस्याभावात्; न च षड्जीवनिकायः चारित्रस्याश्रयः, तत्सद्भावेऽप्यभव्यानां शुद्धात्माभावेन चारित्रस्याभावात्। शुद्ध आत्मैव ज्ञानस्याश्रयः, आचारादिशब्दश्रुतसद्भावेऽसद्भावे वा तत्सद्भावेनैव ज्ञानस्य सद्भावात्; शुद्ध आत्मैव दर्शनस्याश्रयः, जीवादिपदार्थसद्भावेऽसद्भावे वा तत्सद्भावेनैव दर्शनस्य सद्भावात्; शुद्ध आत्मैव चारित्रस्याश्रयः, षड्जीवनिकायसद्भावेऽसद्भावे वा तत्सद्भावेनैव चारित्रस्य सद्भावात्।

---

હવે પૂછે છે કે 'નિશ્ચયનય વડે નિષેધ્ય (અર્થાત્ નિષેધાવાયોગ્ય) જે વ્યવહારનય, અને વ્યવહારનયનો નિષેધક જે નિશ્ચયનય - તે બન્ને નયો કેવા છે ?' એવું પૂછવામાં આવતાં વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ કહે છે :-

'આચાર' આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,
ષટ્જીવનિકાય ચરિત છે, - એ કથન નય વ્યવહારનું. ૨૭૬.
મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન ચરિત છે,
મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. ૨૭૭.

ગાથાર્થ :- [आचारादि] આચારાંગ આદિ શાસ્ત્રો તે [ज्ञानं] જ્ઞાન છે, [जीवादि] જીવ આદિ તત્ત્વો તે [दर्शनं विज्ञेयम् च] દર્શન જાણવું [च] અને [षड्जीवनिकायं] છ જીવ-નિકાય તે [चरित्रं] ચારિત્ર છે - [तथा तु] એમ તો [व्यवहारः भणति] વ્યવહારનય કહે છે.

[खलु] નિશ્ચયથી [मम आत्मा] મારો આત્મા જ [ज्ञानम्] જ્ઞાન છે, [मे आत्मा] મારો આત્મા જ [दर्शनं चरित्रं च] દર્શન અને ચારિત્ર છે, [आत्मा] મારો આત્મા જ [प्रत्याख्यानम्] પ્રત્યાખ્યાન છે, [मे आत्मा] મારો આત્મા જ [संवरः योगः] સંવર અને યોગ (-સમાધિ, ધ્યાન) છે.

ટીકા :- આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે, જીવ આદિ નવ પદાર્થો દર્શન છે કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે. અને છ જીવ-નિકાય ચારિત્ર છે કારણ કે તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે; એ પ્રમાણે વ્યવહાર છે. શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે, શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે, અને શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે; એ પ્રમાણે નિશ્ચય છે. તેમાં, વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે, કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે - વ્યવભાચારયુક્ત છે; (શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે કેમ કે શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી પણ હોતાં માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે;) અને નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે, કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે. (શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી કેમ કે જ્યાં શુદ્ધ આત્મા હોય ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે.) આ વાત હેતુ સહિત સમજાવવામાં આવે છે :-

આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી, કારણ કે તેના (અર્થાત્ શબ્દશ્રુતના) સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે; જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે; છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે

ચારિત્રનો અભાવ છે. શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્‌ભાવથી જ જ્ઞાનનો સદ્‌ભાવ છે; શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે, કારણ કે જીવ આદિ નવ પદાર્થોના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્‌ભાવથી જ દર્શનનો સદ્‌ભાવ છે; શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે, કારણ કે છ જીવ-નિકાયના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્‌ભાવથી જ ચારિત્રનો સદ્‌ભાવ છે.

ભાવાર્થ : આચારાંગ આદિ શબ્દશ્રુતનું જાણવું, જીવાદિ નવ પદાર્થનું શ્રદ્ધાન કરવું તથા છ કાયના જીવોની રક્ષા - એ સર્વ હોવા છતાં અભવ્યને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી હોતાં, તેથી વ્યવહારનય તો નિષેધ્ય છે; અને શુદ્ધાત્મા હોય ત્યાં જ્ઞાન, દર્શન, ચારિત્ર હોય જ છે, તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે. માટે શુદ્ધનય ઉપાદેય કહ્યો છે.

## ગાથા-૨૭૬-૨૭૭ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે 'નિશ્ચયનય વડે નિષેધ્ય (અર્થાત્ નિષેધાવાયોગ્ય) જે વ્યવહારનય, અને વ્યવહારનયનો નિષેધક જે નિશ્ચયનય - તે બન્ને નયો કેવા છે?' એવું પૂછવામાં આવતાં વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ કહે છે :-' જુઓ આ તો પર્યાયનો ભૂતાર્થ.

મુમુક્ષુ :- .. પર્યાયની

ઉત્તર :- પર્યાયની વાત છેને. ભૂતાર્થ... આશ્રય ભલે દ્રવ્યનો હોય પણ પરિણતિ ભૂતાર્થ છે એ નિશ્ચયનય .. થયો. અભૂતાર્થ છે એ વ્યવહાર. આહા..હા..!

आयारादी णाणं जीवादी दंसणं च विण्णेयं।
छज्जीवणिकं च तहा भणदि चरित्तं तु ववहारो।।२७६।।
आदा ख मज्झ णाणं आदा मे दंसणं चरित्तं च।
आदा पच्चक्खाणं आदा मे संवरो जोगो।।२७७।।

'આચાર' આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,
ષટ્‌જીવનિકાય ચરિત છે, - એ કથન નય વ્યવહારનું. ૨૭૬.
મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન ચરિત છે,
મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. ૨૭૭.

આહા..હા..! ... ભગવાન સાક્ષાત્, ભગવાનની વાણી. કેવળી કહે છે એમ આવ્યું હતુંને

પહેલું? કેવળી અને શ્રુતકેવળી આ કહે છે. એ હું કહું છું. આહા..હા..! ભગવાન! તમને ક્યાં કેવળી મળ્યા હતા? હવે ઈ ભગવાનને મળ્યા સમજી લેને તું આમાંથી. આમાં મળવું ક્યાં હશે? ભગવાન પાસે ગયા હતા. અહીં પંચમ આરામાં કેવળી નથી અને એ વખતે સાધુ એમ કહે છે કે કેવળી અને શ્રુતકેવળીનું કહું છું. કેવળી અને શ્રુતકેવળીનું કહેલું કહું છું. તો પરંપરાનું કહું છું એમ ન આવ્યું એમાં. સમજાણું? કેવળીએ જે કહ્યું પરંપરાએ અને શ્રુત કેવળીએ જે કહ્યું તે જ અમે કહીએ છીએ. આહા..હા..! આ તો સાક્ષાત્ કેવળી તીર્થંકરોનું સાંભળેલું. એ વાત કહીશું. જેવું કહ્યું તે કહીશું. આહા..હા..!

'**ટીકા :- આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે...**' જુઓ, ભાષા દેખો, જે જ્ઞાનમાં શબ્દશ્રુત નિમિત્ત છે એ શબ્દશ્રુત જ જ્ઞાન છે ત્યાં આત્માનું નથી. આહા..હા..! આચારાંગ આદિ સુયગડાંગ આદિ ઠાણાંગ એવા અદ્ભૂત શ્લોકો એ શબ્દશ્રુત તે જ્ઞાન. શબ્દશ્રુત તે જ્ઞાન. આહા..હા..! જેના નિમિત્તે ઉત્પન્ન થયુંને એને અહીં શબ્દશ્રુત જ્ઞાન કીધું છે. આત્મજ્ઞાન નહિ એ. બસ, શબ્દશ્રુત જ્ઞાન છે. આહા..હા..! ભગવાનની વાણી સાંભળતો હોય અને જ્ઞાન થાય એ પણ શબ્દશ્રુત જ્ઞાન છે. આહા..હા..! ખરેખર તો જે જ્ઞાનમાં નિમિત્ત છે તેને અહીંયાં જ્ઞાન કીધું. એ શબ્દશ્રુત જ જ્ઞાન. ભલે ઉઘડેલું અહીં હોય, પણ એ પરલક્ષી છે એ બધું શબ્દશ્રુત જ જ્ઞાન છે. આહા..હા..! એ આત્મજ્ઞાન નહિ. આહા..હા..! શાસ્ત્ર વાંચી, ભણી, સાંભળીને જે જ્ઞાન થયું એ તો કહે શબ્દશ્રુત જ્ઞાન છે. શબ્દશ્રુત જડશ્રુત જ્ઞાન છે એ. આહા..હા..!

'**કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...**' એ શબ્દો જ્ઞાનનો આશ્રય નિમિત્ત હેતુ એ શબ્દ છે એમ. શબ્દશ્રુત તે જ્ઞાનનો આશ્રય છે, જ્ઞાનનું નિમિત્ત છે, જ્ઞાનમાં હેતુ છે, જ્ઞાનનું કારણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! જે શબ્દશ્રુત ચાહે તો ભગવાનની વાણી હોય, કે સાક્ષાત્ વાણી હોય કે એના લખેલા શાસ્ત્ર હોય, કહે છે કે એનું જે જ્ઞાન થયું એ શબ્દશ્રુત જ્ઞાન છે. એ શબ્દરૂપ જ જ્ઞાન છે એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો, ઓલા કહે કે અરેરે..! ભગવાનની વાણીથી પણ લાભ ન થાય (એમ કહે તેને) ઈન્દ્રિય નહિ મળે એને. અરે..! ભગવાન! સાંભળતો ખરો, ભાઈ! એ શબ્દશ્રુત જેનું નિમિત્ત છે. '**તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...**' તે જ્ઞાનને શબ્દશ્રુત જ કહેવામાં આવે છે. આહા..હા..!

'**જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...**' ભાષા જોઈ? એની શ્રદ્ધા દર્શન એમ ન લીધું. એ નવ પદાર્થ દર્શન છે. કારણ કે સમ્યગ્દર્શનમાં એ આશ્રય છે. વ્યવહાર સમ્યગ્દર્શનમાં નવ પદાર્થનો આશ્રય છે, નિમિત્ત છે, હેતુ છે એથી એને નવ પદાર્થ અને દર્શન તે વ્યવહારદર્શન છે. નવ પદાર્થ, પદાર્થનું દર્શન નહિ. નવ પદાર્થો દર્શન છે. આહા..હા..! કેમકે જેની શ્રદ્ધામાં નવ પદાર્થો આશ્રય છે. છેને? એ '**તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે.**' આધાર

છે, નિમિત્ત છે, હેતુ છે, કારણ છે. તેથી એને નવ પદાર્થનું દર્શન, જીવાદિ નવ પદાર્થનું દર્શન એ સમકિત છે, એ વ્યવહાર. નવ પદાર્થનું દર્શન તે વ્યવહાર. આહા..હા..! નવ પદાર્થો હોં. નવ પદાર્થની શ્રદ્ધા વિકલ્પ. ઈ નહિ. વ્યવહાર નહિ. ભેદવાળા.. અહીં તો નવ પદાર્થ, **'જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...'** એ નવ પદાર્થો દર્શન. જેમ ઓલા શબ્દશ્રુત જ્ઞાન છે એ નવ પદાર્થો દર્શન છે. કારણ કે નવ પદાર્થ જેમાં નિમિત્ત છે. જે શ્રદ્ધામાં નવ પદાર્થ નિમિત્ત છે તેથી નવ પદાર્થ પોતે નવ પદાર્થ જ દર્શન છે વ્યવહાર. આહા..હા..! એ પછી કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ સુદ-૭, ગુરુવાર, તા. ૦૭-૦૬-૧૯૭૩
## ગાથા - ૨૭૬-૨૭૭, પ્રવચન-૪૦૧

સમયસાર. બંધ અધિકાર. ૨૭૬ ગાથા ચાલે છે. ૭૬-૭૭ છેને ૭૮? ૭૬ ને ૭૮. કહે છે કે વ્યવહાર કોને કહેવો અને નિશ્ચય કોને કહેવો? અને હવે વ્યવહાર નિષેધવા લાયક છે. નિશ્ચય છે તે નિષેધક છે. આ વ્યવહાર અને નિશ્ચય વચ્ચેનો મોટો ગોટો ન સમજે એટલે વ્યવહાર અને નિશ્ચય બેય આદરણીય છે એમ માને. આહા..હા..! વ્યવહારનય પ્રતિષેધ્ય છે, નિશ્ચય છે તે પ્રતિષેધક છે. એમ નિશ્ચય છે એ વાસ્તવિક તત્ત્વ છે અને વ્યવહાર છે એ વાસ્તવિક તત્ત્વ નથી. એ તો ઉપચારિક કથન છે. આમાં એ છે મોઢા આગળ માને છે. નિશ્ચય-વ્યવહારસે સમૂહોંકા સાધન. સાધનને .. વગર. સાધન બે છે નહિ સાધન એક છે. એ તો સાધનના કથન બે છે. જુઓને આ શું કહે છે જુઓ ટીકા.

મુમુક્ષુ :- આમાં તો એમ જ કહ્યું...

ઉત્તર :- **'આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે...'** ભાષા તો જુઓ, ઓહો..હો..! એ આચારાંગ આદિ શાસ્ત્રો તે જ્ઞાન વ્યવહાર છે. ભણ્યો હોય બધું આચારાંગ શાસ્ત્ર આદિ, પણ એ તો આચારાંગ આદિ શાસ્ત્ર તે વ્યવહાર જ્ઞાન છે. એનું જાણેલું જ્ઞાન પછી જ્ઞાનમાં

આશ્રય છેને ઈ? આચારાંગ આદિ શાસ્ત્રનું જ્ઞાન થવામાં આચારાંગ આદિ નિમિત્ત છે શબ્દશ્રુત. એને જ જ્ઞાન કહ્યું અહીં તો વ્યવહારે. એ તો બંધનું કારણ છે. આહા.હા..! સમજાણું કાંઈ? પરલક્ષી જેટલો આચારાંગ આદિનું જ્ઞાન અને ભાવ એ બધું અહીં તો કહે શબ્દશ્રુત છે એ તો. આહા..હા..! શાસ્ત્ર. એમાં લખ્યું છેને જુઓને પાઠમાં. '**आयारादी णाणं**' એમ શબ્દ છેને પાઠમાં? '**आयारादी णाणं**' એ આચારાંગ આદિ શાસ્ત્ર તે જ્ઞાન. એનો અર્થ? કે આત્મજ્ઞાન જેને થયું છે આત્માને આશ્રયે સમ્યગ્જ્ઞાન એ મોક્ષનું કારણ. એને આચારાંગ આદિનું જે જ્ઞાન છે તે આચારાંગ આદિ શાસ્ત્ર તે જ્ઞાન એમ કહીને એને વ્યવહાર કહ્યો. એ કાંઈ યથાર્થ જ્ઞાન નથી. કહો, આચારાંગ આદિ શાસ્ત્ર એ જ્ઞાન. જે શાસ્ત્ર તે જ્ઞાન. એનો અર્થ કે જે જ્ઞાનમાં આ શાસ્ત્રનો આશ્રય પડે છે, નિમિત્ત પડે છે, વ્યવહાર આવે છે એથી શાસ્ત્રને જ જ્ઞાન કહ્યું. એ જડ શાસ્ત્રો તે જ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ?

કારણ કે આચારાંગ આદિ શાસ્ત્રનું જ્ઞાન નિશ્ચયથી તો અચેતન જ છે. ભારે વાતું! ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા જે જ્ઞાનસ્વભાવી પદાર્થ એનું જ્ઞાન કે જે જ્ઞાનનો આશ્રય આત્મા તેને જ્ઞાન કહીએ. કે જે જ્ઞાન અબંધ પરિણામી જ્ઞાન છે એ. આહા..હા..! '**કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...**' એ શબ્દશ્રુત જ જ્ઞાન. કેમકે એના જાણપણાનું જે જ્ઞાન એમાં આશ્રય એ હતો. એ તે શબ્દશ્રુત જ જ્ઞાન વ્યવહારે કહેવામાં આવે છે. વાસ્તવિક એ જ્ઞાન નહિ એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- પેલું આવે તો ઓલું થાયને એમ કહે.

ઉત્તર :- આવે ને થવાની વાત જ નથી અહીંયાં. એનો નિષેધ થઈ અને સ્વનો આશ્રય કરે ત્યારે જ્ઞાન થાય.

મુમુક્ષુ :- એ ન કર્યું એને ક્યાંથી થાય?

ઉત્તર :- ન કર્યું હોય એને અહીં પ્રશ્ન ક્યાં છે? સ્વનો આશ્રય લક્ષ છોડીને આ કરે એને જ્ઞાન થાય. એ આચારાંગ આદિ અગિયાર અંગ ભણ્યો હોય તો તેથી એને જ્ઞાન અંતરમાં જાય અને થાય એમ નથી. કહો, એમાં છે કે નહિ? આચારાંગ આદિ શાસ્ત્ર તે જ્ઞાન, શબ્દ તે જ્ઞાન, જડ તે જ્ઞાન. આહા..હા..! આચારાંગ, સુયગડાંગ, ઠાણાંગ. મૂળ ભગવાનની વાણીની વાત લીધી છે હોં. અન્યમતિના શાસ્ત્રો એનું નિમિત્ત વ્યવહાર જ્ઞાન પણ નહિ. આહા..હા..! વીતરાગની વાણી જે આચારાંગ આદિ એનું થયેલું જ્ઞાન. એ જ્ઞાનને અહીંયાં શાસ્ત્ર કહ્યું. એ શાસ્ત્ર છે એ તો શબ્દ છે. એ જ્ઞાન તે શબ્દશ્રુત છે. કેમકે એ જ્ઞાનમાં શબ્દશ્રુતનો આધાર હતો આશ્રય. આહા..હા..! સમજાણું કાંઈ? આ બંધ અધિકારમાં આ અધિકાર કેમ લીધો? કે જેટલું આચારાંગ આદિ જ્ઞાન છે એ બંધનું કારણ છે. આહા..હા..! ગજબ વાત છે!

મુમુક્ષુ :- જ્ઞાનનો કોઈપણ વેપાર તો બંધનું કારણ થાય જ નહિ.

ઉત્તર :- જ્ઞાન જ નથીને ઈ. એ તો શાસ્ત્રના આધારે થયું એ જ્ઞાન જ નથી. આહા..હા..! ગજબ શૈલી છે. સ્વનો આશ્રય લઈ અંતરમાં ચિદાનંદ ભગવાન આત્મા એનાથી અંતર્મુખ થઈને જ્ઞાનને સ્પર્શીને એટલે આત્માને સ્પર્શીને. જે અંતરમાં જ્ઞાનનો અંશ પણ થાય એ વિજ્ઞાન અને તે જ્ઞાન અને તે અબંધ પરિણામી જ્ઞાન. મોક્ષનો માર્ગ સિદ્ધ કરવો છેને? આહા..હા..! અને જેટલું આચારાંગ આદિ શાસ્ત્રો એના જ્ઞાનના જાણવામાં એનું અવલંબન છેને આશ્રય? જડને અવલંબે જ્ઞાન થયું તે અહીં જડ કીધું છે. બહુ આકરી વાત છે. એણે સ્વઅવલંબી ચીજ શું છે એની દૃષ્ટિની એને ખબર નથી. આમ ભણી ગયો અગિયાર અંગ નવ પૂર્વ. તોપણ ઈ શાસ્ત્ર છે. ઈ શાસ્ત્ર તે જ્ઞાન છે. બસ ઈ આત્મજ્ઞાન નહિ. છે એમાં જુઓને. આહા..હા..!

'આચારાંગ આદિ...' એટલે સુયગડાંગ, ઠાણાંગ, સમવાય, ભગવતી, જ્ઞાતા. એક જણો હતો .. ૨૧ વાર ભગવતી વાંચ્યું. મોટામાં મોટું ભગવતી છેને એનામાં? ૧૬ હજાર શ્લોક છે. સવા લાખ તો ટીકા છે. ૨૧વાર વાંચ્યું તો કહે હે માતા! તારો પાર નહિ આવે. એમ કે ભગવતીનો મહિમા. ભગવતી શાસ્ત્ર છે મહિમા.. વાંચે ત્યારે .. મોટા ગૃહસ્થ હોય તો સોનામાં મૂકે. ... તો પછી બધું આખું મોટું છે એમાં ... પણ મૂળ વસ્તુ હતી .. હતા. આ તો બનાવેલું કૃત્રિમ છે. ભગવાનનું કહેલું આ ભગવતી સૂત્ર નથી. આ આચારાંગ આદિ લખ્યા છેને અહીંયાં? આગમને.. એ ભગવાનના કહેલા શાસ્ત્ર નથી. આકરું બહુ પડે માણસને. જેમાં જન્મ્યો અને જેના સંસ્કાર પડ્યા હોય એને આકરું પડે.

અહીં તો ભગવાનની વાણી સાચી જે આચારાંગ આદિ, ભગવાને કહેલા, ગણધરોએ ગુંથેલા આ એનું જ્ઞાન કરે તોપણ કહે છે કે એ જડ જ્ઞાન છે. એ શબ્દશ્રુત જ છે, જડ છે, શાસ્ત્ર છે. એ આત્મા નથી. છે કે નહિ પણ જુઓને સામે પુસ્તક સામે પડ્યું છે. આચારાંગ આદિ વીતરાગના કહેલા શાસ્ત્ર હોં. આહા..હા..! પણ એ શાસ્ત્ર તે પરવસ્તુ છેને? એ ક્યાં સ્વવસ્તુ છે. આહા..હા..! એ પરવસ્તુના અવલંબે થયેલું જ્ઞાન પરવસ્તુસ્વરૂપ જ છે એ તો. ભાઈ! એથી પરવસ્તુસ્વરૂપ. આહા..હા..! ઝીણું છે, ગીરધરભાઈ! આ લોઢાના વેપાર જેવું નથી. આ ઝીણો વેપાર છે. આહા..હા..! ભગવાન અંદર ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો પુંજ પ્રભુ એની અંતર સન્મુખ થઈને આ અગિયાર અંગ આદિનું જ્ઞાન હોય એનાથી વિમુખ થઈને, ભગવાન ચૈતન્યસ્વરૂપ જે જ્ઞાનની મૂર્તિ છે. એનો આશ્રય લઈને જે જ્ઞાન થાય, તેને અહીંયાં આત્મજ્ઞાન અને અબંધ પરિણામી મોક્ષના માર્ગનું જ્ઞાન એને કહેવામાં આવે છે. આહા..હા..! એમ કહીને એમ કહેવા માગે છે કે આચારાંગ આદિ જ્ઞાન તે શબ્દશ્રુત કે તે શબ્દશ્રુત જ્ઞાનનો આશ્રય છે. શબ્દશ્રુત એ જ્ઞાનનો આશ્રય છે માટે શબ્દશ્રુતને જ જ્ઞાન કહ્યું. બંધનું કારણ છે. આહા..હા..! તેથી તે વ્યવહાર નિષેધવા લાયક છે. આહા..હા..!

મુમુક્ષુ :- બંધ અધિકાર છે.

ઉત્તર :- બંધ અધિકાર. વ્યવહારનય તે નિષેધ કરવાલાયક છે. હવે અહીં તો કહે છે એ વ્યવહારુ જ્ઞાન અને વ્યવહારું વર્તન. ક્યાં હતો તારે વ્યવહાર? આ તો નિશ્ચયવાળાને આવો વ્યવહાર હોય, એ પણ જડ છે એમ કહે છે. ચૈતન્ય નહિ. આહા..હા..! આ કાંઈ વાદવિવાદે પાર પડે એવું છે? વસ્તુનું સત્‌સ્વરૂપ જ એવું છે. ભગવાન સ્વસંવેદન સિદ્ધ એક કણ પણ અંદરના વેદનમાંથી આવ્યો. જેને આચારાંગ આદિ શાસ્ત્રોની અપેક્ષાથી થયેલું, તે અપેક્ષાથી અહીં થાય એમ પણ નહિ. ..ભાઈ! આહા..હા..! જ્યાં જન્મ-મરણના અંત લાવે, જે જ્ઞાન જન્મ-મરણનો અંત, ભવનો અંત. કેમકે ભવ અને ભવના ભાવ વિનાની ચીજ આત્મા. જ્ઞાનસ્વરૂપ એ ચીજ છે. એ જ્ઞાનસ્વરૂપના અંતરમાં એને અવલંબે, એને આશ્રયે, એને આધારે જે જ્ઞાન થયું તે જ્ઞાનને નિશ્ચયજ્ઞાન કહીએ, સાચું જ્ઞાન કહીએ, અબંધ પરિણામી મોક્ષના માર્ગનો અવયવ એક છે એમ જ્ઞાન કહીએ. એની આગળ શાસ્ત્રના ભણતરનું જ્ઞાન... આહા..હા..!

કહે છે કે એ તો આત્મા છેને? '**आयारादी णाणं**' આચારાદિનું જ્ઞાન '**णाणं**' એમ નથી કહ્યું. શું કહ્યું? આચારાંગ આદિનું જ્ઞાન વ્યવહારજ્ઞાન નથી કહ્યું. એ આચાર આદિ જે છે એ જ જ્ઞાન. ... આહા..હા..! અહીં તો થોડું જ્યાં જાણપણું થાય ત્યાં એમ થઈ જાય એને ઓહો..હો..! આપણે જાણે શું જાણ્યું અને ક્યાં આઘા વયા ગયા! આહા..હા..!

મુમુક્ષુ :- આઘા વયા ગયા.. પણ આત્માની નજીક જાવું જોઈએ.

ઉત્તર :- ધૂળેય નહોતો નજીકમાં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જરીએ ન થાય. બંધ પરિણામથી અબંધ પરિણામ થાય? જડથી ચૈતન્યની જાગૃતિ થાય? આહા..હા..! એવી વાત છે આ. આ સમયસાર જે જ્ઞાનમાં, જે જ્ઞાનમાં સમયસાર નિમિત્ત છે શાસ્ત્ર તે જ્ઞાનને શબ્દ શાસ્ત્ર કહે છે. એ શબ્દશાસ્ત્ર જ્ઞાન. આહા..હા..! આચારાંગમાં તો આવી ગયોને આ શબ્દ? આહા..હા..!

જ્ઞાનસ્વરૂપી ભગવાન એવો જે સ્વતઃ સિદ્ધ છે વસ્તુ. એને જે આચારાંગ અને સમયસાર. એનો આશ્રય લઈને જે જ્ઞાન થયું તે જ્ઞાન શાસ્ત્રજ્ઞાન, એ શાસ્ત્ર છે એ તો. એ તો શબ્દશ્રુત છે, એ અચેતન છે, એ બંધના પરિણામવાળું જ્ઞાન છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! મારે! .. છેને જુઓ, '**આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન...**' શબ્દશ્રુત તે જ્ઞાન. જડ શબ્દ તે જ્ઞાન. આહા..હા..! આ સમયસારનું સાંભળીને ઘણાને એમ અંદર થઈ જાય આપણે હવે કાંઈક બીજા કરતા વધ્યા છીએ. આ સમયસાર જેવું સાંભળવાનું મળ્યું. એનાથી આપણને એ જ્ઞાન બીજા કરતા બીજી જાતનું થયું. એ કહે છે કે બીજી જાતનું જ્ઞાન જ નથી. આહા..હા..!

એ તો શબ્દશ્રુત છે, જડ છે. આહા..હા..! કેમકે જે જ્ઞાનને શબ્દશ્રુતનો આશ્રય છે તે જ્ઞાન જડ શબ્દશ્રુત છે. આહા..હા..!

'કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાન...' તે જાણવાના ભાવનો 'આશ્રય છે,...' જાણવાનો જે ભાવ થયો આચારાંગિ આદિ, સમયસાર આદિ એ ભાવમાં આશ્રય એ શબ્દનો છે. એથી એ શબ્દશ્રુતને જ અહીંયાં વ્યવહારુજ્ઞાન, બંધનું જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! આ તો માન ઉતારી નાખે એવું છે આ. આહા..હા..! તેથી તે વ્યવહાર નિષેધવાલાયક છે એમ કહેશે. કારણ કે એ સ્વના આશ્રયે થયું નથી.

મુમુક્ષુ :- નિષેધવા લાયક છે પણ ઈ .. આવે છેને.

ઉત્તર :- આવે છે એટલે શું? આવે તો અનાદિનો સંસાર આવ્યો. અનાદિનો સંસાર છે પહેલો.

મુમુક્ષુ :- હા તો સંસાર વિના કોઈનો મોક્ષ થાય?

ઉત્તર :- એ સંસારથી થાય?

મુમુક્ષુ :- .. સંસાર નથી તો મોક્ષ નથી થતો.

ઉત્તર :- તો સંસારથી મોક્ષ થાય? કે એનો અભાવ કરે તો થાય?

મુમુક્ષુ :- સંસાર ..

ઉત્તર :- સંસાર ..નો અર્થ શું? ઉપાદાનસહિત. એનો અભાવ કરીને થાય. એમાં શાસ્ત્રના જ્ઞાનનું પરલક્ષી જ્ઞાન એનું લક્ષ છોડીને ચૈતન્યને આશ્રયે કરે તો જ્ઞાન થાય. આહા..હા..! આ તે વીતરાગની વાણી સંતો, દિગંબર સંતો એટલે. આહા..હા..! ભગવાન પંચ પરમેષ્ઠી. પંચ પરમેષ્ઠી છે એ લોકોને ખબર નથી. દિગંબર ઈ સંપ્રદાય છે. ઓલો શ્વેતાંબર કહે અમારો સંપ્રદાય, સ્થાનકવાસી કહે અમારો સંપ્રદાય. સંપ્રદાય નથી, બાપા! આ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! પણ સાંભળવા મળે નહિ, વિચારવા મળે નહિ, વિચારવા અને સાંભળવાની દરકાર નહિ.

મુમુક્ષુ :- પણ આપ કહો કે સાંભળવાથી તો ધર્મ થાય નહિ તો શું કરવા સાંભળે?

ઉત્તર :- ઈ જ કહે છેને. એ વ્યવહારની પક્કડ કરનાર છે એ દેશનાને લાયક નથી. વિશેષ કહ્યું છે.

મુમુક્ષુ :- માટે એ નિશ્ચયને માને છે.

ઉત્તર :- કોઈનેય માનતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- એ વ્યવહારને નથી માનતો એટલે નિશ્ચયને માને છે.

ઉત્તર :- વ્યવહારને માનતા નથી એનો અર્થ શું? પરથી લાભ થાય નહિ એમ માનવું એનો અર્થ શું?

મુમુક્ષુ :- સ્વથી લાભ થાય ત્યારે.

ઉત્તર :- ... ક્યાંથી લેશે એને? પરથી લાભ થાય નહિ, નિમિત્તના જ્ઞાનથી નિમિત્ત જે શાસ્ત્ર એનું જે જ્ઞાન એનાથી લાભ થાય નહિ એ જ્ઞાન નહિ, માટે એનાથી જ્ઞાન થાય નહિ ત્યારે સ્વથી જ્ઞાન થાય ત્યારે પરથી જ્ઞાનનો લાભ ન થાય એમ એને બેઠું કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! આમાં તો મોમ્બાસા અને નાઈરોબીમાં આવું કાંઈ ન મળે એય..!

મુમુક્ષુ :- .. આમાં બીજું ચાલે એવું નથી.

ઉત્તર :- ચાલે એવું નથી. ન્યાયથી વિચારશે કે નહિ એ? સ્વ આશ્રય નિશ્ચય અને પરાશ્રય વ્યવહાર એ પહેલા શબ્દ આવી ગયા ૨૭૨માં. એટલે કે શાસ્ત્રનું અગિયાર અંગનું જ્ઞાન, સમયસારનું જ્ઞાન, પરાશ્રિત જ્ઞાન તે વ્યવહાર એ જડ છે એ આત્મા નહિ. આહા..હા..! ગજબ વાત છે. એય..! પ્રવિણભાઈ! લ્યો આ હિંમતભાઈ તો બોલ્યા હતા. આ લૌકિક જ્ઞાન તમારા લોઢાના અને વેપારના એ તો જ્ઞાન નહિ. એ તો જડ છે. પ્રવિણભાઈ! વકિલાતના જ્ઞાન એ બધા જડ જ્ઞાન છે.

મુમુક્ષુ :- એને જડજ્ઞાન કેમ કહેવાય?

ઉત્તર :- જડ નહિ અચેતન કહો. ચેતનનો એમાં અભાવ છે. આહા..હા..! અહીં તો શાસ્ત્ર જ્ઞાન વીતરાગની વાણી આદિ ભલે હો, ત્રણ લોકના નાથની વાણી દિવ્યધ્વનિ ઉઠી. આહા..હા..! એનું જે એણે જ્ઞાન કર્યું, જાણ્યું. કહે છે કે એ જાણવું તો વાણી છે. એ જાણવું તો વાણી છે. એ જાણવું આત્મા નહિ. આહા..હા..! એય..! આહા..હા..! જ્ઞાનનો ભંડાર પરમાત્મા પોતે છેને. એને પરના આશ્રયની જરૂર ક્યાં છે? પરનો આશ્રય લે તો સ્વનો આશ્રય થાય એ વસ્તુનું સ્વરૂપ ક્યાં છે? આહા..હા..! ગજબ સમયસારની રચના પરમ સત્યકાળે કોઈ એવી થઈ ગઈ. જગતના ભાગ્ય. આહા..હા..! ઈ કહે છે કે અમને સાંભળીને જ્ઞાન થાય ઈ જ્ઞાન નહિ. અરે..! એય..! હમણા શશીભાઈએ કર્યા છેને અહીં હમણા. આહા..હા..! ભાઈ! તારા વકિલાતના અને ડોક્ટરપણાના આ વેપારના ધંધામાં કુશળતા એ તમારે શું કહેવાય પગના પ્લાસ્ટિકના જોડા, એની કળા. આહા..હા..! એની કળા અને એનું જે જ્ઞાન એ તો જડ છે. એ જોડાનું જ્ઞાન તે જોડા છે.

મુમુક્ષુ :- રૂપિયા કર્યા છે કે નહિ?

ઉત્તર :- રૂપિયો ક્યાં આવતો હતો એની પાસે? આહા..હા..! જોડાનું જ્ઞાન તે જોડા છે. આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન તે શાસ્ત્ર છે. સંતોની કથની તે કોઈ અલૌકિક! આહા..હા..! થોડા શબ્દોમાં ઘણું ભરી દીધું. બે કટકા. ચાહે તો એ શાસ્ત્રજ્ઞાન હોય એ પરાશ્રય જ્ઞાન છે અને પરાશ્રય છે એ બંધનું કારણ છે. માટે મોક્ષાર્થીને તો એ નિષેધ કરવાલાયક છે.

આહા..હા..! ઓલું સોગાનીમાં આવેને ત્યાં રાડ નાખી જાય માણસો. વીતરાગની વાણી પણ વિષય છે. સ્ત્રી જેમ વિષય છે, અશુભરાગનો લક્ષ છે. અશુભરાગનો. રાડ નાખી જાય. આહા..હા..! આવું? એ તો એણે સ્પષ્ટ કર્યું છે. આહા..હા..!

આ શું કહ્યું આમાં? વીતરાગ ત્રિલોકનાથની વાણી. આચારાંગ આદિ તો એની જ વાણી હોય, બીજાની હોય નહિ. અજ્ઞાનીમાં તો એ હોય જ નહિ. બૌદ્ધ ધર્મ, વેદાંત ધર્મ એમાં તો આવો વ્યવહાર પણ ન હોય એમ કહે. આહા..હા..! આ રજનીશની વાત છે. અત્યારે લોકો મારા એવા પ્રોફેસર છે જડ જ્ઞાન છે બધું. અરરર..! ગજબ વાત શું થાય? બાપુ! વસ્તુની સ્થિતિ આવી છે. તારા અનાદર અને તિરસ્કારની વાત નથી હોં આમાં. આહા..હા..! પોતે જ જ્યાં પરને અવલંબીને થયેલું જ્ઞાન, એને જ્ઞાન માનીને અમે કાંઈક જ્ઞાનમાં આવ્યા છીએ. કહે છે કે જડ છે એ તો. વીતરાગદેવની વાણી ઓહો..હો..! અન્યમતિની વાણીની તો વાત જ શું કરવી? તેથી આચારાંગ આદિ શબ્દ લીધો છે. ખબર નહોતી ભગવાન કુંદકુંદાચાર્યને કે અત્યારે આચારાંગ આદિ નથી. છતાં એ આચારાંગનો આ બધો અંશ છે આ સમયસાર આદિ. સમજાણું કાંઈ? આહા..હા..!

એ આચારાંગ આદિ પોતે શબ્દશ્રુત, શબ્દશ્રુત તે જ્ઞાન. એ જડ તે જ્ઞાન. આહા..હા..! કથન શૈલી તે પણ બહુ ભેદ પાડીને.. ભાઈ! તારો આશ્રય કરવાલાયક તો સ્વરૂપ બિરાજે છે અંદર. એના આશ્રય વિના તો આ બધા પરાશ્રય એ બધાને તો અમે શબ્દશ્રુત કહીએ છીએ, વાણી કહીએ છીએ, જડ કહીએ છીએ. આહા..હા..! કહો, શશીભાઈ! આ સોગાનીમાં બહુ આવે છે. રાડ નાખી જાય લોકો. એણે ખુલ્લું મૂક્યું છે થોડું. એને ક્યાં ઉપદેશ કરવો હતો? આહા..હા..! એને ક્યાં ખબર હતી કે આવું પાછળથી ભેગું કરશે. લાલભાઈ અને શશીભાઈ ભેગું કરીને છાપશે .. નહિ? આ માર્ગ તો આ છે. એને બેસે, ન બેસે એકાંત લાગે. આહા..હા..! વ્યવહારથી પણ લાભ થાય એમ માને તો એ અનેકાંત કહેવાય. અહીં કહે છે કે વ્યવહારથી લાભ થાય તે એકાંત છે. મિથ્યા એકાંત છે. આહા..હા..!

'**કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...**' લ્યો, શાસ્ત્રો જે છે પાના જડ. એ જ્ઞાનનું નિમિત્ત છે. જ્ઞાનનું નિમિત્ત છે માટે એ જ પોતે જ્ઞાન છે. એક વાત થઈ. બીજી વાત. '**જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...**' એની શ્રદ્ધા એમ નહિ. નવ પદાર્થ, નવ પદાર્થ, તત્ત્વો નવ. એક નવ તત્ત્વો તે દર્શન છે. '**જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...**' આહા..હા..! આ વ્યવહાર સમકિત. આ વ્યવહાર સમકિત તો છે આપણે લોકો એમ કહે છે. ... માને છે. સમકિતને ઓલી તો ખબર ન પડે. ચોથા આરામાં પણ એવો પૂર્ણ ત્યાગ નહોતો એટલે નિશ્ચય સમ્યગ્દર્શન તો ખબર ન પડે. ઝંપ લાવો હવે આત્મામાં. આ પડિમા લ્યો ને સંયમ લ્યો ને ધૂળેય નથી સાંભળને હવે. આહા..હા..!

એ '**જીવ આદિ નવ પદાર્થો...**' જીવ, અજીવ, આસ્રવ, સંવર આદિ નવ પદાર્થો ઈ વસ્તુદર્શન છે. એની શ્રદ્ધા દર્શન એમ નહિ. આહા..હા..! '**કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે.**' સમ્યગ્દર્શન વ્યવહાર એનો એ આધાર છે. નવ પદાર્થ. ભેદરૂપભાવ એ આધાર હોવાથી તેને અહીંયાં દર્શન કહેવામાં આવે છે. એ પણ જડદર્શન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? વ્યવહારદર્શન એટલે જડદર્શન. આહા..હા..! જીવ, અજીવ નવ લીધા છેને? આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ દર્શન છે. એ દર્શન છે. નવ પદાર્થ તે સમકિત છે વ્યવહાર. કેમ? કે તે નવ પદાર્થ દર્શનનો વ્યવહાર સમકિતના વિકલ્પનો, વ્યવહાર સમકિત જે વિકલ્પ એનો એ આશ્રય હોવાથી નવ પદાર્થોને જ વ્યવહાર સમકિતનો આરોપ અપાય છે. આહા..હા..!

કોને? જેને અહીંયાં નિશ્ચય સ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન થયું છે એવા નિશ્ચય સમકિતી જીવને નવ પદાર્થ તે સમકિત છે. એવો વ્યવહારનો આરોપ એને લાગુ પડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં અર્થ ઊંધા કરે છે લ્યો. એ તો અભવિની વાત છે. અહીં તો ત્રિકાળી સત્યની વાત છે. અભવિને આ પ્રમાણે હોય છે. ભવિનું જે નવ પદાર્થનું જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન તે સાચું જ્ઞાન છે. એમ કહે છે આ રતનચંદજીને. આહા..હા..! ભાઈ! તને ચૈતન્યરત્નની, સ્વના આશ્રયની ખબર નથી. નવ પૂર્વ ભણી ગયો, પણ એ જ્ઞાનને તો અહીં શબ્દશ્રુત કહ્યું, શાસ્ત્ર છે ઈ તો. એ શાસ્ત્ર વાણી છે. ભગવાન આત્મામાં આહા..હા..! અંતર્મુખ વિકલ્પ ને એ જાતનું જ્ઞાન અને શ્રદ્ધા એનું લક્ષ છોડી અને સ્વના દૃષ્ટિના લક્ષે આવ્યો અને એને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થાય તેને અહીંયાં સત્યદર્શન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વ્યવહાર અને નિશ્ચયની વાતું આવી છે. એમાં ભ્રમાવે, લોકોને ભરમાવે છે. આપણે આ બધો વ્યવહાર... વ્યવહાર... કરીએ છીએ પણ એ પૂજા, ભક્તિ, ફલાણું એ વ્યવહાર છે અને વ્યવહારથી નિશ્ચય પમાશે. જડથી ચૈતન્ય મળશે.

મુમુક્ષુ :- કેટલી મુદ્દતે? કેટલા દિવસે?

ઉત્તર :- ઈ મળશે-મળશે. મુદ્દતની ક્યાં ત્યાં?

મુમુક્ષુ :- અનંતા...

ઉત્તર :- ઈ એક-બે ભવે મોક્ષ જશે. જડથી ચૈતન્ય મળશે. નવ પદાર્થની શ્રદ્ધા એટલે નવ પદાર્થરૂપ. નવ પદાર્થની શ્રદ્ધા એટલે નવ પદાર્થરૂપ એવા એક પદાર્થની શ્રદ્ધા એ સમકિતરૂપ. આહા..હા..! કેવળીના મુખમાંથી આ વાણી આવી છે. સમજાણું કાંઈ?

'**જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...**' દર્શન એટલે સમકિત છે. એ નવ પદાર્થ તે સમકિત છે. '**કારણ કે તે (નવ પદાર્થો)...**' સમકિતનો આશ્રય છે વ્યવહારથી. રાગ છે એ વ્યવહાર. વ્યવહાર સમકિત એ રાગ છે. અને નવ પદાર્થો તે જડ છે, પર. આહા..હા..!

પરને આશ્રયે પ્રગટેલી શ્રદ્ધા પરરૂપ છે. સ્વરૂપ નહિ. આવી વાત છે. ત્રીજું. '**છ જીવ-નિકાય ચારિત્ર છે...**' એ છ કાયના જીવો એ ચારિત્ર છે. કહે ચારિત્ર ત્યાં ગયું? પૃથ્વીના જીવ પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ, છ કાયના જીવ તે ચારિત્ર છે. કેમ? કે વ્યવહાર ચારિત્ર જે રાગ, રાગને આશ્રય છ કાયના જીવનો છે. એ છ કાયના જીવની રક્ષાનો ભાવ એ છ કાયના જીવસ્વરૂપ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**છ જીવ-નિકાય...**' છ જીવનો સમુહ. છ પ્રકારના જીવનો સમુહ એ ચારિત્ર છે. એ '**છ જીવ-નિકાય ચારિત્ર છે...**' વ્યવહાર ચારિત્રનો રાગ એમાં એ આશ્રય છ જીવ-નિકાય છે. છ જીવની રક્ષા કરવી છેને? આહા..હા..! વીતરાગ સિવાય આવા છ જીવ, નવ પદાર્થ, આચારાંગ આદિ હોય વ્યવહાર? હજી વ્યવહારના ઠેકાણા નથી જેને. આહા..હા..! એને આત્માનો આનંદ આવે, આત્મા અવલોકન થાય (એમ બને નહિ). આવી વાત છે. આ તો આટલું હોય તો એનાથી ન થાય એમ કહે છે. આહા..હા..! '**છ જીવ-નિકાય...**' નિકાય છેને? છ જીવનો સમુહ. છ કાયના જીવ એ ચારિત્ર છે. વ્યવહાર. કારણ કે રાગ છેને? એ રાગનો આશ્રય ત્યાં જાય છે. છ કાય જીવને ન મારું, ફલાણું. તો એ છ કાય જીવ સ્વરૂપ જ ચારિત્ર છે. એ જડ છે. એટલે પર છે. આ ચૈતન્ય નહિ. છ જીવ-નિકાય તે ચારિત્ર વ્યવહાર. એટલે કે શુભરાગ એનો આશ્રય છ જીવ-નિકાય દયા છે. છ જીવ-નિકાય સ્વ જીવ-નિકાયથી જુદી ચીજ છે. પર ચીજ છે. પર ચીજ છે એની શ્રદ્ધા પણ પરચીજ છે. એટલે ચૈતન્યની જાતનું ચારિત્ર નહિ. આહા..હા..! છ કાયની દયાનું ચારિત્ર છ કાયરૂપ છે. એટલે પરરૂપ છે, સ્વરૂપ નહિ. આહા..હા..! ઓલામાં તકરાર બે જણાને હતી. તેરાપંથીને અને ... એક મહિનો ચર્ચા. પ્રશ્ન..માં આવે છે. છ જીવ-નિકાય ... એમ કહ્યું. ભગવાને .. કેમ કહ્યા વાણી? છ જીવ-નિકાયની રક્ષા માટે. તેરાપંથી કહે કે રક્ષા માટે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ તો અહીં છ જીવ-નિકાય રક્ષા શબ્દ પડ્યો છે. અહીં રક્ષા અંદર જયસેનાચાર્યની ટીકામાં. રક્ષાની જ વાત છે. ઈ રક્ષાનો અર્થ મૂળ તો રક્ષા નથી, પણ એની છ જીવ-નિકાયની દયા પાળવી, પણ એ છ જીવની દયા પાળવી એ પણ પરવસ્તુ છે, બંધનું કારણ છે. આહા..હા..! .. એક મહિનો ચર્ચા લીલાધરજીને. ઓલા કહેતા હતા પાણી વલોવાય છે. જ્યાં સામાની દલીલ આવે તેરાપંથીની તો આ પ્રમાણે છે. એ પરને લઈને દયા નહિ, રક્ષા નહિ. એમાં ન્યાય આપે તો એને .. થાય નહિ. આ કહે અમારી જ્યારે દલીલ આપે ત્યારે ઓલાને ઉભા રહ્યો... ઉભા રહ્યો... કરીને મુકાઈ ગયું... અને વેદાંતીને રાખેલો સાક્ષી એનો ન્યાય આપવા. વેદાંતી તો ઓલા તરફ જ જાય. તેરાપંથી તરફ. બેય ખોટા પણ. આહા..હા..!

છ જીવ-નિકાયને ન મારવા એ છ જીવ-નિકાય જ પોતે વ્યવહાર ચારિત્ર કીધું. કેમકે એ પરવસ્તુ છે. પરનો આશ્રય થયો માટે પરવસ્તુ છે. એ રાગ છે પરવસ્તુ, રાગ છે એ છ જીવનિકાય છે. આહા..હા..! સ્વજીવકાય નહિ, ચૈતન્યકાય નહિ એ. આવું ક્યાં હવે નવરા માણસને નવરા નહિ... કરો ... કરશું કાંઈક. પામશું કાંઈક. શું ધૂળ પામશે? શું કરવું છે તને? આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા સ્વઆશ્રયથી લઈને... કેમકે જે સર્વજ્ઞ સ્વભાવી જ આત્મા છે. સર્વજ્ઞ સ્વભાવી આત્મા, એટલે જ્ઞાનસ્વભાવી આત્મા. સર્વજ્ઞ સ્વભાવમાંથી એનો આશ્રય લઈને જે જ્ઞાન થયું એ ભલે ઓછું જ્ઞાન હોય, શાસ્ત્રનું જ્ઞાન એને હોય નહિ કદાચિત્, તોપણ એ જ્ઞાન છે. અને આ જ્ઞાન નથી અને શાસ્ત્રનું જ્ઞાન અને આ છ જીવની દયાનો ભાવ હોય એ ચારિત્ર નહિ, અચારિત્ર છે. આહા..હા..! લ્યો, સ્થાનકવાસીમાં તો બસ જીવની દયા પાળવી. દયા પાળો... દયા પાળો... દયા પાળો... ..માં તો ઈ. દયા પાળો. ..બાંધી ભીક્ષા માટે. ૨૫-૫૦ માણસો. આ દયા પાળી .. ત્યાંથી જઈને લઈ આવે. એ દયા પાળી કહેવાય. અરે..! આવી વસ્તુ છે! અહીં તો કહે છે કે વ્યવહારચારિત્ર એટલે શું? કે ઈ તો છ કાયના જીવ એ વ્યવહાર ચારિત્ર. લક્ષ ત્યાં જાય છેને એને? આહા..હા..! એ બંધનું કારણ છે. છ જીવની-નિકાયની દયાનો ભાવ એ છ જીવ-નિકાય એ સ્વરૂપ છે અને એ બંધનું કારણ પરવસ્તુ છે. વ્યવહાર પરાશ્રિત સિદ્ધ કરવો છેને? આહા..હા..! પરાશ્રિત છે. આહા..હા..!

'**કારણ કે તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે;...**' ઓલો વ્યવહારચારિત્ર રાગ, શુભરાગ, પુણ્યબંધનું કારણ એમાં એ છ કાયની દયા જીવની છે. તેથી એને વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. છ કાયના જીવને જ વ્યવહારચારિત્ર કહ્યું. આહા..હા..! શૈલી તે શૈલી પણ. '**એ પ્રમાણે વ્યવહાર છે.**' લ્યો, આ પ્રમાણે વ્યવહાર છે. આ પ્રમાણે પરની પ્રસિદ્ધિનો જ્ઞાન, દર્શન અને ચારિત્ર પરની પ્રસિદ્ધિરૂપ વ્યવહાર છે. એમાં સ્વ ન આવ્યો. આહા..હા..! હવે '**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' આહા..હા..! શુદ્ધ આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ પવિત્ર આત્મા. એ શુદ્ધ આત્મા તે જ્ઞાન છે એમ કીધું. જોયું? જેમ ઓલામાં શાસ્ત્ર તે જ્ઞાન છે. શાસ્ત્ર તે શબ્દશ્રુત તે જ્ઞાન છે. એમ '**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' શુદ્ધ આત્મા જ્ઞાન છે. એ ત્રિકાળી શુદ્ધ આત્મા એ જ્ઞાન છે, ભાઈ! શું કીધું? શુદ્ધ આત્મા એટલે ત્રિકાળી દ્રવ્ય આત્મા એ જ્ઞાન છે. આહા..હા..!

'**શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...**' એ શુદ્ધ આત્મા સમ્યગ્જ્ઞાનની દશા, સાચું સમ્યગ્જ્ઞાન એનો આશ્રય તો શુદ્ધ આત્મા છે. જેથી શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. આહા..હા..! આમાં આચારાંગ આદિનું જ્ઞાન હતું માટે શુદ્ધ જ્ઞાન થયું એમ ન કહ્યું. શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. ઓલું છે આખું ત્રિકાળી તત્ત્વ ભગવાન

તે જ્ઞાન છે. કેમકે જ્ઞાનનો આશ્રય એ હતો. આ આચારંગ આદિનું જ્ઞાન લક્ષમાં હતું અને એમણે કહ્યું કે એમ કે આશ્રય લે તું. માટે એટલી મદદ મળી (એમ નથી). શુદ્ધ આત્મા તે જ્ઞાન. જ્ઞાનની પર્યાય છે તે સમ્યગ્જ્ઞાન, મોક્ષનો માર્ગ છે આ. શુદ્ધ દ્રવ્ય છે આખો. શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ તે જ્ઞાન. કેમકે સમ્યગ્જ્ઞાનનો આધાર અને આશ્રય, નિમિત્ત એ છે. આહા..હા..! એ જ્ઞાનમાં આ આચારાંગ આદિ જ્ઞાનનું નિમિત્તપણું, કારણપણું છે એમ નથી.

મુમુક્ષુ :- ... એ પહેલું કીધું.

ઉત્તર :- એ કારણ જ નથી. આહા..હા..! જુઓને સ્વયંસિદ્ધ વસ્તુ શુદ્ધ આત્મા તે જ્ઞાન. નહિતર જ્ઞાનની તો પર્યાય છે સમ્યક્. અને અહીં તો દ્રવ્ય તે જ્ઞાન છે. કેમકે નિર્મળ સમ્યગ્જ્ઞાનની પર્યાયનો આશ્રય, આધાર તો શુદ્ધ આત્મા છે. સમ્યગ્જ્ઞાનમાં પર્યાયનો આધાર, આશ્રય, નિમિત્ત, હેતુ તો એ દ્રવ્ય છે. આહા..હા..! એવા સમ્યગ્જ્ઞાનમાં આધાર આચારાંગ આદિ જ્ઞાનનો કે એનાથી જાણ્યું એનો તો જરીએ આધાર નથી એમાં. છે કે નહિ? આહા..હા..! એ જૈનદર્શન પરંપરાનું તત્ત્વ આ છે. એ દિગંબર દર્શન, પરમાત્મદર્શન. આહા..હા..! આત્મદર્શન. કહે છે કે એ જ્ઞાન તે... જ્ઞાન તો કેવળજ્ઞાનની પર્યાય છે, પણ કહે છે કે એ શુદ્ધ આત્મા જ્ઞાન છે. જ્ઞાન તે તો પર્યાય છે. આ પર્યાયની વાત છે હોં જ્ઞાન તે. આહા..હા..! એ શુદ્ધ આત્મા તે જ્ઞાનની પર્યાય તે શુદ્ધ આત્મા. એ જ્ઞાનની પર્યાય તે જ્ઞાન પર્યાય છે એમ નહિ. એ શુદ્ધ જ્ઞાન જે થયું એ કહે છે કે શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. જ્ઞાનની પર્યાય તે જ્ઞાન છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? .. નાખ્યો છે. મોટો ભગવાન બિરાજે છે એનું જ્ઞાન તે એનું જ્ઞાન છે. આહા..હા..! કેમકે જે જ્ઞાન સમ્યક્ થયું તેનો આશ્રય અને આધાર તો ત્રિકાળી દ્રવ્ય છે. તો એ શુદ્ધાત્મા તે જ્ઞાન છે, એ દ્રવ્યસ્વરૂપ તે જ્ઞાન છે. આહા..હા..! જેની આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે એમ કીધું વ્યવહારુ. તો સમ્યગ્જ્ઞાન ઈ કોણ? કે શુદ્ધ આત્મા તે જ્ઞાન છે, શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. આહા..હા..!

જે જ્ઞાનની પર્યાય પ્રગટી એનો આધાર અને આશ્રય તો શુદ્ધ આત્મા છે. આહા..હા..! પર્યાયનો આધાર પર્યાય પણ નહિ અહીં તો. આહા..હા..! કહો, વળી એકકોર કહેવું કે પર્યાય અને ધ્રુવ બે જુદાં. એ કઈ અપેક્ષાએ? અહીં કહે છે કે સમ્યગ્જ્ઞાન જે શાંતિવાળું જ્ઞાન, આનંદસહિતની પ્રગટદશાવાળું જ્ઞાન એ જ્ઞાન સાચું જ્ઞાન, પણ એ જ્ઞાન એટલે શું? કે શુદ્ધ આત્મા. આહા..હા..! અરે..! આવી વાણી પણ સાંભળી નહિ એણે. એ જીવનમાં શું કર્યું એણે? પાંચ, પચાસ લાખ મળ્યા ને કરોડ મળ્યા અને ધૂળ મળ્યા. કાંઈ નથી. હેરાન હેરાન છે, બાપુ! આહા..હા..! એની મમતા એ વખતે તો તને આવી નહિ, પણ મમતા એ જડ છે. જડવાળો હું મને જડ મળ્યું. પૈસા મળ્યા એટલે મને જડ મળ્યું. ચૈતન્યને જડ મળ્યું.

આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે સમ્યગ્જ્ઞાન જે, મોક્ષનો માર્ગ જે જ્ઞાન એ શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. દ્રવ્ય તે જ્ઞાન છે. વસ્તુ તે જ્ઞાન છે. ત્રિકાળ પરમાત્મા શુદ્ધ ચૈતન્યઘન તે જ્ઞાન છે. ઓહો..હો..! આ ઠીક ગાથાઓ... કહો, જીવનભાઈ! ... છે આ તો. ગુરૂવાર છે. આ ભાઈ તો અહીં છેને. હિંમતભાઈ આવે. તારા પદાર્થની શું મહિમા કરવી કહે છે. આહા..હા..! જે જ્ઞાન થયું એ જ્ઞાન શુદ્ધ આત્મા છે. આહા..હા..! એમાંથી આવ્યું અને એને આશ્રયે આવ્યું એને અહીંયાં જ્ઞાન મોક્ષના માર્ગનું જ્ઞાન કહે છે. આહા..હા..! બાકી બધા અગિયાર અંગ ભણી ભણીને ભણ્યો. અહીંયાં અષ્ટસહસ્રી પ્રેમકમલમાર્તંડ ભણે ત્યાં તો એને એમ થાય કે આહા..હા..! કાંઈ ઠેકાણા ન મળે. અષ્ટસહસ્રીનો અનુવાદ કર્યો. કોણ કરે? આહા..હા..!

શુદ્ધ આત્મા તે જ્ઞાન એમ શબ્દ છે. શુદ્ધ આત્મા જ્ઞાન. કારણ હવે લીધું. 'કારણ કે તે...' તે એટલે શુદ્ધ આત્મા. જ્ઞાનનો આશ્રય. સમ્યગ્જ્ઞાનનો આધાર તો શુદ્ધ આત્મા છે. એનો અર્થ તે થયો ગમે તેટલું આચારાંગ આદિનું જ્ઞાન કર્યું, પણ એને લઈને જ્ઞાન થયું એમ તો નથી. એનો અભાવ કરીને આશ્રય કર્યો દ્રવ્યનો ત્યારે જ્ઞાન થયું. આહા..હા..!

મુમુક્ષુ :- કરે એને થાયને?

ઉત્તર :- કરે એને એટલે? સ્વનો આશ્રય લે એને થાય. એમાં પછી પરનો આશ્રય હતો માટે સ્વનો આશ્રય થયો. આહા..હા..! એટલો ક્ષયોપશમ વિકાસ હતો કાંઈક તો અંદર સ્વનો આશ્રય આવ્યો બિલકુલ જૂઠી વાત છે. વ્યવહારની અપેક્ષા ત્યાં છે જ નહિ. સમ્યગ્જ્ઞાનને ભગવાન આત્માનો જ આધાર, આશ્રય છે. કે જેમાં જ્ઞાનસ્વરૂપી પ્રભુ બિરાજે છે. આહા..હા..!

અહીં સમ્યગ્જ્ઞાન જે મોક્ષનો માર્ગ. અહીં જ્ઞાનને મોક્ષ લીધું પહેલું જોયું? દર્શનને પછી લેશે. બધામાં એમ લીધું છેને? જ્ઞાન પહેલા લીધું. આહા..હા..! પહેલેથી લીધુંને '**आयारादी णाणं**' એમ લીધું. અને શુદ્ધ આત્મા તે જ્ઞાન. જુઓને આત્મા. છેને? નિશ્ચયથી મારો આત્મા જ જ્ઞાન છે. શબ્દ ઈ છે પાઠ ટીકા. ટીકા શું ગાથા. મારો આત્મા જ જ્ઞાન છે. જ્ઞાનની પર્યાય ઈ મારો આત્મા જ જ્ઞાન છે એમ કહે છે. શબ્દાર્થ છેને અંદર? અન્વયાર્થમાં. બીજી ગાથામાં. '**નિશ્ચયથી મારો આત્મા જ...**' '**આત્મા જ જ્ઞાન છે,...**' આત્મા તો હતો. પણ જ્યારે આશ્રય લીધો ત્યારે આત્મા એ જ્ઞાન એમ કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? આ વ્યવહાર-નિશ્ચયની વાતું ઝઘડા ઉભા કર્યા. આહા..હા..! આમ પરાશ્રય જ્ઞાનનો અંદર ક્ષયોપશમ લાગે, એને એમ લાગે કે હું કાંઈક વધ્યો છું એ મિથ્યાત્વની પુષ્ટિ છે. આહા..! અભિમાન છે. એવું જાણપણું બહાર શાસ્ત્રનું કર્યું, ન દેખે બીજા પાસે એટલે .. એમાં જ્ઞાન-ધ્યાન લાગતું હતું. વાત સાચી. જ્ઞાન કોને કહેવું એ તને ખબર નથી. આહા..હા..!

શુદ્ધ આત્મા '**मम आत्मा**' 'જ' શબ્દ વાપર્યો છે. આમાં નીકળે છે જુઓ '**खलु**'

છેને? **'निश्चयथी...'** એમ છે? શુદ્ધ આત્મા **'शुद्ध आत्मा ज्ञानाश्रयत्वाज्ज्ञानं'** ટીકા આપી છે. શુદ્ધ આત્મા. મારે તો ઈ કહેવું છે ઓલો 'જ' કાઢ્યો. મારો આત્મા જ. એ જ ત્યાં કાઢ્યો. ટીકામાં? ટીકામાં તો આમ છે **'शुद्ध आत्मा ज्ञानाश्रयत्वज्ज्ञानं,'**

મુમુક્ષુ :- પછી કારણ આપ્યું ...

ઉત્તર :- હા, ઈ. **'शुद्ध आत्मा दर्शनाश्रयत्वाद्दर्शनं,'**

મુમુક્ષુ :- આશ્રયની વાત છે ત્યાં.

ઉત્તર :- એ સમ્યગ્જ્ઞાન મતિશ્રુત પ્રગટ્યું. એ જ્ઞાન મતિશ્રુત જ્ઞાન એટલે? કે શુદ્ધ આત્મા. ત્રિકાળી ધ્રુવ આત્મા તે જ્ઞાન. તે જ્ઞાનની પર્યાય ધ્રુવને આશ્રયે પ્રગટી એથી ધ્રુવ તે જ્ઞાન, શુદ્ધ આત્મા તે જ્ઞાન, નિત્યાનંદ પ્રભુ તે જ્ઞાન. આહા..હા..!

**'કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...'** સમ્યગ્જ્ઞાન જે **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'** એવું જે સમ્યગ્જ્ઞાન, એ સમ્યગ્જ્ઞાન તે આત્મા છે, શુદ્ધ આત્મા છે. કેમકે એ જ્ઞાનમાં આશ્રય શુદ્ધ આત્માનો છે. આહા..હા..! એ સમ્યગ્જ્ઞાનમાં આશ્રય-આધાર વ્યવહારુ જ્ઞાનનો બિલકુલ નથી એમ કહે છે. કહો, કાંઈક ખ્યાલમાં આવ્યું માટે એનું લક્ષ થયું. લક્ષ આવે છેને શ્રીમદ્‌માં નહિ? 'લક્ષ થવાને તેહનો..' લક્ષ. બધી વાતું છે. વ્યવહાર સમજાવવો છે તો શું સમજાવે? સમજાવાની શૈલી. 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાય.'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પછી. આ તો..

અહીં તો કહે છે કે સમ્યગ્જ્ઞાન એટલે જ આત્મા બસ. એને પરની અપેક્ષા જરી સાંભળ્યું હતું, ક્ષયોપશમ હતો, માટે તે સમ્યગ્જ્ઞાનમાં આશ્રય થયો એનો (એમ નથી). આશ્રય તો ભગવાન આત્માનો છે. એને અહીંયાં જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ઓહો..હો..! મધ્યસ્થથી જો સાંભળને તો એને ખ્યાલ આવે કે વસ્તુ તો આ છે. પ્રભુ પોતે બિરાજે છે પૂર્ણાનંદનો નાથ પરમાત્મા, એને આશ્રયે જ્ઞાન તે જ્ઞાન તે આત્મા જ છે. આહા..હા..! એ સિવાય જ્ઞાન બીજાને આધારે છે નહિ. આહા..હા..! ક્ષયોપશમ થયો એને આધારે આ જ્ઞાન નહિ. એને આત્માને આધારે આ જ્ઞાન છે. માટે તે આત્મા છે જ્ઞાન. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ સુદ-૮, શુક્રવાર, તા. ૦૮-૦૬-૧૯૭૩
## ગાથા - ૨૭૬-૨૭૭, પ્રવચન-૪૦૨

આ સમયસાર બંધ અધિકાર ચાલે છે. ગાથા ૨૭૬ છેને ૭૭. અહીંયાં આવ્યું છે લ્યો. આઠમી લીટી છેને ચોથી? 'શુદ્ધ આત્મા જ્ઞાન છે...' શું કહે છે? જેને સમ્યગ્જ્ઞાન મોક્ષનું કારણ કહે છે એ સમ્યગ્જ્ઞાન શુદ્ધ ધ્રુવ શુદ્ધ આત્મા, શુદ્ધ આત્મા ત્રિકાળી ધ્રુવ, પવિત્ર શુદ્ધ એ જ્ઞાન છે. કેમકે એ જ્ઞાનનો આશ્રય આધાર છે. સમ્યગ્જ્ઞાન મોક્ષનો માર્ગ દર્શન-જ્ઞાન-ચારિત્ર. જેમાં એ જ્ઞાન છે એ કાંઈ શાસ્ત્રનું જ્ઞાન કે પરનું જ્ઞાન એ કાંઈ જ્ઞાન નથી. એ તો રાગનો ભાગ એને વ્યવહાર જ્ઞાન કહેવામાં આવે છે. એ કાંઈ મોક્ષનું કારણ નથી. અગિયાર અંગ અને નવ પૂર્વ તો અનંતવાર ભણી ગયો. એ કાંઈ સમ્યગ્જ્ઞાન નથી. સમ્યગ્જ્ઞાન તો અંતર શુદ્ધ આત્મા પવિત્ર ત્રિકાળી એને આશ્રયે, એમાં એકાગ્ર થઈને જે જ્ઞાનની દશા સ્વસંવેદન આનંદસહિત જ્ઞાનદશા પ્રગટ થાય તે જ્ઞાનદશા મોક્ષનું કારણ છે.

'કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...' ઝીણું બહુ. વીતરાગમાર્ગ એટલો ઝીણો છે. લોકોને એ મળ્યું નથી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે જ્ઞાનનો આશ્રય તો આત્મા છે. આત્મા એટલે શુદ્ધ ચૈતન્ય. પૂર્ણાનંદનો નાથ અનંત આનંદ અને અમૃત જેમાં ભર્યા છે. આહા..હા..! જેની શક્તિમાં, સ્વભાવમાં પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિ ભરી છે એવો આત્મા શુદ્ધ ધ્રુવ એને અહીંયાં જ્ઞાન કહીએ. કેમકે એ જ્ઞાન એને આશ્રયે થાય છે. આહા..હા..! કહો, આ બધા શાસ્ત્રના ભણતર અને વાતું. આહા..હા..! એ તો પરલક્ષી શાસ્ત્રના જ્ઞાન કર્યા હોય તો એ તો પરલક્ષી છે. એ તો વિકલ્પવાળું, રાગવાળું છે. એ કોઈ મોક્ષનો માર્ગ નથી. મોક્ષના માર્ગનું જે જ્ઞાન જેનાથી વિકલ્પ રાગ અને આત્માનો સ્વભાવ બે ભિન્ન ભાનમાં આવે એવું જે જ્ઞાન તે આત્માને આશ્રયે થાય છે. આહા..હા..! એ દેવને આશ્રયે નહિ, ગુરુને આશ્રયે નહિ. વીતરાગની વાણીને આશ્રયે પણ એ જ્ઞાન નહિ. વીતરાગ છે એ તો પરદ્રવ્ય છે આત્મા. અને એની વાણી છે એ પણ જડ છે, પર છે. આહા..હા..! એ જે જ્ઞાન જેને કહીએ, જે મોક્ષનું કારણ થાય એ જ્ઞાન તો આત્માના અંતરના શુદ્ધ ચૈતન્યને આશ્રયે થાય. તેને અહીંયાં જ્ઞાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એનું સાધન શું?

ઉત્તર :- સાધન આત્મા. સાધન ક્યું હતું બીજું? ઈ તો કહે છે. એનો આશ્રય આત્મા

માટે એને જ્ઞાન કહીએ. વાત આકરી છે. જૈન સંસ્કૃતમાં આવ્યું છેને હમણા? ... આહા..હા..! અરે..! શું થાય? એ વાત અનાદિકાળની એને નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો, ફીર પીછો પટક્યો.' આત્મદર્શન અને આત્મજ્ઞાન જેને સમકિત કહીએ અને સમકિત સાથેનું જેને જ્ઞાન કહીએ એ જ્ઞાન તો ત્રિકાળી ભગવાન આત્મા પૂર્ણ આનંદનો, અમૃતનો સાગર. આગળ આવશેને પડિક્કમણામાં? નિશ્ચય પરિણતિ શુદ્ધ જે છે. પ્રતિક્રમણ, સામાયિક, શાંતિ એને કહીએ કે જે અમૃતસ્વરૂપ છે. અમૃતસ્વરૂપ એટલે જેની પરિણતિ પર્યાય અમૃતસ્વરૂપ છે. આહા..હા..! અને રાગ જે ક્રિયા બધી છે. વ્યવહાર પ્રતિક્રમણ, સામાયિક વિકલ્પ એ બધો અમૃતથી વિરુદ્ધભાવ છે.

સર્વજ્ઞ પરમેશ્વરે અરિહંત દેવ ત્રિલોકનાથે જે આત્મા જોયો એ આત્મા તો રાગથી રહિત, પુણ્યથી રહિત, એક સમયની પર્યાય પણ જેમાં નથી. આહા..હા..! જે આશ્રય કરવાલાયક છે, જેનું અવલંબન કરવાલાયક છે એવી જે ચીજ પૂર્ણ આનંદ, જેની પરિણતિ પ્રગટે એને અમૃત કીધું તો એ તો અમૃતનો સાગર છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે મોક્ષમાર્ગ આ સમ્યગ્જ્ઞાન ઈ અમૃત સ્વરૂપ છે. આહા..હા..! એ કાંઈ બહારથી પ્રગટતું નથી. બહારને લઈને ઈ આવતું નથી જ્ઞાન. આહા..હા..! જ્ઞાનનો સાગર પ્રભુ ચૈતન્યમૂર્તિ એવું જે એનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એમાં એકાગ્ર થવાથી, એનો આશ્રય લેવાથી એ જ્ઞાનને એનો આધાર મળવાથી સમ્યગ્જ્ઞાન થાય. ઓલા વ્યવહારના વાંધા ઉઠાવે. વ્યવહાર છે એ કાંઈ નિશ્ચયનું કારણ છે એમ. અરે..! વ્યવહાર તો રાગ છે, ભાઈ! અને સમ્યગ્જ્ઞાન તો વીતરાગી પરિણતિ છે. એ રાગને કારણે વીતરાગીજ્ઞાન થાય? ઝીણી વાત બહુ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહે છેને આમાં આવ્યું છેને. ખુબ આવ્યું છે આજે. એને બેઠું નથીને શું થાય? અનાદિનું જે સાંભળ્યું હોય એ રીતે બેઠું હોય એ કહે. પ્રભુ પોતે ચૈતન્યમૂર્તિ જેમાં નજર નાખ્યે નિધાન અમૃતનો સાગર ભગવાન આશ્રયમાં મળે. આહા..હા..! એવી દશાને જ્ઞાન કહીએ, કેમકે જ્ઞાનનો આશ્રય ભગવાન આત્મા છે. પર આત્મા ભગવાન અરિહંત પણ એ જ્ઞાનનો આધાર નહિ. આહા..હા..! અરિહંતદેવ ઈ પરદ્રવ્ય છે. ઈ અરિહંતદેવની વાણી છે એ પણ આત્માથી પરવસ્તુ છે અને ભગવાનની વાણીમાં એમ આવ્યું છે. આહા..! ભાઈ! ભગવાન તું પૂર્ણાનંદનો નાથ છો અંતર. અને જે સિદ્ધની પર્યાય પ્રગટ થાય છે સિદ્ધની. એવી તો અનંતી-અનંતી પર્યાય. સિદ્ધ એ પર્યાય છે, અવસ્થા છે. એવી અનંતી-અનંતી સિદ્ધની પર્યાય પ્રગટ થાય, જેમાં અનંતી સિદ્ધની પર્યાયો સંગ્રહરૂપ પડી છે અંદરમાં. આહા..હા..! એવો ભગવાન આત્મા શુદ્ધઘન, આનંદઘન, અમૃતનો સાગર શાશ્વત સુખ અને શાશ્વત જ્ઞાનથી ભરેલો પદાર્થ. આહા..હા..! જે સર્વજ્ઞે કહ્યો એ. સર્વજ્ઞ સિવાય અજ્ઞાની જેટલા

આત્માની વાતું કરે છે એ બધી કલ્પનાની વાતું છે. સમજાણું કાંઈ?

તીર્થંકર પરમેશ્વરે જે એક-એક આત્મા એવા અનંત આત્માને જોયા એ પોતાને જોઈને પ્રગટ દશા કરી જેણે, અરિહંતપદ પ્રાપ્ત કર્યું. એની વાણીમાં એમ આવ્યું કે ભાઈ! મોક્ષના કારણરૂપ જ્ઞાન તો એને કહીએ કે તારું તત્ત્વ અખંડ છે એનો આશ્રય લે તો જ્ઞાન થાય. આહા..હા..! વીતરાગ એમ કહે. વીતરાગ એમ કહે કે અમારો આશ્રય લઈને પણ તને જ્ઞાન નહિ થાય. કારણ કે અમે તો પરદ્રવ્ય છીએ અને તારું દ્રવ્ય તો પડ્યું છે અંદર પૂર્ણ. આહા..હા..! અરે..! એ વાત એને બેસી નથી. અનંતકાળથી એને જે વાત બેસી છે સાધુ થયો અનંતવાર. દિગંબર સાધુ હોં. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો 'પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ઈ આ જ્ઞાન. આત્મજ્ઞાન. આહા..હા..! ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપે બિરાજે છે. આહા..હા..! 'ચેતનરૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદાપદ મેરો' સિદ્ધસ્વરૂપી શક્તિનું સત્ત્વ જ આખો આત્મા છે. એમાંથી પર્યાય સિદ્ધની પ્રગટ થાય છે.

તો અહીં કહે છે કે એ જ્ઞાનની પર્યાય એને કહીએ. આ ભણ્યા, ગણ્યા, વાંચ્યા, કહેતા આવડે ઈ જ્ઞાન નહિ. આહા..હા..! જ્ઞાન તો એને પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર એને જ્ઞાન કહે. '**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' આહા..હા.! એ શુદ્ધ પવિત્ર નિત્યાનંદ પ્રભુ એ જ્ઞાન છે. એને જ્ઞાન કહીએ. એ તો દ્રવ્ય છે ત્રિકાળી. ત્રિકાળી દ્રવ્ય છે વસ્તુ. એને જ્ઞાન કહીએ એમ કીધું. ત્રિકાળી દ્રવ્યને જ્ઞાન કેમ કહીએ? '**કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...**' સમ્યગ્જ્ઞાનની દશાનો આધાર આત્મા છે. ત્રિકાળી આત્માને આશ્રયે જ્ઞાનની દશા પ્રગટ થાય. અમૃતનો પર્યાય તે તો નિર્વિકલ્પદશા જ્ઞાનની આત્માને આશ્રયે થાય છે માટે આત્માને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! કહો, આમાં ભણતર-ભણતરના કે બધા કાંઈ કામ ન કરે એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ... શું કરવી?

ઉત્તર :- જ્ઞાનનો સાગર ચૈતન્ય પ્રભુ છેને. ઈ જ્ઞાનસ્વરૂપી ભગવાન શુદ્ધ આત્મા એને અહીંયાં જ્ઞાન કહીએ. નહિતર એ તો દ્રવ્ય છે. જ્ઞાન છે એ તો પર્યાય છે. જે સમ્યગ્જ્ઞાન મોક્ષનો માર્ગ, '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' તો એ ત્રણે તો પર્યાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણે તો પર્યાય અવસ્થા છે. અને અહીંયાં સમ્યગ્જ્ઞાન અવસ્થાને શુદ્ધ દ્રવ્ય કીધું. આહા..હા..! ઝીણો માર્ગ વીતરાગનો. કેમકે એ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ, વસ્તુ સ્વભાવ એના ઉપર નજર પડતા, એમાં એકાગ્ર થતાં જે આનંદસહિત અમૃતના જ્ઞાનનો પ્રવાહ જે આવ્યો એ દ્રવ્યને આશ્રયે આવ્યો, માટે દ્રવ્યને જ અમે જ્ઞાન કહીએ છીએ. આહા..હા..! આવી વાત વીતરાગ સિવાય (ક્યાંય નથી) બીજા બધા એમ કહે કે અમે તમને આપી દઈએ.

અમારાથી તને મળે. ભગવાન કહે છે કે અમે તો આત્મા તારાથી જુદા. અમારાથી તને શું મળે? આહા..હા..! વીતરાગ કહે. કહો, સમજાણું કાંઈ? તારામાં ક્યાં પૂર્ણતા ભરી નથી? તું ક્યાં ખામીવાળો અને વિકારી છો? પૂર્ણાનંદનો નાથ પરમાત્મા ચેતન દ્રવ્ય છો.. શક્તિ, મુક્તરૂપ જ છે આખી. એને આશ્રયે જે જ્ઞાન થાય એ અમૃતનો નમુનો આવ્યો બહાર એમ કહે છે. અમૃત સાગર આત્મા એમાંથી પર્યાય આવી એથી એ પર્યાયને દ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહા..હા..! કહો, ગીરધરભાઈ! આ થોડાઘણા શાસ્ત્ર ભણે, વાંચતા આવડ્યું હોય, સભા રંજન, સભાને બિચારીને ખબર ન હોય. જૈન પરમેશ્વર વીતરાગદેવ શું કહે છે? એનો માર્ગ અપૂર્વ જગતથી જુદો કેમ છે? એની ખબર ન હોય તો જ્યાં ત્યાં હા... હા... હા... હા.. કરે છે.

કહે છે કે શુદ્ધ આત્મા દ્રવ્ય જ્ઞાન છે. **'તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...'** એક વાત. હવે સમ્યગ્દર્શનની વાત આવી. પહેલી જ્ઞાનની વાત કરી. હવે સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન એટલે શું? **'શુદ્ધ આત્મા દર્શન છે...'** આહા..હા..! પરમાત્માનો દિવ્યધ્વનિમાં અવાજ આવ્યો છે આ. શુદ્ધ આત્મા સમકિત. અરે..! અહીં તો ભાઈ દેવ-ગુરુ-શાસ્ત્રને માને તે સમકિત. નવ તત્ત્વને ભેદવાળા માને તે સમકિત. ભગવાન સાચા ઈ માને સમકિત. ભગવાન કહે છે એ વાત તારી ખોટી છે. આહા..હા..! **'શુદ્ધ આત્મા દર્શન છે...'** એ સમ્યગ્દર્શન એ શુદ્ધ આત્મા છે. આહા..હા..! **'કારણ કે તે દર્શનનો આશ્રય છે,...'** સમ્યગ્દર્શનનો આધાર આત્મા છે. આત્માની દૃષ્ટિએ, આત્માને લક્ષે, આત્માને આશ્રયે સમ્યગ્દર્શન થાય. દેવ-ગુરુ-શાસ્ત્રથી તો નહિ, પણ એને માનનારો જે વિકલ્પ રાગ કે નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ એ આ સમ્યગ્દર્શનનો આશ્રય નહિ. તે નવ તત્ત્વની શ્રદ્ધા હતી વિકલ્પવાળી તો આ સમ્યગ્દર્શન સાચું થયું એમ નથી. સમજાણું કાંઈ?

**'તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...'** એમાં? જ નાખ્યો પાછો. તમે પૂછ્યું હતુંને કાલે? મારો આત્મા છે. એ સંસ્કૃતમાં છે. **'शुद्ध आत्मैव ज्ञानस्याश्रयः'** શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય, શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે. આહા..હા..! ટીકામાં છેલ્લે સાવ. આ બાજુ ટીકા. સંસ્કૃત ટીકામાં છે. પુસ્તક ફેર હશે.

મુમુક્ષુ :- ૪૨૧ પાને ત્રીજી લીટી.

ઉત્તર :- ૪૨૧ પાને. બેને મેળવે છેને ત્યાં. ત્રીજી લીટી છે. **'शुद्ध आत्मैव ज्ञानस्याश्रयः'** **'एव'** શબ્દ પડ્યો છે અને જ. ત્રીજી લીટી પાછળ. આહા..હા..! અને **'शुद्ध आत्मैव दर्शनस्याश्रयः'** આહા..હા..! સંતોની વાણી અલૌકિક વાતું છે, બાપા! જેને જન્મ-મરણના નાશ કરવા હોય, ચોર્યાસીના અવતાર આગળ કરીને મરી ગયો. અવતાર કરી કરીને. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, ઢોર, કીડી, કાગડા, નારકી, ભગવાન ચાર ગતિના

દુ:ખો તે અનંતવાર સહન કર્યા છે. એ આત્માનો આશ્રય તે લીધો નહિ. એટલે કહે છે સમ્યગ્દર્શન કોને કહે? જેને મોક્ષના માર્ગનો એક અવયવ જ્ઞાન, દર્શન અને ચારિત્ર ત્રણ મોક્ષનું કારણ. તો હવે દર્શન કોને કહેવું? તો દર્શન તો શુદ્ધ આત્મા એ દર્શન. ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ એને અમે સમકિત કહીએ છીએ. કેમકે સમકિત એને આશ્રયે પ્રગટ થયું છે. આ સમકિત છે તો પર્યાય. સમકિત ગુણ નથી. ગુણ તો ત્રિકાળી હોય, પણ એ સમકિત પર્યાય તે શુદ્ધ આત્મા છે. આહા..હા..! શુદ્ધ ભગવાન આત્મા તે સમકિત છે. એટલે ઈ પર્યાય તે દ્રવ્ય છે એમ કહે છે. આહા..હા..! ભારે! ભગવાનની વાણીની ટીકા છે. આહા..હા..!

અરે..! એને જન્મ-મરણના આંટા મટવા કેમ મટે? એની વાત એણે સાંભળી નથી. ચોર્યાસીના અવતાર કરી કરીને. કાંઈક એવી ક્રિયાઓ કાંઈક વ્યવહારની આ પુણ્ય બાંધે. દેવમાં જાય પણ મિથ્યાદૃષ્ટિ છે એથી અનંતા જન્મ-મરણના આંટા એના હજી થવાના છે. આહા..! સમ્યગ્દર્શન એટલે કે શુદ્ધ આત્મા. સમ્યગ્દર્શન ઈ છે તો પર્યાય. અવસ્થા છે ઈ. છતાં એ કહે છે કે શુદ્ધ આત્મા તે દર્શન. ભગવાન ત્રિકાળી પરમાત્મસ્વરૂપ પોતાનું તે દર્શન. કેમકે દર્શનનો આધાર એ છે. આહા..હા..! વ્યવહાર સમકિતને આધારે દર્શન છે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ કહે છે અહીં. ઝીણી વાત છે, ભગવાન! બહુ વાત ઝીણી! વીતરાગનો માર્ગ એવો કે એ રાગ છે એ વિકલ્પ છે. તેનો આશ્રય લેવો પડે તો તો આત્મા સમકિતને પામી શકે જ નહિ.

મુમુક્ષુ :- .. જ્ઞાન થોડા ઉસકા વ્યવહાર સમકિત કા હોને કે બાદ..

ઉત્તર :- ના, એનાથી થતું જ નથી એમ કહે છે અહીંયાં. એ વાત છે. રાગ એ તો વ્યવહાર છે અને વ્યવહાર એ પુણ્યબંધનું કારણ છે અને રાગથી સમ્યગ્દર્શન થાય તો સમ્યગ્દર્શન તો વીતરાગી પર્યાય છે. રાગ વિકલ્પ છે. ચારિત્રદોષ છે. વ્યવહાર સમકિત કોઈ સમકિત નથી. એ તો ચારિત્રના દોષનો રાગભાગ છે. એણે આમ લખ્યું છે ભાઈ આજે વ્યવહાર સમકિતને રાગ કહે છે આ લોકો. રાગ નહિ તો અરાગ છે? અરાગી તો આત્માના અંતરના અવલંબે દર્શન થાય એ અરાગી દશા છે. પરને આશ્રયે જેટલો ભાવ થાય એ બધો રાગ છે. એ માટે તો આ ગાથા લીધી. 'પરાશ્રયો વ્યવહાર, સ્વાશ્રય નિશ્ચય' આ જૈનદર્શનનું મૂળ સૂત્ર. પરનો આધાર લઈને સ્વનો આધાર આવે એમ નહિ. હોય ખરો. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી સ્વના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ્યું એને વ્યવહારનો વિકલ્પ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો હો, પણ ઈ રાગથી આ આત્માનું સમ્યગ્દર્શન થાય એમ નહિ. આહા..હા..! અને રાગથી મુક્તને મદદ કરે (એમ નથી) એ દશા વીતરાગ માર્ગ છે બાપુ

આ તો. એવું તો અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો. શું નથી કર્યું એણે?

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન.. કર્યા.

ઉત્તર :- હા, કહ્યું આ 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો' એ સજ્ઝાયમાળામાં આવે છે. આહા..હા..! તે દિ' દુકાન ઉપર વાંચ્યું હતું ભાઈ આ તો. 'દ્રવ્ય સંયમસે...' આ તો ૬૫ વર્ષ પહેલાની વાત છે.

મુમુક્ષુ :- પ્રતીત..

ઉત્તર :- પ્રતીત પછી થઈ કે આ શું કહે છે? પિતાજીની દુકાન હતી નિવૃત્તિ ઘણી સજ્ઝાયમાળા આવે છે ચાર. સજ્ઝાયમાળા ચાર આવે છે. બધી મગાવી હતી. એમાં આ આવ્યું હતું. છે અહીં પુસ્તક પડ્યા છે બધા. ચારેય. તે દિ' વાંચી હતી. આ તો ૧૮-૧૯ વર્ષની ઉંમરે. અત્યારે તો ૮૪ ચાલે છે. ૬૫ વર્ષ પહેલાની વાત છે.

મુમુક્ષુ :- ઈ ત્યારે ...

ઉત્તર :- આ શું કીધું આ? દ્રવ્ય સંયમસે.. દ્રવ્ય સંયમ એટલે શું? આ સાધુ થાય, બહારની ક્રિયા કરે રાગ મંદની. એ દ્રવ્ય સંયમ. સમ્યગ્દર્શન વિનાની ક્રિયા એ દ્રવ્ય સંયમ.

મુમુક્ષુ :- અઠ્યાવીશ મૂળગુણને પાળે.

ઉત્તર :- આહા..હા..! આને ૨૭ કહે ઓલાને ૨૮. એમાં એ હતાને. ૨૭ ગુણ પાળે એ સાધુ. અરે..! બાપા! એ વસ્તુ સાધુ .. સમ્યગ્દર્શન જુદી ચીજ છે. આહા..હા..! જેને જે દર્શનને શ્રદ્ધાને આત્માનો આશ્રય મળ્યો નથી એને દર્શન કહેવામાં આવતું નથી. એ વ્યવહાર સમકિતનો અર્થ શુભરાગ. એ સમકિતની પર્યાય નથી એ. એ તો નિશ્ચય આત્માને આશ્રયે સમ્યગ્દર્શન થયું એને હજી પૂર્ણ વીતરાગતા નથી એથી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ ઉઠે છે. એથી એને વ્યવહાર શુભરાગને વ્યવહાર સમકિત કહે છે. એ વ્યવહાર સમકિતની પર્યાય નથી. આહા..હા..! અને એ ધર્મરૂપ પણ નથી. આહા..હા..! એ તો બંધનું કારણ છે. અપૂર્વ માર્ગ ન હોય તો એ અનંતકાળમાં કેમ ન પામ્યો? અનંતવાર જૈન સાધુ થયો, અનંતવાર આચાર્ય થયો જૈનનો, અગિયાર અંગ અને નવ પૂર્વનું ભણતર અનંતવાર કર્યું, ચામડા ઉતરડીને ખાર છાંટે નમક, ક્રોધ ન કરે એવી તો ક્ષમાઓ કરી, પણ એક આત્મજ્ઞાન દર્શન વિના. પોતે કોણ ચીજ છે એના અંતરના ભાન વિના એ બધું એકડા વિનાના મીંડા નીકળ્યા.

કહે છે '**શુદ્ધ આત્મા દર્શન છે,...**' ઓહો..હો..! શુદ્ધ આત્મા દર્શન છે. શુદ્ધ આત્મા તો ત્રિકાળી છે. એક સમયની પર્યાય જે છે એને છોડીને ત્રિકાળી દ્રવ્યને શુદ્ધ આત્મા કહે છે. નિત્યાનંદ પ્રભુ એ સમકિત છે કહે છે. દ્રવ્ય તે સમકિત, દ્રવ્ય તે પર્યાય ક્યાંથી આવી? એનો અર્થ ઈ કે એ સમ્યગ્દર્શનની દશા નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, સત્ય સમ્યગ્દર્શન, જે વાસ્તવિક મોક્ષના કારણરૂપ સમ્યગ્દર્શન એ તો ત્રિકાળી દ્રવ્યને આશ્રયે થાય છે. એ નથી થતું નિમિત્તને

આશ્રયે, નથી થતું રાગને આશ્રયે, નથી થતું એક સમયની પર્યાયને આશ્રયે. બહુ ઝીણું! આહા..હા..! એવી વાત છે. હિંમતભાઈ નથી આવ્યા? ઝીણી વાતું છે, ભાઈ! મુદ્દાની રકમની વાત છે, માલની વાત છે. ન્યાય ભર્યા પણ માલ તો .. એમ કહે છે.

કહે છે '**શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે,...**' સમ્યગ્દર્શનનો આધાર, અવલંબન એ તો ત્રિકાળી ચીજ છે. ત્રિકાળી ચીજ જેનો આશ્રય એ ચીજને દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! વીતરાગની વાણી ત્રિલોકનાથ તીર્થંકરદેવ ગણધરો અને ઇન્દ્રોની સમક્ષમાં પરમાત્માની વાણી આમ આવતી. ઇચ્છા વિના. એને તો ઇચ્છા હોતી નથી. વીતરાગ કેવળી થાય એને ઇચ્છા હોતી નથી. પહેલા તો વીતરાગ બારમે ગુણસ્થાને થાય પછી તેરમે કેવળજ્ઞાન થાય. આહા..હા..! ધ્વનિ અંદરમાંથી ૐ આદિ ધ્વનિ નીકળે. જગતના પ્રાણીઓ એની યોગ્યતા પ્રમાણે સમજે. સભામાં ભગવાનની સભામાં તો ઇન્દ્રો, નરેન્દ્રો, સિંહ, હાથી, ગજ.. તોપણ ભગવાનની વાણી એમ કહે કે તને સમ્યગ્દર્શન થાય તો તારા આત્માને આશ્રયે થાય. આહા..હા..! અમારે આશ્રયે સમ્યગ્દર્શન ન થાય. આવી વાતું એ વીતરાગ કહે ઈ વાત હોં. બીજાને તો ના, ના અમારાથી કાંઈ ન થાય. આહા..હા..! આ તો વસ્તુનું સ્વરૂપ વીતરાગે જોયું એવું કહ્યું. બાપુ! તારું સમ્યગ્દર્શન, પ્રભુ! તું તો ત્રિકાળી નાથ છોને આનંદનો. અરે..! સમ્યગ્દર્શન એ અમૃતની પરિણતિ છે. આહા..હા..! એ અમૃતની પરિણતિ કોને આધારે થઈ કહે છે. કહે અમૃતનો સાગર દ્રવ્ય શુદ્ધ આત્મા એને આશ્રયે સમ્યગ્દર્શન થયું માટે તેને જ અમે સમ્યગ્દર્શન કહીએ. એ અમૃત સાગરના આત્માને જ અમે સમ્યગ્દર્શન કહીએ. આહા..હા..! બહુ કઠણ વાત! સાધારણ વાત હોય તો અનંતકાળમાં, અનંત-અનંત અવતાર, મનુષ્યનો અવતાર અનંતા કર્યા, દેવના અવતાર અનંતગુણા કર્યા. આહા..હા..! કારણ કે પુણ્ય કોઈ ક્રિયા કરી હોય તો સ્વર્ગમાં જાય, ભવભ્રમણ મટે નહિ. આત્મા ત્રિલોકનાથ દેવાધિદેવ પોતે ભગવાન આત્મા છે. આહા..હા..! એના આધારથી, એના આશ્રયથી સમ્યગ્દર્શન થાય તે સમ્યગ્દર્શન સાચું. કેમકે એ સમ્યગ્દર્શન પોતે શુદ્ધ આત્મા છે. સમજાણું કાંઈ?

હવે ચારિત્ર '**શુદ્ધ આત્મા ચારિત્ર છે...**' આહા..હા..! આ નગ્નપણું અને લૂગડાં કાઢી નાખ્યા માટે સાધુ ચારિત્ર એમ નહિ. પંચ મહાવ્રતના પરિણામ કદાચિત્ અજ્ઞાનીએ અનંતવાર કર્યા. અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય પાળ્યા, પણ એ તો શુભભાવ છે. એ ચારિત્ર નહિ. '**શુદ્ધ આત્મા ચારિત્ર છે...**' ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ એને આશ્રયે પ્રગટેલી રમણતા, આનંદમાં રમણતા. ચરવું-ચરવું, રમવું. શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ એમાં ચરવું, રમવું આનંદરૂપે એવી આનંદની પરિણતિને ચારિત્ર કહીએ, પણ અહીં તો કહે છે કે એ આનંદની પરિણતિ જે ચારિત્ર એ આનંદસાગર આત્મા એ ચારિત્ર. આ તો વીતરાગની વાણી છે, ભાઈ! કલ્પિત લોકોએ કરીને અનેક પ્રકારે ગોઠવ્યું હોય એ કાંઈ વીતરાગ સાથે ન મેળવે. વીતરાગ એટલે

શું? આહા..હા..! જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાણા અને ઈન્દ્રો, શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર, બત્રીસ લાખના લાડા, બત્રીસ લાખ વૈમાન એકાવતારી શક્રેન્દ્ર સુધર્મ ઈન્દ્ર ઈ જ્યાં સાંભળવા આવતો હશે ઈ તો વાણી કેવી હોય? બાપુ! કોઈ ઝીણી વાતું આ. આ દયા પાળો, વ્રત પાળો-ઈ વાતું તો છોકરાઓ કરે બાળક. આહા..હા..!

વીતરાગ ઈ કહે છે કે ચારિત્ર તો એને કહીએ, ચારિત્ર એટલે વીતરાગી આનંદની દશા, પર્યાયમાં અતીન્દ્રિય આનંદની રમણતા ઈ ચારિત્ર એને કહીએ કે એ શુદ્ધ આત્મા. ત્રિકાળી ભગવાન આત્મા તેને ચારિત્ર કહીએ. કેમકે એ ચારિત્ર એને આધારે, એને આશ્રયે પ્રગટ થાય છે. વ્યવહારને આશ્રયે ચારિત્ર પ્રગટ થાતું નથી એમ કહે છે. આહા..હા..! '**શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે;...**' કોણ? આત્મા. એ વસ્તુ આનંદનો નાથ પ્રભુ સર્વજ્ઞે જોયો એ આત્મા. એમાં લીનતા આનંદની. અતીન્દ્રિય આનંદની લીનતા, અંદરની રમણતા એ ચારિત્ર તે શુદ્ધ આત્મા. આહા..હા..! કેમકે એ ચારિત્રનો આશ્રય છે. '**એ પ્રમાણે નિશ્ચય છે.**' વ્યવહાર અને નિશ્ચય બે વાત થઈ ગઈ. પહેલી વ્યવહારની કરી હતી કે '**આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે...**' વાણી તે જ્ઞાન છે. કેમકે વાણી છે નિમિત્ત. વાણીના લક્ષે જ્ઞાન થયું અહીં તો એ વાણી જ છે કહે છે. આત્મા નહિ. આહા..હા..! શબ્દશ્રુત. દ્રવ્ય એટલે આત્માનો એ ઉપયોગ નહિ. આહા..હા..! કઠણ પડે જગતને. ... એય..! વ્યવહાર વિના નિશ્ચય થાય? હવે અહીં તો કહે છે કે આત્મા વિના નિશ્ચય ન થાય. એવી વાત છે, ભાઈ! એને શ્રદ્ધામાં હજી ઠેકાણા નથી ત્યાં આ..હા..!

'**આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે...**' શબ્દશ્રુત. શાસ્ત્ર તે જ્ઞાન, એ રાગ. એમ. શાસ્ત્ર સંબંધીનું જ્ઞાન તેને શાસ્ત્ર કીધું. એ વ્યવહાર છે. '**કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...**' આહા..હા..! '**જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...**' વ્યવહાર સમકિત. જીવ આદિ નવ તત્ત્વો તે સમકિત, વ્યવહાર સમકિત. કેમકે એ નવ તત્ત્વની શ્રદ્ધા એના લક્ષે થાય છે એ રાગ છે. વ્યવહાર સમકિત દર્શન એટલે શુભરાગ. એ સમ્યગ્દર્શનની પર્યાય નહિ. આહા..હા..! '**અને છ જીવ-નિકાય ચારિત્ર છે...**' છ કાયના જીવ એ ચારિત્ર. કેમકે છ કાયના જીવને ન મારવાનો જે ભાવ શુભ એમાં આશ્રય છ કાયનો છે. એ શુભભાવ છે. આહા..હા..! એ છ કાયના જીવ પોતે આ ચારિત્ર છે વ્યવહાર હોં. કેમકે શુભભાવનો આશ્રય ઈ છે. આહા..હા..! શુદ્ધ ભાવનો આશ્રય ભગવાન છે, શુભભાવનો આશ્રય આ છે. આ બે—વ્યવહાર અને નિશ્ચય. પરસ્પર વિરુદ્ધ છે. એ ચાલતું નથી એટલે લોકોને આકરું લાગે. પંડિતોને ભણી ભણીને ભણ્યા પણ કાઢ્યો પાછો એમાંથી રાગ. આહા..હા..! નિમિત્ત અકિંચિત્ કહે છે. આપણે બરાબર સામનો લેવો. લ્યો બાપા! અહીં તો નિમિત્તમાં આવી ગયું આપણે. એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યને કરે શું? છ દ્રવ્યો ભગવાને અનાદિ-અનંત

જોયા. તે દ્રવ્ય અનંતગુણવાળા અને તેની અનંતી પર્યાયવાળો સ્વકાળે. આહા..હા..! એમાં એક દ્રવ્ય બીજાની પર્યાયને કરે શું? અગ્નિ વિના પાણી ઉનું થાય? એય..! સુનીલ! પુછયું હતુંને હમણા? તો શું કીધું તે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાણીની પર્યાય પોતાથી ઉષ્ણ થાય છે. સ્પર્શ ગુણની પર્યાય પોતાથી ઉષ્ણ થાય છે તો અગ્નિને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તથી ઉષ્ણ થયું નથી. કેમકે પાણીમાં સ્પર્શ નામનો ગુણ છે તો એ ઠંડી અવસ્થા બદલાઈને ઉષ્ણ અવસ્થા થઈ છે. આહા..હા..!

મુમુક્ષુ :- અગ્નિનો ..

ઉત્તર :- ઈ અડતુંય નથીને. શું થાય? વીતરાગનો માર્ગ સાંભળ્યો નથીને. આનાથી આ થયું... આનાથી આ થયું... અરે..! ભાઈ! તો પછી અવસ્થા વિનાનું તત્ત્વ છે? તે કાળે અવસ્થા એની નહોતી? તો અવસ્થા વિનાનો અવસ્થા છે કે ઈ અવસ્થા આણે કરી? આહા..હા..! પણ એ વાત બહુ કઠણ. .. અમારે હીરાજી મહારાજ બિચારા એવા હતા. ક્રિયા એવી એની હતી બહુ સખત હોં. વહોરવાની આહાર-પાણીની. સંપ્રદાય બોટાદ સંપ્રદાય સ્થાનકવાસી. સખત ક્રિયા. પણ આ વાત સાંભળેલી નહિ તે શું થાય? એના માટે કરેલો આહાર-પાણી પ્રાણ જાય તોપણ ન લે. એવા હતા. આ બોટાદ સંપ્રદાય. એમાં દીક્ષી લીધીને પછી. જોયું હતું ઘણું. મારવાડી સાધુ જોયા હતા. શીવલાલજીને. હતાને તે દિ'? ૬૦ વર્ષ થયા દીક્ષા લીધા. એ વખત પહેલાની વાત છે. શીવલાલજી હતા જામજોધપુર. ત્યાં ગયા હતા. જોયું હતું બધું. આ વૈરાગી અને કષાય મંદ. પણ આ વાત સાંભળેલી નહિ. ચાલતી નહોતી.

મુમુક્ષુ :- પ્રકાશમાં નહોતી આવી.

ઉત્તર :- ભાઈ! તારે સમજવું પડશે, બાપુ! વીતરાગની આજ્ઞા શું છે એ વાત જાણવી પડશે. વીતરાગની આજ્ઞા તો ઈ છે કે આચારાંગ આદિનું જ્ઞાન એ જ્ઞાન નહિ, એ તો શુભરાગ છે. આહા..હા..! એમ નવ તત્ત્વની શ્રદ્ધા એ શ્રદ્ધા નહિ. એ તો શુભરાગને શ્રદ્ધાનો આરોપ દઈને વ્યવહાર કહ્યો છે. એમ છ કાય જીવની દયા પાળવી એ ચારિત્ર નહિ. આહા..હા..! આવું ઝીણું ઉતરવું? એ છ કાયના જીવ છે એનું સામું લક્ષ થયુંને? તો તો પરાશ્રયભાવ થયો શુભ. શુભરાગ છે. એ ચારિત્ર નહિ. હોય ખરો, પૂર્ણ ન હોય ત્યાં સુધી એવો ભાવ આવે. આવે ખરો. પણ એ વસ્તુનો મોક્ષ કરે એ મોક્ષના માર્ગને એ સહાય કરે એમ નથી. રાગની...

મુમુક્ષુ :- સહાય કરે એમ પણ નથી? કોઈ સહાય ન કરે?

ઉત્તર :- નહિ. રાગ છેને. રાગ તો પર છે. આ તો વીતરાગ દશા તો સ્વની છે. રાગ વીતરાગતાને કેમ કરે?

મુમુક્ષુ :- શુભરાગ છેને?

ઉત્તર :- હા, શુભરાગ છે પણ રાગ છેને. રાગ અગ્નિ છે, કષાય છે. કષાય છે. ઝીણી વાત છે. રાગ અને અરાગ બેય ભિન્ન ચીજ છે. અરાગી આત્માનું જ્ઞાન, અરાગી સમ્યક્, અરાગી ચારિત્ર એ તો આત્માને આશ્રયે થાય અને રાગ તો પરને આશ્રયે થાય. બેય ચીજ એ માટે તો અધિકાર લીધો છે કે વ્યવહારનયનો આશ્રય કરનારા બંધમાં છે. આહા..હા..! અને નિશ્ચય આત્માનો આશ્રય કરનારા એ અબંધ પરિણામે છે. એ માટે તો બંધ અધિકારમાં વાત લીધી આ. એવી વાત છે. પણ છે કઠણ. એ અત્યારે ચાલતો વિષય નથી. દિગંબરમાં ચાલતો નથી તો આ લોકોમાં તો છે જ નહિ. બધી ખબર છેને. ... વ્યવહાર આવો હોય, વ્યવહાર આવો હોય, સોનગઢિયા વ્યવહારને ઉડાવે છે. વ્યવહારને રાગ કહે છે. દ્રવ્ય સંગ્રહમાં તો પાઠ ચોખ્ખો છે વ્યવહારરત્નત્રય શુભરાગ છે, વિકલ્પ છે પોતે, બંધનું કારણ છે.

હવે કહે છે **'તેમાં, વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે,...'** લ્યો, જે વ્યવહારનયનો છ કાયની દયાનો વિકલ્પ ઉઠે, શાસ્ત્રના જ્ઞાનનો જાણવાનો ભાવ હોય કે નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ ઉઠે રાગ. એ તો વ્યવહારનય પ્રતિષેધ્ય છે, નિષેધ્ય છે. વીતરાગ તેને નિષેધ્ય કહે છે. એ નિષેધવાલાયક છે. આહા..હા..! **'કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે...'** હેતુ આપે છે. આચારાંગ આદિનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા અને છ કાયની દયાનો ભાવ એનો આધાર અનેકાંત એટલે વ્યભિચારયુક્ત છે. આહા..હા..! પરને આશ્રયે રાગ હોય પણ સ્વને આશ્રયે એને ધર્મ નથી. આહા..હા..! આવા છ કાયની દયાઓ, પંચ મહાવ્રત, શાસ્ત્રના જ્ઞાન અને નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એ હોય અને ધર્મ ન હોય એને. એવું અનંતવાર કર્યું છે. નવમી ગ્રૈવેયકે ગયો. આહા..હા..!

મુમુક્ષુ :- એમ કરીને અશુભભાવ તો...

ઉત્તર :- અશુભભાવે ત્યાં જાય? નવમી ગ્રૈવેયક. આ ગ્રીવાને ઠેકાણે પાટડા છેને નવ પાટડા. નવ ગ્રૈવેયક. ઉભા પુરુષને આકારે આ જગત છે ભગવાને એમ જોયું. આ ગ્રીવાને ઠેકાણે પાટડા નવ છે. ૩૧ સાગરની સ્થિતિ. આહા..હા..! એવો અનંતવાર દિગંબર સાધુ થઈને ગયો નવમી ગ્રૈવેયક પણ સમ્યગ્દર્શન નહિ, આત્માનો આશ્રય નહિ. પરના આશ્રયની ક્રિયા બંધનું કારણ જે નિષેધ્ય છે તે એણે આદર્યું.

મુમુક્ષુ :- આદરવાલાયક માન્યું.

ઉત્તર :- હા, માન્યું. આહા..હા..!

**'આચારાંગ આદિને જ્ઞાનાદિનું...'** એટલે આચારાંગ આદિનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા અને છ કાયની દયાનો ભાવ એનો આધાર તો **'અનૈકાંતિક છે - વ્યભિચારયુક્ત છે; (શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે...'**

શબ્દશ્રુત આદિ જે છે જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ અને ચારિત્ર છ કાયની દયાનો રાગ એ વ્યભિચાર આવે છે. **‘કેમ કે શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી પણ હોતાં...’** આહા..હા..! એ શાસ્ત્રના અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં એને આત્મજ્ઞાન હોતું નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો ધીરાની વાતું છે. વીતરાગ સ્વરૂપ એટલે આહા..હા..! જેમાંથી રાગનો કણ પણ આત્માને લાભ ન કરે એનું નામ વીતરાગમાર્ગ છે. આહા..હા..!

કહે છે એ **‘શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી પણ હોતાં...’** આચારાંગ આદિ અગિયાર અંગનું જ્ઞાન હોય છતાં આત્મજ્ઞાન નથી. કેમકે આત્માનો આશ્રય લઈને જે જ્ઞાન જોઈએ એ તો નથી. આહા..હા..! અને નવ તત્ત્વની શ્રદ્ધા હોવા છતાં એને સમ્યગ્દર્શન નથી. આત્માને આશ્રયે દર્શન થવું એ નથી. છ કાયની દયાના ભાવ હોવા છતાં ચારિત્ર નથી. તેમ આત્માને આશ્રયે જે ચારિત્ર થવું એ તો હોતું નથી. માટે તે વ્યભિચાર છે. આહા..હા..! રાગ સાથેનો સંબંધ થયોને વ્યભિચાર થયો તે? આહા..હા..! **‘માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે;)...’** ભગવાનની વાણીમાં એમ આવ્યું કે વ્યવહારનયનો જેટલો આશ્રય કર્યો એ બધો છોડવાલાયક છે, પ્રતિષેધ્ય છે. આહા..હા..! તેથી તો આ બંધ અધિકારમાં નયનું વર્ણવ્યું છે. વ્યવહાર પરાશ્રિત બંધનું કારણ, નિશ્ચય સ્વ આશ્રિત મોક્ષનું કારણ. આહા..હા..!

ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ એને આશ્રયે જ્ઞાન, દર્શન અને ચારિત્ર થાય એ અવ્યભિચારી દશા છે, વાસ્તવિક દશા છે, પણ આ છ કાયની દયા. આહા..હા..! પરની દયા એ તો શુભરાગ છે. પરનો આશ્રય કરવા જાય, ન મારવાનો (ભાવ) એ તો શુભરાગ છે. એ ચારિત્ર હોતું નથી એને. **‘વ્યવહારનય પ્રતિષેધ્ય છે;) અને નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે,...’** ઓલી પરિણતિ છેને નિશ્ચય? આહા..હા..! આત્માને આશ્રયે થયેલું જ્ઞાન, આત્માને આશ્રયે થયેલું સમકિત, આત્માને આશ્રયે રમણતા ચારિત્ર એ વ્યવહારનયનો પ્રતિષેધક છે, એ નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કરે છે કે આ હું નહિ, મારામાં એ નહિ, એને લઈને હું નહિ. ઝીણું બહુ. આહા..હા..!

**‘નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે, કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે....’** શુદ્ધ આત્માને જ્ઞાન, શુદ્ધ આત્માનું જ્ઞાન, શુદ્ધ આત્માનું દર્શન, શુદ્ધ આત્માનું ચારિત્ર એનું એકાંતિક છે, સમ્યક્ છે, યથાર્થ છે, એમાં વ્યભિચારને દોષ આવતો નથી. ન્યાયથી સિદ્ધ કર્યું છે લ્યો. ઓહો..હો..! આવો વ્યવહાર હોય છતાં આ જ્ઞાન, દર્શન અને ચારિત્ર ન હોય માટે એ વ્યવહાર નિષેધ છે અને આત્માને આશ્રયે જે નિશ્ચય પ્રગટે એ વ્યવહારનો નિષેધ કરે છે. આહા..હા..! એટલે કે એમાં વ્યવહાર આવતો નથી. એમ. હવે આવી વાતું છે પણ (અભ્યાસ) નહિ. વ્યવહાર-વ્યવહાર. વ્યવહારથી નિશ્ચય

પમાય. ભાઈ! રાગને આશ્રયે આત્મધર્મ પમાય? તો વીતરાગ ક્યાં રહ્યા? આખી દુનિયા એ તો એમ કહે છે. વીતરાગ પરમાત્મા તો કહે છે કે વીતરાગી મૂર્તિ ભગવાન આત્મા એને આશ્રયે વીતરાગી પરિણતિ થાય તે નિશ્ચય. એ વ્યવહારનો નિષેધ કરે છે. બહુ વાત! આ શાસ્ત્રના જાણપણાથી માંડીને એમ માને કે અમને જ્ઞાન થઈ ગયું. એય..! બાપુ! એ વસ્તુ એવી છે. જેમાં જન્મ-મરણનો આંટો મટી જાય. આહા..હા..! જેમાં રાગ અને સ્વભાવ બે ભિન્ન ચીજ છે. ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય ઘન પ્રભુ અને રાગ બે ભિન્ન ચીજ છે. એ બેની એકતા તુટે એને જ્ઞાન, દર્શન અને ચારિત્ર કહે છે. બેની એકતા રાખે એને મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, અચારિત્ર કહે છે. આમ છે. એમાં કોઈ વાદવિવાદને અવકાશ નથી.

મુમુક્ષુ :- .. રાગ સ્વભાવ તો ભિન્ન છે... પણ રાગ જે શુભરાગ છે જે સ્વભાવને પ્રતિ શ્રદ્ધા જ્ઞાન.

ઉત્તર :- બિલકુલ નહિ. રાગ એ વિભાવ છે.

મુમુક્ષુ :- એના માટે થોડો...

ઉત્તર :- હા એ રાગ એ વિભાવ છે. વિભાવ છે. એ કહ્યું છેને 'રાગ આગ દહે સદા' છ ઢાળામાં આવે છે. છ ઢાળા છે આ દિગંબરમાં. 'રાગ આગ દાહ દહે સદા તાતૈ સમામૃત સેવીએ.' રાગ કષાયનો અંશ છે. ચાહે તો શુભ હોય કે અશુભ હોય. કષાયનો અંશ છે. કષાયનો અંશ એટલે સંસારનો લાભ આપે. ધર્મનો નહિ. રાગ કારણ અને વીતરાગી કાર્ય એમ વીતરાગ માર્ગમાં હોઈ શકે નહિ. રાગ મલિનતા કારણ અને નિર્મળતા એ મોટો આંતરો. આમાં જ અનંતા .. ભૂલ પડી ગઈ છે. શુભ કે અશુભ બેય રાગ કષાય છે. કષાય એટલે કષ નામ સંસાર એનો આય આપે સંસારનો લાભ આપે. પુણ્ય અને પાપ ઘોરસંસારનું કારણ છે.

મુમુક્ષુ :- સંસારમાં દાખલ કરે ને

ઉત્તર :- .. આકરી વાતું છે. ... આહા..હા..! રાગની દિશા પરતરફ છે અને વીતરાગની દશા સ્વતરફ છે. તેથી દશામાં ફેર અને એની દિશામાં ફેર. રાગ ઉત્પન્ન થાય પરલક્ષે અને વીતરાગી દશા ઉત્પન્ન થાય સ્વ આશ્રયે. આહા..હા..! એટલે રાગ કારણ છે નહિ. વસ્તુ હોય ખરી, પુર્ણ ન થાય ત્યાં સુધી હોય, પણ એ બંધનું કારણ નિષેધ કરવા લાયક છે એમ કહે છે. સમજાણું કાંઈ? વિકલ્પમાત્ર આ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ રાગ છે. કષાય છે. કષાય વિના બંધ હોય નહિ. બંધ પડે એ ભાવ ધર્મ ન હોય. ધર્મથી બંધ અને બંધ પડે તે ભાવ ધર્મ નહિ. સંપ્રદાયમાં કહ્યું હતું તે દિ' પહેલું. ૮૫ની સાલની વાત છે. બોટાદ. મોટો સંપ્રદાય હતોને? માન ઘણું હતુંને અમારું પહેલા સંપ્રદાયમાં? હજારો માણસો ભેગા થાય પંદરસો. ૮૫ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? ૪૪ વર્ષ થયા. બેઠા હતા

લાખોપતિ હતા મોટી સભા આખો ખીચોખીચ પંદરસો માણસ. અપાસરામાં સમાઈ નહિ વ્યાખ્યાન દઈએ ત્યાં. એટલું બધું માણસ હતુંને સંપ્રદાયમાં? સ્થાનકવાસી. આખી.. ભરાય. એક બે વાત કરી હતી થોડી જરી. ૮૫. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય. રાયચંદ ગાંધી બેઠા હતા. મોટા ગૃહસ્થ હતા. .. ઘણા બેઠા હતા. અને મારા ઉપર વિશ્વાસ બહુને.

જુઓ, ભાઈ! તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. ધર્મથી બંધ પડે નહિ અને બંધ પડે તે ભાવનો ધર્મ નહિ. ૮૫. પોષ મહિનો હતો. ૪૪ વર્ષ થયા. બીજી વાત કરી. પાંચ મહાવ્રતના પરિણામ એ આસ્રવ, સંવર નહિ. મોટી સભા હતી. પણ એ વખતે તો આ બધું (મુહપત્તી) હતું ખરુંને? શંકા ન પડી. સંપ્રદાયમાં. ૨૧ વર્ષ અને ૪ મહિના સ્થાનકવાસી સાધુ. બાપુ! માર્ગ તો આવો છે, ભાઈ! રાગને કારણ માનવું એ વીતરાગી કાર્ય માનવું એ કોઈ રીતે સત્ય છે નહિ. કેમકે કષાયનો અંશ છે. જે ભાવે બંધ પડે એ ભાવ રાગ હોય, અરાગીભાવને બંધ પડે એમ હોઈ શકે જ નહિ. આહા..હા..! તીર્થંકર પ્રકૃતિ બંધ પડે એ ભાવ ધર્મ નહિ? કીધું લાખવાર ધર્મ નહિ. આ તો ૪૪ વર્ષ પહેલા સંપ્રદાયમાં બોટાદ સંપ્રદાય છે. માર્ગ બાપા! સાંભળ્યો નથી ભગવાન તે. તારી જાતની ભાત તે વીતરાગભાવે આવે કે રાગથી ભાત પડે વીતરાગભાવની? એ અહીં કહે છે.

‘**નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે,...**’ વીતરાગી પરિણતિ અવસ્થા સ્વદ્રવ્યને આશ્રયે થાય એમાં વ્યવહારનો આશ્રય જરીએ રહેતો નથી માટે પ્રતિષેધે છે. પ્રતિષેધક છે નિશ્ચય. સ્વને આશ્રયે થયેલી વીતરાગી દશા એમાં રાગ મળતો નથી, ભળતો નથી. તેથી તે નિશ્ચયનય એની પ્રતિષેધક છે વ્યવહારની. આહા..હા..! હવે જે નિષેધ કરવાલાયક છે એનાથી નિશ્ચય થાય (એમ ન બને). આહા..હા..! બહુ શ્રદ્ધા જ ઉંધી છે. શ્રદ્ધાના શલ્ય જ ઉંધા પડ્યા. મિથ્યાદર્શન શલ્ય. આમ કહે કે મિથ્યાદર્શન શલ્ય ૧૭ પાપ કરતા મોટું પાપ. ૧૮ પાપ. કહે ખરા પણ ખબર ન મળે. એય..! ગીરધરભાઈ!

મુમુક્ષુ :- મિથ્યાદર્શન ક્યાં રહે છે એ ખબર નથી.

ઉત્તર :- કાંઈ ખબર નથી. મિથ્યાત્વ કોને કહેવું બાપા!

અહીં તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગનો ભાગ એ કહે છે કે નિશ્ચય સ્વભાવને આશ્રયની પરિણતિ એની એકતા કરતી નથી. તેથી તે જુદી પડી જાય છે. તે પ્રતિષેધ, નિશ્ચય પ્રતિષેધક. આ પ્રતિષેધ. આહા..હા..!

‘**નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે, કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે...**’ શુદ્ધ આત્માને શુદ્ધ આત્મા ભગવાન જેની જ્ઞાનની દશાને આધાર આત્માનો અંતરમાં મળ્યો એ જ્ઞાન યથાર્થ છે. ભલે થોડું જ્ઞાન હોય, પણ એ જ્ઞાનને ભગવાન યથાર્થ, વાસ્તવિક જ્ઞાન કહે છે અને શુદ્ધ આત્માને દર્શનનું આશ્રયપણું એકાંતિક

છે. ભગવાન આત્મા આહા..હા..! દેડકા પણ સમકિત પામે છે. દેડકા સમજ્યા? મેંઢક. મેંઢક કહે છેને? દેડકા નથી કહેતા? સભામાં બેઠે છે. અઢી દ્વીપ બહાર અસંખ્ય તિર્યંચ છે. અઢી દ્વીપ બહાર અસંખ્ય તિર્યંચ સમકિતી, શ્રાવક પાંચમા ગુણસ્થાનવાળા. આમાં બોલાય છે. અઢી દ્વીપ બહાર અસંખ્ય તિર્યંચ, સિંહ, વાઘ, મગરમચ્છ એક હજાર યોજનના લાંબા સમકિતી રાગથી ભિન્ન પડીને અનુભવન કરનારા. આત્મા છેને. ત્યાં ક્યાં ભલે ઢોરની દશા છેને. ભગવાને અસંખ્યાતા શ્રાવક કહ્યા છે ત્યાં અઢી દ્વીપ બહાર. આ તો થોડા છે. અઢી દ્વીપ બહાર માણસ થોડા (છે?) ઓલા તો અસંખ્ય દ્વીપ છે એમાં અસંખ્ય ઢોર છે. આહા..હા..! સ્વયંભૂ રમણ સમુદ્ર છેલ્લો. અસંખ્ય સમકિતી પડ્યા છેને. પાંચમાં ગુણસ્થાનવાળા પણ. આહા..હા..! આ વાડા નથી ત્યાં કાંઈ.

અંતર વસ્તુની સ્થિતિ આનંદમૂર્તિનો સ્પર્શ કરીને જેણે સ્થિરતા અંશે પ્રગટ કરી વધારે એ પંચમ ગુણસ્થાનવાળા, અનુભવ દૃષ્ટિ પ્રગટ કરી એ ચોથાવાળા. આહા..હા..! સર્વાર્થસિદ્ધના દેવ કરતા પણ અહીં પાંચમા ગુણસ્થાનવાળા તિર્યંચ અધિક છે. કેમકે .. મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અભાવ છે, આને બે કષાયનો અભાવ છે. ઈ અંતરના આશ્રયની વાતું છે, બાપુ! જેમાં સાગર પ્રભુ અમૃતના સાગર, સુખથી સાગરથી ભરેલો છલોછલ ભરેલો છે. અરે..! જેને સુખ જોતું હોય એ જાને અંદરમાં. આહા..હા..! એમ કહે છે. ધર્મ જોતો હોય તો જાને અંદરમાં. ત્યાં ધર્મ છે સ્વભાવ. બાકી બહારથી કાંઈ મળે એવું નથી. **'કેમ કે જ્યાં શુદ્ધ આત્મા હોય ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે.) આ વાત હેતુ સહિત સમજાવવામાં આવે છે :-'** લ્યો, દાખલો આપશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ સુદ-૯, શનિવાર, તા. ૦૯-૦૬-૧૯૭૩
## ગાથા - ૨૭૬-૨૭૭, પ્રવચન-૪૦૩

... છે? એટલે શું? કે **'કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે.'** સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ તો શુદ્ધ આત્માને આશ્રયે થાય છે. સ્વ

આશ્રય થાય તે મુક્તિનું કારણ છે. સમ્યગ્જ્ઞાન એ પણ ત્રિકાળ જ્ઞાયકભાવ એને આશ્રયે થાય અંતર્મુખથી. એમ સમ્યગ્દર્શન એ ત્રિકાળી ચૈતન્યસ્વરૂપ એને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે અને એ ચારિત્ર પણ એ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવને આશ્રયે સ્થિરતા થાય છે. એ ત્રણનું આશ્રયપણું એકાંતિક છે. '(**શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી...**' મૂળ સ્વઆશ્રય વસ્તુ શું ઈ જરી કઠણ પડે જગતને. ત્રિકાળી ચીજ જે આત્મા એક સમયમાં નિત્યાનંદ પ્રભુ એની અંતર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય, એને અંતર્મુખમાં વેદન જતાં સ્વસંવેદન જ્ઞાન થાય અને અંતર્મુખ ચૈતન્યના આનંદમાં લીન થતા ચારિત્ર થાય. આ માર્ગ છે. અને વ્યવહાર છે એ તો નિષેધ્ય છે. કેમકે પરને આશ્રયે જે કાંઈ શાસ્ત્રનું જ્ઞાન થાય, પરને આશ્રયે નવ તત્ત્વની શ્રદ્ધા થાય અને છ કાયની દયાનો ભાવ છ કાયને આશ્રયે થાય એ બધો વ્યભિચાર રાગ છે. આહા..હા..! એ રાગ તો બંધનનું કારણ છે.

મુમુક્ષુ :- દુનિયા એને ધર્મ માને અને આપ?

ઉત્તર :- ધર્મ હતો કે દિ'? ધર્મ પણ નથી અને ધર્મનું કારણ પણ નથી. વાત ઈ છે. આહા..હા..! જગતને વીતરાગ સર્વજ્ઞ આત્મા પૂર્ણ સ્વરૂપ પ્રભુ પોતે પરમાત્મસ્વરૂપે જ બિરાજમાન છે. પરમેશ્વર જ આત્મા છે. વસ્તુ તરીકે વસ્તુ. પર્યાયમાં નથી એને માટે તો આ પુરુષાર્થની વાત છે. પરમેશ્વર એવો પોતાનો પરમસ્વભાવ ત્રિકાળીને અંતર અવલંબન લેતા એ રાગનો વ્યભિચાર વચમાં આવે એનું અવલંબન લેતા આ કાંઈ થતું નથી. વચમાં આવે. પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે એને સ્વના આશ્રયે થયેલું જ્ઞાન તેમાં જરી શાસ્ત્ર આદિનું જ્ઞાન તો શુભરાગરૂપે હોય, પણ એ તો નિષેધવા લાયક છે. એમ આત્મદર્શન સમ્યગ્દર્શન એ આત્મા ત્રિકાળી ચૈતન્યના અનુભવથી થાય. એને વ્યવહાર સમકિતમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધાનો રાગ હોય, પણ એ રાગ કાંઈ ધર્મ નથી. તેમ એ ધર્મનું કારણ નથી. આહા..હા..! એમ આત્મામાં અંતર દર્શનના જ્ઞાનના ભાનસહિત ચિદાનંદ અંતરમાં ઉતરતા અતીન્દ્રિય આનંદની લીનતા થતાં જે ચારિત્રની એટલે વીતરાગદશા પ્રગટ થાય એ આત્માના અવલંબે-આશ્રયથી થાય છે. એને ચારિત્ર કહીએ. એ સ્વ આશ્રય થયેલા રત્નત્રય ત્રણ એ જ મુક્તિનું કારણ છે. પરાશ્રય થયેલા ભાવ છ કાયની દયા, પંચ મહાવ્રતના પરિણામ એ બધો રાગ છે. આહા..હા..! એ નિષેધવાલાયક છે. એટલે? કે સ્વના આશ્રયમાં એની સહાયતા આવતી નથી.

ઈ '**આશ્રય માનવામાં વ્યભિચાર નથી...**' પોતાના .. '**કેમ કે જ્યાં શુદ્ધ આત્મા હોય...**' જ્યાં દૃષ્ટિ, જ્ઞાન અને લીનતામાં શુદ્ધ આત્મા હોય '**ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે.)**' જેની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિમાં શુદ્ધ આત્મા હોય ત્યાં જ એના જ્ઞાન, દર્શન અને ચારિત્ર હોય છે. આહા..હા..! ચોર્યાસીના અવતારથી છુટવા જુઓને આ હમણા તો

બહુ થાય બસને ઉથલાવી મોટો ખટારો. અને ખટારામાં મરી ગયો ડ્રાઈવર. આહા..હા..! આવા અકસ્માત! દુનિયાને લાગે છે હોં. જે સમયે તે થવાનું તે થાય છે. થાય છે એમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. આહા..હા..! ભગવાને જોયું છે કે નહિ કેવળજ્ઞાનમાં? કે આ સમયે, આ ક્ષેત્રે, આ સ્થિતિએ એમાં કાંઈ ફેરફાર થાય એવું નથી. આહા..હા..! ઓલા અનંતરાય... ... ઉજ્જૈન. આવ્યા હતા ઈ. ... અનંતરાય... કેટલા દિ' થયા? આજ છાપામાં આવ્યું હતું. છાપામાં આજે વાંચ્યું પ્રેમી હતો માણસ નાની ઉંમર હતી. કેટલી ઉંમર હશે? ૫૦ નાની ઉંમર. દેહની સ્થિતિ એ છે. જે સમયે, જે ક્ષેત્રે, જે ક્ષેત્રે અને જે સંયોગે જ્યાં દેહ છૂટવાનો તેનો સમય આહા..હા..! એ ... તો જન્મે છે જ્યારે શરીર ત્યારે માણસ સુખી થાય છે અને જ્યારે આગળ આગળ વધે છે તોય સુખી થાય છે. ખરેખર તો મરણને સમીપ જાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- જે છે એ ગમે છે અને મરણ નથી ગમતું.

ઉત્તર :- જે છે એનો અર્થ શું થયો? કે જે મુદ્દત છે દેહની સ્થિતિ એના સમીપમાં ગયો. પાંચ વર્ષ, દસ વર્ષ, પચ્ચીસ વર્ષ, .. છવ્વીસ, સત્તાવીશ, અઠ્યાવીશ એ તો મૃત્યુને સમીપ છે. એનો સમય જે છે નિશ્ચય એ તો કાંઈ ત્રણ કાળમાં ફરવાનો નથી. આપણે કહેવત છેને ડોશી કહે કે છોકરો મોટો થયો, ભગવાન કહે કે મરણને સમીપ ગયો. બે વાતું છે. આહા..હા..! ત્યારે આ બેનો સંયોગ છે આ તો.

મુમુક્ષુ :- માતા ગોદમાં લે તો

ઉત્તર :- અનિત્યમાં. અનિત્ય એને લાગુ પડી ગયું. આહા..હા..! માતાના પેટમાં પડ્યો ગર્ભમાં મરી જાય છેને. આહા..હા..! ઓલું તો અનિત્યની વાત લીધી છે. આ તો જન્મ પછીની. તત્ત્વાર્થસાર. એમ કે આ જન્મ્યો બાળક. માતાની હજી નજર નથી ગઈ ત્યાં અનિત્યના ગોદમાં છે ઈ. કયે ક્ષણે દેહ છૂટશે? ભગવાન આત્મા શાશ્વત વસ્તુ છે. એ કાંઈ એની સાથે, દેહ સાથે છૂટી જાય ભેગો એમ છે નહિ. આહા..હા..! શેની હોંશુ અને હરખ? હરખ અને હોંશ તો આનંદ તો જ્યારે સ્વને આશ્રયે કરે ત્યારે ભલે બાળ હોય, યુવાન હોય કે મૃત્યુને કાળે હોય, દેહ છૂટવાને કાળે. સ્વ ચૈતન્યમૂર્તિ ભગવાનને અવલંબીને જે દશા પ્રગટ થાય તે જીવનની જ્યોત છે. આહા..હા..! એ જીવન છે જીવનું બાકી તો જીવન ઢોર જીવે એવા જીવન છે બધા. ભગવાનજીભાઈ! અહીં તો એવી વાત છે. બધા પૈસાવાળા હોય કે કરોડપતિ હોય કે ધૂળમાં કાંઈ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ધૂળમાં કાંઈક તો છે. સાવ

ઉત્તર :- કાંઈક નથી એમ નહિ. એની મમતા છે. મમતા છે કે આ મારા છે. થાણામાં અમારું ઓલું ચાલે છે કારખાનું, મોમ્બાસામાં, ફલાણામાં. બધાના છોકરા તો કોઈ દિ' આવતા

જ નથી હોં. આપણે ઓલો કેવો નહિ તમારે લીંબડીવાળો. મરી ગયોને એ તો? કરાંચીવાળા નહિ? શું નામ એનું? આપણા જૈન છે ડોક્ટર. મનસુખ. .. આવતા બહુ .. મરી ગયા. કરોડપતિ. આફ્રિકામાં ગુજરી ગયા. નૈરોબી હતા. ધૂળેય કાંઈ કર્યું નહિ. છોકરાએ કાંઈ મનસુખભાઈ લીંબડીવાળા. અહીં આવતા. અહીં ગયા હતાને બે વાર. અરે..! ભાઈ! તમે હવે ... પચાસ હજાર અહીં આપ્યા મોટું દવાખાનું કરાવ્યું કાંપમાં નહિ તમારે? પચાસ હજાર આપ્યા. એને એમ કે દસ લાખનું... હવે હવે મરી ગયા સાંભળને. આ કારખાનું રહ્યું નહિ અને આ બધા, હવે તો આવવાનું છે, (એમ કહેતા) મરી ગયા લ્યો બસ. આહા..હા..!

અહીં કહે છે કે જ્યારે ભગવાન અનાદિ-અનંત ચૈતન્ય ધ્રુવ વસ્તુ એનું જ્યારે એને પડખે ચડતા જે જ્ઞાન, દર્શન અને ચારિત્ર થાય તે સાચું છે. આહા..હા..! સત્ય પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા સત્ શાશ્વત જ્ઞાન અને આનંદસ્વરૂપ એવા સત્‌ને શરણે જતાં જે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ થાય તેને ભગવાન મોક્ષનો માર્ગ કહે છે. એ નિશ્ચયનય છે, એ સત્યનય છે. આહા..હા..! એ સાચું સ્વરૂપ છે. એ પરને આશ્રયે થયેલો રાગાદિ એનો નિષેધ કરે છે. મારામાં એ છે જ નહિ. આહા..હા..! લોકોને આકરું પડે છે.

'**કેમ કે જ્યાં શુદ્ધ આત્મા હોય ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે.)**' જેની નજરમાં ભગવાન આત્મા પૂર્ણ છે એવી જ્યાં નજરું છે, એવી જ્યાં દૃષ્ટિ છે, એમાં જ્યાં રમણતા છે ત્યાં શુદ્ધ આત્મા જ હોય છે. ત્યાં તો આ વસ્તુ હોય છે. આહા..હા..! '**આ વાત હેતુ સહિત સમજાવવામાં આવે છે :- આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી,...**' આચારાંગ, સુયગડાંગ શાસ્ત્ર ભણ્યો, પણ એ શબ્દશ્રુત છે એ તો જડશ્રુત છે. આહા..હા..! અને એનું જ્ઞાન થયું એ પણ ખરેખર તો અણુપયોગ જડ છે. આહા..હા..! જેમાં ચૈતન્ય સ્વભાવ આનંદસહિત જ્યાં જ્ઞાન ન હોય એ જ્ઞાનને તો જડ કહે છે અહીં તો. આહા..હા..! ગજબ વાતું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્માને શું લાભ એનાથી? ચૈતન્ય પ્રભુ પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાનસ્વભાવી વસ્તુ એને આશ્રયે થયેલા જ્ઞાનમાં આ શબ્દશ્રુત જ્ઞાનની કિંમત શું કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અપૂર્વ વાત વીતરાગ માર્ગની છે, ભાઈ! બહારથી શાસ્ત્ર કાંઈક ભણ્યો અને એને લઈને એને થઈ ગયું કે આપણે તો હવે કાંઈક જાણ્યું, જાણ્યું કાંઈક. વધ્યા. ભગવાન કહે બાપુ! વધ્યો નથી જરીએ હોં. તારા ભગવાનનો ભેટો ન થાય ત્યાં સુધી વધ્યો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- કાંઈક તો આગળ વધ્યો હોયને?

ઉત્તર :- આગળ વધ્યો જ નથી. જ્યાં છે તેમ છે. ઈ જ્યાં છે ત્યાં છે અનાદિથી.

..ભાઈ! અહીં તમારા વકીલાતની જ્ઞાનની વાત નથી. આ તો શાસ્ત્રનું જ્ઞાન, એ પણ જ્ઞાન નહિ. કેમકે એ પરલક્ષથી જ્ઞાન થયું. પરલક્ષમાં લક્ષ ત્યાં ગયું ત્યારે જ્ઞાન થયું. થયું છે પોતાથી. તો તેમાં નિમિત્તનો આશ્રય અવલંબન છે. પરાધીનતા. એને જ્ઞાન કહેતા નથી. આહા..હા..!

**'શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી,...'** એકાંતે જ્ઞાનનો આશ્રય નથી. **'કારણ કે તેના (અર્થાત્ શબ્દશ્રુતના) સદ્ભાવમાં...'** એ અગિયાર અંગનું જ્ઞાન હોય છતાં **'અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...'** અભવિ જીવ કે ભવિ જીવ એને અંદર શુદ્ધ પરમાત્મા પોતે એનો આશ્રય લીધો નથી તેથી એને જ્ઞાન નથી. આહા..હા..! જૈન સાધુ થાય અભવિ અને ભવિ. અનંતવાર દીક્ષા લીધી, પંચ મહાવ્રત પાળ્યા, અગિયાર અંગ ભણ્યો, પણ કહે શુદ્ધ આત્માનો અભાવ છે. જેની શ્રદ્ધા, જ્ઞાનમાં શુદ્ધ આત્મા આવ્યો જ નથી. આહા..હા..! જેની મોજુદગી, હયાતી પરમાનંદ અને પરમ જ્ઞાનસ્વભાવવાળું ધ્રુવ તત્ત્વ એનો તો દૃષ્ટિમાં અભાવ છે. આહા..હા..! એ શુદ્ધ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે. એ શાસ્ત્રનું અગિયાર અંગ ભણ્યો હોય છતાં એને શુદ્ધ આત્મા ત્રિકાળી ચૈતન્ય પ્રભુ એનો આશ્રય નથી, ઈ એના જ્ઞાનમાં એ નજીકમાં આવ્યો નથી એ અજ્ઞાન છે. એ જ્ઞાનનો એને અભાવ છે. આહા..હા..! આવો ક્ષયોપશમ!

એક આચારાંગમાં તો એકાવન અઢાર હજાર પદ છે ભગવાને કહેલા. એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક છે. આ અત્યારે છે આચારાંગ એ કાંઈ ભગવાનનું કહેલું નથી. એ તો આચાર્યોએ, શ્વેતાંબર આચાર્યોએ કલ્પિત કર્યા છે. ભગવાને જે આચારાંગ કહ્યું હતું એમાં તો અઢાર હજાર પદ હતા. અઢાર હજાર પદ અને એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. આહા..હા..! એવું ... છત્રીસ હજાર શ્લોકનું સુયગડાંગ, બોતેર હજાર શ્લોકનું ઠાણાંગ એમ અગિયાર અંગ છેક લઈ જવા. આચારાંગ, સુયગડાંગ, ઠાણાંગ, સમવાય, ભગવતી, જ્ઞાતા, ઉપાસક, ... અનુપુર્વાય, .. એટલા પદ ભગવાનની વાણીમાં આવ્યા હતા. આહા..હા..! એટલા અબજોના અબજો શ્લોક થયા મોઢે. કંઠસ્થ થયા. આત્મામાં ન થયું કાંઈ. આહા..હા..! બોલકો થાય. ભગવતીમાં તો એવું એક છે પહેલા કહેતા કે શ્રુત અજ્ઞાન એટલે? બોલે આમ છે ને આમ છે ને આમ છે. એ બોલે એ શ્રુતજ્ઞાન. અજ્ઞાન એમ. ... એવા શબ્દ છે ભાઈ! ભગવતીમાં. ૭૭માં કહેતા ઓલા પૂછયું હતું બહુ. શ્રીમદ્નું પૂછયું હતુંને ભાઈએ? એકાવતારી હશે એની શી ખબર પડે આવી છદ્મસ્થને? અરે..! ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ૭૭ની વાત છે. ૨૩ ને ૧૯ એટલે ૫૨ વર્ષ થયા. ભાઈ! આત્મામાં તાકાત એટલી છે કે અજ્ઞાન શ્રુત જે છે એને શાસ્ત્રમાં એમ કહ્યું છે કે અજ્ઞાન શ્રુત છે તો આગવે... એનું જ્ઞાન નહિ. એ તો કહે, બોલે, જાણે એનું નામ શ્રુત અજ્ઞાન. આહા..હા..!

એવું છે ભગવતીમાં. પણ એવો કોણ અર્થ સમજે ત્યાં? એ તો બોલે. ઈ બોલકું એનું જ્ઞાન. આહા..હા..! ભાષા. આ જ્ઞાન તો અંતરમાં સમાયેલું જ્ઞાન. શાંતિ લેતું, આનંદ લેતું. અનંત જેટલા ગુણો છે આત્મામાં એ બધાની વ્યક્ત દશા પ્રગટ કરતું જે સ્વસંવેદન જ્ઞાન થાય ઈ એક જ જ્ઞાન સાચું છે. આહા..હા..! આ શબ્દશ્રુત તો અભવિએ અનંતવાર કર્યું. પરવસ્તુ. ઈ કાંઈ મોક્ષનો માર્ગ નથી. આહા..હા..!

'**અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...**' ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા અંદર ભગવાને કહ્યો એ હોં. એ તો એની દૃષ્ટિમાં અને એના જ્ઞાનમાં તો આવ્યો નથી. જેનું જ્ઞાન કરવું છે એ તો જ્ઞાનમાં આવ્યો નહિ. આહા..હા..! તો એ જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. જ્ઞાનનો અભાવ છે. એક વાત. બીજી વાત. '**જીવ આદિ નવ પદાર્થો...**' જીવ, અજીવ આદિ નવ અને એક સમયનો પર્યાય જીવનો. '**નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી,...**' સમકિતનો આધાર ઈ નથી. જીવાદિ નવ પદાર્થો સમકિતનો આશ્રય નથી. એટલે સમકિત એને આશ્રયે થતું નથી. '**કારણ કે તેમના સદ્‌ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...**' નવ પદાર્થની શ્રદ્ધા તો અભવિને પણ હોય છે. આહા..હા..! પર્યાયબુદ્ધિમાં અવસ્થાબુદ્ધિમાં એને નવ તત્ત્વનું જ્ઞાન હોય શ્રદ્ધા, પણ આત્માના, શુદ્ધ આત્માના આશ્રય વિના તેને દર્શન સમકિત કહેવાતું નથી. આહા..હા..! વ્યવહાર સમકિત એટલે કે રાગ. સમકિત નિશ્ચય થયું છે જ્યાં આમ સ્વભાવને આશ્રયે. ત્યાં નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ જે છે એને વ્યવહાર સમકિત એટલે ઈ કાંઈ... એ રાગ છે. એ કોઈ સમકિતની પર્યાય નથી, શ્રદ્ધા-ગુણની ઈ અવસ્થા નથી. એથી તેને વ્યવહાર સમકિત કહ્યું. આહા..હા..! એવું વ્યવહાર હોવા છતાં કહે છે '**શુદ્ધ આત્માના અભાવને લીધે...**' પણ ત્યાં શુદ્ધ આત્મા ચિદાનંદ પ્રભુ જેના દર્શનમાં, જ્ઞાનમાં સમીપ આવ્યો નહિ. આહા..હા..! એવો માર્ગ છે પ્રભુનો.

એવા '**આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે;...**' નવ તત્ત્વની શ્રદ્ધાવાળો અભવિ જીવ પણ એને સમકિતનો આશ્રય એ નથી. એ તો વિકલ્પ છે, રાગ છે. આહા..હા..! ઈન્દ્રો જેને આદરે, ગણધરો જેને અનુભવે એવો વીતરાગ માર્ગ. આહા..હા..! આલી-દુઆલીએ સાધારણ કરી નાખ્યો. આહા..હા..! મહાવીરના માર્ગો અંતરના પુરુષાર્થથી જાગૃત થાય એવી ચીજ એને સાધારણ માને. આ સામાયિક કરી અને આ પોષા કર્યા, પડિક્કમણા કર્યા, ભગવાનની શ્રદ્ધા કરી, શાસ્ત્રના ચોપડાના જ્ઞાન કર્યા. કોણ કહે છે? કહેતું હતુંને કોક આ શાંતિભાઈ. ઓલા નહોતા છોકરાનું કોક વીંછીયામાં છે. ૭૮માં જોયું હતું. પુસ્તક છે ... એક સ્થાનકવાસી સાધુ દેરાવાસી થયેલ. દેરાવાસીના આ છોકરાઓ બધા અહીંનું શીખેલાને તો .. શાંતિભાઈ છે.

મુમુક્ષુ :- બૃહદ દ્રવ્ય સંગ્રહ

ઉત્તર :- બૃહદ થોક સંગ્રહ ૭૮માં વાંચ્યું હતું. દેરાવાસી સાધુ થયોને સ્થાનકવાસીનો

સાધુ. એને કીધું એકલા છોકરામાં કાંઈ માલ ન મળે. ચૈતન્ય થોક જેમાં અનંતગુણનું રૂપ એક સ્વરૂપે પ્રભુ છે. એની તો ત્યાં ગંધ પણ ન મળે અને માને કે આ અમારે સમકિત. અરે..! એમ જ અનાદિકાળની ભૂલમાં, ભ્રમણમાં પડ્યો છેને. ભગવાન એને ભાસતો નથી. એ કહે છે કે નવ તત્ત્વની શ્રદ્ધાનો આશ્રય નથી સમકિતને. આહા..હા..! કારણ કે તેમના સદ્ભાવમાં અભવિને નવ પદાર્થની શ્રદ્ધા હોય છે. પરલક્ષી રાગવાળી, પણ શુદ્ધ આત્માનો અભાવ છે ત્યાં.

'**તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે;...**' લ્યો, આહા..હા..! બહુ ટુંકી થોડી વાત છે, પણ છે બહુ ઉંચી. કહે છે કે નવની શ્રદ્ધા હોવા છતાં તે સમકિતનો આધાર એ નવ તત્ત્વ છે જ નહિ. સમકિતનો આધાર તો ત્રણ લોકનો નાથ પરમાત્મા પોતે સિદ્ધસ્વરૂપ છે. એનો એને આશ્રય મળે તો સમકિત થાય. આહા..હા..! એટલે કે એનો આશ્રય લે તો થાય એમ. '**भूदत्थमस्सिदो**' આ છેને અગિયારમી ગાથા? ભૂતાર્થ ભગવાન ત્રિકાળ-ત્રિકાળ પરમાત્મા એનો આશ્રય લે તો સમકિત થાય. એ આશ્રય વિનાના નવ તત્ત્વનો આશ્રય સમકિત છે જ નહિ. એવી શ્રદ્ધા તો અભવિ પણ અનંતવાર કરી, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! મોટો લેખ આવ્યો છે છાપામાં ભાઈ આજે. ૨૫૦૦ વર્ષનો. ભગવાનના ૨૫૦૦ વર્ષ થાય છેને? એને ઉજવવા માટે વિરોધનો મોટો લેખ, મોટો લેખ. એક ન્યાયે તો ક્યાં પરમાત્મા અને ગાંધીને ઈસુને એ જૈનદર્શન પરમેશ્વર ... ગાંધીને જન્મદિન ઉજવે ઓલો આવ્યો નથી એક કોક મોટો મુંબઈમાં? કેટલા કરોડો રૂપિયા દઈ ગયો ઈ. ઈ કોણ? .. મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાનીઓ હતા. ઈસુ કહો કે. ઈ તો એનો કહેવાનો આશય એવો છે કે આવા ઉજવ્યા એવું તો ઉજવણી નહિ કરી શકો તો ભગવાન તો ત્રણ લોકના નાથ છે. વાત સાચી બધી વાત પણ હવે લોકોને જે ભક્તિ જે ભાવ કરશે. એનું તો બહુ લખાણ. ગોરાઓનો હાથ છે એમાં. ... હિન્દુ લોકોને ઘટાડી દેવો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. હા એ ... છે. એનો મોટો લેખ આવ્યો છે. ઈ પણ કહેતો હતો. ઈ કહે છે, પણ ઈ ગમે તેમ હો. આ તો ભાઈ! વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર કહે. એમ કહે ઈ લોકો તો ભાઈ પૈસાવાળા અબજો રૂપિયા ખર્ચે ગાંધીના ઓલામાં ... માટે. અને એને ઉજવવાનો હેતુ તો બે હજાર વર્ષે હવે ઉજવે... એમ કહે છે. ... છેને? એમ કરીને ઘણું લખ્યું મારે. આ ૭૬ ચાલે છેને? બે હજાર થશે ઈસુને. મોટા ધામધુમથી. એવું તો કાંઈ તમે કરી શકશો નહિ. પણ હેઠલું દેખાય.. હવે શું થાય પણ? ત્રણ લોકનો નાથ તીર્થંકર ત્યાં આ તો બધા અજ્ઞાનીઓ હતા. અને એના માનનારા ઘણા હોય. એટલે બહારના પૈસા અને પુણ્યના જોરે કામ લે. અહીં તો વીતરાગના જોરે કામ ચાલે એની વાતું છે. ક્યાં અરિહંત

ત્રિલોકનાથ અરે..! આહા..હા..! ઓલા તો બધા મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની અનંત સંસારી હતા. ઈસુ કહો કે ગાંધી કહો કે એ બધા મિથ્યાદૃષ્ટિ હતા. એય..! ગાંધી મળ્યા હતાને? બે-ત્રણવાર મળ્યા હતા રાજકોટ. કહ્યું હતું તે દિ'. ત્યાં વ્યાખ્યાનમાં આવ્યા હતા. મેં તો સમુચ્ચય કહ્યું હતું.

મુમુક્ષુ :- પણ એને પોતાને લાગુ પડે

ઉત્તર :- લાગુ પડી ગયું. ત્યાં આવ્યા હતા રાજકોટ. વૈશાખ સુદ ૯૫. ૯૫ની સાલ ચોમાસું હતુંને ત્યાં રાજકોટ. સંપ્રદાયમાં વ્યાખ્યાનમાં આવ્યા હતા ગાંધી પોતે. પાંચ મિનિટ બેઠા. અડધો કલાક માંડ વખત મળશે માંડ. સાહેબ કહે ... આપણે તો કાંઈ કોઈને કહીએ નહિ આવવું... આવે ન આવે એની મરજી. આવ્યા વ્યાખ્યાનમાં, બેઠા. તો વાત આવી ગઈ અંદર. ભાઈ! પરની દયા પાળી શકીએ છીએ એવો જે ભાવ...

મુમુક્ષુ :- બંધ અધિકાર ચાલતો હતોને.

ઉત્તર :- એ મિથ્યાત્વ છે. અને પરની દયાનો ભાવ એ રાગ છે. એ રાગ એ ધર્મ છે એમ માને એ મૂઢ અજ્ઞાની છે. પાઠ છે સમયસારનો. અહીં તો ગમે તેટલું હોયને. અહીં તો વીતરાગ ત્રણ લોકનો નાથ શું કહે છે એ વાત. દુનિયામાં માનેલા ગમે તેવા માણસો હોય. આહા..હા..! બહુ .. હતો મારો. વિચારીને વિચારજો આમાં તમારું રોકાઈ જશે. ગોરા લોકોનો ઉંડો હાથ છે. ..માં હિન્દુને ઘટાડી દેવા છે. એના શું કહેવાય? ... કરવી એ. છ છોકરાથી વધારે ન વધારવા.

મુમુક્ષુ :- કુટુંબ નિયોજન.

ઉત્તર :- હા એ. બહુ ... એ બધું નક્કી કરવાની વૃત્તિ તમારી ઘટાડી દે છે. એના ખ્રીસ્તી લોકોમાં ચાર-ચાર બાયડી પરણે એને કાંઈ નહિ, મુસલમાનને ચાર પરણે કાંઈ નહિ. હિન્દુને એક જ બાયડી. માં લખ્યું છે એનું નામ લખ્યું. આ તમારાને ઘટાડી દેવાના. હિન્દુને ઘટાડી પછી પોતાનો માર્ગ... એવું કરે છે. ઈ તો છે ઈ છે પ્રભુ તો. એ કાંઈ કોઈના... ત્રણ લોકનો નાથ વીતરાગ મહાવીરે... આહા..હા..! જેની તુલનામાં ચાર જ્ઞાનના ગણધર ન આવે તો આ અજ્ઞાનીઓની તો વાત શું કરવી? ભલે ઉજવી શકાય નહિ બહારની બહુ. ... શક્તિ પ્રમાણે બિચારા... બહુ લખ્યુ છે પણ બધું એવો વિચારવા જેવો... ઘણા.. આમાં છેતરપિંડી છે. આહા..હા..! બે હજાર વર્ષ આવે છે એની ઉજવણીનો હેતુ આ બધું કરીને પછી ... એમ બધું ઘણું... ગમે તેમ કરે. એ તો બહારનું થવાનું હોય એ થશે. વીતરાગ તો છે ઈ છે. આહા..હા..! બહુ લખ્યું છે પણ ઘણું.

અરે..! એ વીતરાગ સ્વરૂપ છે ઈ ક્યાં જાય એવું છે? દુનિયાની બહાર ઉજવણી આવે ન આવે એની સાથે શું સંબંધ છે? આ પરમાત્મસ્વરૂપ ચિદાનંદ જે વીતરાગ મૂર્તિ આત્મા

હતો. એણે પર્યાયમાં વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રગટ કરી. આહા..હા..! એવી ચીજ જગતમાં ક્યાં છે ક્યાંય? લૌકિકમાં નથી પણ લોકોત્તર આ બધા ધર્મના માનનારા બુદ્ધ ને બધા મૂઢ અને અજ્ઞાની હતા. બુદ્ધની જયંતિ નહોતી ઉજવી? મોટી ઉજવી હતીને હમણા ૨૫૦૦ વર્ષની. એથી શું? વસ્તુ કાંઈ બીજી થઈ જાય એવી છે? આહા..હા..!

કહે છે કે નવ તત્ત્વની શ્રદ્ધા ઈ ભગવાને કહ્યા નવ તત્ત્વ. એવા તો અન્યમાં ક્યાંય નથી. સર્વજ્ઞ વીતરાગ સિવાય તો ક્યાંય નવ નથી. નવમાં જીવ અને અજીવ બે દ્રવ્ય. એની સાત પર્યાયો. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. એ બધી પર્યાય છે અવસ્થા. છે દ્રવ્ય. એવી વાત વીતરાગ સિવાય ક્યાં છે? પણ એવા નવની શ્રદ્ધા પણ સમકિત નહિ કહે છે અહીં. અજ્ઞાનીઓની શ્રદ્ધાની તો વાત શું કરવી? આહા..હા..! જેણે એક જ આત્મા માન્યો, ઈશ્વર કર્તા માન્યો. સમજાણું કાંઈ? ઈ કાંઈ નથી. બધે થોથેથોથા છે. આહા..હા..! આ તો જૈન સંપ્રદાયમાં જન્મીને જૈનનો સાધુ થાય અને નવ તત્ત્વની શ્રદ્ધા કરે કહે છે. આહા..હા..! ભેદવાળી હોં, અભેદવાળી નહિ. ... એવી શ્રદ્ધા હોય તોપણ એ સમકિત નહિ. આહા..હા..!

એ જ કહે છે જુઓ, '**નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી,** કારણ કે **તેમના સદ્‌ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે;...**' આહા..હા..! બધા દર્શન ઈશ્વરકર્તા માનનારા, ઈશ્વરની સ્તુતિ કરીને ઈશ્વરના અમે ભગત છીએ. વ્યવહાર શ્રદ્ધાન જ ખોટું છે બધું. સમજાણું કાંઈ? અહીં તો વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવે જે નવ પદાર્થ કહ્યા એવા ભેદવાળી શ્રદ્ધા નવની એ સમકિતનો આશ્રય નહિ. એવી શ્રદ્ધા હોવા છતાં આત્માની શ્રદ્ધા એને હોતી નથી. આહા..હા..! એવી વાત છે ભાઈ! આ તો વીતરાગ માર્ગ એવો છે. કોઈ દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- લોકોત્તર માર્ગ લૌકિક સાથે મેળ ખાય?

ઉત્તર :- કોની સાથે મેળ ખાય? આહા..હા..!

'**છ જીવનિકાય ચારિત્રનો આશ્રય નથી,...**' આ ત્રીજો બોલ. છ જીવનિકાયની, છ કાયની દયા હોં. છ કાયના જીવ તો વીતરાગમાર્ગમાં હોય, બીજે તો હોય નહિ. એક પૃથ્વીના કણમાં અસંખ્ય જીવ, પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ, બટાટાની એક કણી રાઈ જેટલી એમાં અસંખ્ય ઔદારિક શરીર, એક શરીરમાં અનંતગુણા સિદ્ધ કરતા જીવ. બટાટા. બટાટા સમજો છો? આલુ. આલુ ઓલા ડુંગળી, લસણ એક કણીમાં અસંખ્ય તો ઔદારિક શરીર. એક શરીર એના અનંત કરતા અનંતગુણા જીવ સિદ્ધ કરતા. હવે એની શ્રદ્ધા કરે તોપણ કહે કે ઈ શ્રદ્ધા સમકિત નહિ લ્યો, એ ચારિત્ર નહિ. એની દયા પાળે આત્માની. દયાનો અર્થ શુભરાગ. બીજું ત્યાં ક્યાં ચારિત્ર હતું? છ કાયના જીવને ન મારવા એવો જેનો

અભિપ્રાય એ શુભરાગ છે. પરતરફ એનું લક્ષ છે. સ્વનો આશ્રય નથી એમાં. આહા..હા..! કહો, સમજાણું?

'**છ જીવનિકાય...**' છ જીવ-નિકાય-નિકાય. છ જીવનો જથ્થો આખા લોકમાં ભર્યો છે. અહીં બધે અનંતા જીવ ભર્યા છે. આખા લોકમાં એક રાઈ જેટલી જગ્યા ખાલી નથી. સૂક્ષ્મ નિગોદ ભર્યા છે. કહે છે કે એટલા બધા જીવની શ્રદ્ધા અથવા એટલા જીવની દયા એ પણ શુભભાવ છે. એ ચારિત્ર નથી. આહા..હા..! વિકલ્પની વૃત્તિ ઉઠે છે ઈ. આને ન મારું... આને ન મારું... આહા..હા..! એ છ જીવનિકાય ચારિત્ર નહિ, કારણ કે એ ચારિત્રનો આશ્રય નથી. '**કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભ્યોને...**' છ કાયની દયા, .. શકાય દયા. આહા..હા..! ભીક્ષા માટે જાય તો એક તલનો દાણો પણ કચરાઈ જાય પગ નીચે વહોરાવે એને. આહાર ન લે. અંતરાય પડે. દિગંબર સાધુ હોય, ભીક્ષા માટે જાય. આહા..હા..! એકકોર છોકરું રોવે અમે આનંદને માર્ગે જનારા એમાં આ શું? આહાર ન લે. એવી જેની દયા છે. એ બધી પરની. આહા..હા..! એ ચારિત્રનું સ્વરૂપ નહિ. આહા..હા..!

'**કારણ કે તેમના સદ્ભાવમાં...**' છ કાયની દયાના ભાવમાં, છ કાયની દયાનો ભાવ. ઓહો..હો..! પણ એ બધી પરકાય છેને? એનું લક્ષ તો પર ઉપર છેને. તો ઈ તો શુભરાગ છે. આહા..હા..! એને શુદ્ધ આત્માના '**કારણ કે તેમના સદ્ભાવમાં પણ...**' છ કાયની દયાના ભાવમાં પણ '**અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે.**' આહા..હા..! ઓલા મહેશકુમારના અધિકારમાં એમ આવે હાથીના ભવમાં. એ સસલાની દયા પાળી તો પરિત સંસાર કર્યો. ખોટી વાત છે. એવી વાતું છે ઝીણી વાતું ભાઈ આ. પરની દયાનો ભાવ .. જોકે શબ્દ વાપર્યો છે ... એકલું સસલું નહિ પણ બધા ઘણા. ઘણા લીધા. છ જીવનિકાય. .. જ્ઞાતાસૂત્રનું પહેલું અધ્યયન. બધા વાંચ્યા છેને. વ્યાખ્યાનમાં વાંચ્યા છે. એમાં એવું આવે છે ઠાણાનું કંપાય... જીવાનું કંપાય... બધા પ્રાણીભૂત જીવની અનુકંપાથી પરિત સંસાર થયો. અહીં તો છ જીવનિકાય લીધું. એ રચના બધી એવી થઈ છેને કે લોકો બિચારા મુંઝાઈ ગયા. સત્યને કેવી રીતે પ્રાપ્ત થવું આડા આડ આવી ગઈ વચમાં. આહા..હા..! સસલાની દયાથી પરિત સંસાર એ ત્રણ કાળમાં ન હોય. છ કાયની દયાથી પરિત સંસાર ન થાય. એ તો શુભરાગ છે. આહા..હા..!

સંસારનો અભાવ અને પરિત સમય એ તો સ્વદ્રવ્યને આશ્રયે થાય છે. જેમાં સંસાર નથી, જેમાં રાગ નથી. જેમાં પૂર્ણ શાંતિનું કારણ સ્વભાવ આનંદ પડ્યો છે એવા કારણ પરમાત્મા પોતે આત્મા સમયસાર. એને આશ્રયે ચારિત્ર હોય. આહા..હા..! અંતર્મુખમાં લીન થાય એને ચારિત્ર હોય. બહિર્મુખને આશ્રયે દયાના ભાવ છ કાય જીવના હોય. ઓહો..હો..! લોકમાં ઠસોઠસ પડ્યા છે. ઈ બધાની કહે છે દયા હોય એને. આહા..હા..! પણ એ તો

પરાશ્રિત ભાવ છેને શુભરાગ તો. અને એ શુભરાગ તે ધર્મ છે એમ માને તો મિથ્યાત્વ થાય છે. વીતરાગ ધર્મ તો વીતરાગથી પ્રગટ થાય. રાગથી થાય?

છ જીવનિકાય, છ જીવ-નિકાય. આખા જગતના પ્રાણી ઉપર અનુકંપાબુદ્ધિ એ ચારિત્રનો આધાર નહિ. આહા..હા..! અભવિ સાધુ થાય દિગંબર મુનિ, ભીક્ષા માટે જાય. એને માટે પાણી અને આહાર કર્યા હોય તો એ લે નહિ, પ્રાણ જાય તોપણ લે નહિ. પણ ભીક્ષા માટે જતાં નિર્દોષ આહાર-પાણી હોય. વહોવરાવનાર ઉભી થઈ બાઈ કે આદમી અને નીચે કોઈ બાજરાનો દાણો આવી ગયો પગ ઉપર, નહિ લે. આહાર નહિ ખપે. ચાલ્યા જાય. એ ભાવ પણ શુભરાગ છે. એમાં આત્મા ન આવ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! પરાશ્રિત વ્યવહાર તે નિષેધવા લાયક છે. સ્વ આશ્રિત નિશ્ચય તે એને નિષેધ કરનાર છે. આહા..હા..!

'**તેમના સદ્ભાવમાં...**' એટલે છ કાયની પૂર્ણ દયાના ભાવમાં પણ '**અભ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...**' પણ ત્યાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનો તો આશ્રય લીધો નથી. તેથી એને ચારિત્ર હોતું નથી, અચારિત્ર છે. આહા..હા..! હવે બીજી વાત. '**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...**' શુદ્ધ ચૈતન્ય પરમાનંદ પ્રભુ નિત્ય ધ્રુવ એ આત્મા જ. આ જ આવ્યો. ઓલી ટીકામાં છેને. '**शुद्ध आत्मैव ज्ञानस्याश्रयः**' નવ તત્ત્વ નહિ, આચારાંગ આદિનું જ્ઞાન પણ નહિ. પોતાનો આત્મા જ્ઞાનનો આશ્રય છે. અંતર્મુખ પ્રભુ બિરાજે છે આત્મા. એનો આશ્રય લેતા જ્ઞાન થાય.

'**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ જ્ઞાનનો સદ્ભાવ છે;...**' શું કીધું ઈ? આચારાંગ આદિનું જ્ઞાન હોય કે ન પણ હોય. તેના સદ્ભાવથી એટલે શુદ્ધ આત્મા પૂર્ણાનંદ પ્રભુ એની હયાતી તે સમ્યગ્જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ? '**કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુત...**' અગિયાર અંગના જ્ઞાનની હયાતીમાં કે અગિયાર અંગનું જ્ઞાન ન હોય. '**તેના સદ્ભાવથી...**' એટલે શુદ્ધ આત્માનો સદ્ભાવ. પરમાત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ. તેને આશ્રયે જે જ્ઞાન થાય એને જ્ઞાન કહેવામાં આવે છે. એને સમ્યગ્જ્ઞાન, એને મુક્તિનો ઉપાય અને એને જ સાચું જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! ઓલું ખોટું જ્ઞાન લ્યો. આહા..હા..! '**આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં...**' ભાષા એમ છેને? જ્ઞાનની .. શબ્દ શ્રુતનો સદ્ભાવ એમ. એનો કે શબ્દશ્રુત ન હોય કદાચ. તોપણ શુદ્ધ આત્મા અંદર ચિદાનંદનો આશ્રય કરતા.

શિવભૂતિ મુનિ મહાતુષ અને મહારૂષ એ શબ્દ યાદ નહોતા રહેતા. શિવભૂતિ મુનિ. પણ આત્માનો આશ્રય લઈને જે જ્ઞાન પ્રગટ્યું એને આ બહારનું નહોતું એથી કરીને ... નથી કહે છે. આહા..હા..! શબ્દશ્રુત તો એક શબ્દ પણ નહોતો યાદ રહેતો. ભીક્ષા માટે ગયા.

આત્માનો આશ્રય વર્તે છે. એમાં એને વિકલ્પ આવ્યો ભીક્ષા માટે. મુનિ હતા દિગંબર સંત. એક બાઈ અડદની દાળ પલાળેલી. અડદની દાળ અડદ. ફોતરા નીકાળેને એ પલાળીને. એક બાઈ પૂછતી હતી એને. શું બહેન કરો છો? કે આ અડદ અને ફોતરા. ફોતરા શું કહે હિન્દી? છીલકા. ફોતરા એ બે જુદાં કરીએ છીએ. એટલું સાંભળ્યું .. શબ્દનું જ્ઞાન નહોતું. ભાન હતું અંદર. એમ જ્યાં સાંભળ્યું ત્યાં એકદમ પાવર ચડી ગયો અંદર. અરે..! આ વિકલ્પ જેટલા ઉઠે શુભ આદિ એ તો બધા ફોતરા. અંદર અડદની દાળ જેમ ધોળી, માલ એ ચિદાનંદ પ્રભુ માલ છે. અને એમાં આરૂઢ થઈ ગયા કેવળજ્ઞાન. આહા..હા..! કહે છે આચારાંગ આદિ શબ્દશ્રુતમાં હયાતી હો કે ન હો. પણ ભગવાન આત્માની હયાતીનું જ્ઞાન થઈ ગયું એનું નામ જ્ઞાન છે. જ્ઞાનનો સદ્ભાવ છે. એને લઈને જ્ઞાનની હયાતી છે. ત્રિકાળી જ્ઞાયકભાવ ચિદાનંદ સ્વરૂપ એનો આશ્રય લઈને જે જ્ઞાન થયું એને જ્ઞાનની હયાતી છે. વર્તમાન પર્યાયની વાત છે હોં.

'**શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે,...**' ભગવાન પૂર્ણ શુદ્ધ એ જ સમકિતનો આધાર છે. સમ્યગ્દર્શનનો આશ્રય તો શુદ્ધ આત્મા છે. '**भूदत्थमस्सिदो खलु**' ઈ આવ્યું છે લ્યો. અગિયારમી ગાથા છેને? ભગવાન ત્રિકાળ નિત્યસ્વરૂપ પ્રભુ એનો આશ્રય તે સમ્યગ્દર્શન છે. કહે છે કે નવ તત્ત્વની શ્રદ્ધા હોય કે ન હોય ભલે, પણ આત્માને આશ્રયે એને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! એમ નવ તત્ત્વની શ્રદ્ધા પોતે કાંઈક એને મદદ મળે (એમ નથી). આહા..હા..! બેય ચીજ જ જુદી છે. નિશ્ચયને વ્યવહારની જરૂર નથી અને વ્યવહાર ઉત્પન્ન થાય તે નિશ્ચય છે એમાંથી થાય છે એમ પણ નથી. બે ચીજ જ ભિન્ન છે. શુદ્ધ આત્મા જ દર્શનનો આધાર છે. સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન તે ત્રિકાળી દ્રવ્ય સ્વભાવને આશ્રયે પ્રગટ થાય છે. આહા..હા..! પૂર્ણ સમ્યક્ શ્રદ્ધા. સમ્યક્ એટલે પૂર્ણાનંદ પ્રભુ જેવો છે એવી અંદરમાં પ્રશસ્ત શ્રદ્ધા, નિર્વિકલ્પ આનંદને પ્રગટ કરીને શ્રદ્ધા, એનો આધાર તો આત્મા છે. એને બીજાની કોઈની જરૂર નથી. આહા..હા..! ભગવાનની શ્રદ્ધા કરે તો આ નિશ્ચય શ્રદ્ધા થાય એમ પણ નથી. આ ભગવાનની શ્રદ્ધા કરે તો નિશ્ચય થાય પોતે. આહા..હા..! આવું વચન તો વીતરાગ...

કે અમારી શ્રદ્ધા એ તને રાગનું કારણ છે. તારા આત્માની શ્રદ્ધા એ સમકિતનું કારણ છે. આહા..હા..! એ '**શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે, કારણ કે જીવ આદિ નવ પદાર્થોના સદ્ભાવમાં...**' જીવ આદિ નવ પદાર્થની શ્રદ્ધા હોય-વિકલ્પ કે ન પણ હો, '**(અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ દર્શનનો સદ્ભાવ છે;...**' આહા..હા..! જેની શ્રદ્ધામાં ત્રિકાળી શુદ્ધ આત્મા વસે છે. જેની શ્રદ્ધામાં ત્રિકાળી વસ્તુ બેઠી છે. એને નવ તત્ત્વની શ્રદ્ધા વિકલ્પવાળી હો કે ન હો. પણ સમ્યગ્દર્શનનો આશ્રય તો આનાથી થયો

છે. આહા..હા..! અરે..! વીતરાગની વાણી એણે ક્યાં સાંભળી? રાગથી ધર્મ થાય એમ માનનારા તો ધર્મદ્રોહી છે. આવ્યું હતુંને. એમાં લખ્યું હતું. ભાઈએ પ્રકાશ. સન્મતિ સંદેશમાં. ધર્મદ્રોહી છે. રાગ અને વિકલ્પથી ધર્મ માનનારા અત્યારે જેમ અનાજમાં મિલાવટ કરીને વેચે છે વાણિયા. ભેળસેળ કરીને વેચેને. ... કેટલી વસ્તુમાં બધું ભેળસેળ જ છે. તે દિ' આપણે અહીં... ૩૫ ચીજમાંથી ૨૬-૨૭ તો બધી ભેળસેળવાળી. એમાં તો ઘણી ચીજો હતી. મિલાવટ... મિલાવટ... મિલાવટ... એમ ધર્મને નામે રાગની મિલાવટ. આહા..હા..! તેણે ધર્મને વેચી નાખ્યો છે. રાગને લઈને ધર્મ થાય છે. ઈ આ રાગની .. ધર્મ. આહા..હા..! ભેળસેળ કરી નાખ્યો મારે. વીતરાગનો ધર્મ જે પોતાના સ્વભાવને આશ્રયે થાય એને ઠેકાણે રાગને આશ્રયે પણ થાય. ભેળસેળ કરી નાખ્યો. મિલાવટ કરી નાખી. અરે..! કોણ સાંભળે એ? આહા..હા..! બહારમાં દુનિયા વખાણે, પ્રશંસા કરે, મોટી વિદ્વતા હોય માટે ધર્મ છે એમ છે કાંઈ? ઓલા તો ભાષણ કરનારા ઘણા હોય બધા.

ધર્મકથા તો એને કહીએ કે રાગથી વિકલ્પથી ધર્મ નહિ. ધર્મ તો સ્વદ્રવ્યને આશ્રયે થાય એનું નામ ધર્મ કથા, પણ જે કથામાં એમ આવે કે આ રાગ કરતાં-કરતાં ધર્મ થાય એ વિકથા દંસણ ભેદણી કથા છે. વીતરાગના માર્ગનો નાશ કરનારી કથા છે. આહા..હા..! મિલાવટ કરી નાખી. અપરાધી છે ઈ મારો. મિલાવટ કેટલી ચીજો! કેટલી બધી ચીજો લીધી છે. ઘણી મિલાવટ છે. આહા..હા..!

**'શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે,...'** આહા..હા..! આત્મા 'જ' છેને? એકાંત કરી નાખ્યું. નવ તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે ભેદવાળી એ નહિ. આત્મા ભગવાન પૂર્ણાનંદ એમાં ... એકલી પૂર્ણ સ્વરૂપ છે એની શ્રદ્ધા થઈ, એમાં બીજી આઠ વસ્તુ નથી એ પણ ભેગી એની શ્રદ્ધા આવી જાય. આહા..હા..! અને નવના ભેદવાળી શ્રદ્ધા તો વિકલ્પ રાગ છે. એ તો અભવિને હોય છે. એથી શું નવીન? આહા..હા..! **'શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે,...'** આહા..હા..! ચારિત્ર જેને હોય એને આધાર મળ્યો છે આ દ્રવ્યનો. ત્રિકાળી ભગવાનનો આધાર મળ્યો ત્યારે ચારિત્ર થયું છે. એ પાંચ મહાવ્રતના પરિણામ એ બધા ચારિત્ર નહિ. આહા..હા..! કાયરના તો કાળજા કંપી ઉઠે એવું છે. વીરનો માર્ગ તો શુરવીરને બેસે એવું છે બધું આ. છ કાયની દયા. આહા..હા..! એ ચારિત્ર નહિ. શુદ્ધ આત્માનો આધાર લઈને અંદર રમણતા પ્રગટી હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચરવું એમાં આનંદમાં રમવું, અતીન્દ્રિય આનંદનું ઉગ્ર વેદન, શાંતિનું વેદન થાય ઈ આત્માને આધારે થાય છે. એ કાંઈ છ કાયની દયા પાળવાનો ભાવ એને આધારે થતી નથી. આહા..હા..! આવું સત્ય કઠણ! સંતોએ ખુલ્લું કરીને મૂક્યું છે. દુનિયા સમાજને સમતોલ રહે કે ન રહે. માર્ગ આ છે, બાપા! સમાજ સમતોલ ન રહે, લોકો .. કરે અરે..! આવો! આવો માર્ગ! એકાંત નિશ્ચય. એકાંત

નિશ્ચય છે. વ્યવહારથી ન થાય, નિશ્ચયથી થાય એનું નામ અનેકાંત છે. આ તો નિશ્ચયથી થાય અને વ્યવહારથી થાય એ તો ફુદડીવાદ છે. ભગવાનનો માર્ગ એ નથી. આહા..હા..!

'**શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે,...**' શુદ્ધ આત્મા ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ. '**કારણ કે છ જીવ-નિકાયના સદ્ભાવમાં...**' છ જીવના દયાના ભાવની હયાતીમાં એ ભાવ ન પણ હોય. '(**અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ ચારિત્રનો સદ્ભાવ છે.**' ત્રણે 'જ' મૂક્યો છે. ભગવાન પૂર્ણ દ્રવ્ય સ્વરૂપ ધ્રુવ સ્વરૂપનો જ્યાં આશ્રય લઈને ઠર્યો અંદર. એ ચારિત્રનો આધાર તો દ્રવ્ય સ્વભાવ છે. એ વ્યવહાર દયા આદિ પળવી માટે ચારિત્ર આવ્યું એમ નથી. આહા..હા..! વાત સાચી સાંભળવા મળે નહિ એ બધા રગડા-રગડા. દુનિયા જેમાં વાડાની વાતું. પણ આ પરમાત્માના ઘરની વાત ઓહો..હો..! સંતોએ તો સીધો માર્ગ બતાવી દીધો છે. ભાઈ! તારો આશ્રય તો તું લેને. ક્યાં તારામાં ખામી છે કે પરનો આશ્રય લેવો પડે તને? પ્રભુ પૂર્ણ આનંદ પ્રભુ તું છોને. આહા..હા..! અવિનાશી તત્ત્વ તારું તું પોતે અવિનાશી અને એના ત્રિકાળી ગુણો અવિનાશી. જ્ઞાન, આનંદ ગુણ તો અવિનાશી છે. એને આશ્રયે પ્રગટ થાય તે પર્યાય છે. આહા..હા..! દ્રવ્ય-ગુણ (પર્યાય) ત્રણે થઈ ગયા.

દ્રવ્ય છે એ ત્રિકાળી આત્મા છે અને એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો પણ ત્રિકાળી અવિનાશી છે. એવા અવિનાશીને આશ્રયે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે એને યથાર્થ દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યું. પરને આશ્રયથી એને કોઈ નુકસાન થાય એમાં એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ? લૂખું લહ લાગે. આ વીતરાગ માર્ગ. ઓલું રાગથી પણ થાય તો ઠીક લાગે. કોઈ દિ' રાગરહિત પ્રભુ આત્મા છો એવી ખબર પણ નથીને એને. આહા..હા..! એમાં રાગની ગંધ નથી. તું તો ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મા. રાગ તો ઉદયભાવ સ્વભાવ. સ્વભાવમાં ક્યાં છે ઈ? આહા..હા..! રાગનો ભલે શુભરાગ હોય, આચારાંગ આદિ જ્ઞાનનો રાગ કે નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ કે છ કાયના જીવની દયાનો રાગ એ ત્રણે છે તો રાગ. ત્રણે છે વ્યવહાર. એ વ્યવહાર છે તો નિશ્ચય છે એમ છે નહિ. એમ કહે છે. વ્યવહારની હયાતી હોય છતાં સ્વને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય. વ્યવહાર ન હોય તો તો સ્વને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય. વ્યવહાર ન હોય એટલે શુભરાગ... વ્યવહાર નથી એટલે પછી અવ્યવહાર, ખોટો વ્યવહાર એમ અહીં નથી લેવાનું. નીચલી દશામાં ચૈતન્ય ભગવાનને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય. ત્યાં હજી અધૂરો છે એટલે રાગ ભાવ હોય. શાસ્ત્રનું જ્ઞાન હોય, નવ તત્ત્વનું શ્રદ્ધાન એને વ્યવહાર પંચ મહાવ્રતનો વિકલ્પ હોય, પણ આગળ જતાં .. રહેતું નથી. પણ આત્માનો આધાર અંદર છે. એને દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહેવામાં આવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ સુદ-૧૦, રવિવાર, તા. ૧૦-૦૬-૧૯૭૩
## ગાથા - ૨૭૬-૨૭૭, પ્રવચન-૪૦૪

શબ્દશ્રુતનું જ્ઞાન નહિ, શબ્દશ્રુત જ જ્ઞાન છે એમ. આચારાંગ આદિ એનું જ્ઞાન એમ પણ નથી લીધું. એ તો આચારાંગ આદિ જે શબ્દો છે તે જ્ઞાન છે. એ જ્ઞાનનો આશ્રય નથી. ખરેખર એ જ્ઞાન છે નહિ. આહા..હા..! કારણ કે સમ્યગ્જ્ઞાનના આશ્રયમાં આચારાંગ આદિ આવે નહિ. સમ્યગ્જ્ઞાનના આશ્રયમાં તો આત્મા આવે. મોક્ષનું કારણ એવું જે સમ્યગ્જ્ઞાન ભાવશ્રુત, ભાવમતિ. એ શુદ્ધ ચૈતન્ય વસ્તુ એને અવલંબે, એને આશ્રયે, એને આધારે સમ્યગ્જ્ઞાન થાય તો એ સમ્યગ્જ્ઞાન તો શુદ્ધ આત્મા છે. એ સમ્યગ્જ્ઞાન શબ્દ જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન નથી. એકાંતે જ્ઞાનનો આશ્રય નથી એટલે કે જ્ઞાન જ એ છે એમ નથી. શબ્દશ્રુત તે જ્ઞાન એ વાત ખોટી છે. એકાંતે જ્ઞાનનો આશ્રય એને જ્ઞાન જ કહેવું એમ છે નહિ.

કારણ કે તેના અસદ્‌ભાવમાં પણ અભવિને અને ભવિને પણ શાસ્ત્રનું જ્ઞાન એટલે શાસ્ત્ર શાસ્ત્રથી જ્ઞાન એમ કહીને એ શાસ્ત્ર જ્ઞાન '**તેમના સદ્‌ભાવમાં પણ અભ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...**' ચૈતન્ય મૂર્તિ ભગવાન આત્મા એના આશ્રયનો અભાવ છે એમાં. એથી એને જ્ઞાનનો અભાવ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! શબ્દશ્રુત ભણ્યા, શબ્દશ્રુત વાંચ્યા એનાથી જ્ઞાન થયું એ જ્ઞાનને શબ્દશ્રુત જ કહે છે. એ જ્ઞાન શબ્દશ્રુત છે. એ આત્મજ્ઞાન નહિ.

મુમુક્ષુ :- બે જાતના જ્ઞાન થયા.

ઉત્તર :- ઈ જ્ઞાન જ નથી. એ તો નામમાત્ર છે. આહા..હા..! આચારાંગમાં અઢાર હજાર તો પદ અને એક એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક એવા અઢાર હજાર પદથી સુયગડાંગ ડબલ, ઠાણાંગ ડબલ બોતેર એક લાખ ચાલીસ હજાર એમ ડબલ કરતા અગિયાર અંગ. આહા..હા..! એ બધા શબ્દશ્રુત છે. એ શબ્દશ્રુત એ એકાંતે જ્ઞાનનું કારણ નથી. કારણ કે એ શબ્દશ્રુત હોવા છતાં અભવ્યોને સમ્યગ્જ્ઞાન હોતું નથી. આહા..હા..!

ચૈતન્ય સર્વજ્ઞ જે ભગવાને પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન જે જોયો એના અભાવમાં એણે કીધું એવું.. એના તરફનું તો એનું લક્ષ પણ નથી. સ્વના આશ્રયમાં તો અભવિ અને ભવિ અનાદિ મિથ્યાદૃષ્ટિ જૈન સાધુ થયો પણ શુદ્ધ આત્મા એનો તો આશ્રય અને અવલંબન લીધું જ નથી એણે. એથી તે જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવતું નથી. આહા..હા..! કહો, કાલે

હતા કે નહિ? હતા. '**શુદ્ધ આત્માના અભાવ...**' આહા..હા..! એ તો અશુદ્ધ કહેવાય. વાસ્તવિક જ્ઞાન જ નથી. આહા..હા..! અજ્ઞાન છે, જડ છે. એ ચૈતન્ય નહિ. શાસ્ત્રનું જ્ઞાન એટલે શાસ્ત્રજ્ઞાન એમ. અહીં શાસ્ત્રનું જ્ઞાન નથી લીધું. શાસ્ત્ર તે જ્ઞાન. શાસ્ત્ર તે જ્ઞાન. કેમકે જ્ઞાનનો નિમિત્ત તે છે. આહા..હા..! પણ એ તો ઉપયોગ જડ છે કહે છે. ચેતન નહિ એ અચેતન છે. એય..! કેમ? આહા..હા..! પ્રભુ ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો પિંડ પ્રભુ એનો તો દૃષ્ટિમાં, આશ્રયમાં, અવલંબનમાં અભાવ છે. કહો, સમજાય છે કે નહિ? આ તમારા કારખાનાનું જ્ઞાન તો કાંઈ ગણતરીમાં જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહુ આઘુ આવી ગયું.

મુમુક્ષુ :- એમ ભલેને આમાં લખ્યું હોય પછી શું છે? કારખાનું વયું જાય?

ઉત્તર :- કારખાનું કારખાનામાં રહ્યું. કારખાનાનું જ્ઞાન કારખાનારૂપે છે એમ કહે છે અહીં તો. આ ડોક્ટરનું જ્ઞાન ડોક્ટરરૂપે છે. જે ડોક્ટરપણું જે છે એ જ જ્ઞાન છે. આહા..હા..! એ અજ્ઞાન છે. આહા..હા..! તો આ બધા વકીલાતના. આ રામજીભાઈ વકીલ હતાને મોટા. બસ્સો રૂપિયાનું દનૈયું લેતા. એ તો અજ્ઞાન હતું બધું. જડ હતું. આહા..હા..! અને જો ઈ જ્ઞાન જ્ઞાનરૂપ હોય તો તો અંદર શાંતિ અને આનંદ આવવો જોઈએ. એ શાસ્ત્ર જ્ઞાન એમ છે. શાસ્ત્રનું જ્ઞાન એમ નહિ. શાસ્ત્ર તે જ્ઞાન. શબ્દશ્રુત તે જ્ઞાન ઈ ઉપયોગ એનો શબ્દશ્રુત ઉપર છે એથી એ બધું શબ્દશ્રુત તે જ્ઞાન એ વાત એકાંતે ખોટી છે. જડ છે તે. આહા..હા..! આ છોકરા બોકરા શીખે છેને ચોપડા? વાંચવા શીખે, પાંચ-પચ્ચીસ ચોપડા આવડે ત્યાં જ્ઞાન. ધૂળેય નથી જ્ઞાન સાંભળને. એય..! જયંતિભાઈ!

જ્ઞાન તો જેના શુદ્ધ પ્રભુ આત્મા. સ્વ. સવારમાં આવ્યું હતુંને? જેણે સ્વનો આશ્રય લઈ, અંતર્મુખ થઈ અને જ્ઞાન અને આનંદસહિત દશા જેને પ્રગટ થઈ એને અહીંયાં જ્ઞાન, ધર્મનું જ્ઞાન અથવા મોક્ષના કારણનું જ્ઞાન એને કહીએ. કહો, સમજાણું કાંઈ? એક વાત થઈ. એને શુદ્ધ આત્માના અભાવને લીધે. ભગવાન જે આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ એને તો લક્ષમાં લીધો નહિ, દૃષ્ટિમાં આવ્યો નહિ. એને જ્ઞાનની પર્યાયે જ્ઞેય બનાવ્યું નહિ તેથી તે જ્ઞાન નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

બીજો બોલ '**જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...**' એની શ્રદ્ધા તે દર્શન છે એમ નથી લીધું અહીં. નવ પદાર્થ દર્શન છે. કારણ કે એનો આશ્રય લે છેને? આ જીવ છે અને આ અજીવ છે અને આ જીવ. એ શ્રદ્ધા દર્શનનો આશ્રય ઈ છે જ નહિ યથાર્થપણે. આહા..હા..! નવ પદાર્થની શ્રદ્ધા એ નવ પદાર્થરૂપ છે. એને ચૈતન્યની શ્રદ્ધા-રુચિ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ! અનંતકાળમાં એને હાથ આવ્યો નથી. અનંતવાર શાસ્ત્ર ભણ્યો,

મુનિ થયો, ત્યાગી થયો, દીક્ષાઓ અનંતવાર લીધી. એ બધી રાગની ક્રિયાની દીક્ષા. અને શાસ્ત્રનું ભણતર પણ એ શ્રુત-શ્રુત. શબ્દશ્રુત. આહા..હા..! આ આત્મા નહિ. એ બધી વાતું કરી જગતને રંજાઈમાન કરવા, ભાષણ આપીને મોટા ઓહો..હો..! પચાસ વાર ભાષણ આપે. ભગવાને આમ કહ્યું છે અને ભગવાને આમ કહ્યું. ભાઈ! શું કહ્યું એ તને ખબર નથી. આહા..હા..!

ભગવાને તો ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ એનો આશ્રય લે અંતરમાં જાય તો જ્ઞાન થાય. તે વિના શબ્દશ્રુત તે જ્ઞાન છે નહિ, તેમ નવ તત્ત્વ તે શ્રદ્ધાનો આશ્રય છે માટે નવ તત્ત્વને શ્રદ્ધા કીધી, નવ તત્ત્વ એ શ્રદ્ધા છે એમ. કેમકે શ્રદ્ધાનો આશ્રય એ તો નવ ભેદ છે, મિથ્યાત્વ છે. આહા..હા..! હવે એકકોર જીવાદિ નવ તત્ત્વની 'તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનં.' એ બીજી વાત છે. એ તત્ત્વાર્થમાં જીવ આવ્યો છે અંદર આખો. અને એ આનું જ્ઞાન થતાં એની પર્યાયનું જ્ઞાન પણ એમાં આવી જાય છે. ઈ બીજી વાત છે. ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ ધ્રુવ-ધ્રુવ નિત્ય. એ જેને તત્ત્વાર્થશ્રદ્ધાનમાં ઈ જીવનું તત્ત્વ એની શ્રદ્ધા આવી જાય અંદરમાં. એને પછી એની શ્રદ્ધા અને પર્યાયની શ્રદ્ધા. બે થઈને નવ તત્ત્વની શ્રદ્ધા એમ કહેવામાં આવે છે. એ જ્ઞાનપ્રધાન એ કથન છે. દર્શન પ્રધાન કથનમાં તો એકલો ભગવાન આત્મા. એ એણે જેને એકલો શ્રદ્ધા હોય અને નવ તત્ત્વની શ્રદ્ધા હોય જ. સમજાણું કાંઈ? અને નવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા હોય એને એક તત્ત્વની શ્રદ્ધા ભૂતાર્થનો આશ્રય હોય જ. આહા..હા..! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એટલે શું ભાઈ! એ કાંઈ માણસ જેવા નહોતા. નિજ શક્તિ જેને પ્રગટ થઈ અંદરમાં. હતી અંદરમાં. એને પ્રગટ કરી પૂર્ણ એક સમય છે. 'ક'નો અસંખ્યમો ભાગ. ક બોલે એમાં અસંખ્ય સમય જાય. એમાં અસંખ્યમો ભાગ એક સમય. એમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાણા કહેવું એ વ્યવહાર છે. એની પર્યાયની પૂર્ણતા જ્ઞાને જાણી. આહા..હા..! એવા જે સર્વજ્ઞ પરમેશ્વર એમણે કહ્યું કે ભાઈ! નવ તત્ત્વ શ્રદ્ધા, નવ તત્ત્વ તે દર્શન. ત્યારે કહે છે કે એ ખોટી વાત છે. કેમકે એ ખરેખર દર્શનનો વિષય નવ તત્ત્વ છે જ નહિ. આહા..હા..!

**'નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...'** આહા..હા..! અભવિ કે ભવિ અનંતવાર દીક્ષાઓ લીધી, મુનિપણા પાળ્યા એવું તો અત્યારે છે નહિ. જે પૂર્વે મુનિપણું બહાર અઠ્યાવીશ ગુણ સત્તાવીશ આદિ જે વિકલ્પથી પાળેલું છે એવી દશા તો અત્યારે કોઈની વ્યવહારની હોય નહિ. કહે છે કે એવી દશામાં પણ નવ તત્ત્વ તે શ્રદ્ધા કહે છે ખોટી વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- ખોટી વાત છે? એ તો વ્યવહાર છે.

ઉત્તર :- વ્યવહાર કહો કે જૂઠી વાત કહો. નિશ્ચય કહો કે સત્ય કહો. આમ વાત છે. છ ઢાળામાં આવ્યું છે નિશ્ચય તે સત્યાર્થ અને વ્યવહાર તે સત્યાર્થ નહિ. આહા..હા..! શું

થાય? પૂર્ણાનંદનો નાથ જ્યાં શ્રદ્ધામાં-સમ્યગ્દર્શનમાં વિષયમાં ન આવે અને સમ્યગ્દર્શનના આલંબનમાં ભગવાન પૂર્ણાનંદ ન આવે એને સમ્યગ્દર્શન કહેતા જ નથી. સમજાણું કાંઈ?

**'કારણ કે તેમના સદ્‌ભાવમાં...'** એટલે નવ પદાર્થના શ્રદ્ધારૂપ ભાવમાં **'અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...'** એ તો અશુદ્ધ શ્રદ્ધા છે. આહા..! **'શુદ્ધ આત્માના અભાવને લીધે...'** પણ ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એની અંતરદૃષ્ટિ અને આલંબન તો છે નહિ. એને લઈને દર્શનનો અભાવ છે. એને સમકિત છે નહિ. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્ર માટે તો માથા આપે. અને કોઈ એમ કહે કે સમવસરણ આવું હોય ભગવાનનું. ઓલો કહે કે નહિ એવું હોય નહિ. પ્રાણ જાય તોપણ બીજું માને નહિ, પણ એ બધી વ્યવહાર શ્રદ્ધા, જૂઠી શ્રદ્ધા છે. જેમાં આત્મા આવ્યો નહિ અને આત્મા ભળ્યો નહિ એ શ્રદ્ધાને શ્રદ્ધા કહેતા નથી. આહા..હા..! આવી વાતું વીતરાગ...

લ્યો, કલકત્તે એક આર્જિકા આવી હતી કીધું નહિ? આર્જિકા આવી સ્થાનવાસીની. કલકત્તે ત્યાં રતનલાલજીને ત્યાં ઉતર્યા હતાને. આવ્યા હતા. ચંદનબાળા છે. તો એને રજનીશમાં જાવું છે. રજનીશ. ત્યાં ઓલા અમરચંદજી છેને આગ્રાના. સ્થાનકવાસી. એણે વળી રોકી કે ભાઈ તને કાંઈક છૂટ આપીએ પણ હવે તું ત્યાં ન જા. લોચ ન કરવો એવી બધી ઘણી છૂટ છે. ધોળા લૂગડા અને આમ સફાઈ ભાઈ! આ તે કાંઈ માર્ગ છે કાંઈ? વીતરાગ ત્રિલોકનાથ આહા..હા..! એવો માર્ગ ક્યાં હતો? ત્યાં રજનીશમાં જાવું હતું. દુનિયાને જૈનદર્શન અને વીતરાગ શું કહે છે એ વ્યવહાર શું એની પણ ખબર ન મળે. આ જે વ્યવહાર શ્રદ્ધા છે એવી પણ ખબર ન મળે.

મુમુક્ષુ :- આને વ્યવહાર શ્રદ્ધા કહે એની ખબર નથી.

ઉત્તર :- એની પણ ખબર નથી. આહા..હા..! આ તો ત્રણ લોકનો નાથ એક સમયમાં જેણે ત્રણ કાળ જેની આદિ નહિ, અંત નહિ એણે જોઈ લીધો. આહા..હા..! આતે કાંઈ વાત છે? અંદર બેસવી જોઈએને અંદર? એવા જ્ઞાનમાં જેને આત્માનો આશ્રય છે તે શ્રદ્ધાને સમકિત કહીએ. પણ આવા બહારના દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એને શ્રદ્ધા ન કહીએ. આહા..હા..! રત્નકરંડશ્રાવકાચારમાં આવે છેને આપ્ત આગમને એ તો નિશ્ચયની વાત છે. આપ્ત એવા સર્વજ્ઞ પરમેશ્વરને એના દ્રવ્ય-ગુણ-પર્યાય કેવા એણે જાણ્યા છે. ગુરુ નિર્ગ્રંથપણું પર્યાયમાં કેવું હોય એવું એણે જાણ્યું છે શાસ્ત્રથી. એને અહીંયાં સમ્યગ્દર્શન, આત્માને આશ્રયે સમ્યગ્દર્શન ઈ વાત છે ત્યાં. પાઠ તો એવો છે આપ્ત આગમ અને ગુરૂ એની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. પણ એ સમ્યગ્દર્શન આત્માના આશ્રયની વાત છે. જેવો ભગવાનનો આત્મા છે એવો જેણે જાણ્યો અને એવો જ હું છું એમ એણે અનુભવ્યું એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! બહુ ફેર. ચકરાવો બધો અનાદિનો.

હવે આ અત્યારે એવો કાળ પચ્ચીસો વર્ષમાં એટલે બધાને એક કરો. સમન્વય કરો. અરે..! ભગવાન! સમન્વય શી રીતે થાય? એ છે અને આ પણ છે એમ થાય. પણ ઈ સાચું છે અને આ પણ સાચું છે. એમ સમન્વય ન થાય. અહીં તો આ અર્થ અભવિને નવ તત્ત્વરૂપ શ્રદ્ધા છે એવી શ્રદ્ધા તો અત્યારે કેટલાક એકલા વ્યવહારવાળાને પણ ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એમાં પણ ગોટા મોટા. દેવમાં ફેર, ગુરુમાં ફેર, શાસ્ત્રે શું કહેવું છે એ શાસ્ત્રમાં ફેર. આહા..હા..! કહે છે કે એ દર્શનનો અભાવ છે એને. કેમ? કે નવ પદાર્થ એ દર્શન કીધું, પણ એ નવ પદાર્થ દર્શનનો આશ્રય માટે સમકિત છે એમ છે જ નહિ. સમકિતનો આશ્રય તો ભગવાન ત્રિલોકનાથ છે. પૂર્ણ પરમાત્મસ્વરૂપ પોતાનું. એના આશ્રયે, અવલંબે જે દર્શન થાય એને સમ્યગ્દર્શન મોક્ષના માર્ગમાં ગણવામાં આવ્યું છે. આ તો બહાર કરો દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા એ સમકિત. હવે વ્રતની ચોપડી આદરો. એ ચોપડી આદરે. બાર વ્રતની. અરે..! પ્રભુ! હજી સમ્યગ્દર્શન વિના વ્રત કેવા?

ઓલાએ કીધા તો ખરી તુલસીને ભાઈ નહિ કાલે? તુલસીને અણુવ્રત કર્યા. તેરાપંથીના તુલસી. અણુવ્રતનું આંદોલન કર્યું, પણ હજી મિથ્યાદષ્ટિને અણુવ્રત કેવા? જૈન પરમેશ્વર શું વ્યવહારે કહે છે એની શ્રદ્ધાની ખબર વિના અમને અણુવ્રત આપો. શેના અણુવ્રત પણ? લોકોને સારું લાગે એમ કે આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ઢંકાવા માટે કરે છેને. અને માન મળે કાંઈક. બેસે તો આમ બેસે. અરે..! મારા પ્રભુ! આ માર્ગ તો જુદો છે, ભાઈ! તેરાપંથીનો માર્ગ જે .. એ તો તદ્દન દૃષ્ટિ વિરુદ્ધ હતી. હવે એને માન્ય રાખીને એને ધર્મ અણુવ્રત લેવા છે. બાપુ! મારગડા જુદા છે પ્રભુ! આહા..હા..! એણે લખ્યું છે બિચારાએ.

'**છ જીવનિકાય ચારિત્રનો આશ્રય નથી,...**' લ્યો, છ જીવની કાય એ ચારિત્ર કીધું હોં. છ જીવની કાયની દયા પાળવી એ ચારિત્ર એમ નહોતું લીધું. કારણ કે છ કાયની દયાનો ભાવ એ પરલક્ષી છે. છ કાયને માટે આને આધારે. આહા..હા..! ભગવાન આત્મા અકાય સ્વરૂપે એને આધારે એ ચારિત્ર નથી. પૂર્ણ છ કાયના જીવની દયા. છેને? '**છ જીવનિકાય...**' નિકાય. જે અનંત જીવનો સમુહ ભગવાને કહ્યો. એક-એક નિગોદની કટકીમાં અનંતા આત્માઓ. આહા..હા..! આલુ, ડુંગળી, લસણ એક રાઈ જેટલી કટકી એમાં અસંખ્ય ઔદારિક શરીર અને એક-એક શરીરમાં અનંત આત્માઓ અને એક એક આત્માને તેજસ અને કાર્માણ બે જુદા શરીર. આહા..હા..! આવા જીવની દયા એ છ જીવનિકાય છે એ તો એ દયા એ છ જીવનિકાય છે. પરલક્ષે છે એટલે પરલક્ષી વસ્તુ છે. એને ચારિત્ર કહેતા નથી. આહા..હા..! અહીં તો છ કાયની પૂર્ણ દયા પાળો એકેન્દ્રિય પૃથ્વીસહિત. એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, તે

ઇન્દ્રિયા ચૌ ઇન્દ્રિયા પંચેન્દ્રિયા ... તસ્સ મિચ્છામી દુક્કડમ. અરે..! ભગવાન! બાપુ! તને ખબર નથી. એ તો શુભવિકલ્પની વાતું છે. આહા..હા..! તસ્સુતરીમાં આવેને તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે. પણ એમાંથી વિશલ્યી કરણે.. તસ્સઉતરી કરણે, વિશલ્યકરણેણં. મિથ્યાદર્શન, નિદાન અને માયા ત્રણ શલ્ય રહિત હોય એને અંદરમાં સમ્યગ્દર્શન હોય એને વ્રત હોય, હવે એનું તો કાંઈ ભાન ન મળે. આહા..હા..! નિઃશલ્યોવૃત્તિ એવો પાઠ છે તત્ત્વાર્થસૂત્રમાં. જેને શલ્ય મિથ્યાત્વનું ન હોય, માયા-કપટનું ન હોય અને શુભ ક્રિયાના ફળની ઇચ્છા ન હોય. એને અંતર સમ્યગ્દર્શન હોય એને ચારિત્ર હોય. આહા..હા..! બહુ ફેર, ઘણો ફેર.

'**છ જીવનિકાય ચારિત્રનો આશ્રય નથી,** કારણ કે **તેમના સદ્ભાવમાં...**' છ કાયની દયા તો અભવિ એવી પાળે. આહા..હા..! પાણીનો એક બિંદુ પણ જો અડી જાય પગમાં. નિર્દોષ આહાર-પાણી હોય અને દેવા બાઈ ઉઠે અને પગ અડી જાય તો પ્રાણ જાય તોપણ ન લે. પણ એ તો શુભરાગ છે. એ કાંઈ ચારિત્ર નથી. આહા..હા..! એમાં સ્વ આશ્રય આવ્યો નહિ, એ તો પરાશ્રયનો ભાવ છે. કહે છે કે '**છ જીવનિકાય ચારિત્રનો આશ્રય...**' અવલંબન નથી 'કારણ કે **તેમના...**' છ કાયની દયાના ભાવમાં પણ '**અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...**' આહા..હા..! શુદ્ધ ચૈતન્ય પ્રભુ જે રાગ અને સંસારના ઉદયભાવથી રહિત છે એવું ચૈતન્યની જ્યાં અંદર નજરું ન પડી અને એનો અવલંબન અને આશ્રય અને આધાર ન આવ્યો તેને ચારિત્ર કહેતા નથી. આહા..હા..! કેમકે છ કાયના જીવનું ચારિત્ર એની હયાતીમાં પણ '**અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...**' ભગવાન પૂર્ણાનંદનો નાથ તેને શરણે આવ્યો નથી. એને આશ્રયે ગયો નથી. એને ચારિત્ર હોતું નથી. આહા..હા..! કેમકે એ દર્શન, જ્ઞાન અને ચારિત્રની જે પર્યાય છે એ તો દ્રવ્યમાંથી આવે છે. દ્રવ્યને આશ્રયે, દ્રવ્યને અવલંબે અને દ્રવ્યમાંથી આવે છે. એ કાંઈ છ કાયની દયા, નવ તત્ત્વની શ્રદ્ધામાંથી સમકિત ને જ્ઞાન ને ચારિત્ર આવતું નથી. આહા..હા..! વાતું પડી મોંઘી. એવું લાગે બિચારાને આ તો મુનિની વાત છે, પણ અમારે ગૃહસ્થને માટે શું કહે. પણ આ ગૃહસ્થને માટે તો આ ચાલે છે. સમ્યગ્દર્શન કોને આશ્રયે થાય? કે ત્રિકાળી આત્મા ત્યારે એને જાણવો જોઈએ કે ત્રિકાળી શું છે. એની પર્યાય એને આશ્રયે જાય ત્યારે સમકિત થાય. આહા..હા..! એ ત્રિકાળી દ્રવ્યને આશ્રયે ઠરે ત્યારે એને ચારિત્ર થાય. એ છ કાયની દયાના ભાવ એ ચારિત્ર નહિ, એ તો શુભરાગ છે, અચારિત્ર છે. આહા..હા..! પાંચ મહાવ્રતના પરિણામ અચારિત્ર છે. કારણ કે પર ઉપર એનું લક્ષ છે કે આને ન મારવા, આમ બોલવું, આ ન કરવું, ચોરી ન કરવી, વિષય સેવવો નહિ શરીરથી. એ બધો પરલક્ષીભાવ છે. આહા..હા..! જેમાં ભગવાન ભળ્યો નથી એને અમે ચારિત્ર કહેતા નથી કહે છે. સમજાણું કાંઈ?

હવે મેઘકુમાર હાથીના ભવે દયા પાળી સસલાની. પરિત સંસાર કર્યો. વસ્તુ જ જૂઠી છે. પરના આશ્રયના ભાવમાં પરિત સંસાર થાય જ નહિ. વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માના શાસન આ તો. પરાશ્રય જે ભાવ છે એ બધો બંધનું કારણ છે. બંધનું કારણ એ મોક્ષનું કારણ કેમ થાય? આહા..હા..! સમજાણું કાંઈ? તેમ વિપાકમાં દસ બોલ આવે છે. મિથ્યાદૃષ્ટિ દાન દેનારો હતો સુબાહુકુમાર. રોગીને આહાર આપ્યો તો પરિત સંસાર કર્યો. બિલકુલ સત્ય વાત નથી. પરાશ્રયના ભાવમાં સંસાર પરિત થાય જ નહિ, ભાઈ! તને ખબર નથી. આ ચર્ચા અમારે બહુ થયેલી પહેલી સંપ્રદાયમાંથી. પહેલી તો ૭૭માં શરૂ થઈ હતી. તમારા પોપટલાલ. એમના બહેનના સસરા હતા. નહોતા આવ્યા અહીં? બચુભાઈ.

મુમુક્ષુ :- .. એના દાદા.

ઉત્તર :- દાદા થાય. ૭૭માં ગોંડલ ગયા પહેલા ત્યારે કહે જુઓ ભગવાનને આહાર આપ્યો અને પરિત સંસાર કર્યો. ભાઈ! એ વાત જ ખોટી છે. તમને અહીંયાં કહેવામાં મુશ્કેલ પડશે અહીં વાડામાં. ભગવાનને આહાર આપવો એ તો પરદ્રવ્ય ઉપર લક્ષ છે. એ તો શુભભાવ છે. શુભભાવથી સંસાર પરિત થાય એમ ત્રણ કાળમાં બને નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ત્યારે ચોખ્ખું નહોતું કહ્યું.

ઉત્તર :- ત્યારે બોલાય શી રીતે? વાડામાં કાંઈ કહેવાતા હશે? વાડામાં તો વાડો છોડી દેવો જોઈએ. વાડામાં રહીને ક્લેશ થાય એમ નહિ. એય..! ચંદુભાઈ! આવી વાતું છે બધી.

મુમુક્ષુ :- સંસાર પરિત ન થાય એટલું કીધું હતું.

ઉત્તર :- ન થાય બસ એટલું. લાંબુ કાંઈ કરાય ત્યાં? લાંબુ કરીને કહેવાય કે આ બધું ખોટું છે? ઈ શાસ્ત્ર જ ખોટા છે. ભગવાનના કહેલા શાસ્ત્ર જ નથી. ભગવાનના કહેલા શાસ્ત્રમાં એવી વાત હોઈ શકે જ નહિ. પરાશ્રય ભાવમાં સંસાર ઘટે એ વીતરાગના વચન નહિ. એ તો અહીં કીધું હતુંને ઓલો સાધુ આવ્યો મહાવીરકીર્તિ નહોતો દિગંબર મુનિ. આ મરી ગયાને. ... જુઓ, સમ્મેદશિખરની જાત્રા કરો તો ૪૯ ભવે મોક્ષ જાય. કીધું ક્યાં લખ્યું છે? અમારી પાસે સમ્મેદશિખરના માહાત્મ્યનું પુસ્તક છે. કીધું એ વીતરાગનું વચન નહિ. મહાવીરકીર્તિ અહીં આવ્યો હતો દિગંબર સાધુ. વીતરાગના વચનમાં પરને આશ્રયે સંસાર ઘટે એ વીતરાગના વચન નહિ. આહા..હા..! અમે ક્યાં ના પાડીએ છીએ. તમે તો સ્થાપવા તો એ માંગો છે. એમ ન ચાલે આ તો વીતરાગ માર્ગ છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા સાક્ષાત્ હાજરા હજુર બિરાજે છે મહાવિદેહ સીમંધર પરમાત્મા. સમજાય છે કાંઈ? ભગવાન મોક્ષ પધાર્યા પણ પરમાત્મા બિરાજે છે કે નહિ? મહાવિદેહ ક્ષેત્રમાં કોઈ કાળે વિરહ ન હોય. ત્રણ કાળમાં ત્રણ કાળના જાણનારાનો કોઈ દિ' વિરહ હોય નહિ. શું કીધું ઈ? ત્રણ કાળમાં ત્રણ કાળના જાણનારનો વિરહ કોઈ દિ' હોઈ શકે નહિ. અનાદિથી ત્રણ કાળના જાણનારા આવ્યા કરે

છે. .. એમ કહ્યું. એને પક્ષ એમાં લખ્યા માટે કહે એમ ન માનીએ. અમને તો અંદર બેસવું જોઈએ તો માનીએ. સમજાણું? ઈ હા કહે બરાબર આત્મા... તમારે કીધું ૪૯ ભવે મોક્ષ જાય સમ્મેદશિખરની જાત્રા કરીએ. સમ્મેદશિખરની જાત્રા શુભભાવ છે, એ તો રાગ છે. રાગથી કાંઈ સંસાર નાશ થાય? ત્રણ કાળમાં બને નહિ.

મુમુક્ષુ :- ૪૯માં ભવમાં આત્માનો આશ્રય કરીને મોક્ષ જાય.

ઉત્તર :- થઈ રહ્યું પછી. આહા..હા..! અહીં તો પરમાત્મા પોતે કહે કે અમારા દર્શન અને અમારી વાણી સાંભળનારને શુભરાગ થાય. એનાથી સંસાર ઘટે નહિ. આહા..હા..! તારો નાથ પૂર્ણાનંદનો પ્રભુ ભર્યો છે એને અવલંબે જા. સંસાર નથી એમાં, એ નાશ થશે. બીજી કોઈ રીત ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. જગતને બેસે, ન બેસે એથી કાંઈ સત્ય ફરી જાય એવું છે? સમજાણું કાંઈ?

કહે છે છ જીવનિકાય એવી પાળે દયા. આહા..હા..! અભવિ વહોરવા જાય ભવિ આદિ. એ એક દાણો કચરીને કે એક ગુવાર કહેવાયને ગુવાર શું કહેવાય? ગુવાર લીલોતરી નહિ શાક? એ ગુવારને આમ ઉપરથી કાઢી નાખેને? ગુવારને છાલ નથી આવતી? ગુવાર કહે છે શું કહે છે? ગુવાર કહે છે? દાણા અને ઉપરથી જરી કાઢી નાખે. એ કાઢી નાખીને પછી શાક કરે. ઈ કટકી પડી હોય અને જો પગ આવી જાય એના ઉપર. (તો) આહાર ન લે. અમે એવું કર્યું હતું. પંદર વર્ષ એ પ્રમાણે જ કર્યું હતું.

મુમુક્ષુ :- હવે ...

ઉત્તર :- એની એ દશા થઈ. આહા..હા..! અહીં તો કહેવું છે કે એવું ન કરે. તોપણ ઈ વ્યવહાર એ રાગ છે, એ ધર્મ નહિ. પરલક્ષી વિકલ્પ છે એ પુણ્ય છે. આહા..હા..! એમાંથી સંસાર નાશ થાય એ વીતરાગ માર્ગમાં નથી. અન્યમાં તો એ વસ્તુ છે જ નહિ.

કહે છે '**છ જીવનિકાય ચારિત્રનો આશ્રય નથી,...**' આહા..હા..! '**કારણ કે તેમના સદ્‌ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે.**' કહો, એવી છ કાયની દયા તો કેવી (કે) પ્રાણ જાય તોપણ આહાર એને માટે બનાવેલો, પાણીનો બિંદુ બનાવીને લે. એ ખબર પડે કે આ બિંદુ પાણી બનાવ્યું છે મારા માટે. પ્રાણ જાય તોપણ ન લે. છતાં એ ચારિત્ર નથી. ત્યાં શુદ્ધાત્મા ભગવાન ત્રિલોકનાથનો આશ્રય નથી. આહા..હા..! આવી વાતું તો જગતને સંસાર જેને નિકટ છે એને આ વાત બેસે એવી છે. આહા..હા..! બીજાને તો ખટક્યા કરે અંદરથી. કહે છે તેમાં '**અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે.**'

હવે સવળું. '**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...**' આહા..હા..! ત્યાં તો એમ કહ્યું હતું કે જ્ઞાન તે શુદ્ધ આત્મા છે એમ કહ્યું હતું. ઓલામાં એમ કહ્યું હતું આચારાંગ

શબ્દશ્રુત તે જ્ઞાન છે અને આ શુદ્ધ આત્મા તે જ્ઞાન છે એમ કીધું હતું. શુદ્ધ આત્માનું જ્ઞાન એમ નહોતું કહ્યું. શુદ્ધ આત્મા તે જ્ઞાન છે એમ કહ્યું હતું. ઇ શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય એમ ખુલાસો કર્યો. '**કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્‌ભાવમાં...**' ભલે આચારાંગ આદિ શાસ્ત્રનું જ્ઞાન હોય કે ન હોય પણ તેના સદ્‌ભાવથી ભગવાન પૂર્ણ ચૈતન્યમૂર્તિ એને આશ્રયે જે પ્રગટ્યું જ્ઞાન તે જ્ઞાન બરાબર છે. પરના આશ્રયની એને જરૂર નથી. આચારાંગ આદિનું જ્ઞાન હોય તો જ આ સ્વના આશ્રયનું જ્ઞાન હોય એવું નથી. આહા..હા..! મારગડા જુદા બહુ ઝીણા.

'**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...**' જોયું? એકાંત કીધું. કથંચિત્ આમ અને કથંચિત્ આમ કરો. આહા..હા..! ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય શુદ્ધઘન આનંદ પ્રભુ એ જ આત્મા, એવો આત્મા જ જ્ઞાનનો આશ્રય છે. સમ્યગ્જ્ઞાનનું અવલંબન અને આશ્રય તો એ આત્મા છે. '**કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્‌ભાવથી જ જ્ઞાનનો સદ્‌ભાવ છે;...**' આહા..હા..! શબ્દશ્રુત જ્ઞાન ન પણ હોય. શિવભૂતિને શબ્દશ્રુત નહોતું. ભાવ હતો થોડો ભાવશ્રુત. શબ્દનું જ્ઞાન નહોતું. શબ્દોના અર્થ નહોતા આવડતા. પણ શુદ્ધાત્માનો આશ્રય હતો. પૂર્ણ પવિત્ર આત્મા એક સમયમાં ત્રિકાળ નિત્યાનંદ ધ્રુવ એનો આશ્રય હતો તો જ્ઞાન છે. શબ્દો ન પણ આવડતા હોય તેથી કરીને. આહા..હા..!

'**કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્‌ભાવથી જ જ્ઞાનનો સદ્‌ભાવ છે; શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે,...**' પહેલું એમ કહ્યું હતું કે શુદ્ધ આત્મા જ સમકિત છે એમ કહ્યું. એનો ખુલાસો કર્યો છે કે શુદ્ધાત્મા દર્શન છે એટલે શું? કે '**શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે,...**' દર્શન સમ્યગ્દર્શનનું આલંબન શુદ્ધ આત્મા છે. સમ્યગ્દર્શનનો આશ્રય, આધાર ભગવાન આત્મા છે. જેણે આત્માને પકડ્યો આ એને સમ્યગ્દર્શન થાય. આહા..હા..! હજી સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે ત્યાં વ્રત ને ચારિત્ર આવી ગયા. એના અતિચાર પાળો હવે.

મુમુક્ષુ :- સંયમ તો કહેવાયને?

ઉત્તર :- સંયમની ક્યાં? અત્યારે વ્રત ક્યાં હતા? સંયમ ક્યાંથી આવ્યો? સંયમ તો સમ્યગ્દર્શન સમ. સમ્યગ્દર્શન દ્રવ્યને આશ્રયે થયું એમાં યમ નામ લીનતા થવી એનું નામ સંયમ છે. સમ્યગ્દર્શન આત્માને આશ્રયે થયું એમાં પછી યમ નામ લીન થવું એનું નામ સંયમ છે. આહા..હા..! બાહ્ય ક્રિયાકાંડના ભાવ અને ક્રિયાકાંડ કોઈ સંયમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ભાવ તો હોયને ભાવ. શબ્દની વાત નથી. ભાવની. શબ્દ તો કાંઈ બાહ્ય

નહોતું કાંઈ શિવભૂતિને. આત્મજ્ઞાન હતું ઈ જ્ઞાનભાવ. ભાવજ્ઞાન હતું એમ કહે. આવે છે દ્રવ્યસંગ્રહમાં આવે છે. આવે છે.

**'શુદ્ધ આત્મા જ...'** સમકિતનો આશ્રય છે. દર્શન એટલે સમકિત. **'કારણ કે જીવ આદિ નવ પદાર્થોના સદ્ભાવમાં...'** જીવાદિ નવ પદાર્થની પ્રતીતિરૂપ વિકલ્પ હો કે વિકલ્પ ન હો **'(અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ દર્શનનો સદ્ભાવ છે;...'** જેણે ભગવાન પૂર્ણાનંદના નાથને અવલંબીને પ્રતીત કરી, જ્ઞાનમાં જેને જ્ઞેય બનાવી આત્માની જેને પ્રતીત થઈ અનુભવ. એને અંદર દર્શનનો આધાર આત્મા છે. એને સમકિત કહેવામાં આવે છે. આહા..હા..! પણ બીજે બીજું કીધું છેને? એમ ભાઈ કહેતા શાહુજી. બીજું કીધું હતું તો આનાથી વિરુદ્ધ કહે? એ તો વ્યવહારથી વાતું કરી છે. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યવહારથી કીધું એનો અર્થ એમ નથી એમ ગણવાનુંને?

ઉત્તર :- પૈસાવાળાને પૈસાથી જાણે કાંઈક ધર્મ થઈ જાય. પાંચ, બે, પાંચ લાખ ખર્ચીને. એટલું બધું ન ખર્ચે એક સાથે, પણ કોઈ ખર્ચે કદાચ લ્યોને કરોડો રૂપિયાની મૂડી હોય તો દસ લાખ એથી શું થયું? દેરાસર બંધાવ્યા દસ લાખના. એમાં શું થયું? એમાં ધર્મ ક્યાં આવ્યો? એ તો એક ક્રિયા એને કારણે થતી હોય ત્યાં ભાવ હોય શુભભાવ છે, શુભરાગ છે. પરાશ્રય ભાવમાં આત્માની દશા છે જ નહિ. કહો, સમજાણું? ત્યારે લોકો કહે છેને સ્થાનકવાસી હતા ઈ ત્યારે મૂર્તિને દેરાવાસી ધર્મ નહોતા માનતા. અહીં પાછા આવ્યા તો એ પાછું ઈનું ઈ કર્યું એ. ભાઈ! ત્યારે મૂર્તિ નહોતી. ઈ શાસ્ત્રમાં તો છે. લોકો એમ ને એમ ગુરુએ કહેલું એ પ્રમાણે જાણેલું. શાસ્ત્રમાં મૂર્તિ છે અને નિશ્ચયને માને એને શુભભાવ હોય.

મુમુક્ષુ :- ઓલો વ્યવહારનો નિષેધ હોય.

ઉત્તર :- વ્યવહારનો નિષેધ વર્તે ત્યાં. વ્યવહાર છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિ, સમવસરણમાં પરમાત્માની ભક્તિ હોય, પણ એ શુભભાવ છે. કોઈ એને એમ માની લે કે આનાથી ધર્મ થઈ જાય અને સંવર-નિર્જરા થઈ જાય ઈ વાતમાં જરીએ દોકડો સાચો નથી. સમજાણું કાંઈ? એ તો અશુભથી બચવા ત્યારે એવો શુભભાવ હોય છે. અંતરમાં સ્થિર ન થઈ શકે ત્યારે કષાયની મંદતાનો એવો ભાવ હોય છે ભક્તિનો, પૂજાનો, ભગવાનનું સ્મરણ કરવું. એ રાગ છે, વિકલ્પ છે શુભ. એ કાંઈ ધર્મ નથી. ભગવાનની માળા જપવી તે ધર્મ છે ધૂળમાંય નથી.

મુમુક્ષુ :- ભગવાનની માળા કેવી પણ?

ઉત્તર :- લાકડાની હોયને પણ. ... એક હતો મોરબીનો નહિ એક ભગત હતો. ૭૬માં આવ્યો હતો. પછી એને ભગત માણસ કષાય મંદ. માળા રાખે આમ સામે. એક એક માળા

ઉપર મણકા ઉપર ધ્યાન રાખીને નમો અરિહંતાણં પાંચ મણકા ગણે. પછી આમ બીજે મણકા ઉપર હાથ... શું નામ હતું? ગંગારામનો દીકરો. છોટાલાલ. ગંગારામનો મોટો દીકરો. આ તો ૭૬ની વાત છે. મુળશંકર. મુળશંકર. આ તો ૭૬ની વાત આવ્યા હતાને બધા ત્યાં? ૭૬માં સંપ્રદાયમાં હતાને ત્યાં ... ભાઈને ત્યાં સ્થાનકવાસીનું બનાવ્યું હતું ..માં ..ભાઈ કેવા ઈ? ... એ સ્થાનકવાસી ..માં આવ્યા હતા. ત્યાં હું ૭૬માં વઢવાણ હતો. આખો સંઘ લઈને પગે લાગવા આવેલા. જાવું હતું લીંબડી એને, પણ સંઘ .. ઉતર્યા, પંદરસોને જમાડ્યા. ઓલા મુળશંકર સાથે હતો. ભગત કહેવાય ઈ. એને એમ કે આમાં ધર્મ છે. કીધું ધર્મબર્મ આમાં નથી કાંઈ. શુભ વિકલ્પ છે. અશુભથી બચવા શુભભાવ આવે. એ ધર્મ છે અને સંવર નિર્જરા છે. (એવું) ત્રણ કાળ, ત્રણ લોકમાં એ વસ્તુ વીતરાગમાર્ગમાં નથી. આહા..હા..! ..! શું હશે આ બધું? અગ્રેસર છે ત્યાંના પોરબંદર. આહા..હા..!

કહે છે '**શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે,** કારણ કે **જીવ આદિ નવ પદાર્થોના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્‌ભાવથી જ...**' શુદ્ધ આત્માની હયાતીની દૃષ્ટિથી જ, એના આશ્રયથી જ '**દર્શનનો સદ્‌ભાવ છે;...**' તો શુદ્ધ સમકિત છે. આહા..હા..! હવે '**શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે,...**' શુદ્ધ આત્મા ચારિત્ર છે એમ કીધું હતું પહેલું. ઈ હવે કહે છે કે '**શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે,...**' વીતરાગ પરિણતિ અંદર થાય છઠ્ઠા ગુણસ્થાનની મુનિને લાયક. મુનિ ભાવલિંગી સંત હોય એને છઠ્ઠું સાતમું ગુણસ્થાન એક દિવસમાં હજારોવાર આવે. આહા..હા..! મુનિદશા કોને કહે! આહા..! અને એને નિંદ્રા પોણી સેકન્ડની હોય. છઠ્ઠા ગુણસ્થાનની મુદ્દત પોણી સેકન્ડની અંદરની છે. રાતમાં નિંદ્રા આવે એ પોણી સેકન્ડની અંદર. એક સેકન્ડની નિંદ્રા થઈ ગઈ તો ગુણસ્થાન ન રહે. આહા..હા..! આવી માર્ગની રીત! એને અંદરમાં ચારિત્રની જે દશા સ્વરૂપને આશ્રયે પ્રગટેલી વીતરાગદશા એ વીતરાગ દશાનો આશ્રય આત્મા છે. ઓલો વ્યવહાર છે દયા ચારિત્ર આદિ મહાવ્રત એનો આશ્રય અને એ કારણે નિશ્ચય સમકિત ચારિત્ર થાય એમ નથી. ઓલું વ્યવહાર જ્ઞાન હતું તો નિશ્ચય જ્ઞાન થયું એમ નથી. નિશ્ચય જ્ઞાનનો આશ્રય અવલંબતા વ્યવહાર શ્રદ્ધા હતી તો નિશ્ચય સમ્યગ્દર્શન થયું એમ નથી. એ દર્શનનો આશ્રય ભગવાન છે. એમ ચારિત્ર પંચ મહાવ્રતના પરિણામ આદિ હતા. છ કાયની દયાનો ભાવ, પૂર્ણ દયાનો ભાવ માટે ચારિત્ર અહીં થયું એમ નથી. સમજાણું કાંઈ?

'**શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે,** કારણ કે **છ જીવ-નિકાયના સદ્‌ભાવમાં...**' ભલે છ જીવનિકાયનો વિકલ્પ હોય, છતાં ચારિત્ર તો સ્વને આશ્રયે હોય તે ચારિત્ર છે. '**કે અસદ્‌ભાવમાં...**' છ કાયનો વિકલ્પ તુટી ગયો હોય એકલો. તો એકલું ચારિત્ર હોય રમણતા. છ કાયના અભાવમાં '**તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્‌ભાવથી જ ચારિત્રનો**

**સદ્‌ભાવ છે.'** લ્યો, આહા..હા..! આવી વીતરાગની વાણી. આવે છેને શ્રીમદ્‌માં નહિ? .. એવું કાંઈક છે. ભગવાનની વાણી ... બહુ વખાણ કર્યા છે. .. એમાં એક .. એવી શ્રુતજ્ઞાનની વાણી પરમાત્માની. આહા..હા..! આવે છે કાંઈ બધું યાદ રહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઈ. ...ના ..પણ વધારે ઉજ્વળ એવી વાણીનો ભાવ અંદર. આહા..હા..! વીતરાગ... વીતરાગ... વીતરાગ... દૃષ્ટિ પણ વીતરાગ, જ્ઞાન પણ વીતરાગ અને ચારિત્ર પણ વીતરાગ. આહા..! એ ત્રણે વીતરાગી દશા આત્માને આશ્રયે હોય છે. વ્યવહાર હોય માટે હોય છે એમ નહિ. આ કઠણ જગતને. પહેલું કાંઈક વ્યવહાર કરીએ-કરીએ તો કાંઈક ... પણ વ્યવહાર કરવો એટલે રાગ કરવો. આહા..! રાગ કરવો અને કર્તાબુદ્ધિ થઈ એ તો મિથ્યાત્વભાવ છે. આ કર્તાબુદ્ધિનો સદ્‌ભાવ નથી. નિશ્ચય સ્વભાવને આશ્રયે જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રગટ્યું ત્યાં જ્ઞાન વ્યવહાર, દર્શન વ્યવહાર, ચારિત્રનો શુભરાગ હો, કરવાલાયક છે એમ ધારીને શુભરાગ નથી, પણ પરિણતિ નબળી છે એટલે શુભરાગ અંદર હો, પણ એ ચારિત્ર નહિ. આહા..હા..!

**'સદ્‌ભાવથી જ ચારિત્રનો સદ્‌ભાવ છે.'** લ્યો, અહીં સુધી વંચાણું હતું કાલે. આ ચીમનભાઈને લઈને ફરીને આવ્યું. ચીમનભાઈ હમણા નવરા એવું લાગે છે. .. તોપણ થોડા દિવસ ગયા હતા. આહા..હા..! અરેરે..! આ મનુષ્યભવમાં કરવાનું તો આ છે. બાકી તો બધું... એમાં વ્યવહાર જે કહ્યો. વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ચારિત્ર એ તો સંસારમાં પ્રવેશ કરાવે છે. .. ઈ શુભરાગ સંસારસ્વરૂપ છે. આહા..હા..! ઉદયભાવ સંસારસ્વરૂપ છે. એથી અહીં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન એને કારણે થાય એમ નથી. ભગવાન ત્રિલોકનાથ આત્મા એને આધારે છે આ.

**'ભાવાર્થ :- આચારાંગ આદિ શબ્દશ્રુતનું જાણવું,...'** હવે અહીં તો શબ્દશ્રુતને જાણવું આવ્યું. પહેલું શબ્દશ્રુત તે જ જ્ઞાન છે. **'જીવાદિ નવ પદાર્થનું શ્રદ્ધાન કરવું તથા છ કાયના જીવોની રક્ષા - એ સર્વ હોવા છતાં...'** આ બધું હોય છે અભવિને. નવમી ગ્રૈવેયકે અભવિ અનંતવાર ગયો. અભવિ શું ભવિ પણ અનંતવાર ગયો. શાસ્ત્રમાં (આવે છે) અનંતા પુદ્‌ગલ પરાવર્તન કર્યા નવમી ગ્રૈવેયકના હોં. આહા..હા..! 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો ફેર પીછો પટક્યો' સમ્યગ્દર્શનની ખબર ન મળે, સમ્યગ્જ્ઞાનની ખબર ન મળે. જે વ્યવહાર અત્યારે છે એવા વ્યવહારથી તો અનંતગુણો ઉંચો હતો એનો. આ તો બધું સમજવા જેવું છે. આહા..હા..!

કહે છે કે આવું **'સર્વ હોવા છતાં અભવ્યને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી હોતાં,...'** આ દાખલો છે અભવિનો હોં. નિશ્ચય તો અભવિને માટે છે. ભવિને માટે શું? ભવિ અને

અભવિ બેય સરખા છે સાંભળને. આહા..હા..! આ તો દાખલો આપે છે. જિનવરે કહેલા વ્રતાદિ પાળે છતાં અભવિ તો મિથ્યાદૃષ્ટિ છે. તો વ્યવહાર પાળતા ધર્મ થાય એમ છે નહિ. એમ કહે છે. એ વાત સિદ્ધ કરવા તો દાખલો આપ્યો છે. આખા જન્મ-મરણને ઉઠાવી નાખવાની વાત છે. આહા..હા..! આખો સંસાર છેદ કરવો જોઈએ અને મોક્ષની ઉત્પત્તિ એના મારગડા તો જુદા હોય બાપા!

'**તેથી વ્યવહારનય તો નિષેધ્ય છે;...**' જુઓ, કેમકે આવા શબ્દશ્રુતનું જ્ઞાન હોય, જીવાદિ નવ પદાર્થની શ્રદ્ધાન હોય, છ કાયની રક્ષા હોય, છતાં સાચું શ્રદ્ધા-જ્ઞાન હોતું નથી. '**તેથી વ્યવહારનય તો નિષેધ્ય છે;...**' એ સમકિતીને પણ એવો વ્યવહારનય આવે ખરો, પણ એ બંધનું કારણ અને નિષેધ્ય છે. સમજાણું કાંઈ? '**અભવ્યને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી હોતાં, તેથી વ્યવહારનય તો નિષેધ્ય છે; અને શુદ્ધાત્મા હોય...**' પવિત્ર પરમાત્મા જેની દૃષ્ટિમાં આવ્યો, એનો આશ્રય લીધો એને જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ. પૂર્ણાનંદનો નાથ આત્મા જેણે અવલંબનમાં લીધો એને તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર હોય જ. કારણ કે ત્રણેમાં આત્મા સમીપ વર્તે છે. આવશે હવે. '**તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે.**' નિશ્ચયનય એટલે શુદ્ધ પરિણતિ. એ રાગનો અભાવ કરે છે. રાગ નિષેધ થઈ જાય છે એનો અર્થ? અંદર નિર્વિકલ્પ દશા થતાં રાગની ઉત્પત્તિ થતી નથી એટલે વ્યવહાર ત્યાજ્ય છે ઈ. '**નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે.**' આહા..હા..! ત્યારે ઓલા કહે બેય નયો સાચી છે. સાચી છે ઈ બરાબર છે. જાણવા માટે. એક નયને આશ્રયે, નિશ્ચયને આશ્રયે જ ધર્મ થાય. વ્યવહારને આશ્રયે ધર્મ ન થાય. બંધ અધિકારમાં એ માટે તો લીધું છે. બંધ-બંધ છે.

સમ્યગ્દૃષ્ટિને પણ નિશ્ચય સમ્યગ્દર્શનમાં પણ જેટલો વિકલ્પ બહારને આશ્રયે વ્યવહાર આવે એ એને બંધનું કારણ છે. વ્યવહારમાત્ર બંધનું કારણ છે. આહા..હા..! ભક્તામ્બરમાં કહ્યુંને. ભક્તામ્બર ગણે છેને લોકો બહુ? ભક્તામ્બર ગણે તો...

મુમુક્ષુ :- .. બહારના સંયોગને ત્યારે બહુ... એટલે સરખું થઈ જાય.

ઉત્તર :- ધૂળમાંય નથી કાંઈ. ભક્તામ્બર ગણે .. એ તો શુભભાવ છે. એય..! જયંતિભાઈ!

મુમુક્ષુ :- એક તો પ્રતિકૂળતા હોય નહિ અને અનુકૂળતા...

ઉત્તર :- પણ અનુકૂળતા હોય અને ગણે તો એ ભાવ શુભ છે. એમાં પાછા આશા એવી રાખે કે આ ગણીએ તો નાગા ભૂખ્યા ન રહીએ. કપડા તો મળે. અરર..! ક્યાં તારી આશા બાપા! રખડવાની દૃષ્ટિ છે તારી. આ તો બરાબર આશા વિના ભક્તામ્બર ગણીએ બરાબર તો એ તો શુભરાગ છે, વિકલ્પ પુણ્ય છે. એ સ્તુતિ ધર્મ છે એમ નથી. એનાથી આમ ભક્તિ કરતા ભક્તામ્બર ગણતા ગણતા હળવે હળવે એને સમકિત થઈ જશે એમ નથી.

મુમુક્ષુ :- તો કાંઈક નજીકનો ઉપાય તો બતાવો.

ઉત્તર :- નજીકનો આ ઉપાય અંતરમાં જાવું એ નજીકનો ઉપાય. અથવા પહેલો વિકલ્પથી નિર્ણય કરવો. આવે છેને પહેલું? ૭૬માં.

મુમુક્ષુ :- પાછું એનાથી થાય નહિ એમ આપે કીધું. તો પછી શું કામનું?

ઉત્તર :- એનાથી થાય નહિ. ન થાય તો અહીં પહેલું આવ્યા વિના રહે નહિ. વસ્તુ ભગવાને કીધી.

મુમુક્ષુ :- બીજું હોય ત્યારે પહેલું કહેવાય કે એમ ને એમ પહેલું કહેવાય?

ઉત્તર :- પહેલું એટલે? એને એવું આવે એટલું. પણ એ પહેલું છે અને પછી થાશે એને લઈને એમ નથી. જેવો ભગવાને આત્મા કીધો અસંખ્ય પ્રદેશી અનંત ગુણ, એવી અનંતી પર્યાય, પરલક્ષી વિકાર, પરવસ્તુ જેવી ભગવાને કીધી એવી પહેલી રાગમિશ્રિત વિચારમાં એણે લેવી પડશે. એ ધર્મ નહિ. પણ રાગમિશ્રિત વિચારમાં એ પુણ્યમાં યથાર્થ જગતના બીજા કહેનારાથી આ જુદું છે એમ એણે નક્કી કરવું પડશે. ત્યારે એને ગૃહીત મિથ્યાત્વ જાય. આહા..હા..!

મુમુક્ષુ :- ગૃહીત મિથ્યાત્વ જાય, ધર્મ ન થાય?

ઉત્તર :- ધર્મ ન થાય. અરેરે..! પછી આત્માનો આશ્રય લઈને અનુભવ કરે ત્યારે અગૃહીત મિથ્યાત્વનો નાશ થઈને સમકિત થાય. વસ્તુસ્થિતિ આ છે. કહો, સમજાણું?

**'તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે. માટે શુદ્ધનય ઉપાદેય કહ્યો છે.'** શુદ્ધનય એટલે વિષય છે ઈ આદરણીય છે અને એની પરિણતિ પણ આદરણીય છે એમ છે. શુદ્ધનય તો બેયને કહે છે. દ્રવ્યને શુદ્ધનય કહીએ, શુદ્ધ પરિણતિને શુદ્ધનય કહીએ, આખા આત્માને શુદ્ધનય કહીએ, અનુભૂતિને શુદ્ધનય કહીએ. ચૌદમામાં આવે છેને. ચૌદમી ગાથામાં. અનુભૂતિ કહો કે શુદ્ધનય કહો કે આત્મા કહો. શુદ્ધનય એટલે નિર્મળદશા એ જ આદરણીય છે. રાગાદિભાવ આવે એ હોય, પણ આદરણીય નથી. આ તો વીતરાગ માર્ગ છે. કેવળીનું કહેલું તત્ત્વ છે. એમાં વીતરાગભાવની પરિણતિ થાય તે જ ઉપાદેય છે. રાગનો ભાવ આવે, હોય, હેય છે. લ્યો આ ગાથા અહીં સુધી થઈ.

**'હવે આગળના કથનની સૂચનાનું કાવ્ય કહે છે :-'** આહા..હા..! શુદ્ધનય એટલે તો ઘણા પ્રકાર આવે છેને? અગિયારમી ગાથામાં તો ભૂતાર્થને શુદ્ધનય કીધી. ત્રિકાળ વસ્તુ, ત્રિકાળ ધ્રુવ નિત્ય એ શુદ્ધનય. હવે શુદ્ધનય અને એનો વિષય બે ભેદ એમ પણ નહિ. ચૌદમામાં શુદ્ધનય કહો, અનુભૂતિ કહો કે આત્મા કહો એમ કહ્યું. અહીંયાં પણ પરિણતિ નિર્મળને શુદ્ધનય કીધી છે અહીં. જેમાં વીતરાગી સમ્યગ્દર્શન પ્રગટ થાય, વીતરાગી સમ્યગ્જ્ઞાન અને વીતરાગી ચારિત્ર. એનો આશ્રય આત્મા, પણ એ પરિણતિને શુદ્ધનય કહેવામાં આવે

છે. હવે શિષ્યનો પ્રશ્ન છે. મહારાજ! એકકોર આપ એમ કહો. એ સુચનાનું કાવ્ય કહે છે જુઓ. એકકોર એમ કહો કે રાગાદિ બંધનું કારણ અને એકકોર એમ કહો રાગ આત્મામાં છે જ નહિ.

મુમુક્ષુ :- બેનો મેળ કેવી રીતે થાય?

ઉત્તર :- આ મેળ શી રીતે છે? શિષ્યનો પ્રશ્ન છે. રાગ ચાહે તો શુભ-અશુભ હોય બેય બંધના કારણ. અને એક બાજુ તમે કહો કે પ્રભુ આત્મા છે એમાં રાગ છે નહિ, શુદ્ધ ચૈતન્યમાં રાગ નથી. તો હવે આ બંધનું કારણ કોને પ્રગટ્યું? અને કોને કહેવું બંધનું કારણ? એનો ખુલાસો કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૭૪

(उपजाति)

रागादयो बन्धनिदानमुक्ता-
स्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः।
आत्मा परो वा किमु तन्निमित्त-
मिति प्रणुन्नाः पुनरेवमाहुः।।१७४।।

હવે આગળના કથનની સૂચનાનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- '[रागादयः बन्धनिदानम् उक्ताः] રાગાદિકને બંધનાં કારણ કહ્યા અને વળી [ते शुद्ध-चिन्मात्र-महः-अतिरिक्ताः] તેમને શુદ્ધચૈતન્યમાત્ર જ્યોતિથી (અર્થાત્ આત્માથી) ભિન્ન કહ્યાં; [तद्-निमित्तम्] ત્યારે તે રાગાદિકનું નિમિત્ત [किमु आत्मा वा परः] આત્મા છે કે બીજું કોઈ ?' [इति प्रणुन्नाः पुनः एवम् आहुः] એવા (શિષ્યના) પ્રશ્નથી પ્રેરિત થયા થકા આચાર્યભગવાન ફરીને આમ (નીચે પ્રમાણે) કહે છે. ૧૭૪.

**જેઠ સુદ-૧૧, સોમવાર, તા. ૧૧-૦૬-૧૯૭૩**
**ગાથા - ૨૭૮-૨૭૯, કળશ-૧૭૪ થી ૧૭૬, પ્રવચન-૪૦૫**

(उपजाति)

रागादयो बन्धनिदानमुक्ता-
स्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः।
आत्मा परो वा किमु तन्निमित्त-
मिति प्रणुन्नाः पुनरेवमाहुः।।१७४।।

શિષ્યનો પ્રશ્ન છે કે **'रागादयः बन्धनिदानम् उक्ताः'** આપે તો રાગ-દ્વેષને બંધના કારણ કહ્યા. **'અને વળી તેમને શુદ્ધચૈતન્યમાત્ર જ્યોતિથી (અર્થાત્ આત્માથી) ભિન્ન કહ્યાં;...'** બંધનું કારણ કોણ? એમ કહે છે. શુદ્ધ ચૈતન્યમાત્રથી રાગાદિ જુદા અને બંધનું કારણ રાગાદિ. તો હવે એ રાગનો કરનાર કોણ?

મુમુક્ષુ :- આત્મા તો વયો ગયો.

ઉત્તર :- આત્મા તો શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો. ... શુભ-અશુભ રાગ તો મિથ્યાત્વ એ બંધનું કારણ. હવે શુદ્ધ ચૈતન્મયમાત્રથી તો ઈ જુદા. ત્યારે બંધનું કારણ હવે થયું કોણ? એ રાગને કારણ કોણ? એમ કહે છે.

એ **'તે રાગાદિકનું નિમિત્ત આત્મા છે કે બીજું કોઈ?''** ત્યારે શુદ્ધ ચૈતન્યમાત્રથી જુદા કહ્યા અને બંધનું કારણ રાગાદિ કહ્યું. તો રાગનું કારણ કોણ છે? આત્મા છે કે કોઈ બીજી ચીજ છે? **'इति प्रणुन्नाः पुनः एवम् आहुः' 'એવા (શિષ્યના) પ્રશ્નથી પ્રેરિત થયા થકા આચાર્યભગવાન ફરીને આમ (નીચે પ્રમાણે) કહે છે.'** ફરીને એટલે વાત તો આવી ગઈ છે પણ વધારે સ્પષ્ટ માટે ફરીને કહે છે.

## ગાથા-૨૭૮-૨૭૯

जह फलिहमणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।
रंगिज्जदि अण्णेहिं दु सो रत्तादीहिं दव्वेहिं।।२७८।।

एवं णाणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।
राइज्जदि अण्णेहिं दु सो रागादीहिं दोसेहिं।।२७९।।

यथा स्फटिकमणिः शुद्धो न स्वयं परिणमते रागाद्यैः।
रज्यतेऽन्यैस्तु स रक्तादिभिर्द्रव्यैः।।२७८।।
एवं ज्ञानी शुद्धो न स्वयं परिणमते रागाद्यैः।
रज्यतेऽन्यैस्तु स रागादिभिर्दोषैः।।२७९।।

यथा खलु केवलः स्फटिकोपलः, परिणामस्वभावत्वे सत्यपि, स्वस्य शुद्धस्वभावत्वेन रागादिनिमित्तत्वाभावात् रागादिभिः स्वयं न परिणमते, परद्रव्येणैव स्वयं रागादिभावापन्नतया स्वस्य रागादिनिमित्तभूतेन, शुद्धस्वभावात्प्रच्यवमान एव, रागादिभिः परिणम्यते; तथा केवलः किलात्मा, परिणामस्वभावत्वे सत्यपि, स्वस्य शुद्धस्वभावत्वेन रागादिनिमित्तत्वाभावात् रागादिभिः स्वयं न परिणमते, परद्रव्येणैव स्वयं रागादिभावापन्नतया स्वस्य रागादिनिमित्तभूतेन, शुद्धस्वभावात्प्रच्यवमान एव, रागादिभिः परिणम्यते। इति तावद्वस्तुस्वभावः।

ઉપરના પ્રશ્નના ઉત્તરરૂપે આચાર્યભગવાન ગાથા કહે છે :-

જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.
ત્યમ 'જ્ઞાની' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.

ગાથાર્થ :- [यथा] જેમ [स्फटिकमणि] સ્ફટિકમણિ [शुद्धः] શુદ્ધ હોવાથી [रागाद्यैः] રાગાદિરૂપે (રતાશ-આદિરૂપે) [स्वयं] પોતાની મેળે [न परिणमते] પરિણમતો નથી [तु] પરંતુ [अन्यैः रक्तादिभिः द्रव्यैः] અન્ય રક્ત આદિ દ્રવ્યો વડે [सः] તે [रज्यते] રક્ત (-રાતો) આદિ કરાય છે, [एवं] તેમ [ज्ञानी] જ્ઞાની અર્થાત્ આત્મા [शुद्धः] શુદ્ધ હોવાથી [रागाद्यैः] રાગાદિરૂપે [स्वयं] પોતાની મેળે [न परिणमते] પરિણમતો નથી [तु] પરંતુ [अन्यैः रागादिभिः दोषैः] અન્ય રાગાદિ દોષો વડે [सः] તે [रज्यते] રાગી આદિ કરાય છે.

ટીકા :- જેવી રીતે ખરેખર કેવળ (-એકલો) સ્ફટિકમણિ, પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી (અર્થાત્ પોતે પોતાને લાલાશ-આદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી) પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી સ્ફટિકમણિને

રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ, રાગાદિરૂપે પરિણમવાય છે; તેવી રીતે ખરેખર કેવળ (-એકલો) આત્મા, પોતે પરિણમન સ્વભાવવાળો હોવા છતાં, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી (અર્થાત્ પોતે પોતાને રાગાદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી) પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ. રાગાદિરૂપે પરિણમવાય છે. - આવો વસ્તુનો સ્વભાવ છે.

ભાવાર્થ :- સ્ફટિકમણિ પોતે તો કેવળ એકાકાર શુદ્ધ જ છે; તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે લાલાશ-આદિરૂપે પરિણમતો નથી પરંતુ લાલ આદિ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં લાલાશ-આદિરૂપે પરિણમતા એવા પરદ્રવ્યના નિમિત્તે) લાલાશ-આદિરૂપે પરિણમે છે. તેવી રીતે આત્મા પોતે તો શુદ્ધ જ છે; તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી પરંતુ રાગાદિરૂપ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં રાગાદિરૂપે પરિણમતા એવા પરદ્રવ્યના નિમિત્તે) રાગાદિરૂપે પરિણમે છે. આવો વસ્તુનો જ સ્વભાવ છે, તેમાં અન્ય કોઈ તર્કને અવકાશ નથી.

---

## ગાથા-૨૭૮-૨૭૯ ઉપર પ્રવચન

'ઉપરના પ્રશ્નના ઉત્તરરૂપે આચાર્યભગવાન ગાથા કહે છે :-' પ્રશ્ન સમજાણો પહેલા? કહેતા એમ આવ્યા છે કે રાગ-દ્વેષ બંધનું કારણ. વળી પહેલેથી કહેતા આવ્યા છે કે રાગ-દ્વેષ જીવના છે જ નહિ. શુદ્ધ ચૈતન્યમાત્રથી જુદાં. ત્યારે રાગ-દ્વેષ, સંસાર, વિકાર, પુણ્ય, પાપ થાય ક્યાંથી? એનું કારણ કોણ? શુદ્ધ ચૈતન્યમાત્રથી જુદાં અને બંધનું કારણ ઈ ત્યારે એનું કારણ કોણ? અહીં તો કહે શુદ્ધ ચૈતન્ય ... શુદ્ધ ચૈતન્ય પ્રતિ બંધનું કારણ .. રાગ-દ્વેષ એના તો રહ્યા નહિ અને રાગ-દ્વેષને બંધના કારણ કહ્યા હવે ત્યારે રાગ-દ્વેષની ઉત્પત્તિનું મુખ્ય કારણ કોણ? એમ કહે છે. એનો ઉત્તર.

जह फलिहमणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।
रंगिज्जदि अण्णेहिं दु सो रत्तादीहिं दव्वेहिं।।२७८।।

एवं णाणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।
राइज्जदि अण्णेहिं दु सो रागादीहिं दोसेहिं।।२७९।।

**જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.**
**ત્યમ 'જ્ઞાની' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.**

એની ટીકા. આ પ્રશ્ન જયસેન આચાર્યમાં આવ્યો છે પાછો. ઓલામાં. જયસેનાચાર્યમાં. ત્યાં કહ્યા હતા કે રાગ-દ્વેષ આત્માનો નથી. હવે અહીં કહે કે રાગ-દ્વેષ આત્માના અહી જ્ઞાનીની વાત છે. ત્યાં અજ્ઞાનીની વાત છે. ૭૬-૭૭ થઈ ગઈને? અહીં જે છે એ જ્ઞાનીની વાત છે આ ચાલે છે એમાં અને ત્યાં કીધું છે અજ્ઞાનીની વાત. રાગ-દ્વેષ ... ટીકામાં છે. જયસેનાચાર્યની ટીકામાં છે. આમાં છે જૂનીમાં.

'**જેવી રીતે ખરેખર કેવળ (-એકલો) સ્ફટિકમણિ, પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં,...**' એ સ્ફટિકમણિ પોતે બદલવાના સ્વભાવવાળો છે. '**છતાં, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે...**' શુદ્ધસ્વભાવપણાને લીધે સ્ફટિક રંગનું '**નિમિત્તપણું નહિ હોવાથી...**' રાગાદિ એટલે રંગ. એને રંગનું નિમિત્તપણું છે નહિ. સ્ફટિકમણિ પોતાની મેળાએ રંગરૂપે ન પરિણમે. કાળો, રાતો, લીલો આદિ. '**(અર્થાત્ પોતે પોતાને લાલાશ-આદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી) પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી,...**' આમાં મોટા વાંધા છેને આમાં? જુઓ, આમાં કર્મને લઈને વિકાર થાય? એમ નથી. હવે સાંભળને. ઈ તો કહે છે જ્ઞાનીનો સ્વભાવ, દ્રવ્યનો સ્વભાવ શુદ્ધપણે છે ઈ પોતે પોતાને કારણે રાગરૂપે કેમ પરિણમે? એને જે રાગરૂપે થાય છે એ તો નિમિત્તની મમતા છે અજ્ઞાનીની. પરદ્રવ્યની મમતા છે એને કારણે એને રાગ-દ્વેષ થાય છે. આહા..હા..! એમ કહે છે. એક-એક વાતમાં ફેર. સ્વતંત્ર પોતે પરિણમન કરનાર વિકારને અને શુદ્ધ સ્વભાવ એના આશ્રયે વિકાર ન થાય. એ વિકારમાં નિમિત્ત ચીજ બીજી છે. એ નિમિત્તની મમતાને કારણે તે વિકારરૂપે પરિણમે છે. આમ છે વાત તો. અજ્ઞાનીને સ્વભાવનું ભાન નથી તેથી એ પરના ભાવમાં, મોહમાં જાય છે, પરવસ્તુ પ્રત્યેની સાવધાનીમાં. એને કારણે અજ્ઞાનીને રાગ-દ્વેષનું મિથ્યાત્વરૂપે પરિણમન થાય છે. આમ છે.

શુદ્ધ સ્વભાવ પરિણમવાનો હોવા છતાં કહે છે કે એને રાગાદિનું કારણ તો શુદ્ધ સ્વભાવે પરિણમનારને હોય નહિ. તો એનું નિમિત્ત કોણ? એ તો કારણપણે છે નિમિત્તમાં. પોતાની મેળાએ રંગરૂપે પરિણમતો નથી. પરંતુ જે '**પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી સ્ફટિકમણિને રાગાદિનું નિમિત્ત**

**થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ,...**' તે સ્ફટિકમણિ પોતે. આ સ્ફટિકમણિની વાત ચાલે છે. પોતાની મેળાએ રંગથી ચ્યુત થાય છે સ્ફટિક પર્યાયમાં. એ રાગાદિનું નિમિત્ત. '**પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી સ્ફટિકમણિને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ,...**' આ વાંધા. જુઓ, પરદ્રવ્ય વડે રંગ થયો. એનો અર્થ એ કે સ્વદ્રવ્ય(નો) એ રંગ નથી, પણ પરની મમતા, પરના સંબંધમાં રાગ થાય છે. રાગ એટલે રંગ અહીં. તો સ્ફટિકમણિ પોતાથી કેમ પરિણમે રાગ? એનો સ્વભાવ નથી. એમ જ્ઞાનીનો સ્વભાવ નથી ધર્મીનો કે રાગરૂપે થવું એ એનો સ્વભાવ નથી. અજ્ઞાનીને રાગની, પરની મમતા છે, સ્વભાવની શુદ્ધતાની ખબર નથી એટલે પરની મમતા છે તે અજ્ઞાનપણે રાગ-દ્વેષપણે પરિણમે છે. પર્યાયબુદ્ધિવાળો. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**એવા પરદ્રવ્ય વડે જ,...**' પરદ્રવ્ય વડે જ. '**તેવી રીતે ખરેખર કેવળ (-એકલો) આત્મા,...**' એને સખ આવે તે વિકાર જીવ કર્મ કરાવે ત્યારે એને સખ આવે. આહા..હા..! તો કહે હા બરાબર આ છે. પરદ્રવ્ય વિકાર કરાવે શી રીતે? પોતામાં ઉપાદાન વિભાવ થવાની શક્તિની પર્યાયમાં યોગ્યતા છે એને લઈને કર્મની મમતાથી તે કાર્યરૂપે થાય છે. આહા..હા..! આ તકરારની ગાથા છે આ. જુઓ, પરદ્રવ્ય વડે સ્ફટિકમાં રંગ થાય છે. લીલા, પીળા ફૂલ મૂકે એને લઈને લીલી-પીળી ઝળક ત્યાં થાય છે.

મુમુક્ષુ :- એની યોગ્યતાથી છે તો લાકડું મૂકને અહીં.

ઉત્તર :- લાકડા મૂકે તો થાતા હશે? એ તો એની યોગ્યતા પર્યાયમાં છે. લાલ રંગ આદિનું થવું એની પર્યાયમાં યોગ્યતા. સ્વભાવમાં નહિ. ત્રિકાળી વસ્તુમાં નહિ. એમ વસ્તુની દૃષ્ટિવંતને પણ નહિ. પણ વસ્તુના સ્વભાવની જેને ખબર નથી કે રાગાદિ મારી ચીજ જ નથી, મારું સ્વરૂપ નથી. એવા અજ્ઞાની પરની મમતાએ રાગ અને દ્વેષપણે પરિણમે છે. એ પરવડે પરિણમે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! કેમકે સ્વદ્રવ્ય વડે પરિણમતો નથી એટલે પરદ્રવ્ય વડે એટલે પરદ્રવ્યની મમતાવાળો અજ્ઞાની પરિણમે છે એમ કહે છે. એટલે આમ વાત. એક તો વ્યવહાર હોય તો નિશ્ચય થાય એક વાત અને નિમિત્તથી કાર્ય થાય એમ બે વાત અને આ કર્મથી જીવમાં વિકાર થાય એ તો નિમિત્તથી. કર્મને લઈને વિકાર થાય... કર્મને લઈને વિકાર થાય... અને વિકાર કરે તો કર્મ બંધાય મિથ્યાત્વને કારણે. આ બધા. આહા..હા..! હવે કર્તા.. શું છે પણ? વસ્તુની સ્થિતિ જ આવી છે જ્યાં.

કહે છે એ રંગરૂપે પરિણમાવાય છે. કોને? આ સ્ફટિકને. '**તેવી રીતે ખરેખર કેવળ (-એકલો) આત્મા,...**' એટલે પરની અપેક્ષા વિનાનો જે આત્મા એ જ્ઞાની આત્મા '**પોતે પરિણમન સ્વભાવવાળો હોવા છતાં,...** ' જ્ઞાની એટલે દ્રવ્ય સ્વભાવ. '**પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે...**' પુણ્ય-પાપ આદિ રાગાદિનું કારણ નહિ હોવાથી. વસ્તુનો સ્વભાવ

વિકારનું કારણ નહિ હોવાથી. આહા..હા..! '(**અર્થાત્ પોતે પોતાને રાગાદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી**)' નિમિત્ત એટલે કારણ, મૂળ કારણ. સ્વભાવ કારણ નથી. '**પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી,...**' પોતાની મેળાએ રાગ-દ્વેષરૂપે પરિણમતો નથી. '**પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી...**' કર્મ વસ્તુ. રાગરૂપે પરિણમતો નથી. પણ રાગ પોતાની મેળાએ રાગ-દ્વેષભાવને પામતું હોવાથી '**આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ.**' આહા..હા..! શુદ્ધ સ્વભાવનો આશ્રય અને દૃષ્ટિ ભૂલ્યો એ પરને લઈને વિકારપણે પરની મમતાથી વિકારપણે પરિણમે છે. આમ સ્વભાવ છે. આમાં ટીકામાં તો બહુ સરસ કહ્યું. એ કહ્યુંને રાગાદિને શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો. શુદ્ધસ્વભાવથી શુદ્ધ કરતો થકો. કળશટીકામાં. વર્ણીજીએ નાખ્યું છેને ઈ? ... લખે એ નાખે. ... બંધ. ઈ ને? જુઓ, સંસ્કૃતમાં બતાવ્યું હતું.

મુમુક્ષુ :- એના ઉપરનું.

ઉત્તર :- હા, '**रागादिनामुत्पादकः**' એ ૧૨. ઈ કળશ છે. એ પછી ઓલો તેરમાં છેને એનો ખુલાસો એણે કર્યો છે. તેરમાનો. '**स्फटिकोपलः परिणामस्वभावत्वे सत्यपि स्वस्य शुद्धस्वभावत्वेन रागादिनिमित्तत्वाभावात् स्वयं न परिणमते परद्रवयेणैव रागादिनिमित्तभूतेन स्वस्वरूपात्प्रच्याव्य रागादिभिः परिणम्यते तथा केवलः आत्मा परिणामस्वभावत्वे सत्यपि रागादिनिमित्तत्वाभावात् स्वयं न परिणमते परद्रवयेणैव तन्निमित्तभूतेन स्वस्वरूपात्प्रच्याव्य तैः परिणम्यते इति।**'

મુમુક્ષુ :- પરદ્રવ્ય પરિણમાવાય છે.

ઉત્તર :- ઈ પરિણમાવાય છે એનો અર્થ ઈ છે. આહા..હા..! સમયસાર નાટકમાં ચોખ્ખું લખ્યું છે. પરદ્રવ્યની મમતા કરે છે માટે નિમિત્તનો અર્થ પર ઉપર એનું લક્ષ જાય છે, પરનો સંગ કરે છે. સ્વનો સંગ સ્વભાવ શુદ્ધ છે એનો સંગ છોડે છે. આહા..હા..! મોટી આ તકરાર. પંડિતોમાં આ તકરાર. આહા..હા..! પરથી... પરથી.. પરથી... વ્યવહારથી નિશ્ચય થાય અને કર્મથી વિકાર થાય. આહા..હા..! પણ એને પોતાના તે સમયનો સ્વકાળ વિકારપણે અજ્ઞાનીનો થવાનો છે તે .. થાય (તેમાં) પરનું નિમિત્ત છે. કળશટીકામાં બહુ સારું લખ્યું છે. કળશટીકામાં બહુ સારું. ઉપાદાન પોતાની પર્યાયની યોગ્યતા છે. નિમિત્ત કર્મનું નિમિત્ત છે. એથી પરિણમે છે. એમ બહુ સારું લખ્યું છે કળશટીકામાં. આ બધાને બેસી ગયું છે. કર્મને લઈને જુઓ, પરદ્રવ્યને લઈને વિકાર થાય. હજી અર્થ કર્યો છેને જુઓ. બોલ્યા નહોતા ત્યાં 'જેમ સ્ફટિકમણિ છે શુદ્ધ રક્તરૂપે સ્વયં પરિણમે ...' હતા તમે? 'પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને એમ જ્ઞાની પણ છે શુભરાગરૂપે સ્વયં નહિ પરિણમે પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને.'

મુમુક્ષુ :- એનો સંગ કરવાથી થાય.

ઉત્તર :- સંગ.. આહા..હા..! ... એ તો ભાઈ પણ કહેતા હતા ... પરસંગ એવ. પરસંગ.. કરે છે માટે. પરસંગ વડે થાય છે એમ નહિ. ... સ્થિતિ... વર્ણીજીમાં ફેર, આમાં ફેર. વળી પાછા એક બંસીધરજી અને વર્ણી. વર્ણીજી કહે કે નહિ કર્મ આત્માને ભ્રષ્ટ કરાવીને રાગ કરાવે. બંસીધરજી કહે એમ નહિ. પરનો સંગ જીવ કરે તો રાગરૂપ પરિણમે. એને કાંઈ નહિ. આહા..હા..! પરદ્રવ્યના પરસંગનું લક્ષ કરે છે. એને લઈને વિકારરૂપે પર્યાયબુદ્ધિવાળો પરિણમે છે એમ કહે છે. આહા..હા..! આ વાદ અને વિવાદ કોની સાથે.. સ્વતંત્ર વિકારની પર્યાય પણ. એમાં કીધું નહિ પંચાસ્તિકાયમાં? ૬૨મી ગાથામાં. એક સમયનો વિકાર કોઈપણ મિથ્યાત્વ, રાગ-દ્વેષ એનું ષટ્કારકનું પરિણમન એ જીવનું છે. એ પરની અપેક્ષા રાખ્યા વિનાનું છે. છેને? ત્યાં સહિત લીધા. તેરની સાલ ૧૬ વર્ષ થયા એ કબુલ્યું છે. ઓહો..! પંડિતજી એમ કહતે હૈં કે નિશ્ચયસે પરની અપેક્ષા વિના. હતાને તમે? ..હતા કે નહિ?

પુણ્ય અને પાપના પરિણામપણે કોઈપણ વિકારની તે સમયની પર્યાય સ્વકાળની ષટ્કારકથી પોતાથી પરિણમે છે. પરની અપેક્ષા એને છે નહિ. નિરપેક્ષપણે વિકારપણે પરિણમે છે. આ વસ્તુસ્થિતિ જ આ છે. શું કરે? આહા..હા..! જેને હજી વિકાર સ્વતંત્રપણે પરિણમે છે એના ઠેકાણા નથી. તેને દ્રવ્ય અને ગુણ સ્વતંત્ર આનંદકંદ ધામ પડ્યું છે. એવી સ્વતંત્રતાનો એને ભાવ થાય જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈએ પૂછ્યું હતું ..માં. જેને નિમિત્તથી થાય એમ માનનારને સ્વતંત્ર જ્ઞાયકભાવ છે એ વાત બેસે જ નહિ. ભલે વાત કરે. ફુલચંદજી એ લખ્યું છે. ...

અહીં તો કહે છે કે વસ્તુસ્વભાવ ઈ રાગરૂપે થાય એ વસ્તુનો સ્વભાવ નથી. એમ સિદ્ધ કરવું છે અને દૃષ્ટિ, વસ્તુના સ્વભાવની દૃષ્ટિવંત પણ રાગરૂપે પરિણમતો નથી. એ ચ્યુત થયેલો અજ્ઞાની છે. આહા..હા..! વસ્તુના સ્વભાવની દૃષ્ટિથી ચ્યુત છે. પોતે ચ્યુત થયો છે. એને નિમિત્તને આધીન દૃષ્ટિ હોવાથી રાગ ને વિકાર ને મિથ્યાત્વરૂપે પરિણમે છે. આહા..હા..! ઉપાદાન સ્વતંત્ર .. ઉપાદાન .. નિમિત્તને... સમજાણું? શુદ્ધ ઉપાદાનના ધરનાર તેને તો રાગરૂપે થવું નથી. કેમકે વસ્તુની દૃષ્ટિ સ્થિર થઈ છે, વસ્તુ શુદ્ધ છે. અજ્ઞાનીને વસ્તુની દૃષ્ટિના સ્વભાવની ખબર નથી એથી નિમિત્તાધીન થઈને રાગ મારું સ્વરૂપ છે એમ કરીને પરિણમે છે. આમ વાત છે. મોટા પંડિતોના ગોટા. બે પંડિતો એક હોય એની માન્યતામાં સરખાઈ નથી લ્યો. આહા..હા..!

'**આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ,...**' જોયું? એટલે સ્વદ્રવ્ય વડે નહિ એમ કહેવું છે. એ રાગની મમતા થઈ એ પરદ્રવ્ય વડે જ રાગરૂપે પરિણમે છે. આહા..હા..! '**શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ.**' આ ભાષા છે. ઓલા કહેને

શુદ્ધસ્વભાવથી ચ્યુત કરાતો થકો. આ તો પોતે કરે છે એટલે કરાતો એમ કહેવામાં આવે છે. આહા..હા..! ખરેખર તો છએ દ્રવ્ય એનો જે સમયનો જે સ્વકાળનો પર્યાય છે નિર્મળ કે મલિન એનું કર્તૃત્વ એ પર્યાયમાં ષટ્કારકપણે એના કારણે છે. આ વસ્તુની સ્થિતિ છે. લાખ વાતું કરે બીજી. આમ છ દ્રવ્ય .. એનો સ્વકાળ એટલે જે સમયનો જે પર્યાય સ્વકાળ એટલે એમ. આગળ-પાછળનો નહિ. તે સમયનો તે પર્યાય વિકારી હોય કે અવિકારી. એનો સ્વકાળ છે એટલે પોતાને કારણે ષટ્કારકથી વિકારપણે પરિણમો કે નિર્વિકારપણે પરિણમો. એ પોતાથી પરિણમે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ ગાથામાં આવ્યું હતું ઓલામાં. બહાર પડ્યું હતું પુસ્તક. ... નહિ? વર્ણીજી તરફથી પડ્યું છેને? વાંચ્યું છેને? છે અહીં છે. પરપણે સ્વ વડે પરિણમાવાય છે. હવે એને ખબર પણ નથી કે પરદ્રવ્ય શું છે. દ્રવ્યની ખબર નથી, ચૈતન્યની ખબર નથી. ફક્ત પોતાના દ્રવ્ય સ્વભાવને ભૂલે છે ત્યારે એની દૃષ્ટિ પર્યાય ઉપર જાય છે એટલે નિમિત્તને આધીન થયેલો વિકારપણે પરિણમે છે આમ છે. વસ્તુની સ્થિતિ આ છે. આડીઅવળી કાંઈ કરે તો તત્ત્વનું યથાર્થપણું રહેશે નહિ. કહો, સમજાણું કાંઈ? આ તો અમારે ૭૧માંથી ચાલતું હતું. ઓલા કહે કે કર્મને લઈને થાય. કીધું જુઓ પાઠ શાસ્ત્રમાં ભગવતીમાં આવે છે. પહેલા શતકમાં ત્રીજો ... સ્વયં પુરુષાર્થથી વિકારપણે પરિણમે, સ્વયં પુરુષાર્થથી વિકારનો નાશ કરે.

મુમુક્ષુ :- પુરુષાર્થ...

ઉત્તર :- પુરુષાર્થ કરીને પાંચ બોલ છે. પાંચ-છ બોલ છે. ... આટલા બોલ છે. આ ૭૧માં ચર્ચા ચાલી હતી. ૫૮ વર્ષ થયા. કીધું આમાં તો આ છે. બોલે નહિ. સાંભળે ખરા. બેઠા હતા. ... બતાવ્યું જ્યારે .. મૂળચંદજી સાંભળે. પણ આ મહારાજ શાસ્ત્રનો આધાર આપીને કહે છે. શેઠે એમ કહ્યું કે આ હીરાજી મહારાજે અમને આમ કહ્યું નથી અને આ શાસ્ત્રના અર્થ પોતાની મેળાએ આવા કરે છે આ. વગર દોરની પડાય ઉડે છે કહે છે. જ્યાં જાય ત્યાં ખરી. એમ કહેતા હતા. શું કરે? તદ્દ્ન પરાધીન દૃષ્ટિ. બહુ પરાધીન. ઘણી. પરને લઈને થાય. વીતરાગની આજ્ઞા પુરુષાર્થ પ્રમાણે છે જ નહિ. કેમકે એ તો સર્વજ્ઞ છે. સર્વજ્ઞ જાણે છે કે આને આ કાળે થાશે. એમાં પુરુષાર્થ કરવાનું કેમ કહે? કહો, એવી વાતું કાંઈ માલ નથી. પૈસાવાળા માણસ અને બુદ્ધિમાં જરી ક્ષયોપશમ એ નવરા થઈને ચડેલા હોય એટલે બધાની ચર્ચા કરે. અરે..! ભાઈ! આ વસ્તુ એવી નથી, બાપુ! હજી રાગ અને દ્વેષ વિકાર પરથી થાય એનો પર્યાય એનો પરથી થાય એને તો પર્યાયની સ્વતંત્રતા ખબર નથી. જેને પર્યાયની સ્વતંત્રતાની ખબર નથી અને આખો ભગવાન અંદર નિર્વિકારી ચિદ્દ્બિંબ આનંદઘન સ્વરૂપ સ્વયં સિદ્ધ સ્વતંત્ર શુદ્ધ પડ્યો છે. એવી સ્વતંત્રતાની દૃષ્ટિ એને થઈ જ નથી. સમજાણું કાંઈ?

કહે છે ઈ '**પરદ્રવ્ય વડે જ,...**' પાછો છે હોં. છેને? આહા..હા..! છેને? '**રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ.**' એમ બધે 'જ' છે. આહા..હા..! વસ્તુનો સ્વભાવ જ એવો છે કે પોતે સ્વભાવપણે પરિણમતા એને વિકારપણે પરિણમવું એ સ્વભાવપણાની દૃષ્ટિમાં છે જ નહિ. આહા..હા..! અથવા સ્વભાવ પોતાનો સ્વભાવ છે. આ જ્ઞાનીનો એટલે આત્માનો. એ શુદ્ધ સ્વભાવપણે જ પરિણમે એ. વિકારપણે પરિણમવું એનો સ્વભાવ નથી. ઈ પર્યાયબુદ્ધિવાળો વિકારપણે પરિણમે છે એમ કહે. પર ઉપર મમતા છે જેને, પોતાના અસ્તિત્વની, શુદ્ધ સ્વભાવની ખબર નથી એ પોતાના સ્વભાવથી ચ્યુત થયો થકો. સ્વભાવ શુદ્ધ છે એની ખબર નથી એટલે શુદ્ધથી ચ્યુત થયો થકો. પર વડે એટલે પરની મમતા વડે એ શુદ્ધ સ્વભાવથી પોતે થતો થકો '**રાગાદિરૂપે પરિણમવાય છે.**' લ્યો. એ વિકારપણે પરિણમાવાય છે એમ કીધું. '**આવો વસ્તુનો સ્વભાવ છે.**' વસ્તુના ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ પોતે વિકારપણે પરિણમતો નથી. પણ એના ભુલેલા, સ્વભાવને ભુલેલાઓ, નિમિત્તને આધીન થયેલાઓ વિકારપણે પરિણમે એવું વસ્તુનું સ્વરૂપ. કહો, સમજાણું કાંઈ? મોટા વાંધા આમાં. જ્ઞાનાવરણીએ જ્ઞાનને રોક્યું છે. આ પાઠ શાસ્ત્રમાં લ્યો. એમાંથી નિમિત્તની મુખ્યતા ચાલી. એય..! બે અલગ રહી ગયું પછી.

મેં કહ્યું હતું ૭૧માં ભાઈ! આ વાંધા ઉઠ્યા છે અત્યારે તમારા બધામાં. સ્થાનકવાસીમાં, દેરાવાસીમાં, દિગંબરમાં. તે દિ' દિગંબરનું ક્યાં હતું પણ. ૭૧. પણ આ તમે જે બધા કર્મપ્રધાન-કર્મપ્રધાન વાતું કરો છો. ઈ આ શાસ્ત્રમાં આવું આવે જ્ઞાનાવરણીએ જ્ઞાન કર્યું. જ્ઞાનને રોકે તેને જ્ઞાનાવરણીય કહે. આ નિમિત્તના કથનોને તમે વળગી પડ્યા એટલે એ નિમિત્તની પ્રધાનતા બીજે બધે લાગુ પાડી દીધી. વસ્તુનું સ્વરૂપ એમ છે નહિ. કહો, ગીરધરભાઈ! પણ ઉત્પાદ-વ્યયનો પર્યાય પોતે ન થાય પોતાથી ઉત્પાદ-વ્યય કરે કોણ? તો તો ઉત્પાદ-વ્યય.. ઉત્પાદ-વ્યયનો પર્યાય દ્રવ્ય દૃષ્ટિ છૂટી ગઈ છે ત્યાં. ઈ ઉત્પાદ-વ્યયનો પર્યાય વિકાર પોતે પર્યાયબુદ્ધિવાળો કરે છે. એ ઉત્પાદ-વ્યય પરથી પાછા આમાં ગ્યું ક્યાં? આહા..હા..! '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' બધા ..

હવે ધ્રુવ છે એ તો ત્રિકાળી કહ્યું છે. હવે ઉત્પાદ-વ્યયમાં વિકારનો ઉત્પાદ-વ્યય તે તે ગુણનો તે કાળે. તે જ્યારે ઉત્પાદ-વ્યય પર કરાવે અને પરથી થાય તો આનો ઉત્પાદ-વ્યય રહ્યો ક્યાં? આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં? આ મોટી તકરાર છે આમાં. વર્ણીજી જેવાએ પણ વિરોધ કર્યો હતો આનો. એ વખતે એની દૃષ્ટિમાં બહુ ફેર હતો. ભાઈએ ફુલચંદજીએ કહ્યું છે ફેર છે દૃષ્ટિનો. એ તો એને મળેલ નહિને સ્વતંત્ર વસ્તુનો શબ્દ કાને નહિ પડે એને. આહા..હા..! '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' તો અનંતગુણોનો જે પર્યાયમાં ઉત્પાદ થાય, અનંત ગુણોનો ઉત્પાદ થયા વિના રહે? કાં વિકારપણે ઉત્પન્ન થાઓ કાં નિર્વિકારપણે.

એ તો પોતાને લઈને છે, પણ એનું લક્ષ નિમિત્ત ઉપર છે વિકારવાળાનું એથી એ વડે કરાવાય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે ભાઈ! ખેંચી તાણીને મારા. ૬૧મી ગાથામાં કહે ૬૨મી. પંચાસ્તિકાયમાં. ચોખ્ખી વાત મૂકી છે. ફુલચંદજીએ કબુલ કર્યું. નિશ્ચયથી વિકાર થવામાં પરની અપેક્ષા છે નહિ એમ ટીકામાં સ્વામીજી કહે છે એમ છે. .. ત્યાં તેરની સાલ. .. બધા હતા કે નહિ તમે? ૬૨મી ગાથા. બિલકુલ પરની અપેક્ષા થાય એમ વસ્તુના સ્વરૂપમાં નથી. ફક્ત અહીં નિમિત્તથી થાય એમ કેમ કહ્યું કે ઉત્પાદ-વ્યય થવામાં વિકારમાં પરલક્ષી ભાવ છે ઈ વિકારી. એથી એને એ દ્વારા થયું એમ કહેવામાં આવે. દૃષ્ટિ ત્યાં પડી છેને એની? એ દ્વારા આમ થયું એમ. દ્રવ્યદૃષ્ટિ દ્વારા નથી. આહા..હા..! અરેરે..! હજી તો આમાં વાંધા. નિયમસારમાં આમ કહ્યું હતું. એમ આવ્યું છેને? નિયમસારમાં એમ કહે છે કે જ્ઞાનની પર્યાય ઓછી વત્તી થાય તે પોતાની યોગ્યતાને કારણે થાય. એય..!

મુમુક્ષુ :- ઘણી જાતથી થાય

ઉત્તર :- ઘણી જાતની યોગ્યતાને કારણે. ત્યાં થાય કે નહિ? અગિયાર અંગના જાણનાર કહે તોપણ બરાબર નથી આવ્યો હતો. શું કરે? ઈ વાત હતી જ નહિ. પણ હવે પંડિતો કબુલ કરવા માંડ્યા. ... આહા..હા..! બિલકુલ વાત આ છે. આથી વિરુદ્ધ કરવા જાય તો ઉત્પાદ-વ્યય સ્વતંત્ર એના કાળે એનો ઉત્પાદ-વ્યય તે કાળનો તેમાં તેને લઈને રહેતો નથી. આખા તત્ત્વનો નાશ થઈ જાય. સમજાણું કાંઈ?

આ '**રાગાદિરૂપે પરિણમવાય છે.**' એમ કહ્યું છે. એનો ખુલાસો કર્યો છે. જૈન તત્ત્વમીમાંસામાં એમ જ કહેવાય. એ તો .. પહેલામાં એમ છેને. ... પરિણમાવે છે. ... .. ભાષા શું નીકળે? આહા..હા..! '**આવો વસ્તુનો સ્વભાવ છે.**' એટલે કે સ્વભાવની દૃષ્ટિએ સ્વભાવવાનને અને સ્વભાવવાન એવો આત્મા એને વિકાર ન થાય. એવું વસ્તુનું સ્વરૂપ. અને સ્વભાવને ભૂલીને પરના નિમિત્તની મમતાથી વિકાર થાય એવો પર્યાયનો, વસ્તુનો સ્વભાવ છે. આવશે ટીકામાં. કહો, સમજાણું કાંઈ? એય..! શાંતિભાઈ! શું છે આ? તમે વંચાવતા હતાને ઘણાને. શું વંચાવતા હતા? એ જાણ્યું એ જ કહેતા હતા. આહા..હા..! મૂળમાં ભૂલ છે આ.

'**ભાવાર્થ :- સ્ફટિકમણિ પોતે તો કેવળ એકાકાર શુદ્ધ જ છે;...**' શુદ્ધ એકસ્વરૂપે વસ્તુસ્વરૂપ કેવું હોય એનું? '**તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે લાલાશ-આદિરૂપે પરિણમતો નથી...**' એકલો એમ લાલરૂપે પરિણમે નિમિત્તપણું ન હોયને એમ બનતું નથી. '**પરંતુ લાલ આદિ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં લાલાશ-આદિરૂપે પરિણમતા એવા પરદ્રવ્યના નિમિત્તે) લાલાશ-આદિરૂપે પરિણમે છે.**' લાલ આદિ ફૂલ હોય એ પરિણમે. પોતાની યોગ્યતાથી એ. લાકડાને મૂકો ત્યાં લ્યો. નહિ પરિણમે.

એની યોગ્યતા નથી. ખુલાસો ભાઈએ બહુ કર્યો છે કળશટીકામાં. મોટી ટીકા કરી છે.

'**તેવી રીતે આત્મા પોતે તો શુદ્ધ જ છે;...**' આહા..હા..! '**તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી...**' એકલો પોતાની મેળાએ દ્રવ્યસ્વભાવને આશ્રયે કે દ્રવ્ય સ્વભાવરૂપ વસ્તુ વિકારરૂપે થતી નથી. આહા..હા..! '**પરંતુ રાગાદિરૂપ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં રાગાદિરૂપે પરિણમતા એવા પરદ્રવ્યના નિમિત્તે) રાગાદિરૂપે પરિણમે છે.**' પરદ્રવ્યના સંગે એનો સંગ કરે છે. તેથી એનાથી પરિણમે છે એમ કહેવામાં આવે છે. આહા..હા.! આમ નથી કહેતા બાપ દીકરો .. હોય ત્યારે. ભાઈ! તારો વાંક નથી. તારા સંગ એવા છે બધા. એથી તું બગડી ગયો. એણે બગાડ્યો એમ કહે. એમ કે આપણા ઘરમાં આમ ન હોય. તારા સંગ થતા તને આ બગાડ્યો છે. ઈ કહે. બગડ્યો ત્યારે બગડ્યો કહેવાયને? બગડ્યા વિના બીજો બગાડે એને? આહા..હા..! અરે..! હજી તો અહીં વાંધા હજી વિકાર થવાના વાંધા. એને નિર્વિકારી વસ્તુ ત્રિકાળી શુદ્ધ ઉપર દૃષ્ટિ મૂકવી અને સમ્યગ્દર્શન થવું અને પછી સ્વરૂપમાં સ્થિર થાય તો ચારિત્ર થાય (ઘણું કઠણ છે). આ માર્ગ છે. ચારિત્ર ત્યાં દર્શનમોહનો સૂક્ષ્મ થાય માટે અહીં સમકિત થાય એમ નથી. ચારિત્રમોહનો ક્ષયોપશમ થાય માટે ચારિત્ર થાય એમ નથી. .... ગઢડા. ... આ શાસ્ત્રમાં આમ કહ્યું. જ્ઞાનાવરણીને લઈને જ્ઞાન રોકાય છે. ગઢડા મોટા. .. ભાઈ એ તો બધા નિમિત્તના કથન છે. જ્ઞાનની પર્યાય પોતાથી રોકાય. બિચારાને મળ્યું નથી. ... રામજીભાઈએ ... પૈસા મળે ... ૮૬માં ભણવા ગયા હતા. ... .... જુઓ કર્મનું આમ કહ્યું છે. કર્મને લઈને આમ કહ્યું. એમ નથી. ... ૮૧ની વાત છે ગઢડા. ચોમાસું હતુંને ત્યારે. ૧૯ ને ૨૯, ૪૮ વર્ષ થયા. ... એમ નથી. જીવ પોતાની ભૂલે ભૂલ કરે તું. શ્રીમદ્દે ન કહ્યું? 'જ્ઞાનીઓની પહેલી શિક્ષા કે તારી ભૂલથી તું ભૂલ્યો છો. તારા દોષથી તને અપરાધ છે. બીજાને લઈને નહિ. તારા દોષથી તને બંધન છે. પરને લઈને નહિ'

મુમુક્ષુ :- એ જ્ઞાનીઓની પહેલી શિક્ષા.

ઉત્તર :- પહેલી શિક્ષા જ્ઞાનીની આ છે. હવે ઈ તો શ્રીમદ્ જેવા ગૃહસ્થાશ્રમમાં આવી વાત પહેલેથી કરી છે લ્યો. તારા અપરાધે તને બંધ છે એ જ્ઞાનીની પહેલી શિક્ષા. તારો અપરાધ એ કે પરને પોતાનું માનવું અને પોતાને ભૂલી જવું. આ બે લીટી બોટાદમાં નાખી છે. બોટાદમાં ... આહા..હા..!

'**પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં રાગાદિરૂપે પરિણમતા...**' પર પોતે પરિણમે છેને રાગાદિપણે? એને પરિણમે છે. '**આવો વસ્તુનો સ્વભાવ છે.**' પરના લક્ષે મમતાએ વિકારપણે થવું એ પર્યાયનો સ્વભાવ છે અને વસ્તુના સ્વભાવની દૃષ્ટિ વિકાર ન થવો એવો વસ્તુનો સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ?

## શ્લોક-૧૭૫

(उपजाति)

न जातु रागादिनिमित्तभाव-
मात्मात्मनो याति यथार्ककान्तः।
तस्मिन्निमित्तं परसङ्ग एव
वस्तुस्वभावोऽयमुदेति तावत्।।१७५।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [यथा अर्ककान्तः] સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ) [आत्मा आत्मनः रागादिनिमित्तभावम् जातु न याति] આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી, [तस्मिन् निमित्तं परसङ्गः एव] તેમાં નિમિત્ત પરસંગ જ (-પરદ્રવ્યનો સંગ જ) છે. - [अयम् वस्तुस्वभावः उदेति तावत्] આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે. (સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી.) ૧૭૫.

## કળશ-૧૭૫ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. શું હોય વસ્તુસ્વરૂપ આવું છે ત્યાં. માને નહિ તે કાંઈ વસ્તુ એવી થઈ જાય?

(उपजाति)

न जातु रागादिनिमित्तभाव-
मात्मात्मनो याति यथार्ककान्तः।
तस्मिन्निमित्तं परसङ्ग एव
वस्तुस्वभावोऽयमुदेति तावत्।।१७५।।

અહીં વાંધા લ્યો. 'परसङ्ग एव' તો ઓલો કહે 'परसङ्ग एव' 'परसङ्ग एव' પરસંગ વડે. અહીં એમ નથી. અહીં તો 'परसङ्ग एव' બંસીધરજીએ .. આપી. 'परसङ्ग एव' છે. 'परसङ्ग एव' નથી કહે. 'परसङ्ग एव' એના વડે નહિ. 'परसङ्ग एव'

એમાં એ લોકો કહે કર્મને કારણે વિકાર થાય એ વસ્તુનો સ્વભાવ છે. એવો કરે છેને. પરને કારણે વિકાર થાય, પોતાને કારણે નહિ એવો વસ્તુનો સ્વભાવ છે. પણ એનો અર્થ શું? પર્યાય દૃષ્ટિવાળો પરની મમતામાં પડ્યો છે એને પરનો સંગ કર્યો છે, મમતા કરી છે. નાટકમાં એમ કહ્યું. નાટક છેને?

મુમુક્ષુ :- એમાં મમતા છે.

ઉત્તર :- મમતા છે ચોખ્ખી. ૧૭૫. મોટું છે. ઘણું ભરેલું છેને. ...

**'જૈસે નાના બરન પુરી બનાઈ દીજૈ હેઠ,**
**ઉજ્જલ વિમલ મનિ સૂરજ-કરાંતિ હૈ,**
**ઉજ્જલતા ભાસે જબ વસ્તુકૌ વિચાર કીજૈ,**
**પુરીકી ઝલકસૌં બરન ભાંતિ ભાંતિ હૈ.**
**તૈસૈં જીવ દરબકૌં પુગ્ગલ નિમિત્તરૂપ,**
**તાકી મમતાસૌં મોહ મદિરાકી ભાંતિ હૈ.'**

બનારસીદાસ. '**તૈસૈં જીવ દરબકો પુગ્ગલ નિમિત્તરૂપ તાકી મમતાસૌં...**' એની મમતા '**મદિરાકી ભાંતિ હૈ. ભેદજ્ઞાન દૃષ્ટિસૌં સુભાવ સાધિ લીજૈ** તહાં, **સાંચિ શુદ્ધ ચેતના અવાચી સુખ સાંતિ હૈ.**' રાગ મારો સ્વભાવ જ નથી. ભેદજ્ઞાન દ્વારા સ્વભાવને પરિણમે તો સાચો આનંદ અને શાંતિ એને મળે. 'અવાચી' સુખ-શાંતિ. વચનમાં કહી શકાય નહિ એવી શાંતિ. આહા..હા..! વસ્તુસ્વભાવ રાગરૂપે પરિણમે એ વસ્તુનું સ્વરૂપ નથી. અજ્ઞાની રાગરૂપે એ તો પરની મમતા કરે છે નિમિત્તની માટે પરિણમે છે. આહા..હા..! અને એમાં અશાંતિ ઉભી થાય છે. આહા..હા..! જુઓ, આ પોતે કહ્યું છે હોં. '**પુદ્ગલના નિમિત્તે તેની મમતાના કારણે મોહ-મદિરાનું ઉન્મત્તપણું થાય છે,...**' મિથ્યાભ્રાંતિ ભ્રમ પડે છે અજ્ઞાનીને. આહા..હા..! કહો, બનારસીદાસ જેવાનું ન માને માણસને પોતાને સારું લાગે પોતાને ઠીક લાગે એમાંથી લે અને ન ઠીક લાગે તો કાંઈ નહિ.

એનો અર્થ. '**यथा अर्ककान्तः**' '**સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી,...**' સૂર્યકાંત મણિ છે. એકલો અગ્નિરૂપે થાય નહિ. એનો સ્વભાવ ક્યાં છે અગ્નિરૂપે થવું એ? વસ્તુનો સ્વભાવ હો ત્રિકાળી. પર્યાય છે. એ તો બે વાત તો સિદ્ધ કરી છે. '**તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે,...**' લ્યો, સૂર્યકાંત આમ હોય સૂર્ય નિમિત્ત થાય તો અગ્નિ થાય. એકલું-એકલું થાય? '**તેના અગ્નિરૂપ**

**પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ)'** 'आत्मा आत्मनः रागादिनिमित्तभावम् जातु न याति' **'આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી,...'** 'तस्मिन् निमित्तं परसङ्गः एव' **'તેમાં નિમિત્ત પરસંગ જ (-પરદ્રવ્યનો સંગ જ) છે.'** પરદ્રવ્યનો સંગ કર્યો એ બંધનું કારણ છે. વિકારનું કારણ. સ્વદ્રવ્યનો સંગ કરે તો સ્વદ્રવ્ય તો શુદ્ધ છે. એને બંધનું કારણ .. થતું નથી. કોણ વિચારે? જે હોય ઈ ચાલે જાય. કેમ ચીમનભાઈ! કે દિ' ત્યાં ખબર હતી? પરની .. આપણે શું કામ છે? ભલે સામાયિક ને પોષા. આહા..હા..! જ્યાં આવી વસ્તુની યથાર્થતા, સ્વતંત્રતા પર્યાયની પણ ખબર ન મળે એને ધર્મ કરનારો કેવો શુદ્ધ ત્રિકાળી છે એની તો ખબર ક્યાંથી હોય? આહા..હા..!

જુઓ, એનો વસ્તુસ્વભાવ. શું સ્વભાવ? પરદ્રવ્યનો સંગ જ. પરદ્રવ્ય નહિ. પરદ્રવ્યનો સંગ. તેથી ... 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાઈ.' લોહનો સંગ કર્યો અગ્નિએ એટલે ઘન પડે. એમ પરદ્રવ્યનો સંગ કર્યો જીવે એટલે વિકાર થાય. એમ કહે છે. આહા..હા..! કરવો ન કરવો એ એના પુરુષાર્થને આધીન, પોતાને આધીન છે. એ પર કરાવે છે એમ છે નહિ. આહા..હા..! ... હોયને. ... કરે શાસ્ત્રમાંથી. પોતાની પુષ્ટિ ક્યા મળે એમ. મળતું ન હોય, વિરોધ હોય પણ ઈ .. વાતું કરે. જુઓ આને લઈને થાય, નિમિત્તને લઈને થાય. આહા..હા..! ..ભાઈએ લખ્યું છે કૈલાસચંદજીએ. અભવિ .. કરી છે એમાં નિમિત્તની પ્રધાનતાથી થાય એમ લખ્યું છે. માટે અમે ... ... કરો તમે. મીમાંસા તો કરો. જૈનતત્ત્વ મીમાંસા ... એની ટીકા કરે છે. કૈલાસચંદજીએ એમ લખ્યું એની ટીકા કરી છે. કૈલાસચંદજીએ. ટીકા કરી છે. ...ની ટીકા કરી છે. ... જૈન સરળતાથી વિષયને બાળકોને માટે છે ઈ તમે શું લખ્યું? કાનજીસ્વામીનું ત્યાં કારણ છે એથી તમે લખ્યું આ? જેમાં બાળકોને માટે સમજવાની પુરી વાત સરળતાથી... આહા..હા..!

... વાત છે કે પર્યાયનો અંશ જે છે એમાં વિકાર થાય છે એ પોતાથી થાય છે. એનું લક્ષ પર ઉપર છે. પરની મમતાથી થાય છે. પોતે આત્મા ત્રિકાળી છે એમ જો દૃષ્ટિમાં હોય તો તો થાય જ નહિ. ત્રિકાળી દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ છૂટી ગઈ છે. અજ્ઞાનીને પરનો સંગ કર્યો છે, સ્વનો સંગ છૂટી ગયો છે એથી પરસંગ વડે વિકાર થાય છે. આહા..હા..! આવી વાત ... ચર્ચા કરો, .. બાપુ! એકવાર મોટી ચર્ચા થઈ છે. પરદ્રવ્ય...

'अयम् वस्तुस्वभावः उदेति तावत्' લ્યો છે? **'આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે.'** 'उदेति तावत्' **'(સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી.)'** સ્વભાવની દૃષ્ટિએ વિકાર થાય એવો વસ્તુનો સ્વભાવ નથી અને વસ્તુને ચુકે તો પર્યાય પરસંગે થાય વિકાર એ પણ વસ્તુનો, પર્યાયનો સ્વભાવ છે. આહા..હા..! એ પરને લઈને થાય એમ નથી. પરસંગને લઈને થાય એ મોટો પ્રશ્ન છે. ઓલા કહે કે નહિ એ પરને લઈને

થાય. તમે કહો કે '**परसङ्गः एव**' વ્યવહારના વાંધા. અરેરે..! પણ પર્યાય તો ઉત્પાદ-વ્યય પોતાથી થાય કે પરથી થાય? ચારિત્રગુણની વિપરીત પર્યાય ભલે હો, પણ એ રાગાદિની ઉત્પત્તિ, દુઃખની ઉત્પત્તિ એ ઉત્પાદનો સ્વકાળ છે એમાં થાય છે અને એના નિમિત્તને સંગે થાય છે. તેથી નિમિત્તથી થાય એમ કહેવામાં આવે છે. આહા..હા..! ઘણી વાતું બહાર આવી ગઈ છે પણ હવે. સોગાનીએ તો ખૂબ લખ્યું છે. બધી વાતું ઝીણી આવી ગઈ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય છે. પોતાને પ્રમાદ હોય ...

'**આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે. (સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે,...**' કોને માટે આવો સ્વભાવ છે? (પેલા કહે) કે પર એને વિકાર કરાવે એવો જ વસ્તુનો સ્વભાવ છે. અહીં કહે કે પરની મમતા કરનારો વિકારપણે પરિણમે એવો વસ્તુનો સ્વભાવ છે. આહા..હા..! કહો, ભગવાનના વાક્યોના અર્થ કરવામાં હજી વાંધા. અરે..! એને અંદર અર્થ ક્યાંથી આવે? .. માથુ ફરી જાય. હાય... હાય... અત્યાર સુધી આ કર્યું તે પાણી ફરી ગયું? એકાંત... ... માન્યતા આ કરું, આ કરું. આહા..હા..! ૧૭૫ કળશ થયો. ઓલો ૧૭૪. વાંધાવાળો આ હોં કળશ. '**सङ्गः एव**'

'**આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની...**' જુઓ, એટલે કે પોતાના સ્વભાવની દૃષ્ટિને સ્વભાવરૂપે થતો નથી. એવો વસ્તુનો સ્વભાવ છે. આહા..હા..! ચૈતન્ય નિર્મળ આનંદ સ્વરૂપ ભગવાન આત્મા પોતે પોતાથી વિકારપણે નિમિત્તરૂપે કેમ થાય? આનંદસ્વરૂપી ભગવાન એ પોતે કેમ થાય? એવો વસ્તુનો સ્વભાવ છે એમ કહે છે. અને દુઃખરૂપ થાય તો પરના સંગની મમતાથી થાય છે. એ પર્યાયનો સ્વભાવ છે એમ કહે છે. આહા..હા..! શાસ્ત્રના અર્થ કરવામાં વાંધા, ..માં વાંધા. મિથ્યાત્વના પોષણ કરવા અને પછી માને કે અમે ધર્મ કરીએ છીએ અને હળવે-હળવે થાશે. શુભ કરતાં-કરતાં.. એ બધા મિથ્યાત્વના પોષણ છે.

'**આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની...**' કેમકે રાગાદિ.. છેને? '**રાગાદિકને પોતાના કરતો નથી**'...' એમ કહે છે. ધર્મી રાગાદિને પોતાના કરતો નથી. કેમકે રાગાદિ તો પરની મમતાથી થાય છે. સ્વભાવમાં એ છે નહિ. આહા..હા..! રાગાદિ—રાગ-દ્વેષ આદિ, પુણ્ય-પાપ વ્યવહાર બધો. એમ કે આ વ્યવહારનો અધિકાર છેને? એનો ખુલાસો કરે છે. વ્યવહાર બંધનું કારણ છે અને વ્યવહાર શુદ્ધ ચૈતન્યથી ભિન્ન છે. વ્યવહાર બંધનું કારણ છે અને શુદ્ધ ચૈતન્યથી ભિન્ન છે ત્યારે હવે વ્યવહારનું કારણ કોણ? કે પર્યાયદૃષ્ટિવાળો વ્યવહારનું કારણ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અમારે મૂળચંદજી એમ કહે કે આ વ્રત ને નિયમ ને તપ કર્યું છેને કર્મ ખરી જશે. પછી જ્ઞાન દર્શન બે રહ્યું. ચારિત્ર ધર્મ. ચારિત્ર તો.. આ ચારિત્ર એ માને લ્યો અને જૈનના બેરિસ્ટર કહેવાતા. એય..! ખીમચંદભાઈના ગુરુ

હતા ઈ. આ ખીમચંદભાઈ નાગનેશ. .. હતા નહિ? ... હતા. જૈનના બેરિસ્ટર છે. ખબર કેટલી? એક ..ના બે બોલ.

મુમુક્ષુ :- ઈ પોતે કહેતા કે બીજા એને કહે?

ઉત્તર :- બીજા એને કહેતા ... ...ની વાતું કરે. વઢવાણ ભાઈ ઓલા હતાને એમ કે... અરે..! બાપુ! જૈન કોણ છે ભાઈ! અહીં તો કહે છે કે જ્ઞાની સમકિતી ધર્મી વસ્તુસ્વભાવનો આવો જાણતો રાગને પોતામાં લાવતો નથી. એને ભિન્ન રાખે છે એમ કહે છે. પોતાના વસ્તુ સ્વભાવનું પરિણમન કરતાં રાગાદિને પોતામાં લાવતો નથી. કેમકે એનો અભાવ નથી. એમાં વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૭૬

(अन्ष्टुभ्)

इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन सः।
रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः।।१७६।।

'આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને પોતાના કરતો નથી' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :-

શ્લોકાર્થ :- [इति स्वं वस्तुस्वभावं ज्ञानी जानाति] એવા પોતાના વસ્તુસ્વભાવને જ્ઞાની જાણે છે [तेन सः रागादीन् आत्मनः न कुर्यात्] તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી, [अतः कारकः न भवति ] તેથી તે (રાગાદિકનો) કર્તા નથી. ૧૭૬.

**જેઠ સુદ-૧૨, મંગળવાર, તા. ૧૨-૦૬-૧૯૭૩**
**ગાથા - ૨૮૦, કળશ-૧૭૬, પ્રવચન-૪૦૬**

બંધ અધિકાર. ૧૭૬ કળશ.

(अनुष्टुभ्)

इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन सः।
रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः।।१७६।।

જુઓ, આમાં તો ખુલાસો થઈ ગયો ઓલો તો રાગાદિ જીવને ઉત્પન્ન થાય છે, જ્ઞાનીને નથી થતાં. એમ સિદ્ધ કરવું છેને અહીં તો? 'इति स्वं वस्तुस्वभावं ज्ञानी जानाति' એમ કહે છે. આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક છે એમ ધર્મી જાણે છે. એથી તે રાગનો કર્તા થતો નથી એમ સિદ્ધ કરવું છે. રાગ જીવ ઉત્પન્ન કરે છે એ તો અજ્ઞાની. એટલે કર્મને લઈને વિકાર થાય છે એમ અહીંયાં સિદ્ધ નથી કરવું. અજ્ઞાની વસ્તુના સ્વભાવને જાણતો નથી, ચૈતન્ય જ્ઞાન બ્રહ્મ આનંદસ્વરૂપ એની વસ્તુ એવી છે એનું જેને જ્ઞાન નથી એ અજ્ઞાનભાવે (પરિણામે છે). કેમકે જે પર્યાયબુદ્ધિ છે એમાં મારાપણું દ્રવ્યમાં તો આવ્યું નથી. સમજાણું? એટલે એનું મારાપણું રાગમાં છે. રાગ મારો છે એમ ધારીને અજ્ઞાની કરે છે. જ્ઞાની રાગ મારો નથી એમ જાણીને રાગને કરતો નથી. એમ સિદ્ધાંત આમ છે.

**'એવા પોતાના વસ્તુસ્વભાવને જ્ઞાની જાણે છે...'** એવો એટલે? ચૈતન્ય શુદ્ધ આનંદઘન પ્રભુ છે એવી ચીજને ધર્મી જાણતો. 'तेन सः रागादीन् आत्मनः न कुर्यात्' આ કારણે રાગ નથી કરતો અને રાગ જ્ઞાની કરે છે અજ્ઞાની એ કર્મને લઈને કરે છે એમ નથી સિદ્ધ કરવું ત્યાં. પોતાની ચીજને જાણતો નથી એટલે નિમિત્તથી થતા રાગને પોતાના માને છે એ અજ્ઞાની કર્તા થાય છે એમ. **'તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી,...'** વસ્તુનો સ્વભાવ ચૈતન્યમૂર્તિ એવી દૃષ્ટિ હોવાથી રાગના ભાવને પોતામાં મેળવતો નથી. એ તો પહેલીથી આવ્યું હતું ઉપયોગમાં કરતો નથી. એ આ અપેક્ષાએ વાત છે. પહેલા આવ્યું હતું શરૂઆતમાં. અજ્ઞાની ઉપયોગમાં રાગને પોતામાં કરે છે બસ આ વાત છે. પછી એને પરદ્રવ્ય વડે થાય અને ઢીંકણું થાય એમ બધી વસ્તુ આ બતાવે છે. આહા..હા..! ઈ ખરેખર પર્યાયની દૃષ્ટિ છે અને ઈ પરદ્રવ્ય નથી ખરેખર તો.

એ તો આવશે હમણા. નિયમસારમાં આવે છે. 'एगो मे सासदो अप्पा' આવે છે. એવું તો આ લોકોમાં બોલાય હોં સ્થાનકવાસીમાં. .. એમાં આવે છે આ. .. બોલે એમાં આ બધું આવે એને. અર્થને સમજે નહિ. લ્યો 'एगो मे सासदो अप्पा' ગાથામાં આવે છે. શરૂઆતમાં જ છે. 'णाणदंसण लक्खणो' ત્રિકાળ. ત્રિકાળ જ્ઞાનદર્શન લક્ષણવાળો આત્મા શાશ્વત તે છું. 'सेसा मे बाहिरा भावा सव्वे संयोगलक्खणा' (નિયમસાર-૧૦૨) લ્યો. અરે..! .. અર્થમાં સંયોગ લક્ષણનો અર્થ પર્યાય પણ સંયોગરૂપ છે, ત્રિકાળ સ્વભાવરૂપ નથી. એ નિયમસારમાં આવે છે. આહા..હા..! 'एगो मे सासदो अप्पा' શાશ્વત ચૈતન્ય વસ્તુ એક જ હું છું. કેવો છે? કે ત્રિકાળી એનો જ્ઞાન અને લક્ષણ ત્રિકાળી હોં. ઈ નિર્ણય કરે

છે પર્યાયથી, પણ એનું લક્ષણ ત્રિકાળી જ્ઞાન, દર્શન તે આત્મા એક શાશ્વત એકરૂપ વસ્તુ. બાકી બધા સંયોગીભાવ છે. .. લક્ષણ. સંયોગી લક્ષણવાળા બધા. **'सेसा मे बाहिरा भावा'**

એમ ધર્મી જાણતો રાગના ભાવને પોતામાં મેળવતો નથી એટલે કરતો નથી. આમ વસ્તુના સ્વભાવને જાણતા એમ કહ્યું. આહા..હા..! રાગ હોય છે. એ શુદ્ધ સ્વભાવમાં દૃષ્ટિ હોવાથી એ દૃષ્ટિમાં અને દૃષ્ટિના વિષયમાં રાગનો કર્તા થતો નથી એમ. વ્યવહારનો કર્તા થતો નથી એમ કહે છે. લ્યો, વ્યવહાર એટલે શુભરાગ. ધર્મી કર્તા થતો નથી એટલે એનો અર્થ થઈ ગયો જાણેલો પ્રયોજનવાન. જ્ઞાનમાં જણાય છે કે છે. પરવસ્તુ રાગાદિ છે. અને રાગને પોતામાં મેળવતો નથી.

**'अतः कारकः न भवति' 'તેથી તે (રાગાદિકનો) કર્તા નથી.'** લ્યો. **'तेन सः रागादीन् आत्मनः न कुर्यात्' 'अतः कारकः न भवति'** એમ. આ કારણે. પોતાના વસ્તુસ્વભાવને ધર્મી જાણતો તે રાગાદિને પોતામાં કરતો નથી તેથી તે કર્તા નથી એમ. રાગમાં રાગને પોતામાં ભેળવતો નથી. આહા..હા..! તેથી તેનો કર્તા છે નહિ. ભારે વાતું! આહા..હા..! આ વસ્તુસ્થિતિ સમજ્યા વિના અંદર દૃષ્ટિ થાય નહિ અને દૃષ્ટિ વિના એનું જ્ઞાન સાચું થાય નહિ અને એમાં ચારિત્ર-ફારિત્ર ક્યાંથી આવ્યું? વસ્તુની તો ખબર ન મળે શાસ્ત્રના અભ્યાસની. અષ્ટસહસ્ત્રી. એમાં અને પ્રમેયકમલમાર્તંડ પોતે ક્યાં આવ્યો? ઓલા પ્રમેય આવ્યા એમાં આત્મા પ્રમેય ક્યાં આવ્યો? ગુજરી ગયા અહીંયાં. ... વાડામાં ન કરતો .. ચંદા નહિ બાઈ? ચંદાબાઈ ... બાઈ હતી. નાની ઉંમર વિધ્વા.. ગૃહસ્થ લાખોપતિ ઘણા મોટા. કુટુંબે મદદ બહુ કરી હતી. વિધવા થયા પછી. ... વિધવાઓ બાઈને ભેગી કરીને રાખે. .. ચાલ્યા ગયા. લ્યો.

અહીં કહે છે કે ધર્માત્મા, ધર્માત્મા એ પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એમ જાણ્યો છે. તે રાગ મારો સ્વભાવ છે એમ એણે જાણ્યું નથી. એથી જેને મારો માને એનો કર્તા થાય. તો સ્વભાવને જ્યાં મારો માન્યો છે અને રાગને માન્યો નહિ એટલે એનો કર્તા છે નહિ એમ કહે છે. પોતાના હયાતીના સ્વભાવમાં હોય તો એને મારો માને. સ્વભાવમાં તો છે નહિ. તેથી તે સ્વભાવનો કર્તા થાય, પણ રાગનો કર્તા એ નથી. આહા..હા..! ઘણી અંદર શરતું છે. ... તેથી પોતાના વસ્તુ સ્વભાવને જ્ઞાની જાણે છે કે હું તો ચૈતન્ય શુદ્ધ આનંદ છું. મારે કાંઈથી કોઈથી લેવું નથી કે મારે કોઈને દેવું નથી. લ્યો. એવો સ્વભાવ કોઈને દઈ શકાય નહિ અને એ સ્વભાવ પરથી આવી શકે નહિ.

**'તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી,...'** ભાષા એમ છેને. **'आत्मनः न कुर्यात्'** આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવું જ્યાં અંતરમાં દૃષ્ટિ અને અનુભવમાં આવી ગયું તેથી તે રાગનો પોતાનો સ્વભાવ નથી એટલે રાગને, રાગાદિકને પોતાના કરતો નથી. આહા..હા..!

આમ કારણ છે. રાગ શબ્દે પુણ્ય, પાપ, દયા, દાન, વ્રતાદિના ભાવ એ પોતાના વસ્તુસ્વભાવને જાણતો ધર્મી રાગાદિકને 'आत्मनः' પોતામાં કરતો નથી. એટલે ભિન્ન રહી જાય છે. આહા..હા..! આવી વાત છે. અહીં તો એને જરી થોડુંક કાંઈક ત્યાગ થઈ જાય કે અમે ઘણું કર્યું હળવે-હળવે ઘટાડી દઈશું. શું થાય? હવે ઘટાડો વસ્તુમાં જ નથી ત્યાં. આહા..હા..! વસ્તુના સ્વભાવમાં જ એ ચીજ નથી. તેથી ચીજને પોતામાં 'आत्मनः' કરતો નથી. તેથી તે એનો કર્તા થાતો નથી. આહા..હા..! કેટલી ટીકા પણ! ગજબની વાત છે. વાત તો આમાં શું છે અંદર આ બતાવે છે. ૧૭૬ શ્લોક થયો.

## ગાથા-૨૮૦

ण य रागदोसमोहं कुव्वदि णाणी कसायभावं वा।
सयमप्पणो ण सो तेण कारगो तेसिं भावाणं।।२८०।।
न च रागद्वेषमोहं करोति ज्ञानी कषायभावं वा।
स्वयमात्मनो न स तेन कारकस्तेषां भावानाम्।।२८०।।

यथोक्तं वस्तुस्वभावं जानन् ज्ञानी शुद्धस्वभावादेव न प्रच्यवते, ततो रागद्वेषमोहादिभावैः स्वयं न परिणमते, न परेणापि परिणम्यते, ततष्टङ्कोत्कीर्णैकज्ञायकभावो ज्ञानी रागद्वेषमोहादिभावानामकर्तैवेति प्रतिनियमः।

હવે, એ પ્રમાણે જ ગાથામાં કહે છે :-

કદી રાગદ્વેષવિમોહ અગર કષાયભાવો નિજ વિષે,
જ્ઞાની સ્વયં કરતો નથી; તેથી ન તત્કારક ઠરે. ૨૮૦.

ગાથાર્થ :- [ज्ञानी] જ્ઞાની [रागद्वेषमोहं] રાગદ્વેષમોહને [वा कषायभावं] કે કષાયભાવને [स्वयम्] પોતાની મેળે [आमानः] પોતામાં [न च करोति] કરતો નથી [तेन] તેથી [सः] તે, [तेषां भावानाम्] તે ભાવોનો [कारकः न] કારક અર્થાત્ કર્તા નથી.

ટીકા :- યથોક્ત (અર્થાત્ જેવો કહ્યો તેવા) વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે

પરિણમતો નથી અને પર વડે પણ પરિણમાવાતો નથી, માટે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો અકર્તા જ છે - એવો નિયમ છે.

ભાવાર્થ :- આત્મા જ્ઞાની થયો ત્યારે વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો કે 'આત્મા પોતે તો શુદ્ધ જ છે - દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે, પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે'; માટે હવે જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી, ઉદયો આવે તેમનો જ્ઞાતા જ છે.

---

## ગાથા-૨૮૦ ઉપર પ્રવચન

ગાથા ૨૮૦ને? એમાં જ ખુલાસો આવશે.

**ण य रागदोसमोहं कुव्वदि णाणी कसायभावं वा।**
**सयमप्पणो ण सो तेण कारगो तेसिं भावाणं।।२८०।।**
**કદી રાગદ્વેષવિમોહ અગર કષાયભાવો નિજ વિષે,**
**જ્ઞાની સ્વયં કરતો નથી; તેથી ન તત્કારક ઠરે. ૨૮૦.**

આ વાત .. નહિ? ... ચાલે છે. આ ચાલે છે. ... ચાલે છે.

એની 'ટીકા :- **યથોક્ત (અર્થાત્ જેવો કહ્યો તેવા) વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની...**' શાશ્વત ચિદ્‌ઘન આત્મા તેમાં રાગનો અભાવ, સંસારનો જેમાં અભાવ એવી વસ્તુસ્થિતિ એને જાણતો ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ '**(પોતાના) શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી...**' લ્યો, કારણ કે શુદ્ધ સ્વભાવ તે હું છું એમાં ચ્યુત ક્યાંથી થાય? એમ. આ તો આવ્યું ઓલું પાછું કર્મ કરાવતું છે એને. એ પોતે પોતાના શુદ્ધ સ્વભાવને જાણે છે તેથી શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો નથી. તેથી તે વિકાર કરતો નથી, તેથી તે વિકારને કર્મ કરાવતું નથી. લ્યો અહીં તો ઈ આવ્યું. આહા..હા..! મોટા ઝઘડા આમાં. '**શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી...**' એટલે? વસ્તુસ્વભાવ મારો શુદ્ધ ચૈતન્ય આનંદ જ્ઞાયક છે એમ જ્યાં વસ્તુસ્વભાવને જાણીને. તો એ વસ્તુસ્વભાવ આ છે એમાંથી ચ્યુત કેમ થાય ઈ? સમજાણું કાંઈ?

'**યથોક્ત...**' એટલે યથા યુક્ત જેમ કહ્યો તેવું સ્વરૂપ શાશ્વત આનંદઘન પ્રભુ દ્રવ્યસ્વભાવ એવો સ્વભાવ જાણતો ધર્મી. '**શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી...**' એ છે આ હું, આ હું અને તે હું હવે એમાંથી ચ્યુત છું એમાંથી ચ્યુત કેમ થાઉં? સમજાણું કાંઈ? જ્ઞાનસ્વભાવી

આત્મા ચૈતન્યબિંબ પ્રભુ એવો તે હું એમ વસ્તુના સ્વભાવને પોતાને ચીજને એ રીતે જાણતો અને એ રીતે છું. હવે છું એમાંથી ચ્યુત કેમ થાય? આહા..હા..! સમજાણું કાંઈ? આ બધી તકરારું આ ૨૭૬ અને ૨૭૭મી ગાથાની.

મુમુક્ષુ :- તકરાર-તકરારીની.

ઉત્તર :- તકરારીની ગાથા. વસ્તુમાં ક્યાં હતી તકરાર? આહા..હા..!

કહે છે કે વસ્તુસ્વભાવ ચૈતન્ય આનંદ અને જ્ઞાયકમૂર્તિ ધ્રુવ સ્વભાવ જે વસ્તુનો સ્વભાવ જાણ્યો ધર્મીએ, પણ એ જ હું છું. હવે એ હું છું, આ હું છું એ એમાંથી હું ખસી જાઉં એ આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? શું નથી એ? એમ થયું? .. આહા..હા..! ધર્મી જીવ વસ્તુસ્વભાવને. જુઓને વસ્તુના સ્વભાવને. વસ્તુ આત્મા એનો સ્વભાવ જાણવું-દેખવું આનંદ ત્રિકાળ એવી ચીજને જાણતો જ્ઞાની એટલે કે વસ્તુનો સ્વભાવ જ આવો છે ત્રિકાળ. એમ મારી હયાતી એ છે. હવે એમ જીવ જાણે એ શુદ્ધસ્વભાવથી ચ્યુત કેમ થાય? એટલે પોતાના ભાવથી ખસે ક્યાંથી? એમ કહે. સમજાણું કાંઈ? જેણે વસ્તુનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યવસ્તુ છે એમ જાણ્યું. હવે એ આ વસ્તુ છે આવી. હવે એ વસ્તુ આવી નથી. જાણી આવી એમાં નથી એ ક્યાંથી આવે? આહા..હા..! સમજાણું કાંઈ?

**'વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની...'** આહા..હા..! ગજબ વાત છે. આ ચીજ જ શુદ્ધ ચૈતન્યઘન છે એમ જ્યાં જ્ઞાનમાં આવ્યું. હવે એ જ્ઞાને તો આવડો છે અને આ છું એમ જાણ્યું. હવે એ જાણ્યું એમાંથી ખસાય શી રીતે? આહા..હા..! સમજાણું કાંઈ? **'ચ્યુત થતો નથી તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી...'** જોયું? વસ્તુ જ જ્યાં શુદ્ધ ચૈતન્ય અને જ્ઞાનમૂર્તિ પ્રભુ એવી જ્યાં ચીજ જ છે એમ જ્યાં જ્ઞાનમાં આવ્યું. હવે આવ્યું એ પોતે એમાંથી કેમ ખસે? **'ચ્યુત થતો નથી તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી અને પર વડે પણ પરિણમાવાતો નથી,...'** જુઓ, ભાષા જુઓ. આહા..હા..! ઈ તો પોતે જ જેને વસ્તુના સ્વભાવની ખબર નથી એ ચ્યુત થયેલો છે. એ ચ્યુત થયેલો એ વિકાર કરે એને કર્મ કરાવે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વસ્તુ આ છે એમાં ઘણા મોટા પંડિતોના ઝઘડા. ગજબ વાતું છેને આહા..હા..! વસ્તુ જ આવી છે. જેમાં રાગનો ત્રણે કાળે અભાવ છે. જેના હોવાપણામાં તો એકલો વીતરાગભાવ સ્વભાવવાળું તત્ત્વ છે. એવો દ્રવ્ય સ્વભાવ, વીતરાગસ્વભાવ વસ્તુનો જાણ્યો એ જાણે એ વસ્તુના સ્વભાવથી ખસે કેમ? ખસે તો રાગને કરે. સમજાણું કાંઈ? એ ચ્યુત થયો નથી તેથી પોતાની મેળાએ ચ્યુત થતો નથી અને પોતાની મેળાએ તો રાગ-દ્વેષ કરતો

નથી. જે અજ્ઞાની પોતાની મેળાએ ચ્યુત થઈને કરે છે એને કર્મ પરિણમાવે છે એમ કહેવામાં આવ્યું છે. પરિણમાવે છે આવ્યું હતુંને? ૨૭૭માં આવ્યું હતું. પરિણમાવે છે. પણ એ ચ્યુત થયેલો પરિણમે છે, સ્વભાવની ખબર નથી. જ્ઞાનાનંદ સ્વભાવી વસ્તુ ત્રિકાળી શાશ્વત આનંદ એની ખબર નથી એ અજ્ઞાનથી ચ્યુત છે જ અજ્ઞાનને લઈને. તે ચ્યુત થયેલો રાગ-દ્વેષને કરે છે. તેથી કર્મ વડે નિમિત્તથી પરિણમાવાય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! કેટલી સીધી અને સટ વાત છે. સીધી અને સત્. સત્ય જ આવું છે. આહા..હા..!

મૂળ ચીજની ખબર ન મળે એ વિના બધી વાતું. એમાં કાંઈ માલ નથી. એ ઉંધી દૃષ્ટિને લઈને રાગ હું કરું છું એમ એ તો રાગ કર્મને લઈને મારામાં થાય છે. પણ વસ્તુનો સ્વભાવ જાણ્યો નથી એટલે પછી પૂર્ણ આવ્યા વિના રહે જ નહિ. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે આકરો. .. રહી ગયું છે અત્યારે. થઈ ગયું છે. આહા..હા..! ઓલામાં આવ્યું છે પરિણમાવાય છે નથી આવતું? રાગાદિરૂપે પરિણમાવાય છે આવો વસ્તુનો સ્વભાવ છે. તો એનો અર્થ શું? પોતે સ્વભાવથી ચ્યુત થાય છે એટલે કે સ્વભાવની ખબર નથી, એટલે સ્વભાવમાં નથી રાગાદિ એવી તો એને ખબર નથી. એટલે સ્વભાવથી જે ખસી ગયેલો છે અનાદિથી એને રાગને પોતાનો કરીને રાગ કરે છે. રાગ-દ્વેષ, મિથ્યાત્વ, પુણ્ય-પાપભાવ. એથી તો પર વડે પરિણમાવાય છે. એ પરિણમે છે ચ્યુત થઈને માટે પરિણમાવાય છે એમ કહેવામાં આવે. આ પરિણમતો નથી, કરતો નથી તો પરિણમાવાય છે એમ છે નહિ. આહા..હા..! કેટલી સ્પષ્ટ વાત છે! પણ આમાં તકરાર બધી સંસ્કૃત ને વ્યાકરણ ને બધું ... આહા..હા..!

પરિણમાવાય છે એનો કળશ છે. ... કે બધે ઠેકાણે આમ આવે એનું આમ સમજવું. એય..! ... એના વિકારપણે જ પરિણમતો નથી એમ કહે છે. કારણ કે વસ્તુસ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન જાણ્યો એ જ મારું અસ્તિત્વ છે અને એ હું છું. હવે એ હું છું એમાંથી ખસે ક્યાંથી? વસ્તુમાં જ્ઞાનની પર્યાયમાં આ શુદ્ધઘન તે હું છું. તો હું છું એમાં હું આ નથી, એમ ક્યાંથી આવે? જેને વસ્તુના સ્વભાવની ખબર નથી એને આ હું નથી પણ હું રાગ છું. એમ કહે છે. સમજાણું કાંઈ? આ .. જાણવાની વાતું છેને. જાણવું એટલે પોતે આત્મા. ક્રિયા જાણવાની છે. રાગની ક્રિયા એ વસ્તુની ક્યાં ક્રિયા છે? આવું ક્યાં મગજમાં બેસે? દયા પાળો, વ્રત કરો. બસ આવું. શેઠિયાને .. પોષા કરો, પડિક્કમણા કરો. શું કરે પણ? આહા..હા..! ... એમ કે શું છે એની ખબર નથી એનો રાગ કરો એવું આવે છે. કારણ કે વસ્તુમાં રાગ નથી અને વસ્તુની દૃષ્ટિ જેને નથી એને આ રાગ છે એ મારી ચીજ છે એમ કરીને રાગને કરે છે. આહા..હા..! આ તો શાંતિની વાતું છે. ધીરેથી સમજે તો વસ્તુસ્થિતિ સમજાય. વાદવિવાદ કરે તો કાંઈ પાર ન આવે લ્યો.

કર્મ કાંઈ કરાવતું નથી, જ્ઞાનાવરણી આદિ આત્માને કાંઈ કરાવતું નથી એમ કહે છે.

નહિ એમ નહિ. લ્યો. ઠીક બાપા! ભગવાન તારા માહાત્મ્યની તને ખબર ન મળે અને માહાત્મ્ય વિના રાગ ઉપર દૃષ્ટિ છે તારી. આહા..હા..! એટલે રાગનો કર્તા થાય તો કર્મ કરાવે એમ થયા વિના રહે જ નહિ. આહા..હા..! એમ સ્વભાવથી તો થતું નથી. આહા..હા..! સ્વભાવના અસ્તિત્વમાં અને સ્વભાવની મોજુદગીમાં વસ્તુ જ એ નથી. સંસાર જ નથી. અને એ ભાવ જ નથી. આહા..હા..! ધર્મની દૃષ્ટિ તો સ્વભાવ ઉપર પડી છે. સ્વભાવનો સ્વીકાર છે, પણ પોતે પોતાનો સ્વભાવ આ છે, જ્ઞાન સત્તાવાળું આ સત્ત્વ છે, આનંદ હોવાવાળો આ ભાવ છે. એવા ભાવથી ખસે કેમ? એમ કહે છે. ચ્યુત થતો નથી એ તો સમજાવ્યું છે. સમજાણું કાંઈ?

આવો જે આત્મા ચૈતન્યમૂર્તિ શુદ્ધ ધ્રુવ એમ જ્યાં અંતર દૃષ્ટિમાં આવ્યો એ વસ્તુના સ્વભાવને જાણતો જ્ઞાની પોતાના સ્વભાવમાંથી ખસે કેમ? આ હું છું એમ માન્યા વિના ખસે કેમ? એથી એ ચ્યુત થતો નથી એમ કહ્યું. આહા..હા..! કેવી વાત કરી છેને! **'શુદ્ધસ્વભાવથી જ...'** પાછું એમ છેને? ... **'શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી...'** પછી પ્રશ્ન ક્યાં? એમ કહે છે. આહા..હા..! જેના સ્વતંત્ર સ્વભાવની જેને શુદ્ધની ખબર નથી એમાંથી ખસેલો છે ખબર નથી તો. ખસેલો છે એટલે ચ્યુત થાય છે. આહા..હા..! એય..! સમજાણું? આ બધા કર્મ રાગ કરાવે તમારા ... કર્મને લઈને વિકાર થાય એમ નક્કી કરો પછી ચર્ચા કરીએ. ..ભાઈ નહિ? ... જેઠાભાઈ નહિ ચુડાવાળા? હા ઈ. જેઠાભાઈએ કહ્યું હતું. ચર્ચા કરીએ ... કર્મને લઈને વિકાર થાય. ... છે જજ. જેઠાભાઈ કહે ઈ વાત પહેલી અમારે માન્ય નથી. ... કહેતા હતા. ... બહુ .. આહા..હા..! આ જેઠાભાઈ ચુડાવાળા આવે છેને? એ જેઠાભાઈ તો બહુ કહેતા. આહા..હા..!

કર્મને લઈને વિકાર થાય ઈ પહેલી કબુલાત કરો પછી આપણે ચર્ચા કરીએ. અહીં તો ચર્ચા કરવાનું રહ્યું જ નહિ. એ વાત તો ઈ કરવાની છે કે વિકાર પોતાથી પોતાના સ્વરૂપની શુદ્ધતાથી ચુકે છે એટલે કે શુદ્ધતાની જેને દૃષ્ટિમાં ખબર નથી એ અશુદ્ધતારૂપે પરિણમે છે. આહા..હા..! અને એ પરિણમે છે એને કર્મ પરિણમાવે છે એમ કહેવામાં આવે છે. આવી વાત છે સીધી. આહા..હા..! સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં તો આ છે. હવે એને સર્વજ્ઞ પરમાત્માની ખબર ન મળે.

મુમુક્ષુ :- ...કર્મ માર્ગ આપે ત્યારે

ઉત્તર :- માર્ગ આપે ત્યારે થાય. જ્ઞાનાવરણી ખસે ત્યારે કેવળજ્ઞાન થાય. અરેરે..! ઈ કહે છેને. ઉપાદાનથી થાતું હોય તો કરો ને, લાવો ને કેવળજ્ઞાન. અરે..! એમ નથી સાંભળને. પુરુષાર્થની નબળાઈ છે. પોતાના પુરુષાર્થની નબળાઈને એ કારણે છે. એ પોતાને કારણે છે. પરને કારણે નહિ. આહા..હા..! સ્વભાવ શુદ્ધ ચૈતન્ય દૃષ્ટિમાં અને સ્વીકારમાં આવ્યો છતાં

પર્યાયમાં કેવળજ્ઞાન ન થાય એ પોતાના પુરુષાર્થની ખામી છે. કર્મને કારણે ન થાય એ વાતમાં કાંઈ દોકડો સાચો નથી. આહા..હા..! કેવી ટીકા કરી જુઓને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફરી ફરીને એમાં લીધું છે. આચાર્યે અંદરમાં તારો ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ, ધ્રુવસ્વરૂપ પવિત્રનો પિંડ એની જ્યાં હયાતીનો જ્યાં સ્વીકાર આવ્યો હવે એને ત્યાંથી ખસે કેમ ઈ? રાગ હું છું એમાંથી આ હું નથી એ કેમ થાય એને? સમજાણું કાંઈ? આહા..હા..! તેથી કહે છે કે એ જાણતો જ્ઞાની શુદ્ધ સ્વભાવથી જ.. આ તો બધા શ્રદ્ધાનો કાળ છેને? ... થઈ ગયા...

અહીંયાં તો કહે છે. વસ્તુસ્વભાવ એમ કીધુંને? વસ્તુસ્વભાવ, કાયમીસ્વભાવ, ચિદાનંદ સ્વભાવ, નિત્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, સામાન્ય સ્વભાવ એ હું. એમ જ્યાં દૃષ્ટિમાં આવ્યું. હવે ઈ આ હું એમાંથી હું નહિ એ કેમ થાય એને? આહા..હા..! **'શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી...'** કેમ થાય પણ શુદ્ધસ્વભાવથી? શુદ્ધસ્વભાવ તેવડો તે હું કહ્યું. હવે એ હું નથી એમ કેમ એમાં આવે? આહા..હા..! કહો, ધીરૂભાઈ! આ બધા ચાલે છે ગોટા તમારા બહુ મોટા. આહા..હા..! અહીંયાં તો કહે છે ... છોકરાઓ પણ કરે છે. આ બધા ગપ્પ મારતા હતા એવું લાગે. એ તો સૌને મળી રહે ... નહિ? હવે તો લોકો વિચાર કરે છે. એમ ને એમ માની લેવું એ કાંઈ દૃષ્ટિ હોય? માર્ગમાં સત્યના (ઠેકાણાં) નથી અને સત્ય શું છે? એવી સત્ ચીજ છે એમાં રાગાદિ છે જ નહિ. એવી ચીજમાં તો પૂર્ણ જ્ઞાન, આનંદ અને પૂર્ણ સ્વરૂપ છે. એવી જ્યાં દૃષ્ટિ થઈ તો આ હું છું એમાંથી ખસી જાય નહિ. નથી એમ થાય? એટલે કે વસ્તુસ્વભાવની આ દૃષ્ટિ શુદ્ધ સ્વભાવને જાણતા ધર્મી શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો નથી એ તો વસ્તુની સ્થિતિ છે કહે છે. આહા..હા..! કહો, મૂળચંદભાઈ! આ તો બેને બે ચાર જેવી વાત છે. મોટા ઝઘડા થાય એમાં. ... ... તે તારા ઘરની વાતું .. કેમ કરે છે એની ખબર નથી. એ તો ... કરાવે. ખસી જાય ... થઈ રહ્યું. ... એના ઘરમાં જાતની કરવાની કાંઈ ન મળે. આહા..હા..!

જુઓ, આમાં મહાસિદ્ધાંતો છે આ બધા. આહા..હા..! છે ભલે ચાર લીટીનું. **'એવો નિયમ છે.'** એમ કહે છે જોયું? છેલ્લે. એ આત્મા વસ્તુ સ્વભાવને જાણતો યથોક્ત કહ્યો તેવો શુદ્ધ ચૈતન્ય વસ્તુ એને જાણતો જ્ઞાની, એને જાણતો ધર્મી. વળી કોઈ કહે કે જ્ઞાની જુદા અને ધર્મી જુદા એમ કહે. જ્ઞાની તો બહુ જ્ઞાન હોય એને જ્ઞાની કહે. ... ધર્મી કહેવાય. ધર્મ એવો જે વસ્તુનો ત્રિકાળી સ્વભાવ એની જે દૃષ્ટિ થઈ તેને ધર્મી કહીએ. તો એ ધર્મી વસ્તુસ્વભાવથી પોતામાં શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો નથી. આહા..હા..!

**'તેથી રાગ-દ્વેષ-મોહ...'** વિષય-વાસના આદિ **'ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો**

**નથી અને પર વડે પણ પરિણમાવાતો નથી,...'** આહા..હા..! પોતાની મેળે એ પરિણમતો નથી તેથી કર્મનું નિમિત્ત આવીને એને પરિણમાવી દે વિકારને એને ભાવ પોતાનો નથી ભલે વિકારપણે પરિણમવાનો, પણ બીજો પરિણમાવી દે, નિમિત્તને પર દ્વારા વિકાર થાય એમ નથી. ઈ પર વડે પણ. એમ પણ કેમ કીધું? તેથી સ્વભાવને તે ચીજને જાણી છે. જાણી છે એમાંથી ખસે કેમ? ખસે અને .. પોતે પરવડે પણ પોતે પરિણમતો નથી તે પર વડે પણ પરિણમાવાતો નથી. ચાલે છે હોં આમ તો. ... નથી આવતું. ચાલે છે. ... છેને ... ઈ ચાલે છે.

**'રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે...'** પોતે શુદ્ધ છે એમ જાણીને, અનુભવીને એટલે શુદ્ધ પોતાની મેળાએ રાગરૂપે કેમ થાય? આહા..હા..! **'અને પર વડે પણ પરિણમાવાતો નથી,...'** તેથી તે પર વડે પરિણમાવાય એમ પણ નથી. પરિણમતો નથી પર વડે પરણમાવે શી રીતે? જુઓ, પરદ્રવ્ય વડે પરિણમાવે આમાં ... મોટી ચર્ચા. બિચારા ... વસ્તુની દૃષ્ટિની ખબર ન મળે. વ્યવહારુ શ્રદ્ધાના જ્ઞાનમાં એ ખબર ન મળે. પરમાર્થ અનુભવ તો બીજી વાત રહી. આહા..હા..! કે આ વસ્તુ શુદ્ધ ચૈતન્ય પોતે રાગરૂપે કેમ પરિણમે? જેની અસ્તિ, મોજુદગી પવિત્રતાથી ભરેલી એ પવિત્રતાનું જેને જ્ઞાન થયું એ પવિત્રતાથી ખસીને વિકાર અપવિત્રપણે કેમ થાય? અપવિત્ર ન થાય તો બીજા પણ એને અપવિત્ર કાંઈ કરાવાતું નથી. આહા..હા..! એવા ગહન સિદ્ધાંતો એમ કહે છે નહિ? ... છે. વસ્તુની સ્થિતિ જ આવી છે એમ કહે છે.

**'પરિણમાવાતો નથી, માટે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની...'** લ્યો, ધર્મી એકરૂપ ચિદાનંદ ઘન આનંદકંદ. ટંકોત્કીર્ણ એટલે જેવો છે એવો અનાદિનો છે. એવો **'એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની...'** એક જ્ઞાયકભાવસ્વરૂપ જુઓ, એકરૂપ જ્ઞાયકસ્વભાવરૂપવાળો આત્મા એવો જે ધર્મી. આહા..હા..! એક જ્ઞાયકસ્વભાવવાળો ધર્મી હોવાથી એમ કહે છે જોયું? ભેદવાળો રાગવાળો એમ ન કહ્યું. આહા..હા..! પર્યાયમાં એનો ભાવ એક જ્ઞાયકસ્વભાવ છે એમ જાણ્યું છે. આહા..હા..!

**'એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો અકર્તા જ છે...'** એ રૂપે પરિણમતો નથી માટે તે અકર્તા છે. આહા..હા..! **'એવો નિયમ છે.'** ભાષા જુઓ, સંસ્કૃત છેને? **'नामकर्तैवेति प्रतिनियमः'** જોયું? ... પ્રતિનિયમ. પ્રતિનિયમ છે. .. એવો વસ્તુનો નિયમ છે. એવો જ એનો સ્વભાવ એજ રૂપે વસ્તુનું સ્વરૂપ નિયમ એનો એ જ છે. જુઓ આ નિયમ. આવો તો એનો નિયમ છે કહે છે. આહા..હા..! બહુ સરસ વાત છે. વસ્તુની સ્થિતિ આ છે.

ભાવાર્થ. ઓલામાં પોણો કલાક તો થયો એમાં. .. થોડુંક રહ્યુંને. એનું સ્પષ્ટિકરણ છે

આ. .. કહ્યું એ ગાથામાં. '**આત્મા જ્ઞાની થયો ત્યારે...**' એટલે કે જ્ઞાની વસ્તુ તો જ્ઞાનરૂપ છે. પણ પર્યાયમાં જ્યારે જ્ઞાની થયો ત્યારે. એમ કહ્યુંને? વસ્તુ તો જ્ઞાની જ છે. એ ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ જ છે એનું. '**આત્મા જ્ઞાની થયો ત્યારે...**' એટલે પર્યાયમાં આવ્યો. પર્યાયમાં જણાણું ત્યારે '**વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો...**' આહા..હા..! ભગવાન આત્મામાં વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો 'કે '**આત્મા પોતે તો શુદ્ધ જ છે...**' આહા..હા..! આ .. ભાષા. ભાઈમાં લખ્યું છેને સોગાનીમાં. ... લાલભાઈને બતાવ્યું હતું. '**દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે,...**' અપરિણમનસ્વરૂપ એ વિકારી તો સ્વરૂપ જ નથી. દ્રવ્યદૃષ્ટિએ, દ્રવ્યદૃષ્ટિ થઈ (તો) આ વિકારી રૂપ જ નથી. આહા..હા..! ઈ અપેક્ષાએ વિકાર પરિણમ્યો છે એમ કહ્યું છે. .. અપરિણમનસ્વરૂપ તે ધ્રુવ ... અહીં તો એમ કહ્યું કે દ્રવ્યદૃષ્ટિએ અપરિણમ્યો છે. વસ્તુદૃષ્ટિએ તો વિકારરૂપે પરિણમે એવું સ્વરૂપ નથી એમ.

'**દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે, પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે';...**' ભાષા જુઓ, આહા..હા..! વસ્તુ, વસ્તુ છે એવી દૃષ્ટિ થઈ તો એ દ્રવ્યદૃષ્ટિએ તો વિકારરૂપે થવું એ વસ્તુમાં છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? પર્યાયની અપેક્ષાએ દ્રવ્ય ધ્રુવ અપરિણમન છે એ બીજી વાત છે. એવું છે. એમાં ... કાલે કાઢ્યું હતુંને ઓલા .. કે દ્રવ્યદૃષ્ટિ એટલે દ્રવ્ય શુદ્ધ ચૈતન્યઘન છે એવી દૃષ્ટિએ વિકારપણે થવું એ વસ્તુના સ્વરૂપમાં જ નથી. આહા..હા..! વિકારપણે દયા, દાનના વ્રતના ભાવપણે થવું એ તો વસ્તુના સ્વરૂપમાં જ નથી. સમજાણું કાંઈ? એ તો આવે છેને ત્યાં દ્રવ્ય ધ્રુવ છે તે પર્યાયરૂપે પરિણમતું જ નથી. એ બીજી વાત છે. આ છે તે દ્રવ્યદૃષ્ટિએ રાગરૂપે થતી નથી એ પરિણમન છે. દ્રવ્યની વાત છે. ... આ તો દ્રવ્ય જે વસ્તુ છે એ પર્યાયપણે નિર્મળપણે પણ થતી નથી. રાગપણે તો નહિ પણ પર્યાયપણે થતી જ નથી. કોઈ પર્યાયપણે થતી જ નથી. એ બીજી ચીજ. આ તો દ્રવ્યદૃષ્ટિએ દ્રવ્યની દૃષ્ટિ થતાં પર્યાયમાં વિકારપણે પરિણમતો જ નથી. સમજાણું?

.. દ્રવ્યની અપેક્ષા આવી. નારણભાઈ ગયા હતાને ... નિમિત્ત આ કહે છે આ તો. વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન એની જ્યાં દૃષ્ટિ થઈ એ પર્યાયમાં પરિણમન થયું. એ વિકારપણે પરિણમતો નથી માટે અપરિણમન છે. વિકારપણે પરિણમતો નથી માટે અપરિણમન છે. આહા..! સમજાણું કાંઈ? "**આત્મા પોતે તો શુદ્ધ જ છે – દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે, પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી...**' લ્યો. બેયની વાત અહીંયાં છે. અવસ્થામાં લક્ષ છે જેનું એટલે પર્યાયદૃષ્ટિ જ છે. પર્યાયબુદ્ધિ જેની છે એ પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યનો.. રાગાદિરૂપે પરિણમે છે એનું એને .. ભાન નથી લ્યો. પરિણમતું નથી એવું આમાંથી ન નીકળે. કહો, પંડિતજી! સમજાણું કાંઈ? એમાં જે હોય ઈ પ્રમાણે જાણવું જોઈએને. ... બંધ કરે.

'**શુદ્ધ જ છે...**' એટલે '**દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે,...**' અશુદ્ધપણે પરિણમવું

એમ છે નહિ. પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી જેની દૃષ્ટિ પર્યાય ઉપર છે ત્રિકાળ દ્રવ્ય ઉપર નથી. શુદ્ધનો સ્વીકાર નથી એવી પર્યાયદૃષ્ટિવાળાને પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપ પરિણમે છે. કારણ કે એની નિમિત્ત ઉપર દૃષ્ટિ પડીને? અને એ શુદ્ધ ઉપાદાન ઉપર તો દૃષ્ટિ નથી. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ અમાં? ઝીણું પડે છે? એય..! ગીરધરભાઈ! હળવે-હળવે લેવાય છે આ. આહા..હા..! ... ચૈતન્યજ્યોત ભગવાન આત્મા એવી જ્યાં દૃષ્ટિ થઈ એને અશુદ્ધ પરિણમન કેમ હોય?

'**પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી...**' એની દૃષ્ટિ પર્યાય ઉપર જામી છે. એને પરદ્રવ્યના નિમિત્તથી વિકારપણે પરિણમે છે. ... '**પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે**';...' એમ કહેતા પર્યાયદૃષ્ટિએ એમ કીધું છે. જોર ત્યાં છે. પરદૃષ્ટિના નિમિત્તથી પરિણમ્યો એ કરતા આમ છે. ... કરી જુઓને ભાષા. પર્યાયદૃષ્ટિએ, અવસ્થાદૃષ્ટિએ. તો અવસ્થાદૃષ્ટિએ તો એને દ્રવ્યસ્વભાવ તો છે નહિ. એટલે '**પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે**';...' આહા..હા..! આ વાત ત્યાં હતી ગીરધરભાઈ? આહા..હા..! જે સ્પષ્ટતા જોઈએ જ્ઞાનની તે છે નહિ ને આ બધું કરવું ને આ કરવું. ભગવાનની ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો, દયા પાળો. હાથમાં પાત્રા લઈને જાઓ. ... દયા પળી. આહા..હા..! વીતરાગ માર્ગને ક્યાંક ફેરવી નાખ્યો.

કહે છે એ તો રાગનો કર્તા થાય છે એ તો પર્યાયદૃષ્ટિવાળો એનું લક્ષ પર ઉપર જાય છે. ..પણાનો જે ત્રિકાળી સ્વભાવ તે દૃષ્ટિમાં છે નહિ. એનું હુંપણું પર્યાય અને રાગ ઉપર છે. એના હુંપણામાં તો આ છે. આહા..હા..! એ વસ્તુ તો પરદ્રવ્યના નિમિત્તે રાગાદિરૂપે પરિણમે પોતે. જોયું? માટે પેલું તો નિમિત્ત કીધું, પોતે અશુદ્ધપણે પરિણમે છે. સમજાણું? અશુદ્ધપણે પોતે પરિણમે છે. કેમકે એને શુદ્ધની દૃષ્ટિનો તો અભાવ છે અને પર્યાય દૃષ્ટિ છે એ તો અશુદ્ધ દૃષ્ટિ જ છે. આહા..! અને તેથી તે અશુદ્ધપણે તે વિકારપણે પરિણમે છે. પરદ્રવ્યના નિમિત્તથી એનો અર્થ ઉપાદાનથી આ. એમ. ... પરલક્ષ થવાનું છેને? અને એના નિમિત્તથી પોતે અશુદ્ધપણે પરિણમે છે. નિમિત્તને લઈને પરિણમે છે એમ નહિ. નિમિત્તની હયાતી છે. પણ પોતે આમ પરિણમે છે એ વાત છે. આહા..હા..!

'**માટે હવે જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી,...**' એ ગાથાનો અર્થ કર્યો. '**માટે હવે જ્ઞાની પોતે તે ભાવોનો...**' તે ભાવ એટલે રાગાદિ. '**કર્તા થતો નથી, ઉદયો આવે તેમનો જ્ઞાતા જ છે.**' ભાષા જુઓ. ભાવ તો છે સાધક છે એટલે. એનો જ્ઞાતા છે. વ્યવહાર.. રાગ આવે છે વ્યવહારરત્નત્રયનો. એને પોતામાં રહીને એને જાણે છે. એ તો કહે શુદ્ધ છે એમાં રહીને એને જાણે છે એમ કહે. એવી વસ્તુની સ્થિતિ છે. '**પોતે તે ભાવોનો...**' એટલે વિકારનો. '**કર્તા થતો નથી,...**' છે એમ વ્યવહારથી બતાવ્યું. '**ઉદયો**

**આવે તેમનો જ્ઞાતા જ છે.'** આહા..હા..! જ્ઞાનમાં તે રાગાદિ હોય તો જાણે પણ કર્તા થઈને કરે છે એમ છે નહિ. અહીં તો કર્તા થતો નથી વાત આવી ... પહેલેથી એ નથી. આહા..હા..! રાગાદિ અજીવ છે એમ કીધુંને. અજીવને જીવ કેમ કરે? એ અજીવ દષ્ટિવાળો એટલે પર્યાયદષ્ટિવાળો રાગને કરે. આહા..હા..! ચૈતન્યદષ્ટિવાળો અચેતનને કેમ કરે? એ રાગ અને પર્યાયબુદ્ધિ જે અચેતન દષ્ટિ જેની છે. આહા..હા..! એ અજીવને કરે. અધિકાર .. કર્તા અને કર્મ બધું સિદ્ધ કર્યું છે. ગજબ વાત છે. કર્તાકર્મનો આખો અધિકાર જીવ-અજીવમાં એ, બંધમાં એ, પુણ્ય-પાપમાં એ.. આહા..હા..! આસ્રવમાં એ. સર્વવિશુદ્ધમાં લઈ ગયા છે. આહા..હા..! મોટો ગોટો ત્યાં છેને. ...

**'આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી...'** લ્યો, હવે આવ્યું. આવો શુદ્ધ ચૈતન્યઘન ભગવાન એ દષ્ટિનો વિષયને દષ્ટિમાં લીધો નથી. તે અજ્ઞાનીની દષ્ટિ પર્યાય ઉપર છે. આહા..હા..! હવે આ ગાથાનો અર્થ દિગંબર પંડિતો આવા ગોટા કરે. શ્વેતાંબરમાં તો નિમિત્તપ્રધાન વાત છે જ. આ તો .. આહા..હા..! ... એય..! તમારે .. એમ કહ્યું છે આવ્યા ત્યારે. ... લોકોને ... ભગવાન! આહા..હા..! ક્યાં ગયો ... ... અત્યારે ક્ષુલ્લક છે. ... ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૭૭

(अन्ष्टुभ्)

इति वस्तुस्वभावं स्व नाज्ञानी वेत्ति तेन सः।
रागादीनात्मनः कुर्यादतो भवति कारकः।।१७७।।

'આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી તેથી તે રાગાદિક ભાવોનો કર્તા થાય છે' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક હવે કહે છે :-

શ્લોકાર્થ :- [इति स्वं वस्तुस्वभावं अज्ञानी न वेत्ति] એવા પોતાના વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી [तेन सः रागादीन् आत्मनः कुर्यात्] તેથી તે રાગાદિકનો (-રાગાદિભાવોને) પોતાના કરે છે, [अतः कारकः भवति] તેથી (તેમનો) કર્તા થાય છે. ૧૭૭.

**જેઠ સુદ-૧૩, બુધવાર, તા. ૧૩-૦૬-૧૯૭૩**
**ગાથા - ૨૮૧ થી ૨૮૫, કળશ-૧૭૭, પ્રવચન-૪૦૭**

૨૮૦ ગાથા થઈ ઈ. એમાં કળશ છે. આગળ ભવિષ્યમાં થવાનું. **'આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી...'** એટલે કે આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાયકભાવસ્વરૂપ છે એમાં રાગ પણ નથી અને પરનો કાંઈ સંબંધ પણ નથી. એવું એનું સ્વરૂપ આત્માનું છે. એવા વસ્તુના સ્વભાવને. વસ્તુના સ્વભાવને. વસ્તુ જેમ કાયમ છે એમ એમાં જ્ઞાન, દર્શન, આનંદ એવા સ્વભાવો પણ કાયમ નિત્ય છે. એમાં વર્તમાન જે રાગનું નિમિત્ત, કર્મના નિમિત્ત વિકાર. ... બેઠશે ત્યાં. નહિતર ખુરશી છે. પડી જાય.

**'इति स्वं वस्तुस्वभावं अज्ञानी न वेत्ति'** એટલે શું? અનાદિથી આ વસ્તુસ્વરૂપ જે ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન સ્વભાવી વસ્તુ છે, પૂર્ણ આનંદ આદિ સ્વભાવથી ભરેલો પદાર્થ છે ત્રિકાળ. એવા **'स्वं वस्तुस्वभावं स्वं'** પોતાનો જે સ્વભાવ ત્રિકાળ એવા સ્વભાવને **'स्वं वस्तुस्वभावं'** પોતાનો જે વસ્તુસ્વભાવ અજ્ઞાની જાણતો નથી. દ્રવ્યદૃષ્ટિ થઈ નથી એમ કહે છે. અનાદિની. વસ્તુમાં એકલો પૂર્ણ આનંદ જ્ઞાન આદિ અનંત ગુણો પૂર્ણથી એકરૂપ જેનું. એવો જે વસ્તુનો સ્વભાવ કાયમી, અસલી એનું સત્ત્વ એને ન જાણતો અજ્ઞાની.

**'तेन सः रागादीन् आत्मनः कुर्यात्'** વસ્તુનો આ સ્વભાવ છે એ તો જાણતો નથી. એથી વસ્તુસ્વભાવથી વિપરીત એવા પુણ્ય અને પાપ આદિ ભાવ વર્તમાન ક્ષણિક નિમિત્તની ઉપાધિથી થયેલા. નિરૂપાધી સ્વભાવને જાણતો નથી. સમજાણું કાંઈ? ત્રિકાળ આત્મા શુદ્ધ ચૈતન્યઘન એવો એનો સ્વ પોતાનો સ્વભાવ એને ન જાણતા **'તેથી તે રાગાદિકને (-રાગાદિભાવોને) પોતાના કરે છે,...'** ત્રિકાળ સ્વભાવને જાણતો નથી એટલે નિમિત્તના લક્ષે થયેલા વિકાર પરિણામ એ મારા છે એમ પોતાપણું ત્યાં માનવું પડેને એને? જે રીતે પોતે છે એ રીતે જાણવામાં તો આવ્યો નહિ. એથી એને વસ્તુસ્વભાવમાં નથી એવી ચીજ વર્તમાનમાં નિમિત્તને આધારે એક ક્ષણિક દશાના સંયોગને જે રાગાદિ થાય એને પોતાના કરે છે. ઈ પોતે આ છું એમ માને છે. માનીને પરિણમે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

ચૈતન્યસ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ, પરમાત્મસ્વરૂપ એવો એનો સ્વભાવ અસલી, કાયમી

છે, એને ત્રિકાળી દ્રવ્યને ન જાણતા અજ્ઞાની એને જાણતો નથી એટલે આમ એનું લક્ષ પર્યાય ઉપર છે. એટલે એને નિમિત્તને આધીન થયેલા ભાવો એ મારા છે એમ માનીને કર્તા થઈને પરિણમે છે એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા તો વિકલ્પથી શૂન્ય છે. શુભાશુભ રાગ કર્મજન્ય ઉપાધિ. એ સ્વભાવ નથી. અને સ્વભાવનું જે સ્વરૂપ છે એ તો જાણ્યું નથી. એથી એને ક્યાંક પોતાપણે હું છું એવું માનવું તો પડેને? ભલે એને અવ્યક્તપણે કે વ્યક્તપણે એને આ નિમિત્ત આધીન ઉપાધિ જે થાય એ મારા છે. એ પોતાના કરે છે. એટલે પોતાના માને છે. '**તેથી (તેમનો) કર્તા થાય છે.**' જુઓને શું કહ્યું? '**પોતાના કરે છે તેથી (તેમનો) કર્તા થાય છે.**' એમ. પોતે જે સ્વરૂપે છે એનું તો જ્ઞાન નથી, ભાન નથી. બેભાનવાળો અજ્ઞાની આહા..હા..! જે વસ્તુના ત્રિકાળી સ્વભાવમાં નથી એને જાણ્યો નથી. એથી એને વર્તમાનમાં દૃષ્ટિ નિમિત્તાધીન થઈ અને નિમિત્તાધીન જે થતાં રાગાદિ એને પોતાના માને છે. આ હું છું. ત્રિકાળ વસ્તુ છૂટી ગઈ અને આ હું છું. એમ અનાદિનો અજ્ઞાની માને છે. આહા..હા..!

મુમુક્ષુ :- એને ઈ ન માને...

ઉત્તર :- માને છે. ન માને એમ છે જ નહિ. સ્વભાવ જાણ્યો નથી એટલે કાંઈક હું છું માન્યા વિના શી રીતે રહે? એ શ્રદ્ધામાં એમ રાખે પણ શ્રદ્ધામાં રાખે એટલે શું? એ તો ધારણા થઈ. વેદન નથી. કે આ ચૈતન્ય આનંદસ્વરૂપ ત્રિકાળ. ત્રિકાળ વસ્તુ જ છે આખી શુદ્ધ ચૈતન્યઘન એવી જો દૃષ્ટિ હોય તો તો પછી વર્તમાનમાં રાગાદિનું પરિણમન એનું પોતાનું છે એમ માને જ નહિ. સમજાણું કાંઈ? સૂક્ષ્મ તત્ત્વ છે. અનાદિથી ચૈતન્યને સ્પર્શ્યો નથી. એને સ્પર્શ વેદન આખું રાગનું છે એટલે દુઃખનું છે. આહા..હા..! સુખરૂપ આનંદ પ્રભુ અણિન્દ્રિય આનંદસ્વભાવને જાણ્યો નહિ એથી અજ્ઞાની નિમિત્તના ઉપાધિના પ્રસંગમાં જે ભાવ થાય છે. મિશ્રિત છે પણ છતાં એ મારા છે. આ હું નથી એટલે આ હું છું એમ માનીને પોતાના કરે છે તેથી કર્તા થાય છે એમ.

બે વાત લીધીને જુઓને. '**रागादीन् आत्मनः कुर्यात्**' '**अतः कारकः भवति**' ઈ રાગાદિ મારા છે એમ કરે એ માને છે. તેથી એને કરે છે તેથી તે કર્તા થાય છે. આહા..હા..! શાસ્ત્રની ભારે ઝીણી વાતું. પરમાત્મ ચીજ છેને મોટી. આહા..હા..! એજ આત્મા છે. રાગાદિ એ આત્મા ક્યાં છે? એ તો અણાત્મા છે. એ આત્મા જે સ્વરૂપે છે એ રીતે દૃષ્ટિમાં લીધો નથી તેથી એની દૃષ્ટિ વસ્તુના ત્રિકાળ સ્વભાવ ઉપર નથી તેથી એની દૃષ્ટિ નિમિત્તને આધીન થયેલા વિકાર ઉપર છે. તેથી તે '**रागादीन् आत्मनः कुर्यात्**' એમ ભાષા છેને? વિકારના પરિણામને '**आत्मनः**' એટલે પોતાના કરે છે. માને છે કે આ તો મારા. આ હું છું. તેથી તે કર્તા થાય છે. કહો, ભાઈએ પ્રશ્ન કર્યો હતો કે શ્રદ્ધામાં એમ છે કે રાગ મારામાં નથી.

કઈ રીતે? પણ શ્રદ્ધામાં ક્યાં છે? શ્રદ્ધામાં જો ત્રિકાળ હોય સ્વભાવ તો તો દષ્ટિ ત્રિકાળ જ હોય. અને વસ્તુ ઉપર સ્વભાવનો અભાવ ગણે એમ કહે. એટલે એને જાણવામાં જે આવે છે રાગાદિ એ પોતાના કરે છે. આ પોતાના છે એને કર્યા નહિ પોતાના. જે પોતાનો ત્રિકાળ આનંદસ્વભાવ એને પોતાનો કર્યો નહિ એટલે જે ઉપાધિનો ભાવ છે એને પોતાના કર્યા. 'आत्मनः कुर्यात्' છેને જુઓને. 'आत्मनः कुर्यात्' 'आत्मनः' એટલે પોતાના એમ. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! હવે આમાં બાયડી, છોકરા ને કુટુંબ ને વેપાર ને ધંધો તો ક્યાંય રહી ગયો. આહા..હા..!

અહીં તો ચિદાનંદ પ્રભુ પોતાની સમૃદ્ધિની સંપદા પૂર્ણાનંદની છે. એવા સ્વભાવ ઉપર તો દષ્ટિ છે નહિ. એ કહેશે. ગાથામાં કહેશે. અનાદિથી એમ છે એમ કહે. અનાદિથી સંસાર એ સ્વરૂપથી ભ્રષ્ટ થયેલો જ છે. ટીકા કરશે. આ તો એનો ઉપોદ્‌ઘાત છે. અહીં તો '**इति स्वं वस्तुस्वभावं अज्ञानी न वेत्ति**' આ રીતે વસ્તુનો સ્વભાવ અજ્ઞાની ન જાણે, '**न वेत्ति**' એ મારું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્ય છે, આનંદ છે, એકલો જ્ઞાનસ્વભાવની સંપદા પડી છે. એવી ચીજને દષ્ટિ નથી દેતો એથી એની દષ્ટિ રાગાદિ જે ઉત્પન્ન થાય નિમિત્તને આધીન કેમકે વર્તમાન આખું તો ત્રિકાળ તો પડ્યું રહ્યું. આહા..હા..! ત્રિકાળ આનંદસ્વરૂપ ભગવાન તો પડ્યો રહ્યો. હવે ત્રણ કાળમાં વર્તમાનમાં જરી નિમિત્તની ઉપાધી જે થઈ એને પોતાનો માને છે. વર્તમાન દષ્ટિ થઈ. આહા..હા..! રાગને કર્યો અને રાગ મારો. મારો માને તેનો કર્તા થાય. એમ કહે છે. એ સ્વભાવ મારો માને તો સ્વભાવનું પરિણમન થાય. અહીં તો સ્વભાવની તો દષ્ટિ છે જ નહિ. તેથી એની દષ્ટિ વર્તમાન ક્ષણિક રાગ-દ્વેષ વાસના એ વિકાર એમાં એ પોતાના કરે છે, પોતાના માને છે. આ હું છું અને એ મારા છે એમ માને છે અને તેથી તેનો કર્તા થાય છે. આહા..હા..! સૂક્ષ્મ છે.

'**अतः कारकः भवति**' એમ કીધુંને? એક તો રાગાદિ પોતે કરે છે. કર્મને કારણે એમ નહિ. કર્મનું તો નિમિત્તપણું હતું. નિમિત્તને આધીન થયેલો ભાવ એને પોતાનો કરે. અહીં સ્વભાવ ઉપર દષ્ટિ છે એમ છે નહિ. શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ અને આત્મા જ્ઞાતા-દષ્ટા ત્રણ કાળ એનો સ્વભાવ આ છે. એ ઉપર તો દષ્ટિ નથી. આહા..હા..! એથી એ નિમિત્તને આધીન સંયોગીભાવ સ્વભાવથી વિરુદ્ધભાવ સંયોગીભાવ છે. ... એણે સંયોગીભાવ મારા કર્યા, મારા કર્યા છે તેથી કર્તા થાય છે. એમ કીધું. '**सः रागादीन् आत्मनः कुर्यात्**' '**अतः कारकः भवति**' ઓહો..હો..! કહો, સમજાણું? '**તેથી (તેમનો) કર્તા થાય છે.**' એટલે કે એ રૂપે પરિણમે છે. શુદ્ધ સ્વભાવનો અનાદર કરતો પોતે. મૂર્છા થઈ ગઈ છે રાગની એને એમ કહે છે. ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા જેનું વસ્તુનું સ્વરૂપ છે એ તો ત્રિકાળ છે. એ કાંઈ વર્તમાન જ છે એમ છે નહિ. વીતરાગ સ્વભાવ નિત્યાનંદ ધ્રુવ આનંદ પરમાનંદ પૂર્ણાનંદ

એવો તો એનો સ્વભાવ છે. એ સ્વભાવ ઉપર દૃષ્ટિ નહિ હોવાથી. વર્તમાનમાં નિમિત્તને આધીન થયેલા વિકારને પોતાના કરે છે. એટલે કે પોતાના માને. માને એટલે એરૂપે પરિણમે કર્તા થઈને. આહા..હા..! લ્યો આવી વાત છે. એમાં દિગંબર સાધુ હોય, અઠ્યાવીશ મુળગુણ પાળતો હોય, પણ આ વસ્તુસ્વભાવ જે ત્રિકાળ છે તેના ઉપર તો દૃષ્ટિ નથી. એથી એને પંચ મહાવ્રત આદિના જે રાગ, .. ઉપાધિ સંયોગીભાવ નિમિત્તના સંગે થયેલો ઉપાધિ એ ઉપાધિભાવને પોતાના માને એટલે પોતાના કરે, નથી એ માને-કરે, છે એને છોડી દે (છે). આહા..હા..! ભારે વાતું! સમજાણું કાંઈ? આવો પ્રસંગ મનુષ્યપણું મળ્યું એને. સમજવાને ટાણે જો ન સમજ્યો. આહા..હા..! આવો ટાઈમ પાછો મળવો મુશ્કેલ. આહા..હા..! આજે વાંચ્યું ભાઈ એ. છોકરા લાવ્યા હતાને દેવ? દેવાલય શું એ? દેવનાર. કતલખાનું. આમાં આવ્યું છે આપણે જૈનપ્રકાશમાં. એ છોકરા લાવ્યા હતા આપણે વાંચ્યું નહોતું. કતલખાનું. આહા..હા..! ગજબ છે. જૈનપ્રકાશમાં છે. કેટલીવાર ઘેટાં મારે ડુક્કરને તો આમ ઘા મારે આમ. એવો ઘા મારે .. નહિ કેટલાક... હોય એવું ખપે, ફલાણાને આવું ખપે. ઓય મારા! એને આનો મોલવી જ કાપે એવું લખ્યું હતું. ... મારીને થોડું ઓલું નીકળી જાય પછી કાપે તો માંસને ખાય.. કાળા કેર આ હિન્દુસ્તાનમાં. આહા..હા..! એક ઝાટકે મારવો. તો ખપે નહિતર ન ખપે એવું છે. ફલાણાનું આમ છે અને ફલાણાનું આમ છે. અરરર..!

અહીં તો કહે છે કે એક ઝાટકે મારવો મિથ્યાત્વ ઉપર પ્રહાર. આહા..હા..! તારો ભગવાન જાગીને ઉભો થાશે. અરેરે..! એમાં આવું કર્યું નહિ અને આ કરવા. સાંભળીને એમ થઈ જાય માણસને. આહા..હા..! ડુક્કરને મુસલમાન ન મારે .. ત્યાં ન જાય. ભેંસા ને બકરાને કાપવા જાય. એમાં એનો મોલવી જાય. .. કાંઈક. આરે..! ગજબ છેને. અરેરે..! આવા પરિણામમાં એને અહીં આવવું આત્મામાં. આહા..હા..! દુર્લભ છે. એવી ચીજને ઘરમાં વસ્તુ આવી અને જો પ્રમાદ કર્યો તો વસ્તુ નહિ મળે. આહા..હા..! આવા ભવ અને આ વાત. પછી માનમાં તણાઈ જાય. અમે આમ કર્યું. સાંભળને મારા. કોકને વીજળીનો પહેલો (કરંટ) આપે છે. બે ભાન કર્યા પછી કાપે છે. ... જૈનમાં આવ્યું છે. આહા..હા..! એક માણસ કહે કે એ તો .. જોવા ગયો હતો. જોવાય નહિ ત્યાં. એ ડુક્કરને મારે છે એ જોવાય નહિ. એવી રીતે મારે છે. રાડ પાડે.. રાડ પાડે... બીજાને કેટલાકને બેભાન કરે. આહા..હા..! એનું લોહી કહે છે કે આ કાજુ ખારા આવે છેને ખારા? એમાં નાખે છે. એવું કહેતા. ખારા કાજુ. ચોખ્ખા કાજુ નહિ. એમાં કાંઈક લખ્યું છે. ખારા કાજુ ... બિસ્કુટ ખારા. ઓલા ખારા બિસ્કુટ આવે છેને. એમાં નાખે છે ઈ. આહા..હા..!

મુમુક્ષુ :- બટેટાની પતરી ઉપર.

ઉત્તર :- હા એ બટાટાની પતરી. બટાટાની પતરી હોય છેને કરે એમાં એ ... બહુ

સારુ થાય એવું ઘણું લખ્યું છે. આહા..હા..! અરેરે..! ક્યાં ચડી ગયો જીવ! જ્યાં ચડવું હતું ત્યાં ચડ્યો નહિ અને આ રસ્તે ચડી ગયો. આહા..હા..! આ વસ્તુ દુર્લભ છે. આ ચીજ પામવી, સાંભળવી દુર્લભ છે. અરે..! એવામાં આવું આર્ય ક્ષેત્રે. એમાં પણ સાંભળવાનો જોગ હોય એમાં જન્મ. આહા..હા..! આતે કાંઈ વાત છે પ્રભુ! ખ્રીસ્તી અમુક ખાય એમ લખ્યું ભાઈ લ્યો. શીખનું લખ્યું છે શીખનું. શીખ.. ન ખાય.

મુમુક્ષુ :- ઘા તો એક જ મારે.

ઉત્તર :- .. તો એક જ મારે ચોખા. શીખ આ ખાય બધા નહિ? સરદાર-સરદાર. અરરર..! ત્યાં આવ્યો હતો નહિ સરદાર ભાઈ હસમુખનો. ... ત્યાં હસમુખે કારખાનું કર્યું છેને. છોટાભાઈનો. ..નો ભાઈ નાનો. ત્યાં એ હસમુખ... દર્શન કરવા આવ્યો હતો. એકાવન રૂપિયા મૂક્યા પોતે દર્શન કરીને. આવો ખોરાક! અરે..! આ વાત ક્યાં બેસે? કેટલે દરજ્જે જાય ત્યારે એને તો સાંભળવાનું મળે. સાંભળ્યા પછી પણ એને. આહા..હા..! સ્વભાવની શ્રેણીએ ચડવું અને રાગની ધારાને એકકોર મૂકી દેવી. મારી ચીજમાં નથી. આહા..હા..! અહીં આવવું એ તો થઈ રહ્યું. આહા..હા..! અને આ બધા સંસારમાં. આહા..હા..! ભટકવાના રસ્તા. કોની સામું એને જોવું? આહા..હા..!

---

## ગાથા-૨૮૧

रागम्हि य दोसम्हि य कसायकम्मेसु चेव जे भावा।
तेहिं दु परिणमंतो रागादी बंधदि पुणो वि।।२८१।।
रागे च द्वेषे च कषायकर्मसु चैव ये भावाः।
तैस्तु परिणममानो रागादीन् बध्नाति पुनरपि।।२८१।।

यथोक्तं वस्तुस्वभावमजानंस्त्वज्ञानी शुद्धस्वभावादासंसारं प्रच्युत एव, ततः कर्मविपाकप्रभवै रागद्वेषमोहादिभावैः परिणममानोऽज्ञानी रागद्वेषमोहादिभावानां कर्ता भवन् बध्यत एवेति प्रतिनियमः।

---

હવે આ અર્થની ગાથા કહે છે :-

પણ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ જે પ્રણમે, ફરી તે બાંધતો રાગાદિને. ૨૮૧.

ગાથાર્થ :- [रागे च द्वेषे च कषायकर्मसु च एव] રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં (અર્થાત્ તેમનો ઉદય થતાં) [ये भावाः] જે ભાવો થાય છે [तैः तु] તે-રૂપે [परिणममानः] પરિણમતો અજ્ઞાની [रागादीन्] રાગાદિકને [पुनः अपि] ફરીને પણ [बध्नाति] બાંધે છે.

ટીકા :- યથોક્ત વસ્તુસ્વભાવને નહિ જાણતો અજ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી અનાદિ સંસારથી માંડીને ચ્યુત જ છે તેથી કર્મના ઉદયથી ઉત્પન્ન થતા રાગદ્વેષમોહાદિ ભાવોરૂપે પરિણમતો અજ્ઞાની રાગદ્વેષમોહાદિ ભાવોનો કર્તા થતો થકો (કર્મોથી) બંધાય જ છે - એવો નિયમ છે.

ભાવાર્થ :- અજ્ઞાની વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી અને કર્મના ઉદયથી જે ભાવો થાય છે તેમને પોતાના સમજીને પરિણમે છે, માટે તેમનો કર્તા થયો થકો ફરી ફરી આગામી કર્મ બાંધે છે - એવો નિયમ છે.

## ગાથા-૨૮૧ ઉપર પ્રવચન

કહે છે 'હવે આ અર્થની ગાથા કહે છે :-' ૨૮૧.

रागम्हि य दोसम्हि य कसायकम्मेसु चेव जे भावा।
तेहिं दु परिणमंतो रागादी बंधदि पुणो वि।।२८१।।
પણ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ જે પ્રણમે, ફરી તે બાંધતો રાગાદિને. ૨૮૧.

આહા..હા..! 'ટીકા :- યથોક્ત વસ્તુસ્વભાવને નહિ જાણતો અજ્ઞાની...' યથોક્ત-યથા યુક્ત કહ્યો એવો ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ આનંદઘન જ જેનું ત્રિકાળી સ્વરૂપ છે. આહા..હા..! પરંતુ સામાન્ય આપણે વાત લઈએ તો ઉત્પાદ, વ્યય અને ધ્રુવ બે છેને? ઉત્પાદ-વ્યય પર્યાય છે અને ધ્રુવ તે દ્રવ્ય છે. આહા..હા..! એ ધ્રુવમાં પૂર્ણતા છે, ત્રિકાળ છે, એકરૂપતા છે એવો સ્વભાવ છે. આહા..હા..! એ વસ્તુ છે અને એ વસ્તુનો સ્વભાવ આ છે. અબદ્ધસ્પૃષ્ટ અનન્ય, નિયત એવો વસ્તુનો સ્વભાવ વસ્તુ જ એવી છે. આહા..હા..! એવા વસ્તુસ્વભાવને અજ્ઞાની નહિ જાણતો. છેને? 'વસ્તુસ્વભાવને નહિ જાણતો અજ્ઞાની...'

એમ લેવું. '**નહિ જાણતો અજ્ઞાની...**' ટીકા પહેલી લીટી છેને? '**યથોક્ત વસ્તુસ્વભાવને નહિ જાણતો અજ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી...**' અને આ પોતાનો તો શુદ્ધ સ્વભાવ છે કહે છે. આહા..હા..! એ તો છે એ તો શુદ્ધસ્વરૂપી વસ્તુ છે. એને નહિ જાણતો અજ્ઞાની '**અનાદિ સંસારથી માંડીને...**' એ ક્ષણે ચ્યુત છે એમ નહિ. અનાદિથી ચ્યુત છે. આહા..હા..! જેવો શુદ્ધ સ્વભાવ અનાદિ છે એ તો ત્રિકાળ છે. તો આ વસ્તુના સ્વભાવને નહિ જાણતો અનાદિ સ્વભાવથી અનાદિથી ચ્યુત છે, ભ્રષ્ટ છે. આહા..હા..!

'**માંડીને ચ્યુત જ છે...**' આમાં કર્મને લઈને ચ્યુત છે એમ ન આવ્યું. આહા..હા..! મોટી તકરાર આમાં. મોટા પંડિતો મોટા થાય. ગજ ગોથા ખાય ત્યાં ગાગરના ક્યાં ગજા? એય..! બહારના ભણતરમાં વાતું કરે શાસ્ત્રની જાણે મોટા ગજ ગોથા ખાય. કહે છે કે બાપુ! ચીજ તો એવી છે. આહા..હા..! કે ત્રિકાળ ભગવાન આવો સ્વભાવ યથોક્ત, યથાયુક્ત-જેમ કહ્યું તેવું. તેને નહિ જાણતો અજ્ઞાની. એમ. '**શુદ્ધસ્વભાવથી અનાદિ સંસારથી માંડીને ચ્યુત જ છે...**' તેમાં અનાદિથી ખસી ગયો છે. અનાદિથી ખસ્યો '**તેથી કર્મના ઉદયથી ઉત્પન્ન થતા રાગદ્વેષમોહાદિ ભાવોરૂપે પરિણમતો...**' લ્યો, ત્રિકાળ જ્ઞાન અને આનંદ સ્વભાવી ચીજ એને ન જાણતો, કર્મના નિમિત્તથી થયેલા ઉદયથી ઉત્પન્ન થયેલા. સ્વભાવમાંથી ઉત્પન્ન ક્યાં છે ઈ? આહા..હા..!

'**કર્મના ઉદયથી ઉત્પન્ન થતા રાગદ્વેષમોહાદિ...**' અહીંયાં એમ કહે જુઓ, કર્મનો ઉદય આવે એટલે રાગ-દ્વેષ-મોહ થાય જ. એને કરવા જ પડે. આહા..હા..! એમ નથી. અહીં તો એનો સ્વભાવ નથી. તેથી તે કર્મના ઉદયથી થતા ભાવને પોતાના કરે છે એમ કહેવું છે. આહા..હા..! જ્યાં હોય ત્યાં એને ઈ જાતનું અભિમાન હોય છે. અમે આ કર્યું... અમે આ કર્યું... અમે આ કર્યું... આહા..હા..! એ શુભરાગનો પણ અજ્ઞાની આ રીતે કર્તા થાય છે એમ કહે છે. ચૈતન્ય સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ એવી જે ચીજ અનાદિની એમ જ છે ઈ. એને એ ચીજને ન જાણતો અજ્ઞાની. એમ કહ્યુંને? એ શુદ્ધ સ્વભાવથી અનાદિ સંસારથી માંડીને, નિગોદથી માંડીને અનાદિથી. આહા..હા..! '**ચ્યુત જ છે...**' ચ્યુત જ છે. ઓલામાં એય..! ચેતનજી! આ કર્મને લઈને ચ્યુત છે એમ ન કહ્યું. અનાદિનું ... મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છેને અનાદિનો કરનાર. ઈ ચર્ચા ચાલી હતી બહાર. ચર્ચામાં આવી ગયું છે. ભલે અનાદિનો હોય તો કર્મ વિના થાય છે વિકાર? એમ. આવી હતીને ચર્ચા. ખબર છેને. એકવાર ખ્યાલમાં આવી ગઈ હોય પછી એ વાત અંદર રહી હોય.

'**કર્મના ઉદયથી ઉત્પન્ન થતા...**' એમ કહ્યુંને? એટલે સ્વભાવથી ઉત્પન્ન થતા નથી. એમ કહ્યું છે. આહા..હા..! એ '**કર્મના ઉદયથી ઉત્પન્ન થતા...**' પોતાની પર્યાયમાં '**રાગદ્વેષમોહાદિ ભાવોરૂપે...**' એટલે પર્યાયરૂપે, ભાવ તે વિકારી પર્યાય. એ રૂપે

**'પરિણમતો...'** જે સ્વરૂપ શુદ્ધ છે એ રૂપે તો ન પરિણમતો. આવા અશુદ્ધભાવરૂપે પરિણમતો **'અજ્ઞાની રાગદ્વેષમોહાદિ ભાવોનો કર્તા થતો થકો...'** રાગ-દ્વેષ-મોહ, વાસના, વિષય આદિના, શુભ-અશુભભાવ એવી પર્યાયો ઈ ભાવ એના કીધા. ભાવ તો ગુણમાં પણ વપરાય, દ્રવ્યમાં પણ વપરાય, નિર્મળ પર્યાયમાં પણ વપરાય અને મલિન પર્યાયમાં પણ ભાવ (શબ્દ વપરાય). દ્રવ્યભાવ ... ચિત્સ્વભાવાય ભાવાય એ ભાવ દ્રવ્ય છે. ત્યાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે. ઈ ભાવ ઈ ગુણ છે એટલે શુદ્ધ પરિણતિને પણ ભાવ કહે છે. આ અશુદ્ધ પરિણતિને પણ ભાવ કીધો.

રાગ-દ્વેષ-મોહ આદિ વાસના, રતિ, અરતિ, હોંશ, હરખ એવા **'ભાવોનો કર્તા થતો થકો (કર્મોથી) બંધાય જ છે - એવો નિયમ છે.'** લ્યો. બેયમાં નિયમ લીધો. ઓલામાં પણ એમ લીધું. **'એવો નિયમ છે.'** ૮૦માં પણ એમ લીધું. **'એવો નિયમ છે.'** આહા..હા..! આ બેય બેય ગાથામાં એવો નિયમ છે.

જેની નજરું ઉપાધિભાવ ઉપર છે. સ્વભાવભાવ ઉપર નથી તેથી સ્વભાવભાવથી ચ્યુત જ છે અનાદિનો. ચ્યુત થયેલો તે રાગ-દ્વેષ-મોહ જે કર્મના નિમિત્તથી થતા ઉપાધિભાવ એ ઉપાદાન એનું છે. ઓલું નિમિત્ત છે એમાંથી ઉત્પન્ન થતાં **'રાગદ્વેષમોહાદિ ભાવોનો કર્તા થતો થકો...'** કારણ કે જેને પોતાના માન્યા એનો કર્તા થાય જ તે. અને એ કર્તા સ્વતંત્રપણે કર્તા થતો થકો. એ કર્મના નિમિત્તની બળજોરીથી (થાય છે) એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એવા રાગ-દ્વેષ-મોહાદિ મિથ્યાભાવ એવી પર્યાયમાં કર્તા થતો થકો. કર્તા થતો થકો એમ. નવા કર્મોથી બંધાય છે. **'બંધાય જ છે - એવો નિયમ છે.'** આ બંધ અધિકારમાં વ્યવહારને આશ્રયે કર્મબંધન થાય છે એમ કહે છે. પરના આશ્રયે.. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- અજ્ઞાની વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી...'** યથાર્થ શબ્દ મૂક્યો છે. ધારણામાં હોય એને જ્ઞાનીઓનું સાંભળીને શાસ્ત્રનું. શાસ્ત્ર વાંચતો હોય, અગિયાર અંગ ભણ્યો હોય, પણ યથાર્થ વસ્તુના સ્વભાવને જાણતો નથી. અને એનો નિર્ણય યથાર્થ વસ્તુના અનુભવથી થાય યથાર્થ નિર્ણય. સમજાણું કાંઈ? પણ જે વસ્તુ છે એવી દૃષ્ટિમાં આવી અને વેદનમાં આવી ત્યારે એનો કર્તા-સ્વભાવનો થાય. અજ્ઞાનીને ખબર નથી. આહા..હા..! અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો. ભણી ભણીને કાઢ્યું છે આ. રાગને વેદવું અને રાગને કરવું એ મારું સ્વરૂપ છે. કેમકે રાગથી રહિત સ્વરૂપ છે એ તો દૃષ્ટિમાં આવ્યું નથી. એથી એને રાગનો, સંયોગીભાવનો કર્તા, પરિણમતો થકો કર્તા થાય છે એમ કીધું છેને?

**'તેમને પોતાના સમજીને પરિણમે છે,...'** .. પરિણમતો થકો.. **'પોતાના સમજીને પરિણમે છે માટે તેમનો કર્તા થયો થકો ફરી ફરી આગામી કર્મ બાંધે છે...'** આહા..હા..!

બંધાય એને બાંધે એમ કહેવામાં આવે લ્યો. ભાવને આ કરતો, કર્મ તો એને કારણે બંધાય છે, પણ એ નિમિત્ત સંબંધ થઈ ગયોને ત્યાં? એ નિમિત્તથી ઉપાધિ થઈ એનો કર્તા થયો એ નવા બંધને પણ આ નિમિત્ત થયો. કર્મને બાંધે છે એમ કહેવામાં આવે છે. હવે એકકોર કહે કર્મને આત્મા બાંધે નહિ, કર્મને છોડે નહિ. કારણ કે કર્મ જડ છે. જડને આત્મા અજ્ઞાની કર્મ બાંધે નહિ. આહા..હા..! ઈ અપેક્ષા કીધી એને સમજવી જોઈએ. એને આમ થાતું નથી એટલે નિર્જરા અને સંવર નથી. એથી એને બાંધે છે જીવ કર્મ નવાને. એમ કહેવામાં આવે છે. ઓલું આમ એકત્વ થાય છે ત્યારે આ નવા કર્મને બાંધે છે. એકત્વવિભક્ત '**એવો નિયમ છે.**' લ્યો. એ તો ટીકામાં હતો એ અર્થ કર્યો.

## ગાથા-૨૮૨

ततः स्थितमेतत् -

रागम्हि य दोसम्हि य कसायकम्मेसु चेव जे भावा।
तेहिं दु परिणमंतो रागादी बंधदे चेदा।।२८२।।
रागे च द्वेषे च कषायकर्मसु चैव ये भावाः।
तैस्तु परिणममानो रागादीन् बध्नाति चेतयिता।।२८२।।

य इमे किलाज्ञानिनः पुद्गलकर्मनिमित्ता रागद्वेषमोहादिपरिणामास्त एव भूयो रागद्वेषमोहादिपरिणामनिमित्तस्य पुद्गलकर्मणो बन्धहेतुरिति।

''તેથી આમ ઠર્યું (અર્થાત્ પૂર્વોક્ત કારણથી નીચે પ્રમાણે નક્કી થયું)'' એમ હવે કહે છે :-

એમ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ આત્મા પરિણમે, તે બાંધતો રાગાદિને. ૨૮૨.

ગાથાર્થ :- [रागे च द्वेषे च कषायकर्मसु च एव] રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં (અર્થાત્ તેમનો ઉદય થતાં) [ये भावाः] જે ભાવો થાય છે [तैः तु] તે-રૂપે [परिणममानः] પરિણમતો થકો [चेतयिता] આત્મા [रागादीन्] રાગાદિકને [बध्नाति] બાંધે છે.

ટીકા :- ખરેખર અજ્ઞાનીને, પુદ્‌ગલકર્મ જેમનું નિમિત્ત છે એવા જે આ રાગદ્વેષમોહાદિ પરિણામો છે, તેઓ જ ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત જે પુદ્‌ગલકર્મ તેના બંધનું કારણ છે.

ભાવાર્થ :- અજ્ઞાનીને કર્મના નિમિત્તે જે રાગદ્વેષમોહ આદિ પરિણામો થાય છે તેઓ જ ફરીને આગામી કર્મબંધનાં કારણ થાય છે.

## ગાથા-૨૮૨ ઉપર પ્રવચન

'''તેથી આમ ઠર્યું...' આહા..હા..! '(અર્થાત્ પૂર્વોક્ત કારણથી નીચે પ્રમાણે નક્કી થયું)''' હવે નક્કી આ થયું કહે છે. ૨૮૨.

रागम्हि य दोसम्हि य कसायकम्मेसु चेव जे भावा।
तेहिं दु परिणमंतो रागादी बंधदे चेदा।।२८२।।

ઓલામાં 'रागादी बंधदि पुणो वि' એમ હતું. ૮૧માં. 'रागादी बंधदि पुणो वि' અહીં 'रागादी बंधदे चेदा' આહા..હા..! રાગથી બંધાય છે ઈ ભાવમાં છે અને એમાંથી નવો બંધ પડે છે એ દ્રવ્યમાં છે. એમ છે. રાગાદિનો બંધ જે છે એ તો ભાવબંધ છે. પણ એનાથી નવું બંધાય છે એવો પરને નિમિત્ત થાય છે. નૈમિત્તિક તો એની અવસ્થા છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સ્વભાવમાં સંબંધ નથી એની સાથે કાંઈ. એથી એ તો રાગ-દ્વેષ કરીને પરની સાથે ... નિમિત્ત થાય છે. એ નિમિત્ત થાય છે એટલે બાંધે છે એમ વ્યવહારથી કહેવાય છે. એ ૮૧ થઈને? ૮૨. ૮૨ એક જ છેને?

એમ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ આત્મા પરિણમે, તે બાંધતો રાગાદિને. ૨૮૨.

એનો ખુલાસો કર્યો છે. ઓલામાં એમ કીધું હતુંને કર્તા થતો કર્મથી બંધાય છે. એમ કહ્યું હતું. એનો ખુલાસો કર્યો છે.

'ખરેખર અજ્ઞાનીને,...' આહા..હા..! 'પુદ્‌ગલકર્મ જેમનું નિમિત્ત છે એવા જે આ રાગદ્વેષમોહાદિ પરિણામો છે,...' દેખો, પરિણામ તો નૈમિત્તિક જીવના છે અજ્ઞાનભાવમાં. કર્મ તો એમાં નિમિત્ત હતું. 'ખરેખર અજ્ઞાનીને, પુદ્‌ગલકર્મ જેમનું નિમિત્ત છે એવા જે આ રાગદ્વેષમોહાદિ...' એમ. જેમનું નિમિત્ત છે એવા રાગ-દ્વેષ-મોહાદિ પરિણામ છે.

જુઓ, અહીં તો ચોખ્ખું કર્યું. પુદ્‌ગલ કર્મ ફક્ત નિમિત્ત છે. એવા **'રાગદ્વેષમોહાદિ પરિણામો છે, તેઓ જ ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત જે પુદ્‌ગલકર્મ તેના બંધનું કારણ છે.'** આહા..હા..! નવો જે બંધ પડે એ **'રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત...'** નિમિત્ત છેને? જ્યાં સુધી છે ત્યાં સુધી તો નિમિત્ત છે. જે રાગમોહાદિ પરિણમે છે. પરિણામો છે એમ કીધું. એવા **'જે રાગદ્વેષમોહ આદિ પરિણામો થાય છે તેઓ જ ફરીને...'** રાગ-દ્વેષ-મોહ આદિ પરિણામની વાત લીધીને ત્યાં? આહા..હા..!

**'ખરેખર અજ્ઞાનીને, પુદ્‌ગલકર્મ જેમનું નિમિત્ત છે એવા જે આ રાગદ્વેષમોહાદિ પરિણામો છે,...'** એમ સિદ્ધ કર્યુંને? **'તેઓ જ ફરીને...'** ઈ પરિણામ જ ફરીને **'રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત જે પુદ્‌ગલકર્મ તેના બંધનું કારણ છે.'** વ્યવહાર પુદ્‌ગલ કર્મ બંધાય એ રાગ-દ્વેષ-મોહનું નિમિત્ત છે. એવા પુદ્‌ગલ કર્મને એ નિમિત્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક-એક બોલનો .. ન મળે ત્યાં સુધી ... આહા..હા..! અને ખોટાને સાચું કરવા મથે તો ખોટું-ખોટું થાય બધે. અહીં તો એ કહે છે પરિણામ તો એના પોતાના છે. પુદ્‌ગલ કર્મ તો નિમિત્ત છે એમ કીધું.

**'તેઓ જ ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત...'** જ્યાં સુધી એની દૃષ્ટિ ત્યાં છે ત્યાં સુધી નવું જે કર્મ બંધાય એ ભવિષ્યમાં રાગ-દ્વેષ-મોહ થવામાં નિમિત્ત છે. કરે જે રાગ-દ્વેષ-મોહ એને એ નિમિત્ત છે. એવા કર્મને ઈ કારણ થાય છે. આવા કર્મનું તેના બંધનું, આવા પુદ્‌ગલ કર્મ તેના બંધનું કારણ છે. લ્યો. હવે ભાઈ આવું શું થોડું જાણવું ન હોય તો શું છે? થોડાની ક્યાં વાત છે? આ તો મૂળ વસ્તુની જ વાત છે. લાંબી વાત ક્યાં છે? જે આત્મા રાગ-દ્વેષ-મોહ કરે છે એમાં પૂર્વના કર્મ નિમિત્ત છે. એ કહ્યું છે આમાં. કર્મના ઉદયથી ઉત્પન્ન થતાં એમ કીધું ત્યાં. નિમિત્ત છે અને અહીં થતાં એમ કહ્યું છે. અને અહીં પાછું કહ્યું કે એ નિમિત્ત છે એવા જે આ રાગ-દ્વેષ-મોહાદિ પરિણામો છે **'તેઓ જ ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત...'** એ પુદ્‌ગલ કર્મ. .. પૂર્વના કર્મના નિમિત્તે રાગ-દ્વેષ થયા અને એ રાગ-દ્વેષ-મોહ થયા તે નવા કર્મનું નિમિત્ત છે. નવું કર્મ ક્યું છે? એ રાગ-દ્વેષ-મોહ કરે એમાં નિમિત્ત થશે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પુદ્‌ગલકર્મ તેના બંધનું...'** હવે પુદ્‌ગલ કર્મ તો એને કારણે ત્યાં બંધાય છે. એનું આ અજ્ઞાની રાગ-દ્વેષ-મોહાદિ પરિણામ એનું એ નિમિત્ત થાય છે. ત્રણ વાત લીધી. એ જીવને રાગ-દ્વેષ-મોહ થાય એમાં જૂના કર્મનો ઉદય નિમિત્ત. એ ત્યારે નિમિત્ત એટલે પોતાનું એમ. પોતાને કારણે થયું. ઓલું નિમિત્ત થયું. તો એ રાગ-દ્વેષ-મોહ પરિણામો નવા કર્મ જે બંધાય એ કેવા છે નવા કર્મ? કે ભવિષ્યમાં રાગ-દ્વેષ-મોહ કરે એને નવા કર્મનો ઉદય નિમિત્ત થાય. એ રાગ-દ્વેષ-મોહનો ઉદય એને કરાવે એમ નહિ. સમજાણું કાંઈ? તેથી એમ

કહ્યુંને?

**'રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત જે પુદ્‌ગલકર્મ તેના બંધનું કારણ છે.'** એ તો ત્યાં પણ કીધું. ભવિષ્યમાં પણ જે રાગ-દ્વેષ-મોહ કરે એને આ રાગ-દ્વેષ-મોહના પરિણામથી બંધ થયો એના બંધના કારણમાં રાગ-દ્વેષ-મોહ, પણ એ બંધ છે એ ભવિષ્યમાં રાગ-દ્વેષ-મોહ કરે એને નિમિત્ત થાય. આહા..હા..! નિમિત્ત ઈ તો કરે તો નિમિત્ત થાય એમ કહ્યુંને? નિમિત્ત થાય એટલે નિમિત્ત થાયને? એ કર્મનો ઉદય આવ્યો માટે રાગ-દ્વેષ-મોહ થાય જ એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- અજ્ઞાનીને કર્મના નિમિત્તે જે રાગદ્વેષમોહ આદિ પરિણામો થાય છે...'** નિમિત્તે થાય છે એટલે જોર આપે ત્યાં? ભાઈ! નિમિત્તે થાય છે એમ કીધું છેને? વસ્તુમાં ક્યાં છે? એ તો એ નિમિત્તે થાય છે. નિમિત્તે થાય એટલે કરે છે પોતે. સ્વભાવને ભૂલીને. એ તો કહ્યું સ્વભાવથી ચ્યુત થયેલો. આહા..હા..! ગાથાના અર્થ હવે આ સમયસારને .. શું કહેવાય તમારે? ... પરીક્ષા હતી. સમયસાર. એનું આમાંથી આપ્યું છે લ્યો. હવે ઈ આ બધા પરીક્ષા લેનારા કેવા હશે? આહા..હા..! સમયસાર એટલે આહા..હા..! સમયસારની પરીક્ષામાં પાસ થયો એ તો મોક્ષગામી થઈ ગયો. આહા..હા..! આ ધારણાના જ્ઞાનમાં પાસ થયો તો આડાઅવળા ખોટા પાડે. આહા..હા..!

**'અજ્ઞાનીને કર્મના નિમિત્તે જે રાગદ્વેષમોહ આદિ પરિણામો થાય છે...'** સ્વભાવથી થતા નથીને એમ કહેવું છે. ઉપાધિ છેને નિમિત્ત આધીન છે એ. આ બાજુ ત્રિકાળ સ્વભાવનો .. ત્રણ કાળ, ત્રણ લોકનો સ્વભાવ એનો. એ છે નહિ એમાં. એક વર્તમાન .. નિમિત્ત થનારા કર્મનો ઉદય અને આ નૈમિત્તિક કરનારા એને ઓલા નિમિત્ત કહેવામાં આવે છે. **'તેઓ જ ફરીને આગામી કર્મબંધનાં કારણ થાય છે.'** લ્યો, તેઓ જ ફરીને આગામી કર્મબંધના કારણ થાય છે લ્યો. ઈ વળી શું કહ્યું? જે બંધાણો એના .. પરિણામ છે. આહા..હા..! કર્મથી થાય એમ માનો પછી આપણે ચર્ચા કરીએ. આહા..હા..! પરદ્રવ્યથી જીવને નુકસાન થાય. પરદ્રવ્ય નુકસાન કરે એમ ત્રણ લોકના નાથ તીર્થંકર એમ કહે છે. કાગળ આવ્યો હતોને. છઠ્ઠી સાલમાં આવ્યો હતો. ત્રિલોકના નાથ ઉપકારી પુરુષ ભગવાને એ કર્મને લઈને રખડે એમ કહ્યું છે.

મુમુક્ષુ :- એ તો ... જ્ઞાનને લઈને...

ઉત્તર :- એ આત્માના સ્વભાવથી રખડે? એ તો કર્મને એટલે પોતાના સ્વભાવથી ચ્યુત થઈને ભ્રષ્ટ થયો એવા વિકારભાવને કરે છે, વિકારભાવ કર્મનું નિમિત્ત છે. આહા..હા..! મોટા વાંધા.

**'અજ્ઞાનીને કર્મના નિમિત્તે જે રાગદ્વેષમોહ આદિ પરિણામો થાય છે તેઓ જ ફરીને આગામી કર્મબંધનાં કારણ થાય છે.'** આહા..હા..! ઈ પરિણામ કહ્યા ઈ.

## ગાથા-૨૮૩ થી ૨૮૫

कथामात्मा रागादीनामकारक एवेति चेत् -

अप्पडिकमणं दुविहं अपच्चखाणं तहेव विण्णेयं।
एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।।२८३।।
अप्पडिकमणं दुविहं दव्वे भावे अपच्चखाणं पि।
एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।।२८४।।
जावं अप्पडिकमणं अपच्चखाणं च दव्वभावाणं।
कुव्वदि आदा तावं कत्ता सो होदि णादव्वो।।२८५।।
अप्रतिक्रमणं द्विविधमप्रत्याख्यानं तथैव विज्ञेयम्।
एतेनोपदेशेन चाकारको वर्णितश्चेतयिता।।२८३।।
अप्रतिक्रमणं द्विविधं द्रव्ये भावेपि प्रत्याख्यानम्।
एतेनोपदेशेन चाकारको वर्णितश्चेतयिता।।२८४।।
यावदप्रतिक्रमणमप्रत्याख्यानं च द्रव्यभावयोः।
करोत्यात्मा तावत्कर्ता स भवति ज्ञातव्यः।।२८५।।

आत्मात्मना रागादीनामकारक एव, अप्रतिक्रमणाप्रत्याख्यानयोर्द्वैविध्योपदेशान्यथानुपपत्तेः। यः खलु अप्रतिक्रमणाप्रत्याख्यानयोर्द्रव्यभावभेदेन द्विविधोपदेशः स, द्रव्यभावयोर्निमित्तनैमित्तिकभावं प्रथयन्, अकर्तृत्वमात्मनो ज्ञापयति। तत एतत् स्थितं–परद्रव्यं निमित्तं, नैमित्तिका आत्मनो रागादिभावाः। यद्येवं नेष्येत तदा द्रव्याप्रतिक्रमणाप्रत्याख्यानयोः कर्तृत्वनिमित्तत्वोपदेशोऽनर्थक एव स्यात्, तदनर्थकत्वे त्वेकस्यैवात्मनो रागादिभावनिमित्तत्वापत्तौ नित्यकर्तृत्वानुषङ्गान्मोक्षाभावः प्रसजेच्च। ततः परद्रव्यमेवात्मनो रागादिभावनिमित्तमस्तु। तथा सति तु रागादीनामकारक एवात्मा। तथापि यावन्निमित्तभूतं द्रव्यं न प्रतिक्रामति न प्रत्याचष्टे च तावन्नैमित्तिकभूतं भावं न प्रतिक्रामति न प्रत्याचष्टे च, यावत्तु भावं न प्रतिक्रामति न प्रत्याचष्टे च तावत्कर्तैव स्यात्। यदैव निमित्तभूतं द्रव्यं प्रतिक्रामति प्रत्याचष्टे च तदैव नैमित्तिकभूतं भावं प्रतिक्रामति प्रत्याचष्टे च, यदा तु भावं प्रतिक्रामति प्रत्याचष्टे च तदा साक्षादकर्तैव स्यात्।

હવે પૂછે છે કે આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે ? તેનું સમાધાન (આગમનું પ્રમાણ આપીને) કરે છે :-

અણપ્રતિક્રમણ દ્વયવિધ, અણપચખાણ પણ દ્વયવિધ છે,
- આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩.
અણપ્રતિક્રમણ બે - દ્રવ્યભાવે, એમ અણપચખાણ છે,
- આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪.
અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણ દ્રવ્યનું, ભાવનું,
આત્મા કરે છે ત્યાં લગી કર્તા બને છે જાણવું. ૨૮૫.

ગાથાર્થ :- [अप्रतिक्रमणं] અપ્રતિક્રમણ [द्विविधम्] બે પ્રકારનું [तथा एव] તેમ જ [अप्रत्याख्यानं] અપ્રત્યાખ્યાન બે પ્રકારનું [विज्ञेयम्] જાણવું; - [एतेन उपदेशेन च] આ ઉપદેશથી [चेतयिता] આત્મા [अकारकः वर्णित] અકારક વર્ણવવામાં આવ્યો છે.

[अप्रतिक्रमणं] અપ્રતિક્રમણ [द्विविधं] બે પ્રકારનું છે - [द्रव्ये भावे] દ્રવ્ય સંબંધી અને ભાવ સંબંધી; [अप्रत्याख्यानम् अपि] તેવી રીતે અપ્રત્યાખ્યાન પણ બે પ્રકારનું છે - દ્રવ્ય સંબંધી અને ભાવ સંબંધી; - [एतेन उपदेशेन च] આ ઉપદેશથી [चेतयिता] આત્મા [अकारकः वर्णितः] અકારક વર્ણવવામાં આવ્યો છે.

[यावत्] જ્યાં સુધી [आत्मा] આત્મા [द्रव्यभावयोः] દ્રવ્યનું અને ભાવનું [अप्रतिक्रमणम् च अप्रत्याख्यानं] અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન [करोति] કરે છે [तावत्] ત્યાં સુધી [सः] તે [कर्ता भवति] કર્તા થાય છે [ज्ञातव्यः] એમ જાણવું.

ટીકા :- આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે; કારણ કે, જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો) અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે. માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે. જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય, અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે. માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો. અને એમ હોતાં, આત્મા રાગાદિકનો અકારક જ છે એમ સિદ્ધ થયું. (આ રીતે જોકે આત્મા રાગાદિકનો અકારક જ છે) તોપણ

જ્યાં સુધી તે નિમિત્તભૂત દ્રવ્યને (-પરદ્રવ્યને) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી (અર્થાત્ જ્યાં સુધી નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ તથા પચખાણ કરતો નથી) ત્યાં સુધી નૈમિત્તિકભૂત ભાવને (-રાગાદિ ભાવને) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી, અને જ્યાં સુધી ભાવને પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી ત્યાં સુધી કર્તા જ છે; જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે જ નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમે છે તથા પચખે છે, અને જ્યારે ભાવને પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે સાક્ષાત્ અકર્તા જ છે.

ભાવાર્થ :- અતીત કાળમાં જે પરદ્રવ્યોનું ગ્રહણ કર્યું હતું તેમને વર્તમાનમાં સારા જાણવા, તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે અને તે પરદ્રવ્યોના નિમિત્તે જે રાગાદિભાવો થયા હતા તેમને વર્તમાનમાં ભલા જાણવા, તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે ભાવ-અપ્રતિક્રમણ છે. તેવી રીતે આગામી કાળ સંબંધી પરદ્રવ્યોની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે દ્રવ્ય-અપ્રત્યાખ્યાન છે અને તે પરદ્રવ્યોના નિમિત્તે આગામી કાળમાં થનારા જે રાગાદિભાવો તેમની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે ભાવ-અપ્રત્યાખ્યાન છે. આમ દ્રવ્ય-અપ્રતિક્રમણ ને ભાવઅપ્રતિક્રમણ તથા દ્રવ્ય-અપ્રત્યાખ્યાન ને ભાવ-અપ્રત્યાખ્યાન--એવો જે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો બે પ્રકારનો ઉપદેશ છે તે દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિકભાવને જણાવે છે. માટે એમ ઠર્યું કે પરદ્રવ્ય તો નિમિત્ત છે અને રાગાદિભાવો નૈમિત્તિક છે. આ રીતે આત્મા રાગાદિભાવોને સ્વયમેવ નહિ કરતો હોવાથી તે રાગાદિભાવોનો અકર્તા જ છે એમ સિદ્ધ થયું. આ પ્રમાણે જોકે આ આત્મા રાગાદિકભાવોનો અકર્તા જ છે તોપણ જ્યાં સુધી તેને નિમિત્તભૂત પરદ્રવ્યનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે ત્યાં સુધી તેને રાગાદિભાવોનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે ત્યાં સુધી તે રાગાદિભાવોનો કર્તા જ છે; અને જ્યાં સુધી રાગાદિભાવોનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે ત્યાં સુધી તે રાગાદિભાવોનો કર્તા જ છે, જ્યારે તે નિમિત્તભૂત પરદ્રવ્યનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કરે ત્યારે તેને નૈમિત્તિક રાગાદિભાવોનાં પણ પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે, અને જ્યારે રાગાદિભાવોનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે ત્યારે તે સાક્ષાત્ અકર્તા જ છે.

## ગાથા-૨૮૩ થી ૨૮૫ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે?' તમે તો કીધું કે આત્મા પોતે તો રાગ કરે નહિ, આત્મા એટલે સ્વભાવ છે એ તો રાગ કરે નહિ. ...

એમ કહ્યું. રાગ-દ્વેષ .. તો છે. ત્યારે એને કર્મનું નિમિત્ત છે. એને બંધ થાય એમાં પણ આ રાગ-દ્વેષના પરિણામ નિમિત્ત છે. ઝીણી ગાથાઓ છે. ૨૮૩, ૮૪, ૮૫ ત્રણ છે નહિ?

**अप्पडिकमणं दुविहं अपच्चखाणं तहेव विण्णेयं।**
**एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।।२८३।।**
**अप्पडिकमणं दुविहं दव्वे भावे अपच्चखाणं पि।**
**एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।।२८४।।**
**जावं अप्पडिकमणं अपच्चखाणं च दव्वभावाणं।**
**कुव्वदि आदा तावं कत्ता सो होदि णादव्वो।।२८५।।**

ઓહો..હો..! સૂક્ષ્મ વાત છે. રચના રચનાર એ .. એમ આવતું પહેલા ... પ્રભુતા પ્રભુ તારી તો ખરી, પ્રભુતા પ્રભુ તારી તો ખરી મુજ રોગ લે હરિ. આહા..હા..! એમાં એ .. નહિ પહેલું? રચના. બસ ઈ રચના કીધી. રચના રચનાર .. એ તો કહ્યું નહોતું. અહીં કહે કે વિકારને રચનારો અજ્ઞાની આત્મા છે. એને કર્મ નિમિત્ત કહેવામાં આવે છે અને એ વિકારનો રચનારો તે નવા બંધન તો એને કારણે એની યોગ્યતાથી થયું છે. એમાં કાળભૂત ક્યાં છે? એને થાય છે ત્યાં નિમિત્ત કહેવાય છે. પરિણામ કારણ કહેવાય છે. આહા..હા..! નિમિત્ત અને ઉપાદાનના ઝઘડા. નિશ્ચય અને વ્યવહારના ઝઘડા એ તો એક જ જાત થઈ ગઈ. અને ક્રમબદ્ધ. આ પાંચના ઝઘડા સોનગઢ સાથે. એટલે કે એના આત્મા સાથે.

ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ. એની સાથે ઝઘડો કરે છે આ જીવ. આહા..હા..! મારામાં વિકાર થાય કર્મને લઈને થાય, મારામાં જે નિશ્ચય થાય એ વ્યવહારને લઈને થાય. અને ક્રમબદ્ધ હોય એકલું તો એકાંત થઈ જાય. નિયતવાદ છે, ભાઈ! લ્યો એણે લખ્યું છેને. દિલ્હીવાળો નહિ?

મુમુક્ષુ :- જ્ઞાનચંદ

ઉત્તર :- હા, એમ કે અરે..! ભગવાન! જાણે છે તો ત્રણે કાળનું. એકલો વર્તમાનને જાણે માટે અર્થ અને એને લઈને બધું જાણે એ વાત તો અનુમાનમાં જાય. એ વસ્તુમાં નથી. આ ક્રમમાં પાછું નિમિત્ત નાખી દીધું. ત્યારે હવે ત્રણ કાળ જાણ્યા એનો અર્થ શું થયો? .. બની ગયું.

મુમુક્ષુ :- આ સોનગઢનું છે કે નહિ? માટે આપણે કબુલ ન કરાય.

ઉત્તર :- આહા..હા..! ... ... ભેદજ્ઞાન ... આહા..હા..! ..સ્વરૂપ જ આવું છે ત્યાં ... એમ કરીને

**અણપ્રતિક્રમણ દ્વયવિધ, અણપચખાણ પણ દ્વયવિધ છે,**

**- આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩.**
**અણપ્રતિક્રમણ બે - દ્રવ્યભાવે, એમ અણપચખાણ છે,**
**- આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪.**

આહા..હા..!

**અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણ દ્રવ્યનું, ભાવનું,**
**આત્મા કરે છે ત્યાં લગી કર્તા બને છે જાણવું. ૨૮૫.**

આ બધી ગાથાઓ ગડબડ ઉભી કરે ...આહા..હા..! ન સમજે પણ બધે કરે છે કહે. લ્યો.

'**ટીકા :- આત્મા પોતાથી...**' એટલે આત્મા એટલે તો શુદ્ધ ચૈતન્યઘન. એ '**પોતાથી રાગાદિકનો અકારક જ છે;...**' સ્વભાવ જે ચૈતન્યમૂર્તિ આત્મા એ તો રાગનો અકર્તા છે. વસ્તુસ્વભાવ રાગનો કર્તા હોય? રાગ તો વિભાવ અધર્મ છે. એ જેનો ધર્મ જ્ઞાન, આનંદ આદિ સ્વભાવને ધરનાર ભગવાન એ '**પોતાથી રાગાદિકનો અકારક જ છે;...**' એટલે રાગનો કારક કર્મ છે એમ એવી અપેક્ષાએ... ઉપાધિભાવનું નિમિત્ત તો કર્મ છે. સ્વભાવભાવ છે એ પણ કર્તા રાગનો છે નહિ. '**આત્મા પોતાથી...**' છેને? '**आत्मात्मना**' '**आत्मात्मना**' પોતાથી આત્મા.. સંસ્કૃત ટીકા. '**रागादीनामकारक एव**' રાગાદિક એટલે પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવનો અકારક જ છે. વસ્તુ પોતે રાગનો અકારક છે. આહા..હા..! વસ્તુ અને વસ્તુની દૃષ્ટિ. વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન એ વિકારનો અકર્તા છે. વસ્તુસ્વભાવ તે વિકારનો કર્તા હોય? એ વસ્તુની દૃષ્ટિવંત પણ વિકારનો અકર્તા છે.

'**કારણ કે, જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો)...**' એમ. એ વિકારનો કર્તા પોતાથી, સ્વભાવથી થાય તો. '**અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.**' ભગવાને બે પ્રકારનો ઉપદેશ કર્યો છે. '**અપ્રતિક્રમણ...**' રાગથી પાછો ફર્યો નથી, અપ્રત્યાખ્યાન ભવિષ્યમાં પણ રાગથી ખસ્યો નથી. તેવા ... તત્ત્વના બે ભાગ જુદા પાડશે પછી. અહીં તો '**અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ...**' ઈ એક-એક બે થઈ ગઈ છે. '**દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.**' અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન પોતાનો જે ખરેખર હવે બે આવ્યા એમાં. ઓલા બે હતા. અહીં અપ્રતિક્રમણ, અપ્રત્યાખ્યાન હવે અહીં અપ્રતિક્રમણ અપ્રત્યાખ્યાનના બે ભેદ.

'**અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે...**' આહા..હા..! ભાવમાં વિકારી પરિણામ અને દ્રવ્યમાં નિત્ય કર્મનું નિમિત્ત એવું જે બે પ્રકારનું અપ્રત્યાખ્યાન, અપચખાણ એવો જે ભગવાનનો ઉપદેશ

છે **'તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...'** આહા..હા..! **'આત્માના અકર્તાપણાને જ જણાવે છે.'** એ દ્રવ્ય એટલે પરવસ્તુ અને ભાવ એટલે વિકારી પરિણામ. બેને સંબંધ છે. વસ્તુને નહિ. આહા..હા..! વિકારી પરિણામ નૈમિત્તિક અને કર્મ નિમિત્ત એ બેયથી પાછો નથી વળ્યો એને બે પ્રકારના ભાવ વર્તે છે—અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન. એને લઈને એમાંથી પાછો ખસ્યો નથી અને સ્વભાવમાં એ આવ્યો નથી માટે એને દ્રવ્ય અપ્રતિક્રમણ અને દ્રવ્ય અપ્રત્યાખ્યાન ભાવ અપ્રતિક્રમણ અને ભાવ અપ્રત્યાખ્યાનનો ભાવ બેનો **'નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે.'** આત્મા દ્રવ્યસ્વભાવ તે તો વિકારનો કર્તા નથી. આહા..હા..! ફક્ત નિમિત્ત-નૈમિત્તિક સંબંધો જ્યાં થાય છે તેથી પરદ્રવ્ય બુદ્ધિવાળો એ કર્તા અજ્ઞાનપણે થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન-૪૦૮ થી ૪૧૫માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

## જેઠ વદ-૭, શુક્રવાર, તા. ૨૨-૦૬-૧૯૭૩
## ગાથા - ૨૯૪, પ્રવચન-૪૧૬

૨૯૪ ગાથાની ટીકા ચાલે છે. અહીંયાં તો જ્યાં એમ આવ્યું કે આ આત્મા જે છે એ સત્‌સ્વભાવ છે. એને અંદરમાં રાગ થાય એ ચૈત્ય છે. એ જણાવાયોગ્ય છે અને આત્મા એનો જાણનાર છે. બે ચીજ એક નથી. આ શરીર, કર્મ ને બાહ્ય પદાર્થો ક્યાંય રહી ગયા. એ તો બીજા. એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! ફક્ત નિકટ સંબંધ ચૈત્ય-ચેતકનો જો હોય તો ભગવાન આત્મા ચેતક-જાણનાર અને તે જ ક્ષણે દયા, દાન, કામ, ક્રોધ વિકલ્પ જે વિકાર ઉઠે તે તે જ ક્ષણે ચૈત્ય એટલે જણાવાલાયક છે. એ **'ચૈત્યચેતકભાવની (-**

**જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે...' 'સાથે જ ઊપજવું થાય છે...'** ભારે ઝીણું! આ પહેલું કરવાનું આ છે કે આત્મા જાણનાર-દેખનાર છે એ જાણનાર-દેખનારની પર્યાયની ઉત્પત્તિ સાથે જે આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ રાગ એ રાગ વિષય એક સમયે સાથે છે. પણ એ ચેત્યચેતકની અપેક્ષાએ સાથે છે. એક વસ્તુની અપેક્ષાએ સાથે નથી. આહા..હા..!

તો જે ભાવ પરની દયા પાળવાનો ઉઠે, ભક્તિનો આવે, મહાવ્રતનો આવે એ બધો રાગ વિકલ્પ છે. એ રાગ ચૈત્ય નામ જણાવાલાયક છે અને આત્મા જાણનાર છે. **'તે ચેત્યચેતકભાવની (-જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ...' 'ઊપજવું થાય છે...'** કારણ કે આત્મા જાણનાર છે એની પર્યાયની સાથે રાગ ઉત્પન્ન થાય. કાળ એક છે. અને જ્ઞાનની ઉત્પત્તિ અને રાગની ઉત્પત્તિનું ક્ષેત્ર એક છે. ભાવ ભિન્ન છે. આ હજી સમ્યગ્દર્શન પ્રથમ સમ્યગ્દર્શન પામવાની કળા આ છે. અને એ ધર્મ સમ્યગ્દર્શન વિના બધું થોથે થોથા છે. એ વ્રત કરે, તપ કરે બધા એકડા વિનાના મીંડા છે. ચાર ગતિમાં રખડવાના સાધન છે એમ કહે છે. આહા..હા..! કે જે ચીજ અંદર રાગનો ભાવ શુભરાગ હો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, આદિ એ જે સમયે જ્ઞાન ઉત્પન્ન થાય તે સમયે રાગ ઉત્પન્ન થાય. છતાં તેના કાળે એક ક્ષેત્રે, એક સત્તા ભાવ લક્ષણ ભિન્ન છે. એ અતિ નિકટપણાનું જ્ઞેય અને જ્ઞાયક, ચેત્ય અને ચેતકનું નજીકપણું અતિ હોવાથી સાથે એમ લાગે કે આ જાણે મારામાં છે. આહા..હા..! કારણ કે રાગનો ભાવ તો આસ્રવતત્ત્વ છે. ચાહે તો મહાવ્રતનો ભાવ હોય પણ એ આસ્રવતત્ત્વ છે. આહા..હા..! એ પહેલાવહેલા એને ચૈત્ય અને ચેતક બેની ભિન્નતા કરતા ચેતક જાણનારો રહી જાય સ્વભાવ સન્મુખ થતાં અને એ રાગ ભિન્ન પડી જાય ત્યારે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય. આહા..હા..!

ત્યારે કહે છે કે ઈ **'રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે તે ચેત્યચેતકભાવની (-જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ છે, એકદ્રવ્યપણાને લીધે નહિ;...'** એક વસ્તુપણાને કારણે નહિ. આહા..હા..! ભારે ઝીણું! આ વીતરાગ માર્ગ આ છે. તીર્થંકર પરમેશ્વર સર્વજ્ઞદેવ અરિહંત પરમાત્માનો આ આદેશ છે, હુકમ છે. આહા..હા..! ભાઈ! તને આમ શું થઈ રહ્યું છે આ તે! જ્ઞાન આત્મા તું એની ઉત્પત્તિ થાય અને રાગની ઉત્પત્તિ થાય બેની એક ક્ષેત્રે (અને) કાળે ઉત્પત્તિ થતા તને એમ લાગે છે કે આ મારામાં છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ એ મારામાં છે એ તને ભ્રમ છે, મિથ્યાત્વ છે. આહા..હા..! કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ લખ્યું છે એમાં. ખબર નથી લોકોને તત્ત્વની ખબર નથી. આહા..હા..!

કેમ? કહે છે જુઓ, કે એ રાગ વિના પણ એકલો ચેતન રહી શકે છે. ભિન્ન પડીને એકલો આત્મા રહી શકે માટે રાગ એની ચીજ નથી. જો એની ચીજ હોય તો રાગ વિના રહી શકે નહિ. એમ છે. સૂક્ષ્મ વાત છેને ભાઈ! ઈ શલ્ય રહી ગયું છે એને અનાદિનું. આમ તો સાધુ થયો અનંતવાર. પંચ મહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ લીધા, શ્રાવક કરીને બાર વ્રત આદિ અનંતવાર પાળ્યા, પણ એ બધા મિથ્યાદષ્ટિસહિત, રાગની એકતાબુદ્ધિ સહિતનું એ કર્તવ્ય હતું. આહા..હા..! એથી એમાં એક, જન્મ-મરણનો એક અવતાર એક ટળ્યો નહિ. આહા..હા..! એ ચોર્યાસીના ભવસમુદ્રનો કિનારો લાવવો હોય તો આ એક ઉપાય છે કહે છે. આહા..હા..! એ રાગને જાણવાકાળે ખરેખર તો જ્ઞાન જણાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? ..ભાઈ! આવું ઝીણું છે આ. આ કાંઈ સાધારણમાં મળી જાય એવું નથી આ. કેટલા દિ' સાંભળ્યું એણે. .. જાય. પણ ઝીણું પડશે થોડું હોં. ... છે કે નહિ? ખબર નથી. નહિ હોય. ... અહીં તો .. આહા..હા..! ઝીણી વાતું બહુ પણ ભાઈ! વીતરાગ પરમેશ્વર.

કહે છે ભાઈ! આ શરીર, વાણી, મન, કર્મ ને બાયડી, છોકરા, કુટુંબ ને દેશ એ તો પર પરમાં રહ્યા. તેનું અસ્તિત્વ પરમાં છે. એ તો ક્યાંય દૂર રહી ગયું, પણ અંદરમાં રાગથી ઉત્પત્તિ થાય તેનું અસ્તિત્વ રાગમાં છે. કહે છે અહીંયાં આવ્યું આ ઝીણો બહુ અધિકાર છે, ભાઈ! '**રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે તે ચેત્યચેતકભાવની (-જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ છે, એકદ્રવ્યપણાને લીધે નહિ;...**' આહા..હા..! એક વસ્તુ બે નહિ. એ રાગનો ભાગ, દયાનો, દાનનો, વ્રતનો, પૂજાનો, તપનો, આ અપવાસ કરવું, ફલાણું કરું એ ભાગ રાગ અને ભગવાન આત્મા ચૈતન્ય બે ચીજ એક નથી અંદર. આહા..હા..! આવું પરમાત્માનું કથન ઝીણું બહુ. વીતરાગ પરમેશ્વર આ જગત પાસે જાહેર કર્યું. આહા..હા..! કહો, ભોગીભાઈ! આવું ઝીણું બહુ. એટલે માણસને એમ લાગે સોનગઢવાળા તો આમ કહે. પણ આ કોણ કહે છે આ? આ તો આચાર્યો અનાદિના વીતરાગની વાણી આ છે. ..ભાઈ! એમ કહે છેને ઘણા સોનગઢીયા આમ કહે છે. તો આ શું કોણ કહે છે આ? આ ન્યાયથી વિચારે તો બેસે એને કે ભગવાન ચિદ્‌ઘન છે આત્મા એ તો જ્ઞાનની મૂર્તિ આત્મા તો છે અને આ રાગ ઉત્પન્ન થાય એ તો મલિન આસ્રવતત્ત્વ ભિન્ન છે. આહા..હા..! ચાહે તો ભગવાનની ભક્તિનો હોય, ભગવાનની પૂજાનો હોય, ભગવાનની વાણી સાંભળવાનો હોય, પણ છે રાગ. આહા..હા..! એ રાગને આત્માની એકતા નથી. એકદમ સાથે જણાય છે અને સાથે ઉપજે છે એનું કારણ કે એ તો જ્ઞેયજ્ઞાયકની નજીક-નિકટતા છે. ત્યાં ને ત્યાં રાગ જણાય, ત્યાં ને ત્યાં જ્ઞાન જણાય. એક ક્ષેત્રે, એક કાળે ભાવ ભિન્ન જણાય એવી એ ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જેમ...**' હવે દૃષ્ટાંત આપે છે. '**(દીપક વડે)...**' દીવો-દીવો. આમ દીવો છે '**પ્રકાશવામાં**

આવતા...' દીવો અહીં છે પ્રકાશમાં એ દીવાનો ભાવ પ્રકાશવામાં આવતા ઘટપટ. ઘડો, .. એ '**દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે...**' આહા..હા..! દીવો છે ઈ આ ઘડો છે, આ વસ્ત્ર છે, આ કોલસો છે, .. એ પરવસ્તુને જાહેર નથી કરતો. દીપકપણાના પ્રકાશવામાં આવતા '**દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે...**' આહા..હા..! ઈ દીવો દીવાના પ્રકાશને જાહેર કરે છે, તેમ રાગને જાણવાના ભાવમાં ઈ પ્રકાશપણાને જ જાહેર કરે છે. આહા..હા..! રાગને જાહેર કરતો નથી. દીવો ઘડાને જાહેર કરતો નથી. આહા..હા..! પણ દીવો પ્રકાશવામાં આવતા એની પ્રકાશની દ્રીરૂપતાને પ્રકાશે છે. પોતાને પ્રકાશે છે એમ આ ઘટપટને પ્રકાશે છે એ વ્યવહાર છે. આહા..હા..! એ વખતે ઘટના પ્રકાશનો પોતાનો પોતાથી પ્રકાશે છે. આહા..હા..! ભારે ઝીણી વાતું, ભાઈ!

'**દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે...**' દોષને જાણનારું જ્ઞાન જ્ઞાનને જાહેર કરે છે. દોષને નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો પહેલો દીપકનો દૃષ્ટાંત આપ્યો. '**જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા...**' એમ કહ્યું દીવા વડે પ્રકાશવામાં આવતા એટલો તો વ્યવહાર ઠીક કહ્યો. '**(પદાર્થો) દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે...**' ઈ ઘટાદિ પદાર્થ દીવાના પ્રકાશપણાને જાહેર કરે છે. આહા..હા..! ભારે ઝીણું! વેપારીની બુદ્ધિયું જાડી હોય અને એમાં આવી ઝીણી વીતરાગની વાતું. આહા..હા..! નવરાશ ન મળે તત્ત્વને સમજવા. એમ ને એમ ઓઘે-ઓઘે જિંદગી ચાલી જાય. ભવભ્રમણ એમ ને એમ ઉભા રહે. આહા..હા..! ચોર્યાસીના અવતાર કહે છે કે એ રાગ અને આત્મા જાણનાર એ બેને એક માને ઈ મિથ્યાભાવ છે. એ મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિથી પરિભ્રમણ કરી રહ્યો છે, પણ અહીં તો એટલી વાત સિદ્ધ કરે છે કે જેમ એ દીવો ઘટાદિને પ્રકાશપણા '**પ્રકાશવામાં આવતા ઘટાદિક...**' ભાષા શું કહેવી? સમજાવે શું પણ? જેમ દીવો '**પ્રકાશવામાં આવતા ઘટાદિક...**' આમ. ઘડો, વસ્ત્ર જે પડ્યા હોય એ પ્રકાશવામાં આવતા ઘડાને, વસ્ત્રને એ '**દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે...**' આહા..હા..!

'**ઘટાદિપણાને નહિ,...**' આ શું બેસે આ કઈ રીતે? ન્યાય-લોજિકથી તો વાત કરે છે. નિરાળો જેમ પરમાત્માનો માર્ગ ન્યાયથી છે. આહા..હા..! કહે છે '**જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક...**' ભાષા પાછી આમ. દીવા વડે પ્રકાશવામાં આવતા ઘટપટ. પ્રકાશવામાં આવતા ઘટપટ. આહા..હા..! ઈ '**દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે...**' ઘટપટ દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે. એ ઘટપટને જાહેર કરતું નથી. આહા..હા..! શું કહે છે આ? સમજાણું કાંઈ? આ દૃષ્ટાંત પહેલો સમજવો જોઈએને. '**જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા...**' '(દીપક વડે) **પ્રકાશવામાં આવતા...**' ઘડો, વસ્ત્ર, કુંડા, ઘર, મકાન એ '**દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે...**' દીવો દીવાના પ્રકાશપણાને

જાહેર કરે છે. એમ ઈ પદાર્થો પણ દીપકના પ્રકાશપણાને જ જાહેર કરે છે. આહા..હા..!

**'ઘટાદિપણાને નહિ,...'** ઘડાને નહિ. કેમકે ઘડો તો પ્રકાશથી ભિન્ન ચીજ છે. ઈ ભિન્ન ચીજને પ્રકાશતો નથી. આહા..હા..! ભિન્ન ચીજ ભિન્ન ચીજને પ્રકાશતી નથી એમ કહે છે. ભિન્ન ચીજ આના પ્રકાશપણાને જાહેર કરે છે. દીવો દીવાને પ્રકાશે અને એ પદાર્થને પ્રકાશે છે પોતાના અસ્તિત્વમાં રહીને, પોતાની દ્વીરૂપતા પ્રકાશને જાહેર કરે છે. કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! **'તેમ...'** હવે સિદ્ધાંત આત્મા ઉપર ઉતારે છે કે દીવો જેમ ઝળહળ જ્યોતિ બળે છે આમ એનાથી પ્રકાશવામાં આવતી બીજી ચીજ એ ચીજ, ચીજને પ્રકાશતી નથી. આહા..હા..! એ ચીજ દીવાના પ્રકાશને પ્રકાશે છે. આહા..હા..! કહો, બાબુભાઈ! ક્યાં ગયા તમારા આવ્યા નથી? વયા ગયા? ગયા? કાલે આવ્યા હતાને ભાઈ શાંતિભાઈ હતાને? કાને સાંભળે નહિ. કાંઈક દવા કરવી છે એમ કાંઈક કહેતા હતા. ... આહા..હા..! એ કોક ડોક્ટર હશે એમ કહેતું હતું એને બતાવું છે. બેરા છેને. આહા..હા..! અરે..! સાંભળવા છતાં સાંભળવાનું પ્રયોજન યથાર્થ ન આવે એ બહેરો છે કહે. આહા..હા..!

**'તેમ (આત્મા વડે) ચેતવામાં આવતા...'** આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ છે. એ જ્ઞાન વડે **'ચેતવામાં આવતા રાગાદિક...'** ચેતવામાં આવતા, જાણવામાં આવતા, જણાવામાં આવતા રાગાદિક દોષ જે વિકલ્પ આદિ છે એ **'(આત્મા વડે) ચેતવામાં આવતા...'** આહા..હા..! **'રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો)...'** શુભ-અશુભ રાગાદિભાવ **'આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે...'** આત્માની જાગૃતિના જ્ઞાનભાવને જ જાહેર કરે છે. રાગાદિને નહિ. આહા..હા..! આવી ઝીણી વાત સાંભળવા મળે નહિ. એમ ને એમ બિચારા ચાલ્યા જાય. ઈચ્છામી પડિક્કમણું ઈરિયા ... તસ્સ મિચ્છામી દુક્કડમ જાઓ. તસ્સઉતસરી કરણેણં તાવકાયં ઠાણેણં થઈ ગયો ધર્મ. અરે..! ધૂળમાંય ધર્મ નથી કાંઈ સમજ્યાને? પુણ્યના પણ ઠેકાણા નથી સાંભળતો ખરો. આહા..હા..! આવો ભગવાન ચૈતન્ય તત્ત્વ. ઈ દીવો જેમ પ્રકાશે છે એમ પ્રકાશસ્વરૂપ પ્રભુ છે આ તો. એ દીવો ઘટપટાદિને પ્રકાશવામાં આવતા ઘટાદિને પ્રકાશે છે એમ નહિ. આહા..હા..! ઘટપટ આદિનો જે પ્રકાશ પોતાનો છે એને ઈ પ્રકાશે છે. આહા..હા..! પકડવું મુશ્કેલ પહેલું તો આ. વીતરાગનો માર્ગ. કેમકે રાગ છે તે આસ્રવતત્ત્વ છે એ વિકલ્પ છે, પુણ્ય છે, ભગવાન આત્મા તો જ્ઞાયકતત્ત્વ છે. જુઓ, આ વ્યવહાર અને નિશ્ચયની આ સંધિ. આહા..હા..! વ્યવહારનો શુભરાગ એની ઉત્પત્તિને આત્મા ચેતવામાં આવે કે આ રાગાદિ છે. આત્મા વડે ચેતવામાં આવતા, આત્મા વડે જાણવામાં આવતા. આત્મા વડે જાણવામાં આવતા. ત્યાં સુધી તો જાણવામાં આવતા રાગાદિ એમ લીધું. સમજાણું કાંઈ? ઓલામાં એમ લીધું હતુંને? **'(દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક...'** એમ આ **'(આત્મા વડે) ચેતવામાં આવતા રાગાદિક...'**

આહા..હા..! શું કરે? સમજાવાની રીત શું કરે? આહા..હા..! જુઓ આ વીતરાગ સર્વજ્ઞદેવ એણે કહેલું જીવ તત્ત્વ અને રાગ આસ્રવ તત્ત્વ બે ભિન્ન પાડવાની આ રીત છે. અને એ બે ભિન્ન છે. એ બેને એક માને ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જૈનની આજ્ઞાને માનતો નથી. જૈન પરમેશ્વર શું કહે છે એને માનતો નથી. એ સ્વચ્છંદને માને છે. આહા..હા..!

'**(આત્મા વડે) ચેતવામાં આવતા...**' રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પો '**(અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા...**' જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા. ઓલા રાગાદિ. એ ભાવો '**આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે...**' આત્માનું દ્રીરૂપતા જ્ઞાન, સ્વને જાણે અને એને જાણે એવો પ્રકાશ એને જાહેર કરે છે. આહા..હા..! શાંતિભાઈ! આહા..હા..! ઈ ક્યારે જણાય? કે આત્મા પોતાના પ્રકાશને પ્રકાશે છે. ભેગો એ પ્રકાશ રાગાદિને પ્રકાશે છે એમ કહેવું ઈ પણ વ્યવહાર છે, પણ ખરેખર તો એ રાગાદિ દયા, દાન આદિ વ્યવહારરત્નત્રય એને એ વ્યવહારરત્નત્રય વ્યવહારરત્નત્રયને પ્રકાશતું નથી. પણ એમાં ક્યાં પ્રકાશના બોલ છે. સમજાણું કાંઈ?

વ્યવહાર દયા, દાન, વ્રત, ભગવાનની ભક્તિ, પૂજા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ બધો રાગ. એ આત્મા વડે જાણવાયોગ્ય, જણાવાયોગ્ય જે રાગાદિ એ રાગાદિ '**જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો)...**' આહા..હા..! લ્યો, ત્યાં સુધી તો કીધું હતું જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા. એ '**આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે...**' એ જ્ઞેયો રાગ પુણ્ય અને પાપના ભાવ એ આત્માના ચૈતન્યની દ્રીરૂપતાના પ્રકાશને પ્રકાશે છે. ... સમજાય છે કે નહિ આમાં? ત્યાં ક્યાં હતું ત્યાં તમે શેઠાઈ કરતા હતા ત્યાં? હતું કાંઈ આવું? આ દયા પાળો ને વ્રત કરો અને બીજાને ન મારો. અપવાસ કરો. આ વાતું. હવે ઈ તો અભવિ પણ કરે છે. આ તો વીતરાગ ત્રણ લોકના નાથ એણે એનાથી જુદી વાત કરી છે. સમજાણું કાંઈ? આ વ્રત પાળો, મંદ રાખો, દયા પાળો. લ્યો એ તો બધા કુંભાર પણ કહે છે. એમાં નવું શું છે? ભગવાન પણ ત્રણ લોકના નાથ કેવળીનું પણ એમ કથન અને કુંભારનું આ કથન.

અહીં તો પરમાત્મા આહા..હા..! ગજબ વાત કરી છે. '**પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે...**' એ ચીજો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે. એમ જ્ઞેય જ્ઞાનના પ્રકાશપણાને જાહેર કરે છે. સમજાણું કાંઈ? કહો, ભાઈલાલભાઈ! આ સમજાય છે કે નહિ? તમે તો હવે નિવૃત્તિ લઈને બેઠા છો. તો આ બધું સમજવું પડશે કે નહિ? આહા..હા..! શું કહે છે પરમાત્મા? તીર્થંકરના ભાવનો માલ સંતો આડતિયા થઈને જાહેર જગત પાસે કરે છે. આહા..હા..! ભાઈ! ભગવાન તો આમ કહે છે અને તું કાંઈક માન છો. બેને કાંઈ મેળ નથી. આહા..હા..! ભગવાન તો એમ કહે છે કે તારા ચૈતન્ય

પ્રકાશમાં જાણવામાં આવતા જે રાગ, પુણ્ય, દયા, દાનના ભાવ એ તો જ્ઞેય તરીકે છે અને એ જ્ઞેય જ્ઞાનના પ્રકાશને જાહેર કરે છે. જ્ઞેય જ્ઞેયને જાહેર કરે છે એમ નહિ. આહા..હા..! કારણ કે જ્ઞેયમાં આ જ્ઞાન ક્યાં છે? સમજાણું કાંઈ? જ્ઞેય જ્ઞેયને જાણવાનું જ્ઞાન જ્ઞેયમાં ક્યાં છે? જ્ઞેયને જાણવાનું જ્ઞાન તો આત્મામાં છે એટલે જ્ઞેયને જાણતા આત્મા, જે જ્ઞેયને જાણે જ્ઞાનમાં તે જ્ઞેયો જ્ઞાનના પ્રકાશને જાહેર કરે છે. તે જ્ઞેયો જ્ઞેયને પ્રકાશતા નથી. આહા..હા..! શું કહે છે આ?

જુઓ આ કુંદકુંદાચાર્યની વાણી. આહા..હા..! અને અમૃતચંદ્રાચાર્યે એની ટીકા કરી. ગજબ કરી છેને? ભાઈ! તને ખબર નથી. તું ચૈતન્યનો પ્રકાશનો નૂર છો. એ ચૈતન્ય વડે જણાવામાં આવતા રાગાદિ એ ચેતન વડે જણાવામાં આવતા શું કીધું? પોતામાં સ્વ અને પરનો પ્રકાશક પ્રકાશ સ્વભાવ તો છે. એથી કહે છે આત્મા વડે રાગાદિને જાણતા. એ રાગાદિભાવ, રાગાદિને પ્રસિદ્ધ નથી કરતા. પણ એ રાગાદિભાવ આત્માના જ્ઞાનના પ્રકાશને જાહેર કરે છે. આહા..હા..! લાલજીભાઈ! આ બધું ઝીણું છે આ. વેપારમાં શું કાંઈ બુદ્ધિનું કામ હોય નહિ. આ પૈસા દીધા, લીધા જાઓ. ટકાનો વ્યાજ આપજો, બાર આના આપજો. ચાલો. એમાં શું સમજવું પડે? માસ્તર પણ શું નિશાળમાં ભણાવે? ભાષા કીધી હતી નહિ? માસ્તરને. હતાને? ઈની ઈ ભાષા દરરોજ હોય. વકીલાતની જેમ કાંઈ નવો તર્ક ઉઠાવો છે કાંઈ એવું ન હોય ત્યાં. એનું એ ઘુંટ્યા કરે આખો દિ'. આ ચોપડીમાં આ છે અને ઢીકણામાં આ છે. નકશામાં અહીં કલકત્તા આવ્યું. પંતુની જેમ એની એ વાત બધી. બધા માસ્તર એવા હશે?

મુમુક્ષુ :- કાંઈ એવા ન હોય. બુદ્ધિવાળા પણ હોય.

ઉત્તર :- હોય. આહા..હા..! પણ અહીં તો કહે છે કે એ નક્શો કે એ ભૂમિતિ. ભૂમિતિ હોયને આમથી આમ? એ જ્ઞાનમાં જે જણાય છે. જ્ઞાન ચેતન આત્મા વડે જણાય છે. તે તેને જાહેર નથી કરતા, તે આના પ્રકાશને જાહેર કરે છે. આહા..હા..! પ્રમેય. જ્ઞેય છેને ઈ? જ્ઞાન પ્રમાણ જ્ઞાનને પ્રકાશે છે. આહા..હા..! કેટલી વાતને સિદ્ધ કરી છે! થોડા શબ્દોમાં. ભગવાન તો જાણનાર છેને. તો જાણનાર વડે જણાય એવી ચીજ. એ તો જણાય એવું જ્ઞેય. તો ઈ જ્ઞેય જ્ઞેયને પ્રકાશે છે અને જ્ઞાન પ્રકાશવાનો સ્વભાવ તો આનો છે. એ જ્ઞેય પ્રકાશના સ્વભાવને જાહેર કરે છે. આહા..હા..! તેને તો પોતાનો પ્રકાશ છે તે જાણે છે. પોતાને જાણવાનો પ્રકાશ અને રાગને જાણવાનો. તો એ પ્રકાશને જાણવું એમ છે. રાગનું જાણવું કહેવું એ પણ એ તો અસદ્ભૂત વ્યવહાર છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? શું કહ્યું? એય..! કમલેશ! છે એમાં લખ્યું છે? શું લખ્યું છે?

મુમુક્ષુ :- જે જ્ઞેય છે એ જ્ઞાનના પ્રકાશને જાહેર કરે છે.

ઉત્તર :- એ જ્ઞેય છે એ જ્ઞાનના પ્રકાશને જાહેર કરે છે. આ છોકરો નાનો છે. એના

કાકા સાથે ચર્ચા વાર્તા કરે છે. પ્રેમભાઈની સાથે કરે છે. તમે બધા ધંધામાં. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! વાહ રે વાહ! ટીકા કરવા કાળે કેવું એનું જ્ઞાન કામ કરે છે!

કહે છે કે '(દીપક વડે) **પ્રકાશવામાં આવતા...**' ઘટપટ. વસ્ત્ર. એ ઘટપટને જાહેર ન કરતા, એનો પ્રકાશ જે દીવાનો છે તેને પ્રકાશે છે કે આ જાણનાર તો પ્રકાશ તો આ છે. જ્ઞેય કહે હું પ્રકાશ છું નહિ. આહા..હા..! એમ આત્માના ચેતવામાં આવતા, આત્મા વડે જાણવામાં આવતા એ રાગનો ભાગ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, સંકલ્પ-વિકલ્પ એ બધા જ્ઞેયો જ્ઞાન વડે જણાતા તે જ્ઞેય જ્ઞાનના પ્રકાશની પ્રસિદ્ધિને કરે છે. જ્ઞેયની પ્રસિદ્ધિને નહિ એમ કહે છે. આહા..હા..!

'**ચેતવામાં આવતા...**' પુણ્ય-પાપના ભાવ, રાગાદિભાવો '**આત્માના ચેતકપણાને જ...**' પાછું એમ. લે! જ્ઞેયને જાહેર કરે છે એમ તો લ્યો થોડું. આ ચૈતન્યનું નુર પ્રભુ છે એ તો. ચૈતન્યના પ્રકાશનું પુર આત્મા છે. એમાં રાગ-દ્વેષ કાંઈ છે જ નહિ વસ્તુ. શરીર, કર્મ તો છે નહિ, પણ એ વ્રતના, દયાના, તપના, અપવાસના વિકલ્પ રાગ એ વસ્તુમાં નથી. કેમકે એ વસ્તુ જ ભિન્ન છે. આસ્રવ તત્ત્વ જ ભિન્ન છે. કાંઈક નજીકમાં જણાય છેને શુભરાગ આ. કહે છે એ શુભરાગ જણાતા જાણનાર એના પ્રકાશની પ્રસિદ્ધિ થાય છે. એ શુભરાગ ચૈતન્યના પ્રકાશને જાહેર કરે છે. કે મને (પ્રકાશનાર) પણ એક જાણનાર અહીં ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા..હા..! આમ ને આમ અનાદિકાળ રહી ગયો છેને કાંઈક? આમ તો એણે સાધુપણા પાળ્યા, દયાઓ પાળી, વ્રત પાળ્યા, દાન કર્યા કરોડો, અબજોના, સાધુ થયો, આચાર્ય જૈનનો થયો, પણ મિથ્યાદષ્ટિ. આહા..હા..! ભગવાને કહેલું ચૈતન્ય તત્ત્વ અને આ રાગાદિ જ્ઞેય તત્ત્વ બે ભિન્ન છે અને તે રાગાદિ તો પ્રકાશવાળું તત્ત્વ તેને પ્રકાશની જાહેરાત કરે છે. પોતાની નહિ. આહા..હા..! ત્રણ કાળને જાણે, લોકાલોકનું કેવળજ્ઞાન. એ લોકાલોકને પ્રસિદ્ધ નથી કરતું કહે છે. લોકાલોકને જ્ઞેય એ જ્ઞાનની દ્વીરૂપતા આત્માને જાણે અને આને. એવી એના જ્ઞાનને પ્રકાશે છે. કેવળજ્ઞાનની પર્યાયને પ્રકાશે છે. લોકાલોકને નહિ. લોકાલોક આને પ્રકાશે છે. આહા..હા..! જેનામાં પ્રમાણ ગુણ છે, જ્ઞાનસ્વભાવ છે એ સ્વભાવવાળું તત્ત્વ બીજાને જાણવામાં જણાય તે તત્ત્વ જાણનારને પ્રસિદ્ધ કરે છે. જણાય તે તત્ત્વને પોતે પોતાને પ્રસિદ્ધ નથી કરતું. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાં દષ્ટિ વાળવી છે! આહા..હા..! હજી આની ખબરું ન મળે અને એને ધર્મ થઈ ગયા, એને સંયમ થઈ ગયો અને એને ચારિત્ર થઈ ગયા. એકડા વિનાના મીંડા છે મોટા. આહા..હા..! ભગવાનની જાત્રા કરી આવ્યા એકવાર કારતક સુદ પુનમ. અષાડ સુદ પુનમ. જાઓ. મિથ્યાત્વભાવ છે. આવી વાતું છે આકરી, મફાભાઈ! આહા..હા..! એ વળી આ ફેરે ઠીક આ કર્યું. પણ ભાવનગર અહીં પડ્યા.

મુમુક્ષુ :- સારું નાખ્યું.

ઉત્તર :- સારું નાખ્યું. પણ એના કાકાને સમજવું પડશે આ પ્રમાણે... કહો, સમજાણું કાંઈ? આહા..હા..! શું પણ સંતોની કથની! આહા..હા..! ગજબ વાત છે. જરી એક એને એના ખ્યાલમાં વાત લે તો એને ખ્યાલ આવે કે આ ચૈતન્યનો પૂર પ્રભુ જો જાણનાર એને જણાવાલાયક છે આ રાગાદિ. એનું કર્તવ્ય નહિ એ. વ્યવહારરત્નત્રયનો ભાગ એ જ્ઞાનનું કર્તવ્ય નહિ. એને ઠેકાણે એમ માને કે આ મારું કર્તવ્ય છે તો મિથ્યાત્વભાવ છે. એને ઠેકાણે રાગને હું જાણું છું તે રાગે રાગને પ્રસિદ્ધ કર્યો એ મિથ્યાભાવ છે. કારણ કે રાગમાં ક્યાં જ્ઞાન હતું? જેના જ્ઞાનમાં જ્ઞાન છે એ જ્ઞાની દ્વીરૂપતાને રાગનું જ્ઞાન અને પોતાનું એમ પ્રકાશે છે જ્ઞાનને. રાગને નહિ, વ્યવહારને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આટલું લોજિક અને ન્યાયથી કહે છે. વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે. નવરંગભાઈ! શાંતિથી સાંભળવાનો પ્રસંગ ન મળે ત્યાં તત્ત્વ શું છે ઈ. આહા..હા..! આમ ને આમ બફમમાં ને બફમમાં અનંતકાળ ગયો. જૈનનો સાધુ થયો અનંતવાર. પંચ મહાવ્રત રાખ્યા. મહાવ્રત તો વિકલ્પ રાગ છે. આહા..હા..! એ રાગ જ્ઞાનને પ્રકાશે છે કે અહીં જોડે પ્રકાશ તત્ત્વ છે એને જાહેર કરે છે. તો આ કહે કે રાગ થયો મને એને લઈને મને લાભ થયો. અને એ રાગ મારું કર્તવ્ય છે. જે જ્ઞાનમાં જ્ઞેય જણાતા જ્ઞેય જ્ઞાનને પ્રકાશે-પ્રસિદ્ધિ આપે છે. એને ઠેકાણે રાગનું કર્તવ્ય મારું છે એમ માનીને રાગમાં જોડાઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! બે-ત્રણ લીટીમાં તો કેટલું ભર્યું છે!

મોટી ચર્ચા થઈ હતી ૮૩માં. વીરજીભાઈ અને દામોદર વચ્ચે. આ લોકાલોક છે તો આ જ્ઞાન થાય છે. ૮૩માં. વીરજીભાઈ કહે કે નહિ. એ ચર્ચા તો હું બેઠો ત્યાં આવ્યા. ભાઈ! જ્ઞાન છે તો જ્ઞાનથી જાણે જ્ઞાનને. તો એ જ્ઞાન આને જાણે? અને એ છે તો અહીં જ્ઞાનનો પ્રકાશ સ્વપરપ્રકાશક છે? એ લોકાલોક છે માટે અહીં જ્ઞાનનું પ્રકાશપણું, સ્વપરપ્રકાશકપણું એને લઈને ઉભું થયું છે? એ તો સ્વપરપ્રકાશકપણું પોતાથી પોતાને કારણે ઉભું થયું છે. એ જ્ઞેયો છે માટે થયું છે એમ છે નહિ. આ તો ૮૩ની વાત છે. સંવત ૧૯૮૩. કેટલા વર્ષ થયા? ૪૬. દામનગર ચોમાસું હતું ૮૩માં. મોટી ચર્ચા ચાલી હતી. દામોદર શેઠ બહુ હઠીલા હતા બહુ. મૂકે નહિ ઈ વાત. આ બધા શેઠિયા પણ એમ ને એમ દરકાર કે દિ' કરી છે? ગીરધરભાઈ! આહા..હા..! શાક લેવા જાય ત્યાં બધું તપાસે. ચુવો ન હોય, ફલાણું ન હોય. ચુવો એટલે શું કહેવાય ચાંદુ. દૂધીમાં ચાંદુ ન હોય, કારેલામાં ન હોય ધ્યાન રાખે. અને ચુવો પછી એટલામાં જ છે કે આઘે લાંબે છે? આખી દૂધીમાં હોય ઈ બધું ધ્યાન રાખે આમ દાબીને. જે ઠેકાણે ચાંદુ હોય ત્યાં તો આમ પોચું લાગે, પણ ત્યાં જ છે કે આઘે છે અહીં? એ ચાંદાનો આનીકોરનો ભાગ ત્યાં દાબી જોવે કઠણ છે કે પોચું? ઓય

મારા! આ તો ચાંદુ આઘે લાગે છે. તો ન લે. એમ આ ચાંદુ રાગનું અંદર છે એ તારી ચીજ નહિ. આત્માને લેવો અને વહોરવો હોય તો રાગને છોડવો પડશે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, દામભાઈ! આવ્યા છેને. સાંભળવા તો આવ્યા છેને. આહા..હા..!

આ વીતરાગ તીર્થંકર પરમેશ્વરનો માર્ગ આ છે. જિનેન્દ્રદેવ અરિહંત એની આજ્ઞાનો માર્ગ આ છે. આહા..હા..! જે વાત સાંભળવા ઈન્દ્રો આવતા હશે એકાવતારી. એક ભવે મોક્ષ જનારા, ત્રણ જ્ઞાનના ધણી છે સુધર્મ ઈન્દ્ર અને ઈન્દ્રાણી બેય એક ભવે મોક્ષ જનારા છે. ઈ સાંભળવા આવતા હશે કેવી વાત હશે? લ્યો આ તમે દયા પાળો, પરની દયા પાળો, તમને ધર્મ થાય. હવે એવી વાતું તો કુંભાર પણ કહે છે. અહીં તો કહે છે કે પરની દયા તું પાળી શકતો જ નથી. કારણ કે તારું તત્ત્વ જુદું અને એનું તત્ત્વ જુદું. એની દયા તું પાળી શકતો નથી. પણ એની દયાનો ભાવ તને થાય એ પણ રાગ છે. આહા..હા..! એ રાગને જાણવું એમ જાણવાનું જ્ઞાન રાગને જાણે એમ કીધુંને? ચેતન વડે જણાતા. પણ છતાં એ રાગને રાગ પ્રસિદ્ધ નથી કરતું. કારણ કે જ્ઞેયમાં જ્ઞાન ક્યાં છે આ જ્ઞાન? એટલે જ્ઞેય આ જ્ઞાનને પ્રસિદ્ધ કરે છે. સ્વપર જાણનારું જ્ઞાન સ્વરૂપાકાર છે. એને જાહેર કરે છે. આહા..હા..! આવી અંતર રાગથી ભિન્ન પડીને જ્ઞાયકની સ્વપરપ્રકાશક દૃષ્ટિ મારામાં મારાથી છે. આહા..હા..! એવી તત્ત્વની દૃષ્ટિ અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. હજી તો સમ્યગ્દર્શન(ની ખબર નથી). આ તો દેવ-ગુરુ-શાસ્ત્રને માન્યા અમને સમ્યગ્દર્શન. ધૂળેય નથી સાંભળને. અમે ભગવાનને માનીએ છીએ. આહા..હા..!

કીધુંને ઓલો મોટો તમારો શાહુજી. ૪૦ કરોડ રૂપિયા. મોટું નામ આપી દીધું મોટું. શ્રાવક શિરોમણી પછી પૂછે મને ખાનગી. કે મહારાજ! સમકિતી ખરા કે નહિ? આ કલકત્તામાં ત્યાં ઉતર્યા હતાને એને ઘરે? અમને વિશ્વાસ તો છે (દેવ-શાસ્ત્ર-ગુરુનો). અરે..! બાપા! હજી સમકિત કોને કહેવું? આહા..હા..! સમજાણું કાંઈ?

.. શું છે? કે '(દીપક વડે) **પ્રકાશવામાં આવતા...**' બીજી ચીજો '**દીપકના પ્રકાશકપણાને...**' બીજી ચીજો '**જાહેર કરે છે...**' પોતાને નહિ. એમ. ભાષા જુઓ. એમ આવ્યુંને ભાઈ! ઘટાદિપણાને નહિ. એમ જાણવામાં આવતા રાગાદિ એ રાગાદિ ચૈતન્યના પ્રકાશની પ્રસિદ્ધિ કરે છે પોતાની નહિ. કે હું છું એમાં આ જણાણો એમ નહિ. મારી હયાતી છે રાગની માટે એમાં રાગ જણાણો એમ નહિ. એના પ્રકાશમાં ચૈતન્યમાં સ્વપરપ્રકાશક શક્તિ એનાથી પ્રકાશે છે. આહા..હા..! લ્યો આ ત્રણ લીટીમાં તો કેટલું ભર્યું છે લ્યો. સાડા ત્રણ છે. પોણો કલાક તો થઈ ગયો એમાં. આહા..હા..! આવી વાણી અને આવું સ્વરૂપ. જૈન પરમેશ્વર સિવાય ક્યાંય હોય નહિ. બધાય ગપેગપ્પ માર્યા છે મારે. સમજાણું કાંઈ? ઈ રાગાદિપણાને નહિ, ઈ જ્ઞેયપણાને નહિ. આહા..હા..! જાણવામાં આવતા રાગાદિ એ જ્ઞાનને

પ્રકાશે છે. પોતાને નહિ. આહા..હા..! કેવો ભાવ છે જુઓને.

મુમુક્ષુ :- અદ્‌ભૂત ખુલાસો છે.

ઉત્તર :- આહા..હા..! કહે છે કે '**આમ હોવા છતાં...**' હવે વાત કરે છે. છે તો આવું સ્વરૂપ એનું-ભગવાનનું, આત્માનું અને રાગનું. બેની વચ્ચેનું રાગને જાણવા જતા પણ આત્મા રાગને જાણતો એમ કહેવું એ તો વ્યવહાર છે. તેમ રાગને જ્ઞાન જાણે છે એ વ્યવહાર છે. જ્ઞાન રાગને જાણે એ વ્યવહાર અને રાગ જ્ઞાનમાં જણાય એ વ્યવહાર. શું કીધું ઈ? જ્ઞાન રાગને જાણે એ વ્યવહાર થઈ ગયો અને રાગ છે માટે જ્ઞાનમાં અંદર જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા..! એ આત્મા સ્વપરપ્રકાશક ચૈતન્યની મૂર્તિ પ્રભુ છે. એને એ પ્રસિદ્ધ કરે છે. જ્ઞેય એને પ્રસિદ્ધ કરે છે. જ્ઞાનને પ્રસિદ્ધ કરે છે જ્ઞેય. આહા..હા..!

આ કેવળજ્ઞાન છે, આ સિદ્ધ ભગવાન છે. લ્યો આહા..હા..! પણ જ્ઞાન એને જાણે, ઈ જાણવામાં એ સિદ્ધ ભગવાન છે અને એ કેવળી છે એને પ્રસિદ્ધ નથી કરતા. પણ જ્ઞાનને પ્રસિદ્ધ કરે છે કે આનું જ્ઞાન આવું મોટું છે. તત્ત્વો ઝીણા ભગવાનના બહુ કહેલા. દુનિયાને સાંભળવા મળે નહિ. ઓઘે-ઓઘે બિચારા ચાલી જાય અને કાંઈક ધર્મ કરીએ છીએ અમે ધર્મ કરીએ છીએ. છે અધર્મ. માનીને જિંદગી એમ ને એમ જાય છે. જે કરવાનું છે એ તો આ છે. કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- .. અમારા માટે...

ઉત્તર :- પહેલો નિર્ણય એને કરવો પડશે.

મુમુક્ષુ :- વિભાવ હોવા છતાં?

ઉત્તર :- વિભાવ એને ઘરે રહ્યો. વિભાવ વિભાવને પ્રસિદ્ધ નથી કરતો, વિભાવ ચૈતન્યના પ્રકાશની પ્રસિદ્ધિ કરે છે.

મુમુક્ષુ :- આ સિદ્ધ ક્ષેત્રમાં તો ...

ઉત્તર :- આહા..હા..! આ તો હજારો વર્ષ પહેલાની ટીકા છે. ક્યાં સોનગઢનું છે આ શાસ્ત્ર? છપાણું છે અહીંથી લ્યો. મથુરભાઈ! છપાણું છે અહીંથી.

'**આમ હોવા છતાં...**' કે કેમ જગતને ભ્રમ પડે છે? આહા..હા..! '**તે બન્નેની (-આત્માની અને બંધની)...**' આત્મા અને ઓલા રાગભાવ બંધ હોં ઈ. '**અત્યંત નિકટતાને લીધે...**' આહા..હા..! રાગ જે વિકલ્પ ઉઠ્યો છે એ બંધ છે, ભગવાન આત્મા તો તેને જાણનારો તેને લઈને નહિ, પોતાને લઈને જાણે છે. એવી જે '**ભેદસંભાવનાનો અભાવ હોવાથી...**' બેની જુદાઈનો જેને અભાવ છે. ખબર નથી હજી કાંઈ. છે? '**આમ હોવા છતાં...**' જ્ઞેય અને જ્ઞાયકની '**અત્યંત નિકટતાને લીધે ભેદસંભાવનાનો...**' એટલે જુદી કરવાની ભાવનાનો અભાવ હોવાથી. આહા..હા..! જુદું માનવાના ભાવનો ત્યાં અભાવ છે.

એ રાગ ભિન્ન છે અને મારી ચીજ ભિન્ન છે. એ ભેદની ભાવના એટલે એકાગ્રતાનો જ્યાં અભાવ છે.

**'ભેદ નહિ દેખાતો હોવાથી...'** ભેદ નહિ દેખાતો હોવાથી. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય આત્મા અને રાગરૂપી મેલ આસ્રવતત્ત્વ બે તદ્દન ભિન્ન હોવા છતાં તે જ્ઞેય પણ જ્ઞાનને પ્રકાશે છે એવી વસ્તુની સ્થિતિ હોવા છતાં અતિ નિકટતાને લઈને જુદાપણાનો સંભવ નથી દૃષ્ટિમાં એથી **'ભેદ નહિ દેખાતો હોવાથી...'** અજ્ઞાનીને રાગ અને આત્માની જ્ઞાનપર્યાય બે જુદી દેખાતી નથી. આહા..હા..! **'ભેદ નહિ દેખાતો હોવાથી (અજ્ઞાનીને) અનાદિ કાળથી એકપણાનો વ્યામોહ (ભ્રમ) છે;...'** આહા..હા..! ખરેખર તો એ રાગનો, દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠ્યો. એવો શુભરાગ તો નિગોદને પણ હોય છે. ભગવાનના સિદ્ધાંતમાં તો એમ કહ્યું. નિગોદના જીવ બટાટા, શક્કરકંદ, લીલ, ફૂગ અનાદિ હજી ત્રસ થયા નથી કેટલાક. એને પણ શુભભાવ હોય છે. ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ એવું ભગવાનનું વચન છે. એ શાતા બાંધે ક્ષણમાં અને ક્ષણમાં અશાતા. પણ બેને ભેદ પાડવાની શક્તિના અભાવને લઈને **'અનાદિ કાળથી એકપણાનો વ્યામોહ (ભ્રમ) છે;...'** એ રાગ જે જ્ઞેય છે અને આત્મા તેનો જાણનાર છે. એમ બે ભિન્ન છે. છતાં ભિન્ન પાડવાના અભાવને લઈને **'અનાદિ કાળથી એકપણાનો વ્યામોહ (ભ્રમ) છે;...'** આહા..હા..! ભ્રમ છે, મિથ્યાત્વ છે. આહા..હા..! મિથ્યાદર્શન શલ્ય પાપ કહે છેને? ઈ શું પાપ? એની એને ખબર ન મળે. આ મિથ્યાત્વ છે. આપણે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર માનતા નથી. આપણને મિથ્યાત્વ નથી લ્યો. આપણે સાચા દેવ-ગુરુ માનીએ. ધૂળેય નથી હવે. એવું તો અનંતવાર માન્યું.

આ તો રાગનો ભાવ અને ચૈતન્યનો ભાવ બે એક નથી એને એકપણાનો વ્યામોહ છે અનાદિનો. કેમકે ત્યાં એની દૃષ્ટિ રાગ ઉપર છે. અસ્તિત્વ ત્યાં છે. ચૈતન્યના અસ્તિત્વની દૃષ્ટિ થાય તો તો આ અસ્તિત્વમાં રાગ નથી, એમ સમ્યગ્દર્શનમાં ભાન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યામોહ છે એમ સિદ્ધ કર્યું હોં. ભ્રમ છે. વેદાંતની જેમ નથી કે આત્મા સત્ય અને જગત મિથ્યા. બ્રહ્મ-બ્રહ્મ કાંઈ વસ્તુ જ નથી. વ્યવહાર છે એ બધો. વ્યવહાર જૂઠો છે. જૂઠો છે એ સત્યની અપેક્ષાએ, પણ વસ્તુપણે છે. આહા..હા..! રાગનો વિકલ્પ અને આત્મા બેને જુદા પાડવાની શક્તિના અભાવને લીધે અજ્ઞાનીને અનાદિકાળથી એકપણાનો અભ્યાસ છે, વ્યામોહ છે, મુંઝાઈ ગયો છે. આહા..હા..! ચૈતન્યસૂર્ય ભિન્ન છે અને રાગ ભિન્ન છે એનું એને ભાન નથી. આહા..હા..! સાધુ થયો, શ્રાવકના બાર વ્રત લીધા, ચોપડી આદરી. ચોપડી આદરે છેને? બાર વ્રતના ચોપડી આદરી અમે ચોપડી આદરી. આત્માની ક્યાં ખબર છે? વ્રત ક્યાંથી આવતા હશે અને શું છે? આહા..હા..!

**'અનાદિ કાળથી એકપણાનો વ્યામોહ (ભ્રમ) છે;...'** ઓહો..હો..! પંચ મહાવ્રતના પરિણામ રાગ અને આત્મા એકપણાનો એને મોહ છે. આહા..હા..! **'તે વ્યામોહ પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદાય છે.'** આ એનો ઉપાય. આહા..હા..! કોઈ ક્રિયાકાંડ કરે રાગની મંદતાના ભાવ, ભક્તિના, પૂજાના, દયાના, દાનના, વ્રતના, તપના એ ભાવ વડે ભ્રમ છેદાતો નથી. કારણ કે પોતે જ રાગ છે ઈ. આહા..હા..! એની એકતાબુદ્ધિ એ તો ભ્રમ છે. એ ભ્રમ પ્રજ્ઞા વડે છેદાય છે. જ્ઞાનની પર્યાય મારી, રાગ ભિન્ન એમ જ્ઞાનની પર્યાય દ્રવ્ય તરફ ઢળતાં. આહા..હા..!

ઓલો દાખલો આવ્યો છે ભાઈ આપે છેને? ૬૩ અને ૩૬નો. આમાં આપ્યો છે આજ કોકે. ૬૩. છગડો અને ત્રગડો બે સામ સામા આમ. સન્મુખ બે હોય તો એને ત્રેસઠ કહેવાય અને ત્રગડો પહેલો અને છગડો પછી આમ. તો બેય સન્મુખ ન રહ્યા. ત્રગડો આમ અને છગડો આમ બે વિમુખ થઈ ગયા. બેની સન્મુખતામાં ત્રેસઠ, બેની વિમુખતામાં છત્રીસ. ફાવાભાઈ! આવે છેને દાખલો આવે છે. ત્રગડો પહેલા મૂકવો, છગડો તો બેયના મોઢા વિરુદ્ધ. એમ પર્યાયને રાગ તરફ ઢાળતા પર્યાયનું મોઢું પરતરફ એ પર્યાયનું મોઢું સ્વદ્રવ્ય તરફ વાળતા પર્યાયની કિંમત અને પર્યાયે દ્રવ્યની કિંમત કરી. એ ખરેખરા સન્મુખ થયા. સમજાણું કાંઈ? વસ્તુ છે ચૈતન્યદ્રવ્ય એની વર્તમાન પર્યાય અને એની કોર વાળતાં બેય સન્મુખ થઈ ગયા. બેયની કિંમત થઈ ગઈ. અને એ પર્યાય જેની છે એ બાજુ ન વાળતા અને રાગને આમ વાળી. કિંમત ઘટી ગઈ. દ્રવ્ય જાણે છે જ નહિ અને પર્યાય એટલે રાગવાળો હું. આહા..હા..! ભગવાનજીભાઈ! ૬૩ અને ૩૬ કહે છેને? આજે આવ્યો એક સાધુ કોક કસ્તુરસાગર છે કોક. એવી બધી વાતું લોકોને કરે પણ હવે એને તત્ત્વમાં શી રીતે ઉતારવા આંકડા એના ઘરે રહ્યા. કસ્તુરસાગર છે એ. ..સાગર કોક છે. ત્યાં મીયા ગામમાં હતા. પાલેજ પાસે ..ગામ ત્યાંના છે.

અહીં તો વાંચીને પછી આ સિદ્ધ કર્યું. વાત આમ લેવી. જેની પર્યાય છે એની સન્મુખ ન થતાં પર્યાય આમ સન્મુખ થઈ એટલે પર્યાય ઊંધી થઈ અને દ્રવ્યને ઊંધું રાખ્યું. સ્વીકાર્યું નહિ એણે. એ વર્તમાન પર્યાયે દ્રવ્યનો જ્યાં સ્વીકાર કર્યો બેય સન્મુખ થઈ ગયા. પર્યાયે કિંમત કરી દ્રવ્યની, પર્યાયમાં કિંમત આવી મોક્ષના માર્ગની. આહા..હા..! સમજાણું કાંઈ? પણ પર્યાય શું ને દ્રવ્ય શું? આહા..હા..! એ વીતરાગ માર્ગનો પહેલો એકડો એ દ્રવ્ય શું હશે કહે છે. એક જણો નહોતો કહેતો અહીં આવ્યો હતો. કે આ દ્રવ્ય શું? પૈસા હશે દ્રવ્ય હશે? આ દ્રવ્યદૃષ્ટિ છેને? તે દિ' અહીં હતું આમ. ઓલા આવ્યા હતા માણેકલાલ, માણેકચંદભાઈ થાનના શું કહેવાય ઈ? પોટરી અહીં આવ્યા હતા. નારણભાઈના વેવાઈ. કહે આ દ્રવ્યદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ. એમ કે અહીં કરોડોપતિ બહુ આવે છે એટલે આ દ્રવ્યદૃષ્ટિ એ સમ્યગ્દૃષ્ટિ?

પૈસાવાળા એ સમ્યગ્દૃષ્ટિ? અરે..! તમને ખબર નથી. જૈનમાં જન્મ્યા દ્રવ્યદૃષ્ટિ કોને કહેવી? આહા..હા..!

દ્રવ્ય તો આત્મા જે દ્રવ્ય વસ્તુ અનાદિ-અનંત એની અંદર દૃષ્ટિ કરવી એ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે. આ ધૂળમાં પૈસા તો રાંકા નાસ્તિકને અનંતવાર મળ્યા, નહિ આત્માને માનનારને પણ અબજો રૂપિયા. મળ્યા છેને અબજો રૂપિયા? આહા..હા..! એમાં ધૂળમાં શું છે? એ તો જડ છે, માટી છે. અહીં તો રાગને મારો માનવો એ મિથ્યાત્વ છે, તો પછી આ પૈસા અને બાયડી, છોકરી માનવા, પરને પોતાના માનવા તો મિથ્યાદૃષ્ટિ મૂઢજીવ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? તો ત્યારે અમારે જાવું ક્યાં હવે? પણ અમથો ક્યાં છે ઈ? માને છે કે આ મારા, પણ એથી કાંઈ એના થઈ જાય છે? એ તો કહે છે રાગ મારો એ તો વ્યામોહ છે. સમજાણું કાંઈ?

એ પ્રજ્ઞા વડે જ. એકાંત કીધું આમાં એય..! ચેતનજી! આ 'જ' કીધો. એ ભેદજ્ઞાનની જ્ઞાનની પર્યાય દ્વારા એ છેદી શકાય છે એ જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળતા રાગ ઢીલો પડી જાય છે. બીજી કોઈ એની ચીજ છે નહિ. આહા..હા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પામવાની આ કળા છે. એ વસ્તુ અને રાગ એની વચ્ચે રહેલી વર્તમાન જ્ઞાનની દશામાં, એ જ્ઞાનની દશા રાગસન્મુખ છે એને દ્રવ્ય સન્મુખ કરવી એ વ્યામોહ છેદવાનો ઉપાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ વદ-૮, શનિવાર, તા. ૨૩-૦૬-૧૯૭૩
## ગાથા - ૨૯૪, કળશ-૧૮૧, પ્રવચન-૪૧૭

ગાથાનો ભાવાર્થ ચાલે છે. મોક્ષ અધિકાર. '**આત્મા અને બંધ...**' મોક્ષ છેને આમાં? મોક્ષ એટલે બંધથી જુદું પડવું એટલે મોક્ષ. એ અપેક્ષા લીધી. અસ્તિથી નથી લીધું, નાસ્તિથી લીધું. બંધનો અભાવ. '**આત્મા અને બંધ બન્નેને...**' બે. બે ભિન્ન છે. '**લક્ષણભેદથી ઓળખી બુદ્ધિરૂપી છીણીથી છેદી જુદા જુદા કરવા.**' હવે એની વ્યાખ્યા ઈ તો મથાળુ બાંધ્યું. '**આત્મા તો અમૂર્તિક છે...**' અરૂપી છે. એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. '**બંધ સૂક્ષ્મ પુદ્‌ગલપરમાણુઓનો સ્કંધ છે...**' .. બંધ તો સૂક્ષ્મ પુદ્‌ગલ પરમાણુ જડ તદ્દન અજીવ. જુદી ચીજ જ છે એ. '**તેથી બન્ને જુદા છદ્મસ્થના જ્ઞાનમાં આવતા**

**નથી,...'** આ અરૂપી છે આ રૂપી છે. '**તેથી બન્ને જુદા છદ્મસ્થના જ્ઞાનમાં આવતા નથી, માત્ર એક સ્કંધ દેખાય છે...'** અજ્ઞાનમાં હોં. '(**અર્થાત્ બન્ને એકપિંડરૂપ દેખાય છે);...'** એકરૂપ હોય એમ દેખાય છે એમ. '**તેથી અનાદિ અજ્ઞાન છે.'** આહા..હા.! બંધભાવ અને આત્મભાવ બે ચીજ જ જુદી છે. પ્રવચનસારમાં તો એમ કહ્યું છેને રાગ ભિન્ન ભાવબંધને આત્મા બેરૂપ છે. પ્રવચનસારમાં. ભાવબંધને.. દ્વિરૂપતા છે. એકરૂપ ચૈતન્યનું અને રાગ દ્વિરૂપ. બીજી ચીજ છે એ.

'**શ્રી ગુરુઓનો ઉપદેશ પામી...'** આવું તો કહે છે કે અનાદિનું અજ્ઞાન છે. કર્મ અને આત્મા એક છે એવું તો અનાદિનું અજ્ઞાન છે. એ કાંઈ નવી ચીજ નથી. હવે એને જુદાં પાડવા માટે. પહેલો શ્રી ગુરુનો ઉપદેશ પામી, જાણીને. વીતરાગ સ્વરૂપ આવો જીવ વસ્તુ છે એનો જે ઉપદેશ છે એને મળે કે આ બે ચીજ ભિન્ન છે. રાગભાવ હો કે દયા, દાન, વ્રત એ પણ ભિન્ન અને આત્મા ભિન્ન. બે ચીજ ભિન્ન છે. ખરેખર તો એ વ્યવહારનો રાગ અને એ ચૈતન્ય જાણનાર બે તદ્દન જુદા છે.

ઈ કહેશે જુઓ. '**તેમનાં લક્ષણ જુદાં જુદાં અનુભવીને જાણવું...'** રાગનું લક્ષણ વિકારનું કરવું બંધ સ્વભાવ. આત્માનું લક્ષણ પરમ નિર્વિકારી ચૈતન્ય ચમત્કાર એ આત્માનું સ્વરૂપ. '**તેમનાં લક્ષણ જુદાં જુદાં અનુભવીને જાણવું...'** અનુભવીને જાણવું એમ. ભાષા શું કરે? અનુભવ થયો અંદરમાં, સ્વભાવ તરફ વળ્યો ત્યારે તો એનું જાણવું એ એના લક્ષમાં રહેતું નથી. શરીર તો ક્યાંય રહી ગયું. '**ચૈતન્યમાત્ર તો આત્માનું લક્ષણ છે...'** જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... એનો ધ્રુવ પ્રવાહ, નિત્ય એને જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... તો નિત્ય આત્મા. એ આત્માનું લક્ષણ છે.

'**રાગાદિક બંધનું લક્ષણ છે...'** જુઓ, આવ્યું. ... એમ નિશ્ચય થતાં બેય પર છે. બંધ પણ પર છે, પ્રમેય છે અને રાગાદિ ભાવ વિકલ્પો એ પણ ખરેખર પ્રમાણનો વિષય પ્રમેય છે. અહીં જ્ઞાયક જ્ઞેય કીધું. એનો અર્થ એ પ્રમેય-પ્રમાણ. ઝીણું ઘણું બધું. '**રાગાદિક બંધનું લક્ષણ છે તોપણ માત્ર જ્ઞેયજ્ઞાયકભાવની અતિ નિકટતાથી તેઓ એક જેવા થઈ રહ્યા દેખાય છે.'** પણ (એક) છે નહિ. જ્ઞેય-જ્ઞાયક કીધુંને? રાગ જ્ઞેય છે, ચૈતન્ય ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે. જ્ઞેય રાગ પ્રમેય છે. આ પ્રમાણ જ્ઞાન કરનાર તે પર્યાયમાં .. છેને? આહા..હા..! સમજાણું કાંઈ? '**માત્ર જ્ઞેયજ્ઞાયકભાવની અતિ નિકટતાથી તેઓ એક જેવા થઈ રહ્યા દેખાય છે.'** થઈ રહ્યા દેખાય, છે નહિ.

'**તેથી તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને...'** એટલે કે જ્ઞાનની પર્યાયમાં રાગાદિ પર છે અને ચૈતન્ય લક્ષણ આત્મા પર છે એનાથી. એવું એને એક જ્ઞાન પહેલું .. નામ બેનું જ્ઞાન એ વ્યવહારજ્ઞાન છે. સમજાણું કાંઈ? '**તેથી તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને – કે જે તેમને ભેદી**

**જુદા જુદા કરવાનું શસ્ત્ર છે...'** એટલે જે વર્તમાન જ્ઞાનની પર્યાય છે એને અંતરમાં વાળવી એનું નામ છીણી મારી કહેવાય છે. આ રાગ છે અને આ પર્યાય છે, આ સ્વભાવ છે .. વિકલ્પ છે એ તો. બે છે. આહા..હા..! ઝીણું છે, ભગવાનજીભાઈ! જૈનદર્શનનું સમ્યગ્દર્શન એ કાંઈ સાધારણ વાત નથી. આ બધા માની બેઠા સમ્યગ્દર્શન તો છે અમારે વ્રત અને તપ કરો. મીંડા છે બધા. સમકિત કે દિ' હતા? આહા..હા..!

અહીં તો ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા અને રાગાદિ જ્ઞેય પ્રમેય છે એ તો ભિન્ન ચીજ છે. એમને ભિન્ન કરવામાં બે લક્ષ રહે ત્યાં સુધી જાણતો નથી. એને ભિન્ન કરવાનો અર્થ જે જ્ઞાનની વર્તમાન પર્યાયમાં જાણ્યું કે આ રાગ છે અને આ આત્મા બે ચીજ સાધારણ. એ જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળતા ભિન્ન પડી જાય છે. આવી વાત. આહા..હા..! ઈ આવી ગયું છે માથે. **'પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી તેમને છેદી શકાય છે,...'** જુદા કરી શકાય છે એમ અમે જાણીએ છીએ. આહા..હા..! ઝીણી વાતું બહુ વીતરાગની. મૂળ વાતને સમજ્યા વિના બહારમાં વ્રત ને નિયમ ને તપને લઈને બેસી જાય એને નીચે ઉતરવું ગોઠતું નથી. તમારે પણ આ ભાન વિના? પણ ભાન વ્રત છે ત્યાં સમકિત હોય જ તે. પણ આ વ્રત, મહાવ્રત લે. એણે માન્યા છેને. વ્રત હોય તો સમકિત હોય જ તે પહેલા. ...

મુમુક્ષુ :- પણ એ વ્રત જ ક્યાં છે?

ઉત્તર :- પણ આ અપવાસ કરે પાંચ-પાંચ, દસ-દસ. અપવાસ કરે તો તપસ્યા છે તો સમકિત ન હોય પહેલું? સમકિત વિના તપસ્યા હોય?

મુમુક્ષુ :- બાર-બાર મહિનાના....

ઉત્તર :- .. મફતના થોથા છે. બાર-બાર મહિનાના અપવાસ કર્યા. બબ્બે મહિનાના સમાધિમરણ. સમાધિ એટલે? ... લાકડાની જેમ પડ્યો રહ્યો, પણ આત્મા અને રાગ બે જુદા એવી જે દૃષ્ટિ, એ દૃષ્ટિ દ્રવ્ય ઉપર જતા વર્તમાન પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર જતાં બે જુદા જણાય છે. જુદા જણાય છે એટલે જણાય છે તો એક આત્મા. પણ એમાં રાગનો ભાવ ઈ અહીંયાં જ્ઞાનમાં તે પ્રકારના પ્રકાશવાનો સ્વભાવ છે એવું જ્ઞાન ભેગું આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેમને ભેદી જુદા જુદા કરવાનું શસ્ત્ર છે...'** એટલે આ જ્ઞાનપર્યાય છે અને આ રાગ છે અને આ દ્રવ્ય છે એમ ત્રણ લક્ષ કરવા જાય તો તો રાગ થાય છે. આહા..હા..! એમાં જ્ઞાનપ્રધાનથી કથન છેને. જે જ્ઞાનની પર્યાય રાગને બંધસ્વભાવી જાણે, વિકાર કરનારો જાણે અને આ વસ્તુ નિર્વિકારી ચૈતન્ય ચમત્કાર સ્વભાવ જાણે ત્યારે જ્ઞાનની દશા અંતરમાં અંતર્મુખ થઈ જાય ત્યારે બે જુદાં પડી જાય એનું આ શસ્ત્ર જ્ઞાનની પર્યાય છે. પ્રજ્ઞાછીણી

છે. એક ઠેકાણે કાંઈક કહ્યું છે. આ પ્રજ્ઞાછીણીમાં. પ્રજ્ઞાછીણી છેને એનો કળશ છેને કળશ. એમાં કહ્યું છે. પ્રજ્ઞાછીણી. .. કરી શકે .. નથી એમ કહ્યું છે ક્યાંક હોં. (કળશટીકા, કળશ-૧૮૧) પ્રજ્ઞાછીણી કેટલામાં આવ્યું? સર્વથા શબ્દ આમાં બહુ આવે છે આ પ્રજ્ઞાછીણી. સર્વથા.

હવે અહીં બીજું કહેવું છે. જે પુદ્‌ગલ ભિન્ન-ભિન્ન થઈ જાય તેનું નામ મોક્ષ કહેવાય. તે ભિન્ન-ભિન્ન થવાનું કારણ આવું કે મોહ-રાગ-દ્વેષ ઈત્યાદિ વિભાવરૂપ અશુદ્ધ પરિણતિના મટવાથી જીવને શુદ્ધત્વરૂપ પરિણમન તેનું વિવરણ-આમ છે શુદ્ધત્વ પરિણમન સર્વથા સકળ કર્મનો ક્ષય કરવાનું કારણ છે. એવું શુદ્ધત્વ પરિણમન સર્વથા દ્રવ્યના પરિણમનરૂપ છે. નિર્વિકલ્પરૂપ છે. હવે કહે છે. તેથી વચન દ્વારા કહેવાનું સમર્થપણું નથી. .. વાત કરે એ બીજી વાત આવે. સમજાણું કાંઈ? આહા..હા..! તેથી વચન દ્વારા કહેવાનું સમર્થપણું નથી. તેથી એવારૂપે કહેવાય છે કે જીવને શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ પરિણમાવે છે જ્ઞાનગુણ તે મોક્ષનું કારણ છે એમ કહેવાય છે. સમજાણું? ભાઈએ ટીકા બહુ સરસ કરી છે. અંતરની શૈલીની કરી છે.

કહે છે કે સર્વથા દ્રવ્યના પરિણમનરૂપ શુદ્ધ પરિણમન છે. રાગથી ભિન્ન પડેલું ચૈતન્ય શુદ્ધ પરિણમનરૂપ છે. એ પરિણમનરૂપ નિર્વિકલ્પરૂપ છે. નિર્વિકલ્પરૂપ છે. તેથી વચન દ્વારા કહેવાનું સમર્થપણું નથી. ઓલામાં એમ આવે છે. .. આવેને દસ? ... અહીં તો કહેવું છે કે વસ્તુ છે એ દૃષ્ટિમાં આવી અને અનુભવ થયો એટલે નિર્વિકલ્પ છે. એમાં તો કોઈ ભેદ જ નથી, કોઈ વિકલ્પ જ નથી કે આ ને આ બેને જુદું પાડ્યું એવો વિકલ્પ છે નહિ. તેથી વચન દ્વારા કહેવાનું સમર્થપણું નથી. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ.. આવે છેને ૪૭ નય ...તેથી એવારૂપે કહેવાય છે કે જીવને શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણમાવે છે એનું નામ મોક્ષ. એટલે જ્ઞાનની પર્યાય અંતર વળતા શુદ્ધરૂપ પરિણમન થાય છે. કે આવું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઝીણું બહુ પણ મારે. માર્ગ એવો છે. કોઈ દિ' સાંભળ્યો ન હોય, વિચાર્યું ન હોય હવે એને આમ પર્યાય છે કહેવું. નથી કહેવાતું તો કહે છે શું કરવા? એ કહી શકાય એવું ભેદ પાડીને વ્યવહારે .. વસ્તુ આમ છે. વસ્તુ રાગથી ભિન્ન પડેલો નિર્વિકલ્પ અનુભવ ઈ અનુભવરૂપ ટાણે કહેવાનો પ્રસંગ નથી અને કહેવાના પ્રસંગ વખતે નિર્વિકલ્પ અનુભવ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એથી કહે છે કે જીવને શુદ્ધ સ્વરૂપ પરિણમાવે છે એ જ્ઞાન. એ મોક્ષનું કારણ એટલું કહેવાયું.

એ શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ છે જે જ્ઞાન. નિર્વિકલ્પ. તે જીવના શુદ્ધત્વ પરિણમનથી સર્વથા સહિત છે. જ્ઞાનની પર્યાય અંતરમાં વાળવી સર્વશુદ્ધ પરિણમન થયું એ શુદ્ધ પરિણમનથી સર્વથા એ જ્ઞાનની પર્યાય થઈ છે. જેમ શુદ્ધત્વ ન હોય તો તે જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોય છે સંદેહ નથી. અન્યથા સર્વ પ્રકારે અનુભવ હોતો નથી. ... કહી શકાય નહિ છતાં

આવે છે. .. આવે છે. આહા..હા..!

**'તેમની સૂક્ષ્મ સંધિ શોધીને તે સંધિમાં સાવધાન (નિષ્પ્રમાદ) થઈને પટકવી.'** શું કહે? જ્ઞાનની પર્યાયને રાગથી ભિન્ન સ્વભાવ તરફમાં એકતા કરતા પટકવી. આ જ્ઞાન પર્યાય રાગથી ભિન્નમાં હું નાખું છું. વાત એવી ઝીણી છેને. **'તે પડતાં જ બન્ને જુદા જુદા દેખાવા લાગે છે.'** આહા..હા..! જ્ઞાનમાં જેમ પરદ્રવ્ય તદ્દન ભિન્ન છે એને રાગ પણ તદ્દન ભિન્ન છે. રાગ આત્માના જ્ઞાનનું જ્ઞેય તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ? શું કહે છે? **'તે પડતાં જ બન્ને જુદા જુદા દેખાવા લાગે છે.'** જુદા દેખવા એટલે.. જેને જુદું દેખે એને વ્યવહારજ્ઞાન કહીએ. ... ભાઈ! નિયમસાર. ૫૦ની ટીકામાં. હેય ઉપાદેયનું જ્ઞાન છે એ વ્યવહારુ જ્ઞાન છે. આહા..હા..! .. શૈલી શું કરે? ... ભાવ.

કહે છે **'એમ બન્ને જુદા જુદા દેખાતાં, આત્માને જ્ઞાનભાવમાં જ રાખવો...'** આ આત્મા છે એને આ જ્ઞાનની પર્યાયમાં રાખવી. એ પર્યાયમાં ઉભો-ઉભો વાત કરે તો એ એકતા થઈ નથી એમાં. આહા..હા..! **'અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો.'** એ તો રાગ અને જ્ઞાનની પર્યાય બે એક નથી અને વચ્ચે સાંધ છે. એ ઓલામાં આવે છે નહિ કળશમાં. સંધિ છે. ઈ કળશમાં. સાંધ છે. જેમ બે પથરા વચ્ચે રગ હોય. પછી કરે છેને દારૂ (દારૂગોળો) નાખીને સુરંગ-સુરંગ. પથરા ઉડી જાય. ભગવાન આત્મા અને રાગ ઈ બેની વચ્ચે સંધિ છે. એક નથી. આહા..! નિઃસંધિ. સંધિ બે શબ્દ વાપર્યા છે. ભાઈ! સંધિ છે અને નિઃસંધિ નથી એમ વાત કરી છે. કળશટીકામાં. ઓલામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં લખ્યું છે. નિઃસંધિ થયું નથી એટલે બે-રાગ અને આત્મા એક ત્રણ કાળમાં થયા નથી. એ ૨૦૦ ગાથામાં આવે છે. પ્રવચનસારમાં. એ તો જ્ઞાયકપણે જ રહ્યો છે. અને બીજી રીતે અધ્યવસિત થાય છે.

મુમુક્ષુ :- પોતાને લાગે છે.

ઉત્તર :- લાગે છે. લાગે એટલે શું થાય? આહા..હા..! જ્યાં રાગનો ભાવ જ વિકલ્પ વિભાવ જ્યાં ભિન્ન ચીજ પરદ્રવ્ય જ છે ઈ. એ તો આવી ગયું એક દ્રવ્યપણે નહિ. આહા..હા..! આ તે કાંઈ વાત છે, બાપુ! જીણી વાતું.

વસ્તુ આખું ચૈતન્યદળ અને રાગ જુદું એવો ખ્યાલ કરે પહેલો. પછી ખ્યાલ કરીને પણ ખ્યાલ એ ખ્યાલ છોડી દે એને. અને જ્ઞાનની પર્યાયમાં બેપણું જણાતું હતું એને જ્ઞાનના અંતરમાં વાળતા એક જ સ્વરૂપનો અનુભવ થાય ત્યારે જુદાં દેખાય એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવો માર્ગ .. ... ઈરિયા વિરિયા.. જાઓ થઈ ગઈ સામાયિક. એય..! ગિરધરભાઈ! કરી હશે કે નહિ તમે એવી વાડાની સામાયિક? કરી હશે ઠીક. આહા..હા..!

એમ **'આત્માને જ્ઞાનભાવમાં જ રાખવો...'** સમજાવું હોય તો શું કહે? જ્ઞાનની અવસ્થાને સ્વભાવ ચૈતન્ય દ્રવ્ય વસ્તુ એમાં અંતર વાળતા એ જ્ઞાનમાં રાખવો એમ કહેવામાં આવે છે **'અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો.'** એટલે બંધ અજ્ઞાનભાવમાં રહી જાય છે. અહીં ભેગો આવતો નથી. આહા..હા..! .. આવી ટીકા .. બીજાને તો આ .. કરવા જાય તો ઠેકાણું લાગે નહિ. **'રાખવો અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો. એ રીતે બન્નેને ભિન્ન કરવા.'** આહા..હા..! કહો, સમજાણું કાંઈ? સુજાનમલજી! ઐસા માર્ગ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કહે છે ઈ?

મુમુક્ષુ :- આકરો ભાવ...

ઉત્તર :- ભાવવાનો અર્થ ઈ કે જે વર્તમાન જ્ઞાનની દશા એનું મોઢું રાગ ઉપર છે. એનું મોઢું દ્રવ્ય ઉપર કરવું.

મુમુક્ષુ :- એ તો બીજી પર્યાય છે.

ઉત્તર :- ઈ બીજી પર્યાય ઈ ક્યાં છે? શું થાય પણ? કથન શું કરે? આહા..હા..! જે અવસ્થા જ્ઞાનની ચાલે છે એ રાગસન્મુખ તો અનાદિથી છે. જે એની ચીજ નથી એના ઉપર તો છે. આહા..હા..! હવે એની બીજી પર્યાય જે થાય. થાય અને સન્મુખ કરવી બેને એક શું કરે? એ તો સન્મુખ થઈ ત્યારે બીજી પર્યાય થઈ અને અંદર વળી એમ કહેવામાં આવે છે. આહા..હા..! શું થાય? એ તો જાણનારો પ્રમાણસ્વરૂપ ચૈતન્ય સ્વપરપ્રકાશની મૂર્તિ છે. આહા..હા..! એ જ્યારે **'બંધને અજ્ઞાનભાવમાં રાખવો.'** રાગાદિભાવ એ બધો અજ્ઞાનભાવ, જ્ઞાનભાવ નહિ. એમ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ બધો અજ્ઞાનભાવ છે. અજ્ઞાન એટલે? એમાં જ્ઞાન નથી. અજ્ઞાન એટલે મિથ્યાત્વભાવ એમ નહિ. પણ ચૈતન્યમૂર્તિ જે જ્ઞાયકભાવનું જ્ઞાન તે જ્ઞાન એ રાગમાં નથી. આહા..હા..! **'બંધને અજ્ઞાનભાવમાં રાખવો. એ રીતે બન્નેને ભિન્ન કરવા.'**

## શ્લોક-૧૮૧

(स्रग्धरा)

प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः
सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य।

आत्मानं मग्नमन्तःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे
बन्धं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ।।१८१।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [इयं शिता प्रज्ञाछेत्री] આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી [निपुणैः] પ્રવીણ પુરુષો વડે [कथम् अपि] કોઈ પણ પ્રકારે (-યત્નપૂર્વક) [सावधानैः] સાવધાનપણે (નિષ્પ્રમાદપણે) [पातिता] પટકવામાં આવી થકી, [आत्म-कर्म-उभयस्य सूक्ष्मे अन्तःसन्धिबन्धे] આત્મા અને કર્મ-બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં (-અંદરની સાંધના જોડાણમાં) [रभसात्] શીઘ્ર [निपतति] પડે છે. કેવી રીતે પડે છે? [आत्मानम् अन्तः-स्थिर-विशद-लसद्-धाम्नि चैतन्यपूरे मग्नम्] આત્માને તો જેનું તેજ અંતરંગમાં સ્થિર અને નિર્મળપણે દેદીપ્યમાન છે એવા ચૈતન્યપૂરમાં (ચૈતન્યના પ્રવાહમાં) મગ્ન કરતી [च] અને [बन्धम् अज्ञानभावे नियमितम्] બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ (નિયત) કરતી- [अभितः भिन्नभिन्नौ कुर्वती] એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.

ભાવાર્થ :- અહીં આત્મા અને બંધને ભિન્ન ભિન્ન કરવારૂપ કાર્ય છે. તેનો કર્તા આત્મા છે. ત્યાં કરણ વિના કર્તા કોના વડે કાર્ય કરે? તેથી કરણ પણ જોઈએ. નિશ્ચયનયે કર્તાથી ભિન્ન કરણ હોતું નથી; માટે આત્માથી અભિન્ન એવી આ બુદ્ધિ જ આ કાર્યમાં કરણ છે. આત્માને અનાદિ બંધ જ્ઞાનાવરણાદિ કર્મ છે, તેમનું કાર્ય ભાવબંધ તો રાગાદિક છે અને નોકર્મ શરીરાદિક છે. માટે બુદ્ધિ વડે આત્માને શરીરથી, જ્ઞાનાવરણાદિક દ્રવ્યકર્મથી તથા રાગાદિક ભાવકર્મથી ભિન્ન એક ચૈતન્યભાવમાત્ર અનુભવી જ્ઞાનમાં જ લીન રાખવો તે જ (આત્મા ને બંધનું) ભિન્ન કરવું છે. તેનાથી જ સર્વ કર્મનો નાશ થાય છે, સિદ્ધપદને પમાય છે, એમ જાણવું. ૧૮૧.

## કળશ-૧૮૧ ઉપર પ્રવચન

હવે એનો કળશ. બે પાના ભર્યા છે કળશના (કળશટીકામાં). આના.

(स्रग्धरा)

प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः
सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य।

आत्मानं मग्नमन्तःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे
बन्धं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ।।१८१।।

આ એક સમયના કાર્યનું આટલું વર્ણન છે. આમ કરવું ને આમ ન કરવું, આમ રહી ગયું ને આમ ...

'**इयं शिता प्रज्ञाछेत्री**' '**આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી...**' એટલે કે વર્તમાન જ્ઞાનની પર્યાય એ તીક્ષ્ણ છીણી છે. જે જ્ઞાનની પર્યાય પરસન્મુખ છે એને અંતર્મુખ કરવી. આહા..! '**निपुणैः**' '**પ્રવીણ પુરુષો વડે...**' ધર્મ કરવો છેને જેને. ધર્મ કેમ થાય? એમ કહે છે. કે '**આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી...**' ઝીણી છીણી, તીખી છીણી. '**પ્રવીણ પુરુષો વડે કોઈ પણ પ્રકારે (-યત્નપૂર્વક)...**' પુરુષાર્થથી '**सावधानैः**' એ ક્રમબદ્ધમાં આવે એમ થાશે એમાં વળી પાછો પ્રયત્ન ક્યાં આવ્યો? પણ એ જ આવ્યો એમાં. આહા..હા..! ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય છે ત્યારે એની પર્યાય દ્રવ્ય તરફ ઢળે છે. આહા..હા..! એ એના સ્વકાળમાં છે. આહા..હા..! પૂજામાં ને ભક્તિમાં ને વ્રત ને અપવાસમાં જોડી દીધી બિચારાને. ઘાંચીના બળદની જેમ. આખી વાત જે હતી એ રહી ગઈ મૂળ. વર વિનાની જાન. ક્યા કહતે હૈ? દુલ્હા. દુલ્હા નહિ. માણસનું ટોળું. હજારો માણસ સાથે જોડી દીધા શણગારીને બળદને, ઘોડાને.

મુમુક્ષુ :- જાન જ ન કહેવાય.

ઉત્તર :- ના પાડી છે અહીંયાં કીધુંને. આ દયાની આજે ચોપડી આવી છે નહિ? દયાનો માર્ગ... નાનચંદભાઈ આ દયાની છે ચોપડી. પણ માંસ ખાનારા હોય શાકાહારી અને માંસાહારી એને જુદા પાડ્યા છે. પહેલું આવી ગયું છે. ... આવ્યા હતા નહિ? આ બેઠા હતા નહિ. જીવે છે? ગુજરી ગયો ઈ? એ તો .. બહુ હુશિયાર હતો. આ દયાની ચોપડી.. આ વાત .. માં આવી હશે ખરી પણ આ.. એવી .. કરી છે મારે. 'માનવકી પ્રકૃતિ સે શાકાહારી માંસ ઉસસે અનુકૂલ હૈ પશુભી માનવ જૈસે પ્રાણી .. ફળફૂલ નહીં હૈ.' પશુને ખાવ છો એ ..ફળફૂલ આખી બહુ ચોપડી છે. નાનચંદભાઈનો દીકરો છે. ... આવ્યું છે પહેલું આપણે પુસ્તકમાં. બહુ સારું કર્યું. બુક. છાપામાં આવ્યું હશે. 'જે જીતે હૈ અપને ..પર હોતી હૈ નહીં ઉનકે દુકાને મોતી દેતે .. સાગર' .. સાગરે મોતી આપ્યું.. આને બિચારાને મૃગલાને, માછલાને બહુ સારું લખ્યું. ... હીરા ન દેતી ઉન્હે ખાણ. ખાણ-ખાણ હીરાની દે .. આપે બિચારાને? 'નહીં ઉન્હે આપ કહીંસે ઓર ન ઉનકે કોષ નહીં હૈ.' આ પશુ માછલા, મૃગલા 'નહીં કહીં કે બેકર બકરે' ... બેકર. 'નહીં કલર ખરગોશ...' ક્યા હૈ? બઈકર-બઈકર છે. એટલે એની પાસે કાંઈ નથી. એકલા બિચારા. આહા..હા..! 'તરણા ભાર ન મિલતે ઉનકો' દાગીનો... મૃગલાને.. 'મિલતે ઉન્હે વસ્ત્ર અતઃ દુઃખીકો સતાના માનવકો અનુકૂલ નહીં હૈ.' ... માણસને

... 'કભી દિવાલી હોલીમેં ભી મિલતી ઉનકો ખીર નહીં હૈ.' દૂધપાક .. એ બિચારા માછલા ને મૃગલા ને બળદને, ગાયને (ક્યાં મળે?)

મુમુક્ષુ :- કોણ એને દૂધપાક ખવરાવે?

ઉત્તર :- કોણ ખવરાવે? અરેરે..! આવા પ્રાણીને તો મારે. આહા..હા..! મારે ભાષા એવી કરી છેને. ... 'કભી ઈદ ક્રિસમસ' નાતાલ. નાતાલ. 'મિલતા ઉન્હે પનીર નહીં હૈ.' પનીર એટલે?

મુમુક્ષુ :- દૂધની મીઠાઈ છે.

ઉત્તર :- મીઠાઈ હશે લ્યો. માવાનો એક હતોને ..ભાઈ! તમારે તો માવા મેવા બધું મળ્યું. મૃગલાને મળે છે? માછલાને બિચારાને. 'ફિરભી ... ક્ષુધા શાંત કર વે સંતુષી ખેલ રહે હૈ નંગે તનપર ધૂપ જેઠકી ઠંડ જલ રહે હૈ.' પોષ મહિનાની ટાઢ, જેઠ મહિનાનો તડકો બિચારા સહન કરે. 'ઈતને પર ભી .. કભી વે માનવકે પ્રતિકૂલ નહીં હૈ' આવામાં પણ કોઈ મનુષ્યને દેખી પ્રતિકૂળ થાતા નથી બિચારા. 'અતઃ સ્વાદકે લિયે ઉન્હેં નિગલના માનવકે' આને ખાવું! આહા..હા..! એકવીસ લાખ તો ઘેટા કાપે છે બાર મહિને. એક લાખ બળદ કાપશે. આહા..હા..! ત્યાં તો મુંબઈથી નજીક કહેવાય. ... આહા..હા..! 'નદીયોંકા મલ ખાકર..' હવે માછલી 'નદીયોંકા મલ ખાકર ખારા પાની પીકર પાનીકી તભી મનુષ્યકે ખેતોંમેં .. તરતી .. મચલતી ' આ ફળી. વટાણાની... 'અતઃ જલકુમારીયા' હાથ વિનાની બિચારી જલની કુમારી છે એવી માછલી. 'કે ઘર જાકર જાલ પિછાના..' એના ઘરે જાવ.. આહા..હા..! '.. સે ઉન્હે બલાત પકડના નંગે તન પર છુરી ચલાના.' નાગુ શરીર છેને બિચારાનું. .. ગંધ મારે ઈ. એ લોકો બિચારા.. અરેરે..! આ બિચારા .. નરકમાં જાશે. આનું ...માછલા ...

'કભી પ્રસવકે લીયે ન ચીડીયા' હવે પક્ષી લીધા. પક્ષીને મારે છેને બહુ બધા? '.. કિસી વૃક્ષ પર બના ઘોસલા સહ લેતી હૈ અપને ... ભરે પણ..' બિચારા બચ્ચા. 'દેતા પ્રસવ ઉન્હે ઓર ઈન્હે .. બાત નહીં હૈ? અંડે ઉનકે નન્હે નન્હે એ વંશ વૃક્ષકે મૂલ વહી હૈ. યહી ઉનકે રાજા બેટા કુલ નહીં હૈ.' .. નથી કે એને ખાય. આહા..હા..! '..કો ભી કભી પકડને કો .. નહીં હૈ.' ... આહા..હા..! 'આકર પાસ મનુષ્ય કો ભગ જાતે હૈ દૂર.' મનુષ્ય આવે તો ભાગે બિચારા. 'તબ ઈન્હે પકડનેકો ભી માનવ વન-વન ઢુંઢ રહા હૈ. ઈન્હે તડપતે મરતે બિલખકર યહ અમેરિકા ઢુંઢ રહા હૈ.' .. માછલા ખાતા હશે. માછલા મોકલે છેને આ. બહુ મોકલે છે.

મુમુક્ષુ :- .. નો વેપાર મોટો..

ઉત્તર :- મોટો વેપાર છે. આહા..હા..! માછલા બહુ ... અહીંથી માછલા ... કરીને. આહા..હા..! દુનિયાને વ્યવહારના ઠેકાણા નથી. અનાકુળ આનંદનો નાથ એને આવા ...

મુમુક્ષુ :- મનુષ્યનો વ્યવહાર...

ઉત્તર :- આ તો મનુષ્યનો વ્યવહાર. આહા..હા..! લૌકિક વાત. સીધી વાત હોં મારે. 'વાનર નર સે કહીં બડા હૈ.' વાંદરાનું આવ્યું. 'યહ સંજીવની મૂલ નહીં હૈ અતઃ મારકર મર્કટ' મારીને ખાવું. આહા..હા..! 'ક્યોંકી મનુષ્યકા ખેત લૂંટાતે' મનુષ્યને ખેતર મળે. ખેતરમાં પાકે એ. 'ઘેહુ મક્કા .. વહ ફલ દેને હેતુ ...' લ્યો રે લ્યો ખેતરમાં અનાજ જેને જોતું હોય. 'દાની સે ઉપધ્યાન ચલા હૈ' એ દાનીસે... 'અતઃ બના પકવાન ચખો તુમ ફલ ખાકર આનંદ જીવો તુમ. મેવોસે લો સભી વિટામીન બળવૃદ્ધ...' આ મૂકીને દેને. 'ઉન્હેં પાલનેમેં અસમર્થતા ધરતીમાકી ધૂળ નહીં હૈ.' ધરતીની કાંઈ ધૂળથી તમે નથી પોષાણા. તમે અનાજથી પોષાણા છો. 'અતઃ અન્નફલ મેવે રહેતે માંસ તુમ્હે અનુકૂળ નહીં. મિત્ર માંસકો તજકર ઉસકા ઉત્પાદન તુમ આજ ઘટાઓ.' ઓલા કહે ઉત્પાદ કરો માંસનો. ... આ કહે કે ભાઈસાહેબ! ... 'બનો નિરામીષ ઉગામે મૈં ..હાથ બટાઓ. .. નદીયોંમેં અબ જાલ ન ડાલો, ઔર .. તુમ અબ ગેહુંકી ...' ઘઉં પકાવો. 'શાકાહારી અહિંસક બનો ધર્મકા મૂલ યહી હૈ. પશુભી માનવ જૈસે પ્રાણી યહ મેવા ફળફૂલ નહીં હૈ.' બનાવ્યું છે સારું. શુભભાવ છેને ઈ? આહા..હા..! કહો, આ તો સમજાય એવું હતુંને છોકરાઓ! કહો આ તો જાડું હતું એય..! .. એ તો જાડું-ઝીણું બધું સમજે. પણ બીજાને. આહા..હા..! આવા બિચારા પ્રાણી નાગા ફરે, વસ્ત્ર વિનાના ફરે એને તમે .. કરી મૂકો કાળાકેર કરે છે.

અહીં તો કહે છે કે રાગ અને આત્મા બે વચ્ચે .. ચડી હવે. આહા..હા..! ભાઈ! તારે કરવાનું તો આ છે. તારા હિતને માટે કરવું હોય તો આ છે. આહા..હા..! એવી .. તો અનંતવાર મોટી જગતની. હવે બે તિરાડ પાળ. રાગ અને ભગવાન બે જુદા છે એમ જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળ. '(-યત્નપૂર્વક)' '**सावधानैः**' 'કોઈ પણ પ્રકારે (-યત્નપૂર્વક) **સાવધાનપણે (નિષ્પ્રમાદપણે) પટકવામાં આવી થકી,...**' શું કરે? '**आत्म-कर्म-उभयस्य**' '**આત્મા અને કર્મ-બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં (-અંદરની સાંધના જોડાણમાં)...**' જોડાણ થઈ જાય છે રાગની સાથે વસ્તુ ભિન્ન છે અંદર. આહા..હા..! તદ્દન ભિન્ન રાગ. ત્રિકાળ સ્વભાવ ... આહા..હા..!

શ્રીમદ્‌માં આવે છેને એવું નહિ? અનાદિનો વિભાવ ... એમ વિભાવ અનાદિનો છે. એમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય આત્મા. એમ વિભાવ અનાદિનો 'કોટી વર્ષનું સ્વપ્ન પણ, જાગૃત થતાં સમાય તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.' રાગ અને હું બે એમ .. આહા..હા..! જ્ઞાન.. પછી ... ... સમજણમાં લેવી, એને આ રીતે જ છે એમ એને ખ્યાલમાં લેવી અને એ ખ્યાલની પર્યાયને અંતરમાં વાળવી. આ એક પછીની પર્યાય.. પણ ભાષા તો શું થાય?

**'આત્મા અને કર્મ-બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં (-અંદરની સાંધના જોડાણમાં)...'** અંદરની સાંધના જોડાણમાં. **'रभसात्' 'શીઘ્ર પડે છે.'** ઓલામાં એક સમય લીધો કળશમાં. લ્યો આ એક સમયમાં આમ થાય છે. આહા..હા..! જે જ્ઞાનની વર્તમાન પર્યાય ક્ષયોપશમ દશા એનું મોઢું રાગ અને પરદ્રવ્ય ઉપર છે. રાગ એ પરદ્રવ્ય જ છે. પર્યાયને પરદ્રવ્ય કીધી છે. પર્યાયનું મોઢું પર્યાય ઉપર છે. એય..! .. ત્યાં સુધી મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ત્યાં સુધી એ ૩૬માં છે. ૩ અને ૬ બેય ઉંધા. આહા..હા..! ચાલતી જ્ઞાનની દશા પ્રજ્ઞાછીણી એને બે વચ્ચે પટકનો અર્થ જ સ્વભાવ સન્મુખ થઈ જાય એમ. ભાષા તો શું કરે? બે વચ્ચે પટક. બે વચ્ચેનો ખ્યાલ રહ્યા કરે ત્યાં સુધી પટકી નહિ શકે. .. છેને? એ રાગનો વિકલ્પ ઉઠે છે અને તે જ ક્ષણે જ્ઞાનની પર્યાય ખરેખર તો એ રાગને જાણવાનું પર્યાયનું જ્ઞાન તે વખતે પોતાથી થાય છે, પણ એ માનતો નથી. આહા..હા..! એવી જ્ઞાનની જે દશા એને શીઘ્ર પડે છે વચમાં.

**'કેવી રીતે પડે છે?' 'आत्मानम् अन्तः-स्थिर-विशद-लसद्-धाम्नि चैतन्यपूरे मग्नम्'** લ્યો આ રાગને રાગમાં રાખવો એવી તો વાતું બધી. આહા..હા..! બે-અઢી પાના ભર્યા છે આમાં કળશટીકામાં. રાજમલ ટીકા બહુ સરસ. કળશટીકા છે ..ભાઈ! છે તમારે ત્યાં? કળશટીકા બહુ સૂક્ષ્મ. રાજમલ કવિ હતા. રાજમલ. ... આજ આવ્યું. પુસ્તક છે રાજમલ કળશટીકા. બહુ સૂક્ષ્મ. અમારે તો વંચાઈ ગયું છે. **'બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ (નિયત) કરતી...' 'अभितः भिन्नभिन्नौ कुर्वती' 'એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.'** આહા..હા..! વાત ઈ છે કે ચૈતન્યનું લક્ષણ એ જ્ઞાન છે. એ જ્ઞાનના લક્ષણે આ આત્મા છે એ એનું આ લક્ષણ છે. એમ લક્ષણને અંદરમાં વાળતા જ્ઞાન જ્ઞાનમાં લીન થાય છે, રાગ રાગમાં .. રહી જાય છે. એનું નામ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. અનુભૂતિ. આહા..હા..! જ્ઞાનની દશાને અંતરમાં વાળતા જે અનુભવ થાય એ અનુભવમાં રાગ આવતો નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગમાં રાગ રહી જાય. જ્ઞાનમાં. **'એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી...'** એમ કહ્યું છે. સર્વ તરફથીનો અર્થ સર્વથા થાતું હશે કે નહિ? થોડું-ઘણું રાખો રાગ અને થોડું-ઘણું જ્ઞાન.

મુમુક્ષુ :- ૨૫૫માં સર્વથા લે છે.

ઉત્તર :- સર્વથા શબ્દ છે. ટીકામાં ... છે. કળશટીકા અને આમાં પણ છે અને ઓલામાં છે. છ. છવાર છે ત્યાં. સર્વ કર્મના...

**'સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.'** એટલે જે જ્ઞાનની ચાલતી દશા એ અંતરમાં વાળતા કોઈ પડખે રાગ રહેતો નથી. આહા..હા..! સર્વ-ચારે બાજુથી. દ્રવ્યથી જુદું, ક્ષેત્રથી જુદું, કાળથી જુદું, ભાવથી, જુદું આહા..હા..! **'સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી**

પડે છે.' આ બધું કાર્ય એક સમયમાં થાય છે. ... આહા..હા..! વિસ્તાર કહેવા જઈએ તો પાર ન આવે. બે-અઢી પાના ભર્યા. આહા..હા..! આત્મા અને બંધ, રાગભાવ એ બંધ છે. લોકો કહે છેને આ અમે વ્રત પાળીએ છીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ .. કરીએ એ બધો ભાવ રાગ બંધસ્વભાવ છે. આહા..હા..! કેમકે અબંધસ્વરૂપી ભગવાનથી તે ભિન્ન ચીજ છે. આત્મા તો અબંધસ્વભાવી ચીજ છે. એવા અબંધ સ્વભાવી આત્માને અને બંધસ્વભાવી વિકારને. વિકાર છે એ બંધસ્વભાવ છે. બેને ભિન્ન ભિન્ન કરતી છીણી વચમાં પડે છે લ્યો. આનું નામ અનુભૂતિ. એનું નામ સમ્યગ્દર્શન સાથે અનુભવ થવો તે અને અનુભૂતિ સાથે પ્રતીત થઈ સમકિતની તે. અને અનુભૂતિ સાથે સ્વરૂપમાં સમતાપણે સ્થિરતા થઈ. આહા..હા..! પહેલી ચીજ જ આ છે. એવી દેશના ઘટી ગઈ, ઉપદેશ ઘટી ગયો એથી અગિયારમામાં કહ્યું ગુરુએ આવો ઉપદેશ. અગિયારમી ગાથામાં કહ્યું છેને. પર્યાયને ગૌણ કરીને પર્યાય અભૂતાર્થ છે એમ કરીને દ્રવ્યની દૃષ્ટિ...

અંદર પર્યાય જ્ઞાનની જે છે એને આ પર્યાય છે એને આમાં વાળું ત્યાં સુધી હજી પર્યાયમાં ઉભો છે. ..ભાઈ! ક્યાં નવરા આવી વાતું સાંભળવા. દસ-દસ લાખના મુંબઈમાં મંદિર પણ મજા પડે એમાં દેખાય લ્યો. કાંઈક કરે છે. આ કરે છે એ શું દેખાય? અંદરવાળો દેખે. દેખનારો દેખે. આહા..હા..! ... દીધું હતું જરી કાર્ય ને કારણ ભાવાર્થમાં.

'**ભાવાર્થ :- અહીં આત્મા અને બંધને ભિન્ન ભિન્ન કરવારૂપ કાર્ય છે.**' રાગ અને આત્માના સ્વભાવને ભિન્ન કરવારૂપી આ કાર્ય છે. લ્યો આ કાર્ય નથી આ? રાગનો વિકલ્પ અને નિર્વિકલ્પ ચૈતન્ય નિર્વિકારી આત્મા બેને જુદા કરવારૂપી કાર્ય છે. '**તેનો કર્તા આત્મા છે.**' રાગથી ભિન્ન કર્તા કરનારો તો આત્મા કર્તા છે. વ્યવહારનો રાગ હતો માટે તેનો કર્તા રાગ છે. કોનો? ભિન્ન પડવાનો. એ કર્તા નથી. ભિન્ન પડવાનો કર્તા તો આત્મા છે. '**તેનો કર્તા આત્મા છે. ત્યાં કરણ વિના કર્તા કોના વડે કાર્ય કરે?**' સાધન વિના.. સોની જ્યારે હથોડે ઘડે તો હથોડા વિના શી રીતે ઘડે? એમ અહીં કરણ લેવું છે. ઓલું સાધન તો ભિન્ન છે. આહા..હા..! '**કરણ વિના કર્તા કોના વડે કાર્ય કરે?**' રાગથી ભિન્ન પડવાનું કાર્ય કર્તા આત્મા, પણ એ કર્તા કોના સાધન વડે? કોના કરણ વડે જુદું પાડે? '**કોના વડે કાર્ય કરે? તેથી કરણ પણ જોઈએ.**' સાધન તો જોઈએ. કહો, આ સાધન દયા ને દાન ને વ્રતના કરે એ સાધન નહિ એમ કહે છે. આહા..! એનાથી તો જુદું પાડવું છે.

'**નિશ્ચયનયે કર્તાથી ભિન્ન કરણ હોતું નથી;...**' વાસ્તવિક દૃષ્ટિએ જોઈએ તો કર્તા આત્મા રાગથી ભિન્ન કરવાનો કાર્યનો કર્તા તે આત્માથી કરણ સાધન જુદું હોઈ શકે નહિ. સાધન રાગ હોય અને આત્માનું કાર્ય રાગથી ભિન્ન પડે એવું હોઈ શકે નહિ. '**માટે આત્માથી**

**અભિન્ન એવી આ બુદ્ધિ જ આ કાર્યમાં કરણ છે.'** એ જ્ઞાનની પર્યાય જે પરતરફથી વળીને સ્વમાં આવે એ જ્ઞાનની પર્યાય કર્તા ને સાધન છે. આહા..હા..! કરનારો આત્મા રાગથી ભિન્ન પાડવાનો અને કરણ પણ આત્માની જ્ઞાનની પર્યાય. ઈ વાત સાચી છે તમારી નિશ્ચયની. પણ સાધન? એ અગાસમાં પૂછયું હતું. અગાસમાં ગયા હતાને જ્યારે. ત્યાં સાંભળેલું. .. થઈ જશે ... ઊંડી વિચારણા કરીએ .. એ કરણ ક્યું હોય? પોતે જ્ઞાનની પર્યાય રાગથી ભિન્ન પડવાનો કાર્યનો કર્તા આત્મા તેની જ્ઞાનની પર્યાય તેનું કરણ છે. જ્ઞાનની પર્યાય વડે આત્મા આમ વળેલો છે. સમજાણું કાંઈ? ઈ જાણવાની જે જ્ઞાનની દશા એ વડે અંતર વળેલો કર્તા. ... આ જ્ઞાનની પર્યાય છે આમ વળી છે. .. આમ ક્યાં છે ભેગી? સમજાવામાં શું કહે? આહા..હા..! આ તો પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થવાની આ કળા અને રીત છે. એ જ્યાં સુધી રીતને નહિ પકડે ત્યાં સુધી એને ધર્મ નહિ થાય. કહો, ગિરધરભાઈ! આહા..હા..!

**'આત્માને અનાદિ બંધ જ્ઞાનાવરણાદિ કર્મ છે, તેમનું કાર્ય ભાવબંધ તો રાગાદિક છે...'** જોયું? રાગાદિ એનું કાર્ય છે. દ્રવ્યકર્મ ઉદય થાય. રાગાદિ થાય. **'અને નોકર્મ શરીરાદિક છે.'** બેય લીધું. ઘાતિનું કાર્ય અને અઘાતિનું કાર્ય. આહા..હા..! **'માટે બુદ્ધિ વડે આત્માને શરીરથી,...'** એક વાત. **'જ્ઞાનાવરણાદિક દ્રવ્યકર્મથી...'** બે. **'રાગાદિક ભાવકર્મથી ભિન્ન...'** લ્યો, આહા..હા..! **'એક ચૈતન્યભાવમાત્ર અનુભવી જ્ઞાનમાં જ લીન રાખવો તે જ (આત્મા ને બંધનું) ભિન્ન કરવું છે.'** લ્યો, **'તેનાથી જ સર્વ કર્મનો નાશ થાય છે,...'** પહેલું તો તેનાથી મિથ્યાત્વનો નાશ થાય છે, પછી એમાં ને એમાં સ્થિર રહેતા અવ્રતનો, અસ્થિરતાનો પણ નાશ થાય છે અને ક્રમે કરીને **'સિદ્ધપદને પમાય છે, એમ જાણવું.'** અંતરમાં એકાગ્ર થતાં સિદ્ધને પમાય. બીજો કોઈ ઉપાય છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૨૯૫

आत्मबन्धौ द्विधा कृत्वा किं कर्तव्यमिति चेत् -

जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।
बंधो छेदेदव्वो सुद्धो अप्पा य घेत्तव्वो।।२९५।।

जीवो बन्धश्च तथा छिद्येते स्वलक्षणाभ्यां नियताभ्याम्।
बन्धश्छेत्तव्यः शुद्ध आत्मा च गृहीतव्यः।।२९५।।

आत्मबन्धौ हि तावन्नियतस्वलक्षणविज्ञानेन सर्वथैव छेत्तव्यौ; ततो रागादिलक्षणः समस्त एव बन्धो निर्मोक्तव्यः, उपयोगलक्षणः शुद्ध आत्मैव गृहीतव्यः। एतदेव किलात्मबन्धयोर्द्विधाकरणस्य प्रयोजनं यद्बन्धत्यागेन शुद्धात्मोपादानम्।

'આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :--

જીવ બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે,
ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૨૯૫.

ગાથાર્થ :- [तथा] એ રીતે [जीवः बन्धः च] જીવ અને બંધ [नियताभ्याम् स्वलक्षणाभ्यां] તેમના નિશ્ચિત સ્વલક્ષણોથી [छिद्येते] છેદાય છે. [बन्धः] ત્યાં, બંધને [छेत्तव्यः] છેદવો અર્થાત્ છોડવો [च] અને [शुद्धः आत्मा] શુદ્ધ આત્માને [गृहीतव्यः] ગ્રહણ કરવો.

ટીકા :- આત્મા અને બંધને પ્રથમ તો તેમનાં નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી સર્વથા જ છેદવા અર્થાત્ ભિન્ન કરવા; પછી, રાગાદિક જેનું લક્ષણ છે એવા સમસ્ત બંધને તો છોડવો અને ઉપયોગ જેનું લક્ષણ છે એવા શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો. આ જ ખરેખર આત્મા અને બંધને દ્વિધા કરવાનું પ્રયોજન છે કે બંધના ત્યાગથી (અર્થાત્ બંધનો ત્યાગ કરી) શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :- શિષ્યે પૂછ્યું હતું કે આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું? તેનો આ ઉત્તર આપ્યો કે બંધનો તો ત્યાગ કરવો અને શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.

---

**જેઠ વદ-૯, રવિવાર, તા. ૨૪-૦૬-૧૯૭૩**
**ગાથા - ૨૯૫, પ્રવચન-૪૧૮**

એવો જે પણ એક વિકલ્પ છે એને બેના નિશ્ચય લક્ષણોથી જાણીને એમ કીધુંને? જ્ઞાનથી. ત્યાં સુધી એને વિકલ્પક-વિકલ્પાત્મક જ્ઞાન છે. ભેદજ્ઞાન ખરું, પણ એ ભેદજ્ઞાન વિકલ્પવાળું છે. ટીકામાં પણ કર્યું છે. ઓલા.. કે ભાઈ આ સહાયક છે પણ મૂળ ચીજ નહિ આ ભેદજ્ઞાનની.

આમ .. હોં. આમ ભેદજ્ઞાન તો આત્માની સાથે અભેદ થાય એને પણ ભેદજ્ઞાન કહે છે. પણ આ રાગ છે. આહા..હા..! ક્યાં લઈ ગયા જુઓને. અને આ આત્મા ચૈતન્ય ચમત્કાર છે એમ બેનો ખ્યાલ થવો એ પણ હજી વ્યવહારું જ્ઞાન છે. તેના જ્ઞાનથી અંતરમાં સર્વથા જ છેદવો. એટલે ભિન્ન કરવા. એટલે કે જ્ઞાનલક્ષણે લક્ષિત આત્માને જોડવો, એની નિર્મળ પર્યાયને ત્યાં જોડવી એટલે રાગનું બંધન થોડું છે એ છૂટું પડી જાય. સ્વરૂપ જે ચૈતન્ય ચમત્કાર પ્રવાહરૂપ એના અંતર ઢળતા વિકલ્પની એકતા તુટી જાય છે. એને અહીંયાં બેને ભિન્ન કરવા એમ કહ્યું છે. આહા..! ભારે ઝીણી વાત. ધર્મની-વીતરાગના માર્ગની રીત બહુ જુદી!

કહે છે કે '**પછી, રાગાદિક જેનું લક્ષણ છે એવા સમસ્ત બંધને તો છોડવા...**' કે આ રાગ છે એમ છોડવો. એ પણ હજી વિકલ્પવાળું જ્ઞાન છે. સમજાણું કાંઈ? જુઓ આ વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવનો સમ્યક્ જ્ઞાનનો માર્ગ એ વિનાની બધી ક્રિયાકાંડો બધા રાગમાં જાય છે. આહા..હા..! એને રાગ વિકારમાં કારણ છે એવું એનું લક્ષણ જાણી એને છોડવો. અને સર્વથા છેદવો એમ કહેતા એમાં કોઈ વ્યવહારનયના વિષય દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પંચ મહાવ્રતના ભાવ કે ભગવાનનું સ્મરણ એવો જે કષાયનો મંદભાવ એને આત્મા બેયને વચ્ચેની છીણી મારવી. નહિ કે રાગ વ્યવહાર એને મદદ કરશે. આહા..હા..! એ નડતું હતું એને. સર્વથા છેદવો એટલે? કંઈક ભિન્ન કરવો અને કાંઈક એકપણે રાખવો એમ છે અંદર? તો તો સર્વથા... એય..! ચેતનજી! અને તે સર્વથા જ. પાઠમાં છેને. '**सर्वथैव**' એમ શબ્દ છે. આહા..હા..!

એ રાગનો એક અંશ પણ આત્મામાં નથી અને રાગના અંશમાં આત્માના જ્ઞાનનો અંશ નથી. કેમકે રાગભાવ છે એ તો અજ્ઞાનભાવ છે. અને એનાથી ભિન્ન પડતા ચૈતન્ય તો જ્ઞાનભાવ સ્વભાવસ્વરૂપ છે. એ જ્ઞાનભાવને દૃષ્ટિમાં લેતા અજ્ઞાનભાવ એવો જે રાગ ત્યાં છૂટો પડે છે એને છોડવો એમ કહેવામાં આવે છે. ભારે! આવો ધર્મ! સાંભળવામાં ઝીણું પડે. ઓલું તો દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો લ્યો, આ જામનગરમાં અપવાસ બહુ થાય આઠમ અને ચૌદશના. શું કહેવાય? આઠમ અને .. પોષા બહુ કરે. એય..! છ કાયના થોકડા નવ તત્ત્વના બોલ, બાસઠ બોલ... બધાય પહેલા કરેલા. ૬૮માં કરેલા. ૬૮ની સાલ. ત્યારે એને પછી વ્યાખ્યાનમાં આવ્યું. ૮૨ની વાત છે. એ અપાસરે. વ્યાખ્યાન ત્યાં ચાલતા. જીવલાલ.. અપાસરે મોટા ઉતર્યા. ત્યાં ઉતર્યા. ... કીધું ભાઈ આ નામકર્મ ચાર પ્રકારે બંધાય છે એવો શાસ્ત્રમાં પાઠ છે જુઓ. જ્ઞાનસાગર. શુભ નામકર્મ ચાર પ્રકારે બંધાય. મનનો શુભભાવ, વચનનો શુભભાવ, કાયાનો શુભભાવ, ... અવિસંવાદ.. કોઈ સાથે ઝઘડો નહિ એવો શુભભાવ. એનાથી ભાઈ નામકર્મ શુભ બંધાય. એ તો ધર્મ નહિ. ચાર પ્રકાર શુભ નામકર્મ ભાઈ! એ તારાચંદભાઈ

આવ્યા સાંજના એકલા. પરિઠાણા કરવા આવેને ત્યારે એકલા આવ્યા. મહારાજ! આ બધું જરી.. કીધું શું છે? આવું... વ્રત, દાન, તપને બધું પુણ્યબંધ? કાંઈક એનો ખુલાસો કરજો કોકનું કાંઈ એમાં ધર્મ. ધર્મ-બર્મ નથી કીધું. ૮૨ની વાત છે. પહેલા ત્યાં ૮૨માં કહ્યું. તારાચંદભાઈ તો બહુ શાસ્ત્ર ભણાવતા. .. એને એકદમ કડક ખાઈ ગઈ કે આ શું? આ શું શું એ તો શુભરાગ છે. કાઓ... ચાર પ્રકારે નામકર્મ બંધાય છે. સમ્યગ્દર્શન એજ મુક્તસ્વરૂપ ભગવાનને પકડે છે. એ અપેક્ષાએ મોક્ષ જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે..! એના ઘરની વાતુંની એને ખબર ન મળે.

કહે છે કે એ રાગના અંશને સર્વથા જ છેદવો. એટલે કે રાગના અંશ તરફની રુચિ રાખીને અંદર આત્મા તરફ જવાય એમ નથી. કહો, સમજાણું કાંઈ? એ વ્રતના, બાર વ્રતના ભાવ, પંચ મહાવ્રતના ભાવ ને. તે દિ' મૂર્તિનું તો ક્યાં આવતું હતું બહારમાં. બહારમાં હોં. આ તો વિકલ્પ છે ભાઈ! રાગ છે કીધું. એ રાગ પોતે ધર્મ થાય અને ધર્મનું કારણ થાય એ વીતરાગ માર્ગમાં હોય નહિ. આહા..હા..! કહે છે કે એને **'સર્વથા જ છેદવા...'** ચાહે તો વ્રત, તપના પરિણામ હોય, અપવાસના, મહિનાના અપવાસના, પાંચ છ-છ મહિનાના અપવાસ, બાર-બાર મહિનાના અપવાસ. આહા..હા..! પણ જ્યાં આત્મા આનંદની મૂર્તિ છે એ તો દૃષ્ટિમાં લીધો નથી. એની દૃષ્ટિ તો ત્યાં પર ઉપર ઉપયોગ વર્તે છે. આ મેં આ અપવાસ કર્યા, મેં આ નોકર ગણ્યા, મેં આ સામાયિક કરી, પોષા કર્યા એ તો બધો શુભભાવ છે. એ શુભભાવ બંધરૂપ છે. એનો બંધસ્વભાવ છે. અને ભગવાનનો ચૈતન્યસ્વભાવ છે.

**'સર્વથા જ છેદવા...'** અહીં રાડ નાખી ગયા બંસીધરજી. અરે..! આ તો એકાંત થઈ જાય.. એકાંત થઈ જાય... એકાંત થાય એટલે સમ્યક્ તરફ ઢળે ઈ એકાંત છે. બંધનું લક્ષણ જાણીને તેના ઉપરની દૃષ્ટિ છોડી દે એ આ બાજુ ઢળી જાય એ સમ્યક્ એકાંત જ છે. આહા..હા..! આ સમ્યગ્દર્શન પામવાની આ એક રીત છે, આ કળા છે. બહારથી માને દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા, નવ તત્ત્વ સાચા, ફલાણું સાચું, આ સમકિત. સમકિત એમ નથી. કહે છે **'સર્વથા જ છેદવા અર્થાત્ ભિન્ન કરવા;...'** રાગનો અંશ જે છે દયા, દાનનો અને ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ, અરે..! હું શુદ્ધ છું, અબદ્ધ છું, એવો એક પક્ષવાળો રાગ. આહા..હા..! કર્તાકર્મમાં આવે છેને? એને બંધ છે. આહા..હા..! એ ભગવાન આત્મા એ ચૈતન્ય ચમત્કારી વસ્તુ ધ્રુવ પ્રવાહરૂપ પડ્યો છે એના ઉપર ઢળતા રાગ ઘટી જાય છે એટલે કે રાગની એકતા રહેતી નથી. અને જેટલો અંદર સ્થિર થાય એટલી અસ્થિરતા પણ છુટી જાય. આહા..હા..! ભારે આકરું કામ માણસને. સાંભળ્યું ન હોય બિચારા અભણ હોય. કેટલાક તો ભણ્યા પણ ન હોય બાયુ કેટલીક. એમાં આ વાત કહે. નહિ... નહિ...

**'રાગાદિક જેનું લક્ષણ છે એવા સમસ્ત બંધને તો છોડવો...'** આહા..હા..! અંદર

લક્ષ છે, વિકલ્પ છેને? એમાં આ રાગાદિ છે એ બંધના કારણે એને છોડવા જેવું છે એટલે કે એનું લક્ષ છોડવા જેવું છે એમ એનું લક્ષ છોડવું. હજી લક્ષ છોડવું અને અહીંયાં લાવવું એ ત્યાં સુધી હજી વિકલ્પાત્મક વ્યવહારુજ્ઞાન છે. આહા..હા..! '**એવા સમસ્ત બંધને તો છોડવો...**' રાગ જેનું લક્ષણ છે, વિકાર જેનું સ્વરૂપ છે એવા ભાવને તો, આ તો અંતરની વાતું છે. અને અંતરમાં આ રીતે બેને જુદાં પાડ્યા વિના સ્વની દૃષ્ટિનો અનુભવ થાય નહિ એને. સમજાણું કાંઈ? જ્યાં સુધી એને રાગના અંશ ઉપર પ્રેમ છે ત્યાં સુધી એને જુદું નહિ પાડી શકે. કહો, સમજાણું કાંઈ? મારો આવો માર્ગ તે ક્યાંથી! પાછા નામ આપે સોનગઢિયા. જે સમયે જે થાય તે થાશે એ નિયતવાદીઓ. એમ કહે અરે..! ભગવાન! શું કરે છે તું આ? શેઠી એમ કહેતા એકવાર બિચારા. કે અમે જાઈએ ત્યારે અમને એમ કહે. આવો, .. લ્યો. ત્યારે કહે તમે અનિયત એટલે તમારું નામ છે એ કાંઈ નક્કી નથી અમને? આમ શેઠિયા કહે. તમારું આ નામ છે એ નક્કી નથીને? તમે માણસ છો એ નક્કી નથીને? અનિયત છેને તમારે બધુંય? ભાઈએ એમ કહ્યું હતું. નિયત નથીને? તમે વાણિયા છો કે ઢેઢ છો કે માણસ છો એ કાંઈ નિયત નથી? પણ શેનું નિયત? માણસ છે પર્યાયે. બરાબર સર્વથા માણસ છે ઈ તો પર્યાયે હોં. નિત્ય છે, અનિત્ય છે એ સર્વથા પર્યાયે અનિત્ય છે અને નિત્ય છે એ દ્રવ્યાર્થિક દ્રવ્ય એ સર્વથા નિત્ય દ્રવ્ય છે. વળી એને સર્વથા કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય છે દ્રવ્યદૃષ્ટિ એમ છે? એમ વસ્તુ હોય? લોકો અનેકાંતને માને ફુદડીવાદ કરી નાખે મારે. અને એ ગાળ દેવાની રીત એની. એ એકાંત લાગે. એ એકાંત ચીજ છે. એ એકાંત ચીજ છે. બહુ વાત બાપુ!

અહીં પરમાત્માનું કથન છે કે જેને ધર્મ કરવો હોય તેને સર્વજ્ઞ પરમાત્માનો આદેશ છે. આહા..હા..! કે ભાઈ! જે સમયે રાગ થાયને દયા, દાન, વ્રત, તપ બધોય રાગ છે. આહા..હા..! એ રાગ વિકાર કરનાર બંધસ્વભાવી એનાથી ભગવાન આત્માને જુદો કરવો.. આહા..હા..! બહુ ઝીણું! જુદો કરીને. '**રાગાદિક જેનું લક્ષણ છે...**' પરતરફના વલણવાળી જે વૃત્તિ છે એ બધું રાગાદિનું લક્ષણ છે. '**એવા સમસ્ત બંધને...**' અહીં ઈ કીધુંને પાછું? ઓલામા સર્વથા છેદવા કીધું હતું. અહીં સમસ્ત બંધને તો છોડવો. આહા..હા..! રાગ, પણ હજી રાગ કોને કહેવો એની જાતની ખબર ન મળે. અહીં તો ભગવાનનું સ્મરણ કરે નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ રાગ છે. એય..! આ ભગવાન સાક્ષાત્ ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય અને એની ભક્તિ ઉતારે આરતી. જય નારાયણ... જય પ્રભુ. એ વિકલ્પ અને રાગ છે. એય..! નવરંગભાઈ! એય..! વજુભાઈ! આવું છે.

મુમુક્ષુ :- જ્ઞાન કરવું એટલે રાગ?

ઉત્તર :- રાગનું જ્ઞાન પરવસ્તુ છેને? કોક મલ્લિનાથ સ્ત્રી છે એ માને .. ન ગોઠતું હોય

કોકને. ભાઈ! ન ગોઠે, ગોઠે બાપુ! શું કરવું એને? આહા..હા..! ત્રણ લોકના નાથ તીર્થંકર એ તે શરીરે સ્ત્રી. ભગવાનને ગાળું દીધી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો પરમેશ્વરની વાણીમાં એમ આવ્યું આહા..હા..! અને જે તીર્થંકર થાય એ કેવી પ્રકૃતિના પરિણમન એને હોય. એને સ્ત્રીપણું હોઈ શકે ક્યાંય? તત્ત્વનો બહુ ફેર છે ભાઈ! ઠીક લાગે, ન લાગે જગત પાસે રહો. માર્ગ વીતરાગનો તો આ છે. આહા..હા..! એ પ્રશ્ન પૂછયો હતો વનેચંદભાઈએ ૮૩ની સાલમાં. વનેચંદ શેઠ હતાને. વાંકાનેરના હતા. વનેચંદ શેઠ. એણે ૮૩માં પ્રશ્ન દામનગર કર્યો હતો. દામનગરના ચોમાસામાં આવ્યા હતાને. મહારાજ! એક કહે છે કે મારો બાપ બાયડી અને એક કહે છે કે મારો બાપ આદમી. એનું શું કરવું કહે. એય..! આવો પ્રશ્ન કર્યો હતો વનેચંદ શેઠ. શ્વેતાંબર કહે છે કે મારો બાપ બાયડી હતી મલ્લીનાથ. બાપ કોને? બાપ તીર્થંકર કહો કે બાપ કહો. એય..! ..ભાઈ! ૮૩ની વાત છે. વનેચંદ શેઠ હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તીર્થંકર .. તો શું એનો અર્થ? આહા..હા..! અરેરે..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા છેને બધી ખબર છેને. એટલે મલ્લીનાથ, મલ્લનાથ ક્યાં કહ્યું છે એને? અરેરે..! એ તો મલ્લીનાથ કહો તો .. આહા..હા..! બાપુ! તને એટલું સહન થાતું નથી એને રાગના ભાગથી જીવને જુદો કરવો અને રાગનો વ્યવહારીભાવ બિલકુલ મદદ કરે નહિ. આહા..હા..! એ ગળે ઉતરવું ભારે કઠણ. શું કરે? માર્ગ તો આ છે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથના, તીર્થંકરના અવાજમાં એ એના આવા કહેણ આવ્યા છે. સારા ઘરનું કહેણ હોય તો માણસો સ્વીકારે છે. છોકરો હોય હુશિયાર, અમેરિકાથી આવ્યો હોય, .. ન પણ આવ્યો હોય.. સારા ઘણાના કહેણ આવે. કન્યાના આવે કે નહિ? તો સારા ઘરનું સ્વીકારતા હશે કે સાધારણનું? એક તો જાણે છોડી સારી છે અને વળી ઘર કરોડપતિ છે કહે. એટલે કાંઈક લગનમાં પણ આપશે બે-પાંચ લાખ અને બીજું છોકરો નથી એને એટલે કદાચિત્ મરી જાય તો પાછું બધુંય આપશે. વાણિયા ખરાને. વાણિયા એટલે વિચાર બહુ કરે. બધાને માગા આવ્યા છે. આનો આપણે સ્વીકારો પણ કાંઈક કન્યા થોડી શામળે રંગે છે. એમ કહે. વાણિયામાં બધું થયેલું છે હોં. પણ હવે ઈ તો ચાલે. છોકરાને ઘણું આપશે. એ સારા ઘરનું કહેણ ત્યાં માને લ્યો. આ તો ત્રણ લોકના નાથ પરમાત્માના કહેણ આવ્યા છે. ભાઈ! એ રાગનો વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ વિકલ્પ વિકારનું કારણ છે. પ્રભુ! તારો સ્વભાવ અંદર આનંદનો નાથ નિર્વિકારી આનંદનો કંદ પ્રભુ તું છો. એ રાગને અને આત્માને બે સર્વથા છેદ અને સમસ્ત છોડ. સર્વથા છેદ અને સમસ્ત છોડ. બે શબ્દ વાપર્યા છે. આહા..હા..!

ચૈતન્ય ચમત્કાર જ્ઞાનસ્વભાવ સ્વભાવભાવથી ભરેલો પ્રભુ અને રાગ તો અજ્ઞાનભાવ છે. ચાહે તો જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અજ્ઞાનભાવ છે. આહા..હા..! એ રાગમાં જ્ઞાનનો અંશ ક્યાં છે? સમજાય છે કાંઈ? આહા..હા..! કહે છે **'સમસ્ત બંધને તો છોડવો...'** એમ કહે છે જુઓ, સર્વથા છેદવો અને સમસ્ત છોડવો. આહા..હા..! કેટલી વાત કરી! કહો, સમજાણું કાંઈ? એક વિકલ્પ છે એ દયા, દાન, વ્રત, ગુણગુણીના ભેદની રાગાદિ દશા એ કરવટ બદલાવી દે. એક પડખે જાણે કાંઈક .. લાગે ત્યારે ફેરવે છેને પડખું? જમણે સૂતો હોય તો વળી બહુ લાગે તો ડાબે સૂવે. એમ રાગને પડખે પ્રભુ! તું અનાદિનો પડ્યો છો, ભાઈ! આહા..હા..! રાગના વિકલ્પની જાતને જાણી અને ભગવાનને ચૈતન્ય ચમત્કાર આત્માને જાણી આ આત્મ ભગવાન હોં. બેને સર્વથા છેદી સમસ્ત બંધને છોડવો. કહો, હવે આમાં તો કાંઈ કથંચિત્ છેદવું એમ કાંઈ ન રાખ્યું અને કાંઈક છોડવું અને કાંઈક ન છોડવું. કહો, શશીભાઈ! આહા..હા..!

**'અને ઉપયોગ જેનું લક્ષણ છે એવા શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો.'** લ્યો, આ પ્રયોજન. આ કર્તવ્ય. આ એનું સાધ્ય. બેને જુદા પાડીને સાધ્ય તો અંદરમાં પકડવો આત્માને, અનુભવવો. આહા..હા..! એને સમ્યગ્દર્શન થાય અને એને સમ્યગ્જ્ઞાન થાય અને એ સમ્યગ્દર્શન અને જ્ઞાન વિના જે કાંઈ વ્રત, તપ કરીને મરી જાય એકેય ભવ નહિ ઘટે. સમજાણું કાંઈ? કહો, જયંતિભાઈ! આવું સ્વરૂપ છે. લોકોને શું થાય? આહા..હા..! કહે છે **'આત્માને જ...'** છેને? **'શુદ્ધ આત્માને જ...'** એ શુદ્ધ આત્મા તે જ આત્મા. શુદ્ધ ચિદાનંદ મૂર્તિ પ્રભુ. શુદ્ધ આત્મા એટલે ધ્રુવ આત્મા. આહા..હા..! **'શુદ્ધ આત્માને જ...'** ધ્રુવ શુદ્ધ આત્માને જ પકડવો. આહા..હા..! પર્યાયમાં એને વાળીને એનો અનુભવ કરવો. આહા..હા..! .. સાધ્ય અને પ્રયોજન છે. જુદા પાડવાનું હેતુ આ છે કહે છે. આવી ક્રિયા હાથ આવે નહિ અંદરમાં. સાંભળવા પહેલી મળે નહિ હજી તો. એમ ને એમ આંધળી દોડે દોડ્યા જાય છે અનાદિથી. આહા..હા..! છે?

એ **'ઉપયોગ જેનું લક્ષણ છે...'** જાણવું... જાણવું... જાણવું... જાણવું લક્ષણ છે. એવો જે આત્મા. જાણવું એવું જે લક્ષણ છે એવો જે આત્મા. **'એવા શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો.'** શુદ્ધ આત્માને અનુભવવો. લ્યો આ તો અંતરમાં ગઈ વાત. બે-બે હતાને એમાંથી એક થઈ ગયો. બંધનો ભાવ અને ચૈતન્ય ચમત્કાર એવા બે પ્રકારનું લક્ષ હતું જ્ઞાનમાં ત્યાં સુધી તો વિકલ્પ હતો ભેદ. આહા..હા..! ટીકા તે ટીકા છેને આહા..હા..! અમૃત રેડ્યા છે આખા હોં. એના ઉપકારને માટે અમૃત રેડ્યા છે. ... પચાસ-પચાસ... ઓલો જઈને છરી મારે અંદર. લૂગડું ન મળે લોઢાનું હોયને માથે. .. ન મળે કાંઈ. આહા..હા..! ભાઈ! તને શું થયું ત્યાં? એ આત્મા અને રાગની એકતાને લઈને તને દુઃખ થયું. એ દુઃખની

પીડા અને વેદન તે વેદ્યું અને ભગવાન જાણે છે કે વેદન કેવું છે. આહા..હા..! આ એને ઉગરવાનો આરો તો આ છે. એ બંધના એકત્વને છોડ હવે ટાણા આવ્યાને બાપુ! આહા..હા..! દુનિયાના માન-અપમાન છોડી દે. દુનિયા કેમ માનશે અને ક્યાં હતા ને આ શું કર્યું? મારા બે બાપના થઈ ગયા. વળી એક જણો એમ કહેતો હતો, ભાઈ! આહા..હા..! કે આપણા બાપ જે ધર્મને માનતા હતા એ બીજો ધર્મ માન્યો. બે બાપના થયા. અરેરે..! એમ કહેતા. અત્યારે પણ કહે અમારે મૂળચંદજી કહેતા.

મુમુક્ષુ :- પાટલી બદલું.

ઉત્તર :- પાટલી બદલું. પાટલી?

મુમુક્ષુ :- એકની પાટલીએ બેઠા હોય અને બીજી પાટલીએ જાય.

ઉત્તર :- .. મૂળચંદજી બહુ કહેતા. અરે..! આપણા બાપ-દાદાનો ધર્મ મૂકીને આ બે બાપના થયા છે.

મુમુક્ષુ :- ઈ તો ઘણા વર્ષ પહેલા કહેવાતું હતું.

ઉત્તર :- એ કહેવાતું હતું. અમારે તો બહુ કહેતા હતા ત્યાં. મલુપચંદજીને. રોજકાવાળા હતા. એ લક્ષ્મીચંદભાઈ કહેતા અને એક આવડા નહિ આ ઘણું કરીને .. ઉજમશી. ઉજમશી ભારે આકરો માણસ. બે બાપના હોય ઈ માને આ. એમ કરીને મારા.. શું છે પણ બાપુ આ? એક આપણે બાપ ધાર્યો અને વળી બીજો બાપ ધાર્યો તે? .. ભગવાને બે બાપ ધાર્યા છેને. એક સિદ્ધાર્થ રાજા અને એક બ્રાહ્મણ. બે બાપ. સિદ્ધરાજ તો ખરો બાપ નહિ. કારણ કે બ્રાહ્મણની કૂખે, ઋષભદેવની સ્ત્રીને કૂખે .. એને પોતે ભગવાન આવ્યા. આખી રાત ત્યાં રહ્યા. પછી .. દેવે ત્યાંથી સંહાર કરીને સિદ્ધાર્થને ત્રિશલાની કૂખે મૂક્યા ત્યારે ખરો બાપ તો ઓલો હતો. કાંઈ મેળ છે? એય..! ભોગીભાઈ! આ બધું સમજવું પડશે હોં હા. બહારની ચાલે નહિ ચાલે અહીંયાં. આહા..હા..! આકરો માર્ગ. અજ્ઞાન માન્યું છે... આહા..હા..! બાપુ! તને રાગ જ છે અજ્ઞાન હજી તો. અને એનો તને પ્રેમ છે ત્યાં સુધી બીજાને એનાથી છોડીને અંતરમાં કેમ જાઈશ. સમજાણું કાંઈ? આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્ર પણ સાચા કોણ છે એની ખબરુ ન મળે. એને રાગ અને ભગવાન આત્મા જુદાં બેની ખબરું ક્યાંથી લાવે? આહા..હા..!

અહીં તો પરમાત્મા, એ સંતોએ કહ્યું પરમાત્માના બદલે કે શુદ્ધ આત્માને ગ્રહણ કર, પ્રભુ! તું આનંદનો નાથ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છો. એને પકડતા, એનો અનુભવ થતાં તને અતીન્દ્રિય આનંદ આવશે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! આ જ રીત જે હોય તે હોયને બીજી રીત શું હોય? બારણામાંથી નીકળાય, કાંઈ આ ભીંતમાંથી નીકળાતું હશે? લોકો નથી કહેતા ભીંત ભૂલ્યો. ઓલા નથી કહેતા? માથુ પછાડે અહીંથી.

પણ ત્યાં ક્યાં નીકળાય એવું છે? આ બારણું છે ત્યાં આવ. આહા..હા..! એમ રાગ સાથે માથા ફોડ, રાગથી ભિન્ન પડી જા. આહા..હા..! ભાઈ! તારે બચવું હોયને, તારા જીવનમાં સુધારો કરવો હોય. આહા..હા..! રાગથી ભિન્ન પડી ચૈતન્યનો અનુભવ કરવો એ જીવનું જીવન છે. તો એ જીવનું જીવન. એ જીવે જીવી જાણ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ જ ખરેખર આત્મા અને બંધને દ્વિધા કરવાનું પ્રયોજન છે...'** જોયું? સાધ્ય એટલે પ્રયોજન આ છે. આહા..હા..! **'આત્મા અને બંધને દ્વિધા કરવાનું...'** આ જ ખરેખર **'પ્રયોજન છે...'** આહા..હા..! રાગનું લક્ષણ ભિન્ન છે, તારું ભિન્ન છે એમ જાણીને રાગને છોડવો સમસ્ત અને આત્માનો અનુભવ કરવો એ પ્રયોજન છે. એ તો છોડવો સાથે સમજાવેને. બીજું શું કહે? આત્મા તરફના અનુભવમાં આવ્યો તો રાગ છૂટી જાય એને છોડવો એમ કથનની શૈલી, ઉપદેશ તો આવેને.

**'કે બંધના ત્યાગથી...'** ભાષા જુઓ હવે. પરનો ત્યાગ એકકોર રહ્યો. પર તો આત્મામાં છે જ નહિ, પણ **'બંધના ત્યાગથી (અર્થાત્ બંધનો ત્યાગ કરી) શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.'** રાગના ભાવને બંધનો ભાવ સ્વભાવ જાણી એનો ત્યાગ કરવો. એને હેય કરે, એને પકડવું નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- એ હેય છે એમ તો રોજ કહીએ છીએ.

ઉત્તર :- એ હેય.. ભાવમાં એ આવવું જોઈએને. હેય તો ભાષા છે. આહા..હા..! એ રાગ તે આદરણીય નથી ત્યારે આદરણીય ચૈતન્ય છે એમ આવે ક્યારે? હેય થાય ત્યારેને? એ વિના હેય શી રીતે થાય? આહા..હા..! એ તો ઓલા વ્યવહારનયના નિષેધમાં આવ્યું છે જયસેનાચાર્યમાં. વ્યવહાર પ્રતિષેધ છે, નિશ્ચય પ્રતિષેધક છે આવે છેને. ૨૭૨ ગાથા. જયસેનાચાર્યની ટીકામાં લખ્યું છે ભાઈ! વ્યવહાર હેય છેને એનો અર્થ શું? કે આ બાજું જ્યાં ઢળી જાય છે તો વ્યવહાર આવતો નથી એનું નામ હેય છે. એટલો-એટલો રાગરૂપે પરિણમતો નથી અને અરાગરૂપે પરિણમે છે એટલો રાગ હેયપણે થઈ ગયો એમાં. એમ છે. સંસ્કૃત ટીકા છેને? સમજાણું કાંઈ? વ્યવહાર હેય એનો અર્થ એમ નથી કે આ વ્યવહાર હેય છે, આ હેય છે એમ. રાગનો હેયનો અર્થ શું? રાગને હેય કરવાની વ્યાખ્યા અર્થ કે આ રાગના ભાવથી ભિન્ન પડેલું ચૈતન્યતત્ત્વ એને ગ્રહણ કરતા રાગ અંદરમાં હેય થઈ જાય છે. સમજાણું કાંઈ? જયસેનાચાર્યની ટીકામાં છે. સત્‌માં ઢળતા વ્યવહાર આવતો નથી, થતો નથી એને હેય છોડવો એમ કહેવામાં આવે છે. આમ છે. અંદર છે ક્યાંક ટીકામાં. **'किं च निर्विकल्पसमाधिरूपे निश्चये स्थित्वा व्यवहारस्त्याज्यः, किं तु तस्यां त्रिगुप्तावस्थायां व्यवहारः स्वयमेव नास्तीति तात्पर्यार्थः'** આ રહ્યું ભાઈ! આ આવ્યું. ૨૭૬-૨૭૭માં જોયું? શું કીધું ઈ? કે વ્યવહાર હેય છે અને આત્મા ઉપાદેય છે એનો અર્થ

શું? કે વ્યવહાર ત્યાગ નામ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થતાં વ્યવહાર આવતો નથી એનું નામ ત્યાગ. ... જોયું? એ નાસ્તિથી... એ તાત્પર્ય અર્થ છે.

ભગવાન આત્મા આ તો અંદરની વાતું છે, ભાઈ! જેમ હોય એમ આવેને. કે જે વ્યવહાર ત્યાજ્ય છે, બંધ ત્યાજ્ય છે, બંધનો ત્યાગ છે એટલે શું? બંધના ત્યાગથી એટલે શું? કે શુદ્ધ આત્માનો અનુભવ થતાં બંધનો ત્યાગ જ થઈ જાય છે. એ વ્યવહાર એમાં આવતો નથી. આવતો નથી એટલે હેય કહેવામાં આવે છે. આમ વાત છે. ભારે ઝીણું ભાઈ! આવો માર્ગ એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા... કરીને જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. કાંઈ શીખવાનું? તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે. લ્યો થઈ ગયો કાયોત્સર્ગ. અરે..! ભાઈ!

મુમુક્ષુ :- એટલું તો શીખવું.

ઉત્તર :- શીખે કાંઈ શું શીખે? ભાવ અંદર શીખે એ ચીજ છે. આહા..હા..! એમાં પહેલું તો ઘણું આવે છે વિશલ્યી કરણેણં.. મિથ્યાત્વ ને નિદાન શલ્યને છોડવા માટે આ હું કાયોત્સર્ગ કરું છું. તો એ ... ભાઈ! શું છૂટે છે અને શું ગ્રહાય છે એની ખબર ન મળે. આહા..હા..! વીતરાગનો માર્ગ લોકોએ અજૈન તરીકે જૈનને ખતવી નાખ્યો. વસ્તુનું સ્વરૂપ કહે છે '**બંધના ત્યાગથી (અર્થાત્ બંધનો ત્યાગ કરી) શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.**' આ ત્યાગ કરું અને આ ગ્રહણ કરું એમ છે ત્યાં? પણ જ્યારે લક્ષમાં આવ્યું કે આ રાગાદિ વિકાર છે. આ બાજુ ચીજ નિર્વિકારી છે એટલું. ત્યારે આ બાજુ ઢળી જાય છે. ચૈતન્યના શુદ્ધ સ્વભાવ ધ્રુવ ઉપર ઢળી જાય છે ત્યારે રાગ ભેગો આવતો નથી એનું નામ રાગ ત્યાગ છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ ૨૭૬-૨૭૭માં લખ્યું ૨૭૨ કરતાં-કરતાં આવ્યું હતુંને. વ્યવહાર છોડવા યોગ્ય છે. આત્મા તો જ્ઞાન છે અને આત્મા તો દર્શન છે આવ્યું છેને? એમાં એ આવ્યું હતું ટીકામાં. સ્વયમેવય વ્યવહાર નથી ત્યાં. એમ. આત્માની અંતર દશામાં અંતર આનંદમાં જતા સ્વયમેવ ત્યાં રાગનો ત્યાગ કહેવામાં આ કહેવામાત્ર છે. સ્વયમેવ રાગ ત્યાં છે જ નહિ. આહા..હા..!

એ '**બંધના ત્યાગથી (અર્થાત્ બંધનો ત્યાગ કરી) શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.**' લ્યો, એકલો આત્મા ગ્રહણ કરવો એમ નથી કહ્યું. કારણ કે રાગાદિને પણ આત્મા વ્યવહારે કહેવાય છે. કષાય આત્મા એમ આવે છેને? આવે છેને ભાઈ! આત્મા.. કષાય આત્મા, યોગ આત્મા, ઉપયોગ આત્મા, જ્ઞાન આત્મા, દર્શન આત્મા. ભગવતીમાં આવે છે. એ મોટી ચર્ચા થઈ હતી અમારે એક-એક ઘણા બોલની. જુઓ આમાં કષાયને આત્મા કહ્યો. પણ એ તો પર્યાય એની છે એટલે કીધો હતો એ વખતે. આત્મા તદ્દન શુદ્ધ છે એમ ક્યાં આમાં કહ્યું છે? એય..! પાઠ આટલો આવે છે. ઓળખાવ્યું છે. અપ્પાંણ વોસરેમાં ક્યો .. આત્મા?

કષાયના પરિણમનવાળો આત્મા તેને વોસરાવે છે એમ છે. આવે છેને? તસ્સઉતરી કરણેણં તાવકાયં ઠાણેણં અપ્પાણં વોસરે. એટલે શું? ત્રિકાળી આત્માના શુદ્ધ સ્વભાવને ગ્રહણ કરતાં અશુદ્ધ આત્મા જે કષાયવાળો છે એ છૂટી જાય છે. એમાં ભેગો આવતો નથી. એનું નામ યથાર્થ કાયોત્સર્ગ કહેવામાં આવે છે. આ ઓલો કાયોત્સર્ગ કરે ભગવાન સામે જઈને કાયોત્સર્ગ કરે. પ્રતિમા દેખે પહેલા. સુજાનમલજી!

મુમુક્ષુ :- ...પછી ભૂલી જાય.

ઉત્તર :- નામ ભૂલી જાવ છો? સુજાનમલજી નામ ભૂલી જાવ છો? ઉંઘમાં બોલાવે કે સુજાનમલજી! કે હા.

અહીં તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. રાગાદિ આત્માનું સ્વરૂપ નહિ. આહા..હા..! **'બંધના ત્યાગથી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.'** એ ત્યાગ-ગ્રહણ એ પણ વિકલ્પ છે. એય..! નિયમસારમાં ન આવ્યું? ૫૧-૫૨ ગાથામાં. હેય-ઉપાદેયનું જ્ઞાન એ પણ વ્યવહારું જ્ઞાન છે. નિશ્ચય નહિ. બે ભેગા આવ્યાને. હેય-ઉપાદેય. નિયમસારમાં છે. એય..! પ્રવિણભાઈ! નિયમસાર વાંચો છોને? ૫૧ થી ૫૫. હેય-ઉપાદેયનું જ્ઞાન એ વ્યવહારજ્ઞાન. સાચું-નિશ્ચય નહિ. અને પહેલા પાંચમી ગાથામાં પહેલામાં આવ્યું. બહિરાત્મા અને પરમાત્મા પોતે બેની શ્રદ્ધાથી વ્યવહાર છે. પહેલા આવી ગયું. આહા..હા..! અહીં તો સમજાવાની રીતમાં શું કહે? અંતર આત્માના જ્ઞાનમાં જ્યારે આવ્યો ત્યારે નિશ્ચય જ્ઞાન કહેવાય. રાગનું લક્ષ રહે અને આત્મામાં આદર થાય બે એક સાથે ન હોય. સમજાણું કાંઈ? આવો માર્ગ હજી તો એને પકડવું કઠણ પડે હવે કહ્યો કરીને અંદરમાં ઉતરવું એને. આહા..હા..! આ અનાદિકાળનો એ રોગી છે, ઈ રોગી છે. આહા..હા..! રાગ તે મારું અને એનાથી કલ્યાણ માનનારા રોગી છે. ભ્રાંતિસમ નથી આવ્યું? ક્યાં આવ્યું? 'આત્મ ભ્રાંતિસમ રોગ નહિ.' ભ્રમણા કે હું રાગ છું, રાગથી કલ્યાણ થાય અને આ બધી ભ્રમણા. એના જેવો કોઈ રોગ નથી. આહા..હા..! એ રોગની શું દવા એની ખબર ન મળે. અહીં ક્ષય જરી ચાંદા બે પડે તો આવે અહીં જીથ્રી. જીથ્રી આવે ત્યાં બતાવા. કાંઈ છે કાંઈ? આ ચાંદા પડ્યા એને કોઈ બતાવ્યા એણે? આહા..હા..! 'આત્મ ભ્રાંતિસમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ સુજાણ, ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ ઔષધ વિચાર ધ્યાન.' કહો, ભોગીભાઈ! આ આવ્યુંને? 'આત્મ ભ્રાંતિસમ રોગ નહિ.' પરથી લાભ માનવો એ આત્મભ્રાંતિ. એને આત્માની નિરોગતાની ખબર નથી. લ્યો, **'શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.'** ઓહો..હો..! લીટી તો સાડા ચાર છે. મોક્ષ અત્યારે નથીને. પાંચ લીટી પૂરી નથી. આહા..હા..! પૂર્ણ મોક્ષ હોં.

**'ભાવાર્થ :- શિષ્યે પૂછ્યું હતું કે આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું?'** એ શબ્દ હતોને **'किं कर्तव्य'** સંસ્કૃતમાં એમ છે. **'किं कर्तव्य'** અમારે કરવું શું? **'તેનો**

આ ઉત્તર આપ્યો કે બંધનો તો ત્યાગ કરવો અને શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.' લ્યો, રાગભાવને લક્ષમાંથી છોડી દેવો અને ભગવાન આત્માના લક્ષણે ત્યાં જાવું. આહા..હા..! એટલે જે જ્ઞાનની પર્યાયમાં રાગનું લક્ષ આવે છે. એ પર્યાયને તેના લક્ષમાંથી છોડીને. એ પછી બીજી પર્યાય થઈ, પણ સમજાવામાં શું આવે? એય..! જે રાગના લક્ષવાળી પર્યાય હતી તે પર્યાયને એનીકોર ન વાળતા આમ વાળવી. એટલે બીજી પર્યાય તો વળેલી જ છે હવે. પછીની પર્યાયને આત્મા તરફ વાળવી એ એનું પ્રયોજન છે. બે જુદાં પાડવાનું પ્રયોજન એકમાં આવવું એમ કહે છે. બેને જુદા પાડવાનું સાધ્ય એક વસ્તુ ચિદાનંદ ભગવાનમાં આવી જવું. આહા..હા..!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૨૯૬

कह सो धिप्पदि अप्पा पण्णाए सो दु घिप्पदे अप्पा।
जह पण्णाइ विभत्तो तह पण्णाएव घेत्तव्वो।।२९६।।
कथं स गृह्यते आत्मा प्रज्ञया स तु गृह्यते आत्मा।
यथा प्रज्ञया विभक्तस्तथा प्रज्ञयैव गृहीतव्यः।।२९६।।

ननु केन शुद्धोऽयमात्मा गृहीतव्यः? प्रज्ञयैव शुद्धोऽयमात्मा गृहीतव्यः, शुद्धस्यात्मनः स्वयमात्मानं गृह्णतो, विभजत इव, प्रज्ञैककरणत्वात्। अतो यथा प्रज्ञया विभक्तस्तथा प्रज्ञयैव गृहीतव्यः।

('આત્મા અને બંધને ભિન્ન તો પ્રજ્ઞા વડે કર્યા પરંતુ આત્માને ગ્રહણ શા વડે કરાય?'- એવા પ્રશ્નની તથા તેના ઉત્તરની ગાથા કહે છે :

એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે;
પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૨૯૬.

ગાથાર્થ : (શિષ્ય પૂછે છે કે-) [सः आत्मा] તે (શુદ્ધ) આત્મા [कथं] કઈ રીતે [गृह्यते] ગ્રહણ કરાય? (આચાર્યભગવાન ઉત્તર આપે છે કે-) [प्रज्ञया तु] પ્રજ્ઞા વડે [सः आत्मा] તે

(શુદ્ધ) આત્મા [गृह्यते] ગ્રહણ કરાય છે. [यथा] જેમ [प्रज्ञया] પ્રજ્ઞા વડે [विभक्तः] ભિન્ન કર્યો, [तथा] તેમ [प्रज्ञया एव] પ્રજ્ઞા વડે જ [गृहीतव्यः] ગ્રહણ કરવો.

ટીકા :- શુદ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો? પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો; કારણ કે શુદ્ધ આત્માને, પોતે પોતાને ગ્રહતાં, પ્રજ્ઞા જ એક કરણ છે-જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું તેમ. માટે જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.

ભાવાર્થ :- ભિન્ન કરવામાં અને ગ્રહણ કરવામાં કરણો જુદાં નથી; માટે પ્રજ્ઞા વડે જ આત્માને ભિન્ન કર્યો અને પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.

---

## જેઠ વદ-૧૦, સોમવાર, તા. ૨૫-૦૬-૧૯૭૩
## ગાથા - ૨૯૬-૨૯૭, પ્રવચન-૪૧૯

૨૯૫. ગાથા થઈ. ... '('આત્મા અને બંધને ભિન્ન તો પ્રજ્ઞા વડે કર્યા પરંતુ આત્માને ગ્રહણ શા વડે કરાય?'' એવી વાત છે. છેને? 'એવા પ્રશ્નની તથા તેના ઉત્તરની ગાથા કહે છે :...' પ્રશ્ન પણ છે અને ઉત્તર પણ છે.

कह सो धिप्पदि अप्पा पण्णाए सो दु घिप्पदे अप्पा।
जह पण्णाइ विभत्तो तह पण्णाएव घेत्तव्वो।।२९६।।

એ ગાથા. એનું નીચે હરિગીત.

એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે;
પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૨૯૬.

શિષ્યનો પ્રશ્ન છે. ટીકા છેને? 'શુદ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો?' એની ટીકા શું કહે છે? આ આત્મા વસ્તુ તરીકે શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છે. એમાં જે આ પુણ્ય-પાપના વિકલ્પો જે ભાવ વ્યવહાર થાય છે એ બધા વિકાર છે. કર્મ અને શરીર તો તદ્દન જુદી ચીજ છે. હવે એને કહે છે કે વિકારને અને આત્માના ત્રિકાળી સ્વભાવને ભિન્ન કરવાની ક્રિયા શું? ધર્મ કરનારને એ રાગાદિભાવથી ભિન્ન થવાની ક્રિયા શું? તો કહે ક્રિયા એ એની વર્તમાન જે જ્ઞાનદશા છે. જ્ઞાનની વર્તમાન અવસ્થા જે પર્યાય અંશ, હાલત

દશા જે કહો એ જ્ઞાનની પર્યાયને પ્રજ્ઞા કહીને એ પ્રજ્ઞા રાગ અને ત્રિકાળ વચ્ચે પ્રજ્ઞાને નાખે છે. આહા..હા..!

જેમ કરવત વડે લાકડાના બે કટકા થાય છે એમ અંતર ચૈતન્ય ભગવાન શુદ્ધ આનંદઘન અને આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ રાગ. બેને જુદા પાડવામાં, ભિન્ન કરવામાં એ વર્તમાન જ્ઞાનની દશા એ ભિન્ન કરવાનું સાધન છે. આ સાધન કહે છેને સાધન? સાધન કોને કહેવું? તો કહે છે કે સાધન એને કહેવું. કરણ કીધું છે. કરણ કહો કે સાધન કહો. એ જેટલો રાગનો ભાવ ભક્તિનો હોય કે દયા, દાન, વ્રત, તપનો હોય એ બધો વિકલ્પ રાગ છે. કે ગુણીગુણના ભેદનો વિકલ્પ રાગ હોય. ઝીણી વાત છે, ભાઈ! એ રાગના ભાગને દુઃખરૂપ જાણી. મનસુખભાઈ! ઝીણી વાતું બહુ ઝીણી, બાપુ! આહા..હા..! શું કરે?

ચૈતન્ય આનંદધામ. શ્રીમદ્‌માં પણ આવે છેને? ‘શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ. બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.’ આહા..હા..! એ આ શુદ્ધ ત્રિકાળી પવિત્ર આત્મા બુદ્ધ. જ્ઞાનઘન. ‘સ્વયં જ્યોતિ...’ પોતે પોતાની જ્યોત છે પોતાથી. એનો કોઈ કર્તા નથી. સુખધામ. ચૈતન્યઘન. એ ચૈતન્યઘનમાં અસંખ્ય પ્રદેશી બતાવે છે. આત્મા અસંખ્ય પ્રદેશનો પિંડ છે. એ સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોય નહિ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે ભગવાન આત્માને અસંખ્ય પ્રદેશ જેમ સોનાની સાંકળી હોય સાંકળી. પાંચસો મકોડાની. એમ આત્મા એ સાંકળી અને એના પ્રદેશો ઈ એના મકોડા. એ અસંખ્ય પ્રદેશની સાંકળી અખંડ છે. એવો જે ચૈતન્યઘન એને અંદરની જ્ઞાનની ક્રિયા દ્વારા જે જ્ઞાનની વર્તમાનદશા રાગ અને વિકાર ને પુણ્ય-પાપ તરફ વળેલી છે એને અંતર્મુખ વાળવી. આહા..હા..! એને અંતર્મુખ વાળવી એટલે? જે જ્ઞાનદશા ચાલે છે અવસ્થા એ તો રાગની સન્મુખ અને પરસન્મુખ છે. પણ એ પર્યાયને અંતર વાળવી એનો અર્થ ઈ કે એને રાગનું અને પુણ્યના પરિણામ દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, ભગવાનનું નામસ્મરણ એ બધો રાગ છે. એ રાગનું લક્ષ છોડીને જ્ઞાનની વર્તમાનદશાને ત્રિકાળી પરમાત્મા ધ્રુવ ચૈતન્ય પ્રભુ તરફ વાળતા રાગ અને આત્માની ભિન્નતા થઈ જાય છે. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. આ તો પહેલો ધર્મ હજી શરૂઆતનો.

પહેલો સમ્યગ્દર્શન ધર્મ કેમ થાય? એની વિધિ શું? તો કહે એની વિધિ આ. એ રાગનો વિકલ્પ જેટલો એને બંધ સ્વભાવ જાણી, દુઃખસ્વભાવ જાણી, એના વિનાની આત્મચીજ તેને ચૈતન્ય ચમત્કાર જ્ઞાયકભાવરૂપ આત્મસ્વભાવને જાણી એ જ્ઞાનની દશાને અંતરમાં વાળવી એને ભિન્ન કરવાનું સાધન જ્ઞાનની પર્યાય છે. આહા..હા..! હજી તો શું કહેવું એ પકડાવું કઠણ. આહા..હા..! આત્મા તો ત્રિકાળી જ્ઞાનગુણ છે. એ તો એકલો જ્ઞાનનો જ પિંડ છે. જેમ ગોળ ગળપણનો પિંડ છે એમ આત્મા એકલો જ્ઞાનનો પિંડ છે. એની વર્તમાન જ્ઞાનની

દશા શાસ્ત્ર એને પર્યાય કહે, અવસ્થા કહે. એ જ્ઞાનની દશા એના અંતર્મુખ વાળવી એથી રાગ અને આત્મા બે ભિન્ન પડી જાય છે એને અહીંયાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતાનું ચારિત્ર પણ અંશે ત્યાં પ્રગટ થાય છે. આહા..હા..! એવી વાતું છે.

એને માટે સાધન શું? એમ પૂછ્યું શિષ્યે. પહેલું કરણ શું? કે કરણ આ સાધન. તું બીજું માન કે રાગની મંદતાની ભક્તિ કરીએ, ભગવાનની પૂજા કરીએ, કાંઈક વ્રત પાળીએ અને તપસ્યા કરીએ. એ એનું કરણ છે, સાધન છે એમ તું માન તો એ વાત જૂઠી છે. આહા..હા..! એ તો જે એની જાત છે જ્ઞાનની દશા એ જ્ઞાનની દશાની ક્રિયા જે પરતરફ વળેલી છે, અનાદિની વળેલી છે. એને બેના ભિન્ન લક્ષણ જાણી, એ જ્ઞાનદશાને ધ્રુવ તરફ ઢાળી. આહા..હા..! બે રાગ અને આત્મા ભિન્ન પડી જાય છે એમ એ જ્ઞાન પ્રજ્ઞા કરણ અને સાધન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... સાધન કાંઈ સમજાણું નહિ.

ઉત્તર :- ન સમજાણું? કહો, નાથાભાઈ! સાધન શું કીધું આ? હજી .. નહિ? ઉંધી વિચારણા કરતા (એને) અમે કહીએ છીએ કે જ્ઞાનની વર્તમાનદશાને એ પ્રજ્ઞા સ્વરૂપ કહેવાય છીણી. જેમ લાકડાની, લોઢાને કાપતા છીણી હોયને આમ? એમ પ્રજ્ઞારૂપી છીણી એ જ્ઞાનની દશારૂપી છીણી એને રાગ અને આત્મા વચ્ચે મારવી કે જેથી એ રાગ અને આત્મા જુદા પડી જાય. આહા..હા..! હવે આ તો કહે કરો આ વ્રત અને કરો અપવાસ. હવે એવું તો અનંતવાર .. કર્યું છે સાંભળને. સાક્ષાત્ ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય તીર્થંકરદેવ. એની પણ આમ આરતી ઉતારી મણિરત્નના થાળ, હીરાના થાળ, મણિરત્નના દીવા અને કલ્પવૃક્ષના ફૂલ. સમવસરણમાં જય પ્રભુ. એ બધો શુભરાગ છે.

મુમુક્ષુ :- શુભરાગ તો ખરો પણ ધર્મ કેટલો?

ઉત્તર :- રાગમાં ધર્મ કેવો? રાગ તો અધર્મ છે. આકરી વાત છે, ભાઈ! એ અધર્મ છે. એવા અધર્મથી આત્માના ત્રિકાળી સ્વભાવને જુદું પાડવું હોય, સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, ચોથું ગુણસ્થાન પ્રથમ દશા. ચારિત્ર તો વળી ક્યાંય આઘું રહી ગયું. એણે રાગમાં દશા જ્ઞાનની પરસન્મુખ છે એને એ જ્ઞાનની દશાને સ્વસન્મુખ વાળવી. એ જ્ઞાનની ક્રિયા જે પ્રજ્ઞા છે ઈ એનું સાધન છે. આહા..હા..! પણ ઈ વાત લોકોને અનંતકાળથી બેસતી નથી. કાંઈક કાંઈક કાંઈક આમ જોઈએ. કાંઈક જોઈએ... કાંઈક જોઈએ... એ મિથ્યાત્વનું શલ્ય રાખીને વાતું સાંભળે બધી. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! સત્પુરુષોનો સમાગમ કરીએ, એની ભક્તિ કરીએ, વિનય કરીએ તો પ્રાપ્ત થાય કે નહિ? અહીં ના પાડે છે.

મુમુક્ષુ :- આપ તો એમ કહો છો સોનગઢ આવો, સાંભળો.

ઉત્તર :- સાંભળવાનું તો આ સાંભળવાનું છે. આહા..હા..! આવી વાતું આકરી બાપુ!

સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિ સમવસરણમાં સાંભળી અનંતવાર. પણ એ સાંભળવા પ્રત્યેનો જે શુભરાગ હતોને એ પુણ્ય છે, એ ધર્મ નહિ. સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ કહેવાય છેને? જો બધું સમજાય જાય તો થઈ રહ્યું. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો ભાખ્યો પરમાત્માએ. આહા..હા..!

પ્રભુ! તું કહે છે કે '**શુદ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો?**' આપે જુદા પાડવાની વાત તો કરી, પણ હવે એને ગ્રહવો શી રીતે? પકડવાનું સાધન? આહા..હા..! બહુ તત્ત્વ ઝીણી વાત છે, ભગવાન! આહા..હા..! શું થાય? એણે અનંતકાળમાં સત્સમાગમમાં આવ્યો છતાં સત્સમાગમ પોતે છે એને ન જાણ્યું. પોતે સત્ છે કે અસત્? તેનો સમાગમ કર્યો એણે? સમજાણું કાંઈ? એવી વાતું છે, બાપા! વીતરાગમાર્ગનો આ સાર છે. '**શુદ્ધ એવો આ આત્મા...**' શુદ્ધ પવિત્ર આનંદઘન પ્રભુ આત્મા '**શા વડે ગ્રહણ કરવો?**' એમ શિષ્યનો પ્રશ્ન છે. '**પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો;...**' ગુરુનો ઉત્તર છે આ. પરમાત્માની વાણીમાં આવેલો એનો ઉત્તર છે આ. છેને બેય છેને? પ્રશ્ન કરનાર છે, ઉત્તર દેનાર છે. એક જ ગાથામાં. આહા..હા..! ગાથામાં જ છે બેય. '**कह सो घिप्पदि अप्पा**' પ્રભુ! આપે જુદા પાડવાની વાત તો કરી. એ વિકલ્પથી ભગવાન નિર્વિકલ્પ પ્રભુ આનંદનું ધામ એ જુદા કર્યા. જ્ઞાનની વર્તમાનદશા દ્વારા. એ જ્ઞાનની વર્તમાનદશા એ કર્મ નામ સાધન. એ સાધન દ્વારા, કરણ દ્વારા, ઉપાય દ્વારા રાગ અને વિકલ્પથી ભિન્ન એણે આત્મા ભિન્ન કર્યો, પણ હવે એને પકડવો શી રીતે? અનુભવવો શી રીતે? આહા..હા..! માર્ગ વીતરાગનો એવો છે કે એ બીજે ક્યાંય છે નહિ. સર્વજ્ઞ વીતરાગ સિવાય જેટલા ધર્મો બધાય ગપ્પ મારી બતાવ્યા. પોતાની કલ્પનાથી વાતું કરી અને ધર્મ કહ્યો. આ ધર્મ વીતરાગનો બીજે ક્યાંય છે નહિ.

સર્વજ્ઞ પરમાત્માનો અવાજ. કાલે તો કહ્યું નહિ? .. આ કહેણ આવ્યું છે. કાલે દાખલો આપ્યો હતોને. છોકરાનું સગપણ હોય અને પચાસ ઘર આવે પચાસ નાળિયેર. તો વાણિયા વિચારે આ કન્યા છે. .. સાધારણ છે. રંગમાં થોડો ફેર છે પણ છે કરોડપતિ. અને લગનમાં પાંચ-સાત-દસ લાખ આપશે અને કદાચ મરી ગયો એનો બાપ એને દીકરો નથી તો પછી આવશે. તો પચાસ નાળિયેરમાં ઈ કહેણને સ્વીકારે. ખરું કે નહિ? ઈ કહેણને કબુલે. પછી છોકરાને મનાવે જરી આ તો જુઓ.. બહુ ... અમારે ભાઈ થયું હતુંને કુંવરજીભાઈનું. છોકરો નાનો, હુશિયાર, .. દુકાન. .. આવ્યું. ત્યાં મુંબઈ. ..વાળા તારાચંદ આદિ. પોતે કર્યો પછી મનમાં સંદેહ પડ્યો. જરી રંગ ફેર છે. પછી અમારે કુંવરજીભાઈ અમારા ફઈના દીકરા ભાગીદાર હતા. એના દીકરા. ઈ કહે છોકરા નથુ! કેમ છે ભાઈ! છોકરી શામળી છે. બાપુ! કાંઈ નથી હોં મારાથી કહેવાઈ ગયું છે. આ કહે જુઓ ભાઈ! મારે ઘરે જે સગપણ થયું એ ... એનો

છોકરો નટુ નાનો હુશિયાર... અઢી લાખની પેદાશ વર્ષની. ઈ દુકાન અમારે પિતાજીની દુકાન હતી. ઈ પછી કહે ના બાપુજી હું કાંઈ નથી કહેતો. ...

એમ અહીંયાં કહે છે કે ભગવાનનું કહેણ આવ્યું છે તારે ઘરે ભાઈ! કે જેટલી અમારા પ્રત્યેની ભક્તિ અને બહુમાન વર્તે એવો જે વિકલ્પ, રાગ એનાથી તારી જ્ઞાનની પર્યાયને જુદી પાડ. આ કહેણ છે તારા લગન કરવાના. લગન એટલે લગન આત્મા સાથે. આહા..હા..! આ તારા લગની અંદરમાં લગાવજે તો અમારું કહેણ આ છે. આહા..હા..! કહે છે કે એ પરમાત્માનું નામ નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... ભગવાન ૐ... ૐ... ૐ... ૐ... ૐ... સહજાત્મસ્વરૂપ... સહજાત્મસ્વરૂપ... સહજાત્મસ્વરૂપ... એ વિકલ્પ રાગ છે. આહા..હા..! એ રાગથી વર્તમાન જ્ઞાનની દશાને અંતરમાં વાળવી તેથી રાગ અને આત્મા બે જુદા પડી જાય છે. આ જ્ઞાનની ક્રિયા સાધન છે. આહા..હા..! અગાસમાં ગયા હતાને તે દિ'. બપોરે વ્યાખ્યાન કર્યું. માણસો ભાઈ ઘણા ભેગા થયા અગાસમાં. રાતે આવ્યો એક માણસ મારી પાસે. પણ આ વાત તમારી નિશ્ચયની બરાબર, પણ સાધન? વાંધા ઈ. આત્મસાધન તો આ છે. એમ કે ભક્તિ કરવી, વાંચન કરવું, દયા પાળવી, દાન કરવા, મંદિર-મંદિર બનાવવા એવા સાધન ખરા કે નહિ?

અહીં તો પરમાત્મા કીધું પહેલું જુઓને ઉપર આવી ગયું છે. પહેલા આવી ગયું છે. ૪૪૧ પાનું. ગાથા-૨૯૪. '**આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં કર્તા જે આત્મા...**' આત્મા અને બંધ એટલે રાગ. એને દ્વિધા-બે ભિન્ન પાડવાના કાર્યના કર્તા આત્મા. '**તેના કરણ સંબંધી...**' કરણ એટલે સાધન. નીચે છે. 'કરણ = **સાધન**; કરણ **નામનું** કારક.' કરણ-કરણ-કારક-કરનાર-કરણ. તેની ઊંડી વિચારણા કરવામાં આવતા. '**મીમાંસા કરવામાં આવતા, નિશ્ચયે (નિશ્ચયનયે) પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી ભગવતી પ્રજ્ઞા જ (-જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ જ) છેદનાત્મક (-છેદનના સ્વભાવવાળું) કરણ છે.**' આહા..હા..!

મુમુક્ષુ :- આમાંથી કાંઈ બીજું...

ઉત્તર :- બીજો કોઈ ઉપાય નથી. તું પોતે ભગવતી પ્રજ્ઞા તારી. આહા..હા..! જે જ્ઞાનની વર્તમાનદશા પરતરફ વળેલી છે એ જ્ઞાનની દશાને અંતરમાં વાળવી એ જ કરણ સાધન છે. આહા..હા..! આવું માણસને સાંભળ્યું પણ ન હોય. બહારથી કડાકૂટા બધા સાંભળ્યા હોય. આમ વ્રત કરો, અપવાસ કરો, ઉજવણા કરો પછી. ગીરધરભાઈ! આ વર્ષીતપ કરે અને ઉજવણું કરવું પડે પછી એના પ્રમાણમાં કરવું પડેને. દસ-વીસ હજાર ખર્ચે ત્યારે. પછી બાયુ કહે શું આ? શું કહે એને? લાંઘણું. આ શું લાંઘણ કરી હતી? લ્યો એને ઉજવણા .. એને વર્ષીતપ કર્યા હશે. ધૂળેય નથી તારા વર્ષીતપ સાંભળને.

એ એકફેરી ..માં હતાને અમે. એક માણસ મરી ગયો. ૭૮ની વાત છે. ૭૮ની સાલ. એને રોનારા બાઈ હોય. કુટાવનારી બાઈ હોયને એક. ગામમાં હુશિયાર હોય કુટાવનારી હોય બોલાવે એને. એ બોલતી હતી. અમે તો .. બેઠેલા. ઓલા હાથ ન ઉપાડે તો બોલે કે શું આ લાકડું પડ્યું છે કે હાથ ઉપડતો નથી? કુટવામાં હાથ ઉપાડોને. લાકડું જાણ્યું છે આ? ઓયમારે! કીધું ભારે કુટાવનારી લાગે છે. એ કુટાવનારી કહે છે. આ લીંબડીમાં .. દરબાર. કુટાવનારી. અમારા આ દામોદર શેઠનો દીકરો મરી ગયો. દામોદર શેઠને દસ લાખ રૂપિયા તે દિ' ૬૦ વર્ષ પહેલા. તે દિ' વાણિયાને દસ લાખ રૂપિયા નહોતા. હવે પૈસા થઈ ગયા ઘણા. તે દિ' એનો છોકરો છ મહિના લગન. વૈશાખમાં લગન અને આસોમાં ગુજરી ગયો. એ ... લીંબડીમાં. દિવાન. ઈ આવ્યા. અને (કુટાવનારી) લઈને આવ્યા. અને રોવરાવે બાયુંને. એવી રોવરાવે. કુટાવે. આહા..હા..! કુટાવા બધા રાગના કર્યા અને એનાથી તું ધર્મ માને છો એ બધા કુટારા-કુટારા છે. મૂકી દે એ વાત એકવાર. આહા..હા..! તારા ભગવાનને જો મળવું હોય. તારા આત્માના ભેટા કરવા હોય, પ્રભુ છે આત્માનો સાક્ષાત્કાર, સમ્યગ્દર્શન કરવું હોય, તો એ જ્ઞાનની ક્રિયા જે અંતરમાં વાળ એ ક્રિયા સાધન છે. બાકી લાખ વાતે કોઈ દિ' સાધન કહે તો વીતરાગ માર્ગ અને પરમાત્માથી વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે '**શુદ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો? પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો;...**' એ તો જ્ઞાનની પર્યાય દ્વારા જ એનો અંદર અનુભવ કરવો. જ્ઞાનની વર્તમાન જે દશા છે એને તો રાગથી આત્માને ભિન્ન કર્યો. પણ હવે એ જ્ઞાનની પર્યાયથી જ એને અનુભવવો. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે કામ આવું, ભાઈ! બધાને તો આકરા લાગે નવા માણસને. કીધું આવો માર્ગ વીતરાગનો હશે? આ છ કાયની દયા પાળવી, ચોવિહાર કરવા, કંદમૂળ ખાવા નહિ, છપરબી પાળવી. એય..! મનસુખભાઈ! બધી ખબર છેને અમને? ... પાળવી, બ્રહ્મચર્ય પાળવા છ પરબી. આ ધર્મ નથી અને આ વળી બીજો નવો ક્યાંથી કાઢ્યો? ભગવાન! તને ખબર નથી. આ ભગવાનની ભક્તિ કરવી ધામધુમ આમ બરાબર.

મુમુક્ષુ :- ભાવ ભાવ...

ઉત્તર :- ભાવ છે ઈ. એ શુભરાગ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ધામ ધુમે ધમાધમ કરી.

ઉત્તર :- ઈ આવે છેને. જ્ઞાન ધુમે ધમાધમ કરી જ્ઞાન માર્ગ રહ્યો દૂર. આહા..હા..! પંચાસ્તિકાયમાં આવે છે ૭૦ ગાથામાં એ. જ્ઞાનાનંદ.. જ્ઞાનમાર્ગી. જ્ઞાનને અનુસરીને ભગવાન આત્મા એ જ્ઞાનનો માર્ગ, એ ધર્મનો માર્ગ. ૧૭૦ ગાથામાં એમ આવ્યું પંચાસ્તિકાયમાં. એ સ્વરૂપે છે. જ્યાં સુધી એને તીર્થંકર છીએ એમ તું માનીશ અને નવ તત્ત્વની શ્રદ્ધામાં રહીશ

અને આગમ અમારા કહેલા એના શરણમાં રહીશ ત્યાં સુધી મુક્તિ નહિ થાય. કેમકે રાગ છે. ૧૭૦. સમજાણું? અને ૭૦ ગાથામાં આ આવ્યું જ્ઞાનાનંદ માર્ગ. આહા..હા..! પંચાસ્તિકાય. ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ સ્વભાવ, એને જ્ઞાનને અનુસરીને અંદર રમણ કરવું, રાગ અને વિકલ્પ નહિ, વ્યવહાર નહિ. વ્યવહાર-વ્યવહાર બધું બંધનું કારણ છે. આહા..હા..!

એ જ્ઞાનને અનુસરીને જ્ઞાનના માર્ગમાં અંદર રહેવું એ જ મોક્ષનું કારણ છે, એ જ ધર્મ છે. બાકી બધી વાતું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? મોટા પુરુષની દશા એ સમ્યગ્દર્શન છે. વળી એમ કોઈ કહે. શ્રીમદ્દનું વાક્ય આવે છેને. સાંભળતો ખરો. કૃપા શેની? કૃપા તારી. આહા..હા..! 'કરૂણા હમ પાવત હૈ સબકી ...' અંતરમાં આત્મા જે પ્રજ્ઞા નામ જ્ઞાનની દશા દ્વારા જેણે પરથી ભિન્ન પાડીને સ્વમાં આવ્યો હતો એ જ્ઞાનની પર્યાય દ્વારા સ્વનો અનુભવ કરવો. આહા..હા..! ઓહો..હો..! આવી વાત જુઓને વીતરાગ માર્ગમાં. કરી છે બે હજાર વર્ષ પહેલા. એવા ભાવ તો અનંતકાળથી જૈન દર્શનમાં વીતરાગમાર્ગમાં પહેલા આવે છે. વીતરાગ માર્ગ સિવાય ક્યાંય સત્‌નો અંશ નથી. બધે ગપ માર્યા.

વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર જેને સો-સો ઈન્દ્રો રજુ માથે લે. અરે..! ઈન્દ્રો જે અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર અને ઈશાન ઈન્દ્ર. શક્રેન્દ્ર અને એની રાણી તો એકાવતારી છે. એક ભવે મોક્ષ જનારા છે. સુધર્મ દેવલોક છે ૩૨ લાખ વિમાન. એની રાણી અને પોતે એક ભવે મોક્ષ જનારા. ઈ જ્યારે ભગવાનના સમવસરણમાં આવતા હશે. ત્યાં જાય છે. સીમંધર ભગવાન બિરાજે છે ત્યાં. એ કેવી વ્યાખ્યા હશે! દયા પાળો, વ્રત કરો, ભાઈ હવે ઈ તો કુંભાર પણ કહે છે. ભગવાન ઈન્દ્રો એકાવતારી મોક્ષ જનારા. જેને નિશ્ચય થઈ ગયેલો છે કે એક જ (ભવ) અને ત્યાંથી છેલ્લો દેહ મનુષ્યનો છે. એની પાસે વાતું કેવી હશે ઈ! કહો, અમારી ભક્તિ કરો તો કલ્યાણ થાય. એવું તો બધા કહે છે. અમારા સાધુને જમાડો તો તમારું ત્યાં વૈંકુઠમાં લાડવા મળશે. આહા..હા..!

અહીં તો ત્રણ લોકના નાથ તો એમ પોકારે આહા..હા..! કે સંત સાચા આત્માના જ્ઞાની, ધર્માત્મા જેને સમ્યગ્દર્શનસહિત ચારિત્ર, રમણતા પ્રગટ થઈ છે, નગ્નદશા જંગલમાં વસે છે. મુનિ તો એવા હોય. એને તું આહાર-પાણી દે તો એ ધર્મ નથી. એ શુભરાગ છે, શુભ છે. આહા..હા..! તીર્થંકર એમ કહે કે હું જ્યારે છદ્મસ્થ હતો, કેવળ પામ્યો નહોતો, મુનિ હતો એ ચાર જ્ઞાનનો ધણી, મને આહાર-પાણી આપનારને પરિત સંસાર થાય (એમ નથી). સંસાર ઘટે એને શુભભાવ થાય. આહા..હા..! આવી વાત. એ વીતરાગ એમ કહે છે. મો સામું કોળિયો કોને ન ગોઠે? ભગવાન કહે છે અમને પણ તીર્થંકરપણે અને છદ્મસ્થ અને ભક્તિસહિત આહાર-પાણી વહોરાવે, અમે એટલી વાત કરીએ છીએ કે એને શુભભાવ થશે. જન્મ-મરણનો અંત આવે એ ચીજ એમાં નથી. વિપાકમાં એવું આવે જરી. મિથ્યાદષ્ટિ સાધુ.

સાધુ મિથ્યાદષ્ટિ ગૃહસ્થ.. વહોરાવે છે. સાધુએ પરિત સંસાર કર્યો. ... સંસાર છે. આહા..હા..! ઈ અહીં કહે છે.

ભવના છેદવાનો ઉપાય. એ તો રાગાદિ ભવ છે, સંસાર છે. એનાથી છેદવાનો, ભિન્ન કરવાનો ઉપાય તે જ્ઞાનની પર્યાય અંતરમાં વાળવી એક જ ઉપાય છે. '**પ્રજ્ઞા વડે જ...**' જુઓ શબ્દ છેને 'જ'. બીજો ઉપાય નથી. '**પ્રજ્ઞા વડે જ...**' 'જ' ન હોય કોઈ કહે જૈન શાસનમાં. એકાંત ન હોય, અનેકાંત હોય, વળી એમ .. વાતું કરતા હતા. આહા..હા..! અમે બહુ જાણપણા કરીએ છીએ. ભગવાનના માર્ગમાં 'જ' હોય નહિ. એ તો અનેકાંત ... એને થાય. .. વાત છે અજ્ઞાનીને. અહીં તો '**પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો;...**' એક જ ઉપાય છે. આહા..હા..! ભાઈ! માર્ગ વીતરાગનો એવો છે કે વ્યવહારથી નિશ્ચય થાય ... આવે છે જૈન શાસનમાં. વ્યવહારમાં નિશ્ચયનો અંશ થાય, આમ થાય ને તેમ થાય. અરે..! ભગવાન! તને ખબર નથી, પ્રભુ! વ્યવહાર તો રાગનો અંશ છે. એમાંથી નિશ્ચયનો અંશ થાય? ભાઈ! વીતરાગમાર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય. એને રાગથી ઉત્પન્ન થાય એ તો આખા જૈન શાસનનો વિરોધ છે. આહા..હા..! પ્રભુ કહે એ અમારા શાસનને નીંદે છે. અમારો માર્ગ શું છે એની એને ખબર નથી, પણ લોકોને એમ થાય જુઓ આ. ભક્તિ કરો, આ કરો... આ કરો... જ્ઞાની ધર્માત્મા મળે એનું બહુમાન કરો, પૂજા કરો તો તમારું કલ્યાણ થશે. ભગવાન ના પાડે છે. આહા..હા..! આ તે કાંઈ વાતું છે!

કહે છે '**પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો; કારણ કે શુદ્ધ આત્માને, પોતે પોતાને ગ્રહતાં,...**' પોતે પોતાને જાણતા, અનુભવતા '**પ્રજ્ઞા જ એક કરણ છે...**' એ જ્ઞાનની પર્યાય ભિન્ન પડી તેનાથી આત્મા ગ્રહાય. '**પ્રજ્ઞા જ...**' જોયું પાછું? પહેલું એ હતું. પ્રજ્ઞાછીણી. જ્ઞાનની અવસ્થા. જ્ઞાનની ચાલે છેને એની અવસ્થા વર્તમાન પર્યાય. જ્ઞાનની દશા એ પ્રજ્ઞા. પ્રજ્ઞા-વિશેષે જ્ઞાનદશા. એને અંતરમાં વાળવી. .. વાત.. પણ અજાણી વાત.. કહો, હીરાભાઈ! '**પ્રજ્ઞા વડે જ...**' એમ કીધું હતું. '**શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો; કારણ કે શુદ્ધ આત્માને,...**' પવિત્ર પરમાત્મા પોતે છે તેને. પોતે પોતાને ગ્રહતા. એટલે આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય નિવિકલ્પ અભેદ એવા આત્માનો '**પોતે પોતાને ગ્રહતાં, પ્રજ્ઞા જ એક કરણ છે...**' એ જ્ઞાનની દશા એ જ એક કરણ-સાધન છે. આહા..હા..! સમ્યગ્જ્ઞાન જે નિર્મળ રાગને અવલંબતું તેને છોડી દઈને અંતરમાં વાળવું એક જ પ્રજ્ઞા સાધન. આહા..!

જેને વ્યવહારના રાગની અપેક્ષા નથી. જેને જ્ઞાનદશાને અંતરમાં વળવા માટે તેને રાગની મંદતા અને વ્યવહારની અપેક્ષા નથી. એવી જ્યાં અંતર દશાને વાળતા. સમજવું પહેલું તો કઠણ છે. એ તો ભાઈએ કહ્યું હતું બિચારાએ. આ તો સમજવું અઘરું છે. આહા..હા..!

બાપુ! શું કહીએ? પરમાત્મા. આહા..હા..! આખો આનંદનો ગોળો છે આત્મા તો. એ આનંદનો ગોળો એ જ્ઞાનનો ગોળો આખો આત્મા. એને વર્તમાન જ્ઞાનની દશા એ પ્રજ્ઞા, એ છીણી. રાગથી ભિન્ન પાડવાની પ્રજ્ઞાછીણી. આહા..હા..! એ વડે ગ્રહતા '**પ્રજ્ઞા જ એક કરણ છે...**' સમ્યગ્જ્ઞાનની દશા એ અંતરમાં વાળતા એ એક જ સાધન છે. આહા..હા..! આ પણ સાધન અને આ પણ થોડું સાધન ભેગું. વ્રત પાળવા, તપસ્યાઓ કરવી આ કરે છેને બાયુ આ વર્ષીતપ નથી કરતી બિચારી? કરોડોપતિની વહુ.

મુમુક્ષુ :- એ બધો મિથ્યાદર્શનસહિતનો શુભભાવ છે.

ઉત્તર :- મિથ્યાદષ્ટિ છે. એને દૃષ્ટિ તો રાગ ઉપર. ભગવાન આત્મા રાગથી ભિન્ન છે એની તો ખબર પણ નથી. લાંઘણું કરે બિચારા. એના પ્રમાણમાં પૈસા ખર્ચે.

મુમુક્ષુ :- આપને એની દયા આવે છે અને બીજા એને ધર્મ કહે.

ઉત્તર :- ધૂળેય ધર્મ નથી. જીંદગી હારી જાય છે. નહોતા આણે કર્યા આ જેસંગભાઈને. ..ભાઈએ તો કર્યા હતા આ તો ..ભાઈએ. કોણ હતા? મંગળભાઈ. એની વહુ. ધાંગધ્રાની વહુ હતા. જેસંગભાઈ નહિ? જેસંગ ઉજમશી. ધાંગધ્રા આવ્યા હતાને. શ્વેતાંબર અને પાછા દેરાવાસી. એણે વર્ષીતપ કર્યા હતા. પોણો લાખ રૂપિયા. અહીં નીકળી હતી આપણે સ્પેશ્યલ ટ્રેન એમાં શું થયું પણ? આવ્યા હતા અહીંયાં. બધા આવે. અહીં આવે તો ખરા બધા શેઠિયા આવી ગયા છે અહીંયાં. જેસંગભાઈ પણ આવી ગયા છે, મંગળભાઈ પણ આવી ગયા છે, શાંતિભાઈ પણ આવી ગયા ઘણા વર્ષ પહેલા. મણિભાઈ તો આવતા. પણ આ વાત બેસવી કઠણ. સાંભળવાનું મળતું નથી. ઈ જ્યાં સાંભળવા મળે ત્યાં કાંઈક... કાંઈક... કાંઈક... થોડું થાય. આવો એકાંત માર્ગ હોય? એ તો એકાંત માર્ગ છે. કથંચિત્ એમ નથી.

અહીં તો પરમાત્મા ઈ કહે છે જુઓ, '**પ્રજ્ઞા જ એક કરણ છે...**' એકાંત જ કારણ છે. વર્તમાન જ્ઞાનની દશા એ જ રાગથી ભિન્ન પડીને સ્વરૂપને પકડવો, અનુભવ કરવો એ એક જ કરણ છે. આહા..હા..! છે? '**જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું...**' હવે બે વાત જોડે છે. જેમ રાગના વિકલ્પથી સ્વભાવને જુદો પાડવામાં એ જ્ઞાનની દશા એકલી કર્તા પ્રજ્ઞા એક જ કરણ હતું. કરણ એટલે સાધન. સમજાણું કાંઈ? '**જેમ ભિન્ન કરતાં...**' એ રાગના વિકલ્પથી પ્રભુ આત્માને જુદો પાડતાં એ જ્ઞાનની દશા વર્તમાન એક કરણ હતું. તેમ ગ્રહતા પણ પ્રજ્ઞા સાધન એક છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? '**પોતે પોતાને ગ્રહતાં, પ્રજ્ઞા જ એક કરણ છે...**' તેમ આ સાધન પ્રજ્ઞા છે. તે જ્ઞાનની દશા દ્વારા અંતરમાં જવું અને અનુભવ કરવો જ્ઞાન દ્વારા એ એક જ વસ્તુ છે. ભાઈ! હવે પહેલા બાળક હોય. એને હજી ચલનગાડી નથી આપતા પહેલી? પછી વળી ચાલતો થાય. થોડી ચલનગાડી સાધન તો જોઈએ કે નહિ? અહીં ના પાડે છે. ચલણગાડી એની જ્ઞાનની પર્યાય

અંતરમાં વાળવી એ ચલનગાડી છે.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા અનંત તીર્થંકરો, અનંત થઈ ગયા અત્યારે વર્તમાન બિરાજે છે મહાવિદેહમાં બિરાજે છે. વિદ્યમાન-વિદ્યમાન નામ છે. જીવતા તીર્થંકર છે. ત્યાં ગયા હતાને. બિયાના છે એક ગામ. બિયાના. બિયાનામાં ગયા હતા ત્યારે ત્યાં પ્રતિમા ૪૧૬ વર્ષ પહેલાની છે સીમંધર ભગવાનની. એને પણ ખબર નહિ કે આ ભગવાન છે. અહીં સીમંધર ભગવાનની પ્રતિમા સ્થાપી ત્યારે એમ કે આ ભગવાનની પ્રતિમા .. ભગવાન વર્તમાન બિરાજે છે. એટલે એણે જોયું, પ્રતિમા આઘી કરીને જોયું. જીવંત સ્વામી એમ લખ્યું અંદર. જીવંતસ્વામી. જીવતા સ્વામી. પણ ભગવાન આદિ તો મોક્ષ પધાર્યા છે અને સીમંધર ભગવાન તો જીવતા છે. સમવસરણમાં બિરાજે છે. પાંચસો ધનુષ્યનો દેહ, કરોડપૂર્વનું આયુષ્ય. કરોડપૂર્વ. કરોડપૂર્વ.. ભાઈ! કેટલા છે. ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડનું એક પૂર્વ. રાડ નાખી જાય વાણિયા. એટલા રૂપિયા ન હોય. આ અબજોપતિ હોય પણ આટલા હોય? આહા..હા..! ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષનું એક પૂર્વ. એવું કરોડપૂર્વનું ભગવાનનું આયુષ્ય. હજી કરોડ.

મુમુક્ષુ :- ભગવાનની વાતું જ બધી મોટી.

ઉત્તર :- પરમેશ્વર એટલે શું? જીવંતસ્વામી, જીવતાસ્વામી હોં એની માથે લખેલું. ત્યારે એને ખબર પડી કે ઓહો..હો..! આ તો ભગવાન બિરાજે છે એની પ્રતિમા છે. ભાઈ ગયા હતાને. પ્રવિણભાઈ સાથે. ... ચાર હજાર રૂપિયા આપ્યા. બે હજાર આપ્યા અભિષેકના. બે હજાર... તે દિ' નીકળ્યા હતાને જાતા હતા. બે હજાર રૂપિયા એને આપ્યા. બાહુબલીમાં પણ એની છે. ... બાહુબલી ગયા હતા. હજાર માણસ હતું. ત્યાં એમણે કહ્યું. આ બાહુબલીજીની પ્રતિમા મોટી. ... અભિષેક કર્યો એ પૈસા બે હજાર રૂપિયા. હોય ભક્તિનો ભાવ તો હોય છે. પણ એનું પુણ્ય થાય એટલી વાત. એનાથી કોઈ એમ લઈ જાય કે આનાથી અંદરમાં કલ્યાણ થશે (એમ નથી). પુણ્ય થાય. પુણ્ય તો .. જગ મળે .. આ પૈસાવાળા શેઠિયા કહેવાયને પુણ્યના ધણી. પુણ્ય બંધાય એનો અર્થ ઈ કે બંધાય કારણમાં. ... પુણ્ય થાય. બંધાય એટલે રાગનું બંધન થાય એને. ભગવાન અબંધસ્વરૂપને રાગનું બંધન છે. આહા..હા..! અને એને ઠીક માને તો મિથ્યાત્વનું પાપ સાથે અનંતગણુ પાપ છે. અનાદિ જન્મ-મરણથી રખડતો રહેશે. એને આવું તત્ત્વ.. અલિંગગ્રહણમાં આવે છેને પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. છઠ્ઠો બોલ.

ભગવાન આત્મા પોતાના જ્ઞાનના સ્વભાવથી જ જણાય. અને પ્રત્યક્ષ થાય. પરોક્ષ રહે નહિ એવો જ એનો સ્વભાવ છે. આહા..હા..! સમ્યગ્દર્શનમાં મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા આત્મા પ્રત્યક્ષ થાય એવું એનું સ્વરૂપ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? શાંતિભાઈ! શાંતિભાઈ મુંબઈ રહે છે. કાંતિભાઈ મુંબઈમાં નોકરી કરે છે પ્લેનમાં. પંદરસોનો પગાર હતો. પ્લેનમાં.

છોડી દીધો. પંદરસોનો પગાર માસિક. આહા..હા..! નિવૃત્તિ. મુંબઈ રહે છે. અરે..! એમાં શું? ધૂળનો લાભ કરોડ, બે કરોડ, પાંચ કરોડ માટી છે. ધૂળની કિંમત નથી. મારી નાખવાની છે. આહા..હા..! પૈસાવાળા નહોતું કીધું મુંબઈમાં એક ફેરી? ૨૫ હજારનો હીરો પહેરીને નીકળ્યો હતો એક માણસ. જોઈ ગયો કોઈ બે બાજુ જવાના રસ્તામાં કોઈ માણસ નહિ એટલે ગર્યો અંદર મારી નાખ્યો. એ સુખ ધૂળમાંય નથી. કલ્પના કરે કે મને સુખ છે. એ કલ્પના આકૂળતા છે. આહા..હા..! લક્ષ્મી એ મારી એવી માન્યતા મિથ્યાદષ્ટિને છે. કારણ કે એ જડ છે. જડ આત્મા હોય?

મુમુક્ષુ :- નિશ્ચયે ન હોય, વ્યવહારે હોય.

ઉત્તર :- વ્યવહારે હોય એટલે બોલવામાં હોય. બોલાય એમ કે આની લક્ષ્મી. એ બોલવાની વાત છે. એની છે નહિ. માને કે લક્ષ્મી મારી, અજીવ મારું મૂઢ છે. અહીં તો રાગથી કલ્યાણ માને એ મહામૂઢ જીવ છે. આહા..હા..! કેમકે પરદ્રવ્ય તરફના વલણવાળો ભાવ તો વિકારી જ હોય. ચાહે તો તીર્થંકર હોય કે કેવળી હોય કે પરમાત્મા હોય. આહા..હા..!

'**માટે જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો...**' હવે સરવાળો લે છે. જેમ પહેલા જ્ઞાનની દશા દ્વારા રાગથી ભગવાનને ભિન્ન કર્યો '**તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.**' તેમ જ્ઞાનની પર્યાય વડે અનુભવવો. આહા..હા..! ગ્રહણ કરવો એટલે ઓલો પકડવો. આહા..હા..! ભારે માર્ગ! આ શું હશે અંદરમાં? એમ વાત આવી હતી. મોટા પથરા હોય છેને લાખો કરોડો મણના. ... એમાં રગ હોય રગ. લાલ, પીળી એક રગ હોય. અને એમાં એને કાણુ પાડી સુરંગ નાખે. લાખો જુદા પડી જાય. રગ હતી. આત્મા અને રાગનો વિકલ્પ બે વચ્ચે સંધિ-સાંધ છે. એક નથી. આહા..હા..! .. ગયા હતાને જ્યારે .. ત્યારે પથરા ...૭૧માં પહેલા આવ્યા હતા. ચૈત્ર મહિનામાં આવ્યા હતા હીરાજી મહારાજ. એ ત્યાં ... લાખો મણ પથરા એમ .. વચ્ચે પણ રગ છે એમ રાગરૂપી જડ અચેતન રાગ અચેતન છે. આહા..હા..! ત્રણ લોકના નાથની ભક્તિનો ભાવ એ અચેતન રાગ. કેમકે રાગ પોતે પોતાને ન જાણે, રાગ આત્માને ન જાણે. રાગ બીજા દ્વારા જણાય માટે અચેતન છે. આહા..હા..! એવા અચેતન દ્વારા આત્માનું કલ્યાણ થાય (એમ બને નહિ). આહા..હા..!

'**જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું...**' 'જ' શબ્દ છે બધે. આહા..હા..! તેમ ગ્રહણ કરતા પણ એ જ સાધન છે એમ કહેવું. '**માટે જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.**' ઝીણું પડે છે માણસને અભ્યાસ નહિને. અને આ અત્યારે આ મળતું નથી બહારમાં. ક્રિયાકાંડવાળા વ્રત અને તપમાં જોડાયા, બુદ્ધિવાળાઓ વેદાંતની અને નિશ્ચયની વાતું કરવામાં મંડી પડ્યા, શરીરના બળીયા તપમાં ઉતર્યા અને વ્રતમાં ઉતર્યા, મનના બળીયા એ આ વાતું કરવામાં ઉતર્યા. વેદાંત એમ છે અને આત્મા એમ

છે .. સુખ છે. આહા..હા..! બેયથી પાર વસ્તુ છે. '**પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.**' મનસુખભાઈ! પ્રજ્ઞા એટલે વર્તમાન જ્ઞાનની દશા. પર્યાય છેને? જાણવાની દશા છેને? જાણે છેને આ રાગ છે, આ નિશ્ચય છે જાણે છેને વર્તમાન પ્રગટ. એ પર્યાયને અંતરમાં વાળવી એ પ્રજ્ઞા.

મુમુક્ષુ :- કઈ રીતે વાળવી?

ઉત્તર :- બધા બોલ આવી ગયા છે. હવે છ કારકને વર્ણવે છે.

'**ભાવાર્થ :- ભિન્ન કરવામાં અને ગ્રહણ કરવામાં કરણો જુદાં નથી;...**' સાધન જુદા નથી. કરણ એટલે સાધન. આહા..! બે-પાંચ લાખ, દસ લાખ ખર્ચી નાખે ક્યાંક તો એને એમ થઈ જાય કે આહા..હા..! ઓલો પંડિત હતો અમારે આ ધન્નાલાલજી આવ્યા હતાને રાતે? ધન્નાલાલ. નાનાલાલભાઈ ... તમે ક્યાં હતા.. એ કહે શેઠ! તમને આઠ ભવે મોક્ષ થાશે. છઠ્ઠી સાલની વાત છે. નાનાલાલ કાળીદાસ. જસાણી છેને? મુંબઈમાં ઝવેરાતની. ... નાનાલાલભાઈ કહે છે કે ભાઈ અમે એમ માનતા નથી. મહારાજ એમ કહેતા નથી. કે આ બે લાખ ખર્ચ્યા માટે આઠ ભવે મોક્ષ જાશું એ ના પાડે છે. અમારો ભાવ શુભ છે એટલું પુણ્ય. ઓલો પંડિત કહે તમે આઠ ભવે મોક્ષ જશો. સોનાના ઓલા કળશ બે લાખનું મંદિર અને સોનાના કળશ ચડાવ્યા માથે. પણ એમાં શું થયું? એ તો પરવસ્તુ છે. શુભભાવ છે. એ શુભભાવ પુણ્ય છે. એનાથી ભવનો નાશ થઈ જાય એમ નથી.

મુમુક્ષુ :- પણ ભવ થાય તો નહિને એનાથી?

ઉત્તર :- ઈ પોતે શુભભાવ જ સંસાર છે. આહા..હા..! સુશીલ કેમ કહીએ? જે સંસારમાં પ્રવેશ કરાવે એને સુશીલ કેમ કહીએ? પુણ્ય-પાપના અધિકારમાં. શુભભાવને સુશીલ કેમ કહીએ? કેમકે શુભભાવ પોતે સંસારમાં પ્રવેશ કરાવે છે. ભવમાં જાય છે એ તો. આહા..હા..! આવું વીતરાગી તત્ત્વ. વાણિયાને નવરા ન હોય, કલાક, બે કલાક નવરાશ હોય. પછી રળવું ને આ ને આ. એમાં સાંભળવા મળે ... ધર્મ કરીશું. એય..! મનસુખભાઈ! કલાક મળે સાંભળવાનો તો આવું બહારની વાતો અંદરથી કે શુભ કરો, પ્રશસ્ત રાગ છે. પ્રશસ્ત રાગ છે. એનાથી.. પણ હળવે-હળવે જાતા હશે કે એકદમ જાતા હશે? હવે સાંભળને! આહા..હા..! લસણ ખાતા-ખાતા કસ્તુરીના ઓડકાર આવતા હશે. લસણ ઢોકાળામાં ખાય સારી રીતે .. તેલમાં બોળીને. ઓડકાર આવે કસ્તુરીનો. તદ્દન ખોટી વાત છે. આહા..હા..! એમ રાગની ક્રિયા કરતાં-કરતાં ધર્મ થશે અને સમકિત થશે. એમ ને એમ ચાલ્યો જાય છે સંસાર ક્યાંય પત્તો નહિ ખાય તારો. ત્યાં કોઈ સિફારીશ નથી. ત્યાં કોઈ પાંજરાપોળ નથી કે તને બેસાડી દે આવો માસીબા એમ. માસીબા નથી ત્યાં કાંઈ. આહા..હા..!

'**ભિન્ન કરવામાં અને ગ્રહણ કરવામાં...**' બે વાત થઈ. રાગનો વિકલ્પ વ્યવહારનો

જે છે એનાથી જુદો પાડવો આત્માને એ પણ વર્તમાન જ્ઞાનની દશાથી જુદો પડે છે અને એને ગ્રહણ કરવો એ પણ પ્રજ્ઞાથી જ અનુભવાય છે. એ સાધન છે. સમજાણું કાંઈ?

## ગાથા-૨૯૭

कथमयमात्मा प्रज्ञया गृहीतव्य इति चेत् –

पण्णाए घित्तव्वो जो चेदा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९७।।
प्रज्ञया गृहीतव्यो यश्चेतयिता सोऽहं तु निश्चयतः।
अवशेषा ये भावाः ते मम परा इति ज्ञातव्याः।।२९७।।

यो हि नियतस्वलक्षणावलम्बिन्या प्रज्ञया प्रविभक्तश्चेतयिता, सोऽयमहं; ये त्वमी अवशिष्टा अन्यस्वलक्षणलक्ष्या व्यवह्रियमाणा भावाः, ते सर्वेऽपि चेतयितृत्वस्य व्यापकस्य व्याप्यत्वमनायान्तोऽत्यन्तं मत्तो भिन्नाः। ततोऽहमेव मयैव मह्यमेव मत्त एव मय्येव मामेव गृह्णामि। यत्किल गृह्णामि तच्चेतनैकक्रियत्वादात्मनश्चेतय एव; चेतयमान एव चेतये, चेतयमानेनैव चेतये, चेतयमानायैव चेतये, चेतयमानादेव चेतये, चेतयमाने एव चेतये, चेतयमानमेव चेतये। अथवा–न चेतये; न चेतयमानश्चेतये, न चेतयमानेन चेतये, न चेतयमानाय चेतये, न चेतयमानाच्चेतये, न चेतयमाने चेतये, न चेतयमानं चेतये; किन्तु सर्वविशुद्धचिन्मात्रो भावोऽस्मि।

હવે પૂછે છે કે-આ આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો? તેનો ઉત્તર કહે છે :

પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે ચેતનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૭.

ગાથાર્થ :- [प्रज्ञया] પ્રજ્ઞા વડે [गृहीतव्यः] (આત્માને) એમ ગ્રહણ કરવો કે- [यः चेतयिता] જે ચેતનારો છે [सः तु] તે [निश्चयतः] નિશ્ચયથી [अहं] હું છું, [अवशेषाः]

બાકીના [ये भावाः] જે ભાવો છે [ते] તે [मम पराः] મારાથી પર છે [इति ज्ञातव्यः] એમ જાણવું.

ટીકા :- નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક (-ચેતનારો), તે આ હું છું; અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય (અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજા લક્ષણોથી ઓળખાવાયોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી, મારાથી અત્યંત ભિન્ન છે. માટે હું જ, મારા વડે જ, મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું. આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી, 'હું ગ્રહણ કરું છું' એટલે 'હું ચેતું જ છું;' ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું, ચેતતા વડે જ ચેતું છું, ચેતતા માટે જ ચેતું છું, ચેતતામાંથી જ ચેતું છું, ચેતતામાં જ ચેતું છું, ચેતતાને જ ચેતું છું. અથવા-નથી ચેતતો; નથી ચેતતો થકો ચેતતો, નથી ચેતતા વડે ચેતતો, નથી ચેતતા માટે ચેતતો, નથી ચેતતામાંથી ચેતતો, નથી ચેતતામાં ચેતતો, નથી ચેતતાને ચેતતો; પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર (-ચૈતન્યમાત્ર) ભાવ છું.

ભાવાર્થ :- પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો જે ચેતક તે આ હું છું અને બાકીના ભાવો મારાથી પર છે; માટે (અભિન્ન છ કારકોથી) હું જ, મારા વડે જ, મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું. 'ગ્રહણ કરું છું' એટલે 'ચેતું છું', કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે. માટે હું ચેતું જ છું; ચેતનારો જ, ચેતનાર વડે જ, ચેતનાર માટે જ, ચેતનારમાંથી જ, ચેતનારમાં જ, ચેતનારને જ ચેતું છું. અથવા દ્રવ્યદૃષ્ટિએ તો-છ કારકોના ભેદ પણ મારામાં નથી, હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.-આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવો અર્થાત્ પોતાને ચેતનાર તરીકે અનુભવવો.

## ગાથા-૨૯૭ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે-આ આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો?' આપ શું કહો છો? આમ પૂછે છે. 'તેનો ઉત્તર કહે છે :—'

पण्णाए घित्तव्वो जो चेदा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९७।।

નીચે હરિગીત.

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે ચેતનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૭.**

'ટીકા :- **નિયત...'** નામ નિશ્ચયથી **'સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા...'** જ્ઞાન એનું લક્ષણ ભગવાન આત્માનું એવી **'સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક...'** જ્ઞાનની દશા દ્વારા રાગથી ભિન્ન કરીને ચેતનારો જે આત્મા **'(-ચેતનારો), તે આ હું છું;...'** છ પ્રકાર બતાવે છે. એ આ પર્યાયનયના છ પ્રકાર. આહા..હા..! ક્યાં લઈ જાય છે હવે? રાગ કારણ નહિ, નિમિત્ત સાધન નહિ. હવે કહે છે કે આ ભેદ છ પ્રકારના એ સાધન નથી. પહેલા એના વિચારમાં આ હું છું, આ જ્ઞાન સ્વભાવી ભગવાન ચેતનારો, જાણનારો તે હું છું. રાગાદિ હું નહિ. **'અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય...'** રાગાદિ એના લક્ષણોથી લક્ષ—એના લક્ષણથી જણાવાયોગ્ય. એ દયા, દાન, વ્રત, ભક્તિ, ભગવાનનું સ્મરણ ૐ... ૐ... ૐ... કરે. તે બધાના સ્વલક્ષણ ઈ જાણવાયોગ્ય બંધનો સ્વભાવ છે. **'જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે,...'** એ બધા વ્યવહારભાવ રાગના. એ આત્માના નહિ. કહો, સુજાનમલજી! આવો માર્ગ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધો ભેદ છે. વિકલ્પથી પર્યાયમાં ભેદ પડ્યો એટલો. છ પ્રકારનો ભેદ એ પણ હું નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કે હું ચેતન છું એવો જે વિકલ્પ છે તે નહિ. આહા..હા..!

**'જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે,...'** છે તો ખરા. વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ હોય, પણ એ બધા વ્યવહારરૂપ ભાવો. ખુબી શું છે? **'તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી,...'** આહા..હા..! સમ્યગ્દર્શન પામનાર જીવ એમ અંદર વિચારે છે કે હું એક ચેતક ચેતનારો ભગવાન એમાં એ દયા, દાન કે રાગની મંદતાના શુભભાવ મારું વ્યાપ્ય એટલે મારી અવસ્થા અને હું એનો વ્યાપક થવાને લાયક નથી. આહા..હા..! **'ચેતકપણારૂપી વ્યાપકના...'** હું ચેતનારો આત્મા, જાણનારો આત્મા વ્યાપક વિસ્તાર પામું અને **'વ્યાપ્ય...'** રાગનો વિકલ્પ દયા, દાન, ભક્તિ, પૂજા એ રાગ. એ રાગ એ મારું વ્યાપ્ય અવસ્થા એ **'નહિ થતા હોવાથી,...'** રાગ મારી અવસ્થા નથી. આહા..હા..! એ રાગ કોને કહેવો એની સમજણમાં વાંધા. ... રાગ રળવાના, ધંધાના એ રાગ.

આ તો કહે છે કે હું એક ચેતનારો ચેતક જીવ છું. એને આ રાગાદિ ભાવ જે વિકલ્પ

છે એ બધા વ્યવહારુભાવ છે. તે મારા ચેતનારની દશા થવાને લાયક નથી. તે રાગાદિ ભિન્ન રહી જાય છે. આહા..હા..! એ મારી અવસ્થા થવાને લાયક નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ નામ, ભક્તિની ધૂન લગાવે રાગ, એ રાગ મારી દશા થવાને લાયક નથી કહે છે. આહા..હા..! મુંબઈમાં તમારે ઘડ પ્રમાણે ચાલે. ઝાઝા માણસ હોયને. આહા..હા..! શું કહે છે? બે વાત કરી—એક હું ચેતનારો આત્મા પ્રજ્ઞાછીણી રાગને પ્રજ્ઞા દ્વારા જુદો કરવામાં આવ્યો એવો જે હું જાણનાર-દેખનાર... જાણનાર-દેખનાર... એવો એ આત્મા. એને આ બાહ્ય વ્યવહારો ભાવ જેટલા વ્રત કરું, તપ કરું, અપવાસ કરું, પૂજા કરું, ભક્તિ કરું, દાન કરું, દયા કરું એ બધા વિકલ્પો રાગ એ મારું વ્યાપક અને એ મારી વ્યાપ્ય અવસ્થા થવાને લાયક જ નથી. એ રાગ મારી દશા થવાને લાયક નથી. આહા..હા..! શું કહે છે આ?

બાપુ! માર્ગ એવો સૂક્ષ્મ છે. એવો ન હોય તો અનંતકાળમાં એણે બધું કર્યું છે. આહા..હા..! છ-છ મહિનાના અપવાસ. ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એટલી તો ક્ષમા. પણ તે દૃષ્ટિ મિથ્યાત્વ કે રાગથી કલ્યાણ થશે. દેહની ક્રિયાથી, આનાથી થશે, હળવે-હળવે થશે. એવો જે મિથ્યાત્વભાવ એ સંસાર નહિ ઘટે એને. કહો, સમજાણું કાંઈ? હવે એ ચલન ગાડીનો દાખલો આપે છે. પણ ચાલે છે પણ ચાલવા. પહેલા આમ હાથ રાખે ઓલા ઉપર ચલનગાડી ઉપર પછી ચાલે. પછી છોડી દે. એમ પહેલો વ્યવહાર કરે તો હાથ રાખે તો.. એ વાત તદ્દન જૂઠી છે. વીતરાગ કહે છે કે એ માર્ગ અમારો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે,...'** પંચ મહાવ્રતના ભાવ, ભક્તિનો ભાવ, બાર વ્રતનો ભાવ **'તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી, મારાથી અત્યંત ભિન્ન છે.'** સમ્યગ્દર્શન પામવાની દશામાં આ એની વિચારધારા હોય છે. આહા..હા..! રાગાદિ મારા નહિ, મારી દશાને થવાલાયક એ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ વદ-૧૧, મંગળવાર, તા. ૨૬-૦૬-૧૯૭૩
## ગાથા - ૨૯૭, પ્રવચન-૪૨૦

૨૯૭ ગાથા. મોક્ષ અધિકાર. શિષ્યનો પ્રશ્ન એ છે કે **'આ આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો?'** આત્મા વસ્તુ છે એને આવ્યું ટીકામાં છે જુઓ. **'નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે...'** ટીકા ૨૯૭ની. એની મેળાએ તો બહુ સમજાય એવું નથી. મોહનલાલભાઈ! એની મેળાએ તો કાંઈ હાથ આવે એવું .. એવું નથી.

મુમુક્ષુ :- તો પછી શું કરવું?

ઉત્તર :- .. પરિચય કરવો.

મુમુક્ષુ :- આપ તો કહો છો કે પરિચય કરવાથી રાગ થાય.

ઉત્તર :- થાય છે પણ અંદર લક્ષ તો હોય છેને પોતાનું? આહા..હા..!

કહે છે કે આ આત્મા જે વસ્તુ છે ભગવાન સર્વજ્ઞદેવે જે આત્મા અંદર છે જોયો ઈ કેવો છે? કે નિયત નિશ્ચય **'સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે...'** પ્રજ્ઞા એટલે જ્ઞાનની વર્તમાનદશા. જે આમ જાણે છેને? રાગને જાણે, શરીરને જાણવાની જે દશા વર્તમાન એને પ્રજ્ઞા કહે છે, એને બુદ્ધિ કહે છે, એને મતિ કહે છે, એને શ્રુત કહે છે. એવી **'નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા...'** જ્ઞાનની વર્તમાનદશા, નિશ્ચય **'સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો...'** આહા..હા..! એ રાગ છે, પુણ્ય-પાપના ભાવ છે એનું લક્ષણ જુદું છે. એનાથી ભગવાન આત્માનું પ્રજ્ઞા વડે જુદું કરવાનું લક્ષણ જુદું છે.

**'જે ચેતક (-ચેતનારો), તે આ હું છું;...'** આહા..હા..! ઝીણી વાતું બહુ! જે રાગને અને આત્માના સ્વભાવને વર્તમાન જ્ઞાનની દક્ષા એવી .. રાગથી, પરથી જુદો છે એવું જે અંદર ભાસ્યું ત્યારે **'તે આ હું છું;...'** એક વાત **'અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય...'** જે રાગ પુણ્યભાવ દયા, દાન, વ્રત, તપ, ભગવાનની ભક્તિ આદિનો રાગ એ રાગ એના લક્ષણથી લક્ષ થાય એવો છે. એનું બંધ લક્ષણ છે, વિકાર છે. આહા..હા..! અન્ય રાગાદિનો ભાવ એ સ્વલક્ષણોથી લક્ષ **'(અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજા લક્ષણોથી ઓળખાવાયોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે,...'** આહા..હા..! એ રાગની ઉત્પત્તિ જે થઈ એ તો બંધનું સ્વરૂપ છે, વિકારનું સ્વરૂપ છે. એમ એ બાકીના વ્યવહાર રાગાદિ છે **'તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી, મારાથી**

**અત્યંત ભિન્ન છે.'** હવે એનો અર્થ. હું એક આત્મા છું, ચેતનારો તે, જાણનારો તે હું એવો જે આત્મા. એની પર્યાય-અવસ્થામાં વિચાર ષટ્કારકની દશાનો વિચાર ચાલે છે કે આ આત્મા તે બાકીના રાગાદિના ભાવથી (જુદો), ચેતકપણારૂપી વ્યાપક. હું તો એક જાણનાર... જાણનાર... જાણનાર... ચેતનાર... એવો જે વ્યાપક એટલે પ્રસરનાર. વ્યાપક એટલે ત્રિકાળી ચીજ જે આત્મા એ વ્યાપક કહેવાય. એ વ્યાપકનું વ્યાપ્ય. એ વ્યવહાર જે દયા, દાન, ભક્તિ આદિના ભાવ એ મારા વ્યાપકની અવસ્થા થવાને લાયક નથી. આહા..હા..! કેમકે હું તો એક ચેતનારો જ્ઞાનપિંડ પ્રભુ એની વર્તમાન અવસ્થા વ્યાપક થઈને થાય તો એ વ્યાપ્ય એની વીતરાગી અવસ્થા થાય. એ વીતરાગી અવસ્થા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મારી વ્યાપ્ય અને એ મારી દશા હોય. આહા..હા..! આવું સુઝે નહિ અને પછી જોડી દીધું બધે. આહા..હા..! જયંતિભાઈ!

કહે છે હું આ એક આત્મા ચેતનારો. પોતાના લક્ષણને અવલંબનારી વર્તમાન જ્ઞાનદશા એને રાગથી ભિન્ન કરીને જોયો આ ચેતનારો હું છું. એ ચેતનારો વ્યાપક થઈને એટલે કે પ્રસરીને, વિસ્તરીને, રાગાદિભાવ એની વિસ્તારદશા થાય એવો હું નથી. આહા..હા..! આમાં તો ઘરે વાંચો તો કાંઈ સૂઝ પડે એવું નથી ત્યાં. ચીમનભાઈ!

મુમુક્ષુ :- વાંચવાનો વખત પણ ન મળે.

ઉત્તર :- વાંચવાનો વખત પણ ન હોય. બહેન નથી આવ્યા અને ઓલા નથી આવ્યા બીજા. તમારા ભાઈ નથી આવ્યાને? ઠીક. ચીમનલાલ હિંમતલાલ નથી? આમના ભાઈ છે. એને પણ મોટું કારખાનું છે. પોપટભાઈના વેવાઈ છે. આહા..હા..!

અહીં તો કહે છે કે બહારની ક્રિયા તો કોણ કરે? પણ અંદરનો રાગનો ભાવ ધર્મી વિચારતા હું રાગની અવસ્થાવાળો એ હું નહિ. જુઓ, છે. **'તે બધાય, ચેતકપણારૂપી...'** હું જાણનારો ભગવાન. એવા વ્યાપક એટલે દ્રવ્યસ્વરૂપે હું. વ્યાપક એટલે દ્રવ્યસ્વરૂપે હું વસ્તુ. એની વ્યાપ્ય. એ રાગ જે દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, કામ, ક્રોધભાવ એ મારી વ્યાપ્ય એટલે અવસ્થા થવાને લાયક નથી. આહા..હા..! મનુષ્યની પ્રજા રિંછનું બચ્ચુ થાય એ એની પ્રજા ન હોય. એમ કહે છે કે હું તો એક ચેતનારો આત્મા છું. એ ચેતનારની અવસ્થા, પર્યાય, હાલત વર્તમાન એ રાગાદિ વ્યવહારભાવ એ મારી અવસ્થા થવાને લાયક નથી. આહા..હા..! એય..! આમ આવતું હશે તમારે ત્યાં? ધારાશાસ્ત્ર.. ન આવે? ગપ્પા માર્યા હોય એને હલવે.

મુમુક્ષુ :- ઘઉંનો વેપાર સરકારે કરવો કે નહિ?

ઉત્તર :- આહા..હા..! જુઓ તો પરમાત્માના કથનો! ભાઈ! તું ચેતનારો છોને. તે તારા જ્ઞાનના લક્ષણ વડે પ્રજ્ઞા એક પરથી એને જુદો કર્યો. આહા..હા..! એ જુદો કરતા તે ચેતનારો,

જાણનારો તે હું અને તે જાણનારો તે હું એ પ્રસરીને, વિસ્તાર પામીને દયા, દાન અને વ્રતના, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ. એ રાગની અવસ્થાપણે થનારો એ હું નહિ. આહા..હા..!

'**ચેતકપણારૂપી વ્યાપકના**...' જાણનાર-દેખનાર એવો જે હું દ્રવ્ય એટલે વસ્તુ, એનું જે વ્યાપ્ય એટલે અવસ્થા એ વ્યવહારભાવ રાગાદિ વ્યાપ્ય થવાને લાયક નથી. આહા..હા..! આ ભેદજ્ઞાન કરાવે છે. '**મારાથી અત્યંત ભિન્ન છે.**' એ રાગાદિભાવ અત્યંત ભિન્ન છે. હું એક ચેતનારો, જાણનારો ભાવ, ત્રિકાળી હું જાણનાર જ્ઞાતા-દૃષ્ટા હું આત્મા. એમ પ્રજ્ઞાની દશાએ પોતાના ચૈતન્યના લક્ષણ વડે કરીને એને આ જુદો છે એમ નક્કી કર્યું ત્યારે એને એમ થયું કે હું તો જાણનાર-દેખનાર તે હું. આ સમ્યગ્દર્શન થવામાં આ સાધન છે. અને તે હું એક જાણનાર-દેખનાર મારા એ વ્યવહારના ભાવ, વિકલ્પના ભાવ, રાગનો ભાવ એ મારી અવસ્થા થવાને લાયક નહિ હોવાથી મારાથી ભિન્ન છે. આહા..હા..! હજી તો સમ્યગ્દર્શન પામવાની કળા પહેલા આ રીત છે એની. '**મારાથી અત્યંત ભિન્ન છે.**' જે વિકલ્પ ઉઠે છે. ચાહે તો ભગવાનની ભક્તિનો હોય કે પાંચ મહાવ્રતનો હોય કે બાર વ્રતનો હોય એ બધો કે અપવાસનો હોય, એ દયાનો હોય કે આ સામાયિક કરું, પોષા કરું એવો જે વિકલ્પ.

મુમુક્ષુ :- આપનો ઉપદેશ સાંભળીએ ઈ?

ઉત્તર :- એ વિકલ્પ છે. એ વિકલ્પ મારા જ્ઞાયકની દશા થવાને એ લાયક નથી, હું એની દશા મારી થાય એવો હું લાયક નથી. આહા..હા..! ભારે ઝીણું! અરે..! આવા મનુષ્યદેહમાં આ જો કામ ન કર્યું. એવા મનુષ્યદેહ તો અનંતવાર મળ્યા. આ કાંઈ પહેલું નથી. અનંતા ભવ કર્યા છે. ભગવાન તો એમ કહે છે, મનુષ્યનો ભવ એક અનંતેકાળે થાય એવા અનંતા થઈ ગયા છે. કહો, સમજાણું કાંઈ? અને એના કરતા નરકના ભવ અસંખ્યગુણા અનંતા થયા. એક મનુષ્યનો ભવ અને અસંખ્ય નારકીના ભવ, એક મનુષ્ય અને અસંખ્ય નારકી. એ ભગવાનના જ્ઞાનમાં અનંતકાળમાં ચાર ગતિની ખોટના ધંધામાં ક્યાં રહ્યો એની વાત કરી. ચાર દુકાન ચાલતી હોયને કાપડની, કપાસિયાની, કરિયાણાની અને હીરા-માણેકની. ચાર ચાલતી હોય તો પછી ખોટ કેમાં કેટલો ગયો એમ સરવાળો કરેને વેપારી? એમ કહે છે ચાર ગતિમાં તું અત્યાર સુધી રખડ્યો પ્રભુ. તે અનંતકાળે એક મનુષ્યભવ મળે, તોપણ અનંતવાર મળી ગયો છે. એ કાંઈ વસ્તુ નથી. આહા..હા..! અને જેટલા મનુષ્યના ભવ કર્યા એથી અસંખ્ય ગુણા અનંતા, આ અનંતા એથી અસંખ્ય ગુણા અનંતા નારકીના કર્યા. આહા..હા..! અને એથી અસંખ્યગુણા અનંતા દેવના કર્યા. શું કહ્યું સમજાણું? મનુષ્યભવની સંખ્યા કરતા અનંતા તો ખરા, પણ એથી નરકના, સાત નરક છે નીચે એના ભવ અસંખ્યગુણા અનંતા. આ પણ અનંતા અને એ પણ અનંતા, પણ આ અનંતા અસંખ્યગુણા. આ તો સમજાય એવી ભાષા, સાદી ભાષા એમાં કાંઈ કોઈ એવું, ભલે છે ઉંડું પણ.

અને નારકીના અનંતભવ કરતા સ્વર્ગના અસંખ્યગુણા અનંતા કર્યા. કેમકે પુણ્યભાવ તો એણે અનંતવાર કર્યો છે. પુણ્યભાવ વિના સ્વર્ગમાં જાય? એવો તો અનંતવાર કર્યા છે. નારકી કરતા એણે અનંતવાર શુભભાવ કર્યા છે. ..દશા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા દયા, દાન, એવા પરિણામ શુભ તો અનંતવાર. નારકી કરતા અસંખ્યગુણા અનંતાભવ કર્યા. આહા..હા..! અને એના કરતા તિર્યંચ, નિગોદ એકેન્દ્રિય આદિના ભવ તો એક સ્વર્ગનો ભવ અને ઓલા અનંતાભવ. અનંતગુણા અનંતા કર્યા. આ ચાર ગતિનો આ સરવાળો અત્યાર સુધીનો. એમાં કહે છે કે મનુષ્યદેહની અંદર જ્યારે એને શ્રવણ મળ્યું અને શ્રવણ મળીને પછી એણે અંદરમાં વિચાર કર્યો કે આ તો ભગવાન આત્મા તો ચેતનારને આત્મા કહે છે. આ રાગને, પુણ્યને આત્મા કહેતા નથી. આહા..હા..! એમ જ્યારે એણે વિચાર કરીને અંદરમાં હું જાણનારો ભગવાન, એ જાણનારની દશા એ વ્યવહાર દયા, દાન, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ મારી અવસ્થા થવાને લાયક નથી. આહા..હા..!

'**વ્યાપ્ય નહિ થતા હોવાથી,...**' ઓહો..હો..! કહો, સમજાણું કાંઈ? '**મારાથી અત્યંત ભિન્ન છે.**' હું તો એક ચેતનારો, ચેતનારો, જાણનારો ભગવાન એટલે મારાથી રાગની વિકલ્પદશા શુદ્ધની એ મારાથી અત્યંતભિન્ન છે. આહા..હા..! એ શુભરાગ મારી અવસ્થા થવાને હું લાયક નથી અને એ લાયક નથી. હું તો એક ચેતનારો આત્મા છું. તો મારી દશા છે એ તો જાણવા-દેખવાની દશા એ મારી વ્યાપ્ય છે. વ્યાપ્ય એટલે અવસ્થા. જાણવું-દેખવું એવી અવસ્થા એ મારું વ્યાપ્ય અને હું એનો વ્યાપક પ્રસરનાર. તો હું પ્રસરનાર અને રાગ મારી દશા એ હું નહિ. એમ તો સમ્યગ્દર્શન થવા પહેલા પર્યાયમાં આવા વિચારમાં એનો નિર્ણય ચાલે છે. આહા..હા..! ગાથા જરી ઝીણી છેને થોડી.

'**માટે હું જ,...**' એ '**હું જ,...**' એ કર્તા આવ્યો. એ ચેતનારો આત્મા તે હું જ. એ કર્તા. બે બોલ તો પાઠમાં છે—કર્તા અને કરણ. એમાંથી છ બોલ કાઢ્યા. બેમાંથી છ. કહે છે કે માટે હું, જાણનાર-દેખનાર હું જ. '**મારા વડે જ,...**' એ કરણ થયું સાધન. મારી જ્ઞાનની દશા વડે મને હું જાણું છું. આહા..હા..! રાગને લઈને અને વ્યવહારને લઈને હું મને જાણું છું એ હું નહિ. આહા..હા..! '**હું જ,...**' કરનારો-કર્તા ચેતનારો ભગવાન એ હું જ '**મારા વડે જ,...**' એ કરણ થયું સાધન. મારા જ્ઞાનની પર્યાય દ્વારા. '**મારા માટે જ,...**' મારા માટે. એ મારા માટે જાણું છું. સમજાણું કાંઈ? એ સંપ્રદાન જરી ભાષા કર્તા-કર્મ છ બોલ આવતા નિશાળમાં. ચોથી ચોપડીથી શરૂ થતાં. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન. .. પરીક્ષા દઈ દે એટલે થઈ રહ્યું. પરીક્ષામાં પાસ થવા માટે ભણ્યો હોય. કર્તા-કર્મ. સ્વતંત્રપણે કરે તે કર્તા. નિશાળમાં આવતું અને કર્મ કર્તાનું ઈષ્ટ તે એનું કાર્ય. કર્મ એટલે કાર્ય. કરણ-કર્તા જે વડે કરે તે સાધન કરણ તે એનું સાધન સંપ્રદાન-કર્તા જે કાંઈ કરીને પોતે રાખે

એનું નામ સંપ્રદાન. આહા..હા..! અને અપાદાન-જેના આત્માથી જે થાય એ અપાદાન. આત્માને આધારે થાય એ અધિકરણ અને થયું એ એનું કાર્ય.

ફરીને હવે. એ તો ઉપરથી કીધું. ઓલા પાઠ સાથે. 'હું જ, મારા વડે જ,...' એટલે મારા જ્ઞાનસ્વભાવ વડે જ 'મારા માટે જ,...' એ મારા વડે થવાની દશા મારે માટે છે. એ લેનાર હું, કરનાર હું, લેનાર હું અને દેનાર પણ હું. આહા..હા..! આ સંપ્રદાન. પૈસાનું દાન દેવું-લેવું એ આત્મા કરી શકતો નથી. એ પૈસા તો જડ છે, એ સ્વતંત્ર પદાર્થ છે. એને ત્યાં જાવું કે આવવું કે રહેવું એ જડની ક્રિયા જડને આધીન છે. આ પૈસા ગણાઈ ગયા. એ પૈસાની ગણવાની નોટુંની ક્રિયા જડમાં જડથી થાય છે. આત્માથી નહિ.

મુમુક્ષુ :- અજ્ઞાની હોય તો..

ઉત્તર :- અજ્ઞાની હોય તોપણ એનાથી નહિ. આહા..હા..! દસ-દસની નોટું. દસ-દસની હતીને? ત્યાં કલકત્તામાં ગયા હતાને. મીશ્રીલાલજી. બીજ હતી વૈશાખ સુદ બીજ. ૮૪મું વર્ષ બેસતું હતુંને. તો સાંજે આવ્યા .. દસ-દસ રૂપિયાની નોટું દસ હજારની લઈને કાલની જયંતિના દિ'માં પહેલું .. કરવું છે દસ હજાર. આ કલકત્તા ગયા હતાને. આ ૮૪મું વર્ષ બેઠુંને વૈશાખ સુદ બીજ. એ એકલા સાંજે આવ્યા. દસ હજારની નોટું લઈને. દસ-દસ રૂપિયાની એક એવી દસ હજારની. મેં કીધું આ શું છે મોટો થોકડો? એણે જોયું મેં કાંઈ જોયું નહોતું. કે આ જયંતિનો દિવસ કાલે છે એની બોણીમાં આ દસ હજાર રૂપિયા આજે લાવ્યો છું. આહા..હા..! આપી શકે?

મુમુક્ષુ :- આપ્યા

ઉત્તર :- ઈ જ વાતના વાંધા છે. ઈ જ વાંધા છેને. ઈ રજકણોની પર્યાય ત્યાંથી ખસીને ત્યાં આવવાની જ હતી. એ પર્યાયને આત્મા આપે જડની દશાને, મૂંઢની માન્યતામાં મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- ... ન આપે તો કાંઈ નહિ માણસ તો આપે.

ઉત્તર :- માણસ ક્યાં આત્મા છે? આ તો જડ છે. આ આંગળા આમ-આમ ચાલે છે એ શું આત્માથી ચાલે છે આ? એ તો જડથી. આહા..હા..! આકરું કામ. નવ તત્ત્વ ભિન્ન-ભિન્ન છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. નવ છે કે નહિ? એ નવના એક થઈ જાય? જડની ક્રિયા આત્મા કરે તો એક થઈ જાય. જડ અને આત્મા એક થઈ જાય. આહા..હા..! માણસને પણ એવું થઈ જાય અંદરથી. આહા..હા..! આ ગજાનન ભાઈએ નહોતું કહ્યું? ત્યાં છેને જયપુર. પાંચ લાખનો હોલ કરાવ્યો છેને એક જયપુર. પુનમચંદ ગોદિકા છે ત્યાં. ઝવેરી છે. મોટો ગૃહસ્થ છે. કેટલા વર્ષ થયા? પાંચ-છ વર્ષ થયા હશે નહિ? ૨૩. છ વર્ષ થયા લ્યો. એ પાંચ લાખનો હોલ કર્યો છેને. ટોડરમલ

સ્મારક હોલ. ત્રણ હજાર માણસ બેસે. ત્યાં ગયા હતાને પોર. ઘણા પૈસા ખર્ચ્યા. આહા..હા..! કહે છે કે એ ક્રિયા કોણે કરે? એને પણ કહ્યું હતું હોં. આ પૈસા તમે ખર્ચ્યા કીધું? એય..! મનસુખભાઈ!

મુમુક્ષુ :- ઈ તો ના જ પાડેને.

ઉત્તર :- ના, ના એમ હોય? નરમ માણસ. ... જ્ઞાનાનંદ સ્વભાવી હું એમ બોલે છે. સભામાં. ગૃહસ્થ માણસ છે, મકાન છે આરસપહાણનું. હમણા તો એક લાખ રૂપિયા પેદા કર્યા છે. આખી જિંદગીમાં નહોતા કર્યા એવા. અને હજી પડ્યા છે ત્યાં અમેરિકા. આવે ત્યારે ખરા હવે.

અહીં તો કહેવું છે કે એ વસ્તુ એને આપે છે. તમે આપી આ? ... જડ આપી શકાય કોઈને? દાન મેં આપ્યું. કહે જડનું આપ્યું, જડ તમે આપી શકો? અહીં તો ભગવાન કહે છે કે પોતે આત્મા ચેતનારો જે છે એ અજ્ઞાનભાવે જો શુભભાવ કરે તો શુભભાવ આપે જીવને. અહીં તો જ્ઞાનભાવે કરે ત્યાં શુદ્ધભાવ પોતાને આપે. આહા..હા..! અશુભભાવ કરે તો અશુભભાવ આપે પોતાને, શુભ કરે તો શુભ આપે અહીં તો શુદ્ધ પર્યાયમાં હજી વિચાર ચાલે છે. મારો આત્મા, મારે માટે, મારા વડે, હું કર્તા, મારા વડે કરણ, મારા માટે આ જે નિર્મળ પર્યાય થાય છે એ મારે માટે થાય છે. કોઈ બાયડી-છોકરા માટે અને કુટુંબ માટે નથી.

'**મારા માટે જ,...**' છેને? '**મારામાંથી જ,...**' એ નિર્મળ અવસ્થા મારામાંથી થાય છે. કોઈ દયા, દાન અને વ્રતના રાગને લઈને નિર્મળ અવસ્થા થાય છે એમ નથી. એમ તો હજી નિર્ણય કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે આકરો લાગે. '**મારામાંથી જ,...**' એ અપાદાન છે. નિર્મળ ધર્મની દશા, વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ એ મારામાંથી થાય છે. પરથી થાય છે કે રાગથી થાય છે, નિમિત્તથી થાય છે, દેવ-ગુરુ અને શાસ્ત્રથી થાય છે એમ નથી. એમ કહે છે. આહા..હા..! આ મનુષ્યદેહ છે અને વાણી સાંભળી માટે એમાંથી સમ્યગ્દર્શન થયું એમ નથી. નંદલાલભાઈ! આ તો સમજાય એવું છે. ભાષા તો સાદી, બહુ સાદી. છે તો મૂળ વાત. આહા..હા..! '**મારામાંથી જ,...**' છે આ. આહા..હા..! હું તો એક ચેતનારો આત્મા છું. તો મારામાંથી, જ્ઞાનમાંથી જ્ઞાનની દશા થાય છે, મારા જ્ઞાયકભાવમાંથી મારે માટે, મારામાંથી '**મારા માટે જ, મારામાંથી જ,...**' આનંદ અને ધર્મની દશા મારામાંથી થાય છે. આહા..હા..!

'**મારામાં જ,...**' આધાર. આધાર કર્યો. એ ધર્મની દશા એ મારામાં જ, મારે આધારે થાય છે. '**મારામાં જ,...**' એટલે આધાર. પહેલો કર્તા હતો. હું એ કર્તા અને મારા વડે કરણ, મારા માટે સંપ્રદાન, મારામાંથી અપાદાન, મારામાં જ અધિકરણ-આધાર. એ ધર્મની

દશા મારે આધારે થઈ છે. આહા..હા..! મને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું એ મારે આધારે થયું છે. કોઈ ભગવાનની શ્રદ્ધા હતી અને રાગ શુભ હતો માટે થયું છે એમ છે નહિ. આહા..હા..! જૈનમાં જન્મ્યા એને સાંભળવું મળે નહિ આવું. આ ઠપકો આપે છે. જૈનના શેઠિયા કહેવાય, જૈનના મોટા કહેવાય. આ વાત વીતરાગ કહે છે એને તો સાંભળવા મળે નહિ. ત્યારે શું કર્યું એણે? આહા..હા..! ત્રણ લોકના નાથ અરિહંતદેવની વાણીમાં આમ આવ્યું. ભાઈ! તું આત્મા છોને, ભાઈ! સમજણનો પિંડ છોને, ચેતનારો છોને. આહા..હા..! એ ચેતનારો આત્મા પોતાની જ્ઞાનની પર્યાયે, લક્ષણને અવલંબનારી એણે રાગથી જુદો કર્યો તને અને તું હવે મારું હું મારા વડે, મારા માટે, મારામાંથી, મારા આધારે, મારામાં. મારામાં એ આધાર છે. એય..! ચીમનભાઈ! આ કોઈ દિ' સાંભળ્યું ન મળે ત્યાં. નવરાશ ક્યાં છે? ભાઈ એમ કહે છે. વાંચવાની નવરાશ પણ નથી. આહા..હા..! પાપ કરવામાં આખો દિ' મથે. જે સાથે આવશે પાપ. બાયડી, છોકરા કાંઈ સાથે નહિ આવે. એ ઉં..ઉં.. કરતા જરી રોશે થોડીવાર. એ રોશે તમારા માટે નહિ. કે મરીને ક્યાં ગયો એ માટે રોતા નથી. અમને અનુકૂળ સાધન એને રોવે છે. મનસુખભાઈ! એ મરીને ક્યાં ગયો? કે અમારે સનાન છે? ભલે નરકે જાય. એમ રોવે છે કોઈ? નાનાલાલભાઈ! અરેરે..! બાપુજી ક્યાં ગયા હશે મરીને? કોઈ રોવે છે એનાથી? ફક્ત અમારે માથે છત્ર હતું. એનો અમને વિયોગ થયો. તું ભલેને નરકે ગયો અમારે શું છે અહીં? ભલે તું ઢોર મરીને થયો હોય. આહા..હા..!

આવે છેને દાખલો આવે છેને શાસ્ત્રમાં? શાસ્ત્રમાં દાખલો આવે છે. એ બાપ મરી ગયો. એનું હતું શ્રાદ્ધ. બાપનું શ્રાદ્ધ થાય છે. એમાં એના ઘરની આસપાસ એક કૂતરીનું બચ્ચું થયેલું. એનો બાપ. અને દૂધપાક કરેલો અહીં શ્રાદ્ધમાં અને એ કૂતરીનું બચ્ચું ગલુડિયું ખાવા આવે. આવે અને ઓલો મારે. ત્યારે વારંવાર આવે. ત્યારે કોઈ મુનિ નીકળ્યા એણે પૂછયું કે આ છે શું આ? કહે ઈ તારો બાપ જેનું શ્રાદ્ધ તે કર્યું ઈ છે. આહા..હા..! એને .. થઈ ગઈ ... આહા..હા..! એય..! ભગવાનજીભાઈ! દુનિયા ગાંડી છે, પાગલ છે દુનિયા ભાન ક્યાં છે? કહે છે કે આવું જેને માટે શ્રાદ્ધ એનો દૂધપાક ખાવા ઓલો બિચારો આવ્યો હતો એને ન દીધું. દુનિયા તો એવી છે. અહીં તો કહે છે કે જે કાંઈ પરિણામ કરે પાપના એ પોતે કર્તા થઈને પોતા માટે કરે છે. ઈ અહીં વાત નથી. અહીં તો ધર્મની વાત છે. આહા..!

**'મારામાં જ, મને જ ગ્રહણ કરું છું.' 'મને જ ગ્રહણ કરું છું.'** એ કર્મ. કર્મ એટલે કાર્ય. હું તો મારી દશાપણે જ પરિણમું છું. આહા..હા..! કર્તા એટલે સ્વતંત્રપણે કરે ચેતનારો હું અને કર્મ એટલે કાર્ય. જે જ્ઞાન, દર્શન અને આનંદની દશાનું જે કાર્ય. આહા..હા..! એને હું ગ્રહણ કરું, એ અનુભવું છું હું. એમ હજી પર્યાયમાં, અવસ્થામાં આ ષટ્ પ્રકારના

વિચારોનું ઘોલન ચાલે છે. છતાં એ હજી વસ્તુ નહિ દૃષ્ટિમાં. છે? **'મારામાં જ, મને જ ગ્રહણ કરું છું.'** હું એક આનંદસ્વરૂપ ચેતનારો આત્મા એને હું ગ્રહણ કરું છું એટલે? મારી ચેતનાની પર્યાય જ્ઞાન અને આનંદની છે. એ મારું કર્મ છે અને એને હું અનુભવું છું. એ મારું કાર્ય છે અને એને હું અનુભવું છું. આહા..હા..!

કેમકે **'આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી,...'** આહા..હા..! છે? એ આત્માની જાણવા-દેખવાની ક્રિયા એક જ એની ક્રિયા છે. શરીરાદિ, વાણી આદિની, મનની ક્રિયા, પૈસા દેવાની, મકાન કરવાની આત્માની ક્રિયા છે જ નહિ. એ તો પરની છે. અને દયા, દાન અને વ્રતના પરિણામ આદિ પાપ-પુણ્યના પરિણામ એ મારી ક્રિયા નહિ, એ તો વિકારની છે. એનાથી તો હું ભિન્ન છું. આહા..હા..! સમજાણું કાંઈ? **'આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી,...'** આહા..હા..! લ્યો, સ્પષ્ટ વાત તો ઘણી છે. આ પૈસા-બૈસા રળવાની ક્રિયા એ આત્માની નહિ?

મુમુક્ષુ :- છોકરાઓ કરેને..

ઉત્તર :- ઈ તો બધું ધ્યાન તો રાખે. પડાય ઉડે પણ દોરો હાથમાં હોયને. મનસુખભાઈ! ધંધા-બંધા છોકરા કરતા હોય તોપણ કાગળ મંગાવે પુરા. શું છે? શું નહિ? એ બધું હાથમાં રાખે. નહિતર પાછા ખોટ થઈ જાય.

મુમુક્ષુ :- ભૂલચુક કરે નહિને.

ઉત્તર :- ભૂલચુક નહિ એની મમતા માટે કરે છે. આહા..હા..! અહીં તો કહે છે કે હું તો મારા માટે મારી દશા કરું છું. આહા..હા..! હું તો રાગ પણ કરતો નથી. પૈસાની ક્રિયા લેવડદેવડની મારી નહિ, ધંધાની ક્રિયા એ મારી નહિ. થડે બેસીને ધંધો આ થયો. પાંચ હજાર આવ્યા, દસ હજાર આવ્યા. એ ક્રિયા મારી નહિ. આહા..હા..! દોઢ લાખ રૂપિયાનું તો ભાડું આવતું ભાઈને. ભગવાનજીભાઈને. .. એટલા મકાન હતા ત્યાં આફ્રિકામાં. દોઢ લાખનું ભાડું. એક જ હશે? એકનું હશે કહો. આપણને કોક કહે એ સાંભળીએ. આપણે ક્યાં પૂછવા ગયા? કોક વાત કરતું હોય તો. આહા..હા..! .. ત્યાં દુકાન છે એવી ત્યાં છે? આ મશીનના પાંચ-પાંચ હજાર રૂપિયા આવે દસ મહિને. પાલેજ. કારણ કે .. ન આવ્યું? સાત-આઠ લાખની ઉઘરાણી તો કાયમી. એમાં .. નાખ્યું. ઉઘરાણી બધી પતે આ માગશર, પોષ, મહા થાય છેને. પાંચ-પાંચ હજાર આવે દરરોજ. સરખો બેઠો હોય તો .. બસ્સો-પાંચસો. તો પાંચ હજારમાં ક્યાં ગણતરી છે?

મુમુક્ષુ :- ઘરના છોકરાઓ

ઉત્તર :- એ વળી લઈ જાય એ જુદી વાત છે. આહા..હા..! નોટુ પાંચ-પાંચ હજારની પડી હોય મોટા .. હોય મોટા. વેપાર મોટો. આહા..હા..! જાણે અમે આ કરીએ છીએ.

ધૂળેય નથી કરતો સાંભળને હવે. એમાં રાગ તે કર્યો એ રાગનો કર્તા મિથ્યાદષ્ટિ છે. અહીં તો ધર્મી તો કહે છે કે રાગનું કરવું કે રાગનું વ્યાપવું મારામાં છે જ નહિ. આહા..હા..! જેમ જડ શરીર, વાણી, મન ભિન્ન છે એને રાગના પરિણામ પણ જ્ઞાનસ્વભાવથી તદ્દન ભિન્ન છે. આહા..હા..! આનું નામ ભેદજ્ઞાન. એટલે પોતે જેવો છે એવા પરથી જુદાનું જ્ઞાન.

'**આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી,...**' બીજી ક્રિયા છે તો ખરી. શરીર, વાણી, મન આ હાલે-ચાલે, આ બોલાય એ આત્માની ક્રિયા નથી આ ભાષા એ. એ તો જડની છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેમ આ દયા, દાનના, વ્રતના પરિણામની ક્રિયા એ આત્માની નહિ. એ તો વિભાવિક ક્રિયા, અધર્મની ક્રિયા એ. આહા..હા..! રાડ નાખે. મારી ક્રિયા તો એક ચેતનાની છે. '**ચેતના જ એક ક્રિયા હોવાથી,...**' હું તો ચેતનારો, જાણનારો છું. મારામાં રહી, મને અને પરને મારામાં રહીને જાણનારો છું. એ મારી ચેતના ક્રિયા એ છે. એ ધર્મની આ એ ક્રિયા છે. આહા..હા..! ઝીણું પણ આવ્યું થોડું. .. પહેલા આવ્યા. એમાં આ ઝીણું આવ્યું.

મુમુક્ષુ :- આજ તો સવારે પણ ઝીણું હતું.

ઉત્તર :- પણ આ વળી પર્યાયમાં આવા ભેદ પાડીને સમજવું. વળી કાઢી નાખશે હમણા. એ ભેદ છે એ મારામાં નથી. રાગ તો નથી, શરીર, વાણી, મન તો મારામાં નથી. તે ક્રિયા મારી નથી, પણ આ છ પ્રકારની જે પર્યાયો અવસ્થામાં આ પ્રકાર જે છ પડે છે ઈ મારા દ્રવ્યમાં જ્યાં દષ્ટિ મારી પડી છે દ્રવ્ય. એમાં આ નથી. આહા..હા..! ૭૩માં આવ્યું ભાઈ લ્યો. અનુભૂતિ. ષટ્કારકની અનુભૂતિથી પાર થયેલો અનુભૂતિમાં. એ અહીં કહે છે. આહા..હા..!

માટે કહે છે '**ચેતના જ એક ક્રિયા હોવાથી,...**' મારી એ તો ક્રિયા ચેતવું, જાણવું... જાણવું... જાણવું.... જાણવું... એ પલટતી ક્રિયા જાણવાની એ ક્રિયા મારી છે. જુઓ આ સમ્યગ્દ્ષ્ટિના વિચાર. આહા..હા..! આ તો મોટા મકાન મોટા-મોટા બનાવે, મોટી રેલું બનાવે, નીચેથી રેલું કાઢે ડુંગરા તોડીને. જોયા હતાને. બધું જોયું છેને. અંદરથી રેલું ચાલે. ધૂળેય કરતો નથી સાંભળને. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડાનો ભાર જેમ કુતરો નીચે, સાઠ મણ ગાડું હોય અને કુતરો નીચે બેઠો હોય ઉંચું માથું કરીને. મારાથી ચાલે. મરી જઈશ. તારાથી શું? એમ થડે બેઠો હોય.

મુમુક્ષુ :- મરી જાય તો ભવિષ્યમાં અત્યારે તો કરી લઈએને.

ઉત્તર :- શું કરે? ધૂળ કરે? મેં કર્યું... મેં કર્યું... જ્યાં હોય ત્યાં (અભિમાન) અમે આમ કર્યું, અમે બાવડે બળથી બધું ભેગું કર્યું. મા-બાપ કાંઈ નહોતા મૂકી ગયા. એય..! ત્યાં હિંમતભાઈ કાંઈ મૂકીને નહોતા ગયા. એટલા પૈસા ભેગા કર્યા તમારે ચીમનભાઈએ. ચીમનલાલ હિંમતલાલ.

કહો, એય..! ચીમનભાઈ! ... કોણ મૂકે? મારે ભારે વાતું આવી! આહા..હા..!

કહે છે કે મારી તો **'ચેતના જ એક ક્રિયા હોવાથી,...'** સમ્યગ્દષ્ટિ અથવા સમ્યગ્દર્શનને પામવાની વિચારધારામાં વર્તતો. આહા..હા..! મારી તો જાણવું-દેખવું એ જ્ઞાનની દશા એ મારી ક્રિયા. એ વ્યવહારનો, દયા, દાનનો વિકલ્પ એ ક્રિયા નહિ, શરીર, વાણી, મનની ક્રિયા નહિ, આ મકાન, બકાન બન્યા એ મારી ક્રિયા નહિ. આ કાલે પ્રશ્ન હતો ... કોણ બનાવે? એ તો પરમાણુ બનાવે. પુદ્‌ગલ દ્રવ્ય જગતના પદાર્થ છે. એ પરિણમતા-પરિણમતા ઢગલો ત્યાં થાય છે. આ વીતરાગનો માર્ગ જગતથી જુદો છે. આહા..હા..! અરિહંત તીર્થંકરદેવ એક સમયમાં જેને ત્રણ કાળ, ત્રણ લોક જોયા. આહા..હા..! અને ધર્મના નેતા અને ધર્મના નાયક તો સદાય ભગવાન છે. ધર્મનું મૂળ તો સર્વજ્ઞ છે. એણે જે અંદર વાણીમાં આવ્યું, ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યું, ભાઈ! તને જ્યારે આત્મા પ્રાપ્ત થાય, સમ્યગ્દર્શન થાય ત્યારે તને પહેલું આવું થાય કે હું તો એક રાગથી, પુણ્યથી ભિન્ન છું અને એ મારી ક્રિયાનો કરનાર, જ્ઞાનની ક્રિયાનો તે હું કર્તા. એ જ્ઞાનની ક્રિયા એ મારું કર્મ. જ્ઞાનની ક્રિયા એ મને કરણ વડે મેં કર્યું છે. જ્ઞાનની ક્રિયા કરણ-સાધન એના વડે ક્રિયા કરું છું. મારા માટે જ્ઞાનની ક્રિયા મેં મારા માટે કરી છે. અને મારામાંથી જ્ઞાનની ક્રિયા, ધર્મની ક્રિયા થઈ છે. અને મારે આધારે ધર્મની ક્રિયા થઈ છે અને ધર્મની ક્રિયાનું કાર્ય એ મારું છે. એ ... મારે આવું બધું! ક્લિષ્ટ જેવું લાગે માણસને. મૂળ તત્ત્વની વિચારધારા આવી થતી જાય છે. જે માર્ગ વીતરાગનો હતો એકકોર પડ્યો રહ્યો અને ચાલ્યા ગયા બીજે. જાવું હતું ઉગમણું અને માંડ્યા મુઠીયું વાળીને આથમણે. જયંતિભાઈ!

એક ક્રિયા મારી ચેતના જ છે કહે છે. **''હું ગ્રહણ કરું છું' એટલે 'હું ચેતું જ છું;'...'** એ સામાન્ય વાત થઈ. હું આત્માને અનુભવું છું એમ. **''હું ગ્રહણ કરું છું' એટલે 'હું ચેતું જ છું;'...'** હું જ અનુભવું છું એ સામાન્ય વાત થઈ. **'ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું,...'** એ કર્તા થયો. કર્તા. હું **'ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું,...'** સ્વતંત્રપણે જાણતો જ જાણું છું. સ્વતંત્રપણે જાણતો જ જાણું છું. આહા..હા..! કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- .. કઠણ પડે આવું.

ઉત્તર :- કઠણ પણ માર્ગ તો આ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ લોટ બાંધે છેને બાયું. ઈ બાંધીને એમ ને એમ રાખતા હશે તો રોટલી થાતી હશે? કેળવવો પડે એને-લોટને. મનસુખભાઈ! આ રોટલી કરે છે કે નહિ? બે શેર, ત્રણ શેર લોટ બાંધે પાણી નાખીને. એમ ને એમ ન રાખે, રોટલી એમ ન થાય. તેલ

નાખીને પછી જરી કેળવે એને. તો રોટલી સરખી થાય. નહિતર થાય થોથાપાણી જેવી થાય. સમજાણું? એમ આત્માને જ્ઞાનથી કેળવવો જોઈએ. હા, આવી વાત છે, ભાઈ! એને ભાવનું ભાસન થવું જોઈએ. ભગવાન કહે છે માટે નહિ. એનો સ્વભાવ મારો આવો જ છે ઈ ભગવાન કહે છે. એવું એને જ્ઞાનમાં ભાસ થવો જોઈએ. આવું જ ચૈતન્ય છે એવું એને ખ્યાલમાં આવવું જોઈએ.

''હું ગ્રહણ કરું છું' એટલે **'હું ચેતું જ છું;'...'** એ સામાન્ય વાત થઈ. **'ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું,...'** એ કર્તા થયો. જાણતો જ જાણું છું. એ ચેતતો એટલે જાણતો. એ કર્તા. સ્વતંત્રપણે જાણતો જાણું છું. મારા જાણવાને જાણતો જ, જાણુંમાં પરની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? રાગાદિનો ભાવ ત્યાં છે. એ સંબંધીનું જ્ઞાન પોતામાં પોતાથી થયું છે. એ રાગાદિ છે માટે એનું જ્ઞાન થયું. એનું જ્ઞાન જ ક્યાં છે? જ્ઞાન તો આત્માનું છે. આહા..હા..! કહે છે હું **'ચેતતો જ ચેતું છું,...'** હું જાણતો જ જાણું છું. જાણતો જ જાણું છું. રાગના સહાયથી કર્તા છું એમ નહિ. સ્વતંત્રપણે જાણતો જાણું છું.

**'ચેતતા વડે જ ચેતું છું,...'** એ કરણ છે સાધન. આ સાધન. આહા..હા..! **'ચેતતા વડે જ ચેતું છું,...'** હું તો જાણવાની પર્યાય દ્વારા જ જાણું છું. એ કરણ થયું કરણ. સાધન. આ સાધન. ઓલા કહે છે બાહ્યસાધન, ધૂળેય નથી સાંભળને હવે. થોથા બધા પડ્યા છે. એ જડ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ઈન્દ્રિય વડે જાણે છેને.

ઉત્તર :- ઈન્દ્રિય વડે જાણવાનું નહિ, રાગ છે માટે જાણું છું એમ પણ નહિ.

મુમુક્ષુ :- શાસ્ત્ર વડે જાણું છું.

ઉત્તર :- શાસ્ત્ર વડે તો ક્યાંય રહી ગયું. શાસ્ત્ર વડે શું જાણે? એવી વાતું છે. શાસ્ત્ર કાંઈ જાણતો નથી. જાણનારો ભગવાન જાણે છે. આ તો જડ છે. આહા..હા..!

મુમુક્ષુ :- આપની વાણીથી જાણ્યું.

ઉત્તર :- વાણી જડ. વાણીથી જણાતું નથી એમ કહે છે.

મુમુક્ષુ :- આપની વાણી તો ખરીને.

ઉત્તર :- વાણી આત્માની નથી, વાણી તો જડની છે. અવાજ આત્મામાં કેવો? આત્મા તો અરૂપી છે. અવાજ ઉઠે છે આ રજકણનો ઉઠે છે. અંદર ભાષાવર્ગણામાંથી આ અવાજ ઉઠે છે. આત્મામાંથી ઉઠે? આત્મામાં ક્યાં છે? આત્મા તો અરૂપી છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભગવાન પણ બોલે છે. આપણે એકલા નથી બોલતા.

ઉત્તર :- કોઈ બોલતું નથી. ભગવાન કોણ બોલે?

મુમુક્ષુ :- સવારે કહેતા હતા.

ઉત્તર :- ઈ બોલવાની, નિમિત્તથી કથન છે. વાણી વાણીને કારણે નીકળે. ભગવાન પણ વાણીના કર્તા નથી. વાણી જડ છે, આ અજીવ છે. ઉતરે છે .. જીવ ઉતરે? જડ છે. આ રેકોર્ડિંગ ઉતરે છેને. એ જડ છે. આ રજકણોનો અવાજ જડ છે, માટી છે. જ્ઞાન તો ભગવાન જડથી ભિન્ન અંદર પડ્યું છે. આહા..હા..! આ તો મારાને અભિમાનનો પાર ન પડે. જો સરખું થયું તો મને આવડ્યું. બગડે છે તો મારી કાંઈક ભૂલ થઈ ગઈ.

મુમુક્ષુ :- .. નોકરને કહે.

ઉત્તર :- કાંઈક નોકર-બોકર ભૂલ્યા હશે. આહા..હા..! શાંતિભાઈની ભેગા હતા કે નહિ પહેલા? અમદાવાદ. ... ગુજરી ગયાને? આવ્યા હતા. આવ્યા હતા. ત્યાં રાજકોટ આવ્યા હતા. બધા અહીં તો ઘણા વર્ષ થઈ ગયાને. ઘણા આવે. આહા..હા..! કોની સાથે ધંધો કર્યો છે? નાનાલાલભાઈ! અહીં કહે છે, બાપા! કોની .. આ તો તારી આ છ પ્રકારના ભાગ પડ્યા એ તારા પર્યાયમાં પાડ્યા તે. ઈ પર્યાયની વાત ચાલે છે.

**'ચેતતા વડે જ ચેતું છું,...'** આહા..હા..! મારા જ્ઞાનની દશા વડે હું જાણું છું. શાસ્ત્ર વડે નહિ, ગુરુ વડે નહિ, દેવ વડે નહિ, એ મૂર્તિ વડે નહિ અને એ શેત્રુંજય અને સમ્મેદશિખર વડે નહિ. એ તો પરવસ્તુ છે. **'ચેતતા માટે જ ચેતું છું,...'** સંપ્રદાન. ચેતતા માટે. મારા માટે આ હું જાણું છું. એ કાંઈ કોકને માટે નથી જાણતો હું. એમ કહે છે. આહા..હા..! અધિકાર તો બહુ સરસ છે. મીઠો-મીઠો અમૃતનો સાગર ઉછળ્યો છે. આ સહેજે.. આવે છેને 'સમુદ્ર ઉલસિયો જેમાં રતન તણાણા જાય, ભાગ્યવાન કર વાવરે, એને મોતીયે મુઠીયું ભરાય.' ભાગ્ય ન હોય તો હાથમાં શંખલા આવે. આહા..હા..! વીતરાગની વાણીમાં આ ભગવાન આત્માનું તત્ત્વ આહા..હા..!

કહે છે **'ચેતતા માટે જ ચેતું છું,...'** હું તો મારા જાણનાર માટે આત્મા માટે જાણું છું. કાંઈ બીજા માટે જાણું છું એમ છે નહિ. **'ચેતતામાંથી જ ચેતું છું,...'** એ અપાદાન. ઈ જાણનારમાંથી જાણું છું, જાણનારમાંથી જાણું છું. આહા..હા..! નિમિત્તમાંથી જાણું છું અને રાગમાંથી જાણું છું એમ મારામાં છે જ નહિ. ઘણું-ઘણું કર્યું છે હોં. ઓહો..હો..! **'ચેતતામાં જ ચેતું છું,...'** ચેતતામાંથી એ અપાદાન થયું. મારામાંથી હું જાણું છું, મારામાંથી હું જાણું છું. આહા..હા..! અને **'ચેતતામાં જ ચેતું છું,...'** આધાર થયો. એ મારા જાણનારમાં જ હું જાણું છું, જાણનારમાં જ જાણું છું. આહા..હા..! **'ચેતતાને જ ચેતું છું.'** એ કર્મ થયું. મારી જ્ઞાનની પર્યાયને જ હું જાણું છું. આહા..હા..! એ રાગને જાણું છું અને નિમિત્તને જાણું છું એમ નહિ કહે છે. આહા..હા..! આવું વીતરાગનું સ્વરૂપ છે. એવું સ્વરૂપ ક્યાંય જિનેન્દ્ર વીતરાગ સિવાય ક્યાંય નથી. બધાય મારે ગપ્પ માર્યા છે. અત્યારે તો વાડામાં

પણ ગપ્પ માર્યા છે. જેના જન્મ વાડામાં જન્મ્યા. ઈ ભગવાન શું કહે છે એની એને ખબર નથી. આહા..હા..! **'ચેતતાને જ ચેતું છું.'** એ છ બોલ થયા.

**'અથવા–નથી ચેતતો;...'** હવે કાઢી નાખે છે. એ છ ભંગ હું નહિ. ભેદ પડ્યા એ હું નહિ. હું તો અભેદ ત્રિકાળ છું. એ છ પ્રકારની પર્યાયમાં ક્રિયા થઈ એનાથી પાર અંદર દ્રવ્ય સ્વભાવ ચૈતન્યમૂર્તિ છે. એ હું છું. રાગ હું નહિ, નિમિત્ત હું નહિ, રાગ હું નહિ, પણ પર્યાયના છ પ્રકાર પડ્યા એ હું નહિ. જયંતિભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ખજાના ખોલી મૂક્યા આપે ખજાના મૂળ રકમના.

ઉત્તર :- મૂળ રકમ આ છે. ઓલા કહે ભાઈ! મૂળ રકમ તો લાવ. વ્યાજ તો ઘણા વર્ષથી ખાધું. છ આના અને આઠ આના. વીસ વર્ષથી. મૂળ રકમ. મૂળ રકમ... આ .. કર્યું હતુંને સરકારે. વીસ વર્ષથી ખાધું હોય જેણે ગરાસિયા પાસે એ વાણિયા મૂકી દ્યો ખેતર. ઘણા વર્ષની વાત છે, ભાઈ! ૪૦ વર્ષ પહેલા. ગાયકવાડ સરકાર હતાને. સયાજીરાવ હતા. એ વખતે એણે હુકમ કાઢ્યો કે ગરાસિયા પાસેથી વાણિયાઓએ જે વીસ વર્ષ સુધી ખાધું હોય એ છોડી દ્યો જાવ. તમારો હક નથી હવે. એય..! એ અમારે દામોદર શેઠ અહીં. આપણે હતાને દામોદર શેઠ. દામનગરના ગૃહસ્થ માણસ. તે દિ' ૬૦ વર્ષ પહેલા દસ લાખ. ૪૦ હજારની ઉપજને. ... હાય.. હાય.. ગયા સયાજીરાવ પાસે. સાહેબ! આપે આવું કર્યું? તમારા એકલા માટે કર્યું છે? આખા ગાયકવાડ સરકારનો જે વાણિયાઓએ, કણબીઓએ કે બીજાએ કોકના ખેતર રાખીને પૈસા આપ્યા હોય અને એ ૨૦ વર્ષ ખાધું હોય છોડી દ્યો. દામોદર શેઠ હતા. દામોદર જગજીવન ગૃહસ્થ દશાશ્રીમાળી અહીં દામનગર. તો તૈયાર થઈ ગયા તરત. હાય... હાય... આ તો બધું. શેઠ! તમારા માટે કાંઈ કાયદો નથી કર્યો. કાયદો તો આખા સરકાર માટે કર્યો છે, આખા રાજ માટે. ... ઈન્દીરા આમ કરે છેને અને ફલાણું કરે, સામાજિક સરખું કરવા માટે સરકાર.. આહા..હા..!

અહીં તો કહે છે કે મેં તો કાંઈ પરનું કર્યું નથી, મેં તો રાગનો વિકલ્પ એનું કર્યું નથી. પણ મેં મારા જાણવાની ક્રિયાનો કર્તા, કરણ, સંપ્રદાન એવા છ ભંગ પડ્યા એ તો વ્યવહારનયનો વિષય છે. એ હું નહિ. ઓલા છ ભંગ પડ્યા એ હું નહિ. છે? **'અથવા–નથી ચેતતો; નથી ચેતતો થકો ચેતતો,...'** **'નથી ચેતતો;...'** એ સાધારણ. **'નથી ચેતતો થકો ચેતતો,...'** એ કર્તા. **'નથી ચેતતા વડે ચેતતો,...'** એ કરણ. અને ચેતતા વડે ચેતતો તે હું નહિ. આહા..હા..! ગજબ વાતું છે. **'નથી ચેતતા માટે ચેતતો,...'** મારા માટે પણ હું ચેતતો નથી, એવો ભંગ-ભેદ જ નથી. આહા..હા..! **'નથી ચેતતામાંથી ચેતતો,...'** નિમિત્તમાંથી નહિ, રાગમાંથી નહિ, પણ ચેતનામાંથી ચેતતો હું નહિ. ભેદ મારામાં નથી. આહા..હા..! **'નથી ચેતતામાં ચેતતો,...'** આધાર. મારામાં ચેતું છું એવો ભેદ નહિ. **'નથી**

**ચેતતાને ચેતતો;...’** એ કર્મ-કાર્ય. છો કેવો હું? આહા..હા..!

‘**પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર (-ચૈતન્યમાત્ર) ભાવ છું.**’ આહા..હા..! હું તો એક જ્ઞાનમાત્ર, જ્ઞાયકમાત્ર ભાવસ્વરૂપ તે હું છું. આહા..હા..! એ અવસ્થામાં આવા છ ભંગ પડ્યા પોતાના એ હું નહિ. આહા..હા..! ભાઈ! તું તો બાદશાહ અંદર ચૈતન્ય શુદ્ધ છો. એમાં આ પર્યાયના છ પ્રકારની ક્રિયા એમાં ક્યાં હતી? આહા..હા..! કેટલી ધીરજથી આ કામ થાય! ખાવું નથી કે ખાઈ લેવું. આહા..હા..! એને દુનિયાની સાથે શું સંબંધ છે? દુનિયા એને ઘરે... તારે માટે તો આ છે. આહા..હા..! કહે છે હું આ છ પ્રકાર જે હતો. હું જાણું છું, જાણનાર કર્તા છે, જાણનાર કર્મ છે, જાણનાર વડે જાણું છું, જાણનાર માટે હું, જાણનારમાંથી જાણું છું, જાણનારને આધારે જાણું છું. એ બધા છ ભેદો એની દશામાં પડે, વસ્તુમાં એ નથી. આહા..હા..!

સમ્યગ્દર્શનનો જે વિષય વસ્તુ એ તો સર્વવિશુદ્ધ ચિન્માત્ર. ઓલો પણ જરી ભેદ પડ્યો એ અશુદ્ધતા હતી કહે છે. આહા..હા..! ઓહો..હો..! કહો, ભોગીભાઈ! આવી વાતું છે. હું તો સર્વવિશુદ્ધ ચિન્માત્ર, નિર્મળાનંદ ચૈતન્યમાત્ર અભેદ ચીજ તે હું ભાવ છું. આહા..હા..! ઓલો જ્ઞાયકભાવ જે .. કીધો. આ સમ્યગ્દર્શનનો વિષય. સર્વવિશુદ્ધમાત્રની દૃષ્ટિ થવી, ભેદદૃષ્ટિ નીકળી જવી ત્યારે એને સમ્યગ્દર્શન થાય. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ વદ-૧૨, બુધવાર, તા. ૨૭-૦૬-૧૯૭૩
## ગાથા - ૨૯૭, કળશ-૧૮૨, પ્રવચન-૪૨૧

૨૯૭ ગાથાનો ભાવાર્થ ચાલે છે. ટીકા પૂર્ણ થઈ. શું ચાલે છે? કે ‘**પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો જે ચેતક...**’ પ્રજ્ઞાને ભગવતી કીધી છે અંદર. ભગવતી પ્રજ્ઞા. જે જ્ઞાનની વર્તમાનદશા એ આ શુભ-અશુભ રાગ એ બંધના સ્વભાવવાળું તત્ત્વ એનાથી જે જ્ઞાનની દશા ભિન્ન પાડે આત્માને અને રાગને-એ જ્ઞાનદશાને ભગવતી પ્રજ્ઞા કીધી છે.

મુમુક્ષુ :- ભગવતી એટલે?

ઉત્તર :- મહિમાવંત. આહા..હા..! છે. ૯૪માં છે. ૯૩-૯૪માં.

મુમુક્ષુ :- મહિમાવંત તો ધ્રુવ પણ કહેવાય.

ઉત્તર :- લ્યો એ ચેતનજી! આ તો આવે ત્યારે તો કહેને. ભગવતી પ્રજ્ઞા ૨૯૪માં. ૨૯૪માં આવી ત્રીજી લીટી. '**ભગવતી પ્રજ્ઞા જ (-જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ જ) છેદનાત્મક (-છેદનના સ્વભાવવાળું)** કરણ છે.' ૯૪માં છે. આવી ગયું છે બધું આપણે. અહીં તો આ શબ્દ આવ્યોને પહેલો પ્રજ્ઞા? એટલે પ્રજ્ઞા ભાઈએ પૂછયું હતુંને કે કોને કહેવી? મનસુખભાઈએ. અભ્યાસ ન મળે. આ બહારની પ્રવૃત્તિ આડે તત્ત્વ શું છે એનું જ્ઞાન નહિ, શ્રદ્ધા નહિ અને આ વ્રત કરો ને તપ કરો ને સંયમ કરો અજ્ઞાનમાં. જિંદગી ચાલી જાય છે.

મુમુક્ષુ :- આપ ક્યાંય કોઈ વસ્તુ ગમે ત્યાંથી ગોતી કાઢો.

ઉત્તર :- ક્યાં ગમે ત્યાંથી? હોય એને આપેને. આહા..હા..! શ્રાવકરત્નકરંડાચારમાં તો સમ્યગ્દર્શનનું કેટલું વર્ણન કર્યું છે! બહુ મહિમાવંત. સમ્યગ્દર્શન વિના...

મુમુક્ષુ :- ઈ ખેવટીયો છે એ

ઉત્તર :- ખેવટીયો એ શ્રેયસકર એ મોઢા આગળ જે ચીજ છે ઈ જ છે. પાષાણ અને મણિમાં જેમ ફેર. પથરો સાધારણ હોય આ ભુખરા અને મણિરત્ન હોય. એમ સમકિતસહિત જેણે ચારિત્ર છે એ તો મણિ જેવું છે. સ્વરૂપની રમણતા ચારિત્ર હોં ઈ. આ વ્રત-તપની ક્રિયા એ ચારિત્ર નથી એ તો શુભરાગ છે. આત્માના ભાન વિના જે આ વ્રત ને તપને બધા કરે છે એ તો ભુખરા પથરા જેવા છે. ભુખરા પથરા સમજ્યા?

મુમુક્ષુ :- ..માં કામ કરે.

ઉત્તર :- ..કામ ઉતરી જ્યાં હળવે-હળવે. વીંછીયામાં જોયા છે ભુખરા પથરા. પ્રાણભાઈ હતા ત્યાં પાછળ. ખસાઈ ગયા છે. કાંકરી ખરતી જાય. ઈ દાખલો આપ્યો છે ત્યાં શ્રાવકરત્નકરંડાચારમાં. કાંઈક જાંજવો એવું નામ આપ્યું છે પત્થરનો. એની ભાષા બીજી હશે. જાંજરો (જરી) પથરિયો એવું કાંઈક નામ આપ્યું. આપણે આ ભુખરો પત્થર.

આત્મવસ્તુ શું છે એનો સમ્યગ્દર્શનનો અનુભવ નથી. એ તો બધું થોથેથોથા છે. એ બ્રહ્મચર્ય પાળે અને વ્રત પાળે અને સંયમ કહેવાય. એ કહેવાય, છે નહિ કાંઈ. આહા..હા..! એથી કહે છે પ્રથમમાં '**પ્રજ્ઞા વડે...**' આ શબ્દ છે. શુભરાગ વડે એમ નથી. આહા..હા..! '**પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો...**' જ્ઞાનની દશા વડે એ દયા, દાન, વ્રત, ભક્તિના જે પરિણામ છે એ તો રાગ છે. એનાથી '**પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો...**' આહા..હા..! '**જે ચેતક...**' ચેતનારો. '**તે આ હું છું...**' આહા..હા..! સમજાવામાં તો શું સમજાવે? જ્ઞાનમાં એ પ્રત્યક્ષ થાય છે કે આ ચેતનારો તે હું છું. એમ આ કીધો છેને? આહા..હા..! જાણનાર... જાણનાર... જાણનાર... એવો જે આત્મસ્વભાવ એની જે વર્તમાન જ્ઞાનની દશા એ દશા અનાદિથી પુણ્ય અને પાપના રાગ તરફ વળેલી છે. જેનો એ પર્યાય છે એને એણે

જાણ્યો જ નથી. અને પ્રથમ જો કરવાનું હોય તો આ છે. પછી જ્ઞાન અને પછી ચારિત્ર ને. એ ત્યાં તો કહ્યું હતુંને એને? દર્શન થયા પછી જ્ઞાન. પછી કહ્યું હતું જ્ઞાન પ્રથમાનુયોગમાં એનું જ્ઞાન કરે એ જ્ઞાન. એમાં શું છે? બોધિ નિધાન છે એવું આવે છે. પણ એ તો દર્શન થયા પછીનું જ્ઞાન કરતા કરે એની વાત છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો '**પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો...**' અંતરમાં જ્ઞાનની દશાને અંતરમાં વાળતા એ રાગાદિ વિકલ્પની જાત જે બધી એનાથી ભગવાનને ભિન્ન કર્યો પ્રજ્ઞાએ. '**ચેતક તે આ હું છું...**' એમ સમ્યગ્દર્શન પામવા પહેલા આ એની વિચારધારા હોય છે. આહા..હા..! હજી તો સમ્યગ્દર્શન થવા પહેલા. કહો, સમજાણું કાંઈ? કે '**તે આ હું છું અને બાકીના ભાવો મારાથી પર છે;...**' અંદરમાં તો એમ આવ્યું હતું ટીકામાં તો. કે જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને ભગવાનનું નામ સ્મરણ એ બધો રાગ એ બધા વિભાવો મારી પર્યાય થવાને લાયક નથી. મારા વ્યાપકનું એ વ્યાપ્ય નથી. આહા..હા..! હું એક ચેતનાર છું. એ ચેતનારની રાગાદિ પર્યાય મારી થઈ શકે નહિ. એમ કહ્યું છે તત્ત્વમાં. આહા..હા..!

તેથી '**બાકીના ભાવો મારાથી પર છે;...**' એટલે? કે જેટલો વિકલ્પ ઉઠે છે રાગ. ચાહે તો તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ પણ રાગ છે. એ મારી પર્યાય થવાને લાયક નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? કેમકે હું તો એ ચેતનારો, જાણનારો, દેખનારો એની પર્યાય તો જાણવું-દેખવું એ થઈ શકે. પણ એ ભગવાનનું સ્મરણ ને ભક્તિ ને દાન, દયા ને વ્રત, તપના વિકલ્પો એ તો રાગ છે. એ મારા જ્ઞાયક ચેતનારની અવસ્થા એ ન થઈ શકે. આહા..હા..! સમજાણું કાંઈ? મૂળમાં આખી ભૂલ ચાલી આવે છે અનાદિથી. ઉપરટપકે એણે બધું કર્યું. છ-છ મહિનાના અપવાસ કર્યા. બાર-બાર...

મુમુક્ષુ :- છ મહિના અપવાસ ઉપરટપકે?

ઉત્તર :- ઉપરટપકે હતા. અંદર ક્યાં ભાન હતું કાંઈ? આહા..હા..! અંતર ચૈતન્ય તત્ત્વ જાણકસ્વભાવી એ હું છું એ ક્યાં આવ્યું હતું ત્યાં? ત્યાં તો આવું દયા, દાન, વ્રત, તપ કરું એવો વિકલ્પ કરું એ હું છું એમ માન્યું છે. આહા..હા..! ઉંધી માન્યતા છે. મિથ્યાત્વની માન્યતા છે. કાંતિભાઈ! ભારે વાતું આવી. આહા..હા..!

'**બાકીના ભાવો મારાથી પર છે; માટે (અભિન્ન છ કારકોથી)...**' હવે અભિન્ન કારક એટલે પોતામાં થયેલા. પર્યાયમાં, અવસ્થામાં. આ અભિન્ન કારકો કહે છેને નહિ ભાઈ! ૬૨મી ગાથા ચાલી ત્યાં. મધુવન. ૬૨ ચાલી તે દિ' એ લોકો એમ કહેવા માંડ્યું એ અભિન્ન કારક છે. પણ અભિન્ન એટલે શું? એ પોતાના પોતાથી થાય એ અભિન્ન. આહા..હા..! ઝીણી વાતું બહુ. આહા..હા..! જન્મના, મરણના, ચોર્યાસીના અવતાર, ભવસમુદ્ર મોટો. ચોર્યાસીના અનંતા ભવ કર્યા એ મિથ્યાત્વભાવે કર્યા. એ મિથ્યાત્વને છેદવાનો ઉપાય એક

આ પ્રજ્ઞાછીણી. કહો, સમજાય છે કાંઈ? એ ચાલતી જ્ઞાનની વર્તમાન પ્રગટદશા એ અવસ્થા. એને આ બાજુ વાળવી છે માટે એને પ્રજ્ઞા કીધી. એ બાજુ વળેલી છે એ પ્રજ્ઞા નહિ. એ તો અજ્ઞાન છે. આહા..હા..!

'હું જ,...' એ કર્તા. 'હું જ,...' એ કર્તા છે. પ્રજ્ઞા વડે, જ્ઞાનની દશા વડે. ચેતનારો તે હું, જાણનારો તે હું. એ 'હું જ,...' એ કર્તા. મારી જ્ઞાનની દશાનો હું કર્તા. રાગથી ભિન્ન પાડવાની પ્રજ્ઞાની દશાનો હું કર્તા. બધા વેપારીઓને આવું બેસતું હશે? આમ કરે છે ત્યાં? ચીમનભાઈ! બધા સમજવા જેવા હોય. કોક હોય એવો. બાકી તો બધું સમજવા જેવું. એય..!

મુમુક્ષુ :- એમાં તો કોક ડહાપણ કરેને.

ઉત્તર :- એમાં ડહાપણની જરૂર નથી. એ તો ચાલે જે જાતનું માલ અને જે જાતનું નક્કી કર્યું એ બોલ્યા કરે. આહા..હા..! કોક એવા પણ હોય સંસારના હુશિયાર. સંસારના હુશિયાર હોં. ભગવાનજીભાઈ! અહીં તો આત્માનો હુશિયારો કોણ કહેવાય એમ કહે છે. આહા..હા..! ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વરનો આદેશ છે અને આજ્ઞા છે કે તું કોણ? એને જાણવા માટે પ્રજ્ઞાછીણી તારે કામ આવશે. પરથી જુદું પાડવાનું સાધન તો એ પ્રજ્ઞા છે. આહા..હા..! અને એનાથી જુદો પડતા ચેતનારો તે હું એ કર્તા. એ ષટ્કારક વર્ણવે છે પર્યાયમાં હોં પર્યાયમાં. રાગ જુદો, પર જુદો એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..!

**'મારા વડે જ,...'** એ કરણ આવ્યું. **'મારા વડે જ,...'** જુઓ 'જ' છે બધે હોં. **'હું જ, મારા વડે જ, મારા માટે જ,...'** પર્યાયમાં એની ધારા વિચાર ચાલે છે કે મેં પ્રજ્ઞા વડે જે આત્માને રાગથી જુદો કર્યો તે હું ચેતનારો તે હું. આ પણ હજી છ પ્રકારના કારકનો પર્યાયમાં વિકલ્પથી છ પ્રકારનો વિચાર કરે છે. આહા..હા..! **'મારા માટે જ,...'** મેં આ જે પરથી જુદો પાડ્યો પ્રજ્ઞા વડે એ મારા માટે પાડ્યો છે. સમજાણું કાંઈ? એટલે? જે રાગના વિકલ્પથી જુદો આત્માને જાણ્યો, એમાં જે જ્ઞાનની દશા થઈ એ મારે માટે થઈ છે. મેં રાખી છે. મેં એ રાગથી ભિન્ન પડીને પ્રજ્ઞા દ્વારા જે જુદો કર્યો એવો હું એની પર્યાય મેં મને આપી છે અને મેં રાખી છે. ભારે આવો ધર્મ! આ તે જૈન ધર્મ આવો હશે? આહા..હા..!

**'મારામાંથી જ,...'** વળી કહે છે મારામાંથી. એ જ્ઞાન વડે રાગથી ભિન્ન પાડ્યો એ મારામાંથી મેં કર્યું કામ. રાગથી નહિ, વ્યવહારથી નહિ, મારામાંથી મેં એ કામ કર્યું છે. કહો, છેને સામે પુસ્તક? **'મારામાંથી જ, મારામાં જ,...'** આધાર. મેં મારામાં એ કામ કર્યું છે. આહા..હા..! શુભભાવ દયાનો, દાનનો, વ્રતનો, તપનો એ બધો શુભભાવ છે. દુનિયા માને ભલે એને અપવાસ અને તપ, પણ શુભભાવ છે. અજ્ઞાનીને સાચું તપ હોય જ ન

શકે. ભ્રમ છે અજ્ઞાનીને. સમજાણું કાંઈ? અહીંયાં તો '**મારામાં જ,...**' મારો ચેતનારો જે હું એમાં જ મેં મારાથી કામ કર્યું છે. આહા..હા..! અને '**મને જ ગ્રહણ કરું છું.**' એ કર્મ છે, કાર્ય છે. મેં મારી જ્ઞાનની દશા, સમ્યગ્દર્શનની દશા એને હું ગ્રહણ કરું છું. મેં ગ્રહણ કરી છે. એ કાર્ય મારું અને મેં કર્યું છે. આમાં શું સમજવું? આવો ધર્મ કેવો? એ છ કાયની દયા પાળવી, અપવાસ કરી નાખવા આઠ-દસ. હવે ભાઈ એવું તો સમજાય તો ખરું અજ્ઞાન. અજ્ઞાન છે એ બધું. આહા..હા..!

મુમુક્ષુ :- ઈ તો અનાદિનો સમજ્યો છે.

ઉત્તર :- આહા..હા..!

''**ગ્રહણ કરું છું**'' '**મને જ ગ્રહણ કરું છું.**' આહા..હા..! હું મારા આત્માની દશાને જ અનુભવું છું. એમ હજી વિકલ્પથી છ પ્રકારના ભેદ પાડે છે. હજી અહીં સુધી આવ્યો તોપણ હજી સમ્યગ્દર્શનનો વિષય નહિ. આહા..હા..! જે પ્રથમ સમ્યગ્દર્શન કરવાનું જોઈએ એ આ છ પ્રકારના વિચારો એ પણ સમ્યગ્દર્શન નહિ.

મુમુક્ષુ :- નજીક લાવે.

ઉત્તર :- લાવે નહિ ફક્ત હોય છે એટલી વાત છે. એય..! ચેતનજી! આંગણે આવ્યો તો નજીક આવ્યો તો આંગણે આવ્યો જ નથી. આહા..હા..! અહીં તો ફક્ત એની પર્યાયોમાં આવા પ્રકારના ભેદો વર્તે છે એની વાત ચાલે છે.

ગ્રહણ કરું છું. ''**ગ્રહણ કરું છું**' એટલે '**ચેતું છું**',...' હું મને અનુભવું છું એમ. ચેતું છું એટલે હું મને અનુભવું છું. હું ચેતનારો છું, હું ચેતનારો જાણનાર છે. એ જાણનારને હું અનુભવું છું. જાણનારને જ્ઞાનમાં હું અનુભવું છું એમ. આહા..હા..! '**કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે.**' આહા..હા..! એ ચેતવું, જાણવું, દેખવું એ બધા એકાર્થ શબ્દ છે. એટલે બેય જુદા પાડશે ચેતનામાંથી દર્શન-જ્ઞાન. એ ચેતવું જ એ આત્માની એક ક્રિયા છે. આહા..હા..! આ વાણી, મન જડની ક્રિયા આત્માની નહિ. એ તો જડ પદાર્થ છે સ્વતંત્ર. એમ દયા, દાન, વ્રતના પરિણામ શુભ એ આત્માની ક્રિયા નહિ. આહા..હા..! ક્રિયાકાંડમાં માનનારાને તો ઘા વાગે એવું છે આમાં. ઘા વાગે. વાગ્યો છે અનાદિથી મારો ગણ્યો જ નથી, ગણતરીમાં લીધું જ નથી એણે. એમ ને એમ અનાદિથી મૂઢપણે ચાલ્યો ગયો છે. આહા..હા..! સાધુ થયો, પંચ મહાવ્રત પાળ્યા એ તો બધો રાગ હતો. આહા..હા..!

કહે છે હું ''**ચેતું છું**', **કારણ કે ચેતવું...**' જાણવું '**તે જ આત્માની એક ક્રિયા છે.**' જાણવાની દશા તે જ એક ક્રિયા આત્માની છે. રાગ ને વિકલ્પ ને વ્યવહાર એ આત્માની ક્રિયા નહિ. કહો, સમજાણું આમાં? સામે પુસ્તક છે કે નહિ? નહિતર તો મૂંઝવણ આવે કે આ શું અદ્ધરથી કહે છે. એય..! ચોપડામાં મેળવવું પડશે કે નહિ એને? આહા..હા..!

માટે **'ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે.'** જાણવું એવી જે પર્યાય એ જ આત્માની ક્રિયા છે. આહા..હા..! શુભરાગ, શુભ ઉપયોગ એ આત્મા નહિ અને આત્માની ક્રિયા નહિ. અરેરે..! **'માટે હું ચેતું જ છું;...'** એ કર્તા.. ચેતું છું સામાન્ય. **'માટે હું ચેતું જ છું;...'** હું તો જાણનારો-ચેતનારો જ છું એ સામાન્ય વ્યાખ્યા. **'ચેતનારો જ,...'** એ કર્તા. ચેતનારો જ હું છું. આહા..હા..! કેટલું આચાર્યે સ્પષ્ટ કર્યું છે! **'ચેતનારો જ,...'** હું તો જાણનારો જ એ કર્તા છું.

અને **'ચેતનાર વડે જ,...'** એ જ્ઞાન વડે જ મેં કામ લીધું છે. આહા..હા..! હું કર્તા, રાગથી ભિન્ન પાડીને પ્રજ્ઞા વડે જ જુદો આત્માને પાડ્યો એ ક્રિયામાં હું જ પોતે ચેતનાર વડે કર્યું છે મેં. આહા..હા..! જાણવાની ક્રિયા દ્વારા એ પરથી ભિન્ન પડ્યો છે. આહા..હા..! **'ચેતનાર માટે જ,...'** હું તો જાણનાર માટે જ મારું આ કામ થયું છે. એ પર્યાય મારે કોઈને દેવાની નથી. મેં દીધી. મેં સંપ્રદાન-દાન. **'ચેતનાર માટે જ,...'** આ ચેતાઈ ગયું છે. આહા..હા..! માણસ એમ કહે આ ધંધો શું કરવા કરો છો? ભાઈ! આ કુટુંબને નભાવવા કરીએ છીએ. એમ કહે છેને લોકો? ખોટી વાત છે એ. એય..! ..ભાઈ! સાવ ખોટી વાત છે. એ તો મમતા માટે કરે છે. ભાઈ! આ છોકરાઓ પાંચ-છ થયા, આ ભાઈઓ પાંચ અને આ બધું પછી એના પ્રમાણમાં કાંઈક સરખું એના માટે કર્યું છે. ધૂળેય નથી એના માટે. તારી માન્યતા માટે થાય. મમતાના પરિણામ છે તારા. આહા..હા..!

અહીં કહે છે **'ચેતનાર માટે જ,...'** આ જે રાગથી ભિન્ન પાડીને ચેતનારો હું થયો એ મારા માટે થયો છું. સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી! આ તો ત્રણ કાળમાં નથી વસ્તુ. સર્વજ્ઞની કહેલી વાત ક્યાં ફરે? ક્યાંય? અજ્ઞાનીઓને ન બેસે એટલે કાંઈ વસ્તુ ફરી જાય? આહા..હા..! મેં મારા માટે આ કામ કર્યું છે એમ કહે છે. આ દુનિયામાં નથી કહેતા કેટલાક? ભાઈ! આ તો હું બીજા.. ના ભાઈ ના. મને સમાધાન થવા માટે મેં આ કામ કર્યું. સમાધાન થાતું નહોતું. મેં એના માટે કર્યું છે. છોકરાના સગપણ કર્યા એ બાપુ એના માટે નહિ પણ મને સમાધાન થાતું નહોતું. એના માટે આ બધું છોકરાનું આ કર્યું. ડોક્ટરને જરી ઓલું થઈ ગયું કહે. ... ઓલો આવ્યો છે. આ ... એને. શું કહેવાય તમારે? હાર્ટનો હુમલો આવ્યો છે. હળવો, ભાઈ કહે ડોક્ટર. હળવો. ત્યાંથી બોલાવ્યા ડોક્ટરને પટવારીને. પણ હળવો. આ મહેનત કરીને બહુ. લ્યો આ ડોક્ટર. ૫૦-૫૨ વર્ષની ઉંમર હશે. હવે એને આ. આહા..હા..! જે જડની પર્યાય થાય એને રોકે કોણ? શું દવાથી મટતી હશે? આહા..હા..!

મુમુક્ષુ :- દુનિયા દવાથી મટે એમ માને.

ઉત્તર :- એ દુનિયા ગાંડી છે. દવા પરવસ્તુમાં, ઈ રોગ મટવો એ જડની બીજી અવસ્થા. પરને લઈને જડની અવસ્થા બદલે? આ તો વીતરાગનો માર્ગ જુદી જાતનો છે, ભાઈ! દુનિયામાં

ક્યાંય મળે એવો નથી. આહા..હા..!

અહીં તો કહે છે આ જે રાગથી ભિન્ન પડવાનો ચેતનારો હું છું એવો જે મેં નિર્ણય કર્યો ઈ મારા માટે કર્યો છે. આહા..હા..! હજી આવા છ ભંગ પર્યાયમાં ધારા ચાલે છે. આહા..હા..! **'ચેતનારમાંથી જ,...'** મેં કામ આ કર્યું છે. આહા..હા..! ચેતનારો જે જાણક છેને જાણક? એનાથી આ મેં કામ લીધું, મેં રાગથી કામ અને વ્યવહારથી કામ, ભગવાનની વાણીથી, ગુરુ અને શાસ્ત્રના આધારથી મેં આ કામ કર્યું નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- આ તો સત્ય વાત આવે.

ઉત્તર :- સત્ય હોય ઈ આવેને. આહા..હા..! રખડાઉ તો અંદરથી અનાદિનો છે. બહારના કારણ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, તપ, અપવાસ એનાથી મારું કલ્યાણ થશે. એમ અનાદિથી અજ્ઞાની માની બેઠો છે. એ તો શુભરાગની, વિકલ્પની વૃત્તિ છે. ત્યાં આત્મા ક્યાં છે? આહા..હા..!

અહીંયાં તો કહે છે કે ચેતનારમાંથી મેં કામ લીધું છે. ચેતનારો જે હું એમાંથી મેં આ પરથી ભિન્ન પડવાનું કાર્ય મેં કર્યું છે. કહો, લાલજીભાઈ! આ બધી જાડી બુદ્ધિવાળાને બહુ આકરું પડે, પણ હળવે-હળવે પકડેને તો સમજાય. આહા..હા..! **'ચેતનારમાં જ,...'** મેં મારા આધારે કામ લીધું છે. કોઈ મને મારા રાગથી ભિન્ન પડીને ચેતનારો હું એવું જે મેં જાણ્યું ઈ મેં મારા આધારથી જાણ્યું છે. કોઈ એમાં પરનો આધાર હતો જરીએ અને જાણવામાં આવ્યું એમ નથી. આહા..હા..! **'ચેતનારમાં જ,...'** એ આધાર આવ્યો. **'ચેતનારને જ ચેતું છું.'** એ કાર્ય આવ્યું. કર્મ-કર્મ. હું તો **'ચેતનારને જ ચેતું છું.'** ચેતનારને જ જાણું છું. આહા..હા..! આ તો ધીરાના કામ છે, ભાઈ! આ કાંઈ કોઈ કુદીને બહારમાંથી મળે એવી ચીજ નથી. આ તો હજી સમ્યગ્દર્શનની મેળવવાની શરૂઆતમાં શું થાય એની વાત છે. આહા..!

**'અથવા દ્રવ્યદૃષ્ટિએ તો-છ કારકોના ભેદ પણ મારામાં નથી,...'** લ્યો, આહા..હા..! કે હું ચેતનારો, ચેતનાર માટે અને ચેતનામાંથી, ચેતનારો આ કાર્ય એ છ ભેદ છે. એ તો એની અવસ્થાની ધારામાં છ ભેદ હોય. હું તો ત્રિકાળી દ્રવ્ય છું એમાં એ છે નહિ. દ્રવ્યદૃષ્ટિએ. દ્રવ્ય એટલે વસ્તુ. એની દૃષ્ટિ દેતા એ છ કારકોના ભેદ પણ મારામાં નથી. આહા..હા..! સમજાણું? ચેતક તે આ હું છું, બાકીના ભાવો પર, મારા માટે મેં કર્યું, હું જ મારા વડે, મારા માટે, મારામાંથી, મારામાં હું. એ ચેતવું તે ક્રિયા, માટે હું ચેતું છું, ચેતનારો, ચેતનાર વડે, ચેતના માટે, ચેતનામાંથી, ચેતનામાં, ચેતાનારા, ચેતું એ બધો ભેદ જે ત્રિકાળી ભગવાન આત્મા છે એમ દૃષ્ટિ આપતા એમાં ઈ છે નહિ. આહા..હા..!

દ્રવ્યદૃષ્ટિએ તો વસ્તુ જે ભગવાન પૂર્ણ આનંદ એકરૂપ ચૈતન્ય સદૃશ પ્રવાહી ત્રિકાળ

એની દૃષ્ટિએ જુઓ તો **'તો-છ કારકોના ભેદ પણ મારામાં નથી,...'** એય..! ચેતનજી! મારામાં નથી. એવું કોણ કહે છે? પર્યાય જાણે છે કે મારામાં એટલે હું આ. હું તો ત્રિકાળ જ્ઞાયકભાવ એ હું એમ આ મારામાં છ કારક નથી. આહા..હા..! ત્યારે એને સમ્યગ્દર્શન થાય. હજી ચોથું ગુણસ્થાન. શ્રાવક અને મુનિ તો ક્યાંય રહી ગયા એ તો. સાચા હોં. આ વાડાના છે એ કોઈ સાચા નથી. આહા..હા..! અને સમકિતી તો ખરા કે નહિ? શાહુજીએ પૂછયું. શાહુજી. શ્રાવક શીરોમણિની પદવી છે એને. અને ગૃહસ્થ માણસ, ચાલીસ કરોડ, લાખો રૂપિયા ખર્ચે બાર મહિને. અને અમને શ્રદ્ધા તો હશે કે ભગવાનની તો. આને વિશ્વાસ છે, આને સમકિતી ગણે મહારાજ! એમ પૂછયું ખાનગી. અરે..! કોને (સમકિત) કહેવું બાપુ હજી તમને? પૈસા ખર્ચ્યા, બહારના મોટા બિરૂદ આપ્યા માટે સમકિત છે. એ સમકિતના લક્ષણની જ ખબર નથી. આહા..હા..!

**'હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.'** ઓલામાં વિશુદ્ધ કીધું હતું. સમ્યગ્દર્શન થવામાં વિચાર કરનાર એમ વિચારે છે કે **'હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.'** ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, ચેતનભાવ **'શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.-આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવો...'** એટલે અનુભવવો. **'પોતાને ચેતનાર તરીકે અનુભવવો.'** આહા..હા..! આ પ્રજ્ઞા વડે આવ્યું લ્યો, ચેતનજી! ભેદ પાડનાર તો એ છે. એકકોર ભગવાન ત્રિકાળી અને એકકોર રાગ, ભેદ પાડનારી જ્ઞાનની પર્યાય છે. આહા..હા..! **'આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને...'** અનુભવવો. **'પોતાને ચેતનાર તરીકે અનુભવવો.'**

---

## શ્લોક-૧૮૨

(शार्दूलविक्रीडित)

भित्त्वा सर्वमपि स्वलक्षणबलाद्भेत्तुं हि यच्छक्यते
चिन्मुद्राङ्कितनिर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहम्।
भिद्यन्ते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि
भिद्यन्तां न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति।।१८२।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [यत् भेत्तुं हि शक्यते सर्वम् अपि स्वलक्षणबलात् भित्त्वा] જે કાંઈ ભેદી

શકાય છે તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને, [चिन्मुद्रा-अङ्‌कित-निर्विभाग-महिमा शुद्धः चिद् एव अहम् अस्मि] જેનો ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ મહિમા છે (અર્થાત્ ચૈતન્યની છાપથી ચિહ્નિત વિભાગરહિત જેનો મહિમા છે) એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું. [यदि कारकाणि वा यदि धर्माः वा यदि गुणाः भिद्यन्ते, भिद्यन्ताम् ] જો કારકોના, અથવા ધર્મોના, અથવા ગુણોના ભેદો પડે, તો ભલે પડો; [विभौ विशुद्धे चिति भावे काचन भिदा न अस्ति] પરંતુ *વિભુ એવા શુદ્ધ (-સમસ્ત વિભાવોથી રહિત-) ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી. (આમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરાય છે.)

ભાવાર્થ :- જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી એવા પરભાવો તો મારાથી ભિન્ન છે, માત્ર શુદ્ધ ચૈતન્ય જ હું છું. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકભેદો, સત્ત્વ, અસત્ત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ આદિ ધર્મભેદો અને જ્ઞાન, દર્શન આદિ ગુણભેદો જો કથંચિત્ હોય તો ભલે હો; પરંતુ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં તો કોઈ ભેદ નથી. -આમ શુદ્ધનયથી અભેદરૂપે આત્માને ગ્રહણ કરવો. ૧૮૨.

---

## કળશ-૧૮૨ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'

(शार्दूलविक्रीडित)

भित्त्वा सर्वमपि स्वलक्षणबलाद्भेत्तुं हि यच्छक्यते
चिन्मुद्राङ्‌कितनिर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहम्।
भिद्यन्ते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि
भिद्यन्तां न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति।।१८२।।

જોયું? ભેદી શકાય તે ...

આહા..હા..! 'यत् भेत्तुं हि शक्यते सर्वम् अपि स्वलक्षणबलात् भित्त्वा' 'જે કાંઈ ભેદી શકાય છે...' જુદું પાડી શકાય છે 'તે સર્વને...' સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગ એ ગુણ ગુણીના ભેદનો પણ રાગ. આ ષટ્કારકરૂપે હું છું એવો પણ જે વિકલ્પ. આહા..હા..!

---

* વિભુ = દૃઢ; અચળ; નિત્ય; સર્વ ગુણપર્યાયોમાં વ્યાપક

**'જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને,...'** આહા..હા..! જ્ઞાન તે આત્માનું લક્ષણ છે એવી પ્રજ્ઞા લક્ષણ દ્વારા **'બળથી ભેદીને,...'** જુદું પાડીને. **'चिन्मुद्रा–अङ्कित–निर्विभाग–महिमा शुद्धः चिद् एव अहम् अस्मि'** કેવો છું હું? **'જેનો ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ...'** જ્ઞાન જેનું ચિહ્ન, મુદ્રા છે, છાપ. જાણવું એની મુદ્રા-છાપ છે. આહા..હા..! **'ચિન્મુદ્રાથી અંકિત...'** અંક પડેલો લક્ષમાં. **'નિર્વિભાગ...'** જેનો ભાગ નથી. નિર્વિભાગ મહિમા. **'(અર્થાત્ ચૈતન્યની છાપથી ચિહ્નિત વિભાગરહિત જેનો મહિમા છે)'** ચૈતન્ય સ્વભાવ એકરૂપ એના ચિહ્નથી જેનો નિર્વિભાગ મહિમા છે. એની મહિમામાં ભાગ છે નહિ. આહા..હા..!

પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એવો જે નિર્વિભાગ જેનો મહિમા **'એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું.'** લ્યો આ સમ્યગ્દર્શનનો આ નિર્ણય. આહા..હા..! **'શુદ્ધ ચૈતન્ય જ હું છું.'** અશુદ્ધતા ક્યાં ગઈ? હજી અશુદ્ધતા આત્માની છે નિશ્ચયનયે. એમ કહ્યું પ્રવચનસારમાં. એ તો એની પર્યાયમાં છે એટલું સિદ્ધ કરવા. વસ્તુની દૃષ્ટિએ જોતા એ વસ્તુ એની નથી. એ તો પરથી જુદું પાડીને એનું અસ્તિત્વ સિદ્ધ કર્યું છે. અહીં તો રાગનો ભાવ વિકલ્પ એ તો ભેદી શકાય છે માટે એનાથી તો જુદો પડ્યો અને **'વિભાગરહિત જેનો મહિમા છે) એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું.'** આહા..હા..! સમજાવામાં તો શું? હું ચૈતન્ય છું આવો એ પણ એક વિકલ્પ છે. એ નહિ. અંદર શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ તે જ હું. આહા..હા..! રાગ હું નહિ, નિમિત્ત હું નહિ, એક સમયની પર્યાય એ હું નહિ.

**'यदि कारकाणि वा यदि धर्माः वा यदि गुणाः भिद्यन्ते, भिद्यन्ताम्'** ભલે છ કારકોના ભેદ હોય પર્યાયમાં, અવસ્થામાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એવા ભેદ હોય, પણ હું એ નહિ. આહા..હા..! ભારે ભાઈ ગાથા! આ તે જૈનદર્શનની વાત હશે? ભાઈ! જૈનદર્શનમાં છ કાયની દયા પાળવી, એક ઇન્દ્રિયા, બે ઇન્દ્રિયા, તેઇન્દ્રિયા, ચો ઇન્દ્રિયા, પંચેન્દ્રિયા. લ્યો. જીવિયા વહોરવિયા તસ્સમિચ્છામી દુક્કડમ. એ તો પરદયામાં શુભભાવની વાતું. એ વસ્તુ નથી. લાલજીભાઈ! કેટલા વખતથી કર્યા હશે નહિ? ઇચ્છામી પડિક્કમણા. તારા મારગડા નાથ! જુદા છે કહે છે. આહા..હા..! એ ક્રિયાવાળા, શુભરાગવાળો તો તારો માર્ગ નહિ. પણ પર્યાયમાં છ પ્રકારના ભેદ પડે એ તું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? હો, કર્તા, કર્મ, કરણ પર્યાયમાં હો, પણ એથી હું ભેદાતો નથી. હું તો અભેદ ચૈતન્યમૂર્તિ છું. જ્ઞાયકભાવ લીધો છે. એ ભાવને સિદ્ધ કર્યો છે. હું તો એક જ્ઞાયકભાવ જાણનાર ચેતન, ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય વસ્તુ તે હું છું.

**'यदि धर्माः'** હો, એકરૂપ ધર્મ અને અનેકરૂપ ધર્મ, નિત્ય અને અનિત્ય એવો ભેદો ધર્મના હોય, **'તો ભલે પડો; પરંતુ *વિભુ એવા શુદ્ધ (-સમસ્ત વિભાવોથી રહિત-**

) **ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી.**’ પણ હું જે સર્વ ગુણ પર્યાયમાં વ્યાપક નિત્ય રહેનાર. જુઓ, નિત્ય વિભુ એટલે. વિભુ. આ પ્રશ્ન કર્યો હતો ૮૩માં ભાઈલાલભાઈએ. એય..! પાનાચંદભાઈ છે કે નહિ? ભાઈલાલભાઈ. એ પ્રશ્ન ૮૩માં કર્યો હતો. એને વેદાંતની અસર હતીને. વેદાંતના બાવા સાથે વિભુ. ૮૩માં ત્યાં ગયા હતા. ત્યાંથી જાવું હતું ભાવનગર. કહે આ વિભુ કહ્યું છેને ભક્તામ્બરમાં. ભક્તામ્બરમાં આવે છે ભાઈ! વિભુ શબ્દ આવે છે. વિભુ તો વ્યાપક થાય એમ કહે. પણ શેમાં વિભુ. ૮૩ની વાત છે. .. ભાવનગર જાવું હતું. ૮૩માં ભાવનગર જાવું હતું તો ત્યાંથી ગયા હતા. બરવાળાથી .. થઈને આ બાજુ થઈને. પછી ઉમરાળા આવ્યા. ..શેઠને વિનંતી કરવા આવ્યા હતા. નહોતું જાવું પણ ઉમરાળા થઈને પછી ગયા હતા. અહીં ધારૂકાના સોનગઢ થઈને ગયા હતા. ૮૩ની વાત છે. સંવત્ ૧૯૮૩. એને પૂછયું કે આ વિભુ આવે છેને ભક્તામ્બરમાં. ઓલા બાવાનો પરિચય બહુ એને. એ કહે વિભુ પણ એય..! ચીમનભાઈ! લ્યો તમારા બાપની વાત છે આ તો. કીધું વિભુ આ નહિ. અહીં તો વિભુ એટલે એક દ્રવ્યમાં બધું વ્યાપેલું છે ઈ વિભુ. આમ ક્ષેત્રથી વ્યાપક આત્મા ઈ વિભુ એ નહિ અહીં. વીતરાગ માર્ગમાં એ નથી. આહા..હા..! બધા થઈને એક આત્મા અને બધું વ્યાપક છે (એમ નથી).

અહીં કહે છે વિભુ ખરો, પણ પોતાના દ્રવ્યમાં. છેને? એ એક અને અનેક ભલે ગુણો હોય ધર્મ અને ગુણો. જ્ઞાન ને દર્શન ને આનંદ ને એવા ભલે ગુણો ભેદ હોય પણ વિભુ ‘**विशुद्धे चिति भावे काचन भिदा न अस्ति**’ વિભુ એવો જે નિત્ય પ્રભુ. આહા..હા..! એ બધા ગુણપર્યાયમાં વ્યાપનારું તત્ત્વ ધ્રુવ. સમસ્ત દ્રવ્ય અચળ એવો જે નિત્ય સ્વભાવ. આહા..હા..! ‘**એવા શુદ્ધ (-સમસ્ત વિભાવોથી રહિત-) ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી.**’ પર્યાયમાં ભલે ઈ ભેદો ગણવામાં આવતા હોય, વસ્તુમાં એ ભેદ નથી. આહા..હા..! ક્યાં લઈ ગયા! ત્રિકાળી જ્ઞાયકભાવ પ્રભુ જે મહા સંપદા, આનંદ આદિ સંપદાથી ભરેલો પદાર્થ. એવી ચીજમાં આવા ભેદો નથી. અભેદમાં ભેદ નથી એમ કહે છે. ભેદમાં ભેદ ભલે પર્યાયમાં હોય. આહા..હા..! વિભુ. ઓલામાં વિશુદ્ધ કીધું હતુંને? અને ઓલામાં એમ કહ્યું હતું સર્વવિશુદ્ધ ચિન્માત્ર કહ્યું હતું અને આમાં ભેદ પણ મારામાં નથી. શુદ્ધ ચૈતન્યમાત્રભાવ છે એમ કહ્યું હતું ભાવાર્થમાં. અહીં વિભુ કીધો. ટીકામાં સર્વવિશુદ્ધ ચૈતન્યમાત્ર હું એમ કહ્યું હતું. ત્રિકાળ ચૈતન્યસ્વભાવ ત્રિકાળ ધ્રુવ તે હું. ભાવાર્થમાં એમ કહ્યું હતું કે શુદ્ધ ચૈતન્યમાત્ર તે હું. આ કળશમાં એમ કહ્યું વિભુ શુદ્ધ તે હું. આહા..હા..! અરે..! એના અભેદની વાતું સાંભળી નહિ એણે. આહા..હા..! કુકથા અને વિકથા બધી સાંભળી. એ વિકથા. સમકિતને ભેદનારી કથા. કે રાગથી લાભ થાય અને દયા, દાન અને વ્રત કરતાં-કરતાં કલ્યાણ એ બધી સમકિતને નાશ કરનારી કથા છે. એ ધર્મ કથા નહિ પણ કુકથા છે. આહા..હા..!

ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્માએ સમવસરણમાં એમ ફરમાવ્યું ઈ વાત આ છે. કહો, સમજાણું કાંઈ? ભાઈ! તું તો વિભુ છોને. **'વિભુ એવા શુદ્ધ...'** એમ લીધું છેને? **'વિભુ એવા શુદ્ધ...'** એમ વિભુ ભાવે વિશુદ્ધ એમ છેને? **'વિભુ એવા શુદ્ધ...'** એમ. એમ લીધું છે. એવો શબ્દ નાખ્યો. વિભુ ભાવે વિશુદ્ધિ. નિત્ય એવો શુદ્ધ. **'(-સમસ્ત વિભાવોથી રહિત-)'** શુદ્ધ ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી. આહા..હા..! અનંતગુણનું એકરૂપ પ્રભુ વસ્તુ. એ અભેદ જે સમ્યગ્દર્શનનો વિષય. જેને આશ્રયે સમ્યગ્દર્શન થાય. **'भूदत्थमस्सिदो'** ભુતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન. પણ એ ભુતાર્થ કહો કે અભેદ કહો કે સર્વવિશુદ્ધ કહો. આહા..હા..! એ ચૈતન્યભાવ જે ત્રિકાળી છે એમાં તો કોઈ ભેદ નથી. **'(આમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરાય છે.)'** લ્યો, ભારે ઝીણું પણ આવું. લ્યો, જ્યારથી આવ્યા ત્યારથી આ બધું ઝીણું જ આવ્યું અહીં.

મુમુક્ષુ :- બહુ ઝીણું પાતાળ કૂવો.

ઉત્તર :- આ તો વીતરાગ ત્રિલોકનાથ સો ઈન્દ્રોના પુજનિક પ્રભુ એની વાણી છે. આહા..હા..! કહે છે કે તું પ્રભુ છોને પ્રભુ પૂર્ણ આનંદ, નિત્ય ધ્રુવ. એ દૃષ્ટિ દેતા એમાં ષટ્કારકો પણ નથી, એમાં એક, અનેક, નિત્ય, અનિત્ય એવા ધર્મનો ભેદ પણ નથી અને જ્ઞાન-દર્શન-ચારિત્ર એવા ગુણના પ્રકાર પણ નથી. આહા..હા..! એમ પ્રજ્ઞા વડે આ રીતે આત્માનો અનુભવ કરવો. આ રીતે અનુભવ કરાય છે એમ. બીજી રીતે આત્માને પામી શકાતું નથી. એમ કહે છે. આ રીતે આત્માનો અનુભવ થઈ શકે છે, અનુભવ કરાય છે, આ રીતે આત્મા છે એવો પામી શકાય છે. સમજાણું કાંઈ? ઓહો..!

**'ભાવાર્થ :- જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી એવા પરભાવો...'** શુભરાગ, અશુભરાગ બધા જેમાં ચૈતન્ય નથી. એવા પરભાવો. આહા..હા..! એ શુભભાવ એ ચૈતન્ય નહિ એ અચેતન અને જડ. હવે એ અચેતનના જડમાંથી શુદ્ધ થાય. દુઃખ કારણ અને આનંદ એનું કાર્ય. અચેતન કારણ, શાંતિ એનું કાર્ય. આવું હોય કોઈ દિ'? રાડ નાખે લોકો. શુભરાગ પ્રશસ્ત છેને? કોની અપેક્ષાએ? અપ્રશસ્ત છે સાંભળને. આહા..હા..! ઈ તો ઝેર છે. શુભરાગ એ ઝેર છે. ઈ ઝેર કરતાં-કરતાં અમૃતનો ઓડકાર (આવે) એમ? એને સમકિત થાય? આહા..હા..! અહીં તો કહે છે કે એનાથી તો નહિ, પણ પર્યાયના છ ભેદોનો વિચાર થાય એનાથી પણ ન થાય. આહા..હા..! એમ એક દ્રવ્યમાં અનંતાગુણો, ધર્મો રહ્યા છે તેવા ભેદને લક્ષે પણ સમકિત ન થાય. આહા..હા..! .. પરના લક્ષે ન થાય, ભેદને લક્ષે ન થાય, અંદરના ગુણનો એમ એક ધર્મોનો ભેદ છે, અભેદમાં ભેદો છે અંદર પણ એ ભેદને લક્ષે અભેદ ન જણાય. સમજાણું કાંઈ? આમાં ક્યાં નવરાશ તમારે? એય..! કેશુભાઈ! આમાં શું બધા ઝવેરાત-હીરા. હીરાને તો ફેરવ્યા ફેરવ પથરાને આખો દિ'. આહા..હા..! અરે..! આવી હીતની વાતું સાંભળવાને

પણ મળે નહિ. આહા..હા..! અને મનુષ્યપણે જિંદગી ચાલી જાય એળે હોં. આહા..હા..! ફૂ થઈને જાય ચોર્યાસીમાં. વંટોળિયાનું તણખલું ઉડીને જાય એમ આ મિથ્યાત્વના ભાવમાં ઉડીને જાય. આહા..હા..! અરે..! અનંત-અનંત ભવ નરકના, નિગોદના. આહા..હા..! કુબડાના, રૂપાળાના, માણસના, ઢોરના, કાગડાના. આહા..હા..! કુંજડાના. એવા અનંતા ભવ કર્યા, ભાઈ! અનાદિનો છોને. આવા ભવમાં રહ્યો. કેમ ત્યાંથી નીકળ્યો આ તો કહે છે. સમજાય છે કાંઈ?

ચણ્યો શેકાતા, ચણ્યાને શેકેને એમાં કોક ચણ્યો ઉડીને બહાર નીકળી જાય. દાળીયા. નીચે મૂકી ઉપર હોય ઓલો લૂગડાનો લોચો હોય અંદર હોય ચણ્યા, નીચે હોય અગ્નિ તાવડામાં. નીચે હોય .. પાછા એમાં અને એમાં ચણ્યા નાખ્યા હોય થોડા અને હાથમાં લૂગડું હોય આવડું મોટું. કેમકે અમારે તો ત્યાં ઘરની સામે છેને ઉમરાળે. તે દિ' પાઈનું એક ગડીયું મળતું. આ ૭૦ વર્ષ પહેલાની વાત છે. એક પાઈનું ગડીયું ચણાનું. અત્યારે તો પૈસાની કાંઈ કિંમત રહી નથી. આહા..હા..! આ તો માણસને મારી નાખો તો કાંઈ નહિ કહે આહા..હા..! અરેરે..! માણસે ક્યાં મારવાનો ભાવ? લ્યો ગાંધી જેવાને મારી નાખવાનો ભાવ. આ તો ગજબ છે કે નહિ? આહા..હા..! ઉડાવો. કાંઈ નહિ? કાંઈ નહિ પણ આ શું છે? ભારે કાળ આવો!

'**જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી...**' એમ કરીને શું કહ્યું? કે જેટલા શુભ-અશુભભાવો થાય એમાં સ્વચૈતન્ય લક્ષણ નથી. એ તો અચેતન લક્ષણ છે એનું. આહા..હા..! '**એવા પરભાવો તો મારાથી ભિન્ન છે, માત્ર શુદ્ધ ચૈતન્ય જ હું છું.**' શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય. દ્રવ્ય કહો કે શુદ્ધ ચૈતન્ય કહો. એ '**શુદ્ધ ચૈતન્ય જ હું છું. કર્તા,...**' એ શુદ્ધ ચૈતન્ય પર્યાયનો હું કર્તા, એ પર્યાય મારું કાર્ય, પર્યાયનું સાધન હું, એ પર્યાયનું સાધન પર્યાય કરીને મેં રાખી, પર્યાય મારામાંથી થઈ અને મારા આધારે થઈ. એવા '**કારકભેદો,...**' કાર્યના કારણો એવા જે ભેદો. ક્રિયાકારક કાલે કહ્યું નહિ? ક્રિયાકારક. ક્રિયાના છ કારકો. ઈ એક વાત. ભલે હો કહે છે પણ એ હું નહિ. આહા..હા..! હું તો અખંડાનંદ પ્રભુ ધ્રુવ. જેમાં સિદ્ધપદો અનંતા પડ્યા. અરે..! પંચ પરમેષ્ઠીની પર્યાયો અનંતી પડી ત્યાં. વળી ઈ પર્યાય શું હશે? આહા..હા..! આંધળે આંધળા ... લીધા છેને બધા ...

અને '**સત્ત્વ, અસત્ત્વ,...**' આત્મા પોતાથી છે, પરથી નથી. '**નિત્યત્વ,...**' કાયમની અપેક્ષાએ નિત્ય, પર્યાયની અપેક્ષાએ '**અનિત્યત્વ,...**' એકરૂપની અપેક્ષાએ '**એકત્વ,...**' અનેક ગુણની અપેક્ષાએ '**અનેકત્વ આદિ ધર્મભેદો...**' હોય, પણ મારા દ્રવ્યમાં એ ભેદ નથી. આહા..હા..! આવું મગજ કામ ન કરે પછી (કહે) સોનગઢે નવું કાઢ્યું વળી એમ બોલે બિચારા કેટલાક. સોનગઢે નવું કાઢ્યું વળી એમ બોલે. આહા..હા..! અરે..! સોનગઢનો ધર્મ નવો કાઢ્યો.

એય..! દામભાઈ! અરે..! ભગવાનનો ધર્મ આ છે. અરે..! તને મળ્યો નથી સાંભળવા. અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત ગણધરોએ આ કહ્યું છે. એમાં અહીં ન્યાયથી તો વાત ચાલે છે. વસ્તુની સ્થિતિ એવી છે ત્યાં.

**'જ્ઞાન, દર્શન આદિ ગુણભેદો...'** હો તો હો. આત્મા વસ્તુમાં જ્ઞાન છે ને દર્શન છે ને આનંદ છે. એ કથંચિત્ હોય તો ભલે હો પર્યાયદૃષ્ટિએ-વ્યવહારનયે. **'પરંતુ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં તો કોઈ ભેદ નથી.'** આહા..હા..! એકલો ભગવાન **'શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં...'** ઓલામાં એમ કહ્યું શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ. ભાવાર્થમાં. આમાં પણ ભાવાર્થમાં એમ કહ્યું. શુદ્ધ ચૈતન્યમાત્ર જાણનાર... જાણનાર... સ્વભાવમાત્ર. એમાં તો આ કોઈ ભેદ નથી. **'આમ શુદ્ધનયથી અભેદરૂપે આત્માને ગ્રહણ કરવો.'** આમ શુદ્ધનયથી જે જ્ઞાનની પર્યાય શુદ્ધનય એને અંતરમાં વાળતા આ રીતે અનુભવ કરવો. આહા..હા..! ત્યારે એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને શાંતિ થાય. ક્યાંય બીજેથી થાય એવું નથી. ગ્રહણ કરવો એટલે અનુભવવો એમ. શુદ્ધ નયથી અભેદરૂપે આત્માને જાણવો એટલે અનુભવવો. અને એનું નામ ધર્મ અને એનું નામ સમ્યગ્દર્શન આદિ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૨૯૮-૨૯૯

पण्णाए घित्तव्वो जो दट्ठा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९८।।
पण्णाए घित्तव्वो जो णादा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९९।।
प्रज्ञया गृहीतव्यो यो द्रष्टा सोऽहं तु निश्चयतः।
अवशेषा ये भावाः ते मम परा इति ज्ञातव्याः।।२९८।।
प्रज्ञया गृहीतव्यो यो ज्ञाता सोऽहं तु निश्चयतः।
अवशेषा ये भावाः ते मम परा इति ज्ञातव्याः।।२९९।।

चेतनाया दर्शनज्ञानविकल्पानतिक्रमणाच्चेतयितृत्वमिव द्रष्टृत्वं ज्ञातृत्वं चात्मनः स्वलक्षणमेव। ततोऽहं द्रष्टारमात्मानं गृह्णामि। यत्किल गृह्णामि तत्पश्याम्येव; पश्यन्नेव पश्यामि, पश्यतैव पश्यामि, पश्यते एव पश्यामि, पश्यत एव पश्यामि, पश्यत्येव पश्यामि, पश्यन्तमेव पश्यामि। अथवा-न पश्यामि; न पश्यन् पश्यामि, न पश्यता पश्यामि, न पश्यते पश्यामि, न पश्यतः पश्यामि, न पश्यति पश्यामि, न पश्यन्तं पश्यामि; किन्तु सर्वविशुद्धो दङ्मात्रो भावोऽस्मि। अपि च-ज्ञातारमात्मानं गृह्णामि। यत्किल गृह्णामि तज्जानाम्येव; जानतेव जानामि, जानन्नेव जानामि, जानते एव जानामि, जानत एव जानामि, जानत्येव जानामि, जानन्तमेव जानामि। अथवा-न जानामि; न जानन् जानामि, न जानता जानामि, न जानते जानामि, न जानतो जानामि, न जानति जानामि, न जानन्तं जानामि; किन्तु सर्वविशुद्धो ज्ञप्तिमात्रो भावोऽस्मि।

ननु कथं चेतना दर्शनज्ञानविकल्पौ नातिक्रामति येन चेतयिता द्रष्टा ज्ञाता च स्यात? उच्यते--चेतना तावत्प्रतिभासरूपाः सा तु, सर्वेषामेव वस्तूनां सामान्यविशेषात्मकत्वात्, द्वैरूप्यं नातिक्रामति। ये तु तस्या द्वे रूपे ते दर्शनज्ञाने। ततः सा ते नातिक्रामति। यद्यतिक्रामति, सामान्यविशेषातिक्रान्तत्वाच्चेतनैव न भवति। तदभावे द्वौ दोषौ-- स्वगुणोच्छेदाच्चेतनस्या-चेतनतापत्तिः, व्यापकभावे व्याप्यस्य चेतनस्याभावो वा। ततस्यद्दोषभयाद्दर्शनज्ञानत्मिकैव चेतनाभ्युगन्तव्या।

---

(આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર તો ગ્રહણ કરાવ્યો; હવે સામાન્ય ચેતના દર્શન-જ્ઞાનસામાન્યમય હોવાથી અનુભવમાં દર્શનજ્ઞાનસ્વરૂપ આત્માને આ પ્રમાણે અનુભવવો-એમ કહે છે :

પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે દેખનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૮.
પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે જાણનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૯.

ગાથાર્થ :- [प्रज्ञया] પ્રજ્ઞા વડે [गृहीतव्यः] એમ ગ્રહણ કરવો કે- [यः द्रष्टा] જે દેખનારો છે [सः तु] તે [निश्चयतः] નિશ્ચયથી [अहम्] હું છું, [अवशेषाः] બાકીના [ये भावाः] જે ભાવો છે [ते] તે [मम पराः] મારાથી પર છે [इति ज्ञातव्याः] એમ જાણવું.

[प्रज्ञया] પ્રજ્ઞા વડે [गृहीतव्यः] એમ ગ્રહણ કરવો કે - [यः ज्ञाता] જે જાણનારો છે [सः तु] તે [निश्चयतः] નિશ્ચયથી [अहम्] હું છું, [अवशेषाः] બાકીના [ये भावाः] જે ભાવો છે

[ते] તે [मम पराः] મારાથી પર છે [इति ज्ञातव्याः] એમ જાણવું.

ટીકા :- ચેતના દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઉલ્લંઘતી નહિ હોવાથી, ચેતકપણાની માફક દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે. માટે હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું. 'ગ્રહણ કરું છું' એટલે 'દેખું જ છું;' દેખતો જ (અર્થાત્ દેખતો થકો જ) દેખું છું, દેખતા વડે જ દેખું છું, દેખતા માટે જ દેખું છું, દેખતામાંથી જ દેખું છું, દેખતામાં જ દેખું છું, દેખતાને જ દેખું છું. અથવા-નથી દેખતો; નથી દેખતો થકો દેખતો, નથી દેખતા વડે દેખતો, નથી દેખતા માટે દેખતો, નથી દેખતામાંથી દેખતો, નથી દેખતામાં દેખતો, નથી દેખતાને દેખતો; પરંતુ સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું. વળી એવી જ રીતે-હું જાણનારા આત્માને ગ્રહણ કરું છું. 'ગ્રહણ કરું છું' એટલે 'જાણું જ છું;' જાણતો જ (અર્થાત્ જાણતો થકો જ) જાણું છું, જાણતા વડે જ જાણું છું, જાણતા માટે જ જાણું છું, જાણતામાંથી જ જાણું છું, જાણતામાં જ જાણું છું, જાણતાને જ જાણું છું. અથવા-નથી જાણતો; નથી જાણતો થકો જાણતો, નથી જાણતા વડે જાણતો, નથી જાણતા માટે જાણતો, નથી જાણતામાંથી જાણતો, નથી જાણતામાં જાણતો, નથી જાણતાને જાણતો; પરંતુ સર્વવિશુદ્ધિ જ્ઞપ્તિમાત્ર (જાણનક્રિયામાત્ર) ભાવ છું. (આમ દેખનારા આત્માને તેમ જ જાણનારા આત્માને કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકોના ભેદપૂર્વક ગ્રહણ કરીને, પછી કારકભેદોનો નિષેધ કરી આત્માને અર્થાત્ પોતાને દર્શનમાત્ર ભાવરૂપે તેમ જ જ્ઞાનમાત્ર ભાવરૂપે અનુભવવો અર્થાત્ અભેદરૂપે અનુભવવો.)

(ભાવાર્થ :- આ ત્રણ ગાથાઓમાં, પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવાનું કહ્યું છે. 'ગ્રહણ કરવું' એટલે કોઈ અન્ય વસ્તુને ગ્રહવાની-લેવાની નથી; ચેતનાનો અનુભવ કરવો, તે જ, આત્માનું 'ગ્રહણ કરવું' છે.

પ્રથમની ગાથામાં સામાન્ય ચેતનાનો અનુભવ કરાવ્યો હતો. ત્યાં, અનુભવ કરનાર, જેનો અનુભવ કરવામાં આવે તે, જેના વડે અનુભવ કરવામાં આવે તે-ઇત્યાદિ કારકભેદરૂપે આત્માને કહીને, અભેદવિવક્ષામાં કારકભેદનો નિષેધ કરી, આત્માને એક શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો હતો.

હવે આ બે ગાથાઓમાં દ્રષ્ટા અને જ્ઞાતાનો અનુભવ કરાવ્યો છે, કારણ કે ચેતનાસામાન્ય દર્શનજ્ઞાનવિશેષોને ઉલ્લંઘતી નથી. અહીં પણ, છ કારકરૂપ ભેદ-અનુભવન કરાવી, પછી અભેદ-અનુભવનની અપેક્ષાએ કારકભેદ દૂર કરાવી, દ્રષ્ટાજ્ઞાતામાત્રનો અનુભવ કરાવ્યો છે.)

(ટીકા :) અહીં પ્રશ્ન થાય છે કે-ચેતના દર્શનજ્ઞાનભેદોને કેમ ઉલ્લંઘતી નથી કે જેથી

ચેતનારો દ્રષ્ટા તથા જ્ઞાતા હોય છે? તેનો ઉત્તર કહેવામાં આવે છે : પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે. તે ચેતના દ્વિરૂપતાને અર્થાત્ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. (બધીયે વસ્તુઓ સામાન્યવિશેષસ્વરૂપ છે, તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી.) તેનાં જે બે રૂપો છે તે દર્શન અને જ્ઞાન છે. માટે તે તેમને (-દર્શનજ્ઞાનને) ઉલ્લંઘતી નથી. જો ચેતના દર્શન જ્ઞાનને ઉલ્લંઘે તો સામાન્યવિશેષને ઉલ્લંઘવાથી ચેતના જ ન હોય (અર્થાત્ ચેતનાનો અભાવ થાય). તેના અભાવમાં બે દોષ આવે(૧) પોતાના ગુણનો નાશ થવાથી ચેતનને અચેતનપણું આવી પડે, અથવા (૨) વ્યાપકના (-ચેતનાના-) અભાવમાં વ્યાપ્ય એવા ચેતનનો (આત્માનો) અભાવ થાય. માટે તે દોષોના ભયથી ચેતનાને દર્શનજ્ઞાનસ્વરૂપ જ અંગીકાર કરવી.

## જેઠ વદ-૧૩, ગુરુવાર, તા. ૨૮-૦૬-૧૯૭૩
## ગાથા - ૨૯૮-૨૯૯, પ્રવચન-૪૨૨

૨૯૭ ગાથા પૂરી થઈ. મોક્ષ અધિકાર. હવે ૯૮ અને ૯૯. '**(આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર તો ગ્રહણ કરાવ્યો;...**' આત્મા શુદ્ધ ચૈતન્યમાત્ર છે એમ અભેદથી એનો અનુભવ કરાવ્યો. '**હવે સામાન્ય ચેતના દર્શન-જ્ઞાનસામાન્યમય હોવાથી...**' જે ચેતના છે આત્માનો સ્વભાવ-લક્ષણ તે ચેતના પણ બે પ્રકારની છે. દર્શન અને જ્ઞાન. '**અનુભવમાં દર્શનજ્ઞાનસ્વરૂપ આત્માને આ પ્રમાણે અનુભવવો...**' લ્યો ચેતના, વળી એના બે ભેદ—દર્શન અને જ્ઞાન. એ દર્શન દ્વારા એને અનુભવવો અને જ્ઞાન દ્વારા એને અનુભવવો. એ વાત છે.

पण्णाए घित्तव्वो जो दट्ठा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९८।।
पण्णाए घित्तव्वो जो णादा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९९।।

આમાં તો પ્રજ્ઞા-પ્રજ્ઞા આવી પર્યાય-પર્યાય. ભાઈ! ઓલા કહે પર્યાયનું નામ ન લેવું. પણ અહીં તો પર્યાયથી જ કાર્ય થાય છે, પર્યાયથી જ વાત કરી છે. કારણ કે આત્મા છે એ તો ત્રિકાળ ધ્રુવ, પણ એને જાણનારી દશા એ તો વર્તમાન પર્યાય છે.

મુમુક્ષુ :- એનું નામ દે તો એ ચોંટી જાય.

ઉત્તર :- ચોંટી જાય. આ તો ત્રણ-ચાર ગાથા એની મૂકી છે. આહા..હા..! અજ્ઞાનીને માટે તો વાત છે જ ક્યાં? અજ્ઞાનીને ભાન જ ક્યાં છે? આહા..હા..!

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે દેખનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૮.**
**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે જાણનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૯.**

ટીકા એની. 'ચેતના...' બહુ ઝીણી વાત છે. રાગ અને વિકલ્પ જે વ્યવહાર છે એ તો આત્માથી પૃથક્-ભિન્ન ચીજ છે. આહા..! અચેતન છે ઈ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના વિકલ્પ રાગ કે શાસ્ત્રનું પર તરફના વલણવાળા વિકલ્પનું જ્ઞાન એ બધું અચેતન છે ખરેખર તો. આહા..હા..! તેથી એ દ્વારા આત્મા જણાય એમ નથી. ત્યારે આ જણાય શી રીતે? કે પ્રજ્ઞા દ્વારા જણાય. વર્તમાન જ્ઞાનની દશા, પ્ર-વિશેષે પ્રજ્ઞાબુદ્ધિ. એ વર્તમાનબુદ્ધિ દ્વારા અંતર જણાય. વર્તમાન દ્વારા ત્રિકાળ જણાય. ઈ વાત પ્રજ્ઞાની તો આવી ગઈ છે સામાન્ય ચેતન. પણ હવે સામાન્યના બે ભેદ પાડ્યા.

'**ટીકા :- ચેતના દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઉલ્લંઘતી નહિ હોવાથી,...**' લ્યો, ચેતના જેનાથી આત્મા જણાય એવી ચેતના એ '**દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઉલ્લંઘતી નહિ હોવાથી,...**' એ ચેતના એમાં દર્શન અને જ્ઞાન એનો બે સ્વભાવ છે. ઈ એક જ ચેતના છે એમ નહિ. ચેતનાના બે સ્વભાવ છે—દેખવું અને જાણવું. એને નહિ ઉલ્લંઘતી હોવાથી. આહા..હા..! '**ચેતકપણાની માફક...**' ચેતવું, ચેતના વડે આત્માને જાણવો એમ જે કહ્યું એની માફક '**દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે.**' દેખવું અને જાણવું એ જીવનું-આત્માનું સ્વ-પોતાનું લક્ષણ જ છે. આહા..! એમાં અધિકાર આજ આવ્યો છેને ..માં. ઓલા રતનચંદજીએ કીધુંને. કેવળી વર્તમાનને .. દેખે. ભૂત-ભવિષ્ય નહિ.

મુમુક્ષુ :- .. શબ્દમાં એમ લખ્યું છે.

ઉત્તર :- હા, એ કૈલાસચંદજીએ લખ્યું છે. શું કરો છો આ તે? કાનજીસ્વામીનો વિરોધ કરતા તમારા સિદ્ધાંતનો વિરોધ થઈ જાય છે એની તમને ખબર નથી. કારણ કે ત્રણેય જોવામાં ક્રમબદ્ધ સિદ્ધ થઈ જાય છે બધું દેખે તો. એને તોડવા તો તમારો સિદ્ધાંત તુટી જાય છે.

મુમુક્ષુ :- કાંઈ વાંધો નહિ અમારે એનું ..

ઉત્તર :- એનું. .. આહા..હા..! સર્વજ્ઞ ત્રણ કાળ, ત્રણ લોકને એક સમયમાં જાણે. ત્યારે આમ બધું છે એમ જાણે હોં. શક્તિરૂપે ભવિષ્યની પર્યાય છે અને ભૂતની એમ નહિ.

આહા..હા..! વર્તમાનવત્ જ્ઞાનની વર્તમાનદશા બાપુ! સર્વજ્ઞ કોને કહે? આહા..હા..! એના વાંધા ઉઠ્યા છે ઓલા. ક્રમબદ્ધ નક્કી કરતા વાંધા આના ઉઠ્યા છે સંપ્રદાયમાં.

મુમુક્ષુ :- સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષામાં છેને ધર્મનું મૂળ...

ઉત્તર :- મૂળ જ સર્વજ્ઞ છે અને અહીં કીધું રત્નકરંડશ્રાવકાચારમાં એમ કીધું. સર્વજ્ઞ તે ધર્મના મૂળ છે એનું નક્કી નથી જ્યાં. એને ધર્મના કાંઈ જ ઠેકાણા નથી. સર્વજ્ઞની એક સમયની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને એક સમયમાં પ્રત્યક્ષવત્ જાણે. પ્રત્યક્ષનો અર્થ? અહીં છેને બધું. હવે એમાં તો ક્રમબદ્ધ નક્કી થઈ ગયું. ઈ વાંધા માટે કે તમે તોડો, શું કરો છો આ? સિદ્ધાંતનો ઘાત થાય છે. વિરોધ કરવા જાવ છો એમનો, એમાં થાય છે સિદ્ધાંતનો ઘાત. એમ કહ્યું .. ... છેને. લોકોને .. સમ્યગ્દર્શન.. સમ્યગ્દર્શન મુખ્ય પહેલું જોઈએ. એની વાત તો ઠેકાણે રહી નહિ અત્યારે તો. પછી ચારિત્ર અને તપ. ચારિત્ર જોઈએ, પણ ચારિત્ર સમ્યગ્દર્શન પછી. આહા..હા..! બેય જોઈએ. પણ બેય હોય જ તે. પણ પહેલું સમ્યગ્દર્શન જ જ્યાં નથી ત્યાં એના વ્રત અને તપ બધા એકડા વિનાના મીંડા છે. લોકમાં પોક મૂકે એવી વાતું છે. પછી સમ્યગ્દર્શન પછી સ્વરૂપમાં ઠરવું એ ચારિત્ર વિના તો મુક્તિ છે જ નહિ. આ હજી ચારિત્ર વિકલ્પને માને છે. આવું ચારિત્ર જોઈએ. કાંઈ ઠેકાણા નહિ. ... લાગે. આહા..હા..!

સર્વજ્ઞ-ભગવાન એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક દેખાય એ જાણે. તો તો થઈ ગયું, નક્કી થઈ ગયું. જે સમયે જે થવાનું તે થાય. પણ જે સમયે જે થવાનું હોય ઈ થાય એવું જ્યારે નક્કી કેવળજ્ઞાને જાણ્યું, પણ એ કેવળજ્ઞાનની સત્તાનો સ્વીકાર કરતા જ એને આત્મા તરફનું વલણ થઈ જાય છે. આહા..હા..! એને જાણ્યું એમ થાય એ તો એકકોર રાખો, પણ કેવળજ્ઞાનની સત્તા જગતમાં છે. આહા..હા..! એક સમયમાં કેવળજ્ઞાન એ પણ પર્યાય છે. કાંઈ કેવળજ્ઞાન એ ગુણ નથી, તેમ દ્રવ્ય નથી ત્રિકાળી. એક સમયનો પર્યાય આટલો જાણે, અનંતા કેવળીને, ત્રણ કાળને, વર્તમાન જાણતા ત્રણ કાળને જાણે એમ પણ નહિ. આહા..હા..! મોટા વાંધા ઉઠ્યા. આટલા વર્ષે પંડિતોમાં વાંધા ઉઠ્યા હવે. ત્યાં સુધી તો ચાલતું હતું ... બધાયમાં. વાંધા કાઢ્યા હવે. માંહોમાંહે પંડિતોને વિરોધ થયો. આહા..હા..!

એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એ તો સર્વજ્ઞ પરમેશ્વર. આહા..હા..! એને વર્તમાન છે એને જાણે અને વર્તમાનપૂર્વક ત્રણ કાળને જાણે એ તો અનુમાન જ્ઞાન થઈ ગયું, એ તો પરોક્ષ જ્ઞાન થયું. ભગવાનજીભાઈ! આ બધા વાંધા આ છેને. આહા..હા..! અમારે એ વાંધો ઉઠ્યો હતોને ૭૨થી સંપ્રદાયમાં. ૭૨. ૫૭ વર્ષ થયા. ઈ વાંધા અહીં આવ્યા પાછા દિગંબરમાં.

મુમુક્ષુ :- હવે વાંધા ઘટતા જાય છે.

ઉત્તર :- ઘટતા જાય છે વાત સાચી છે. આ તે કાંઈ ઘરની વાત છે કે વસ્તુનું સ્વરૂપ છે આવું? આહા..હા..! ત્રણ કાળ, ત્રણ લોક દેખે ઈ એને એમ થઈ ગયું કે જ્યારે જે સમયે જે દ્રવ્યની જે કાળે જે (અવસ્થા) થવાની તે થાશે. એમ ભગવાને જોયું છે. 'જે જે દેખી વીતરાગને તે તે હોશી વીરા.' એ તો આવે છેને 'અનહોની કબહુ ન હોત કાહે હોત અધીરા?' એનો અર્થ જ ઈ છે કે જ્ઞાનસ્વરૂપ જાણનાર છે એમ જ્યાં નક્કી થયું. એટલે જાણનાર છે કેવળજ્ઞાનની પર્યાય. આહા..હા..! મોક્ષ થયો એ તો. પણ મોક્ષની શ્રદ્ધા જ્યાં કરવા જાય છે તો પર્યાયના આશ્રયે થતી નથી. ઈ તો સરવાળો આ જ આવે છે એમાં. જ્ઞાયકભાવ ત્રિકાળ વસ્તુને આશ્રયે શ્રદ્ધા થાય એમાં કેવળજ્ઞાનની શ્રદ્ધા આવી જાય છે. આહા..હા..! એ પણ ... આહા..હા..! સત્ય છે. સત્ય છે એને ક્યાં, એને ગોપવવું છે ક્યાં, એને સંતાડવું છે ક્યાં? શેઠ આવ્યા હતા ત્યારે કહેતાને તે દિ' પહેલાવહેલા? હુકમીચંદજી. આ ઉપાદાન-નિમિત્તની વાત બહુ છંછેડશો નહિ. કહે શું કરવા ન છંછેડીએ? એમ કે આ મહારાજ નવા છેને. .. શેઠિયાઓમાં, પંડિતોમાં ચર્ચ્યું. આ ઉપાદાનથી થાય તે વખતે નિમિત્ત હોય છે એટલું. નિમિત્તથી અહીં થાય છે એ વાત છે નહિ. ... ... મહારાજને ખોટું થાય છે. ... છંછેડવાના વિદ્વાનો, પંડિતોમાં આ વાત મૂકો. આત્માની કે દરેક જડની પર્યાય ઉપાદાન પોતાથી થાય, ત્યારે નિમિત્ત હોય છે તો નિમિત્તથી એ થાય છે. એમ નથી. આ ક્યાં ગુપ્ત વાત રાખી છે હવે? પછી તો હળવે-હળવે પંડિતોને ખબર પડવા માંડી. ... એમ કે .. સર્વજ્ઞનું આવું કોઈ પુસ્તક-બુસ્તક લાગે છે ... આહા..હા..!

અહીં કહે છે જે સર્વજ્ઞ છે એ ત્રણ કાળ, ત્રણ લોક જાણે, પણ અહીં પ્રજ્ઞા જે છે જ્ઞાનની દશા એ આત્માને જાણે અને આત્માને જાણતા આત્મા ત્રણ કાળમાં જાણનાર છે એવો ત્યાં નિર્ણય થાય. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ વીતરાગનો એટલો સૂક્ષ્મ છે કે જગતને હાથ આવ્યો નહિ. અને મળ્યું પીરસણું બીજું મળ્યું. આહા..હા..! પીરસવાનું બીજું અને નીકળ્યું કાંઈ નહિ. હવે આટલા વર્ષે ચર્ચા ચાલે છે રતનચંદજી અને કૈલાસચંદજી. આ શું કર્યું ત્યારે પહેલા?

કહે છે ચેતના. ભગવાન આત્મા ચેતન. એનું ચેતના, ચેતવું, જાણવું-દેખવું બે ભેગા થઈને ચેતના. એ '**ચેતના દર્શનજ્ઞાનરૂપ ભેદોને...**' એ ચેતના દેખવું અને જાણવું એવા બે પ્રકારને '**ઉલ્લંઘતી નહિ હોવાથી...**' એ ચેતનાનો બે સ્વભાવ છે—દર્શન અને જ્ઞાન. આહા..હા..! '**ચેતકપણાની માફક...**' હું ચેતવું જેમ એનું લક્ષણ છે અને એનાથી આત્મા જણાય એમ '**ચેતકપણાની માફક દર્શકપણું...**' દેખવાપણું '**અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે.**' એકમાં બે ઉપાડ્યા. પહેલું ચેતવું એ એનું લક્ષણ કહ્યું હતું. હવે ચેતવાના બે પ્રકાર. આહા..હા..! દર્શન અને જ્ઞાન. એકલું ચેતવું એ પણ જેને ભેદ લાગે, વળી ચેતનાના

બે ભેદ. પર્યાયમાં બે ભેદ છે. આહા..હા..! એ કહેશે વિશેષ ... છે. સ્વલક્ષણ જ છે એનું. દેખવું, જાણવું ચેતનાનું જ સ્વરૂપ છે. એ સ્વલક્ષણ જ છે. '**માટે હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું.**' દેખનારો આત્મા એને હું અનુભવું છું. દેખનાર વડે, દેખનાર પર્યાય વડે, દેખાય છે જે દશ્ય આત્મા એને હું અનુભવું છું. આહા..હા..! .. બાપુ ... ચલાવે .. કરવા. .. શશીભાઈ! કોઈ દિ' અભ્યાસ ન મળે. એમાં આવી જિંદગી રળવું ને ખાવું ને પીવું .. જાઓ. આહા..હા..! આવું માણસોને એના મૂળ તત્ત્વને વિચારવાની પણ શક્તિ ન હોય એને શું કરવું? આહા..હા..!

કહે છે કે ચેતકપણું જેમ જાણવાપણું, દેખવાપણાનું સામાન્યરૂપ ચેતક. એની માફક '**દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે. માટે હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું.**' દેખનારો જે આત્મા એને અનુભવું છું. ગ્રહણ કરું છું એટલે અનુભવું છું. આહા..હા..! હવે આમાં ઓલા દયા પાળવી, વ્રત પાળવા, ભક્તિ કરવી. એ તો વિકલ્પની વાતું રાગની, અચેતન છે. એ આત્મામાં છે જ નહિ. આહા..હા..! એટલે દેખું જ છું. છેને? ગ્રહણ કરું છું એટલે? એ સામાન્ય વાત છે. દેખતો થકો હું દેખું છું એ કર્તા થયો. દેખતો હું દેખતો દેખનારા દ્વારા દેખતો થકો દેખું છું એ કર્તા થયો. આહા..હા..! ઈ પર્યાયમાં આવા છ ભેદ પડે છે.

'**દેખતા વડે જ દેખું છું,...**' દેખનારા વડે હું દેખું છું. એ તો કરણ થયું સાધન. આ કરણ અને સાધન આવું બધું સાંભળ્યું ન હોય. ચોટીલામાં મળે નહિ મુંબઈમાં મળે નહિ. આહા..હા..! ભગવાન પરમાત્મા એમ કહે છે, ભાઈ! તું ચેતક જીવ. ચેતનારો એવું તારું લક્ષણ છે. ચેતવું એ તારું લક્ષણ છે ચેતનનું. તો જેમ ઈ ચેતના વડે આત્માને જાણ્યો, દેખ્યો, અનુભવ્યો એમ અહીંયાં દ્રષ્ટા વડે કરીને, હું '**દેખતો જ (અર્થાત્ દેખતો થકો જ) દેખું છું, દેખતા વડે જ દેખું છું,...**' આહા..હા..! કહો, ચેતનજી! આ તો દેખતા વડે દેખું છું. પર્યાયની વાત આવી. કાર્ય તો ત્યાં થાય છેને. એનો આશ્રય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આ ચાલ્યા જાય છે જુઓને માણસો. મરણના સાંભળીએ છીએ. આ મરી ગયો છે. કેન્સર થયું હતું ઈન્દ્રિયમાં. આહા..હા..! એ પીડા વર્ણવી જાય નહિ પીડા. એની પીડાનો હેતુ શરીર અને રાગની એકતાબુદ્ધિ તે. તે દુઃખનો હેતુ. તો એકતાબુદ્ધિ પહેલી તુટે ત્યારે એને સ્વભાવની એકતા અંદરમાં જણાય. આહા..હા..! એ તો સમય તો એક જ છે. સમજાણું કાંઈ? ભ્રાંતિ ટળે કે હું તો એક દેખનારો દેખનારને દેખું છું. તેવી હજી પર્યાયમાં વિચારણામાં ધારા ચાલે છે. આહા..હા..!

'**દેખતા માટે જ દેખું છું,...**' એ દેખતા માટે હું દેખું છું. કોકને માટે નહિ. દેખતા માટે મારી પર્યાયમાં જે દશા દેખતાની થાય એ મારામાં રહે છે. એ પર્યાયને હું આપું છું

મને. સંપ્રદાન છે. આહા..હા..! વાણિયાને આ છ કારક આવ્યા ન હોય અને આવ્યા હોય તો ભૂલી ગયા હોય પહેલા નિશાળમાં આવ્યા હોય તો. ચીમનભાઈ! કારણ કે પરીક્ષા પાસ કરવા માટે તો ભણ્યો હોય એકલું. એને પછી યાદ રાખે નહિ. આહા..હા..! આ તો નિશાળમાં આવે છે ચોથી ચોપડી છ કારકો. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન. હવે નથી આવતું? એને પણ ખબર નથી. ના પાડે છે. અત્યારે નથી આવતું? ચોથી-પાંચમીમાં નહિ? આમાં તો આવ્યું છે ... એ તો મૂળ વસ્તુ છે. એ વ્યાકરણ છે. આહા..હા..!

**'દેખતા માટે જ દેખું છું,...'** આહા..હા..! ધર્મની અનુભવદૃષ્ટિ થવા પહેલા પણ દેખનારા માટે દેખું છું. હું કાંઈ કોકને માટે દેખું છું એમ નથી. એ દેખવાની પર્યાય જે થઈ ઈ મારામાં રહે છે. આહા..હા..! રાગ મારામાં રહે છે એમ નહિ. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ મારામાં રહે છે. મેં-મેં કરીને મેં દાન મને આપ્યું એ (ભેદ) મારા સ્વરૂપમાં નથી. આહા..હા..! એમ સમ્યગ્દર્શન થવા પહેલા પર્યાયોની છ પ્રકારની કર્તૃત્વ આદિની સ્વતંત્રતાને ત્યાં ઘુંટે છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? **'દેખતામાંથી જ દેખું છું,...'** કોઈ રાગથી અને ફલાણાથી દેખું એમ નહિ. એ તો દેખતામાંથી દેખું છું. અપાદાન. મારાથી હું દેખું છું. દેખતામાંથી હું દેખું મને. આહા..હા..! શું છે આ?

**'દેખતામાં જ દેખું છું,...'** આધાર. દેખનારો જે છે ઈ દેખતામાં દેખું છું, દેખતામાં દેખું છું. આહા..હા..! અને **'દેખતામાં જ દેખું છું,...'** કહો, સમજાણું? **'દેખતાને જ દેખું છું.'** એ કર્મ-કાર્ય આવ્યું. દેખતાને જ-દેખનારાને જ અનુભવું છું. આહા..હા..! એ કાર્ય આવ્યું, કર્મ આવ્યું. એટલો વિચાર કરીને હવે નિષેધ કરે છે. એ છ પ્રકાર પર્યાયના ભલે હોય, પણ હું તો ત્રિકાળી દ્રવ્ય છું એમાં એ નથી એમ પર્યાય નિર્ણય કરે છે. આહા..હા..! લોકો ક્યાંના ક્યાંય માનીને બેઠા અને નીકળ્યું કાંઈક. આહા..હા..! કહે છે કે હું તો નથી. છેને? **'નથી દેખતો;...'** એટલે કે એ ભેદ મારામાં નથી એમ કહે છે. **'નથી દેખતો;...'** એટલે આંધળો છે એમ નહિ. હું દેખતો થકો દેખું છું એમ કહ્યું હતું એ તો ભેદ હતો. એથી કહે છે કે હું **'નથી દેખતો;...'** આહા..હા..! એ સામાન્ય થયું.

**'નથી દેખતો થકો દેખતો,...'** એ કર્તા થયું. હું કર્તા થઈને દેખતો થતો દેખું એ હું નહિ. એવો ભેદ નહિ એમ કહે છે. ભારે ધર્મ ભાઈ! હવે એમાં બાયુ બિચારી સાધારણ. જૂની રૂઢિયુંમાં હોય ગામડામાં. એય..! દામભાઈ! એને બિચારાને આ બેસે શી રીતે? આ .. બિચારા શું કરે? આવું ક્યાંથી કાઢ્યો નવો ધર્મ? બિચારા ભોળા માણસ હોય. અક્ષર આવડતો ન હોય, અભણ માણસ હોય, ગામડાના માણસ હોય લ્યો. હવે બિચારા સામાયિક કરતા હોય, પોષા કરતા હોય, પડિક્કમણા કરતા હોય. એમાં ઈ કહે કે એ બધો કાંઈ નથી તમારો ધર્મ. ધર્મ તો આત્મા પોતાને દેખતો થકો દેખવો એવો ભેદ પણ જેમાં નથી. એ

ક્રિયાકાંડનો રાગ તો નથી, પણ હું નથી દેખતો, નથી દેખતો થકો દેખતો. આહા..હા..! એટલે ભેદ મારામાં નથી એમ. હિંમતભાઈ! બહુ ઝીણું આ.

'**નથી દેખતા વડે દેખતો,...**' હું દેખતા વડે દેખતો નથી. તો આંધળા વડે દેખું છું એમ? એ ભેદ નથી મારામાં. આહા..હા..! '**નથી દેખતા વડે દેખતો,...**' એ સાધન. આ વડે દેખું છું એવું સાધન એ ભેદ નથી મારામાં. હું તો ત્રિકાળ ધ્રુવ-ધ્રુવ સર્વવિશુદ્ધ સ્વરૂપ છું. આહા..હા..! '**નથી દેખતા માટે દેખતો,...**' હું દેખતા માટે નથી દેખતો. પરને માટે દેખું છું એમ આવ્યું એમાં? ઓલો દેખતા માટે નથી દેખતો એટલો ભેદ નથી. આહા..હા..! ભારે ભાઈ! '**નથી દેખતામાંથી દેખતો,...**' હું દેખતામાંથી નથી દેખતા એવો ભેદ મારામાં નથી એમ. '**નથી દેખતામાં દેખતો,...**' એ આધાર. '**નથી દેખતાને દેખતો;...**' હું દેખતાને દેખતો નથી. એવો ભેદ નથી એમ. આહા..હા..! આ પણ સમજવું કઠણ. કહો, '**નથી દેખતાને દેખતો; પરંતુ સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું.**' લ્યો, હું તો સર્વવિશુદ્ધ નિર્મળ ત્રિકાળી શુદ્ધ ધ્રુવભાવ છું. એમ પર્યાય એમ નિર્ણય કરે છે. આહા..હા..! આવો વીતરાગમાર્ગ. પછી તકરારું કરે ન સમજાય તો શું કરે બિચારા? સરખો ભાગ છોકરાને ન આપે તો છોકરો તકરાર કરે. સરખો ભાગ. તરબુચના કટકા કર્યા હોય. સાત-આઠ છોકરાને સરખા ન હોય. આને ઉંચું હોય કે નીચું હોય કે પહોળું હોય. તો પછી તકરારીને કહે કે ભાઈ લઈ લે પહેલો ભાગ તારો. પછી તકરાર કરીશ નહિ. એ પહેલો ભાગ લીધો સરખી .. જોઈને. પણ નીચે મારે નાનું હતું. પણ તારે ઝાઝું હતું ઈ લેવું હતું તારે?

મુમુક્ષુ :- અને એ ખાઈ ગયા પછી કહે.

ઉત્તર :- ખાઈ ગયા પછી. આ લાંબી શેડવાળો છે કટકો અને ઓલા પહોળાશવાળો કટકો. પણ તને કહ્યું નહોતું? પસંદ કરીને લેને. સારા તકરારું, કલેશિયા તો એવા જ હોય મારા. એમ આ કહે છે કે જેમ છે એમ સમજને. ભાગ કેમ મારા પાડે છે જૂઠા? આહા..હા..!

હું તો '**સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું.**' ક્યાંથી આવે છે ત્યાં? ભાવનગરથી? ક્યાંના છે? .. ઝીણી વાતું છે હોં આ બધી. સમજવી પડશે તમારે. મેટ્રીક-બેટ્રીક નથી ભણતા બધા? પણ આ તો ભગવાનની વાણી છે અને ઈ તારું તત્ત્વ આવું છે એની દૃષ્ટિ કર એમ કહે છે. આહા..હા..! '**વળી એવી જ રીતે-હું જાણનારા આત્માને ગ્રહણ કરું છું.**' એટલે જાણું છું. હવે જાણવાના છ બોલ. પહેલા એકલા ચેતનારના હતા, પછી આ દર્શનના છ, પછી આ જ્ઞાનના છ. એનો પણ ભેદ તોડી નાખે છે. આહા..હા..! ''**ગ્રહણ કરું છું**' એટલે '**જાણું જ છું;**'...' જાણું છું એ સામાન્ય વાત.

'**જાણતો જ (અર્થાત્ જાણતો થકો જ) જાણું છું,...**' એ કર્તા. હું જાણતો જ જાણું છું. '**જાણતા વડે જ જાણું છું,...**' જાણતા વડે જાણું છું બીજો ભાગ કરણ.

'**જાણતા માટે જ જાણું છું,...**' એ સંપ્રદાન. પોતાના માટે મેં આ જાણ્યું. '**જાણતામાંથી જ જાણું છું,...**' આહા..હા..! '**જાણતામાં જ જાણું છું,...**' એ આધાર. ઓલું અપાદાન થી થકી. '**જાણતાને જ જાણું છું.**' એ કાર્ય. '**જાણતાને જ જાણું છું.**' લ્યો આમાં તો રાગને પણ જાણું છું અને ફલાણાને પણ જાણું એ પર્યાયના ભેદમાં પણ આ ન આવ્યું. પ્રેમચંદજી! આહા..હા..! હવે રાગનું જાણવું તો ક્યાંય રહી ગયું. એ તો વ્યવહારની વાતું બધી. આહા..હા..! હવે આવ્યું કે નહિ આ કીધું. '**જાણતાને જ જાણું છું.**' કહો આ જાણતાને જ જાણું છું. આહા..હા..! એવો જે ભેદ. રાગને જાણું છું એ તો વાત પણ અહીં ન આવી. સમજાણું કાંઈ? એ વ્યવહારરત્નત્રયનો રાગ છે, એ સંબંધીનું જ્ઞાન, સ્વનું જ્ઞાન થતાં પર્યાયમાં એનું અને પરનું જ્ઞાન થાય છે. એવું પોતાનું અસ્તિત્વ છે. પણ કહે છે કે હું '**જાણતાને જ જાણું છું.**' જાણતાને જ ગ્રહણ કરું છું. આહા..હા..! એ પણ નિષેધ કરી નાખ્યો હવે પાછો. આહા..હા..! પરને જાણું છું અને પરને આ કરું છું, પર વડે જણાય છે અને સ્વ છે માટે જણાય છે એ તો ક્યાંય રહી ગયું. આહા..હા..! વસ્તુનું સ્વરૂપ આવું છે. એ રીતે દૃષ્ટિ કરે તો એને સત્ પ્રાપ્ત થાય. જે રીતે નથી એ રીતે જાણે તો ઉંધું થાય. મિથ્યાત્વ થાય મિથ્યાત્વ. આહા..હા..! મોટા ફેરે ફેર. આહા..હા..!

'**અથવા—નથી જાણતો;...**' એ સામાન્ય. '**નથી જાણતો થકો જાણતો,...**' હું નથી જાણતો થકો જાણતો. ભેદ મારામાં નથી. '**નથી જાણતા વડે જાણતો,...**' આ જાણતા વડે નથી જાણતો તો કોના વડે જાણે છે? ભેદ નથી. આહા..હા..! ભારે આકરી વાતું! કહો, ... આ બધું શું થયું અત્યાર સુધી તમારું?

મુમુક્ષુ :- નકામું ગયું.

ઉત્તર :- નકામું ગયુંને? આવો માર્ગ વીતરાગનો. આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરોએ આ બધું કહ્યું છે. હવે એને સાંભળવા મળે નહિ, કે દિ' વિચારે અને કે દિ' જાય અંદર? આહા..હા..! અરેરે..! મહાદુર્લભ ચીજ! અને જગતમાં ચાર ગતિમાં રખડવું એને સુલભ થઈ પડ્યું છે. આહા..હા..! આંખ મીંચાણી જાય ચોર્યાસીના અવતારમાં. વસ્તુની દૃષ્ટિ અને વસ્તુનું અસ્તિત્વ કેવું છે એવું તો જાણ્યું નહિ, માન્યું નહિ, ઓળખ્યું નહિ. આહા..હા..! ઓહો..હો..! ગજબ વાતું કરી છે. નથી જાણતો. જાણતો થકો નથી જાણતો. એ નથી.

'**નથી જાણતા વડે જાણતો,...**' જાણતા વડે જાણવું એવો ભેદ મારામાં નથી. '**નથી જાણતા માટે જાણતો,...**' ઠીક સંપ્રદાન. '**નથી જાણતામાંથી જાણતો,...**' જાણતામાંથી જાણતા વડે જાણું છું એ ભેદ છે. '**નથી જાણતામાં જાણતો,...**' આહા..હા..! જાણતામાં આધાર છે. '**નથી જાણતાને જાણતો;...**' એ કાર્ય છે. '**નથી જાણતાને જાણતો;...**' આહા..હા..! જાણતાને જાણતો એ હું નથી લે. એવો ભેદ છેને? આહા..હા..! શું રચના

પણ! સમયસારની રચના. લોકો હવે એમ કહે છે હોં. ફુલચંદજી કહેતા હતા સાંભળીને. આહા..હા..! એક સમય છે આ ત્યાં .. આહા..હા..! ગજબ વાતું છે. આમાં સમયસારનું નામ આપ્યું છેને. સોનગઢને નામે સમયસાર શરૂ થઈ ગયું છેને? જ્યાં હોય ત્યાં સમયસાર વાંચે. ભલે સમજે, ન સમજે પણ દીધે રાખે. આહા..હા..!

મુમુક્ષુ :- વાંચવા અને સમજવાની ભાવના કરે

ઉત્તર :- અરે..! બાપુ! કે તું કોણ છો? એ જણાવનાર એ તો વાચ્ય શબ્દ છે. આહા..હા..! એ શબ્દથી જણાય એવો નથી. તો આ ભેદથી જણાય એવો નથી તો પછી પ્રશ્ન ક્યાં? આહા..હા..!

'**પરંતુ સર્વવિશુદ્ધિ જ્ઞપ્તિમાત્ર**...' લ્યો, ત્યાં એ શબ્દ આવ્યો. '**(જાણનક્રિયામાત્ર) ભાવ છું**.' હું તો જાણનક્રિયામાત્ર ભાવ છું. આહા..હા..! સર્વદર્શી શક્તિ લીધી છે નહિ? ૪૭માં દર્શી શક્તિ અલગ લીધી. જ્ઞપ્તિક્રિયા છે જ્ઞાનની. '**સર્વવિશુદ્ધિ જ્ઞપ્તિમાત્ર**...' અભેદ ચીજ એકલો આત્મા ઈ જાણનક્રિયામાત્ર. જાણનક્રિયામાત્ર તો પર્યાય છે. પણ પર્યાય દ્વારા એણે એકલો જાણનારો આ છે. અભેદ છે એમ દૃષ્ટિ કરી ત્યારે એ '**(જાણનક્રિયામાત્ર) ભાવ છું**.' જાણનક્રિયા એટલે? વર્તમાનની પર્યાયમાત્ર એમ નહિ. સમજાણું કાંઈ? ભાષા તો એમ છે. '**(જાણનક્રિયામાત્ર) ભાવ છું**.' જાણનક્રિયા એટલે ત્રિકાળ. જાણવાનો જે સ્વભાવ ત્રિકાળ એકરૂપ જ્ઞાયકભાવ તે હું છું. આહા..હા..!

'**(આમ દેખનારા આત્માને તેમ જ જાણનારા આત્માને કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકોના ભેદપૂર્વક ગ્રહણ કરીને**,...' છ પ્રકારે એને પહેલો જાણીને '**પછી કારકભેદોનો નિષેધ કરી**...' લ્યો, '**આત્માને અર્થાત્ પોતાને દર્શનમાત્ર ભાવરૂપે તેમ જ જ્ઞાનમાત્ર ભાવરૂપે અનુભવવો અર્થાત્ અભેદરૂપે અનુભવવો.)**' એમ કીધું છે. આહા..હા..! ત્રિકાળ ધ્રુવસ્વરૂપ એ દૃષ્ટિમાં લઈને અનુભવવો. આહા..હા..! ભેદનો વિષય પણ એનાથી નહિ. ભેદના વિષયે એ નહિ જણાય. નિમિત્તથી નહિ જણાય, શાસ્ત્રથી ન જણાય, દેવ-ગુરુથી ન જણાય, રાગથી ન જણાય, ભેદથી ન જણાય. આહા..હા..! અભેદ છે એવી દૃષ્ટિ કરતા એ જણાય. ભારે આકરું કામ. આ ભણ્યા ન હોય બિચારા. બાયડીઓને આખો દિ' રાંધવું. સવારમાં રોટલી અને સાંજે ખીચડી એ વળી પાછું .. એમાં વખત ક્યાં મળે એને? ઘણો વખત મળે. .. વખત જ છેને. આહા..હા..! ક્રિયા તો ક્રિયાને કાળે થાય. આ એની ધારણામાં આ વાત હોય તો એનું મંથન કરે. આહા..હા..!

'**(ભાવાર્થ :- આ ત્રણ ગાથાઓમાં**...' ૯૭-૯૮-૯૯. '**પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવાનું કહ્યું છે. 'ગ્રહણ કરવું' એટલે કોઈ અન્ય વસ્તુને**...' પકડવાની નથી. અન્યને કાંઈ લેવાની નથી. '**ચેતનાનો અનુભવ કરવો**,...' આહા..હા..! ત્રિકાળ ચેતના સ્વભાવ

એનો અનુભવ કરવો. **'તે જ, આત્માનું 'ગ્રહણ કરવું' છે.'** કથા હોય તો સમજાય પણ ખરું. હવે એક વાર્તા હોય રાજા, રાણી રિસાણી રાજા મનાવે. આ તો એની પર્યાય છે, એનો ધણી રાજા આત્મા છે. એની વાત છે. પર્યાયથી રિસાણી છે પર્યાય. પરમાં ગઈ છે જોડાણી. એને અંદરમાં વાળવી એની વાત છે.

મુમુક્ષુ :- એ પણ કથા થઈને.

ઉત્તર :- એ કથા. (આત્મકથા) આહા..હા..! એનો એને રસ લાગે. વસ્તુ અખંડ છે, અભેદ છે એની મહિમા, મહિમા આવે તો એ બાજુનું ઘુંટણ થાય. ગમે તે કામ હોય, પણ વસ્તુનું સ્વરૂપ છે. એ તરફનું જો ઘુંટણ હોય તો તે બાજુ જ રહ્યા કરે. આહા..હા..!

**'ત્યાં, અનુભવ કરનાર, જેનો અનુભવ કરવામાં આવે તે, જેના વડે અનુભવ કરવામાં આવે તે-ઈત્યાદિ કારકભેદરૂપે આત્માને કહીને, અભેદવિવક્ષામાં કારકભેદનો નિષેધ કરી, આત્માને એક શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો હતો.'** લ્યો, આહા..હા..! ત્યાં તો એવો આ ભેદ પણ નથી એને અનુભવવો. અનુભવવો એ પર્યાય છે. અનુભવ કાંઈ ધ્રુવનો ન હોય. સમજાણું? એથી .. કહેને અનુભવ .. આત્માને અનુભવવો ભેદ થઈ ગયો. આહા..હા..! વસ્તુની ખબર નહિ. અનુભવ પર્યાય છે. કોનો અનુભવ કર? ધ્રુવનો. ધ્રુવ તો ધ્રુવરૂપે છે, પણ એ બાજુ ઢળેલી પર્યાય ધ્રુવનો અનુભવ કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! અરે..! આવું મળે નહિ બિચારાને શું કરે? અનાથ. જગતમાં અનાથ થઈને ફરે. કોઈ નાથ નથી. નાથ અંદર બિરાજે એને જાણતો નથી. જેને શરણે જાતા સંસારનો નાશ થાય, જેને શરણે જાતા મુક્તિની પ્રાપ્તિ થાય એવું અભેદતત્ત્વ તું છો એમ કહે. આહા..હા..! અરે..! આમાં માન શા? અમને આ આવડે છે અને અમને આ.. તમારું આ ખોટું છે. હવે ભાઈ! ખોટા-સાચાની વાતું ન મળે બાપા! આહા..હા..! તને ન સમજાય, ન પકડાય માટે સત્ય કાંઈ બીજું થઈ જાય? માથું ચડી જાય એમ કહેતા શાહુજી. સાંભળતા.

મુમુક્ષુ :- આ સાંભળે તો વધારે.

ઉત્તર :- આ તો ઝીણું બહુ. આહા..હા..! અહીં પણ છ. કીધુંને?

**'અહીં પણ, છ કારકરૂપ ભેદ-અનુભવન કરાવી,...'** એનું જ્ઞાન કરાવ્યું. **'પછી અભેદ-અનુભવનની અપેક્ષાએ કારકભેદ દૂર કરાવી, દ્રષ્ટાજ્ઞાતામાત્રનો અનુભવ કરાવ્યો છે.)'** લ્યો. હવે **'(ટીકા :-) અહીં પ્રશ્ન થાય છે...'** આ તો મુદ્દાની રકમની-માલની વાત છે. આહા..હા..! એ સર્વજ્ઞે કહ્યું એવું આ તત્ત્વ છે. સર્વજ્ઞ પરમાત્માએ જોયો છે ત્રણ કાળ, ત્રણ લોક. એમાં આવો આત્મા અભેદ છે એ પણ ભગવાને જોયું છે. એ અભેદની દૃષ્ટિ કરવી, તો ભગવાને જેમ જોયું એમ જાણ્યું (એ) સમ્યગ્દર્શન. આહા..હા..! **'અહીં પ્રશ્ન થાય છે કે-ચેતના દર્શનજ્ઞાનભેદોને કેમ ઉલ્લંઘતી નથી કે જેથી ચેતનારો દ્રષ્ટા તથા**

**જ્ઞાતા હોય છે?'** સમજાણું કાંઈ? શિષ્યનો પ્રશ્ન છે. આ ચેતના જે જાણનાર-દેખનાર ચેતના છે ઈ ચેતના દર્શન-જ્ઞાનભેદને કેમ ઉલ્લંઘતી નથી. એમાં દેખવું-જાણવું એવા ભેદ કેમ ન હોય? હોય જ. ભેદને ઉલ્લંઘતી નથી. **'કે જેથી ચેતનારો દ્રષ્ટા તથા જ્ઞાતા હોય છે?'** ચેતનારો એના ભેદવાળો દૃષ્ટા અને જ્ઞાતા હોય છે. એમ શિષ્યનો પ્રશ્ન છે.

**'તેનો ઉત્તર કહેવામાં આવે છે :- પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે.'** ચેતના ફક્ત જાણવું પ્રતિભાસ. જે સ્વ અને પર છે તેને જાણે-દેખે એ પ્રતિભાસરૂપ છે. આહા..હા..! **'તે ચેતના દ્વિરૂપતાને અર્થાત્ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી,...'** ચેતના જે છે એ બેરૂપપણાને ઉલ્લંઘતી નથી. ચેતના પ્રતિભાસરૂપ છે. એ ચેતનામાં સ્વને જાણવું ઈ પ્રતિભાસ એમાં છે. એના બે ભેદ છે. **'કારણ કે સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. (બધીયે વસ્તુઓ સામાન્યવિશેષસ્વરૂપ છે, તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી.)'** આહા..હા..! દેખવું અને જાણવું એ બે સ્વરૂપ છે એના. એક ચેતનાના બેરૂપ છે. બેરૂપ ન હોય તો ચેતનાનો નાશ થાય છે. સમજાણું? અને ચેતનાનો નાશ થતા આત્માનો નાશ દૃષ્ટિમાં થાય છે. ઓલી વસ્તુ તો છે ઈ છે. આહા..હા..!

**'તેનાં જે બે રૂપો છે તે દર્શન અને જ્ઞાન છે.'** ભગવાન ચેતન એની ચેતના એના બેરૂપ છે—દેખવું અને જાણવું. **'માટે તે તેમને (-દર્શનજ્ઞાનને) ઉલ્લંઘતી નથી.'** ઈ ચેતના બે ભાવને ઉલ્લંઘતી નથી. **'જો ચેતના દર્શન જ્ઞાનને ઉલ્લંઘે તો સામાન્યવિશેષને ઉલ્લંઘવાથી ચેતના જ ન હોય...'** ચેતના જ ન રહે. કારણ કે એનું બે રૂપ છે—સામાન્ય અને વિશેષ. એ જો ન હોય તો એ ચેતના જ રહી શકે નહિ. આવી વાતું બધી. મુંબઈમાં ઝાઝા માણસમાં મૂકે તો આ તે શું કહે છે? એમ થાય નહિ? શેની માંડી છે? ધર્મ કરવો. અમારે ધર્મ કરવાનું તો કાંઈ કહેતા નથી. આવું આ છે અને આવું આ. આહા..હા..! ઓલામાં કહ્યું છેને સમ્યગ્જ્ઞાનદિપીકામાં? આત્મા એક અને બાવીશ પરિષહ? આત્મા એક અને દસ પ્રકારના ધર્મ? એ એક દસમાં ક્યાંથી આવી ગયા? આહા..હા..! સમ્યગ્જ્ઞાન દિપીકામાં આવે છે ધર્મદાસક્ષુલ્લક. આત્મા એક અને દસ પ્રકારના ધર્મ. દસ ક્યાંથી આવી ગયા? આહા..હા..! અભેદરૂપ ભગવાન આત્મા એને જાણનારી દશા એ ભલે પર્યાય છે, પણ એ અભેદને જાણે છે. એ ચેતનાના બે રૂપ છે. એ પણ ભેદ થયો પણ ચેતના અભેદ છે અને વસ્તુ અભેદ છે. આહા..હા..! ચેતનારી ચેતના છે એ બે રૂપે છે. ત્યારે ચેતનારે જ્યારે જાણ્યો આને તો એમાં બેરૂપ આવી ગયા અંદર. સામાન્ય અને વિશેષ.

ઓલા કહે કે અહિંસા સમયંતે... લ્યો. અમારે હીરાજી મહારાજ બિચારા કહેતા. પરજીવને ન મારવો એ આખા જૈન સિદ્ધાંતનો સાર છે. લ્યો એમ કહેતા. અહિંસા સમયં સિદ્ધાંતમય સાર છે. અહીં કહે છે સિદ્ધાંતનો સાર. અહિંસા કહેવી કોને? રાગની અણુત્પત્તિ તેને અહિંસા

કહે છે. તો આ રાગની ઉત્પત્તિ થાય એ તો હિંસા છે. ચૈતન્યના જ્ઞાન-દર્શનના પ્રાણ હણાય છે. એ જ્ઞાન-દર્શનના ભેદ ચેતનાના છે. એ વડે આત્મા ચેતાય, જાણે અને દેખે. તો એને આત્મામાં રાગ વિનાની અહિંસાદશા પ્રગટ થાય. એને અહિંસા પરમો ધર્મ કહે છે. આહા..હા..! પરનું કરી શકે નહિ, દયા પાળી શકે નહિ અને એને દયા-અહિંસા ધર્મ ક્યાંથી આવ્યો? પરની ક્યાં દયા પાળી શકે છે? એ તો એનું આયુષ્ય હોય તો બચે. મારવાના ભાવ થયા, પણ આયુષ્ય હોય તો નહિ મરે અને મારવાના ભાવ નથી છતાં એ આયુષ્ય નહિ હોય તો મરી જશે. આહા..હા..! ચકલાના બચ્ચાને બિચારાને લ્યો પડી ગયા હોયને હેઠે. તો દયા પાળવા માટે બિચારા જરી ટોપલો ઢાંકે. ત્યાં કૂતરું આવીને ટોપલો ઉંચો કરીને ખાઈ જાય. કરવું શું આમાં? એનું જે આયુષ્ય પૂરું થયું ત્યાં એને બચાવે કોણ? આહા..હા..! અહીં કહે છે બચાવવો તો તને તારાથી છે. આહા..હા..! ભેદથી પણ તું નજરે ન આવ એવી ચીજ છો તું. આહા..હા..!

'**સામાન્યવિશેષને ઉલ્લંઘવાથી ચેતના જ ન હોય (અર્થાત્ ચેતનાનો અભાવ થાય).**' કારણ કે વસ્તુનું સ્વરૂપ જ સામાન્ય-વિશેષ છે. એમાં બે ભેદ જો ન હોય તો ચેતના જ ન રહી શકે. આહા..હા..! '**તેના અભાવમાં બે દોષ આવે(૧) પોતાના ગુણનો નાશ થવાથી...**' કારણ કે ચેતનાનું બેરૂપ. અને બેરૂપ ન હોય તો ચેતનાનો નાશ થાય. અને '**ગુણનો નાશ થવાથી ચેતનને અચેતનપણું આવી પડે,...**' ચેતન અચેતન થઈ જાય. '**અથવા (૨) વ્યાપકના (-ચેતનાના-) અભાવમાં વ્યાપ્ય એવા ચેતનનો (આત્માનો)...**' વ્યાપકને પર્યાય લીધી છે. આહા..હા..! '**(-ચેતનાના-) અભાવમાં...**' ચેતવું એવું જો બેરૂપવાળું ન હોય તો એના '**અભાવમાં વ્યાપ્ય...**' એટલે દ્રવ્ય. '**એવા ચેતનનો (આત્માનો) અભાવ થાય.**' અહીં વ્યાપ્ય-વ્યાપક બીજી રીતે કહ્યું. આમ વ્યાપક એટલે દ્રવ્ય અને વ્યાપ્ય એટલે પર્યાય. બીજે એમ આવે. અહીં બીજી વાત સિદ્ધ કરી છે કે ચેતના દરેક પર્યાયમાં વ્યાપી રહેલી છે. જો એ ચેતનાનું બેરૂપ ન હોય તો દરેક પર્યાયમાં વ્યાપે નહિ તો એ વ્યાપક નહિ હોવાથી એના વ્યાપ્ય નામ આત્માનો તો નાશ થાય. આહા..હા..! આવી ભાષા કઈ જાતની આ બધી? ઈચ્છામી પડિક્કમણું કર્યું હોય તસ્સઉતરી કરણેણં. આહા..હા..! વીતરાગનો માર્ગ કાંઈક જુદો રહી ગયો. આહા..હા..!

કહે છે કે આત્મા ચેતના વડે આત્મા જણાય. એ ચેતના એનું લક્ષણ છે. હવે એ ચેતનાના બેરૂપ દર્શન-જ્ઞાન ન હોય. બેરૂપ ન હોય તો સામાન્ય-વિશેષ તો દરેકનો સ્વભાવ છે. તો ચેતના જ નહિ રહે. ચેતના ન રહેતા, ચેતનાના ગુણનો નાશ થાય. ગુણનો નાશ થતાં દ્રવ્યનો પણ નાશ થાય. એ અચેતન થઈ જાય. આહા..હા..! બહુ ઝીણું! એમાં કેટલાક કહેને બહુ ઝીણું કાંત્યું. બહુ ઝીણું નથી. એનું સ્વરૂપ જ એવું છે. આહા..હા..!

**'વ્યાપકના (-ચેતનાના-) અભાવમાં...'** ચેતના જાણવું-દેખવું. સામાન્ય દેખવું, વિશેષ જાણવું એવો જે સ્વભાવ ચેતનાનો એ બેરૂપતા જો ન હોય તો ચેતનાનો જ નાશ થાય. ચેતનાનો નાશ થતાં ચેતન જે જાણનારી એ અચેતન થઈ જાય. આહા..હા..! આજ તો બહુ ઝીણું આવ્યું બધું. માર્ગ તો આ છે. આહા..! અરેરે..! એને સત્ય પણ કાને ન પડે તો એ વિચારે કે દિ'? આ સાંભળવા જ મળતું નથી આવું જે સત્ય છે ઈ. **'માટે તે દોષોના ભયથી ચેતનાને દર્શનજ્ઞાનસ્વરૂપ જ અંગીકાર કરવી.'** શું કહે છે? કે આત્મા જે ચેતન છે ત્રિકાળી વસ્તુ એનું ચેતના જે ગુણ છે. પર્યાયમાં પણ ઈ ચેતના આવી. એ પર્યાય દ્વારા આત્મા જણાય. ત્યારે એ ચેતનાના બે ગુણ સ્વભાવ છે દર્શન અને જ્ઞાન. જો દર્શન-જ્ઞાન એના બે ભેદ ન રહે તો વસ્તુનું એકરૂપ દર્શન-જ્ઞાન એવો બે સ્વભાવ જ ન રહે. એ એક ચેતના પણ રહે નહિ અને ચેતના ન રહેતા ગુણનો નાશ થાય અને ગુણનો નાશ થતાં ગુણીનો પણ અભાવ થઈ જાય. આહા..હા..! આ તો ધીરાની વાતું છે, બાપુ! આત્માનું કલ્યાણ કરવું હોય તો આ માર્ગે આવ્યા વિના થાય એવું નથી કાંઈ. બહારથી ભલે ખુશી મનાવી લે. આહા..હા..! અપવાસ કર્યા, નિર્જરા કરી, બ્રહ્મચર્ય પાળ્યા, વ્રત લીધા. માને, સંતોષ માને બાપુ! રખડવું નહિ મટે. આહા..હા..! ભવસમુદ્રનો મોટો માથે દરિયો ફાટ્યો છે. આહા..હા..! એને અંત લાવવા માટે તો આ એક જ ઉપાય છે.

ભગવાન આત્મા ચેતન છે એનો ચેતના એ ગુણ છે. એ ગુણના બે ભેદ—દર્શન અને જ્ઞાન. જો દર્શન અને જ્ઞાન એવા બે ભેદ ન હોય તો વસ્તુ એકરૂપે હોઈ શકે જ નહિ. તો ચેતનાનો જ ત્યાં નાશ થાય છે. ચેતનાનો નાશ થતાં ગુણનો નાશ થયો, ગુણનો નાશ થતાં ચેતનાનો જે ચેતનની ચેતના એ ગુણ વિનાનો આત્મા તો અચેતન થઈ ગયો. આહા..હા..! કહો, છેને?

મુમુક્ષુ :- અલૌકિક વાત.

ઉત્તર :- આવી વાતું છે. કહો, પન્નાલાલજી! આવો સ્વભાવ. આ સાધારણ માણસને તો આ ક્યા ઘરની વાત? ભાષા ક્યાંની છે? આવી તો અમે સાંભળી નહોતી ૫૦-૬૦ વર્ષમાં. કહેને? ઓલા અપાસરામાં જાય તો બીજું સંભળાવે, દેરાસરમાં જાય તો બીજું સંભળાવે.

મુમુક્ષુ :- ત્યાં કાંઈ સાંભળ્યું નથી તો જગતમાં ન હોય એવું હોય?

ઉત્તર :- એને એમ કે આ અમે... આહા..હા..! મીંદડીના બચ્ચા સાત-આઠ દિ'એ ફેરવેને? તો એને એમ થાય આંખ ઉઘડે ત્યારે લાગે કે ઓહો..હો..! આ જગત તો હવે થયું લાગે છે. એવું નથી. પહેલેથી જ જગત છે. તારી આંખ ઉઘડી એટલે દેખાણું. મીંદડી-મીંદડીને. સાત-આઠ દિ' ફેરવેને? એના છોકરાને સાત-સાત દિ' ફેરવે. આંખ ઉઘડે ત્યારે દેખાય કે ઓહો..! પણ દેખાણું એટલે પહેલા નહોતું ઈ? આહા..હા..! એમ જ્યારે આત્મા પોતાની

ચીજને ન ઓળખતો હોય અને પરને જાણવા માટે બધુ મથતો હોય, એમાં જ્યારે જ્ઞાન કહે ત્યારે ઓહો..! આવી ચીજ હતી! એ તો પહેલેથી જ એવી હતી. અનાદિથી અભેદ અને ધ્રુવ ચીજ છે. નિષ્ક્રિય છે, પરિણતિની પર્યાયનો પણ જેમાં અભાવ છે. આહા..હા..! દયા, દાન, વ્રતના પરિણામ તો રાગવાળા છે. એનો તો એમાં અભાવ છે. પણ જ્ઞાનની જે ક્રિયાના છ ભેદ પડ્યા એનો પણ એમાં અભાવ છે. એવા આત્માની દૃષ્ટિ કરવી આ એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એને સાચો આત્મા જેવો છે એવો જાણ્યો અને માન્યો. એની ગાથા કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૧૮૩

(शार्दूलविक्रीडित)

अद्वैतापि हि चेतना जगति चेद् दृग्ज्ञप्तिरूपं त्यजेत्
तत्सामान्यविशेषरूपविरहात्साऽस्तित्वमेव त्यजेत्।
तत्त्यागे जडता चितोऽपि भवति व्याप्यो बिना व्यापका-
दात्मा चान्तमुपैति तेन नियतं दृग्ज्ञप्तिरूपाऽस्तु चित्।।१८३।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [जगति हि चेतना अद्वैता] જગતમાં ખરેખર ચેતના અદ્વૈત છે [अपि चेत् सा दृग्ज्ञप्तिरूपं त्यजेत्] તોપણ જો તે દર્શનજ્ઞાનરૂપને છોડે [तत्सामान्यविशेषरूपविरहात्] તો સામાન્યવિશેષરૂપના અભાવથી [अस्तित्वम् एव त्यजेत्] (તે ચેતના) પોતાના અસ્તિત્વને જ છોડે; [तत्-त्यागे] એમ ચેતના પોતાના અસ્તિત્વને છોડતાં, (૧) [चितः अपि जडता भवति] ચેતનને જડપણું આવે અર્થાત્ આત્મા જડ થઈ જાય, [च] અને (૨) [व्यापकात् विना व्याप्यः आत्मा अन्तम् उपैति] વ્યાપક વિના (-ચેતના વિના-) વ્યાપ્ય જે આત્મા તે નાશ પામે (-આમ બે દોષ આવે છે). [तेन चित् नियतं दृग्ज्ञप्तिरूपा अस्तु] માટે ચેતના નિયમથી દર્શનજ્ઞાનરૂપ જ હો.

ભાવાર્થ :- સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ સામાન્યપ્રતિભાસરૂપ (-દર્શનરૂપ) અને વિશેષપ્રતિભાસરૂપ (-જ્ઞાનરૂપ) હોવી જોઈએ. જો ચેતના પોતાની દર્શનજ્ઞાનરૂપતાને છોડે તો ચેતનાનો જ અભાવ થતાં, કાં તો ચેતન આત્માને (પોતાના ચેતનાગુણનો અભાવ થવાથી) જડપણું આવે, અથવા તો વ્યાપકના અભાવથી વ્યાપ્ય એવા આત્માનો અભાવ થાય. (ચેતના આત્માની સર્વ અવસ્થાઓમાં વ્યાપતી હોવાથી વ્યાપક છે અને આત્મા ચેતન હોવાથી ચેતનાનું વ્યાપ્ય છે. તેથી ચેતનાનો અભાવ થતાં આત્માનો પણ અભાવ થાય.) માટે ચેતના દર્શનજ્ઞાનસ્વરૂપ જ માનવી.

અહીં તાત્પર્ય એવું છે કે-સાંખ્યમતી આદિ કેટલાક લોકો સામાન્ય ચેતનાને જ માની એકાંત કહે છે, તેમનો નિષેધ કરવા માટે 'વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષરૂપ છે તેથી ચેતનાને સામાન્યવિશેષરૂપ અંગીકાર કરવી' એમ અહીં જણાવ્યું છે. ૧૮૩.

**જેઠ વદ-૧૪, શુક્રવાર, તા. ૨૯-૦૬-૧૯૭૩**
**કળશ - ૧૮૩-૧૮૪, પ્રવચન-૪૨૩**

૧૮૩ કળશ છે. સમયસાર.

(शार्दूलविक्रीडित)

अद्वैतापि हि चेतना जगति चेद् दृग्ज्ञप्तिरूपं त्यजेत्
तत्सामान्यविशेषरूपविरहात्साऽस्तित्वमेव त्यजेत्।
तत्त्यागे जडता चितोऽपि भवति व्याप्यो बिना व्यापका-
दात्मा चान्तमुपैति तेन नियतं दृग्ज्ञप्तिरूपाऽस्तु चित्।।१८३।।

ઝીણો અધિકાર છે થોડો. આ જગતમાં ખરેખર ચેતના અદ્વૈત છે. એટલે શું કહે છે? આત્માને જાણવાની જે શક્તિરૂપ સ્વપરગ્રાહક શક્તિ એવી જે ચેતના. આત્માને લક્ષણરૂપે સ્વપરગ્રાહક શક્તિ એવી ચેતના એ વડે આત્મા જણાય. બીજાથી જુદો શી રીતે જણાય? એને ચેતવું જે છે એ વડે ચેતન જણાય. એ 'ચેતના અદ્વૈત છે...' ચેતના એક છે. જાણનાર-દેખનારનું એકરૂપ ચેતના એકરૂપ છે અને એ ચેતના દ્રવ્યસ્વરૂપ આત્માને જણાવે છે કે આ આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ.

'अपि चेत् सा दृग्ज्ञप्तिरूपं त्यजेत्' 'તોપણ જો તે દર્શનજ્ઞાનરૂપને છોડે...' એટલે શું કહે છે? કે આત્મા જે વસ્તુ છે ત્રિકાળ ધ્રુવ એને ચેતનાથી જણાય તે ચેતના વસ્તુ

છે. ગુણ આત્મા પદાર્થ છે, વસ્તુ છે, તેમાં ચેતના પણ એ અસ્તિરૂપ, સત્તારૂપ વસ્તુ છે. એ વસ્તુનું બે રૂપ છે—સામાન્ય અને વિશેષ. જો બે રૂપ એમાં ન હોય તો એ ચેતના જ રહેતી નથી. સામાન્ય દેખનાર અને વિશેષ જાણનાર એવા બે સ્વભાવ એક દ્વૈત ચેતના હોવા છતાં બે રૂપ એનું સ્વરૂપ છે. ચેતના એકરૂપ, પણ એના રૂપ બે—એક સામાન્ય અને એક વિશેષ. પણ દરેક ચીજ સામાન્ય-વિશેષરૂપ છે. સામાન્ય એટલે એકરૂપ રહેનાર અને વિશેષ એટલે અવસ્થાઓ. પરને દેખનારી ચેતના પણ બે રૂપે છે. સામાન્યને જાણે એ દર્શન ચેતના, ભેદ પર્યાયને જાણે એ જ્ઞાન ચેતના. ઝીણો અધિકાર છે. આ તો વસ્તુની સ્થિતિ એનું વર્ણન છે. સર્વજ્ઞ પરમાત્મા જે ત્રણ કાળ, ત્રણ લોક જ્ઞાનમાં જોયા એમાંથી આ વાણી ઇચ્છા વિના આવી કે ભાઈ! તું આત્મા છો. આત્મા છો એને જાણનાર ચેતનાસ્વભાવ છે. એને જાણવું ચેતના તે જ જણાય છે એ ચેતના એકરૂપ હોવા છતાં. ચેતના સામાન્ય અને વિશેષના બે ભેદને છોડતી નથી. વસ્તુ છે તો બે રૂપે જ હોય. આહા..હા..!

અને તે જો દર્શન-જ્ઞાનરૂપને છોડે '**તો સામાન્યવિશેષરૂપના અભાવથી...**' એની હયાતીને જ છોડી દે. એક બોલ. બહુ ઝીણું. મોક્ષનો અધિકાર છેને. જાણવા-દેખવાનો ભાવ ચેતના તરીકે એકરૂપ, પણ એ જાણવું-દેખવું એવા એના બે પ્રકાર છે. સામાન્યને દેખવું એ દર્શન અને વિશેષને દેખવું એ જ્ઞાન. એવો જે ચેતનાનો સામાન્ય અને વિશેષ એનો સ્વભાવ છે. જો એ સામાન્ય અને વિશેષ બે ન હોય તો એ વસ્તુ રહેતી નથી. ચેતના જ રહેતી નથી. ચેતનાનું એ સત્તાપણું સિદ્ધ થતું નથી. આહા..હા..! આવો ધર્મ ક્યાં? આ તો દયા પાળવી અને વ્રત પાળવા એ ...

અહીં તો કહે છે કે ભાઈ! તું આત્મા પદાર્થ છોને? વસ્તુ છોને? અને તે નિત્ય ધ્રુવ અને એક સમયની પર્યાયવાળું એ તત્ત્વ છે. હવે એને એ તત્ત્વને જાણનારી જે શક્તિ સ્વને અને પરને, સામાન્યને અને વિશેષને જાણવાની જે શક્તિ છે એ ચેતના છે. રાગાદિ, દયા, દાન અને વિકલ્પ એ એનું સ્વરૂપ નથી. એનાથી આત્મા જણાય એવો નથી. આહા..હા..! એ ચેતના દ્વારા જણાય આત્મા એ ચેતના જ પોતે સામાન્ય અને વિશેષ એકરૂપ હોવા છતાં બે ભેદ છે એમાં. કેમકે સામાન્ય-વિશેષ ન હોય તો વસ્તુની સ્થિતિ સિદ્ધ થતી નથી. .. છે એવું જે દેખવું એ દર્શન, પણ છે એના ભેદોને, અવસ્થાને દેખવું એ જ્ઞાન. એવા વસ્તુના સ્વભાવો જ બે પ્રકારના છે. તો ચેતનામાં પણ બે પ્રકારનો જ સ્વભાવ છે—દેખવું અને જાણવું. જો એ બેરૂપ ન હોય તો વસ્તુનો અભાવ થાય. એ ચેતનાની હયાતીનો, સત્તાનો સ્વીકાર જ રહેતો નથી. આહા..હા..! આવું!

એ ધર્મમાં આ છે. જેવી એ વસ્તુ છે અને એને જાણનાર જે ચેતના છે એને નહિ જાણે તો ધર્મ ક્યાંથી થાશે? ધર્મ કાંઈ કુદે છે બહારમાં? આહા..હા..! એય..! સોમચંદભાઈ!

આવું આ ઝીણું શું પણ એમ કહે છે. દયા પાળો, ભક્તિ કરો, પૂજા કરો, શાસ્ત્ર વાંચો. હવે એ તો વિકલ્પ છે બધો. હો, પણ એ કાંઈ વસ્તુના સ્વરૂપમાં જણાવનારી એ ચીજ નથી. આહા..હા..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એક સ્વરૂપે જે અંદર છે. બધા થઈને એક નહિ. એ આત્મા એક સ્વરૂપે અનંતગુણનો પિંડ વસ્તુ એને જાણનારી ચેતના, જાણનાર ચેતના હોય કે જાણનાર કોઈ જડ હોય? આહા..હા..! ઈ ચેતના જાણનાર એ ચેતનને તો એ ચેતન પણ સામાન્ય-વિશેષરૂપ છે. ચેતન સામાન્ય એટલે એકરૂપ છે અને ભેદરૂપ ગુણ આદિને દેખતા પર્યાયો ભેદરૂપ છે. તો એને જાણનારી ચેતના પણ બે રૂપ સ્વભાવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, નહિ. પર્યાય. ઈ ચેતનાની જે પર્યાય છેને એમાં બે રૂપ છે. સામાન્ય-વિશેષ અવસ્થા. આ દર્શન-જ્ઞાન.

મુમુક્ષુ :- એ ચાર ...

ઉત્તર : ઈ અહીં ચાર-ફાર નહિ, આ નહિ. ... શું કહે છે?

મુમુક્ષુ :- દર્શન ચાર કહેતા હતાને.

ઉત્તર :- ઈ અહીં કામ નથી. આ શક્તિ .. ઈ? એનું અહીં કામ નથી. નહિ એ નહિ. અહીં તો જ્ઞાન અને દર્શન, જાણવું-દેખવું. એ તો આ હજી સામાન્યપણે તે છે. ચેતના શક્તિ સ્વપર ગ્રાહક સ્વભાવ છે એની પર્યાયમાં પણ સ્વપર ગ્રાહક ચેતનાનો સ્વભાવ છે. આહા..હા..! ભારે ઝીણું આવ્યું, ભાઈ! સવારે પણ ઝીણું, અત્યારે પણ ઝીણું. હવે આ બધું સમજવું ત્યારે ધર્મ થાય.

મુમુક્ષુ :- ઉંમર તો થોડી.

ઉત્તર :- ઉંમર થોડી. પણ (પત્તો) ક્ષણમાં લાગે એવી ચીજ છે. એની ચીજનો પત્તો ન લાગે? આહા..હા..!

અહીં તો વસ્તુનું હોવાપણું કઈ રીતે છે? કે આત્મા વસ્તુ છે એવા અનંત આત્માઓ ભિન્ન-ભિન્ન. એથી અનંતગુણા રજકણો ભિન્ન-ભિન્ન. પણ હવે અહીંયાં એકરૂપ ભગવાન આત્મા છે એમાં એના સામાન્ય અને વિશેષ સ્વભાવ છે. સામાન્ય એટલે કાયમ રહેવું અને વિશેષ એટલે અવસ્થાનું થવું. કે ગુણભેદનું રહેવું. એવો જે આત્મા એને જાણનારી જે ચેતના છે. જાણનારી ચેતના ધ્રુવ નથી આ તો પર્યાયના પરિણમનની વાત છે. આહા..હા..! સ્વપર-સ્વપર, સ્વ સામાન્ય અને પર વિશેષ અથવા સ્વ આખું અને પર બીજું એ બધું એમાં આવી જાય છે. આહા..હા..! એના હોવાપણામાં, આત્માના હોવાપણામાં એને જાણનારી ચેતના જે છે. એમાં એ ચેતના એક હોવા છતાં સામાન્ય અને વિશેષ બેપણું તેને છોડે નહિ. કારણ કે એનું ચેતનાનું સ્વરૂપ જ એવું છે. એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

એમ '(તે ચેતના) **પોતાના અસ્તિત્વને જ છોડે;...'** જો એનો સામાન્ય અને વિશેષ એવા બે ભાગ ન હોય તો વસ્તુ જ સિદ્ધ થઈ શકે નહિ. તો સામાન્ય-વિશેષવાળું તત્ત્વ છે એનો અભાવ થઈ જાય. આહા..હા..! ભારે ઝીણું! પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, તપ એ બધી પરચીજ એની સાથે સંબંધ નથી. આહા..હા..! આ તો મોક્ષનો અધિકાર છે કે એ ચેતના દ્વારા જે આત્મા જણાય અને દેખાય. આત્મા પણ સામાન્ય-વિશેષસ્વરૂપ છે. અને ચેતના એમ જે છે ઈ એને જાણે-દેખે, કારણ કે એનામાં સામાન્ય અને વિશેષ બે સ્વભાવ ચેતનામાં છે. આહા..હા..! આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી અને ન્યાયથી સિદ્ધ થઈ શકે છે એ રીતે લોજિકથી તો વાત કરી છે. પણ ચાલતી વસ્તુથી બહુ ફેર છે મોટો. આહા..હા..! વેદાંતમાં એક જ માન્યું એટલે એને કાંઈ માથાકુટ નહિ. આમાં વળી સામાન્ય ને વિશેષ ને દ્રવ્ય ને પર્યાય.

મુમુક્ષુ :- એ ..

ઉત્તર :- ઈ વ્યવહારમાં નાખ્યું, પણ વ્યવહાર એટલે શું? વ્યવહારનું કાંઈ અસ્તિત્વ છે કે નહિ? એમાં ભૂલ છે કે નહિ? જો ભૂલ ન હોય તો એને આનંદનું વેદન જોઈએ, પણ ભૂલ છે એટલે બીજી ચીજ થઈ ગઈ. નથી જાણતો ચીજને એવી એક ચીજ અને જાણે છે એવી એક ચીજ. બે વસ્તુ થઈ ગઈ. ...ચંદભાઈ! અનાદિથી નથી જણાણો અને એ પોતે એમ કહેને કે ભાઈ સર્વ આત્યાંતિક દુઃખથી મુક્ત થાઓ, પણ દુઃખ શું છે? કોઈ ભ્રમ છે? કે કોઈ છે અસ્તિ? જો દુઃખનું અસ્તિત્વ જ ન હોય તો એને ટાળવું અને રહિત કરવું એ રહેતું નથી. આ એકાંત કરી નાખ્યો .. વેદાંતે તો પાખંડ ચલવ્યું છે. સિદ્ધાંતમાં એમ ચાલે છે. અમેહનાકાર ૨૦ બોલ(માં) છેને? અમેહનાકાર પાખંડીઓમાં પ્રસિદ્ધ સ્વઆકાર ઈ વ્યાપકરૂપ એને એણે છોડી દીધું છે. એકરૂપ છે. એકરૂપ છે ઈ જાણ્યું કોણે? એકરૂપ છે એવું જાણ્યું કોણે? એકરૂપ ધ્રુવ છે એ જાણે એને? અવસ્થા જાણે. અને એકરૂપ હું નહોતો માનતો ઈ શું?

ભાઈની સાથે બહુ વાત થઈ હતી. મોતીલાલજી નહોતા એક રાજકોટમાં. પરમહંસ થઈ ગયા હતા. બેય વ્યાખ્યાનમાં આવતા ૮૯માં, ૯૦માં અને ૯૫માં. ૯૫માં પછી કાંઈક ફેરફાર થઈ ગયો તો દીક્ષા લઈ લીધી. બુદ્ધિ જાડી. પછી અહીં આવ્યા હતા. અહીં આવ્યા હતા રાજકોટ ભાઈના ઘરમાં. કોણ નથી આ ગુજરી ગયા શું ભાઈ? કેળવણી અધિકારી ચંદુભાઈ. એ આવ્યા હતા સાધુ થઈને. પરમહંસ. બુદ્ધિ જાડી. ૭૦૦-૮૦૦નો પગાર હશે તે દિ' રેલવે. પછી ત્યાં ખુબ ચર્ચા ચાલી હતી. ખુબ ચર્ચા. કીધું એક સાંભળો વાત કે જો આત્મા છે એવું જણાણું નથી ઈ શું? નથી જણાણું ઈ શું ચીજ? કે છે? નથી જણાણું એવું કાંઈ છે? કે નથી કાંઈ ઈ? આહા..હા..! કબુલ તો કરવું પડે. નથી જણાણું એવી ચીજ છે એમ

જો કહ્યું તો બે થઈ ગઈ. જાણનારો ભગવાન ત્રિકાળી ચૈતન્યસ્વરૂપ એને ઈ જાણતો નથી એવી એક દશા અને એને એક જાણે એવી એક દશા. બે દશા થઈ ગઈ. એ વિના વસ્તુ સિદ્ધ જ નહિ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ માટે તો આ ચર્ચામાં આ નાખવાનું કીધું. સાંખ્ય મતવાળા તદ્દન એક જ ચીજને માને. બે ચીજ જ નથી, એક જ સામાન્ય બસ. (પણ) સામાન્ય છે એવું જાણ્યું કોણે? આહા..હા..! સામાન્ય સામાન્યને જાણે? ધ્રુવ ધ્રુવને જાણે? ધ્રુવ તો ધ્રુવ છે ત્રિકાળ. ઈ જાણ્યું જેણે, જે નહોતું જાણ્યું એ જાણ્યું જેણે એ ચેતના છે અને એ ચેતના આત્માનું લક્ષણ છે. લક્ષણથી તે લક્ષ થઈ શકે છે અને એ લક્ષણ છે એ બેરૂપે છે. સામાન્યદર્શનરૂપ અને જ્ઞાનરૂપ. જો બેરૂપ ન હોય તો ત્રિકાળીને દેખવું એકરૂપે એ દર્શન અને એના ગુણભેદને વર્તમાનદશાને જાણવું એ જ્ઞાન. એ બે વાત સિદ્ધ થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

તેથી કહે છે આત્મા વસ્તુ છે. તો એમાં પણ સામાન્ય-વિશેષ બે પ્રકાર છે. સામાન્ય નામ એકરૂપે રહેવું અને વિશેષ નામ ગુણભેદને પર્યાયરૂપે રહેવું. એક જ દ્રવ્ય છે એમ નથી. એનામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતગુણ છે. તો અનંતગુણનો ભેદ તે વિશેષ છે અને એકરૂપ છે એ સામાન્ય છે. તો એને જાણનારી જે ચેતના છે એ બે સ્વરૂપે છે. સમજાણું કાંઈ? રાગ અને વિકલ્પની અહીં વાત નથી. આ તો એની ચીજમાંથી જ વાત છે. એ જાગૃત ચેતના જે છે, જાગેલી ચેતના છે કે જે ચેતે છે સ્વને અને પોતાને પણ. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ આત્મા પદાર્થ ભગવાન પૂર્ણ આનંદનો નાથ ધ્રુવસ્વરૂપ. એ નિશ્ચય આત્મા, પણ એને જાણનારી દશા. જો જાણનારી દશા ન હોય તો એને દુઃખ ન હોય. દુઃખ છે એને (છે) કે એ આનંદસ્વરૂપને ભૂલ્યો છે, તો ભૂલ પણ એક દશા છે. પણ એ દશાને ટાળનાર ચેતના એક લક્ષણવાળું અસ્તિત્વ તત્ત્વ છે. આહા..હા..! એ ચેતના વડે આત્મા જણાય. એટલે આનંદરૂપ છે એનું એને ભાન થાય. જે ભાન નથી અનાદિનું એનું ભાન ચેતના વડે થાય. આહા..હા..! અને એ ચેતના જો બે સ્વરૂપે ન હોય તો વસ્તુનો સ્વભાવ જ બે રૂપે—સામાન્ય અને વિશેષ છે. એટલે એને જાણનારી ચીજ પણ જો બે રૂપે ન હોય તો એનું અસ્તિત્વ જ સાબિત થતું નથી. ગીરધરભાઈ! આમાં મહેનત પડે એવું છે. ઓલામાં આમ ને આમ વખત ગાળ્યો બધા શેઠિયાઓએ. આહા..હા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રણ કાળ, ત્રણ લોક જેને જાણવામાં આવ્યા. લોજિક અને ન્યાયથી આ વાતને સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે જગતમાં એટલે આ લોકમાં ખરેખર ચેતના એકરૂપ છે. એટલે ચેતના એટલે ચેતવું. આત્માને ચેતે, આત્માને દેખે-જાણે. દેખે-જાણે બે ભેગું છે. એ અદ્વૈત છે. તોપણ **'अपि चेत् सा दृग्ज्ञप्तिरूपं त्यजेत्' 'તોપણ જો તે દર્શનજ્ઞાનરૂપને છોડે...'** દર્શન

એટલે સામાન્યપણું અને જ્ઞાન એટલે વિશેષપણું. સામાન્ય દ્રવ્ય અને વિશેષ પર્યાય-અવસ્થા. એ બેને જો છોડે. કારણ કે એનામાં સામાન્યને દેખવાનું અને વિશેષને જાણવાનું બેસ્વરૂપ છે તો એ '**તો સામાન્યવિશેષરૂપના અભાવથી...**' '**अस्तित्वम् एव त्यजेत्**' તો એનું હોવાપણું સત્તા જ રહેતી નથી. આના અર્થમાં બે દોષ લીધા છે, પણ છે ત્રણ દોષ. કળશમાં ભાઈ ત્રણ દોષ લીધા છે. કે આ પહેલો ..

જાણનાર-દેખનારનું એકરૂપ એવી ચેતના. જો ઈ ચેતના એક સ્વરૂપે હોય તો એ વસ્તુ સિદ્ધ થતી નથી. કારણ કે વસ્તુ સામાન્ય-વિશેષ છે અને જાણનારી એમાં શક્તિ એ પણ સામાન્ય-વિશેષ સ્વપરગ્રાહક શક્તિ છે. અથવા ભેદ અભેદને જાણવાની શક્તિ છે. આહા..હા..! ભારે વાત. એ જો બેરૂપે ન હોય તો એનું ચેતનાનું હોવાપણું સિદ્ધ થતું નથી. કેમકે વસ્તુ સામાન્ય-વિશેષરૂપે છે. જો આ બે વસ્તુ સિદ્ધ ન હોય તો એ વાત સિદ્ધ થતી નથી. એક વાત.

'**પોતાના અસ્તિત્વને જ છોડે; એમ ચેતના પોતાના અસ્તિત્વને છોડતાં, (૧)**' '**चितः अपि जडता भवति**' '**ચેતનને જડપણું આવે...**' આત્માને જડપણું આવે. કારણ કે એને જાણનારી-દેખનારી બેરૂપે એનું સ્વરૂપ છે. એ જો ન હોય તો આત્માને જડપણું આવે. જાણનાર આત્મા છે એમ નહિ રહે. આહા..હા..! બહુ ઝીણી વાતું છે આમાં. બહારથી લાડવો નથી કે ખાઈ જાય. ધર્મની ચીજ બહુ સૂક્ષ્મ છે. અનંતકાળમાં એણે જે રીત છે એની વસ્તુને (જાણવાનો) એણે પ્રયત્ન કર્યો જ નથી. આહા..હા..! કહે છે કે ભગવાન આત્મા જેમ અસ્તિ છેને? અસ્તિ સત્તા છેને? તો એ સત્તાને જાણનારી ચેતના પણ એ સત્તા છેને? કે અસત્તા છે? તો ચેતના પણ જાણનારી સત્તા છે તો એ પણ એક વસ્તુ થઈ ગુણરૂપે અને પર્યાયરૂપે. આહા..હા..! તો એ ગુણ અને પર્યાયના બે સ્વભાવ છે— સામાન્ય અને વિશેષ. સામાન્ય એટલે ત્રિકાળ જેમ છે તેમ જાણે, વિશેષ એટલે ગુણ-ભેદને, પર્યાયને જાણે. એવો એનો સ્વભાવ જ એકરૂપ ચેતના હોવા છતાં બેરૂપે ઈ છે. બેરૂપે ન હોય તો કોઈ રીતે એ વસ્તુ સાબિત થાય નહિ. એના અભાવથી ચેતનાનો અભાવ થતાં એની અસ્તિ-સત્તા જ ન રહે. અને ચેતનાની સત્તા ન રહે તો ચેતન, ચેતના વિનાનો જડ થઈ જાય. આહા..હા..! એવી વાતું છે.

'**એમ ચેતના પોતાના અસ્તિત્વને છોડતાં,...**' '**चितः अपि जडता भवति**' '**चितः**' એટલે આત્મા જ્ઞાનસ્વરૂપે ભગવાન. એને જ્યારે સામાન્ય અને વિશેષવાળી ચેતનાનું હોવાપણું ન રહે તો આત્માને ચેતનાપણું રહે નહિ તો આત્મા જડ થઈ જાય. આહા..હા..! આ બધા ઓઘે-ઓઘે કાળ ગાળ્યા છેને એને થાય આ ... આ સામાયિક કર્યા, પોષા કર્યા, પડિક્કમણા કર્યા, ધર્મ થઈ ગયો એય..! સ્વરૂપચંદભાઈ! ધૂળેય ધર્મ નથી સાંભળને મારા. એ તો પુણ્યની

ક્રિયા છે રાગની. આહા..હા..! અહીંયાં તો ક્રિયા જે ચેતના સામાન્ય અને વિશેષવાળી એ જાણવા-દેખવાની ક્રિયા કરે તે ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો ઈ ચેતના એકરૂપે હોવા છતાં જાણવા-દેખવાની બે સત્તાથી એ સિદ્ધ થાય છે. તેને એકરૂપે સત્તા એને બેરૂપે સત્તા સિદ્ધ થાય છે. અને બેરૂપે સિદ્ધતા જો ન હોય તો એ (એક) સિદ્ધ રહેતી નથી ચેતના. બીજી વાત. અને ચેતના જ વસ્તુ ન હોય તો ચેતન અને ચેતના વિનાનું ચેતન જડ થઈ જાય. આહા..હા..! ભારે .. આમાં. એય..! હિંમતભાઈ! લોઢાના વેપારમાં આવી કાંઈ મહેનત ન હોય. તાર ખેંચ્યો છે એનો.

**'એમ ચેતના પોતાના અસ્તિત્વને છોડતાં,...'** **'चितः'** એટલે ચેતનને પણ **'जडता भवति'** એક વાત. બે વાત થઈ. ચેતના ચેતનારમાં દર્શન અને જ્ઞાન બેરૂપે જ હોય. એ બેરૂપ ન હોય તો ચેતનાનું અસ્તિત્વ સિદ્ધ થતું નથી. એક. અને એનું અસ્તિત્વ સત્તા સિદ્ધ ન થાય તો ચેતન ચેતના વિનાનો જડ થઈ જાય. બે. હવે ત્રીજો બોલ. **'व्यापकात् विना व्याप्यः आत्मा अन्तम् उपैति'** **'अन्तम् उपैति'** નાશ થઈ જાય. આહા..હા..! અને **'વ્યાપક વિના...'** વ્યાપક એટલે? આત્મામાં ચેતના ત્રિકાળ વ્યાપેલી છે. જાણવા-દેખવાની ચેતના એમાં આત્માના ત્રણે કાળ અનાદિ-અનંત વ્યાપેલી છે એ વસ્તુ. એ તો વ્યાપકનો અભાવ થતાં **'વ્યાપ્ય જે આત્મા...'** એ ત્રિકાળ ચેતનામાં રહેનારો આત્મા એ વ્યાપ્યના અભાવથી એ વ્યાપક વિના **'વ્યાપ્ય જે આત્મા તે નાશ પામે...'** ત્રણે કાળે જાણવા-દેખવાની જે ચેતના એનો જો અભાવ થાય એ વ્યાપક થયું. તો આત્મામાં વ્યાપ્ય છે એમાં રહેનારો કાયમ એનો નાશ થાય. કહો, સમજાય છે કે નહિ આમાં? સુજાનમલજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ત્યાં જરા શું કરવા? આહા..હા..!

મુમુક્ષુ :- ખુબ ઝીણો

ઉત્તર :- ઝીણો નહિ, પોતે જ ઝીણો છે અને નિર્વિકલ્પ ચીજ છે. આહા..હા..!

**'વ્યાપક વિના...'** વ્યાપક અત્યારે આત્મા નથી લેવો અહીં. ચેતના કાયમ રહેનારી. ત્રિકાળી ભગવાન આત્મા તો ચેતના પણ ત્રિકાળ રહેનાર છે. તો ત્રિકાળી વ્યાપકના અભાવથી આત્માનું વ્યાપ્ય છે એનો નાશ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વેપારી બધા માંડ માંડ ઘરમાંથી નવરાશ લેતા હશે કલાક, બે કલાક. સાંભળવા જાય ત્યાં થોથા સંભળાવે. હવે એમાં આવી વાત આવે. આહા..હા..! ધોઈ નાખે મગજને. ત્યારે આ સમજાય. વાણિયાને આ હાથ આવ્યો આ ... વાણિયામાં રહ્યો. વાણિયા નવરા ન મળે ધંધા આડે અને છોડીને બેસે તો એને મુશ્કેલ પડે આ બધું સમજવું એટલે બીજે રસ્તે ચડી ગયા. વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, કરતાં-કરતાં કલ્યાણ થઈ જશે. ધૂળેય નહિ થાય. આહા..હા..! એના સ્વરૂપમાં

એ વ્રત ને નિયમનો વિકલ્પ વસ્તુ છે ક્યાં? એના સ્વરૂપમાં ચેતના છે એમ કહે છે. આહા..હા..!

ભગવાન આત્મા અનાદિ-અનંત વસ્તુ પ્રભુ એમાં અનાદિ-અનંત અવિનાશી ગુણો અનંત અને એની વર્તમાન પર્યાયમાં ચેતના ઈ ચેતનાર એ દ્રવ્ય-ગુણને ચેતનાર, એ ચેતનાના બેરૂપ દ્રવ્યને સામાન્યપણે દેખે અને ગુણ આદિ પર્યાયને ભેદપણે દેખે એ જ્ઞાન. જો એ ચેતનાના બેરૂપ ન હોય તો વસ્તુ સિદ્ધ ન થાય, એનું હોવાપણું સાબિત થતું નથી. એક વાત. અને એ ચેતનાના હોવાપણાની સિદ્ધિ ન થાય તો ચેતનાનો ધરનાર આત્મા એ જડ થઈ જાય છે. બે. અને એ ચેતના સર્વ પર્યાયમાં વ્યાપેલી છે. એનું જો વ્યાપકપણું ન રહે તો એમાં રહેલો આત્મા સાબિત નહિ થાય. આત્માનો નાશ થઈ જશે. રાતે પૂછશે તો આવડશે આ?

મુમુક્ષુ :- પર્યાયથી દ્રવ્યને સિદ્ધ કરી.

ઉત્તર :- પર્યાયથી દ્રવ્ય? એય..! ચેતનજી! લ્યો! આહા..હા..! પ્રજ્ઞાથી તો માંડ્યું છે પહેલેથી.

મુમુક્ષુ :- દ્રવ્યથી પર્યાય સિદ્ધ કરવી એ તો ઠીક, પર્યાયથી દ્રવ્ય સિદ્ધ કર્યું?

ઉત્તર :- પર્યાય સાબિત થાય ત્યારે પર્યાયથી જાણે આ દ્રવ્ય એમ સાબિત થાયને? જાણનાર-દેખનાર દશા જ નથી તો દશા દશાવાનને શી રીતે જાણે? આહા..હા..! દશાવાન રહ્યો છે એ જાણનાર-દેખનારની પર્યાયમાં વ્યાપ્ય તરીકે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી આવે છે પણ હવે ...આહા..હા..! અરે..! આવી એક ક્ષણ પણ આવી મનુષ્યદેહની મળવી મોટા કરોડો મણિરત્ન આપે તોપણ આ ક્ષણ મળે બાપા? મોંઘા મુલના અવસર આવ્યા. એવા સમયમાં જો આત્મા આ રીતે છે એમ નહિ જાણે તો ચોર્યાસીના અવતાર એમ ને એમ માથે ઉભા છે. આહા..હા..! દુનિયા મનાવી લે બીજી રીતે. કે નહિ અહીં વાંધો નહિ. કરતાં-કરતાં થાશે. એ તો એની માન્યતાનું મિથ્યાત્વ છે. આહા..હા..! વ્યવહાર કરતાં-કરતાં કષાયને મંદ કરતા ક્રિયા કરતા અકષાય એવો આત્મા જણાય જાય છે. એમ ન જણાય. બાપુ! જાણનાર ચેતના છે એનાથી જણાય. એમ કહે છે. આહા..હા..!

એ ચેતના વિના વ્યાપક ચેતના વિના. કારણ કે આત્મામાં ત્રણે કાળ રહેલી જાણવા-દેખવાની ચેતના. એનો જો અભાવ થાય તો વ્યાપ્ય આત્મા છે એનો નાશ પામે. આમ બે દોષ આવે. બે આવ્યા. ચેતનાની અસ્તિ ન થાય એનો દોષ અહીં ઠરાવ્યા નથી. સમજાણું? કળશટીકામાં ત્રણ લીધા. ત્રણે જુદા પાડ્યા. સામાન્ય અને વિશેષ દ્રવ્ય. દેખવું અને જાણવું એવો ચેતનાનું બે સ્વરૂપે ન હોય તો ચેતનાની સત્તા સિદ્ધ થતી નથી. એક વાત. અને ચેતનાની સત્તા સિદ્ધ ન થાય તો તે ચેતન જડ બની જાય છે અને જાણનાર-દેખનાર જ રહ્યો નહિ ત્યાં જાણવા-દેખવાના ભાવ વિનાનું જડ એકલું ચૈતન્ય આત્મા જડ થઈ ગયો. અને જાણનાર-દેખનારની ચેતના સર્વવ્યાપી ગઈ છે ત્રિકાળમાં. જો એનો નાશ થાય તો એમાં

રહેલો આત્મા વ્યાપ્ય એનો નાશ થઈ જાય છે. કહો, પ્રેમચંદજી! આવી વસ્તુ ભારે ઝીણી! આ તો સમજાય એવું છે. વચ્ચે ભાષા બહુ સાદી આવી છે. ભાવ ભલે જે ઉંચા હોય. વસ્તુ તો આ છે.

આમ પર્યાયમાં ચેતના જે ચેતે છે. આત્માને કે પરને આદિને ચેતે છે. ઈ ચેતનાર ચેતના એનું સ્વરૂપ બેરૂપે—સામાન્ય અને વિશેષ. સામાન્યનું દેખવું અને વિશેષનું જાણવું. એવો જ જેનો દ્રવ્યનો, ગુણનો અને પર્યાયનો પણ એવો જ સ્વભાવ છે. આહા..હા..! તો જો એ સામાન્ય અને વિશેષ સ્વરૂપે દર્શન અને જ્ઞાનરૂપે ચેતના ન હોય તો એ ચેતનાની સત્તા બેરૂપે વિના સિદ્ધ નહિ થાય અને એને સિદ્ધ નહિ થતાં એની સત્તાનો નાશ થશે. એની સત્તાનો નાશ થતાં ચેતન જડ થઈ જશે અને એ સત્તા સર્વવ્યાપક છે એમ નહિ માને તો વ્યાપ્ય એમાં રહેલો આત્માનો પણ અભાવ થઈ જાય છે. આહા..હા..! કેટલી વાત સિદ્ધ કરી છે! કહો, સમજાય છે કે નહિ આમાં?

મુમુક્ષુ :- ફરીને લ્યો. ન સમજાય તો ફરીને લેવું પડેને.

ઉત્તર :- આ તો બે-ત્રણવાર ચારવાર તો લીધું. આ તો ઘુંટાવામાં તો આવે છે. કેમ? ..ભાઈ! કાંઈ એકવારે છોડી નથી દેતા. આહા..હા..! અરે..!

અહીં તો એમ કહે છે કે આત્મા છે વસ્તુ. ઈ છે એને આત્મા દ્રવ્ય છે ઈ દ્રવ્યને જાણે? પર્યાય જાણે. તો પર્યાય જે ચેતના છે ઈ એને જાણે. તો એ પર્યાયનું બેરૂપ છે--સામાન્ય અને વિશેષ. પણ વસ્તુ છેને? જેમ વસ્તુ દ્રવ્ય છે, ગુણ છે એમ આ પર્યાય પણ અસ્તિ તત્ત્વ છે. અને અસ્તિ તત્ત્વનું આહા..હા..! એક ચેતનાપણે એક હોવા છતાં સામાન્ય-વિશેષ જાણવાનો એનો સ્વભાવ છે એવું બેરૂપ જો એમાં ન હોય તો એનું અસ્તિત્વ જ નાશ પામે. એના અસ્તિત્વ નાશ પામતા એ વિનાનું ચેતન પણ જડ થઈ જાય છે અને એનું અસ્તિત્વ નાશ થતાં એ વ્યાપક ત્રિકાળી ચેતન એનો જ્યારે અભાવ થાય તો આત્માનો પણ અભાવ થાય. આહા..હા..! કહો, હવે આ ત્રણ બોલનું તો સ્પષ્ટિકરણ થયું. એય..! ..જી! આહા..હા..! આ તો ભાઈ! રાતે સાંજે આવીને ભગવાનની પ્રાર્થના કરો ભેગા થઈને. પણ ક્યો ભગવાન? પ્રાર્થના ભેગા થઈને કરો. એય..! ધર્મ થઈ ગયો. ધૂળેય નથી સાંભળને હવે. એ તો વાણી જડ છે. એમાં વિકલ્પ ઉઠે એ પુણ્ય છે. એ કાંઈ એનો ધર્મ નથી. એ રાગ એનો ધર્મ નથી. ચેતના તો એનો ધર્મ સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજે થોડા એટલે માણસને જાણે કે આ ચીજ એવી નહિ. બધાને લાગુ પડે એવી ચીજ, પણ આ બધાને લાગુ પડે એ આ જ ચીજ છે. આહા..હા..!

નિત્ય ધ્રુવ વસ્તુ ભગવાન. એને જાણનારી એની ચેતનાની પર્યાય છે. એ ચેતનાની પર્યાયમાં બેપણું હોવું એનો સ્વભાવ છે. સામાન્યને દેખે દર્શન ચેતનાનો એક ભાગ. વિશેષ ભેદને

દેખે એ પર્યાયને દેખે એ જ્ઞાન. એવો એનો એક ભાવ. એ ચેતના સામાન્ય-વિશેષરૂપ જ હોય છે. એનો અભાવ માનો તો એ સામાન્ય-વિશેષરૂપ અસ્તિત્વ જ એનું ચાલ્યું ગયું છે. સામાન્યપણે દેખવું અને વિશેષપણે જાણવું ઈ બે ન હોય તો એ વસ્તુ જ સિદ્ધ નહિ થાય. અને એ સિદ્ધ નહિ થતાં, અસ્તિત્વ એની સત્તાનો અભાવ થતાં આત્માની સત્તા ચૈતન્ય વિનાની હોવાથી જડ થઈ જશે. અને ત્રિકાળ વ્યાપક જે છે એમાં એ સત્તાનો જો નાશ કરો તો એમાં રહેલો આત્મા વ્યાપ્ય એનો પણ અભાવ અંત આવી જાય છે એમાં. આહા..હા..!

'(-આમ બે દોષ આવે છે).' માટે 'तेन चित् नियतं दृग्ज्ञप्तिरूपा अस्तु' 'માટે...' ઓલામાં 'चितः' હતું. આમાં 'चित्' શબ્દ છે. પહેલામાં હતુંને? 'चितः' એ ત્યાં ચેતન હતું અને આમાં 'चित्' એટલે ચેતના છે. એમ. **'માટે ચેતના નિયમથી દર્શનજ્ઞાનરૂપ જ હો.'** આહા..હા..! અદ્વૈતવાળાને તો આ બધું એવું લાગે. શ્રીમદ્દે લખ્યું છે. વેદાંતવાળાને આ અમારી વાત નહિ રુચે. એ અર્થ કર્યા છેને ઓલા આત્મસિદ્ધિમાં. કારણ કે એકરૂપ જ છે એને એકરૂપે છે એવું જાણ્યું કોણે પણ? કોણે જાણ્યું? અવસ્થા જાણે વર્તમાન. કારણ કે વર્તમાનમાં, વર્તમાનમાં એ નથી જણાણો અનાદિથી. એ પણ વર્તમાનમાં છે. અને જણાય એ પણ વર્તમાનમાં જણાય છે. તો એ વર્તમાન પર્યાય જ્યાં સિદ્ધ નથી (તો) બધો નાશ છે એનો. એનો આત્મા પણ નથી અને એને કાંઈ નથી. વાતું કરે એકલા. એય..! હુકમચંદભાઈ!

મહાસત્તા એટલે? એકરૂપ નહિ. બધાનું હોવાપણું છે એ રીતે મહાસત્તા. બધાનું હોવાપણું એકરૂપે છે એમ નહિ. આહા..હા..! આકરી વાતું. મૂળ વસ્તુની આખી વાતમાં બહુ ફેર પડ્યો. વાડામાં પણ ફેર પડ્યો અને અન્યમતમાં તો ફેર અનાદિથી છે. આ તો વસ્તુની મર્યાદા શું છે? એમ અહીંયાં સર્વજ્ઞ ભગવાને જોયું અને ઈચ્છા વિના વાણીનો ધોધ નીકળ્યો એમાં આ વાત આવી. આહા..હા..! કહો, ધીરૂભાઈ! હવે આમાં તો શું સમજવું? આમાં શું કહે છે? ઓલા લૂગડા વેચતા હતા અને આ .. વેચે છે. આવો ધર્મ કાઢ્યો લ્યો. કાઢ્યો નથી એવો છે. આહા..હા..! મૂળ અંદર દરકાર નહિ ને દરકાર. આહા..! મારું શું થશે? હું આ ચોર્યાસીના અવતારમાં ભટક્યા ભટક કરું છું. ક્યાંય શાંતિ નથી. ક્યાંય શાંતિ, સુખ દેખાતું નથી. એ સુખનું ધામ કોણ છે? એ કોણ છે કે જેમાં આનંદ છે? તો ભગવાન એ આનંદનું ધામ છે. આહા..હા..! એ આનંદનું ધામ નોતી ખબર એ પણ એક અજ્ઞાનદશા છે. જ્ઞાન અને અજ્ઞાનરૂપે એ પોતે થયેલ છે. સમ્યગ્જ્ઞાનરૂપે થાય તોપણ એ પોતે, અજ્ઞાનરૂપે થાય તોપણ પોતે. સમજાણું કાંઈ?

ઘડામાં ઘડો હોયને ઘડો? એમાં ઘોબો દેખાયને ઘોબો? ઈ ઘડાની અવસ્થામાં છે અને ઘોબો નીકળી જાય, સરખો થાય એ પણ ઘડાની અવસ્થામાં થાય છે. એમ આત્મા પોતાને અનાદિથી ભૂલેલો છે. એ ઘોબો પણ એક એની અવસ્થા છે. ભ્રમ છે એમ નહિ. ભ્રમ

એક અવસ્થા છે. એ માટે તો કહેવાય છે આ. આહા..હા..! અહીં તો ચેતના જાણનાર જે જાગીને જોવે છે કે આ આત્મા એકરૂપે છે અને ગુણાદિ પર્યાયથી અનેકરૂપે એવી જે ચેતના એની જો ચેતનાની સત્તા સિદ્ધ ન થાય બેરૂપે છે એ રીતે. (તો) એનો અભાવ થયો. વસ્તુ સામાન્ય અને વિશેષ બેરૂપે હોય, પર્યાય સામાન્ય-વિશેષ બેરૂપે હોય. આહા..હા..! એનો અભાવ થતાં ચેતનનું ચેતનાપણું નહિ રહે તો જડ થઈ જશે અને ત્રિકાળી વ્યાપકપણાનો અભાવ માનતા વ્યાપ્ય એવો આત્મા પણ અંત પામી જશે. આહા..હા..!

ભાવાર્થ. '**માટે ચેતના નિયમથી દર્શનજ્ઞાનરૂપ જ હો.**' ઓહો..હો..! '**नियतं**' છેને? '**तेन चित्**' ઈ ચેતના છે. પેલું '**चितः**' એ ચેતન છે. '**માટે ચેતના...**' જાણવા-દેખવાની દશારૂપ ચેતના '**નિયમથી...**' નિશ્ચયથી '**દર્શનજ્ઞાનરૂપ જ હો.**' નિયમથી અને દર્શનજ્ઞાનરૂપ જ હો. ત્યાં જ પાછો. આ તો વસ્તુની મર્યાદા જ આવી છે. અનાદિ આ રીતે ન હોય તો કોઈ રીતે વસ્તુ સાબિત ન થાય. જણાય નહિ, જણાય નહિ અને આંધળો રહે. આહા..હા..! જાણનારની પર્યાય છે એ જાણે-દેખે છે. એ પર્યાયને જ ન માને એને જાણવા-દેખવાનું હોતું નથી. એને આત્મા પણ જણાય નહિ અને જડ થઈ જાય એ તો. આહા..હા..! ઓલા કહે છેને રજનીશ. એ વિકલ્પ છોડી દ્યો... વિકલ્પ છોડી દ્યો... વિકલ્પ... પણ શું છોડે? કોની સત્તામાં દૃષ્ટિ મૂકતા વિકલ્પ છુટી જાય? એના હોવાપણામાં દૃષ્ટિ આપતા વિકલ્પની એકતા તુટી જાય. એનું અસ્તિતત્ત્વ તો સાબિત કરતો નથી. આહા..હા..! તેથી આ વાત લીધી જુઓને કેવી લીધી! વિકલ્પ છોડી દ્યો... વિકલ્પ છોડી દ્યો... પણ એ છૂટે શી રીતે? છોડી દ્યો. પણ શી રીતે છૂટે? છોડવાથી છૂટે? કે વિકલ્પ છોડી દ્યો એવું જ્ઞાન કર્યું એનાથી છૂટે? ઈ જ્ઞાનચેતના જે જાણવા-દેખવાની જે ચેતના એ વડે અંદર જણાય તો અંદરમાં આનંદ છે એનું વેદન આનંદનું આવે. ત્યારે આ આનંદની દશા વર્તમાનમાં નહોતી, દુઃખરૂપ દશા હતી એનો અભાવ કરીને આનંદ પ્રગટ થયો એ પર્યાય છે. એ આનંદનું ધામ ભગવાન આખો આત્મા છે. અંશપણે વેદાણું, આનંદના અંશનું વેદન આવ્યું. એ આખો આત્મા આનંદસ્વરૂપ છે સામાન્યરૂપે અને પર્યાયમાં વેદન થયું વિશેષરૂપે બેયનું ચેતના જ્ઞાન અને દર્શન કરે છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? આ તો છોકરાઓને પણ સમજાય એવું છે. છોકરા-બોકરા છે જ ક્યાં? એ તો આત્મા છે. આ તો હવે જડ છે. આહા..હા..!

'**ભાવાર્થ :- સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે.**' વિશેષાત્મક છેને? દરેક ચીજ સામાન્ય એન વિશેષરૂપ છે. દ્રવ્ય અને પર્યાય, અભેદ અને ભેદ. '**તેથી તેમને પ્રતિભાસનારી...**' તેથી તેને જાણનારી. પ્રતિભાસ એટલે જે જ્ઞાન અને દર્શનમાં ચેતનામાં જે ભાસ થાય સામાન્ય-વિશેષનો. '**ચેતના પણ સામાન્યપ્રતિભાસરૂપ...**' છે. એ દર્શનરૂપ. '**અને વિશેષપ્રતિભાસરૂપ (-જ્ઞાનરૂપ)...**' આહા..હા..!

મુમુક્ષુ :- પર્યાયના બે ભેદ.

ઉત્તર :- પર્યાયના બે ભેદ—એક સામાન્યને જાણે અને એક વિશેષને જાણે. આહા..હા..! ભાઈ કહેતા હતા નહિ ઓલા વઢવાણવાળા. કે પ્રજ્ઞા એ તો કાંઈ તત્ત્વ છે? હવે આવું બહાર આવ્યું ત્યારે વળી ઈ ત્યાં લાગ્યા પાછા. કાંઈ નહોતું ... એમ કે પ્રજ્ઞા જે છે એ તત્ત્વ છે? એ તત્ત્વ છે. પ્રજ્ઞા એ સંવર નિર્જરાનું તત્ત્વ છે. આહા..હા..! ત્રિકાળી તત્ત્વ નહિ, પણ ત્રિકાળીને જાણનાર કોણ? ત્રિકાળીને વર્તમાનમાં જણાય કે ત્રિકાળી ત્રિકાળીમાં જણાય? ત્રિકાળી ત્રિકાળમાં શું જણાય? એ તો કૂટસ્થ ધ્રુવ છે. ત્રિકાળી જે નિત્ય ધ્રુવ એ તો ધ્રુવ કૂટસ્થ. જે પલટતી દશા હોય એમાં જણાય. એ અજ્ઞાન હતું. જેની ખબર નહોતી કે આ તે કોણ છે, કેમ છે? એવી દશા હતી એ ચેતના વડે જ્યાં જાણવામાં આવી એ દશા છૂટી ગઈ. નવી દશા આનંદની આવી. આહા..હા..! આ વસ્તુને આ રીતે સિદ્ધ કરવાની શક્તિ વીતરાગ માર્ગમાં છે. સર્વજ્ઞ પરમાત્માના માર્ગમાં છે. બીજે ક્યાંય એ છે જ નહિ. બધે ઉંધે ઉંધું ભર્યું છે બધે. સમજાણું કાંઈ?

આ અનુમાન કર્યું છે કે જ્યારે સમસ્ત વસ્તુઓ સામાન્ય અને વિશેષસ્વરૂપ છે '**તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ સામાન્યપ્રતિભાસરૂપ (-દર્શનરૂપ) અને વિશેષપ્રતિભાસરૂપ (-જ્ઞાનરૂપ) હોવી જોઈએ. જો ચેતના પોતાની દર્શનજ્ઞાનરૂપતાને છોડે તો ચેતનાનો જ અભાવ થતાં,...**' કારણ કે સામાન્ય-વિશેષ સ્વરૂપે જ દ્રવ્ય હોય, ગુણ હોય અને પર્યાય હોય. આહા..હા..! '**કાં તો ચેતન આત્માને (પોતાના ચેતનાગુણનો અભાવ થવાથી) જડપણું આવે, અથવા તો વ્યાપકના અભાવથી વ્યાપ્ય એવા આત્માનો અભાવ થાય. (ચેતના આત્માની સર્વ અવસ્થાઓમાં વ્યાપતી હોવાથી વ્યાપક છે...**' એમ કહ્યું છેને? બીજે ઠેકાણે આત્મા દરેક પર્યાયમાં હોવાથી આત્મા વ્યાપક અને પર્યાય એની વ્યાપ્ય છે એમ લીધું. અહીં એ વાત સિદ્ધ કરવી છે કે કાયમ આત્માની અંદર ચેતના વ્યાપેલી છે ત્રણે કાળે. એ જો ન હોય તો ચેતનનો અભાવ થઈ જાય છે. આહા..હા..!

'**સર્વ અવસ્થાઓમાં વ્યાપતી હોવાથી વ્યાપક છે...**' ઈ પર્યાય પોતે વ્યાપક છે. '**અને આત્મા ચેતન હોવાથી ચેતનાનું વ્યાપ્ય છે.**' કહો, ચેતનજી! હવે ક્યાં સુધી આ પર્યાયને યાદ કર્યા કરવી? દ્રવ્યનું (લક્ષ) કરો... દ્રવ્યનું (લક્ષ) કરો... પણ દ્રવ્ય છે ઈ જાણે છે કોણ? ધ્રુવનું લક્ષ દેવું... ધ્રુવનું લક્ષ દેવું... ધ્રુવને યાદ... પણ ધ્રુવને લક્ષ દેવું એ દેનાર કોણ? પર્યાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- એની રુચિ થઈ ગઈ.

ઉત્તર :- રુચિ થાય એટલે એનું જ્ઞાન થાય. એક સમયની અવસ્થા છે એનું જ્ઞાન થાય. પણ જે અવસ્થા ધ્રુવને અવલંબીને એ નિર્મળ થઈ છે. પર્યાય પર્યાયને અવલંબીને નિર્મળ

થઈ નથી. આમ છે. આહા..હા..! આવો માર્ગ. ઓલું તો અપવાસ કરવો, તપ કરવા લ્યો. ચોવિહાર કરવો, લીલોતરી ન ખાવ. આહા..હા..!

મુમુક્ષુ :- બહુ સહેલું.

ઉત્તર :- બહુ સહેલું એટલે આ વાણિયા ... શાક લઈ આવ્યોને થોડો ટુવો હતો થોડો-થોડો. આઠ આનાના શેરમાંથી બે આનાનું શેર આપ્યું શાક. કંજુસ એ વાણિયો હશે. ઓલા વેચવા આવ્યાને લીલોતરી શાકને એ. મણ, બે મણ હોય એમાંથી દોઢ મણ વેચાઈ ગયું, પોણા બે. દોઢ શેર રહ્યું વાણિયો આવ્યો. જો ભાઈ આ ચાર આના શેર વેચ્યું છે અત્યાર સુધી. આના તમને એક આના શેર, બે આના શેર આપીએ. પણ આ ટુવો છે હોં. લાવને. ઘરે જોવે તો આખી દૂધીમાં ટુવો. એક ટૂકડો ન કામ આવ્યો. આ સોંઘુ કરવા ગયા.

મુમુક્ષુ :- એ તો કોકવાર વાણિયો છેતરાય.

ઉત્તર :- વાણિયો છેતરાય તો આ રીતે છેતરાય. ઘણાય એવા હોય. ભીંડાની શીંગુ, દૂધી .. આમ કરવા જાય. સાંજે થોડું વધ્યું હોય. બે આના શેર. જુઓ આઠ આના શેર આપ્યું છે. ઘરે જાય આખી દૂધીમાં સળંગ ટુવો. સોંઘું લેવા ગયા. આ ધર્મ. સોંઘુ લેવા ગયા કે દયા કરશું, વ્રત પાળશું. ચાલ્યો જશે તારો કાળ સાંભળને. છેતરી ગયા. છેતરાઈ ગયો. આહા..હા..! અપવાસ કરશું અને તપસ્યા કરશું. તપસ્યા નિર્જરા છે. તપસ્યા અપવાસ કરે બિચારાનું શરીર સુકાય. આમ મોઢું પડી જાય. તૃષા લાગે તો એકવાર પાણી પીવે, બેવાર પીવે. ... ચોવિહાર. એને અપવાસ ન કહે પાણી પીવે એને. પાણી નહિ. એ પણ અનાજ (આહાર) છેને. શરીર સુકાઈ જાય, મોઢું પડી જાય સવારમાં. ચોવીસ કલાકનો દિવસ હોય અને એમાં સવારથી સાંજ પાણી ન પીવે. મોઢું આમ થઈ જાય. ભાઈ! વધારે સહન કરે એ વધારે નિર્જરા. આવા ગપ્પ મારે બિચારાને ધર્મને નામે. અરે..! ધર્મ તો બાપુ એ નહિ. અહીં તો ચેતનારો ચેતનારી દશા, ચેતનાર ચેતનને અંદરમાં જાણે અને અંદરને દેખે અને એમાં ઠરે એનું નામ ધર્મ છે. આ બાકી બધી વાતું છે. આહા..હા..!

**'આત્મા ચેતન હોવાથી ચેતનાનું વ્યાપ્ય છે. તેથી ચેતનાનો અભાવ થતાં આત્માનો પણ અભાવ થાય.) માટે ચેતના દર્શનજ્ઞાનસ્વરૂપ જ માનવી.'** લ્યો. **'અહીં તાત્પર્ય એવું છે કે-સાંખ્યમતી આદિ...'** સાંખ્ય મતવાળા, વેદાંત મતવાળા, વિજ્ઞાન અદ્વૈતમતવાળા. વિજ્ઞાન અદ્વૈત માને છે. જ્ઞાન જ છે સર્વવ્યાપક. આ બીજા કહે કે આત્મા છે સર્વવ્યાપક, એક જણો કહે જ્ઞાન જ સર્વવ્યાપક, જ્ઞાન જ વ્યાપક. બધે જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એવા **'સાંખ્યમતી આદિ કેટલાક લોકો સામાન્ય ચેતનાને જ માની એકાંત કહે છે, તેમનો નિષેધ કરવા માટે 'વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષરૂપ છે તેથી ચેતનાને સામાન્યવિશેષરૂપ અંગીકાર કરવી' એમ અહીં જણાવ્યું છે.'** લ્યો.

## શ્લોક-૧૮૪

(इन्द्रवज्रा)

एकश्चितश्चिन्मय एव भावो
भावाः परे ये किल ते परेषाम्।
ग्राह्यस्ततश्चिन्मय एव भावो
भावाः परे सर्वत एव हेयाः।।१८४।।

હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છે :

શ્લોકાર્થ :- [चितः] ચૈતન્યનો (આત્માનો) તો [एकः चिन्मयः एव भावः] એક ચિન્મય જ ભાવ છે, [ये परे भावाः] જે બીજા ભાવો છે [ते किल परेषाम्] તે ખરેખર પરના ભાવો છે; [तत्] માટે [चिन्मयः भावः एव ग्राह्यः] (એક) ચિન્મય ભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે, [परे भावाः सर्वतः एव हेयाः] બીજા ભાવો સર્વથા છોડવાયોગ્ય છે. ૧૮૪.

## કળશ-૧૮૪ ઉપર પ્રવચન

'હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છે :—'

(इन्द्रवज्रा)

एकश्चितश्चिन्मय एव भावो
भावाः परे ये किल ते परेषाम्।
ग्राह्यस्ततश्चिन्मय एव भावो
भावाः परे सर्वत एव हेयाः।।१८४।।

એનો 'શ્લોકાર્થ :-' અહીં ઓલું 'चितः' .. એને ચેતન કહ્યો. ઓલામાં એમ હતું. 'ચૈતન્યનો (આત્માનો) તો...' 'एकः चिन्मयः एव भावः' એક જ્ઞાનસ્વભાવ દર્શનમાં ચેતના એ જ એક ભાવ છે એનો. જાણવા-દેખવાની જે ચેતના એવો જ એનો એક આત્માનો ભાવ છે. આહા..હા..! 'ये परे भावाः' 'જે બીજા ભાવો છે...' 'परे' એટલે બીજા.

પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ વગેરે. એ બધા જે વિકલ્પો, રાગ છે તે **'ते किल परेषाम्' 'તે ખરેખર પરના ભાવો છે;...'** એ આત્માનો ભાવ નથી. આહા..હા..! અસ્તિ છે. ત્યાં એમ કીધું છેને? બીજા ભાવો છે એમ કીધું છે. પણ એ આત્માનો ભાવ નથી. આહા..હા..! ભગવાન આત્માનો ભાવ ચેતવું-જાણવું-દેખવું એ એનો ભાવ છે.

હવે મોંઘું શું ઈ ખબર નથી પડતી? કે આટલા-આટલા કાળથી આવું બધું કર્યું. છતાં હાથ આવ્યો નથી. એને સમજવાની વસ્તુ સમ્યગ્દર્શન એ મોંઘી ચીજ છે. ઓલી તો સોંઘી છે અનંતવાર કરી છે. આહા..હા..! એ તો જ્ઞાનાનંદ સ્વભાવી વસ્તુ છે. એને જ્ઞાનાનંદ સ્વભાવી પર્યાયથી જ પ્રગટ થાય છે. બીજો કોઈ એનો ઉપાય નથી. આહા..હા..! કહે છે ખરેખર પરના ભાવો જે બીજા બધા પરના ભાવો છે. ઓહો..હો..! સ્વની દયાનો ભાવ, હિંસાનો ભાવ, બ્રહ્મચર્યનો, શરીરથી બ્રહ્મચર્ય પાળવું એનો ભાવ. એ બધા પરભાવ છે. કહો, સમજાય છે કે નહિ? વજુભાઈ! આવું છે આ. ભારે ઝીણું! પરમ સત્ય આમ છે. આથી વિપરીત છે એ બધું ગોટાળા ભરેલું છે. આહા..હા..!

**'માટે...' 'चिन्मयः भावः एव ग्राह्यः'** એમ પાછું. જ્યારે ભગવાન આત્માનો ચેતનાસ્વભાવ જ એક ભાવ છે અને એ સિવાય રાગ દયા, દાન, વ્રત, વિકલ્પો બધા પરભાવ છે તો **'चिन्मयः भावः एव ग्राह्यः' '(એક) ચિન્મય ભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે,...'** જાણવા-દેખવા અને અનુભવવા યોગ્ય જ્ઞાનમયભાવ જ અનુભવવાયોગ્ય છે. આહા..હા..! **'परे भावाः सर्वतः एव हेयाः' 'બીજા ભાવો સર્વથા છોડવાયોગ્ય છે.'** લ્યો આમાં સર્વથા આવ્યું. રાગાદિ વ્યવહાર કથંચિત્ આદરવાયોગ્ય અને કથંચિત્ છોડવાયોગ્ય છે. બિલકુલ નહિ. પ્રભુ આત્મા ચેતનસ્વભાવી, ચેતનભાવી ભાવવાન એનાથી બીજા ભાવો સર્વથા છોડવાયોગ્ય છે. રાગાદિ વિકલ્પ ભગવાનની ભક્તિ કે ભગવાનનું.. અરે..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ સર્વથા છોડવાલાયક છે. આહા..હા..! એક જાણનાર-દેખનારભાવ એ જ અનુભવવા લાયક છે. બાકી બધું છોડવાલાયક છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૩૦૦

को णाम भणिज्ज बुहो णादुं सव्वे पराइए भावे।
मज्झमिणं ति य वयणं जाणंतो अप्पयं सुद्धं।।३००।।
को नाम भणेदुधः ज्ञात्वा सर्वान् परकीयान् भावान्।
ममेदमिति च वचनं जानतात्मानं शुद्धम्।।३००।।

यो हि परात्मनोर्नियतस्वलक्षणविभागपातिन्या प्रज्ञया ज्ञानी स्यात्, स खल्वेकं चिन्मात्रं भावमात्मीयं जानाति, शेषांश्च सर्वानेव भावान् परकीयान् जानाति। एवं च जानन् कथं परभावान्ममामी इति ब्रूयात् ? परात्मनोर्निश्चयेन स्वस्वामिसम्बन्धस्यासम्भवात्। अतः सर्वथा चिद्भाव एव गृहीतव्यः, शेषाः सर्वे एव भावाः प्रहातव्या इति सिद्धान्तः।

હવે આ ઉપદેશની ગાથા કહે છે :

સૌ ભાવ જે પરકીય જાણે, શુદ્ધ જાણે આત્મને,
તે કોણ જ્ઞાની 'મારું આ' એવું વચન બોલે ખરે? ૩૦૦.

ગાથાર્થ :- [सर्वान् भावान्] સર્વ ભાવોને [परकीयान्] પારકા [ज्ञात्वा] જાણીને [कः नाम बुधः] કોણ જ્ઞાની, [आत्मानम्] પોતાને [शुद्धम्] શુદ્ધ [जानन्] જાણતો થકો, [इदम् मम] 'આ મારું છે' (-'આ ભાવો મારા છે') [इति च वचनम्] એવું વચન [भणेत्] બોલે?

ટીકા :- જે (પુરુષ) પરના અને આત્માના નિયત સ્વલક્ષણોના વિભાગમાં પડનારી પ્રજ્ઞા વડે જ્ઞાની થાય, તે ખરેખર એક ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે અને બાકીના સર્વ ભાવોને પારકા જાણે છે. આવું જાણતો થકો (તે પુરુષ) પરભાવોને 'આ મારા છે' એમ કેમ કહે? (ન જ કહે;) કારણ કે પરને અને પોતાને નિશ્ચયથી સ્વસ્વામિસંબંધનો અસંભવ છે. માટે, સર્વથા ચિદ્ભાવ જ (એક) ગ્રહણ કરવાયોગ્ય છે, બાકીના સમસ્ત ભાવો છોડવાયોગ્ય છે-એવો સિદ્ધાંત છે.

ભાવાર્થ :- લોકમાં પણ એ ન્યાય છે કે-જે સુબુદ્ધિ હોય, ન્યાયવાન હોય, તે પરનાં ધનાદિકને પોતાનાં ન કહે. તેવી જ રીતે જે સમ્યગ્જ્ઞાની છે, તે સમસ્ત પરદ્રવ્યોને પોતાનાં કરતો નથી, પોતાના નિજભાવને જ પોતાનો જાણી ગ્રહણ કરે છે.

**જેઠ વદ-૧૫, શનિવાર, તા. ૩૦-૦૬-૧૯૭૩**
**ગાથા-૩૦૦, કળશ - ૧૮૫, પ્રવચન-૪૨૪**

... ઝઘડા થાય ... એમ આવ્યું હતું. સાધુ એમ કે મહારાજ થાય તે તો શુભ હોય. વખાણ આવ્યા હતા છાપામાં સાધુના. આહા..હા..! પરભાવને નુકસાનકારક માનનાર એ પરભાવ હોવા છતાં તેને હિતરૂપ ન માને અને આ તો નવરા થયા તો કુકથા તો નથીને? પણ ઈ જ કથા કુકથા છે. આહા..હા..! એમ કે .. આવે માટે શુભરાગ કરવા જેવો છે. અશુભરાગથી બચશે તો ખરોને એમાં? એમ કહે છે. પોતે દુઃખરૂપ છે. આત્માના આનંદ અને જ્ઞાનભાવથી તદ્દન વિરુદ્ધભાવ એનું સ્વપણું એનાથી લાભ માને એ તો સ્વામી થયો એનો (એ તો) મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! બહુ ફેરફાર. વીતરાગ માર્ગ ઉજળો, પવિત્ર માર્ગ અનાદિ શાંત માર્ગ. એને અશાંતિનું કારણ રાગ એની સાથે ભેળવી દીધો. આહા..હા..! અશુભરાગ ભળ્યો એ તો મહાપાપ. આ તો શુભરાગને ચૈતન્યમાં ભેળવ્યો એ મિથ્યાત્વભાવ છે. સ્વ-પરને વિભાગને કરનારી એને પ્રગટી નહિ. આહા..હા..! આવું ભગવાન સ્વરૂપ છે એને જ ગ્રહણ કરવાયોગ્ય છે.

'**બાકીના...**' ત્યાં પણ આવ્યું જુઓ, '**સમસ્ત ભાવો...**' ત્યાં .. ન થયો. આ બાજુ સર્વથા અને આ બાજુ સમસ્ત આવ્યું. પછી કોઈપણ રાગનો અંશ. આહા..હા..! '**બાકીના સમસ્ત ભાવો છોડવાયોગ્ય છે...**' જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનસ્વભાવમાં હોતા એ દૃષ્ટિ એમાં આવતા જેટલો વિકલ્પ ઉઠે રાગનો એ બધું છોડવાલાયક છે. હજી એવી દૃષ્ટિની સમ્યગ્દર્શન પહેલા પણ શ્રદ્ધાના જેને ઠેકાણા નથી. આહા..હા..! કે શુભભાવ એ પરભાવ છે. છોડવાયોગ્ય છે. એનાથી શુદ્ધતા પ્રગટે ત્રણ કાળ, ત્રણ લોકમાં એ વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા..! અરે..! આવો મનુષ્યદેહ ક્યારે મળે? અને આ વાત સાંભળવી ક્યારે મળે? સાંભળીને એને કરવાનું તો આ છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન એનો અનુભવ કરવાલાયક છે. રાગાદિ તે અંતર ભેળવવા જેવો નથી.

'**બાકીના સમસ્ત ભાવો છોડવાયોગ્ય છે-એવો સિદ્ધાંત છે.**' એમ લખ્યુંને? જુઓને. '**प्रहातव्या इति सिद्धान्तः**' સંસ્કૃત છે. એવો નિયમ છે. સિદ્ધાંત સત્ય આમ છે. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી મોજુદગી એનો સ્વભાવ મોજુદ જ્ઞાનસ્વભાવ. એની મોજુદગીમાં શુભરાગની મોજુદગી એનામાં નથી. એમ બેને જુદા પાડી અને જ્ઞાનભાવ એક જ અનુભવવા

લાયક છે અને બાકીના બીજા ગમે તે વિકલ્પ હોય એ છોડવાલાયક છે એવો સિદ્ધાંત છે. આહા..હા..! એથી પછી ઓલો શ્લોક કહ્યોને હવે. '**सिद्धान्तोऽय**' એની સાથે મેળવવું છે. પહેલો સિદ્ધાંત શબ્દ આવ્યોને કળશ સાથે એને મેળવે છે. આહા..હા..! એવું સિદ્ધ ધર્મનું સ્વરૂપનો અંત ત્યાં છે. આહા..હા..! અમૃત રેડ્યા છે. બાપુ! તને ક્યાંય પણ પ્રસન્નતા વર્તે તો તું સ્વરૂપમાં પ્રસન્નતા આનંદ છે એનું તો ખૂન કરે છે. આહા..હા..! વ્યવહારના રાગમાં પણ પ્રસન્નતા, અધિકતા અને વિશેષતા કાંઈક ભાસે. કાંઈક-કાંઈક કરું છું. સમજાણું કાંઈ? કહો, ભોગીભાઈ! આવું ઝીણું ભારે ભાઈ! અહીંયાં તો મીઠાભાઈને એ બધા લોકો. આહા..હા..!

પહેલી આ જાતની સમજણ સાચી તો કરે. એ જાતની. આહા..હા..! કે ભગવાન આત્મા તો ચૈતન્યમૂર્તિ પ્રભુ એ આદરણીય છે, એ સિવાયની બીજી ચીજ વિકલ્પ માત્ર તે છોડવાલાયક છે. છોડવાલાયકનો અર્થ? આ બાજુ ઢળવા લાયક છે તો એ બાજુ છૂટી જાય છે. એવો સિદ્ધાંત છે. ભગવાનના વીતરાગમાર્ગનો આ સિદ્ધાંત છે.

'**ભાવાર્થ :- લોકમાં પણ એ ન્યાય છે કે-જે સુબુદ્ધિ હોય,...**' સારી બુદ્ધિવાળો હોય, '**ન્યાયવાન હોય, તે પરનાં ધનાદિકને પોતાનાં ન કહે.**' કહે? આ વરઘોડામાં દાગીનો લઈ આવે શેઠિયાનો પાંચ હજારનો, દસ હજારનો. છોકરો પોતે સાધારણ માણસ હોય. શેઠિયા જોડે રહેતા હોય. ..ભાઈને .. દાગીનો આપજો ભાઈ! અમારે આ છોકરો પરણે છે. પાંચ હજારનો હોય તો આપે. તો પોતામાં ખતવે? શાંતિભાઈ! ઓલા ઘરની મૂડીમાં ખતવે એને? આહા..હા..! એમ રાગાદિ આવી પરવસ્તુ એ પોતામાં ખતવે? આહા..હા..! બહુ કામ! વીતરાગનો માર્ગ વ્યવહારે પણ સમજવો એને મુશ્કેલ. નિશ્ચય તો ભેદ પાડીને અનુભવે એ જ વસ્તુ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ એના જ્ઞાનમાં પરલક્ષી જ્ઞાનમાં પણ હજી આવી વાત બેસે નહિ. નહિ... નહિ... નહિ... એકાંતમાર્ગ નથી પ્રભુનો. કાંઈક રાગ અને વ્યવહારથી પણ કાંઈક લાભ માનો. તો અનેકાંત થાય. વીતરાગમાર્ગમાં એવો અનેકાંત નથી. એ બધા ફુદડીવાદ છે. આહા..હા..! લોકોને એવું લાગે હોં. એય..! સોનગઢમાં તો આમ છે. સોનગઢવાળા વ્યવહારનો તો નાશ કરે છે. વ્યવહારનો નાશ તો સ્વભાવની દૃષ્ટિ કરે, તે વિના સ્વભાવ પ્રગટે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેવી જ રીતે જે સમ્યગ્જ્ઞાની છે,...**' ઓલું લૌકિક લીધું પહેલું. '**તે સમસ્ત પરદ્રવ્યોને પોતાનાં કરતો નથી,...**' આહા..હા..! એ રાગનો ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ, અપવાસ કરું અને આ કરું એ બધો વિકલ્પ રાગ. એ બધાને પોતાનો કરતા નથી. '**પોતાના નિજભાવને જ પોતાનો જાણી ગ્રહણ કરે છે.**' પોતાનો ભગવાન આત્મા એનો જે જ્ઞાનસ્વભાવ એમાં આનંદ છે એને અનુભવે છે.

## શ્લોક-૧૮૫

(शार्दूलविक्रीडित)

सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।१८५।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [उदात्तचित्तचरितैः मोक्षार्थिभिः] જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (-ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે એવા મોક્ષાર્થીઓ [अयम् सिद्धान्तः] આ સિદ્ધાંતને [सेव्यताम्] સેવન કરો કે - '[अहम् शुद्धं चिन्मयम् एकम् परमं ज्योतिः एव सदा एव अस्मि ] હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; [तु] અને [एते ये पृथग्लक्षणाः विविधाः भावाः समुल्लसन्ति ते अहं न अस्मि ] આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, [यतः अत्र ते समग्राः अपि मम परद्रव्यम्] કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે'. ૧૮૫.

## કળશ-૧૮૫ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'

(शार्दूलविक्रीडित)

सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।१८५।।

જુઓ, આ સેવો એમ કહે, આશ્રય કરો આત્માનો.

આહા..હા..! એ વિકલ્પ ઉઠ્યો દયા, દાન, વ્રત, ભક્તિ, શુભભાવ. એને અહીંયાં તો પરદ્રવ્ય કીધો. નિયમસારમાં તો પર્યાયને પરદ્રવ્ય કીધી, પણ આટલી તો અહીંયાં વાત સમજ કહે. આહા..હા..! વ્રત પાળું છું અને અપવાસ કર્યા છે, આંબેલ કરી છે, આટલું મને ખપે નહિ એ મને નિયમ છે. એ બધો શુભરાગ તે પરદ્રવ્ય છે. એ આત્માનું સ્વરૂપ નહિ. આહા..હા..!

જેમના '**उदात्तचित्तचरितैः मोक्षार्थिभिः**' કળશનો અર્થ. જેમના જ્ઞાનના અભિપ્રાય ઉદાર-ઉદાર ઉજ્જ્વળ છે. જેના જ્ઞાનનો અભિપ્રાય જ્ઞાનમાં અભિપ્રાય ઉજ્જ્વળ છે. ઉદાર. આહા..હા..! ઉચ્ચ છે, ઉજ્જ્વળ છે. '**એવા મોક્ષાર્થીઓ...**' એવા મોક્ષના અર્થીઓ આનંદના અનુભવના અર્થીઓ. આહા..હા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એનો અર્થી એટલે કે જેને અતીન્દ્રિય આનંદની પરિણતિ થઈ છે એથી એ મોક્ષાર્થી છે. પૂર્ણ આનંદને પ્રાપ્ત કરવા એ મથે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું તો અજાણ્યા માણસને પહેલું-વહેલું તો એવું લાગે કે આ શું કહે છે? આ તે આપણો જૈન ધર્મ હશે? આ સ્થાનકવાસી ધર્મ હશે? દેરાવાસી હશે? દિગંબર ધર્મ હશે? આ ચોથો ક્યાંથી કાઢ્યો? ચોથો નથી. દિગંબર ધર્મમાં જ આ છે. સમજાણું? ધર્મ જ આ છે.

કહે છે. આહા..હા..! જેમ વસ્ત્રની લાગણી છોડવા જેવી છે એમ લાગણીની લાગણી છોડવા જેવી છે એમ કહે છે. વિકલ્પરૂપી કપડું એને છોડવા જેવું છે. આહા..હા..! એવો ભગવાન ચિદાનંદ સ્વરૂપી પ્રભુ. આહા..હા..! જેના અંશના આનંદમાં દુનિયાના ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા મીંદડા અને કુતરા જેવા ગંધ મારે. આહા..હા..! એવો જે આત્મા આનંદનો નાથ પ્રભુ એને મોક્ષાર્થી એટલે આનંદના પ્રયોજનવાળો જીવ. આહા..હા..! મોક્ષાર્થીને મોક્ષ એટલે પૂર્ણ આનંદ. આહા..હા..! એનો જે અર્થી છે એટલે કે જેને વર્તમાનમાં આનંદનો અંશ અનુભવમાં આવ્યો છે. આહા..હા..! એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! હવે આ સત્ય છે એ જાણવું અને માનવું જોઈએ. કે લોકોમાં ગપ્પા મારવા માંડ્યા અંદર કે આમ નહિ, આમ જોઈએ ને આમ જોઈએ. નિમિત્ત વિના થાય નહિ, વ્યવહાર વિના નિશ્ચય થાય નહિ. અહીં કહે કે નિમિત્તની હયાતી છે માટે ઉપાદાનની હયાતીમાં કાર્ય થયું? એમ વ્યવહારની હયાતી છે માટે નિશ્ચયમાં કાર્ય આત્માનું થયું? આહા..હા..!

'**આ સિદ્ધાંતને સેવન કરો...**' એટલે કે સ્વદ્રવ્યનો આશ્રય કરો એમ. આહા..હા..! કેમકે રાગથી ભિન્ન પડેલું તત્ત્વ એનો સ્વઆશ્રય કરે ત્યારે ભિન્ન થઈ જાય છે. તેથી સ્વદ્રવ્યનો આશ્રય કરવો એ સિદ્ધાંતનું સેવન કરો. આહા..હા..! પરમ સત્યના સિદ્ધાંતો છે આ. એમાં કોઈ વાદવિવાદને સ્થાન નથી. જેને હિત કરવું હોય તો. બાકી અમે કાંઈક છીએ એમાં કાંઈક માનવું હોય એને. કાંઈક કાંઈક અધિકપણું માનવું હોય તો અમે કાંઈક શુભ તો કરીએ છીએને? આમ તો છેને? બાયડી-છોકરા છોડીને, વેપાર છોડીને બેઠા છીએને. બેઠો છો મિથ્યાત્વમાં

સાંભળને. અમે આ છોડ્યા. શું છોડ્યું? રાગને છોડવા જેવો, જે સ્વભાવની દૃષ્ટિ છે એને માન્યો નથી. શું છોડ્યું? છોડવા જેવું તો ઈ છે. આહા..હા..! ઓલો તો અસદ્ભૂત વ્યવહારને છોડવા જેવો ત્યારે એને આમ થાય.

જેમના જ્ઞાનનો અભિપ્રાય ઉદાત્ત, ઉદાર છે એવા મોક્ષાર્થીઓએ **'अयम् सिद्धान्तः'** **'આ સિદ્ધાંતનું સેવન કરો...'** આ સિદ્ધાંત વસ્તુસ્વરૂપ જે ત્રિકાળ તે સ્વ છે એનો આશ્રય કરો. **'अहम् शुद्धं चिन्मयम् एकम् परमं ज्योतिः एव सदा एव अस्मि'** **'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;...'** જુઓ ભાષા લીધી. હું તો પૂર્ણ આનંદસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું. આહા..હા..! પરમભાવ આવ્યું હતુંને. પરમભાવ, અપરમભાવ નહોતું આવ્યું નિયમસારમાં? પરમભાવ શુદ્ધ ચિન્મય વસ્તુ. એક. હું પ્રત્યક્ષ અનુભવ કરનારો એમ. હું સ્વસંવેદનથી મારા ભગવાન આત્માને અનુભવનારો **'શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;...'** આહા..હા..! એમ સ્વ પોતામાં સં પ્રત્યક્ષ વેદનથી આમ સ્વનો આશ્રય લે. આહા..હા..! ઓલા તો વીંખી નાખે હોં મારા પંડિત... વ્યવહારમાં આમ છે, ફલાણું આમ છે. બે નય ન હોય તો એકાંત થઈ જાય છે. એકાંત મિથ્યાત્વ છે. લ્યો એવું આવે છે. કઈ અપેક્ષાએ? આહા..હા..! ..બીજાથી આત્માને લાભ થાય એમ વાત છે ત્યાં? નિશ્ચયનો-સ્વભાવનો આશ્રય લઈને થયું ત્યારે ત્યાં એ રાગાદિ બીજો નયનો વિષય એ ચીજ છે. એટલી વાત. નિશ્ચયમાં તો એની અપેક્ષા વિના જ સમ્યગ્દર્શન થાય છે. એકાંત નિશ્ચયની દૃષ્ટિમાં તો એમ જ છે. પણ જ્યારે બીજા નયનું જ્ઞાન કરાવવું હોય ભેગું એ વખતે પણ રાગ છે ઈ અસ્તિ છે, એ નયનો વિષય તું ના પાડ એમ નહિ. એટલી વાત. પણ નયનો વિષય છે માટે આદરણીય છે એમ નથી. આ મોટો ફેર આ છે. આહા..હા..!

એમ નહિતર બે નય શી રીતે પડ્યા? બે જો આદરણીય હોય તો બે શું કરવા પડે? એક સ્વનો આશ્રય કરવાલાયક છે અને એકની દૃષ્ટિમાંથી છોડવાલાયક છે. તો તો બે વિરુદ્ધ નય કહેવાય અને તો એનું સમાધાન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? અને બેયને તો વિરોધ છે. આવ્યું નથી? વિરોધ ધ્વંસિની. નિશ્ચય છે એ સ્વને બતાવે છે અને વ્યવહાર તો રાગને, પરને જણાવે. આહા..હા..! બેના વિષય જુદા, બે નય જુદી, વિરોધ બેને નહિ. આહા..હા..! તો કહે નહિ એકાંત એમ નહિ. વ્યવહાર પણ સાધક છે એમ કહો તો અનેકાંત થાય. લ્યો એમ કહે. પણ વ્યવહાર તરીકે વ્યવહાર સાધનને જ્ઞાન કરાવ્યું છે. સાધક નથી એને સાધક વ્યવહારનય કહે છે. કહેવામાત્ર છે. ભારે આકરું કામ! આહા..હા..!

હવે જૈન સંપ્રદાયના માણસને આ ન સમજાય ત્યારે હવે ત્યાં જર્મની અને અમેરિકાને સમજાવે છે લ્યો. એય..! ચેતનજી! એક કાગળ આવ્યો છે યશોવિજયનો. ૨૩ વર્ષની ઉંમર

જુવાન. ..થી આવ્યો છે. હું શીખવું છું અને મારે ધર્મ જ્યાં નથી ત્યાં ધર્મ કરાવવા જાવું છે અને તમે મને ત્યાં અભ્યાસ કરાવશો કે નહિ? શ્વેતાંબરનો હોં. અહીં વળી એ .. કહો, હજી તો તું પોતે કોણ તને ભાન નથી. અને મારી પાસે પાસ આવી ગયા છે. શું કહેવાય ઈ? પાસપોર્ટ. અત્યારથી એક વર્ષની દીક્ષા ત્યાં પહેલા જર્મન અને અમેરિકામાં જાવું છે. મારા મારી નાખેને. એવું જગતમાં બહારમાં માન મળેને. બહારમાં એક વ્યાકરણ આવડતું હોય શું કહેવાય? એમ.એ. કરેલું છે. ભાષણ કરે, લોકો ભેગા થાય. આહા..હા..! હિન્દુસ્તાનના સાધુ તો બહુ હુશિયાર લાગે છે. અમને અહીં સંભળાવા આવ્યા છે. આહા..હા..! જગત ક્યાં ભ્રમાય છે?

અહીં તો આત્મા જેના જ્ઞાનના અભિપ્રાયમાં આત્માનો આશ્રય છે એવા જે .. સ્વસંવેદન એવું હું **'ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;...'** આહા..હા..! કેટલી ભાષા વાપરી છે! **'अहम्'** હું. **'शुद्धं चिन्मयम्'** પવિત્ર શુદ્ધ છું એવું વેદનમાં આવે છે હોં એમ કહે છે. અને **'एकम्'** એકરૂપે છું. ભેદ નહિ. ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ એકરૂપે તે પરમ જ્યોતિ. પરમ જ્યોતિ જ. પરમ જ્યોતિ સદાય છું. આહા..હા..! **'અને...'** **'एते ये पृथग्लक्षणाः विविधाः भावाः समुल्लसन्ति ते अहं न अस्मि'** તે છે ખરા બીજા. અને **'एते ये पृथग्लक्षणाः'** મારા સ્વભાવથી જુદી જાતવાળા. આહા..હા..! એક કળશ સમજે, એક ગાથા સમજે આ. બાર અંગનો સાર. એકેય વાતનો નિર્ધાર ન મળે. આ એમ છેને **'एते ये'** જે એ **'पृथग्लक्षणाः'** **'ભિન્ન લક્ષણવાળા...'** મારા સ્વરૂપથી જુદા જ લક્ષણવાળા **'विविधाः'** એટલે અનેક **'પ્રકારના ભાવો...'** શુભ પણ અસંખ્ય પ્રકારના, અશુભ પણ અસંખ્ય પ્રકારના. એ **'પ્રગટ થાય છે...'** ભાષા જુઓ, રાગાદિ થાય છે ખરા. આ વિકલ્પ હોય છે ખરો. **'તે હું નથી,...'** **'ते अहं न अस्मि'** **'તે હું નથી,...'** **'તે હું નથી,...'** એ છે ખરા. મારા સ્વભાવથી ભિન્ન એવા રાગના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ હોય, પણ મારા સ્વભાવથી તો ભિન્ન છે. **'તે હું નથી,...'** એમાં હું નથી. એ મારામાં નથી. આહા..હા..! મારે ને એને કાંઈ સંબંધ નથી. સર્વે સંબંધ આવ્યું હતું નહિ કાલે ૨૦૦મી ગાથામાં. ૨૦૦ કળશ.

અહીં તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છેને? એ નિમિત્ત સંબંધ જ પ્રત્યક્ષપણું બતાવે છે (કે) એને કાંઈ જોડાણ છે એમ નહિ. આ ચીજ ભિન્ન છે, આ ચીજ ભિન્ન છે. આહા..હા..! **'આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે...'** જોયું? **'समुल्लसन्ति'** મારા સ્વભાવમાં નથી છતાં પર્યાયમાં એવા રાગભાવ ઉત્પન્ન થાય છે. **'તે હું નથી,...'** **'यतः अत्र ते समग्राः'** લ્યો, પાછું સમગ્ર અહીં આવ્યું પાછું. ઓલામાં સમસ્ત હતું. સર્વથા જ્ઞાનભાવ હતો અને બાકીના સમસ્તભાવો છોડવાયોગ્ય ભાષા હતી એ

અહીં લીધી.

'**કારણ કે તે બધાય મને...**' બધાય મને. ચાહે તો ભગવાનની ભક્તિનો હોય. **નમો** અરિહંતાણં અને **નમો** સિદ્ધાણં. એવો વિકલ્પ હોય રાગ, એ રાગ છે. '**બધાય મને પરદ્રવ્ય છે.**' એ મારી ચીજ નહિ. છે તો રાગ પરદ્રવ્ય છે. આહા..હા..! અધર્મ છે. ધર્મ સ્વદ્રવ્ય છે અને અધર્મ પરદ્રવ્ય છે. આહા..હા..! આવી વાત કેટલી કહી છે ચોખ્ખી! સિદ્ધાંત છે અને એના ન્યાય છે અને તે તો હવે તો બહાર આવી ગઈ છે. તોપણ ગોટા વાળે મારા શું કરે? '**તે બધાય મને પરદ્રવ્ય છે**'.' એમ ધર્મી વિચારે છે. એમ પોતાને માને છે. '**હવે આગળના કથનની સૂચનાનો શ્લોક કહે છે :-**) લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

